યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

પૂ. આ. શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

ઉપદેશપદ

ગાથાસ્પર્શી વિવેચન

ભાગ-૪



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ઉપદેશપદ

ગાથાસ્પર્શી વિવેચન

ભાગ-૪

❋ મૂળ ગ્રંથકાર ❋

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

❋ ટીકાકાર ❋

પૂ. આ. શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

❋ દિવ્યકૃપા ❋

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❋ આશીર્વાદદાતા ❋

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❋ વિવેચનકાર ❋

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❋ સંકલનકાર ❋

પંડિત શ્રી મયંકભાઈ રમણિકભાઈ શાહ

❖ પ્રકાશક ❖



'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ઉપદેશપદ ભાગ-૪ ગાથાસ્પર્શી વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૨ ✦ વિ. સં. ૨૦૭૨ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૩૫૦

મૂલ્ય : ૩. ૨૮૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા

૯, 'સિદ્ધાચલ વાટિકા', સ્મૃતિમંદિર પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫.

(શાંતિલાલ ગમનાજી ચેરીટેબલ ટ્રસ્ટ)

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

'गीतार्थ गंगा'

૧૯૯

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

* મુદ્રક *

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.


પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટક્તો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

પ્રસ્તાવના

ઉપદેશપદ ભાગ-૩માં ગાથા-૭૭૨માં કહ્યું કે, છદ્મસ્થ જીવો યતનાવિષયક દ્રવ્યાદિને જાણી શકે નહીં તેથી તેના જ્ઞાન વગર ભગવાનના વચનાનુસાર તેઓની પ્રવૃત્તિ સમ્યગ્ થઈ શકે નહીં. તેના સમાધાન અર્થે કહ્યું કે ભગવાનના વચનમાં ઉપયુક્ત એવા ગીતાર્થ પણ દ્રવ્ય-ક્ષેત્રનું જ્ઞાન કરી શકે છે. તેમાં જ્યોતિષવિશારદ અને સુવૈદ્યનું દૃષ્ટાંત બતાવીને સ્થાપન કર્યું કે છદ્મસ્થ પણ દ્રવ્ય-ક્ષેત્રને જાણીને ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે. તેથી ગીતાર્થ આચાર્ય પણ દ્રવ્ય-ક્ષેત્રની વિચારણા કરીને ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે તેમ બતાવેલ છે.

વળી, પાંચમા આરામાં વિષમ કાળમાં થયેલા શંખરાજા ભગવાનના વચનાનુસાર આરાધના કરીને ઉત્તર ઉત્તરના સુંદર ભવોને પામીને કઈ રીતે મોક્ષને પામ્યા તેનું વર્ણન ગાથા-૭૮૮થી ૭૯૭ સુધી કરેલ છે અને તેના બળથી સ્થાપન કર્યું કે આ કાળમાં પણ ધન્ય જીવોને શંખરાજા-કલાવતી જેવું ચારિત્ર પ્રાપ્ત થઈ શકે છે તેથી જેઓ સંસારથી વિરક્ત છે તેઓએ પોતાની શક્તિ અનુસાર આજ્ઞામાં યત્ન કરવો જોઈએ.

વળી, જેઓએ સંયમ ગ્રહણ કર્યું છે, ભવથી કાંઈક વિરક્ત છે તોપણ ભારે કર્મોનો ઉદય હોવાને કારણે દુઃષમાકાળનું આલંબન લઈને પ્રમાદાચરણા સેવે છે, તેઓને પ્રમાદાચરણા કઈ રીતે વિનાશનું કારણ છે અને શુદ્ધ ભાવપૂર્વક જેઓ શક્તિ અનુસાર યતના કરે છે તેઓ હિત સાધી શકે છે તેમજ કળિકાળના પ્રભાવને કારણે ઘણા મુંડા સાધુઓ થશે જેઓ પોતાના પ્રમાદને કારણે સંસારની વૃદ્ધિ કરશે અને તેઓની નિશ્રામાં રહેનારા પણ સંસારના અનર્થને પામશે તે બતાવેલ છે. તેથી તેવા દુઃષમાકાળમાં કઈ રીતે આત્મહિત પ્રાપ્ત કરવું જોઈએ તે દૃષ્ટાંતોથી બતાવેલ છે.

આ રીતે પરિશુદ્ધ આજ્ઞાયોગ જ કલ્યાણનું એક કારણ છે અને તે પરિશુદ્ધ આજ્ઞાયોગ જ આત્મવંચના વગર સ્વશક્તિ અનુસાર જેઓ સેવે છે તેઓ જ હિતને સાધનારા છે. અન્ય જીવો હિતને સાધી શકતા નથી તેથી કલ્યાણના અર્થીએ કેવા ગુરુની નિશ્રામાં રહીને આત્મહિત સાધવા યત્ન કરવો જોઈએ તેનું સ્વરૂપ ગાથા-૮૫૨માં બતાવેલ છે. અને ત્યારપછી તેવા ઉત્તમ પુરુષો પાસેથી કઈ રીતે સન્માર્ગની પ્રાપ્તિ થાય છે ?, કઈ રીતે તેવા યોગ્ય ગુરુ યોગ્ય જીવને ભગવાનના વચનના પારમાર્થિક તાત્પર્યને બતાવે છે ? તે બતાવવા અર્થે ભગવાનના શાસનના અત્યંત સારભૂત વચનોને ગ્રહણ કરીને તેના પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનું યોજન બતાવેલ છે અને તેવા પદાર્થને નિપુણતાપૂર્વક શિષ્યની બુદ્ધિ અનુસાર જે ગુરુ બતાવે છે તેઓ જ કલ્યાણનું એક કારણ છે. અને તેવા ગુરુનો આશ્રય કરવો જોઈએ તેની સ્પષ્ટતા અતિ વિસ્તારથી કરેલ છે.

વળી, પદાર્થાદિનો બોધ લોકોત્તર શાસનમાં સંમત છે તેમ લોકમાં પણ વિપુલ પ્રજ્ઞાવાળા જીવો પદાર્થાદિ ચારનો બોધ બતાવે છે અને તે લૌકિક દૃષ્ટાંત પણ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત વિભાગમાં વિસ્તારપૂર્વક બતાવેલ છે.

વળી, જ્ઞાની પુરુષ કઈ રીતે સ્વપરના કલ્યાણને સાધનારા છે તેનો પણ માર્ગાનુસારી બોધ દૃષ્ટાંતથી કહેલ છે. વળી, ઘણા લોકો પ્રવૃત્તિ કરતા હોય તેવી પ્રવૃત્તિ ધર્મ છે એ પ્રકારે ઘણાની બુદ્ધિ છે તે પણ માર્ગાનુસારી નથી કે અલ્પ લોકો કરતા હોય તેવી પ્રવૃત્તિ ધર્મ છે તે પણ માર્ગાનુસારી પ્રજ્ઞા નથી પરંતુ કેવી પ્રવૃત્તિ ધર્મ છે તેનું પણ દૃષ્ટાંતથી ભાવન કરેલ છે.

વળી, ધર્મ માટે એકવીસ ગુણો અપેક્ષિત છે અને તે ગુણો કેવા પ્રકારના છે અને તે ગુણો કઈ રીતે ધર્મ- પ્રાપ્તિનું કારણ છે તેનું યોજન પણ યુક્તિપૂર્વક પ્રસ્તુત વિભાગમાં કરેલ છે. વળી, અંતે સારરૂપે કહ્યું કે ભવનું દુઃખ અનંત છે અને મોક્ષનું સુખ શાશ્વત છે તેનું સમ્યગ્ ભાવન કરીને ભવના અંતનું કારણ બને તે રીતે અપ્રમાદપૂર્વક યત્ન કરવો જોઈએ. તેના માટે તેલપાત્રધારક પુરુષનું દૃષ્ટાંત બતાવેલ છે અને તે દૃષ્ટાંત પ્રધાનરૂપે સર્વવિરતિ સાથે સંબંધવાળું છે તોપણ સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરવામાં આવે તો અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર અપ્રમાદપૂર્વક જિનવચનને સેવવા માટે યત્ન કરતા હોય તો તેલપાત્રધારક પુરુષની જેમ જ તેઓ પણ પરિમિત કાળમાં સંસારનો ઉચ્છેદ કરી શકે છે. આથી અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જો સમ્યક્ત્વથી પાત ન પામે તો ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમમાં અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે. માટે પ્રસ્તુત ગ્રંથનું અત્યંત નિપુણતાપૂર્વક ભાવન કરવું જોઈએ. વળી, તૈલપાત્રધારક પુરુષનું દૃષ્ટાંત અને રાધાવેધસાધક પુરુષનું દૃષ્ટાંત પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ છે. તેને પોતાના જીવનમાં નિપુણતાથી યોજન કરવા યત્ન કરવો જોઈએ; કેમ કે ગુણસ્થાનકની પ્રાપ્તિ અને ગુણસ્થાનકની વૃદ્ધિ ગુણસ્થાનકના પરિણામપૂર્વક થાય છે.

વળી, વ્યવહારથી ત્રિવિધ ધર્મઅનુષ્ઠાનો છે – સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસ. નિશ્ચયનય ભાવાભ્યાસને જ ધર્મઅનુષ્ઠાનરૂપે સ્વીકારે છે. વળી, નિશ્ચયનય સતતાભ્યાસ અને વિષયાભ્યાસને ધર્મઅનુષ્ઠાન રૂપે સ્વીકારતો નથી. આમ છતાં સતતાભ્યાસ અને વિષયાભ્યાસનું સ્વરૂપ બતાવીને સતતાભ્યાસ અને વિષયાભ્યાસ દ્વારા જીવો કઈ રીતે સંસારને પરિમિત કરી શકે છે તે કથન દૃષ્ટાંતથી પ્રસ્તુતમાં ભાવન કરેલ છે.

વળી, સર્વ કાર્યો દૈવ અને પુરુષકારથી થાય છે તેમ ધર્માનુષ્ઠાનો પણ દૈવ અને પુરુષકારથી થાય છે. વળી, કઈ રીતે પુરુષકારાદિ પાંચ કારણો કાર્યમાત્ર પ્રત્યે કારણ છે તેમ બતાવીને સર્વ ગુણસ્થાનકો પણ દૈવ અને પુરુષકારથી થાય છે. માત્ર પુરુષકારથી થતાં નથી કે માત્ર કર્મથી થતાં નથી તેમ બતાવેલ છે.

વળી, જીવનું તથાભવ્યત્વ શું છે અને તે કઈ રીતે મોક્ષગમન પ્રત્યે કારણ છે તેની સ્પષ્ટતા પ્રસ્તુત વિભાગમાં ભાવન કરેલ છે. વળી, સ્વીકારાયેલા ધર્મમાં સેવાયેલો થોડો પણ અતિચાર કઈ રીતે અનર્થને પ્રાપ્ત કરાવે છે અને સુપ્રણિધાનપૂર્વક કરાયેલું નાનું પણ અનુષ્ઠાન ભવના ઉચ્છેદનું કારણ બને છે તે મહાત્માના દૃષ્ટાંત અને દુર્ગતા નારીના દૃષ્ટાંતથી ભાવન કરેલ છે.

ગ્રંથનો ઉપસંહાર કરતાં બતાવ્યું કે પરિશુદ્ધ આજ્ઞાયોગને પ્રાપ્ત કરવા માટે શું શું કરવું જોઈએ જેથી સ્વભૂમિકાનુસાર પરિશુદ્ધ આજ્ઞાયોગ પ્રાપ્ત થાય તેની સ્પષ્ટતા ગાથા-૧૦૩૨થી ગાથા-૧૦૩૮ સુધી કરેલ છે.

છદ્મસ્થપણામાં જિનેશ્વર પરમાત્માની વાણીથી વિપરીત કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈ લખાયું હોય તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

– પ્રવીણચંદ્ર ખીમજી મોતા

કારતક સુદ-૫ વિ.સં. ૨૦૭૨,
તા. ૧૬-૧૧-૨૦૧૫, સોમવાર,
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
૭૭૪	મહાપ્રજ્ઞાવાળા અને ગીતાર્થને દ્રવ્યાદિનું જ્ઞાન થઈ શકે છે.	૧-૩
૭૭૫-૭૭૬	તેમાં દૃષ્ટાંત.	૩-૬
૭૭૭	આગમમાં આદરવાળા ચારિત્રસંપન્ન મુનિને અનેષણાનીયનું જ્ઞાન હોવા છતાં શ્રાવકાદિ દ્વારા છેતરાવાય તોપણ દોષ નથી.	૬-૮
૭૭૮	યતનાના વિપર્યયથી રત્નત્રયીનો વિપર્યય.	૮-૯
૭૭૯-૭૮૦	દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુકૂળ અશઠ ભાવથી અનુષ્ઠાન કરવાની જિનાજ્ઞા.	૯-૧૨
૭૮૧	આજ્ઞાની સિદ્ધિ અર્થે ભાવવિશુદ્ધ અનુષ્ઠાનના સેવનનો ઉપદેશ.	૧૨-૧૩
૭૮૨	ઉત્સર્ગ-અપવાદના બોધની આવશ્યકતા.	૧૩-૧૫
૭૮૩	ઉત્સર્ગ-અપવાદનું તાત્ત્વિક સ્વરૂપ.	૧૫-૧૬
૭૮૪	ઉત્સર્ગ અને અપવાદની સંખ્યા તુલ્ય.	૧૬-૧૮
૭૮૫	ઉત્સર્ગ-અપવાદનું લક્ષણ.	૧૮-૨૦
૭૮૬	સર્વ ઉપદેશનો સાર.	૨૦-૨૧
૭૮૭	સાનુબંધ એવા આજ્ઞાયોગ અને શુદ્ધ ભાવથી મોક્ષફળની પ્રાપ્તિ.	૨૧-૨૩
૭૮૮થી ૭૯૯	તેમાં દૃષ્ટાંત.	૨૩-૩૧
૮૦૦	શુદ્ધ ચારિત્ર કોને હોય ?	૩૧-૩૨
૮૦૧	પુષ્ટ આલંબન વિના દોષોનું સેવન જ ચારિત્રના નાશનું કારણ.	૩૨-૩૪
૮૦૨	પુષ્ટ આલંબનથી થતું દોષોનું સેવન પરમાર્થથી અસેવન.	૩૪-૩૫
૮૦૩	દોષના સેવન પછી દંભરહિત પશ્ચાત્તાપથી અશુભ પણ કર્મોનો નાશ.	૩૫-૩૭
૮૦૪થી ૮૦૭	તેમાં પહેલું દૃષ્ટાંત.	૩૭-૪૦
૮૦૮	તેમાં બીજું દૃષ્ટાંત.	૪૦-૪૧
૮૦૯-૮૧૦	યથાશક્તિ આજ્ઞાપાલનરૂપ ચારિત્રથી જ મોક્ષની પ્રાપ્તિ.	૪૧-૪૪
૮૧૧	આજ્ઞાબાહ્ય જીવોને જિનસમયમાં પણ ચારિત્ર નથી.	૪૪-૪૫
૮૧૨	આજ્ઞાધન જીવો પ્રમાણ કરવા યોગ્ય.	૪૫-૪૭
૮૧૩	આજ્ઞાના અવિરોધવાળી આચરણા પ્રમાણ છે.	૪૭-૪૯
૮૧૪	જીતાચારની વ્યાખ્યા.	૪૯-૫૦
૮૧૫	દુઃષમાકાળમાં ઉપયોગી એવાં દૃષ્ટાંતો.	૫૦-૫૧

ગાથા નં.	વિષય	પાના નં.
૮૧૬થી ૮૩૩	રાજાએ જોયેલાં આઠ સ્વપ્ન અને તેના ફળનું વિવરણ.	૫૧-૬૫
૮૩૪થી ૮૩૮	કલિ વગેરે લૌકિક દૃષ્ટાંતો.	૬૫-૭૧
૮૩૯	દુઃષમાકાળમાં પણ શુદ્ધ આજ્ઞાયોગને પાળતા એવા પુરુષો પ્રત્યે બહુમાન.	૭૧-૭૩
૮૪૦	અન્ય આજ્ઞાબાહ્ય જીવો પ્રત્યે દ્વેષ નહીં પરંતુ વિધિપૂર્વક ત્યાગ ઉચિત છે.	૭૩-૭૪
૮૪૧	એ જ જો શક્ય ન હોય તો અનુવર્તનાથી પણ રહેવું.	૭૫-૭૬
૮૪૨	તે અપવાદથી આજ્ઞા બાહ્ય સાથે અનુવર્તના ન કરવાથી દોષોની પ્રાપ્તિ.	૭૬-૭૮
૮૪૩	આજ્ઞા બાહ્ય સાથે અનુવર્તના માત્ર દ્રવ્યથી કરવી, ભાવથી નહીં.	૭૮-૭૯
૮૪૪થી ૮૪૮	તેમાં દૃષ્ટાંત.	૭૯-૮૩
૮૪૯-૮૫૦	દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકનું યોજન.	૮૩-૮૫
૮૫૧	પાસત્થા સાથે વાસમાં આત્માની રક્ષાના ઉપાયો.	૮૬-૮૭
૮૫૨	પરિશુદ્ધ આજ્ઞાયોગના ઉપાયો.	૮૭-૮૮
૮૫૩-૮૫૪	સુગુરુનું સ્વરૂપ.	૮૮-૯૧
૮૫૫	સુગુરુના આશ્રયથી મોક્ષમાર્ગરૂપ જ્ઞાનાદિની પ્રાપ્તિ.	૯૧-૯૩
૮૫૬	સૂત્ર-અર્થ ઉભયની વિશુદ્ધિમાં ઉદ્યમ કર્તવ્ય.	૯૩-૯૪
૮૫૭	અર્થનું સ્વરૂપ.	૯૪-૯૫
૮૫૮	વ્યાખ્યાન સાંભળવાની વિધિ.	૯૫-૯૮
૮૫૯	વ્યાખ્યાન કરવાની વિધિ.	૯૮-૧૦૦
૮૬૦	વ્યાખ્યાનના ચાર પ્રકારો.	૧૦૦-૧૦૨
૮૬૧	વ્યાખ્યાનના ભેદો ન સ્વીકારવામાં આવે તો અનિષ્ટ ફળની પ્રાપ્તિ.	૧૦૨-૧૦૪
૮૬૨થી ૮૬૪	લૌકિક દૃષ્ટાંતથી પદાર્થાદિ ભેદની સિદ્ધિ.	૧૦૪-૧૦૬
૮૬૫	દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકનું યોજન.	૧૦૬-૧૦૮
૮૬૬થી ૮૬૯	'न हिंस्यात् सर्व भूतानि' એ સૂત્રને આશ્રયીને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનું યોજન.	૧૦૯-૧૧૩
૮૭૦થી ૮૭૩	'चइज्ज गंथं' એ સૂત્રને આશ્રયીને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનું યોજન.	૧૧૪-૧૧૭
૮૭૪થી ૮૭૭	'तवझाणाइ कायव्वं' એ સૂત્રને આશ્રયીને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનું યોજન.	૧૧૮-૧૨૩

ગાથા નં.	વિષય	પાના નં.
૮૭૮થી ૮૮૧	'दाणपसंसाईहिं पाणवहाईओ' એ સૂત્રને આશ્રયીને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનું યોજન.	૧૨૩-૧૨૭
૮૮૨	આગમના દરેક સૂત્રના આ પ્રમાણેના વ્યાખ્યાનથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ.	૧૨૭-૧૩૨
૮૮૩	અન્યથા મિથ્યાજ્ઞાનની પ્રાપ્તિ.	૧૩૨-૧૩૬
૮૮૪	લૌકિક દૃષ્ટિથી પદાર્થાદિનો અને લોકોત્તર દૃષ્ટિથી પદાર્થાદિનો ભેદ.	૧૩૬-૧૩૮
૮૮૫	લૌકિક મતમાં વ્યાખ્યાનનો ક્રમ-સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન રૂપ છે તેના દ્વારા અર્થથી પદાર્થાદિ ચારની સિદ્ધિ.	૧૩૯-૧૪૦
૮૮૬	લોકોત્તર દૃષ્ટાંત વડે લૌકિક પદાર્થનું સ્વરૂપ.	૧૪૦-૧૪૨
૮૮૭	વિધિપૂર્વક વ્યાખ્યાનશ્રવણથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થવાથી શુદ્ધ આજ્ઞાયોગનું પાલન.	૧૪૨-૧૪૩
૮૮૮	શુદ્ધ આજ્ઞાયોગના પાલનથી જ્ઞાનીને ઇચ્છિત કાર્યની પ્રાપ્તિ.	૧૪૩-૧૪૫
૮૮૯	જ્ઞાનીની ભાવાનુવર્તનરૂપ નીતિથી યોગ્ય જીવોમાં બીજાધાનની પ્રાપ્તિ.	૧૪૫-૧૪૬
૮૯૦થી ૮૯૯	ભાવાનુવર્તન દ્વારા યોગ્ય જીવને ઉપકારમાં પહેલું દૃષ્ટાંત.	૧૪૬-૧૫૪
૯૦૦થી ૯૦૯	ભાવાનુવર્તન દ્વારા યોગ્ય જીવને ઉપકારમાં બીજું દૃષ્ટાંત.	૧૫૫-૧૬૧
૯૧૦થી ૯૧૨	બહુજનથી પરિગૃહીત નહીં કે અલ્પ જનથી પરિગૃહીત નહીં પરંતુ બુધથી સ્વીકૃત જ ધર્મ આદેય.	૧૬૧-૧૬૫
૯૧૩થી ૯૧૫	કઈ રીતે પારમાર્થિક ધર્મની પ્રાપ્તિ થાય તેનું ભાવન.	૧૬૬-૧૭૦
૯૧૬-૯૧૭	માર્ગાનુસારીના એકવીસ ગુણોનું દૃષ્ટાંત દ્વારા ભાવન અને ગુણોને આશ્રયીને જીવોના વિભાગ.	૧૭૦-૧૭૪
૯૧૮	મૂઢ જીવોથી સેવાતા ધર્મનું સ્વરૂપ.	૧૭૪-૧૭૫
૯૧૯-૯૨૦	શુદ્ધ ધર્મ કરનારા જીવો અલ્પ હોય છે તેનું દૃષ્ટાંત દ્વારા વિવરણ.	૧૭૬-૧૭૮
૯૨૧	શુદ્ધ ધર્માનુષ્ઠાન દુષ્કર હોવા છતાં ભવદુઃખના નિવારણ અર્થે જ્ઞાની તેમાં જ યત્ન કરે છે.	૧૭૮-૧૮૦
૯૨૨	અનંત સુખની ઇચ્છાથી અપ્રમાદનું સેવન.	૧૮૦-૧૮૧
૯૨૩થી ૯૩૨	પ્રમાદના અતિશય ત્યાગનું દૃષ્ટાંત દ્વારા સમર્થન.	૧૮૧-૧૮૯
૯૩૩	જ્ઞાની પણ જીવો કર્મની ગુરુતાને કારણે શુદ્ધ ધર્મનું સમ્યગ્ સેવન કરતા નથી.	૧૮૯-૧૯૦

ગાથા નં.	વિષય	પાના નં.
૯૩૪	છદ્મસ્થ જીવોને ભૂમિકાનુસાર ઉપદેશની ઉપયોગિતા.	૧૯૦-૧૯૨
૯૩૫	જડબુદ્ધિ જીવોથી ધર્મ સેવીને પણ ધર્મની આશાતના.	૧૯૨-૧૯૪
૯૩૬	અપ્રમાદથી જ મોક્ષની સિદ્ધિ.	૧૯૪-૧૯૫
૯૩૭થી ૯૪૩	ભાવસાધુના બોધ માટે રાધાવેદનું દૃષ્ટાંત.	૧૯૫-૧૯૯
૯૪૪	ક્રમે કરીને અપ્રમાદની વૃદ્ધિનો અભ્યાસ જ મુક્તિનો ઉપાય.	૧૯૯-૨૦૧
૯૪૫	ઉપાયથી સિદ્ધિમાં દૃષ્ટાંત.	૨૦૧-૨૦૨
૯૪૬	મોક્ષની પ્રાપ્તિમાં કાળ કાંઈક પ્રતિબંધક.	૨૦૨-૨૦૩
૯૪૭-૯૪૮	કાળની પ્રતિબંધકતાનું દૃષ્ટાંત.	૨૦૪-૨૦૬
૯૪૯	અનાભોગાદિ દોષથી મલિન ભાવોને કારણે માર્ગથી પડેલો જીવ ફરી પણ ભાવશુદ્ધિ દ્વારા માર્ગને પામે.	૨૦૬-૨૦૭
૯૫૦	ધર્માનુષ્ઠાનના ત્રણ પ્રકાર.	૨૦૭-૨૦૮
૯૫૧	નિશ્ચયનયની અપેક્ષાએ માત્ર ભાવાભ્યાસ જ ધર્માનુષ્ઠાન.	૨૦૯-૨૧૦
૯૫૨	વ્યવહારનયની અપેક્ષાએ ત્રણે પ્રકારનાં અનુષ્ઠાનો ધર્માનુષ્ઠાન.	૨૧૦-૨૧૧
૯૫૩થી ૯૭૦	સતતાભ્યાસનું દૃષ્ટાંત.	૨૧૧-૨૨૩
૯૭૧થી ૯૮૭	વિષયાભ્યાસનું દૃષ્ટાંત.	૨૨૩-૨૫૦
૯૮૮થી ૯૯૫	ભાવાભ્યાસનું દૃષ્ટાંત.	૨૫૦-૨૫૫
૯૯૬	ત્રણે પ્રકારનાં અનુષ્ઠાનમાં ભાવભેદથી ફળભેદની પ્રાપ્તિ.	૨૫૬-૨૫૭
૯૯૭	અપુનર્બંધક આદિ જીવોને આ ત્રણ સમ્યગ્ અનુષ્ઠાનો.	૨૫૭-૨૫૮
૯૯૮	તથાભવ્યત્વાદિના સંયોગથી જ ત્રણ પ્રકારનું અનુષ્ઠાન.	૨૫૯-૨૬૦
૯૯૯	દેવ અને પુરુષકારના સ્યાદ્વાદ દ્વારા બધા કારણોનો સંગ્રહ.	૨૬૦-૨૬૧
૧૦૦૦	તથાભવ્યત્વનું સ્વરૂપ.	૨૬૧-૨૬૩
૧૦૦૧-૧૦૦૨	કાળ, દેશ, અવસ્થાના ભેદથી જીવના ફળલાભમાં ભેદ હોવાથી તથાભવ્યત્વને વિવિધ પ્રકારનું સ્થાપન.	૨૬૩-૨૬૫
૧૦૦૩	તથાભવ્યત્વની વિચિત્રતાથી પુરુષાર્થનો આક્ષેપ.	૨૬૫-૨૬૬
૧૦૦૪	તથાભવ્યત્વના સ્વીકારથી ઉપદેશાદિની સફળતા.	૨૬૬-૨૬૮
૧૦૦૫	એકાંત સ્વભાવવાદનો મત.	૨૬૮-૨૬૯
૧૦૦૬-૧૦૦૭	તથાભવ્યત્વની વિચિત્રતાનું જ અન્ય રીતે સ્થાપન.	૨૭૦-૨૭૩

ગાથા નં.	વિષય	પાના નં.
૧૦૦૮-૧૦૦૯	પ્રસ્તુત ન્યાયમુદ્રાના ઉલ્લંઘનથી દોષની પ્રાપ્તિ.	૨૭૩-૨૭૬
૧૦૧૦	ભવ્યત્વની અનેકાંતતાનું સ્થાપન.	૨૭૬-૨૭૭
૧૦૧૧	ભવ્યત્વના અનિયત સ્વભાવથી પણ ભવ્યત્વની વિચિત્રતાનું જ સ્થાપન.	૨૭૭-૨૭૯
૧૦૧૨	જિનપ્રવચનમાં સર્વ પ્રયત્નથી વિશુદ્ધ યોગની આરાધના જ ઉચિત છે.	૨૭૯-૨૮૧
૧૦૧૩	આરાધનામાં નાના પણ અતિચારથી અનિષ્ટ ફળની પ્રાપ્તિ.	૨૮૧-૨૮૨
૧૦૧૪થી ૧૦૧૮	તેમાં દૃષ્ટાંત.	૨૮૨-૨૮૬
૧૦૧૯થી ૧૦૩૨	શુદ્ધ આચારમાં યત્ન કરવામાં દૃષ્ટાંત-૧, દૃષ્ટાંત-૨.	૨૮૬-૩૦૯
૧૦૩૩	નિરતિચાર અનુષ્ઠાનમાં સમ્યગ્ યત્નથી ફલ પ્રાપ્તિ છે.	૩૦૯-૩૧૦
૧૦૩૪થી ૧૦૩૮	નિરતિચાર અનુષ્ઠાનના ઉપાયો.	૩૧૦-૩૧૬
૧૦૩૯	કર્તાની પ્રસ્તુત રચનાનો ઉદ્દેશ.	૩૧૬-૩૧૯



ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

याकिनीमहत्तरासूनु प. पू. आचार्यदेव श्रीमद् हरिभद्रसूरीश्वरजी महाराजा विरचित

ઉપદેશપદ

ગાથાસ્પર્શી વિવેચન

ભાગ-૪

અવતરણિકા :-

इत्थमाक्षिप्तः सूरिराह —

અવતરણિકાર્થ :-

આ રીતે=ગાથા-૭૭૩માં કહ્યું એ રીતે, આક્ષેપ કરાયેલા સૂરિ કહે છે=છદ્મસ્થ જીવ દ્રવ્યક્ષેત્રકાળ-ભાવ અનુસાર સાનુબંધ-નિરનુબંધ વસ્તુનો નિર્ણય કરી શકે નહીં એ પ્રમાણે પૂર્વપક્ષી દ્વારા આક્ષેપ કરાયેલા સૂરિ કહે છે —

ગાથા :-

तव्वयणा गीओऽवि हु धूमेणग्गिंव सुहुमचिंधेहिं ।
मणमाइएहिं जाणति सति उवउत्तो महापन्नो ।।७७४।।

અન્વયાર્થ :-

धूमेणग्गिंव=ધૂમ વડે અગ્નિની જેમ=જેમ ધૂમ વડે અગ્નિનું અનુમાન થાય છે તેમ, सुहुमचिंधेहिं=સૂક્ષ્મ ચિહ્નો વડે, तव्वयणा=તેના વચનથી=ભગવાનના વચનથી, मणमाइएहिं सति उवउत्तो=મન આદિ દ્વારા સદા ઉપયુક્ત=મનવચનકાયા દ્વારા સદા ઉપયુક્ત, महापन्नो=મહાપ્રજ્ઞ=મહાપ્રજ્ઞાવાળા, गीओऽवि=ગીતાર્થ પણ, जाणति=જાણે છે=કેવા દ્રવ્યક્ષેત્રકાળભાવમાં આ પ્રવૃત્તિ સાનુબંધ થશે અને કેવા દ્રવ્યક્ષેત્રકાળભાવમાં આ પ્રવૃત્તિ નિરનુબંધ થશે તેને જાણે છે. ।।૭૭૪।।

ગાથાર્થ :-

ધૂમ વડે અગ્નિની જેમ=જેમ ધૂમ વડે અગ્નિનું અનુમાન થાય છે તેમ, સૂક્ષ્મ ચિહ્નો વડે તેના વચનથી=ભગવાનના વચનથી, મન આદિ દ્વારા સદા ઉપયુક્ત=મનવચનકાયા દ્વારા સદા ઉપયુક્ત, મહાપ્રજ્ઞ=મહાપ્રજ્ઞાવાળા, ગીતાર્થ પણ જાણે છે=કેવા દ્રવ્યક્ષેત્રકાળભાવમાં આ પ્રવૃત્તિ સાનુબંધ થશે અને કેવા દ્રવ્યક્ષેત્રકાળભાવમાં આ પ્રવૃત્તિ નિરનુબંધ થશે તેને જાણે છે. ।।૭૭૪।।

ટીકા :-

तद्वचनात् सर्वज्ञशासनाद् गीत इति गीतार्थो यथावदवगतोत्सर्गापवादशुद्धसर्वज्ञवचनगर्भः साधुविशेषः, किं पुनः सर्वज्ञ इत्यपिहुशब्दार्थः, दृष्टान्तमाह—धूमेनाग्निमिव सूक्ष्मचिह्नैः सूक्ष्मैः स्थूलमतीनामगम्यैश्चिह्नैरासेवकासेवनीयद्रव्याद्यवस्थाविशेषलक्षणैः करणभूतैर्जानातीति सम्बन्धः । कीदृशः सन्नित्याह—मनआदिभिर्मनोवाक्कायैरित्यर्थः, सदा सर्वकालमुपयुक्तः प्रवृत्तावधानो महाप्रज्ञः प्रशस्तौत्पत्तिक्यादिबुद्धिधनो मुनिः । यथा हि कश्चिदेव महाप्राज्ञो रत्नवाणिज्यकारी तद्गतविशेषान् रत्नपरीक्षाशास्त्रानुसारिण्या प्रज्ञया सम्यगुपलभ्य तथैव च मूल्यं व्यवस्थापयति, एवं गीतार्थोऽपि वचनानुसारेण व्यवहरन् विषमावस्थां प्राप्तोऽपि द्रव्यादिविशेषानासेवनीयान् सम्यग्दर्शनादिवृद्धिकरान् गर्दभिल्लराजापहृतश्रमणीरूपनिजभगिनीकालिकाचार्यवज्जानीते । न हि सम्यक्प्रयुक्तायाः प्रज्ञायाः किञ्चिदगम्यमस्ति । तथा च पठ्यते—'दूरनिहित्तंपि निहिं तणवल्लिसमोत्थयाए भूमीए । नयणेहिं अपेच्छंता कुसला बुद्धीए पेच्छंति ।।१।।' ।।७७४।।

ભાવાર્થ :-

પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે અપવાદથી યતનાપૂર્વક સેવાયેલી દોષિત ભિક્ષાદિની પ્રવૃત્તિઓ ક્યારેક સમ્યગ્દર્શનાદિની વૃદ્ધિનું કારણ બને છે અને ક્યારેક સમ્યગ્દર્શનાદિની હાનિનું કારણ બને છે તે છદ્મસ્થ જાણી શકે નહીં. તેનો ઉત્તર આપતાં આચાર્યશ્રી કહે છે – અગીતાર્થ સાધુ તેનો નિર્ણય કરી શકે નહીં તે વાત એમ જ છે પરંતુ જેમ સર્વજ્ઞ પોતાના કેવળજ્ઞાનના બળથી આ જીવને આશ્રયીને આ પ્રવૃત્તિ રત્નત્રયની વૃદ્ધિનું કારણ છે અને એની એ જ પ્રવૃત્તિ તે જીવને અન્ય સંયોગમાં રત્નત્રયની વૃદ્ધિનું કારણ નથી એમ નિર્ણય કરી શકે છે તેમ જે ગીતાર્થ મન-વચન-કાયા વડે ભગવાનના શાસનની મર્યાદામાં ઉપયુક્ત છે અને ઉચિત સ્થાને શાસ્ત્રવચનને જોડવા માટે સમર્થ એવી મહાપ્રજ્ઞાવાળા છે તે ગીતાર્થો પોતાનામાં વર્તતાં સૂક્ષ્મ ચિહ્નો વડે અથવા જે સાધુને વિષમ સંયોગમાં પ્રતિસેવન કરવાનું આવશ્યક છે તેવા સાધુમાં વર્તતા મનોભાવ વગેરે સૂક્ષ્મ ચિહ્નોથી જાણવા યત્ન કરે તો સર્વજ્ઞના વચનના બળથી અવશ્ય નિર્ણય કરી શકે છે કે આ સંયોગોમાં આ મહાત્મા માટે અપવાદિક દોષિત પ્રવૃત્તિ ગુણવૃદ્ધિનું કારણ છે. વળી, તેની તે જ પ્રવૃત્તિ અન્ય સંયોગમાં ગુણવૃદ્ધિનું કારણ નથી તેનો પણ નિર્ણય ભગવાનના વચનના બળથી ઉપયુક્ત ગીતાર્થ સાધુ કરી શકે છે. અહીં ગીતાર્થ સાધુ કહેવાથી સૂત્ર-અર્થ ભણેલા સાધુનું ગ્રહણ છે અને તે સાધુ

પણ જો મન-વચન-કાયાથી ઉપયુક્ત ન હોય તો યથાર્થ નિર્ણય કરી શકે નહીં અને ઉપયુક્ત હોય છતાં તે પ્રકારની મહાપ્રજ્ઞા ન હોય તો યથાર્થ નિર્ણય કરી શકે નહીં, પરંતુ જેઓમાં તીક્ષ્ણ બુદ્ધિ છે અને જેઓ નિપુણ પરીક્ષક છે તેઓ સૂક્ષ્મ આલોચન દ્વારા જિનવચનના બળથી કઈ પ્રવૃત્તિ કયા સંયોગમાં ગુણવૃદ્ધિનું કારણ છે અને તેની તે જ પ્રવૃત્તિ તે અને તે જ જીવને આશ્રયીને કયા સંયોગમાં ગુણવૃદ્ધિનું કારણ નથી તેનો યથાર્થ નિર્ણય કરી શકે છે. આથી જ ગીતાર્થ સાધુઓ જ ગચ્છને ઉચિત પ્રવૃત્તિઓમાં યોજન કરીને સંયોગાનુસાર ઉત્સર્ગ-અપવાદનો નિર્ણય કરીને જેનાથી યોગ્ય જીવોમાં અંતરંગ રત્નત્રયના પરિણામની નિર્મળતા થાય તેવો જ બાહ્ય ઉચિત વ્યવહાર કરવા માટે આદેશ આપે છે અને સ્વમતિ અનુસાર શિષ્યને તે તે પ્રવૃત્તિમાં પ્રવર્તાવતા નથી. વળી, જેઓને તેવો સૂક્ષ્મ બોધ નથી તેઓ સ્વમતિ અનુસાર શિષ્યને ક્યારેક ઉત્સર્ગમાર્ગમાં પ્રવર્તાવીને પણ તેનું અહિત કરે છે અને ક્યારેક અપવાદમાર્ગમાં પ્રવર્તાવીને પણ તેનું અહિત કરે છે. જો કે શિષ્યનું અહિત કરવાનો પરિણામ નથી પરંતુ પોતાની મંદ પ્રજ્ઞામાં અધિક પ્રજ્ઞાના ભ્રમને કારણે કે મૂઢતાને કારણે જેઓ સ્વરુચિ અનુસાર શિષ્યને તે તે કાર્યમાં પ્રવર્તાવે છે તેઓ સ્વયં ડૂબે છે અને શિષ્યને પણ ડુબાડે છે.

પરમાર્થથી તો તેઓ અનુશાસન આપવા માટે અસમર્થ હોવાથી તેઓએ તે કૃત્ય કરવું જોઈએ નહીં અને જેઓ ઉચિત દિશા બતાવવા માટે સંપન્ન પ્રજ્ઞાવાળા છે તેઓએ પોતાની શક્તિ હોવા છતાં યોગ્ય જીવોને ઉચિત અનુશાસન આપવામાં ક્યારેય ઉપેક્ષા કરવી જોઈએ નહીં; કેમ કે તે પ્રવૃત્તિથી જ સ્વપરનું હિત થાય છે. આથી જ સંવિગ્ન પાક્ષિક એવા પણ ગીતાર્થ જો મહાપ્રજ્ઞાવાળા હોય તો અવશ્ય સુસાધુને માર્ગમાં પ્રવર્તાવીને સ્વપરનું એકાંત હિત કરે છે. **॥૭૭૪॥**

અવતરણિકા :-

अत्रैव दृष्टान्तान्तरमाह —

અવતરણિકાર્થ :-

આમાં જ=ઉપયુક્ત મહાપ્રજ્ઞાવાળા ગીતાર્થો સૂક્ષ્મ લિંગો દ્વારા અમુક કૃત્ય કયા સંયોગોમાં સાનુબંધ છે અને કયા સંયોગોમાં નિરનુબંધ છે તેનો નિર્ણય કરે છે એમાં જ, દૃષ્ટાંતાન્તરને કહે છે= પૂર્વમાં ધૂમલિંગ દ્વારા અગ્નિનું દૃષ્ટાંત આપ્યું તેના કરતાં દૃષ્ટાંતાન્તરને કહે છે —

ગાથા :-

जह जोइसिओ कालं सम्मं वाहिविगमं च वेज्जोत्ति ।
जाणति सत्थाओ तहा एसो जयणाइविसयं तु ।।७७५।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, सत्थाओ=શાસ્ત્રથી, जोइसिओ=જ્યોતિષ્ક, कालं=કાળને=સુભિક્ષ-દુર્ભિક્ષ કાળને, सम्मं जाणति=સમ્યગ્ જાણે છે, वेज्जोत्ति च वाहिविगमं=અને વૈદ્ય વ્યાધિના વિગમને (જે પ્રમાણે

શાસ્ત્રથી સમ્યગ્ જાણે છે), તહા=તે પ્રમાણે, એસો તુ=આ પણ=ગીતાર્થ પણ, જયણાઇવિસયં=જયણા આદિના વિષયને (શાસ્ત્રથી સમ્યગ્ જાણે છે.) ।।૭૭૫।।

ગાથાર્થ :-

જે પ્રમાણે શાસ્ત્રથી જ્યોતિષ્ક કાળને=સુભિક્ષ-દુર્ભિક્ષ કાળને, સમ્યગ્ જાણે છે અને વૈદ્ય વ્યાધિના વિગમને જે પ્રમાણે શાસ્ત્રથી સમ્યગ્ જાણે છે તે પ્રમાણે આ પણ=ગીતાર્થ પણ, જયણા આદિના વિષયને શાસ્ત્રથી સમ્યગ્ જાણે છે. ।।૭૭૫।।

ટીકા :-

यथा ज्योतिषिको ज्योतिश्चारविशारदः सम्यगविपरीतरूपतया कालं सुभिक्षादिलक्षणं, व्याधिविगमं च जलोदरादिमहाव्याधिविनाशं पुनर्वैद्यः सुश्रुतादिचिकित्साशास्त्राणां सम्यगध्येता पुमान्, इतिः प्राग्वत्, जानात्यवबुध्यते शास्त्राद् वराहमिहिरसंहितादेः सुश्रुतादेश्च । तथैष गीतार्थो यतनादिविषय-मत्रपानादिप्रतिषेधलक्षणम् । तुशब्द एवकारार्थः । स च जानात्येवेत्यत्र संयोजनीय इति ।।७७५।।

ભાવાર્થ :-

જે પ્રમાણે જ્યોતિષશાસ્ત્રના યથાર્થ જાણનારા જ્યોતિષશાસ્ત્રના ચારના બળથી કહી શકે છે કે આ કાળે દુર્ભિક્ષ થશે, આ કાળે સુભિક્ષ થશે. જેમ વજસ્વામીએ દુર્ભિક્ષકાળમાં અનશન કર્યું ત્યારે શિષ્યને કહ્યું કે 'જ્યારે તમને લાખ મૂલ્યવાળાં ભોજન મળશે ત્યારે સુભિક્ષ થશે' અને વસ્તુસ્થિતિ તે પ્રમાણે જ બને છે. તેમ જે સાધુ ગીતાર્થ છે, મહાપ્રજ્ઞાવાળા છે, સૂક્ષ્મ ચિહ્નોને જાણવા ઉપયુક્ત છે તેઓ પોતાનામાં કે યોગ્ય શિષ્યમાં પ્રવર્તતા સૂક્ષ્મ ભાવોરૂપ ચિહ્નો દ્વારા અનુમાન કરી શકે છે કે આ પ્રકારે અપવાદ સેવવાથી પોતાનું કે શિષ્યનું અધિક હિત થશે અથવા આ વિષમ સંયોગમાં પણ અપવાદ સેવવાથી પોતાનું કે શિષ્યનું હિત થશે નહીં પરંતુ ઉત્સર્ગની પ્રવૃત્તિમાં જ પોતાનું કે શિષ્યનું હિત છે તેવો નિર્ણય કરી શકે છે. આથી જ ઉપયુક્ત ગીતાર્થ સાધુ છ કારણથી ભિક્ષા માટે ગયેલા હોય અને નિર્દોષની અપ્રાપ્તિ હોય તો તપવૃદ્ધિથી પોતાની રત્નત્રયની વૃદ્ધિ થશે તેવો નિર્ણય થાય ત્યારે તપમાં જ યત્ન કરે છે અને જ્યારે તે છ કારણથી ભિક્ષા માટે ગયા હોવા છતાં નિર્દોષ ભિક્ષા ન મળે ત્યારે અપવાદથી યતનાપૂર્વક પંચકહાનિ અનુસાર ભિક્ષાગ્રહણથી રત્નત્રયની વૃદ્ધિ થશે તેવું જણાય ત્યારે તપમાં યત્ન કરતા નથી પરંતુ દોષિત પણ ભિક્ષા ગ્રહણ કરીને રત્નત્રયની વૃદ્ધિ કરે છે.

વળી, કોઈ સુવૈદ્ય નાડી પરીક્ષા, પૃચ્છા અને શરીરનાં ચિહ્નો દ્વારા વ્યાધિનો યથાર્થ નિર્ણય કરીને વૈદ્યશાસ્ત્રના બળથી તેના ઉચિત ઔષધનો નિર્ણય કરીને અવશ્ય તે વ્યાધિનો નાશ કરવા સમર્થ બને છે એથી વૈદ્યશાસ્ત્રના બળથી તે વ્યાધિના વિગમનને સમ્યગ્ જાણી શકે છે તેમ ગીતાર્થ સાધુ પણ કયા સંયોગમાં યતના આદિના વિષયવાળી આ પ્રવૃત્તિ છે તેનો નિર્ણય કરી શકે છે. એથી સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત અપવાદ-ઉત્સર્ગનું સેવન કરીને ગીતાર્થ સાધુ અવશ્ય ભાવરોગની અલ્પતારૂપ કર્મવ્યાધિનો નાશ

કરવા સમર્થ બને છે માટે છદ્મસ્થનો આ વિષય નથી, સર્વજ્ઞનો જ વિષય છે એમ જે ગાથા-૭૭૩માં પૂર્વપક્ષીએ કહ્યું એ ઉચિત નથી. ॥૭૭૫॥

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

તથા અન્ય દૃષ્ટાંતના સમુચ્ચય માટે કહે છે –

ગાથા :-

तिविहनिमित्ता उवओगसुद्धिओऽणेसणिज्जविन्नाणं ।
जह जायति परिसुद्धं तहेव एत्थंपि विन्नेयं ।।७७६।।

અન્વયાર્થ :-

જહ=જે પ્રમાણે, તિવિહનિમિત્તા=ત્રણ પ્રકારના નિમિત્તથી, उवओगसुद्धिओ अणेसणिज्जविन्नाणं परिसुद्धं जायति=ઉપયોગની શુદ્ધિથી અનેષણીયનું વિજ્ઞાન પરિશુદ્ધ થાય છે, तहेव=તે પ્રમાણે જ, एत्थंपि=અહીં પણ=ઉત્સર્ગ-અપવાદવિષયક યતનાના વિષયમાં પણ, विन्नेयं=જાણવું=પરિશુદ્ધ વિજ્ઞાન થાય છે એ પ્રમાણે જાણવું. ॥૭૭૬॥

ગાથાર્થ :-

જે પ્રમાણે ત્રણ પ્રકારના નિમિત્તથી, ઉપયોગની શુદ્ધિથી અનેષણીયનું વિજ્ઞાન પરિશુદ્ધ થાય છે તે પ્રમાણે જ અહીં પણ=ઉત્સર્ગ-અપવાદવિષયક યતનાના વિષયમાં પણ જાણવું=પરિશુદ્ધ વિજ્ઞાન થાય છે એ પ્રમાણે જાણવું. ॥૭૭૬॥

ટીકા :-

त्रिविधनिमित्तात् कायिकवाचिकमानसिकलक्षणात् परिशुद्धिमागताद् योपयोगशुद्धिर्भक्तादिग्रहणकालप्रवृत्तस्य साधुजनप्रसिद्धस्योपयोगस्य निर्मलता तस्याः सकाशादनेषणीयविज्ञानमशुद्धभक्तपानाद्यवबोधो भावयतीनां यथा जायते परिशुद्धमस्खलितरूपं, तथैवात्रापि यतनाविषये विज्ञानं परिशुद्धं विज्ञेयमिति ।।७७६।।

ભાવાર્થ :-

કોઈ સાધુ ભિક્ષાર્થે જાય ત્યારે કાયિક-વાચિક-માનસિક નિમિત્તોના બળથી અને પોતાના ઉપયોગના બળથી આહાર અનેષણીય છે એવું યથાર્થ જાણી શકે છે આથી જ ભિક્ષા માટે ગયેલા સાધુને દોષની

સંભાવના જણાય ત્યારે 'આજે આ પ્રકારનું વિશેષ ભોજન કેમ બનાવેલ છે ?' એ પ્રકારે કારણની પૃચ્છા કરીને શ્રાવકના તે પ્રકારના સકંપ-નિષ્કંપ વચનપ્રયોગ આદિ વડે કે અન્ય કોઈ તેવાં લિંગોથી આ ભિક્ષા શુદ્ધ નથી તેવો નિર્ણય કરી શકે છે અને જે સાધુ તે પ્રકારના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક ગવેષણા કરતા નથી, માત્ર પોતાને ભિક્ષા જોઈએ છે અને સ્થૂળથી પોતાના માટે કરાઈ નથી તેવો નિર્ણય કરીને ગ્રહણ કરે છે તેઓને પરિશુદ્ધ ભિક્ષાનું જ્ઞાન થતું નથી. તે રીતે જે સાધુ અતિ નિપુણતાપૂર્વક વર્તમાનના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર કઈ આચરણા સંયમના કંડકોની વૃદ્ધિનું કારણ છે તેના માટે સૂક્ષ્મ આલોચન કરનારા છે અને શાસ્ત્રના પરમાર્થને જાણનારા છે તેવા ગીતાર્થ સાધુ કયા સંયોગમાં કઈ આચરણા ઉચિત છે તેનું પણ પરિશુદ્ધ પરિજ્ઞાન કરી શકે છે તેથી ગાથા-૭૭૩માં પૂર્વપક્ષીએ કહ્યું કે કયા દ્રવ્યક્ષેત્રમાં કઈ પ્રવૃત્તિ સાનુબંધ છે અને કઈ પ્રવૃત્તિ નિરનુબંધ છે એ છદ્મસ્થ જાણી શકે નહીં તેને ગ્રંથકારશ્રી કહે છે કે તે કથન અનુચિત છે. **॥૭૭૬॥**

અવતરણિકા :-

ननु सर्वत्र धर्मार्थिनो लोकस्य तदर्थपाकादिप्रवृत्तावनेषणीयबाहुल्येनैषणीयविवेकाद् दुष्करं तत्परिज्ञानं, कथमिदं दृष्टान्ततयोपन्यस्तमित्याशंक्याह —

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરે છે — બધે ઠેકાણે ધર્માર્થી જીવોની સાધુ અર્થે પાકાદિની=રાંધવા વગેરેની, પ્રવૃત્તિ હોતે છતે અનેષણીયનું બાહુલ્ય હોવાથી એષણીયના વિવેકથી=એષણીયનો નિર્ણય કરવાના યત્નથી, તેનું પરિજ્ઞાન દુષ્કર છે='આ આહાર એષણીય છે અને આ આહાર અનેષણીય છે' એ પરિજ્ઞાન સાધુને દુષ્કર છે, તેથી દૃષ્ટાંતપણાથી આ=એષણીયનું જ્ઞાન, કઈ રીતે ઉપન્યસ્ત કરાયું અર્થાત્ ગાથા-૭૭૬માં એષણીયજ્ઞાનના દૃષ્ટાંતથી યતનાવિષયકનું જ્ઞાન થાય છે એમ બતાવ્યું તે ઉચિત નથી તે પ્રકારની આશંકા કરીને કહે છે —

ગાથા :-

सुत्ते तह पडिबंधा चरणवओ न खलु दुल्लहं एयं ।
नवि छलणायवि दोसो एवं परिणामसुद्धीए ।।७७७।।

અન્વયાર્થ :-

सुत्ते=સૂત્રમાં=આગમમાં, पडिबंधा=પ્રતિબંધ હોવાના કારણે, चरणवओ=ચારિત્રવાળા મહાત્માને, एयं=આ=અનેષણીયનું જ્ઞાન, न खलु दुल्लहं=દુર્લભ નથી. तह=અને, न वि छलणाय वि दोसो=છલનામાં પણ દોષ નથી જ=કોઈ મહાત્મા અત્યંત ઉપયોગવાળા હોય છતાં ભક્તિ કરનારા દ્વારા છલનામાં પણ સાધુને કર્મબંધની પ્રાપ્તિ નથી જ.

કેમ કર્મબંધની પ્રાપ્તિ નથી ? તેથી કહે છે –

एवं=આ રીતે=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે સૂત્રમાં પ્રતિબંધ છે એ રીતે, परिणामसुद्धीए=પરિણામની શુદ્ધિ હોવાથી (કર્મબંધની પ્રાપ્તિ નથી એમ અન્વય છે.) ।।૭૭૭।।

ગાથાર્થ :-

સૂત્રમાં=આગમમાં, પ્રતિબંધ હોવાના કારણે ચારિત્રવાળા મહાત્માને આ=અનેષણીયનું જ્ઞાન, દુર્લભ નથી અને છલનામાં પણ દોષ નથી જ=કોઈ મહાત્મા અત્યંત ઉપયોગવાળા હોય છતાં ભક્તિ કરનારા દ્વારા છલનામાં પણ સાધુને કર્મબંધની પ્રાપ્તિ નથી જ.

કેમ કર્મબંધની પ્રાપ્તિ નથી ? તેથી કહે છે –

આ રીતે=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે સૂત્રમાં પ્રતિબંધ છે એ રીતે, પરિણામની શુદ્ધિ હોવાથી કર્મબંધની પ્રાપ્તિ નથી એમ અન્વય છે. ।।૭૭૭।।

ટીકા :-

सूत्रे आगमे पिण्डनिर्युक्त्यादौ, तथेति वक्तव्यान्तरसमुच्चये, प्रतिबंधादत्यादराच्चरणवतो जीवस्य न खलु नैव दुर्ल्लभं दुष्करमेतदनेषणीयविज्ञानम् । न च च्छलनायामपि व्यंसनारूपायां दोषोऽपराधोऽनेषणीयग्रहणरूपः सूत्रप्रतिबन्धात् परिणामशुद्धेरन्तःकरणनैर्मल्यादिति ।।७७७।।

ભાવાર્થ :-

કોઈ મહાત્માને ચારિત્રનો પરિણામ હોય તો તે મહાત્મા ભિક્ષા ગ્રહણ કરવા માટે જતા હોય ત્યારે પણ ભિક્ષાની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ પ્રત્યે સમાન પરિણામવાળા હોય છે. આથી જ તેઓના ચિત્તમાં અધ્યવસાય વર્તે છે કે ભિક્ષા મળશે તો ભિક્ષાપ્રાપ્તિથી સંયમની વૃદ્ધિ કરીશ અને ભિક્ષાની પ્રાપ્તિ નહીં થાય તો તપ દ્વારા સંયમની વૃદ્ધિ કરીશ. એથી ભિક્ષાની પ્રાપ્તિના પક્ષપાત વગરની મધ્યસ્થ પરિણતિથી યુક્ત શાસ્ત્રવિધિનું સ્મરણ કરીને છ કારણોમાંથી કોઈ કારણો ઉપસ્થિત થવાથી તે મહાત્મા ભિક્ષા માટે જાય છે ત્યારે ભિક્ષાવિષયક પિંડનિર્યુક્તિ આદિ શાસ્ત્રોનો તેઓને રાગ હોવાથી તેના વચનના સ્મરણપૂર્વક ભિક્ષાની શુદ્ધિની ગવેષણા કરે છે માટે તેઓને 'આ ભિક્ષા અનેષણીય છે' તેવું જ્ઞાન દુર્લભ નથી. એ રીતે ચારિત્રના પરિણામવાળા સુસાધુને પણ સંયમની વૃદ્ધિ માટે વિપરીત દ્રવ્યક્ષેત્રકાળભાવમાં શું ઉચિત યતના કરવી જોઈએ તેના વિષયમાં નિર્ણય થઈ શકે છે. અહીં પ્રશ્ન થાય કે પિંડશુદ્ધિના વચનાનુસાર યતના કરનારા મહાત્માઓમાં પણ ક્યારેક ગૃહસ્થોની માયાને કારણે અનેષણીય આહાર પણ એષણીય છે એ પ્રકારે ભ્રમ થવાથી સાધુ ભિક્ષા ગ્રહણ કરે છે તેથી ગ્રંથકારશ્રી કહે છે કે તે પ્રકારની છલનામાં પણ તે મહાત્માને ભિક્ષાશુદ્ધિનાં શાસ્ત્રોમાં પ્રતિબંધ હોવાના કારણે પરિણામની શુદ્ધિ હોવાથી દોષની પ્રાપ્તિ નથી અર્થાત્ જિનવચનાનુસાર ભિક્ષા ગ્રહણ કરવાના વિશુદ્ધ અધ્યવસાયથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે અને જિનવચનની ઉપેક્ષા કરીને ભિક્ષા ગ્રહણ કરવાથી દોષની પ્રાપ્તિ થાય છે તેથી જે મહાત્મા જિનવચનાનુસાર યતનાપૂર્વક ભિક્ષા ગ્રહણ

કરવામાં પ્રયત્નશીલ છે તેઓની બાહ્યથી અશુદ્ધ ભિક્ષા પણ અંતરંગ પરિણામથી શુદ્ધ હોવાને કારણે કર્મબંધરૂપ દોષની પ્રાપ્તિ નથી.

વળી, ગાથા-૭૭૬માં કહ્યું કે સાધુને ઉપયોગની શુદ્ધિથી અનેષણીયનું વિજ્ઞાન થાય છે તે પ્રમાણે યતનાવિષયક પણ પરિશુદ્ધ જ્ઞાન થાય છે ત્યાં યતનામાં છલનાનો સંભવ નથી; કેમ કે શાસ્ત્રાનુસારી ઉપયોગપૂર્વક જેઓ યતના કરે છે તેઓને શાસ્ત્રવચનથી પ્રસ્તુત સ્થાનમાં કયા પ્રકારની યતના આવશ્યક છે તેનો યથાર્થ નિર્ણય થાય છે, ફક્ત દૃષ્ટાંતરૂપે કહેવાયેલા અનેષણીય ભિક્ષારૂપ સ્થાનમાં ગૃહસ્થોની માયાથી બાહ્ય આચરણામાં છલના થાય તે ક્વચિત્ સંભવે. **॥૭૭૭॥**

અવતરણિકા :-

અત્રૈવ વ્યતિરેકમાહ –

અવતરણિકાર્થ :-

આમાં જ=યતનાના વિષયમાં જ, વ્યતિરકને કહે છે –

ગાથા :-

जयणाविवज्जया पुण विवज्जओ नियमओ उ तिण्हंपि ।
तित्थगराणाऽसद्धाणओ तहा पयडमेयंतु ।।७७८।।

અન્વયાર્થ :-

जयणाविवज्जया पुण=વળી જયણાના વિપર્યયથી=ઉત્સર્ગ-અપવાદવિષયક શાસ્ત્રાનુસારી ઉચિત યતનાના વિપર્યયથી, तिण्हंपि=ત્રણેનો પણ=સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ત્રણેયનો પણ, नियमओ उ विवज्जओ= નિયમથી વિપર્યય છે; तित्थगराणाऽसद्धाणओ=કેમ કે તીર્થંકરની આજ્ઞાની અશ્રદ્ધા છે. एयं तु=વળી આ=અયતનાને કારણે તીર્થંકરની આજ્ઞાની અશ્રદ્ધા છે એ, तहा पयडं=તે પ્રકારે પ્રકટ છે=સામાન્ય લોક પણ વિચારીને નિર્ણય કરી શકે તે પ્રકારે પ્રગટ છે. ॥૭૭૮॥

ગાથાર્થ :-

વળી જયણાના વિપર્યયથી=ઉત્સર્ગ-અપવાદવિષયક શાસ્ત્રાનુસારી ઉચિત યતનાના વિપર્યયથી ત્રણેનો પણ=સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ત્રણેયનો પણ નિયમથી વિપર્યય છે; કેમ કે તીર્થંકરની આજ્ઞાની અશ્રદ્ધા છે. વળી આ=અયતનાને કારણે તીર્થંકરની આજ્ઞાની અશ્રદ્ધા છે એ, તે પ્રકારે પ્રકટ છે=સામાન્ય લોક પણ વિચારીને નિર્ણય કરી શકે તે પ્રકારે પ્રગટ છે. ॥૭૭૮॥

ટીકા :-

यतनाविपर्ययाद् उक्तलक्षणा यतना; विपर्ययो व्यत्ययः स्वरूपहानिरित्यर्थः, नियमतस्त्वेकान्तभावादेव

त्रयाणामपि सम्यक्त्वादीनाम् । कुत इत्याह—तीर्थकराज्ञायाः 'जयणा उ धम्मजणणी' इत्यादिकाया अश्रद्धानतोऽरोचनात् । तथा तत्प्रकाराद्, न हि रोचमानां यतनामुल्लंघ्य कश्चिदन्यथा व्यवहर्त्तुं प्रवर्त्तते, प्रवर्त्तते चेत् तर्हि तस्य तत्र यतनायां न श्रद्धानमस्तीति प्रकटमेतदिति । न हि लोकेऽप्युल्लंघ्यमानोऽर्थो गौरवपदमापद्यत इति ।।७७८।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ સંયમના પરિણામવાળા છે તેઓ ભગવાને જે ઉત્સર્ગમાર્ગ બતાવ્યો છે તે માર્ગ પ્રત્યે બદ્ધરુચિવાળા છે અને તે ઉત્સર્ગમાર્ગને સેવીને તેનાથી અભિપ્રેત એવા સંયમના કંડકોમાં વૃદ્ધિ થાય તે પ્રકારે જ ઉત્સર્ગમાર્ગ સેવે છે; કેમ કે બાહ્ય આચરણાનું મુખ્ય પ્રયોજન સંયમના કંડકોની વૃદ્ધિ છે. એથી સંયમના કંડકોની વૃદ્ધિ ઉત્સર્ગમાર્ગથી થઈ શકે તેમ ન જણાય ત્યારે ઉત્સર્ગમાર્ગની રુચિપૂર્વક સંયમના કંડકોની વૃદ્ધિના અર્થી તે મહાત્માઓ પંચકહાનિના ક્રમથી ઉચિત અપવાદનું સેવન કરે છે જેનાથી પણ સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે અને જે મહાત્માઓ સાધુના વેષમાં છે છતાં સુખશીલ સ્વભાવને કારણે ઉત્સર્ગ અપવાદની ઉચિત યતનામાં વિપર્યય કરનારા છે તેથી ઉત્સર્ગના સેવનથી પણ સંયમના કંડકો વધી શકે તેમ હોય છતાં તૃણનું આલંબન લઈને નદીમાં તરવા માટે યત્ન કરનારાની જેમ તુચ્છ આલંબન લઈને અપવાદનું સેવન કરે છે. તેઓમાં યતનાનો વિપર્યય હોવાથી સમ્યગ્જ્ઞાનનો વિપર્યય છે અને સમ્યગ્ રુચિનો પણ વિપર્યય છે; કેમ કે સંયમના કંડકોની વૃદ્ધિની પણ ઉપેક્ષા કરીને વિપરીત સેવના કરે છે.

વળી, ચારિત્રમાં પણ વિપર્યય છે; કેમ કે સમભાવના પરિણામથી તે વિપરીત યતના કરતા નથી પરંતુ સુખશીલ સ્વભાવને કારણે વિપરીત યતના કરે છે અને તેઓને રત્નત્રયનો વિપર્યય કેમ છે તેમાં યુક્તિ આપે છે. તેઓને ભગવાનની આજ્ઞામાં અશ્રદ્ધા છે આથી જ સંયમના કંડકોની વૃદ્ધિને લક્ષ કરીને ઉત્સર્ગ અપવાદની ભગવાનની આજ્ઞા છે તેની ઉપેક્ષા કરીને પોતાના સુખશીલ સ્વભાવને કારણે યતનાનો વિપર્યય કરે છે અને તેઓની વિપરીત યતના ભગવાનની આજ્ઞાની અશ્રદ્ધાજન્ય છે એ પ્રગટ જ છે; કેમ કે જેમને ભગવાનના વચનમાં શ્રદ્ધા હોય તે મહાત્મા ભગવાનના વચનથી વિપરીત ક્યારેય કરે નહીં. ક્વચિત્ પ્રમાદવશ વિપરીત થાય તોપણ પોતાની વિપરીત પ્રવૃત્તિની નિંદાગર્હા કરીને લોકો સમક્ષ સન્માર્ગનું સ્થાપન કરે છે અન્યથા મિથ્યાત્વની પ્રાપ્તિ થાય. **॥૭૭૮॥**

અવતરણિકા :-

તથા —

અવતરણિકાર્થ :-

પૂર્વગાથામાં યતનાના વિપર્યયથી રત્નત્રયીમાં વિપર્યય છે તેમ બતાવ્યું. તેને જ દૃઢ કરવા અર્થે તેને અનુરૂપ અન્ય કથન 'તથા'થી સમુચ્ચય કરે છે —

ગાથા :-

जं दव्वखेत्तकालाइसंगयं भगवया अणुट्ठाणं ।
भणियं भावविसुद्धं निप्फज्जइ जह फलं तह उ ।।७७९।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, भगवया=ભગવાન વડે, दव्वखेत्तकालाइसंगयं अणुट्ठाणं भावविसुद्धं भणियं=દ્રવ્યક્ષેત્ર-કાળાદિથી સંગત અનુષ્ઠાન ભાવવિશુદ્ધ કહેવાયું છે. जह=જે પ્રકારે, फलं निप्फज्जइ=ફળ નિષ્પન્ન થાય=તે અનુષ્ઠાનથી અપેક્ષિત ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ફળ નિષ્પન્ન થાય, तह उ=તે પ્રકારે (તે અનુષ્ઠાન કરવાનું ભગવાને કહ્યું છે.) ।।૭૭૯।।

ગાથાર્થ :-

જે કારણથી ભગવાન વડે દ્રવ્યક્ષેત્રકાળાદિથી સંગત અનુષ્ઠાન ભાવવિશુદ્ધ કહેવાયું છે. જે પ્રકારે ફળ નિષ્પન્ન થાય=તે અનુષ્ઠાનથી અપેક્ષિત ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ફળ નિષ્પન્ન થાય, તે પ્રકારે તે અનુષ્ઠાન કરવાનું ભગવાને કહ્યું છે. ।।૭૭૯।।

ટીકા :-

यद्यस्माद् द्रव्यक्षेत्रकालादिसंगतं तत्तद्द्रव्यक्षेत्रकालभावानुकूलं भगवताऽर्हताऽनुष्ठानमन्नपानगवेष-णादिरूपं भणितं भावविशुद्धमौदयिकभावपरिहारेण क्षायोपशमिकभावानुगतम्, अत एव निष्पद्यते यथा फलं ज्ञानाद्याराधनारूपं, तथा तथैतदनुष्ठानं भणितं, सम्यगुपायत्वात् ।।७७९।।

ભાવાર્થ :-

ભગવાને દ્રવ્યક્ષેત્રકાળભાવ અનુસાર સેવાયેલું સંયમનું અનુષ્ઠાન ભાવશુદ્ધ અનુષ્ઠાન કહેલું છે તેથી કોઈ અનુષ્ઠાન એકાંતે 'આ રીતે જ કરવું અને આ રીતે ન કરવું' તેવું વિધાન કર્યું નથી. ત્યાં પ્રશ્ન થાય કે દ્રવ્ય-ક્ષેત્રકાળભાવસંગત ભાવશુદ્ધ અનુષ્ઠાન છે તે કેવી રીતે નક્કી થઈ શકે તેથી કહે છે. જે પ્રકારે ફળ નિષ્પન્ન થાય તે પ્રકારે તે અનુષ્ઠાન સેવવાની વિધિ કહેલ છે. તેથી સાધુને રત્નત્રયની વૃદ્ધિ ફળરૂપે અપેક્ષિત છે. આથી જો ઉત્સર્ગમાર્ગના સેવનથી રત્નત્રયની વૃદ્ધિ થતી હોય તો તે દ્રવ્યક્ષેત્રકાળભાવનું ઉત્સર્ગમાર્ગથી અવલંબન લઈને સાધુએ સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે રીતે અનુષ્ઠાન સેવવું જોઈએ. વળી, જ્યારે જણાય કે ઉત્સર્ગમાર્ગનું અવલંબન લઈને સેવાયેલું અનુષ્ઠાન સંયમના કંડકની વૃદ્ધિમાં વ્યાઘાતક થાય છે ત્યારે સંયમના કંડકની વૃદ્ધિ માટે તે તે દ્રવ્યક્ષેત્રાદિ અનુસાર શું કરવું ઉચિત છે તેનો નિર્ણય કરીને તે રીતે અપવાદની યતના કરવામાં આવે તો તે અનુષ્ઠાનથી અપેક્ષિત ફળ થઈ શકે ત્યારે તે પ્રકારે અપવાદ માર્ગનું પણ અવલંબન લેવાની ભગવાનની આજ્ઞા છે માટે જે ફળસારા પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિની ભગવાનની આજ્ઞા છે તે પ્રકારના નિયમનું સ્મરણ કરીને વિવેકી પુરુષ નિર્લેપ પરિણતિરૂપ સંયમની પરિણતિ જે રીતે વૃદ્ધિ

થાય તે રીતે ઉચિત યતના કરે એમાં જ ભગવાનની આજ્ઞાનું પાલન છે, અન્યથા ભગવાનની આજ્ઞાનું પાલન નથી. વળી, જેઓ અપ્રાજ્ઞ છે તેઓ સંયમના કંડકની વૃદ્ધિને જોવા અસમર્થ છે તેથી ઉત્સર્ગથી આચરણા કરે તોપણ તે અનુષ્ઠાન આજ્ઞાનુસાર બનતું નથી અને અપવાદથી તે અનુષ્ઠાન કરે તોપણ આજ્ઞાનુસાર બનતું નથી ફક્ત તે અનુષ્ઠાનમાં ઓઘથી પણ આજ્ઞાનો રાગ હોય તો કાંઈક અંશથી તે અનુષ્ઠાન સફળ બને. **॥૭૭૯॥**

અવતરણિકા :-

अत एवाह —

અવતરણિકાર્થ :-

આથી જ કહે છે=જે ક્રિયા ફળને નિષ્પન્ન કરતી હોય તે અનુષ્ઠાન જ ભગવાને કર્તવ્ય કહ્યું છે એમ ગાથા-૭૭૯માં કહ્યું આથી જ કહે છે —

ગાથા :-

नवि किंचिवि अणुणातं पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
तित्थगराणं आणा कज्जे सच्चेण होयव्वं ।।७८०।।

અન્વયાર્થ :-

किंचिवि जिणवरिंदेहिं नवि अणुणातं=ભગવાન વડે કાંઈ પણ અનુજ્ઞાત નથી, वावि पडिसिद्धं=અથવા પ્રતિસિદ્ધ નથી, तित्थगराणं आणा=તીર્થંકરોની આજ્ઞા છે કે, कज्जे सच्चेण होयव्वं='કાર્યમાં સત્યપણાથી થવું જોઈએ.' ॥૭૮૦॥

ગાથાર્થ :-

ભગવાન વડે કાંઈ પણ અનુજ્ઞાત નથી અથવા પ્રતિષિદ્ધ નથી. તીર્થંકરોની આજ્ઞા છે કે 'કાર્યમાં સત્યપણાથી થવું જોઈએ.' ॥૭૮૦॥

ટીકા :-

नापि नैव किञ्चिद् मासकल्पविहाराद्यनुज्ञातमेकान्तेन कर्त्तव्यमेवेत्यनुमतं, प्रतिषिद्धं वाप्येकान्तेन वारितं न, यथा न विधेयमेवेदमिति जिनवरेन्द्रैः ऋषभादिभिस्तीर्थकरैः । तर्हि किमनुज्ञातं तैरित्याह— तीर्थकराणामियमाज्ञा यथा कार्ये सम्यग्दर्शनाद्याराधनारूपे सत्येनाशठपरिणामेन भवितव्यमिति ।।७८०।।

ભાવાર્થ :-

ભગવાને અંતરંગ સમભાવની વૃદ્ધિના ઉપાયરૂપે ઉત્સર્ગની આજ્ઞા આપેલી છે અર્થાત્ નિર્દોષ ભિક્ષાચર્યા કે માસકલ્પાદિની અનુજ્ઞા આપી છે પરંતુ જે સાધુ નિર્દોષભિક્ષા કે માસકલ્પાદિ કરતા હોય છતાં તે

આચરણ દ્વારા સમભાવના કંડકોની વૃદ્ધિને અનુકૂળ કોઈ યત્ન કરતા ન હોય તેમાં ભગવાનની અનુજ્ઞા નથી. જેમ નવકલ્પી વિહાર કરતા હોય તેના દ્વારા ક્ષેત્રનો પ્રતિબંધ દૂર કરીને અને શ્રાવક-શ્રાવિકાદિનો પ્રતિબંધ દૂર કરીને નિર્લેપ ચિત્ત કરવા યત્ન ન કરતા હોય તો તેમાં ભગવાનની અનુજ્ઞા નથી, પરંતુ નિર્લેપ ચિત્તના કારણરૂપે શક્તિના પ્રકર્ષથી સાધુએ નિર્દોષ ભિક્ષાદિ કે માસકલ્પાદિમાં યત્ન કરવો જોઈએ તેવી ભગવાનની આજ્ઞા છે અને જ્યારે નિર્લેપ ચિત્તની વૃદ્ધિ નિર્દોષ ભિક્ષાદિથી અશક્ય જણાય અને જંઘાબલાદિ ક્ષીણ થવાને કારણે માસકલ્પાદિ વિહારથી પણ સંયમની વૃદ્ધિ અશક્ય જણાય ત્યારે સાધુએ જે રીતે સંયમના કંડકોની વૃદ્ધિ થાય તે રીતે આચરણા કરવાની ભગવાને અનુજ્ઞા આપી છે તેથી બાહ્ય કૃત્યને આશ્રયીને 'આ જ કર્તવ્ય છે અને આ જ પ્રતિષિદ્ધ છે' એવી એકાંત ભગવાનની આજ્ઞા નથી પરંતુ રત્નત્રયની વૃદ્ધિરૂપ આરાધના કરવાનું કાર્ય વિદ્યમાન હોય ત્યારે આત્માને ઠગ્યા વગર સત્યભાવથી સાધુએ યત્ન કરવો જોઈએ એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે. **॥૭૮૦॥**

અવતરણિકા :-

તથા —

અવતરણિકાર્થ :-

તથા=પૂર્વ ગાથામાં કહ્યું કે ભગવાનની બાહ્ય કૃત્યવિષયક એકાંતે અનુજ્ઞા કે નિષેધ નથી પરંતુ રત્નત્રયની વૃદ્ધિમાં જે કારણ બને તેની ઉત્સર્ગ-અપવાદને આશ્રયીને આજ્ઞા છે તેને જ દૃઢ કરવા માટે 'તથા'થી અન્ય વચનનો સમુચ્ચય કરે છે —

ગાથા :-

मणुयत्तं जिणवयणं च दुल्लहं भावपरिणतीए उ ।
जह एसा निप्फज्जति तह जइयव्वं पयत्तेण ।।७८१।।

અન્વયાર્થ :-

मणुयत्तं जिणवयणं च दुल्लहं=મનુષ્યપણું અને જિનવચન દુર્લભ છે. जह=જે પ્રમાણે, एसा=આ=ભગવાનની આજ્ઞા, भावपरिणतीए उ=ભાવપરિણતિથી જ, निप्फज्जति=નિષ્પન્ન થાય, तह पयत्तेण जइयव्वं=તે પ્રમાણે પ્રયત્નથી યત્ન કરવો જોઈએ. ॥૭૮૧॥

ગાથાર્થ :-

મનુષ્યપણું અને જિનવચન દુર્લભ છે. જે પ્રમાણે, આ=ભગવાનની આજ્ઞા, ભાવપરિણતિથી જ નિષ્પન્ન થાય તે પ્રમાણે પ્રયત્નથી યત્ન કરવો જોઈએ. ॥૭૮૧॥

ટીકા :-

मनुजत्वं मनुष्यजन्मलक्षणं, जिनवचनं च सर्वज्ञशासनं दुर्ल्लभं दुरापं वर्त्तते । प्रागुक्तैरेव चुल्लकादि-

भिर्दृष्टान्तैः । ततः किं कर्त्तव्यमित्याशंक्याह—भावपरिणत्या त्वन्तःकरणपरिणामेनैव न तु बाह्याद्यनुष्ठानेन भावपरिणतिशून्येन, तस्यात्यन्तफल्गुत्वात् । यथोक्तं 'तात्त्विकः पक्षपातस्तु भावशून्या च या क्रिया । तयोरन्तरमुन्नेयं भानुखद्योतयोरिव ।।१।। खद्योतकस्य यत्तेजः, तदल्पं च विनाशि च । विपरीतमिदं भानोरेवमत्रापि भाव्यताम् ।।२।।' किमित्याह—यथैषाऽऽज्ञा निष्पद्यते तथा यतितव्यं प्रयत्नेनेति ।।७८१।।

ભાવાર્થ :-

સંસારસમુદ્રમાં તત્ત્વની પ્રાપ્તિમાં પ્રબળ કારણભૂત એવું મનુષ્યપણું અને મનુષ્યભવમાં ભગવાનના વચનનો પારમાર્થિક બોધ દુર્લભ છે એથી વિચારકે સદા વિચારવું જોઈએ કે કોઈક રીતે મને મનુષ્યભવ મળ્યો છે. વળી માત્ર શ્રવણાદિથી જે જિનવચન પ્રાપ્ત થયું છે તેવું જિનવચન દુર્લભ નથી પરંતુ જિનતુલ્ય થવાના ઉપાયરૂપે જિનવચનનો પારમાર્થિક બોધ થાય તેવું જિનવચન દુર્લભ છે; કેમ કે મનુષ્યપણું પામ્યા પછી તેવા જિનવચનનો પારમાર્થિક બોધ થાય તો તે જીવ પ્રાયઃ જિનવચનથી ભાવિત થઈને અવશ્ય આ સંસારનો અલ્પ ભવોમાં ઉચ્છેદ કરે છે તેથી પોતાને મનુષ્યપણું મળ્યું છે અને જિનનું વચન જિનતુલ્ય થવાના ઉપાયને બતાવનાર છે તેવો બોધ જે જીવને થયો છે તેવા જીવે સર્વ ઉચિત અનુષ્ઠાનો ભાવપરિણતિથી જ કરવાં જોઈએ જેથી ભગવાનની આજ્ઞાની નિષ્પત્તિ થાય. માટે માત્ર 'હું જિનવચનના અનુષ્ઠાનો કરું છું' એમ માનીને સંતોષ કરવો જોઈએ નહીં પરંતુ જિનનાં દરેક વચનો અને દરેક અનુષ્ઠાનો કઈ રીતે મોક્ષને અનુકૂળ ભાવો નિષ્પન્ન કરે છે તેનો નિર્ણય કરીને અપ્રમાદભાવથી તે અનુષ્ઠાન સેવવાં જોઈએ.

વળી, જેઓ ભાવપરિણતિને સન્મુખ રાખ્યા વગર માત્ર બાહ્ય ઉત્સર્ગની આચરણા કરે છે અથવા સંયોગાનુસાર સુખશીલ સ્વભાવને કારણે અપવાદની આચરણા કરે છે અને માને છે કે 'આપણને મનુષ્યભવ મળ્યો છે, જિનવચન મળ્યું છે માટે આપણે સંસારસાગરથી તરશું' તે મિથ્યા આશ્વાસનરૂપ છે તેથી આત્મવંચના કર્યા વગર તાત્ત્વિક પરિણતિના પક્ષપાતપૂર્વક સાધુએ સંયમની સર્વ ક્રિયા કરવા યત્ન કરવો જોઈએ, ક્વચિદ્ બાહ્ય ક્રિયામાં દૃઢ યત્ન કરવાનું સત્ત્વ અલ્પ હોય તોપણ ફળની નિષ્પત્તિનું કારણ બને તેવી તાત્ત્વિક ક્રિયામાં સદા પક્ષપાત રાખવો જોઈએ જેથી ભગવાનના વચનના પક્ષપાતરૂપ ભાવપરિણતિથી પણ કાંઈક અંશે મનુષ્યભવ સફળ થાય. આથી જ અનુષ્ઠાનની આચરણામાં અલ્પ સત્ત્વવાળા સંવિગ્ન પાક્ષિક સાધુ શુદ્ધ આચરણાના પક્ષપાતથી ભગવાનના વચનના આરાધક થાય છે. **॥૭૮૧॥**

અવતરણિકા :-

આજ્ઞાનિષ્પત્ત્યર્થં ચ યત્ કર્ત્તવ્યં તદ્વિશેષેણાહ —

અવતરણિકાર્થ :-

અને આજ્ઞાનિષ્પત્તિ માટે જે કર્તવ્ય છે=સાધુને માટે જે કર્તવ્ય છે, તેને વિશેષથી કહે છે —

ગાથા :-

उस्सग्गववायाणं जहट्ठियसरूवजाणणे जत्तो ।
कायव्वो बुद्धिमया सुत्तणुसारेण णयणिउणं ।।७८२।।

અન્વયાર્થ :-

उस्सग्गववायाणं जहट्ठियसरूवजाणणे=ઉત્સર્ગ-અપવાદોના યથાસ્થિત સ્વરૂપના જાણવામાં, बुद्धिमया= બુદ્ધિમાન પુરુષે, सुत्तणुसारेण णयणिउणं जत्तो कायव्वो=સૂત્રાનુસારથી નયનિપુણ યત્ન કરવો જોઈએ. ।।૭૮૨।।

ગાથાર્થ :-

ઉત્સર્ગ-અપવાદોના યથાસ્થિત સ્વરૂપના જાણવામાં બુદ્ધિમાન પુરુષે સૂત્રાનુસારથી નયનિપુણ યત્ન કરવો જોઈએ. ।।૭૮૨।।

ટીકા :-

सामान्योक्तो विधिरुत्सर्गो, विशेषोक्तस्त्वपवादः । तत उत्सर्गापवादयोर्यथास्थितस्वरूपज्ञाने यत्नः कर्त्तव्यो बुद्धिमता पुरुषेण सूत्रानुसारेण निशीथाध्ययनादितत्प्रतिपादकागमानुरोधेन नयनिपुणं नैगमादिनयविचारसारमिति ।।७८२।।

ભાવાર્થ :-

સાધુએ ભગવાનની આજ્ઞા નિષ્પન્ન થાય એ પ્રમાણે યત્ન કરવો જોઈએ એમ પૂર્વ ગાથામાં કહ્યું તેથી હવે કહે છે કે જે સાધુ 'મનુષ્યભવ મને મળ્યો છે અને ભગવાનનું વચન મને પ્રાપ્ત થયું છે તેની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે માટે મનુષ્યભવ અને ભગવાનનું વચન નિષ્ફળ ન થાય તેવો મારે યત્ન કરવો જોઈએ.' તેવી સ્થિર બુદ્ધિવાળા છે તેઓ બુદ્ધિવાળા છે અને તેવા બુદ્ધિમાન મહાત્માએ ઉત્સર્ગ-અપવાદના યથાસ્થિત સ્વરૂપને જાણવામાં નિપુણતાપૂર્વક યત્ન કરવો જોઈએ અર્થાત્ 'આ પ્રકારની પ્રવૃત્તિ ઉત્સર્ગ છે અને આ પ્રકારની પ્રવૃત્તિ અપવાદ છે' તેવું સ્થૂળ બુદ્ધિથી જાણીને ઉત્સર્ગ-અપવાદનો બોધ કરવો જોઈએ નહીં પરંતુ તે જ ઉત્સર્ગમાર્ગ છે કે જેના સેવનથી ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિનો યત્ન થતો હોય અને તેવો ઉત્સર્ગમાર્ગ કયા જીવને આશ્રયીને કઈ ભૂમિકામાં કર્તવ્ય છે તેનો નયનિપુણતાપૂર્વક સૂત્રાનુસાર બોધ કરવો જોઈએ અને ઉત્સર્ગમાર્ગથી અપેક્ષિત સંયમવૃદ્ધિના પરિણામનું કારણ બને તેવો અપવાદમાર્ગ કયા સંયોગમાં કયા પુરુષને આશ્રયીને ભગવાને કહેલ છે તેનો યથાર્થ બોધ નયનિપુણતાપૂર્વક કરવો જોઈએ. જેથી ઉચિત સ્થાને ઉત્સર્ગના યોજનથી પણ ભગવાનની આજ્ઞાની નિષ્પત્તિ થાય અને અપવાદના સ્થાનના સેવનથી પણ ભગવાનની આજ્ઞાની નિષ્પત્તિ થાય.

અહીં નયનિપુણતાથી જાણવા યત્ન કરવો જોઈએ એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે પૂર્વપૂર્વના નયો સ્થૂળ જોનાર છે અને ઉત્તર-ઉત્તરના નયો સૂક્ષ્મ જોનાર છે તેથી આદ્યભૂમિકાવાળા જીવોને ઉત્સર્ગની આચરણા કે અપવાદની આચરણા પણ કયા પ્રકારના સ્થૂળ ભાવોથી વીતરાગતાનું કારણ છે અને કયા જીવોને તે ઉત્સર્ગની કે અપવાદની આચરણા અધિક અધિક સૂક્ષ્મ ભાવોથી વીતરાગતાનું કારણ છે તેનો બોધ કરવો જોઈએ જેથી અભ્યાસદશાવાળા જીવોને આશ્રયીને સંયોગાનુસાર ઉત્સર્ગની કે અપવાદની આચરણા આભ્યાસિકભાવની પરિણતિરૂપ શુભ ભાવોની પરિણતિનું કારણ બને તે રીતે સેવનનો ઉપદેશ અપાય અને સુઅભ્યસ્તભાવવાળાને સૂક્ષ્મ સૂક્ષ્મતર ભાવોની નિષ્પત્તિનું કારણ બને તે રીતે સેવનનો ઉપદેશ અપાય.

વસ્તુતઃ તચ્ચિત્ત, તલ્લેશ્યા, તન્મન આદિથી કરાયેલું અનુષ્ઠાન ભાવઅનુષ્ઠાન બને છે અને અભ્યાસ દશાવાળા જીવો તેવું ભાવઅનુષ્ઠાન કરી શકે નહીં તોપણ તેવા સાધુઓ ઉત્સર્ગની કે અપવાદની તે આચરણા કઈ રીતે કરે જેથી પરંપરાએ પણ સુવિશુદ્ધ અનુષ્ઠાનનું કારણ બને તેનો નિર્ણય કરીને તે રીતે અનુષ્ઠાન સેવવા યત્ન કરવો જોઈએ. **॥૭૮૨॥**

અવતરણિકા :-

अथ सर्वनयाभिमतमुत्सग्गार्पवादयोरेकमेव तत्त्वतः स्वरूपमङ्गीकृत्याह —

અવતરણિકાર્થ :-

હવે સર્વનયઅભિમત ઉત્સર્ગ-અપવાદનું એક જ સ્વરૂપ તત્ત્વથી છે એને આશ્રયીને કહે છે —

ગાથા :-

दोसा जेण निरुब्भंति जेण खिज्जंति पुव्वकम्माइं ।
सो खलु मोक्खोवाओ रोगावत्थासु समणंव ।।७८३।।

અન્વયાર્થ :-

जेण=જેનાથી=જે કૃત્યથી, दोसा निरुब्भंति=દોષો નિરોધ પામે છે, जेण=જેનાથી=જે કૃત્યથી, पुव्वकम्माइं खिज्जंति=પૂર્વનાં કર્મો નાશ પામે છે. सो खलु=તે જ=તે કૃત્ય જ, रोगावत्थासु समणंव मोक्खोवाओ=રોગ અવસ્થામાં ઔષધની જેમ મોક્ષનો ઉપાય છે=સંસાર અવસ્થારૂપ ભાવરોગના શમન દ્વારા પૂર્ણ આરોગ્યરૂપ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે. ॥૭૮૩॥

ગાથાર્થ :-

જેનાથી=જે કૃત્યથી, દોષો નિરોધ પામે છે; જેનાથી=જે કૃત્યથી, પૂર્વનાં કર્મો નાશ પામે છે, તે જ=તે કૃત્ય જ, રોગ અવસ્થામાં ઔષધની જેમ મોક્ષનો ઉપાય છે=સંસાર અવસ્થારૂપ ભાવરોગના શમન દ્વારા પૂર્ણ આરોગ્યરૂપ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે. ॥૭૮૩॥

ટીકા :-

दोषा मिथ्यात्वादयो येनानुष्ठानेनोत्सर्गरूपेणापवादरूपेण वा सेव्यमानेन निरुध्यन्ते सन्तोऽप्य-प्रवृत्तिमन्तो जायन्ते; तथा येन क्षीयन्ते समुच्छिद्यन्ते पूर्वकर्माणि प्राग्भवोपात्तानि ज्ञानावरणादीनि; स खलु स एव मोक्षोपायो मोक्षमार्गः । दृष्टान्तमाह—रोगावस्थासु व्याधिविशेषरूपासु शमनवच्छमनी यौषधमिव । यथा हि 'उत्पद्यते हि सावस्था देशकालामयान् प्रति । यस्यामकृत्यं कृत्यं स्यात् कर्म कार्यं च वर्ज्जयेत् ।।१।।' इति वचनमनुसरन्तो गुरुलाघवालोचनेन निपुणवैद्यकशास्त्रविदो वैद्यास्तथा तथा चिकित्सां प्रवर्त्तयन्तो रोगोपशमनं जनयन्ति; तथा गीतार्थास्तासु तासु द्रव्याद्यापत्सु चित्रान् अपवादान् सूत्रानुसारेण समासेवमाना नवदोषनिरोधपूर्वकृतकर्मनिर्ज्जरणलक्षणफलभाजो जायन्त इति ।।७८३।।

ભાવાર્થ :-

બાહ્ય અનુષ્ઠાનવિષયક સંયોગાનુસાર ભગવાનની આજ્ઞા છે અને તે આજ્ઞા છે કે જે અનુષ્ઠાનથી=ઉત્સર્ગ કે અપવાદરૂપ જે અનુષ્ઠાનથી, પોતાનામાં વર્તતા મિથ્યાત્વના પરિણામરૂપ કે કષાય-નોકષાયરૂપ દોષો નિરોધ પામે અને જે દોષોના નાશને કારણે દોષજન્ય પૂર્વનાં કર્મો ક્ષય પામે તે અનુષ્ઠાન જ મોક્ષનો ઉપાય છે.

જેમ રોગ અવસ્થામાં ઉચિત ઔષધ રોગનાશનો ઉપાય છે તેમ સંસારરૂપી રોગવાળી અવસ્થામાં જીવની મોહની પરિણતિરૂપ ભાવરોગના શમનનો ઉપાય તે જ અનુષ્ઠાન છે કે જે અનુષ્ઠાનથી અંતરંગ મોહનાશને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થઈ શકે. આથી જ જે જીવો મહાસત્ત્વવાળા છે તેઓએ સંયમ સ્વીકારીને મોહનાશ માટે અપ્રમાદથી યત્ન કરવો જોઈએ અને જેઓ તેવા સંચિતવીર્યવાળા નથી પણ મોક્ષના અર્થી છે તેવા શ્રાવકો માટે સ્વભૂમિકાનુસાર અપવાદથી દ્રવ્યસ્તવાદિ અનુષ્ઠાનો જ રોગનાશનું કારણ હોવાથી કર્તવ્ય છે અને જો તેઓ શક્તિનું આલોચન કર્યા વગર સર્વવિરતિ ગ્રહણ કરે તો ઉત્સર્ગમાર્ગરૂપ સંયમની આચરણાથી મોહનાશ કરી શકે નહીં અને અપવાદની આચરણારૂપ દ્રવ્યસ્તવનું સેવન નહીં હોવાથી તજ્જન્ય પણ મોહનાશ કરી શકે નહીં તેથી ઉભયભ્રષ્ટ અર્થાત્ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ ઉભયભ્રષ્ટ, એવા તેઓની તે સંયમની આચરણા મોક્ષનું કારણ બને નહીં. ફક્ત સાધુવેશમાં રહેલા સંવિગ્ન પાક્ષિકો પણ શુદ્ધ ક્રિયાના પક્ષપાતરૂપ શક્તિ અનુસાર અપવાદિક આચરણા કરે છે તેનાથી જ તેઓને પણ કાંઈક ભાવઆરોગ્ય પ્રાપ્ત થાય છે અને જેઓ શુદ્ધ ક્રિયાના પક્ષપાતવાળા પણ નથી. માત્ર સંયમની બાહ્ય ક્રિયા કરે છે તેઓના દોષો તે ક્રિયાથી નાશ પામતા નથી અને દ્રવ્યસ્તવનો અભાવ હોવાથી તેનાથી પણ તેઓના દોષો નાશ પામતા નથી તેથી સ્વભૂમિકાનુસાર ઉચિત ક્રિયાનો નિર્ણય કરીને તે ઉચિત ક્રિયા પણ ફળનિષ્પત્તિનું કારણ બને તે રીતે દૃઢ યત્નપૂર્વક સેવવી જોઈએ જેથી ભાવરોગની ક્રમસર હાનિથી મોક્ષની પ્રાપ્તિ થાય એ પ્રકારની ભગવાનની આજ્ઞા છે. **॥૭૮૩॥**

અવતરણિકા :-

अथोत्सर्गापवादयोस्तुल्यसंख्यत्वमाह —

અવતરણિકાર્થ :-

હવે ઉત્સર્ગ-અપવાદમાં તુલ્ય સંખ્યાપણાને બતાવે છે અર્થાત્ મોક્ષને અનુકૂળ ભાવનિષ્પત્તિનું કારણ ક્યારેક ઉત્સર્ગમાર્ગની પ્રવૃત્તિ થાય છે અને ક્યારેક અપવાદમાર્ગની પ્રવૃત્તિ થાય છે તેથી પ્રામાણિક પ્રજ્ઞાથી શાસ્ત્રવચનોનું અવલંબન લઈને ભાવનિષ્પત્તિ થાય તે રીતે પ્રવૃત્તિ કરવામાં આવે તો જેટલા ઉત્સર્ગમાર્ગો છે તેટલા જ અપવાદમાર્ગો છે તે બતાવવા અર્થે તેઓની તુલ્યતા બતાવે છે –

ગાથા :-

उन्नयमवेक्ख इयरस्स पसिद्धी उन्नयस्स इयराओ ।
इय अन्नोन्नपसिद्धा उस्सग्गववाय मो तुल्ला ।।७८४।।

અન્વયાર્થ :-

उन्नयमवेक्ख=ઉન્નતની અપેક્ષાએ, इयरस्स=ઇતરની=નીચી એવી ભૂતલાદિની, पसिद्धी=પ્રસિદ્ધિ છે. इयराओ=ઇતરથી=નીચી એવી ભૂતલાદિથી, उन्नयस्स (पसिद्धी)=ઉન્નતની (પ્રસિદ્ધિ) છે. इय=એ રીતે=ભૂતલ અને પર્વતની પરસ્પર ઊંચીનીચીની પ્રસિદ્ધિ છે એ રીતે, अन्नोन्नपसिद्धा उस्सग्गववाय मो तुल्ला=અન્યોન્ય-પ્રસિદ્ધ એવા ઉત્સર્ગ-અપવાદો તુલ્ય છે. ।।૭૮૪।।

ગાથાર્થ :-

ઉન્નતની અપેક્ષાએ ઇતરની=નીચી એવી ભૂતલાદિની, પ્રસિદ્ધિ છે. ઇતરથી=નીચી એવી ભૂતલાદિથી, ઉન્નતની પ્રસિદ્ધિ છે. એ રીતે=ભૂતલ અને પર્વતની પરસ્પર ઊંચીનીચીની પ્રસિદ્ધિ છે એ રીતે, અન્યોન્યપ્રસિદ્ધ એવા ઉત્સર્ગ-અપવાદો તુલ્ય છે. ।।૭૮૪।।

ટીકા :-

उन्नतमुच्चं पर्वतादिकमपेक्ष्येतरस्य नीचस्य भूतलादेः प्रसिद्धिर्बालाबलादेर्जनस्य प्रतीतिः; तथोन्न-तस्योक्तरूपस्येतरस्माद् निम्नात् तदपेक्ष्येत्यर्थः प्रसिद्धिः सम्पद्यते । एवं सति यत् सिद्धं तदाह– इत्येवमुक्तदृष्टान्तादन्योन्यप्रसिद्धाः परस्परमपेक्षमाणाः प्रतीतिविषयभावभाजः सन्त उत्सर्गापवादास्तुल्याः समानसंख्याः सम्पद्यन्त इति ।।७८४।।

ભાવાર્થ :-

ગાથા-૭૮૨માં કહેલ કે આજ્ઞાનિષ્પત્તિ માટે બુદ્ધિમાનોએ ઉત્સર્ગ-અપવાદને જાણવા અર્થે સૂત્રાનુસાર યત્ન કરવો જોઈએ અને ગાથા-૭૮૩માં કહ્યું કે ઉત્સર્ગ-અપવાદનું એક જ મુખ્ય પ્રયોજન છે – દોષનો નાશ અને પૂર્વકર્મનો નાશ, એથી પૂર્વકર્મના નાશના અંગરૂપ ક્યારેક ઉત્સર્ગમાર્ગની પ્રવૃત્તિ બને છે તો ક્યારેક અપવાદમાર્ગની પ્રવૃત્તિ બને છે તેથી તે બન્ને માર્ગની સંખ્યા પરસ્પર તુલ્ય પ્રાપ્ત થાય છે.

વસ્તુતઃ સંસારી જીવો બહુલતાએ શાતાના અર્થી હોય છે અને વિવેકી જીવો કષાયની અનાકુળતારૂપ સમભાવના અર્થી હોય છે તેથી સતત જિનવચનાનુસાર જે કાંઈ ઉચિત પ્રવૃત્તિ કરે છે તેનાથી સમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે જ દૃઢ યત્ન કરે છે અને સમભાવ માટેનો દૃઢ યત્ન ઉત્સર્ગના સેવનથી થઈ શકતો હોય ત્યારે તે મહાત્માઓ અવશ્ય ઉત્સર્ગનું અવલંબન લઈને સમભાવમાં યત્ન કરે છે, ક્યારેય અપવાદનું અવલંબન લેતા નથી પરંતુ કોઈક એવા વિષમ સંયોગમાં સમભાવ માટેનો યત્ન કરવા છતાં વિષમ સંયોગને કારણે સ્ખલના થતી હોય ત્યારે આત્મવંચના કર્યા વગર અપવાદનું અવલંબન લઈને પણ સમભાવની વૃદ્ધિને અનુકૂળ યત્નને જ દૃઢ કરે છે પરંતુ અપવાદનું અવલંબન શાતા અર્થે ગ્રહણ કરતા નથી તેથી કોઈ જીવને આશ્રયીને જે ઉત્સર્ગમાર્ગ છે જેનાથી તે જીવ સમભાવની વૃદ્ધિ કરી શકે છે પરંતુ તે જ પ્રકારના સમભાવની વૃદ્ધિ અન્ય જીવ ઉત્સર્ગમાર્ગથી ન કરી શકે ત્યારે અપવાદનું અવલંબન લઈને પણ સમભાવની વૃદ્ધિ કરી શકે છે અને જેઓ જિનવચનનું અવલંબન લઈને અંતરંગ સમભાવની વૃદ્ધિમાં દૃઢ યત્ન કરતા નથી તેઓ ઉત્સર્ગથી પ્રવૃત્તિ કરે કે અપવાદથી પ્રવૃત્તિ કરે ત્યારે તેઓને અધ્યવસાય અનુસાર ફળ મળે છે પરંતુ તે પ્રવૃત્તિથી તેઓ સમભાવની વૃદ્ધિને કરી શકતા નથી તેથી તેઓની ઉત્સર્ગની પ્રવૃત્તિ પણ પરમાર્થથી મોક્ષનું કારણ નથી અને અપવાદની પ્રવૃત્તિ પણ પરમાર્થથી મોક્ષનું કારણ નથી.

આનાથી એ ફલિત થાય કે જેટલી ઉત્સર્ગથી આચરણા છે તેટલી જ અપવાદની આચરણા છે, ફક્ત જે જીવમાં ઉત્સર્ગને અનુકૂળ બાહ્ય આચરણાનું ધૃતિબળ નથી તે ઉત્સર્ગથી નિષ્પાદ્ય ભાવોને પ્રગટ કરવાના પ્રયોજનથી જ તે પ્રકારના અપવાદની આચરણા કરે છે તેથી ઉત્સર્ગથી અને અપવાદથી નિષ્પાદ્ય પરિણતિના જેટલા ભેદો છે તે સર્વ પરિણતિને આશ્રયીને કોઈક જીવને અવલંબીને ઉત્સર્ગની પ્રવૃત્તિ ફળસાધક બને છે અને અપવાદની પ્રવૃત્તિ અન્ય જીવને આશ્રયીને ફળસાધક બને છે માટે ઉત્સર્ગ-અપવાદનાં સ્થાનો સમાન છે, હીન-અધિક નથી. **॥૭૮૪॥**

અવતરણિકા :-

અથોત્સર્ગાપવાદયોર્લક્ષણમાહ —

અવતરણિકાર્થ :-

હવે ઉત્સર્ગ-અપવાદના લક્ષણને કહે છે —

ગાથા :-

दव्वादिएहिं जुत्तस्सुस्सग्गो जदुचियं अणुट्ठाणं ।
रहियस्स तमववाओ उचियं चियरस्स न उ तस्स ।।७८५।।

અન્વયાર્થ :-

दव्वादिएहिं जुत्तस्स=દ્રવ્યાદિથી યુક્તને=સંયમને અનુકૂળ દ્રવ્યાદિથી યુક્ત સાધુને, जदुचियं अणुट्ठाणं=જે ઉચિત અનુષ્ઠાન છે, उस्सग्गो=(તે) ઉત્સર્ગ છે, रहियस्स चियरस्स=અને રહિત એવા ઇતરને=દ્રવ્યાદિથી

રહિત એવા ઇતરને, उचियं तं=ઉચિત એવું તે (અનુષ્ઠાન), अववाओ=અપવાદ છે. न उ तस्स=તેને નથી જ=દ્રવ્યાદિયુક્તને અપવાદ ઉચિત નથી જ. ॥૭૮૫॥

ગાથાર્થ :-

દ્રવ્યાદિથી યુક્તને=સંયમને અનુકૂળ દ્રવ્યાદિથી યુક્ત સાધુને, જે ઉચિત અનુષ્ઠાન છે તે ઉત્સર્ગ છે અને રહિત એવા ઇતરને=દ્રવ્યાદિથી રહિત એવા ઇતરને, ઉચિત એવું તે અનુષ્ઠાન અપવાદ છે. તેને નથી જ=દ્રવ્યાદિયુક્તને અપવાદ ઉચિત નથી જ. ॥૭૮૫॥

ટીકા :-

द्रव्यादिभिर्युक्तस्य साधोरुत्सर्गो भण्यते । किमित्याह—यदुचितं परिपूर्णद्रव्यादियोग्यमनुष्ठानं शुद्धान्नपानगवेषणादिरूपं परिपूर्णमेव । रहितस्य द्रव्यादिभिरेव तदनुष्ठानमपवादो भण्यते । कीदृशमित्याह—उचितमेव पञ्चकादिपरिहाण्या तथाविधान्नपानाद्यासेवनारूपम् । कस्येत्याह—इतरस्य द्रव्यादियुक्तापेक्षया तद्रहितस्यैव, न तु नैव तस्य द्रव्यादियुक्तस्य । यत्तदौचित्येनानुष्ठानं स उत्सर्गः, तद्रहितस्य पुनस्तदौचित्येनैव च यदनुष्ठानं सोऽपवादः । यच्चैतयोः पक्षयोर्विपर्यासेनानुष्ठानं प्रवर्त्तते, न स उत्सर्गोऽपवादो वा, किं तु संसाराभिनन्दिसत्त्वचेष्टितमिति ॥७८५॥

ભાવાર્થ :-

જે સાધુ અનુકૂળ કે પ્રતિકૂળ જે સંયોગમાં અંતરંગભાવની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરી શકે છે તે સાધુને માટે તે દ્રવ્યક્ષેત્રકાળભાવ સંયમવૃદ્ધિને અનુકૂળ જ છે. આથી જ બાહ્યથી પ્રતિકૂળ સંયોગ હોવા છતાં જેઓને તે પ્રકારનું ધૃતિબળ છે કે તે સંયોગમાં પણ સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ યત્ન કરવા સમર્થ છે તે સાધુ માટે જે અનુષ્ઠાન ઉચિત છે તે ઉત્સર્ગ છે. જેમ કોઈ સાધુ છ કારણમાંથી કોઈ કારણથી ભિક્ષાર્થે જાય અને તેવા વિષમ સંયોગને કારણે નિર્દોષ ભિક્ષાની અપ્રાપ્તિ હોય તો દોષિત ભિક્ષા ગ્રહણ કરતા નથી પરંતુ તપની વૃદ્ધિ કરે છે અને જેઓ તે રીતે તપની વૃદ્ધિ કરીને પણ સંયમના કંડકોનો નિર્વાહ કરી શકે છે તેઓ માટે અપવાદથી પણ દોષિત ગ્રહણની વિધિ નથી.

વળી, જે મહાત્માઓને સંયમને અનુકૂળ દ્રવ્યાદિ નથી અને આત્માનું તેવું ધૃતિબળ નથી જેથી તે વિષમ સંયોગમાં નિર્દોષ ભિક્ષા ન મળે તો તપ કરીને સંયમના કંડકોનો નિર્વાહ કરી શકે તેવા દ્રવ્યાદિરહિત ઇતર મહાત્માને પંચકહાનિની પરિહાનિથી દોષિત ભિક્ષાનું પણ ગ્રહણ ઉચિત અનુષ્ઠાન છે અને તે અપવાદ છે તેથી ઉત્સર્ગમાર્ગથી સાધ્ય જે ભાવો છે તે જ અપવાદમાર્ગથી સાધ્ય ભાવો છે છતાં જે ઉત્સર્ગથી તે ભાવોને સાધવા સમર્થ છે તોપણ અપવાદનું અવલંબન લે તો શાતાના અર્થી થવાના કારણે અન્ય સ્વાધ્યાયાદિ પ્રવૃત્તિ કરતા હોય તોપણ શાતાની અર્થિતાનો પરિણામ અંતરંગ પ્રવિષ્ટ હોવાથી સુવિશુદ્ધ સંયમસ્થાનને તેઓ સ્પર્શી શકતા નથી અને જેઓ તેવા વિષમ સંયોગમાં અપવાદનું અવલંબન ન લે અને ઉત્સર્ગની પ્રવૃત્તિનો આગ્રહ રાખે તો તેવી અંતરંગ ધૃતિ નહીં હોવાથી બાહ્ય આચરણાથી ઉત્સર્ગનું સેવન કરે છે

તોપણ અપવાદ સેવીને જે પ્રકારના સંયમના ભાવોને સ્પર્શવા તે મહાત્મા સમર્થ છે તે પ્રકારના ભાવને ઉત્સર્ગની આચરણાથી સ્પર્શી શકતા ન હોય એવા જીવોને આશ્રયીને પોતાની ધૃતિને અનુકૂળ જે અનુષ્ઠાન છે તે અપવાદમાર્ગ છે અને શરીરનું ધૃતિબળ હોવા છતાં સુખશીલ સ્વભાવને કારણે જેઓ અપવાદનું અવલંબન લઈને અન્ય ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તોપણ તેઓનું તે અનુષ્ઠાન અપવાદ બનતું નથી માટે તેઓનું તે અનુષ્ઠાન ઉચિત નથી. **॥૭૮૫॥**

અવતરણિકા :-

અથોપદેશસર્વસ્વમેવાહ –

અવતરણિકાર્થ :-

હવે ઉપદેશના સર્વસ્વને જ કહે છે=આત્મકલ્યાણના અર્થીએ શું કરવું જોઈએ જેથી આત્મવંચના વગર એકાંત કલ્યાણ પ્રાપ્ત થાય એ પ્રકારના ઉપદેશના પરમાર્થને જ કહે છે –

ગાથા :-

जह खलु सुद्धो भावो आणाजोगेण साणुबंधोत्ति ।
जायइ तह जइयव्वं सव्वावत्थासु दुगमेयं ।।७८६।।

અન્વયાર્થ :-

जह खलु=જે પ્રમાણે જ, सुद्धो भावो=શુદ્ધ ભાવ, आणाजोगेण साणुबंधोत्ति जायइ=આજ્ઞાયોગથી સાનુબંધ થાય છે. तह=તે પ્રમાણે, सव्वावत्थासु=સર્વ અવસ્થામાં=ઉત્સર્ગ અવસ્થામાં કે અપવાદ અવસ્થામાં, दुगमेयं=દ્વિક આ=શુદ્ધ ભાવ અને આજ્ઞાયોગ એ બંને સાનુબંધ થાય એવા લક્ષણવાળા, जइयव्वं=કરવા જોઈએ. ।।૭૮૬।।

ગાથાર્થ :-

જે પ્રમાણે જ શુદ્ધ ભાવ આજ્ઞાયોગથી સાનુબંધ થાય છે. તે પ્રમાણે સર્વ અવસ્થામાં=ઉત્સર્ગ અવસ્થામાં કે અપવાદ અવસ્થામાં, દ્વિક આ=શુદ્ધ ભાવ અને આજ્ઞાયોગ એ બંને સાનુબંધ થાય એવા લક્ષણવાળા, કરવા જોઈએ. ।।૭૮૬।।

ટીકા :-

यथा खलु यथैव शुद्धो रागद्वेषाद्यकलुषितो भावो मनःपरिणामः, आज्ञायोगेन सर्वज्ञवचनानुसार-लक्षणेन, सानुबन्धो भवान्तरानुयायी जायते, तथा यतितव्यम् । सर्वावस्थासूत्सर्ग्गकालेऽपवादकाले चेत्यर्थः, द्विकमेतच्छुद्धो भाव आज्ञायोगश्च । एवंलक्षणं कर्त्तव्यम् ।।७८६।।

ભાવાર્થ :-

મોક્ષના અર્થી સાધુએ કે શ્રાવકે પોતાની ભૂમિકા અનુસાર રાગદ્વેષનો ઉચ્છેદ થાય એ રીતે મનોવ્યાપારરૂપ ભાવ ભગવાનના વચનાનુસાર આજ્ઞાયોગથી જે પ્રમાણે સાનુબંધ થાય તે પ્રમાણે સર્વ અવસ્થામાં ઉદ્યમ કરવો જોઈએ અર્થાત્ 'મારે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ ભાવમલને ક્ષીણ કરવા છે' તેવો દૃઢ સંકલ્પ કરીને નિપુણતાપૂર્વક સર્વજ્ઞના વચનાનુસાર ચિત્તને કષાયોના ક્ષયમાં પ્રવર્તાવવું જોઈએ અને તે રીતે પ્રવર્તાવવા માટે ક્યારેક ઉત્સર્ગસેવનને અનુકૂળ અવસ્થા હોય કે ક્યારેક અપવાદસેવનને અનુકૂળ અવસ્થા પણ હોય તોપણ માત્ર ઉત્સર્ગસેવન કરવું કે અપવાદસેવન કરવું એવો યત્ન કરવો જોઈએ નહીં પરંતુ ભગવાનના વચનથી અત્યંત ઉપયુક્ત થઈને રાગાદિનું કાલુષ્ય ક્ષીણ ક્ષીણતર થાય તે પ્રકારે ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ મનને પ્રવર્તાવવું જોઈએ જેના કારણે મોહનાશને અનુકૂળ અપ્રમાદભાવના દૃઢ સંસ્કારોનું આત્મામાં આધાન થાય જેથી જન્માંતરમાં પણ મોહનાશને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય જે સદ્વીર્ય ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને યોગનિરોધનું કારણ બને તેમ સાધુઓએ કે શ્રાવકોએ યત્ન કરવો જોઈએ.

અને આ દ્વિક જ=મોહનો નાશ કરવો છે એવો શુદ્ધ ભાવ અને તેના ઉપાયરૂપે આજ્ઞાયોગનું અવલંબન એ દ્વિક જ, આવા સ્વરૂપવાળું કલ્યાણનું કારણ છે માટે તેમાં જ યત્ન કરવો જોઈએ અને જેઓ અંતરંગ રીતે મોહનાશને અનુકૂળ શુદ્ધ ભાવ કરતા નથી અને આચરણાકાળમાં સર્વજ્ઞના વચનાનુસાર યત્ન કરતા નથી તેઓ ઉત્સર્ગમાર્ગનું સેવન કરે કે અપવાદમાર્ગનું સેવન કરે તોપણ અંતરંગ શુદ્ધ ભાવ અને આજ્ઞાયોગ નહીં હોવાથી તે અનુષ્ઠાન સાનુબંધ બનતું નથી. **॥૭૮૬॥**

અવતરણિકા :-

કુતો યતઃ —

અવતરણિકાર્થ :-

કોનાથી=કેવી પ્રવૃત્તિથી શુદ્ધ ભાવ અને આજ્ઞાનુયોગ સાનુબંધ થાય ? એ પ્રકારની જિજ્ઞાસા થાય તેથી કહે છે. જેનાથી=જે પ્રવૃત્તિથી, શુદ્ધ ભાવ અને આજ્ઞાનુયોગ સાનુબંધ થાય તે બતાવે છે.

ગાથા :-

जं आणाए बहुगं जह तं सिज्झइ तहेत्थ कायव्वं ।
ण उ जं तव्विवरीयं लोगमयं एस परमत्थो ।।७८७।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, आणाए=આજ્ઞાથી=આજ્ઞાનુસાર પ્રવૃત્તિથી, बहुगं=બહુક=ઉત્સર્ગ-અપવાદરૂપ બહુરૂપવાળું નિર્વાણરૂપી ફળવાળું અનુષ્ઠાન થાય છે (તે કારણથી), जह=જે પ્રમાણે, तं सिज्झइ=તે સિદ્ધ થાય=નિર્વાણફળ સિદ્ધ થાય, तह=તે પ્રમાણે, एत्थ=અહીં=ઉત્સર્ગ-અપવાદમાં, कायव्वं=કરવું

જોઈએ=બુદ્ધિમાને યત્ન કરવો જોઈએ, उ=પરંતુ, तव्विवरीयं=તેનાથી વિપરીત=આજ્ઞાથી વિપરીત, जं=જે, लोगमयं ण (कायव्वं)=લોકમત તે કરવું જોઈએ નહીં=ગતાનુગતિક લોકથી કરાયેલું કે પ્રમાદી પુરુષથી આચરાયેલું કરવું જોઈએ નહીં, एस परमत्थो=એ પરમાર્થ છે=સર્વજ્ઞના શાસનનું રહસ્ય છે. ॥૭૮૭॥

ગાથાર્થ :-

જે કારણથી આજ્ઞાથી=આજ્ઞાનુસાર પ્રવૃત્તિથી, બહુક=ઉત્સર્ગ-અપવાદરૂપ બહુરૂપવાળું નિર્વાણરૂપી ફળવાળું અનુષ્ઠાન થાય છે, તે કારણથી જે પ્રમાણે તે સિદ્ધ થાય=નિર્વાણફળ સિદ્ધ થાય, તે પ્રમાણે અહીં=ઉત્સર્ગ-અપવાદમાં, કરવું જોઈએ=બુદ્ધિમાને યત્ન કરવો જોઈએ, પરંતુ તેનાથી વિપરીત=આજ્ઞાથી વિપરીત, જે લોકમત તે કરવું જોઈએ નહીં=ગતાનુગતિક લોકથી કરાયેલું કે પ્રમાદી પુરુષથી આચરાયેલું કરવું જોઈએ નહીં, એ પરમાર્થ છે=સર્વજ્ઞના શાસનનું રહસ્ય છે. ॥૭૮૭॥

ટીકા :-

यद्यस्माद् आज्ञयोत्सर्गरूपमपवादरूपं वा बहुकं बहुरूपमनुष्ठानं निर्वाणफलमित्यर्थः, जायते । तस्माद् यथा तत् सिध्यति तथैव बुद्धिमता कर्त्तव्यम् । व्यवच्छेद्यमाह—न तु न पुनर्यत् तद्विपरीत-माज्ञाविपरीतं लोकमतमपि गतानुगतिकबहुलोकानुवर्त्तितमपि लौकिकं तीर्थस्नानदानरूपं, लोकोत्तरमपि प्रमत्तजनाचरितं चित्ररूपमिति । एष परमार्थः सर्वज्ञशासनरहस्यमित्यर्थ इति ॥७८७॥

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં કહ્યું કે જે મહાત્માનો આત્મકલ્યાણનો શુદ્ધ ભાવ છે તે શુદ્ધ ભાવ આજ્ઞાયોગથી સાનુબંધ થાય છે. કેમ આજ્ઞાયોગથી સાનુબંધ થાય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે – જે કારણથી ભગવાનની આજ્ઞાથી ઉત્સર્ગ-અપવાદરૂપ બહુ પ્રકારનું અનુષ્ઠાન નિર્વાણફળનું કારણ બને છે તેથી મોક્ષના અર્થી જીવોનો શુદ્ધ ભાવ પણ જો ઉત્સર્ગ-અપવાદવિષયક આજ્ઞાનુસાર ન હોય તો નિર્વાણફળનું સાધક બને નહીં માટે તે શુદ્ધ ભાવ નિર્વાણનો સાધક નહીં હોવાથી સાનુબંધ બને નહીં તેથી નિર્વાણફળના અર્થી જીવે તે=ઉત્સર્ગ-અપવાદની પ્રવૃત્તિ, તે પ્રમાણે કરવી જોઈએ જેથી ભગવાનની શુદ્ધ આજ્ઞાનું પાલન થાય, અન્યથા કલ્યાણના અર્થી જીવો પણ સ્વમતિ અનુસાર ધર્માનુષ્ઠાનો સેવીને કલ્યાણની પ્રાપ્તિ કરી શકે નહીં. આથી જ કહે છે જે ભગવાનની આજ્ઞાથી વિપરીત છે તેવું પ્રમત્તજનઆચરિત ચિત્રરૂપ અનુષ્ઠાન ઉત્સર્ગથી સેવાયેલું હોય કે અપવાદથી સેવાયેલું હોય તોપણ સાનુબંધ બને નહીં. આથી જ જે જીવો ભગવાનની આજ્ઞાના રહસ્યને જાણવા યત્ન કરતા નથી અને ઉત્સર્ગની રુચિવાળા છે તેઓ સંયમના બાહ્ય ઉત્સર્ગમાર્ગના આચારોને સેવીને પણ અંતરંગ મોહનાશને અનુકૂળ ઉદ્યમ કરતા નથી તેથી તેઓનું તે ઉત્સર્ગમાર્ગનું આચરણ પણ પ્રમત્તજન-આચરિત હોવાથી કલ્યાણનું કારણ નથી.

વળી, કેટલાક સુખશીલ સ્વભાવવાળા હોવાથી ભગવાનનો માર્ગ ઉત્સર્ગ-અપવાદરૂપ છે તેમ માનીને ઉત્સર્ગમાર્ગથી શુદ્ધ ભાવ કરવાનું સામર્થ્ય હોવા છતાં અપવાદનું આલંબન લઈને સુખશીલ સ્વભાવને પોષે

છે. એવા પ્રમત્તજનનું આચરિત પણ આજ્ઞાનુસાર નહીં હોવાથી નિર્વાણનું કારણ બનતું નથી માટે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને જે રીતે અંતરંગ સંવેગનો પ્રકર્ષ થાય તે રીતે સંવેગના પ્રકર્ષના અંગભૂત ઉત્સર્ગમાર્ગનું કે અપવાદમાર્ગનું સેવન કરવું જોઈએ. એ જ સર્વજ્ઞના શાસનનું રહસ્ય છે. **॥૭૮૭॥**

અવતરણિકા :-

अथ प्रसङ्गमुपसंहरन् प्रस्तुतमाह –

અવતરણિકાર્થ :-

હવે પ્રસંગનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી પ્રસ્તુતને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં વર્તમાનના વિષમ કાળમાં પણ યોગ્ય જીવો યોગમાર્ગને સેવીને સંસાર પરિમિત કરી શકે છે તેમાં શંખકલાવતીનું દૃષ્ટાંત કહેવા પ્રારંભ કરેલ ત્યાં પ્રસંગથી વિષમ કાળમાં પણ ઉત્સર્ગ-અપવાદની કરાયેલી સમ્યગ્ યતના કઈ રીતે સંસારના ઉચ્છેદનું કારણ બને છે તે ગાથા-૭૭૦થી માંડીને ગાથા-૭૮૭ સુધી બતાવ્યું જેનાથી બોધ થાય કે વર્તમાનના વિષમ કાળમાં પણ સંઘયણબળની અલ્પતા છે, બુદ્ધિની અલ્પતા છે, કાળકૃત વક્રતા અને જડતા છે તોપણ જે જીવો સંસારથી અત્યંત ભય પામ્યા છે અને ભગવાનની આજ્ઞાના પાલન માટે શક્તિ અનુસાર બાહ્ય અને અંતરંગ યતના કરે છે તેઓ વિષમ કાળમાં પણ આત્મહિત સાધી શકે છે. આ પ્રકારનું પ્રાસંગિક કથન કરીને તેનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી પ્રસ્તુત એવા શંખકલાવતીના દૃષ્ટાંતને જ કહે છે.

ગાથા :-

कयमेत्थ पसंगेणं स भावओ पालिऊण तह धम्मं ।
पायं संपुण्णं चिय ण दव्वओ कालदोसाओ ।।७८८।।
काऊण कालधम्मं परिसुद्धाचारपक्खपाएणं ।
उववण्णो सुरलोए तओ चुओ पोयणपुरम्मि ।।७८९।।
रायसुओ उवसंतो पायं पावविणिवित्तवावारो ।
कालोचियधम्मरओ राया होऊण पव्वइओ ।।७९०।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં=વર્તમાન કાળમાં ભગવાનની આજ્ઞામાં યત્ન કરવાથી ફળસિદ્ધિ થાય છે તેમાં, कयं पसंगेणं=પ્રસંગથી સર્યું. स=તે=શંખરાજર્ષિ, भावओ=ભાવથી=મનની પરિણતિથી, पायं=પ્રાયઃ, संपुण्णं चिय=સંપૂર્ણ જ, तह=તે પ્રકારે, धम्मं पालिऊण=ધર્મને પાળીને=ભગવાનની આજ્ઞાનુસાર ધર્મને પાળીને,

કાલદોસાઓ=કાળના દોષથી, ણ દવ્વઓ=દ્રવ્યથી નહીં (પરંતુ ભાવથી સંપૂર્ણ પાળીને).

કાલધમ્મં કાઊણ=કાળધર્મને પ્રાપ્ત કરીને=પંડિતમરણરૂપ કાળધર્મને પામીને, પરિસુદ્ધાચારપક્ખપાએણં=પરિશુદ્ધ આચારના પક્ષપાતથી, સુરલોએ ઉવવણ્ણો=સુરલોકમાં ઉત્પન્ન થયા. તઓ ચુઓ પોયણપુરમ્મિ=ત્યાંથી ચ્યવીને પોતનપુરમાં.

રાયસુઓ=રાજપુત્ર થયા. ઉવસંતો=ઉપશાંત=બાળકાળથી ઉપશાંત હતા. પાયં=પ્રાયઃ, પાવવિણિવિત્ત-વાવારો=પાપવિનિવૃત્તિના વ્યાપારવાળા હતા. કાલોચિયધમ્મરઓ રાયા હોઊણ પવ્વઇઓ=કાળઉચિત ધર્મમાં રત રાજા થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ॥૭૮૮થી ૭૯૦॥

ગાથાર્થ :-

અહીં=વર્તમાન કાળમાં ભગવાનની આજ્ઞામાં યત્ન કરવાથી ફળસિદ્ધિ થાય છે તેમાં, પ્રસંગથી સર્યું. તે=શંખરાજર્ષિ, ભાવથી=મનની પરિણતિથી, પ્રાયઃ સંપૂર્ણ જ તે પ્રકારે ધર્મને પાળીને=ભગવાનની આજ્ઞાનુસાર ધર્મને પાળીને, કાળના દોષથી દ્રવ્યથી નહીં પરંતુ ભાવથી સંપૂર્ણ પાળીને.

કાળધર્મને પ્રાપ્ત કરીને=પંડિતમરણરૂપ કાળધર્મને પામીને, પરિશુદ્ધ આચારના પક્ષપાતથી સુરલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને પોતનપુરમાં.

રાજપુત્ર થયા. ઉપશાંત=બાળકાળથી ઉપશાંત હતા. પ્રાયઃ પાપવિનિવૃત્તિના વ્યાપારવાળા હતા. કાળઉચિત ધર્મમાં રત રાજા થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ॥૭૮૮થી ૭૯૦॥

ટીકા :-

कृतमत्र प्रसंगेन, स शंखराजमुनिर्भावतो मनःपरिणत्या पालयित्वा तथा तत्प्रकारं धर्म्मं, प्रायः सम्पूर्णमेव, अनाभोगादेः क्वचित् खण्डमपि स्यादिति प्रायोग्रहणम् । व्यवच्छेद्यमाह—न नैव द्रव्यतः कायानुष्ठानमपेक्ष्य कालदोषाद् दुष्षमालक्षणकालापराधादिति ।।७८८।।

कृत्वा कालधर्म्मं पण्डितमरणलक्षणं परिशुद्धाचारपक्षपातेन सर्वथा निरतिचारसाधुधर्मबहुमानेनोपपन्नः सुरलोके सौधर्म्मनाम्नि । ततः सुरलोकाच्च्युतः पोतनपुरे इति ।।७८९।।

राजसुतो जातः । स च बालकालादेवोपशान्तः । प्रायः पापविनिवृत्तव्यापारोऽतिसावद्यानुष्ठान-परिहरणपरः कालोचितधर्मरतो राजा भूत्वा प्रव्रजित इति ।।७९०।।

ભાવાર્થ :-

વર્તમાનના કાળતુલ્ય વિષમ કાળમાં શંખરાજા પાંચમા આરામાં થયેલા તોપણ તેમણે ભાવથી પ્રાયઃ સંપૂર્ણ જ ચારિત્રધર્મનું પાલન કરેલું. કાળદોષને કારણે જેમ ક્ષુદ્ર જીવો માત્ર સંયમની ક્રિયા કરીને સંતોષ માને છે તેવા કરનારા ન હતા તેથી સંયમની ક્રિયાકાળમાં વિષમ સંયોગને કારણે ક્વચિદ્ અપવાદનું સેવન

કર્યું હોય તોપણ આજ્ઞાશુદ્ધ અનુષ્ઠાન હોવાના કારણે તે મહાત્માએ આત્માને સંયમની પ્રવૃત્તિકાળમાં તે રીતે ભાવિત કરેલ જેથી પાંચ મહાવ્રતોના પાલનથી સાધ્ય અસંગ પરિણતિ આત્મામાં સ્થિર-સ્થિરતર થાય અને આ રીતે સંયમકાળમાં આરાધના કરીને પંડિતમરણ પ્રાપ્ત કર્યું અને પરિશુદ્ધ આચારના પક્ષપાતથી સૌધર્મ નામના દેવલોકમાં ઉત્પન્ન થયા. અહીં પરિશુદ્ધ આચારના પક્ષપાતથી તે દેવલોક પ્રાપ્ત થયેલ હોવાથી દેવલોકમાં પણ ધર્મને અનુકૂળ ઉત્તમ ચિત્તવાળા તે મહાત્મા હતા તેથી ત્યાં પણ સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને તે મહાત્મા ઉત્તરની ઉત્તમ ભવની શક્તિનો સંચય કરે છે. ત્યારપછી દેવલોકથી ચ્યવીને પોતનપુર નામના નગરમાં રાજપુત્ર થાય છે અને ભૂતકાળમાં સંયમનું પાલન શુદ્ધ ભાવથી કરેલું તેના કારણે બાલ્યકાળથી જ તે રાજપુત્ર ઉપશાંત ચિત્તવાળા હતા. પ્રાયઃ પાપવ્યાપારથી નિવૃત્ત ચિત્તવાળા અને કાળને ઉચિત ધર્મમાં રત રહેનારા હતા. તેથી રાજા થઈને અંતે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. આ પ્રકારે વિવેકપૂર્વકની પ્રવ્રજ્યાની પ્રાપ્તિનું કારણ શંખના ભવમાં સેવેલ યતનાપૂર્વકનું અનુષ્ઠાન હતું. **॥૭૮૮થી ૭૯૦॥**

અવતરણિકા :-

साम्प्रतं यद् दृष्ट्वा परिभाव्य चासौ प्रव्रजितस्तद् नईत्यादिगाथात्रयेणाह –

અવતરણિકાર્થ :-

હવે જેને જોઈને અને પરિભાવન કરીને આ પ્રવ્રજિત થયા તે 'नइ' ઈત્યાદિ ગાથાત્રયથી કહે છે –

ગાથા :-

णइपूरकूलपाडणमूढं कलुसोदयं णिएऊण ।
ओयट्टणम्मि तीए तहत्थयं चेव पडिबुद्धो ।।७९१।।
जह एसा वट्टंती कूले पाडेइ कलुसए अप्पं ।
इय पुरिसोवि हु पायं तदण्णपीडाए दट्ठव्वो ।।७९२।।
जह चेवोवट्टंती सुज्झइ एसा तहेव पुरिसोवि ।
आरंभपरिच्चागा कुसलपवित्तीए विण्णेओ ।।७९३।।

અન્વયાર્થ :-

णइपूरकूलपाडणमूढं=નદીના પૂરના કારણે કૂલના પાડણને કારણે મૂઢ=નદીમાં પૂર આવવાથી આજુબાજુના કિનારાના પાડણને કારણે મૂઢ, कलुसोदयं णिएऊण=કલુષ પાણીને જોઈને, ओयट्टणम्मि तीए च=અને તેના ઉદ્વર્તનમાં=તે નદી શાંત થયે છતે, तहत्थयं एव=તે પ્રમાણે જ અર્થને=શાંત થયેલા પ્રવાહને જોઈને, पडिबुद्धो=પ્રતિબોધ પામ્યા.

जह=જે પ્રમાણે, वट्टंती एसा=વર્તતી આ=પૂરમાં વર્તતી નદી, कूले पाडेइ=કૂલોને પાડે છે, कलुसए=(અને

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR

પાણીને) કલુષિત કરે છે, इय=એ રીતે, पुरिसो वि हु पायं=પુરુષ પણ પ્રાયઃ, अप्पं=આત્માને, तदण्णपीडाए दट्ठव्वो=તેનાથી અન્ય જીવોની પીડા વડે જાણવો=બીજા જીવોની પીડા વડે આત્માને કલુષિત કરે છે એમ જાણવો.

जह चेव=અને જે પ્રમાણે, उवट्टंती सुज्झइ एसा=શાંત થયેલી આ શુદ્ધ થાય છે=નદીનો પ્રવાહ શાંત થવાથી કલુષ પાણીનો કચરો નીચે બેસી જવાથી નદી શુદ્ધ થાય છે, तहेव=તે પ્રમાણે જ, आरंभपरिच्चागा=આરંભના પરિત્યાગથી, पुरिसो वि=પુરુષ પણ, कुसलपवित्तीए विण्णेओ=કુશળ પ્રવૃત્તિ દ્વારા જાણવો=કુશળ પ્રવૃત્તિ વડે શુદ્ધ થાય છે એ પ્રમાણે જાણવો. ॥૭૯૧થી ૭૯૩॥

ગાથાર્થ :-

નદીના પૂરના કારણે કૂલના પાડણને કારણે મૂઢ=નદીમાં પૂર આવવાથી આજુબાજુના કિનારાના પાડણને કારણે મૂઢ, કલુષ પાણીને જોઈને અને તેના ઉદ્ધર્તનમાં=તે નદી શાંત થયે છતે, તે પ્રમાણે જ અર્થને=શાંત થયેલા પ્રવાહને, જોઈને પ્રતિબોધ પામ્યા.

જે પ્રમાણે વર્તતી આ=પૂરમાં વર્તતી નદી, કૂલોને પાડે છે અને પાણીને કલુષિત કરે છે એ રીતે પુરુષ પણ પ્રાયઃ આત્માને તેનાથી અન્ય જીવોની પીડા વડે જાણવો=બીજા જીવોની પીડા વડે આત્માને કલુષિત કરે છે એમ જાણવો.

અને જે પ્રમાણે શાંત થયેલી આ શુદ્ધ થાય છે=નદીનો પ્રવાહ શાંત થવાથી કલુષ પાણીનો કચરો નીચે બેસી જવાથી નદી શુદ્ધ થાય છે તે પ્રમાણે જ આરંભના પરિત્યાગથી પુરુષ પણ કુશળ પ્રવૃત્તિ દ્વારા જાણવો=કુશળ પ્રવૃત્તિ વડે શુદ્ધ થાય છે એ પ્રમાણે જાણવો. ॥૭૯૧થી ૭૯૩॥

ટીકા :-

सुगमं चैतत् ॥૭૯૧-૭૯૨-૭૯૩॥

ભાવાર્થ :-

જે મહાત્માઓ નિપુણ બુદ્ધિપૂર્વક સંસારનું વાસ્તવિક અવલોકન કરવાની પ્રજ્ઞાને વિકસાવે છે તેઓ વિષમ કાળમાં પણ સંસારની વિષમ સ્થિતિ કેવી છે, મોક્ષની સ્થિતિ કેવી છે, તેનો ઉપાય શું છે એને જોવા માટે જ સદા પ્રવૃત્ત રહે છે. આથી શંખરાજાએ સંયમ ગ્રહણ કરીને તે રીતે જ સંસારનું સ્વરૂપ ભાવન કરીને આત્માને સંસ્કારિત કરેલો જેથી દેવભવમાંથી ફરી મનુષ્યભવ પામ્યા ત્યારે પણ સ્વાભાવિક ઉત્તમ પ્રકૃતિવાળા બન્યા અને પદાર્થના વાસ્તવિક અવલોકનને અભિમુખ જ તેઓની દૃષ્ટિ પ્રવર્તે છે. આથી જ પૂરથી વહેતી નદીને જોઈને અને તેના પૂરના જોરથી આજુબાજુના કિનારાને પાડતી અને પાણીને કલુષિત કરતી નદીને જોઈને વિચાર આવે છે કે 'આત્મા પણ આ રીતે મોહના પૂરથી સંસારમાં અન્ય જીવોને ઉપદ્રવ કરીને પોતાના ચિત્તને કલુષિત કરે છે અને જ્યારે તે નદી શાંત થાય છે ત્યારે તેનું કલુષ પાણી પણ ધીમે

ધીમે માટી આદિ નીચે બેસવાથી સ્વચ્છ બને છે તેમ પુરુષ પણ આરંભસમારંભની પ્રવૃત્તિનો ત્યાગ કરીને કુશલ પ્રવૃત્તિવાળો થાય છે ત્યારે આત્માને નિર્મળ કરે છે.' આ પ્રકારે પદાર્થના અવલોકનમાત્રથી તે અવલોકનને આત્મહિતને અનુકૂળ યોજન કરવાની ઉત્તમ પ્રજ્ઞા તે મહાત્માને શંખરાજાના ભવમાં સેવન કરાયેલા ધર્મના ફળરૂપે પ્રાપ્ત થાય છે. **॥૭૯૧થી ૭૯૩॥**

ગાથા :-

एवं पव्वइऊणं सामण्णं पालिऊण परिसुद्धं ।
सिद्धो सुदेवमाणुसगईहिं थेवेण कालेणं ।।७९४।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વની ત્રણ ગાથામાં નદીના પૂરના દૃષ્ટાંતથી વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું શંખરાજાના જીવે ભાવન કર્યું એ રીતે, पव्वइऊणं=પ્રવ્રજ્યા ગ્રહણ કરીને, परिसुद्धं सामण्णं पालिऊण=પરિશુદ્ધ સાધુપણાનું પાલન કરીને, सुदेवमाणुसगईहिं थेवेण कालेणं सिद्धो=સુદેવ અને સુમનુષ્યગતિ વડે થોડા કાળમાં સિદ્ધ થયા. ।।૭૯૪।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વની ત્રણ ગાથામાં નદીના પૂરના દૃષ્ટાંતથી વસ્તુના વાસ્તવિક સ્વરૂપનું શંખરાજાના જીવે ભાવન કર્યું એ રીતે, પ્રવ્રજ્યા ગ્રહણ કરીને પરિશુદ્ધ સાધુપણાનું પાલન કરીને સુદેવ અને સુમનુષ્યગતિ વડે થોડા કાળમાં સિદ્ધ થયા. ।।૭૯૪।।

અવતરણિકા :-

અથ તા एव सुदेवमानुषगतीः बंभेत्यादिगाथात्रयेणाह —

અવતરણિકાર્થ :-

હવે તે જ સુદેવસુમનુષ્યગતિને=પ્રવ્રજિત થયેલા તે રાજા સુદેવ-સુમનુષ્યગતિ પામે છે તે જ સુદેવ-સુમનુષ્યગતિને, 'બંભ' ઇત્યાદિ ગાથાત્રયથી કહે છે —

ગાથા :-

बंभसुर महुरराया सुक्कसुराओमुहीए राओत्ति ।
आणयदेव सिवणिवो आरण मिहिलाय देवणिवो ।।७९५।।
गेवेज्ज तियस गज्जणसामी गेवेज्ज पुंढसुरराया ।
गेवेज्ज बंगसुरराय विजयदेवंगराया य ।।७९६।।

सव्वट्ठामर उज्झाणरिंद पव्वज्ज सिज्झणा चेव ।
एयस्स पायसो तह पावाकरणम्मि नियमोत्ति ।।७९७।।
भावाराहणभावा आराहगो इमो पढमं ।
ता एयम्मि पयत्तो आणाजोगेण कायव्वो ।।७९८।।

અન્વયાર્થ :-

બંભસુર=બ્રહ્મદેવ=પ્રવ્રજ્યા પાળીને મરીને તે બ્રહ્મદેવલોકમાં દેવ થયા. મહુરરાયા=(પછી) મથુરા નગરીમાં રાજા થયા. સુક્કસુર=શુક્રદેવ=પછી મહાશુક્રમાં દેવ થયા. અઓમુહીએ રાઓ ત્તિ=પછી અયોમુખી નગરીમાં રાજા થયા. આણયદેવ=પછી આનતદેવ થયા. સિવણિવો=પછી શિવ નામના રાજા થયા. આરણ=પછી આરણ દેવ થયા. મિહિલાય દેવણિવો=પછી મિથિલા નગરીમાં દેવ નામના રાજા થયા.

ગેવેજ્જ તિયસ=પ્રથમ ગ્રૈવેયકત્રિકમાં દેવ થયા, ગજ્જણસામી=પછી ગર્જનપુરના રાજા થયા. ગેવેજ્જ=પછી બીજા ગ્રૈવેયકમાં સુર થયા. પુંઢસુરરાયા=પછી પુંડરીક જનપદમાં સુરરાજા થયા. ગેવેજ્જ=પછી ત્રીજા ગ્રૈવેયકમાં સુર થયા. બંગસુરરાય=પછી બંગદેશમાં સુરરાજા થયા. વિજયદેવ=ત્યારપછી વિજય વિમાનમાં દેવ થયા. અંગરાયા ય=અને પછી અંગ રાજા થયા.

સવ્વટ્ઠામર=સર્વાર્થસિદ્ધ વિમાનમાં અમરદેવ થયા. उज्झाणरिंद=પછી અયોધ્યામાં રાજા થયા. પવ્વજ્જ સિજ્ઝણા ચેવ=પ્રવ્રજ્યા અને સિદ્ધ=અયોધ્યાના રાજા થયા પછી દીક્ષા લઈ મોક્ષને પ્રાપ્ત કર્યું. એયસ્સ=આના=શંખરાજાના જીવને, પાયસો=પ્રાયઃ=બહુલતાથી, તહ પાવાકરણમ્મિ નિયમોત્તિ=તે પ્રકારે પાપના અકરણનો નિયમ પ્રાપ્ત થયો=ઉત્તરોત્તર દેવલોકની પ્રાપ્તિરૂપ શ્રેષ્ઠ ભવોની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારના પાપના અકરણનો નિયમ પ્રાપ્ત થયો.

ભાવારાહણભાવા=ભાવઆરાધનાના ભાવથી=શુદ્ધ મનના પરિણામરૂપ આરાધનાના ભાવથી, ઇમો=આ=શંખરાજાનો જીવ, પઢમં આરાહગો=પ્રથમ આરાધક થયા=પ્રથમ ભવમાં દુઃષમાકાળમાં આરાધક થયા. તા=તે કારણથી, એયમ્મિ=આમાં=ભાવઆરાધનામાં, આણાજોગેણ પયત્તો કાયવ્વો=આજ્ઞાયોગથી પ્રયત્ન કરવો જોઈએ. ।।૭૯૫થી ૭૯૮।।

ગાથાર્થ :-

બ્રહ્મદેવ=પ્રવ્રજ્યા પાળીને મરીને તે બ્રહ્મદેવલોકમાં દેવ થયા. પછી મથુરા નગરીમાં રાજા થયા. શુક્રદેવ=પછી મહાશુક્રમાં દેવ થયા. પછી અયોમુખી નગરીમાં રાજા થયા. પછી આનતદેવ થયા. પછી શિવ નામના રાજા થયા. પછી આરણ દેવ થયા. પછી મિથિલા નગરીમાં દેવ નામના રાજા થયા.

પ્રથમ ગ્રૈવેયકત્રિકમાં દેવ થયા. પછી ગર્જનપુરના રાજા થયા. પછી બીજા ગ્રૈવેયકમાં સુર થયા. પછી પુંડરીક જનપદમાં સુરરાજા થયા. પછી ત્રીજા ગ્રૈવેયકમાં સુર થયા. પછી બંગદેશમાં સુરરાજા થયા. ત્યારપછી વિજય વિમાનમાં દેવ થયા અને પછી અંગ રાજા થયા.

સર્વાર્થસિદ્ધ વિમાનમાં અમરદેવ થયા. પછી અયોધ્યામાં રાજા થયા. પ્રવ્રજ્યા અને સિદ્ધ= અયોધ્યાના રાજા થયા પછી દીક્ષા લઈ મોક્ષને પ્રાપ્ત કર્યું. આના=શંખરાજાના જીવને, પ્રાયઃ= બહુલતાથી, તે પ્રકારે પાપના અકરણનો નિયમ પ્રાપ્ત થયો=ઉત્તરોત્તર દેવલોકની પ્રાપ્તિરૂપ શ્રેષ્ઠ ભવોની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારના પાપના અકરણનો નિયમ પ્રાપ્ત થયો.

ભાવઆરાધનાના ભાવથી=શુદ્ધ મનના પરિણામરૂપ આરાધનાના ભાવથી, આ=શંખરાજાનો જીવ, પ્રથમ આરાધક થયા=પ્રથમ ભવમાં દુઃષમાકાળમાં આરાધક થયા. તે કારણથી આમાં= ભાવઆરાધનામાં, આજ્ઞાયોગથી પ્રયત્ન કરવો જોઈએ. ।।૭૯૫થી ૭૯૮।।

ટીકા :-

ततः पोतनपुरराजसुतजन्मानन्तरं ब्रह्मसुरो ब्रह्मलोके देवः समभूत् । ततो मथुराराजः तदनन्तरं शुक्रसुरस्ततोऽप्ययोमुख्यां नगर्यां राजेति । इतोऽप्यानते देवस्ततोऽपि शिवनृपः तस्मादप्यारणदेवः । तदनन्तरं मिथिलायां देवनृप इति ।।७९५।। एतोऽपि प्रथमग्रैवेयकत्रिके त्रिदशः । तस्मादपि च्युतो गज्जनस्वामिजीवः । ततोऽपि मृतो मध्यमग्रैवेयकत्रिके सुरः । ततोऽपि पुंड्रजनपदे नामतः सुरराजः । ततोऽप्युपरिमत्रिके सुरः । ततोऽपि बंगजनपदेषु सुरराजः । इतोऽपि विजयविमाने देवः । तदनन्तर-मङ्गराज इति ।।७९६।। अस्मादपि सर्वार्थसिद्धविमानेऽमरः । ततोऽप्ययोध्यायां नरेन्द्रः । तत्र च प्रव्रज्या, सिद्धनं चेति । एतस्य शंखजीवस्य प्रायशो बाहुल्येन तथा तेन प्रकारेण पापाकरणे नियमः सम्पन्न इति ।।७९७।। एवमुक्तरूपेण भावाच्छुद्धमनःपरिणामरूपाराधनाभावाद् आराधकोऽयं प्रथमं दुष्षमाकाले समभूत् । तस्मादेतस्मिन् भावाराधने प्रयत्न आदर आज्ञायोगेन कर्त्तव्यः ।।७९८।।

।। इति शंखराजर्षिकथानकं समाप्तम् ।।

ભાવાર્થ :-

કોઈક ચોવીસીમાં પાંચમા આરામાં વર્તમાન કાળ જેવા વિષમ કાળમાં શંખરાજા થયેલ. તેમનું સંઘયણબળ, ધૃતિબળ વગેરે વર્તમાનની જેમ જ અલ્પ હોવા છતાં પ્રવ્રજ્યા ગ્રહણ કરીને સ્વભૂમિકાનુસાર અપ્રમાદ સેવીને શંખરાજા દેવલોકમાં જાય છે અને ત્યાંથી મનુષ્યમાં અને મનુષ્યમાંથી ફરી દેવભવમાં એ પ્રકારે ઉત્તરોત્તર ઉપર ઉપરના દેવલોકમાં જાય છે. ત્યાંથી મનુષ્યભવમાં આવીને વિશેષ વિશેષ પ્રકારની આરાધના કરીને અંતે સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી આવીને રાજા થઈને મોક્ષમાં જાય છે. તેથી જેઓ શંખરાજાના દૃષ્ટાંતનું ભાવન કરીને સદા પોતાની શક્તિ અનુસાર વીતરાગના વચનથી ભાવિત થવા યત્ન કરે છે અને પોતાના સામર્થ્ય અનુસાર સર્વવિરતિ કે દેશવિરતિ ગ્રહણ કરીને પાપઅકરણનો નિયમ ઉત્તરોત્તર વૃદ્ધિ

પામીને પૂર્ણ મોક્ષમાં વિશ્રાંત થાય તે પ્રકારે સર્વવિરતિ કે દેશવિરતિમાં જેઓ યત્ન કરે છે તે જીવો સંવેગના બળથી સતત કષાયોને ક્ષીણ-ક્ષીણતર કરીને પરિમિત ભવોમાં અવશ્ય મોક્ષને પામે છે. **॥૭૯૫થી ૭૯૮॥**

અવતરણિકા :-

अथ प्रस्तुतमेवाधिकृत्याह —

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તુતને આશ્રયીને=પાંચમા આરામાં અનેક પ્રકારની વિષમ સ્થિતિમાં ચારિત્ર પાળીને જીવ કઈ રીતે આરાધક થઈ શકે એમાં શંખરાજાનું દૃષ્ટાંત બતાવ્યું એ રૂપ પ્રસ્તુતને આશ્રયીને, કહે છે —

ગાથા :-

इय एयम्मिवि काले चरणं एयारिसाणं विण्णेयं ।
दुक्खंतकरं णियमा धन्नाणं भवविरत्ताणं ।।७९९।।

અન્વયાર્થ :-

इय=આ રીતે=શંખ રાજાએ પાંચમા આરામાં આરાધકભાવથી ક્રમે કરીને મોક્ષને પ્રાપ્ત કર્યું એ રીતે, एयम्मिवि काले=આ પણ કાળમાં, धन्नाणं भवविरत्ताणं एयारिसाणं=ધન્ય એવા ભવવિરક્ત આવા જીવોને=ધન્ય એવા ભવથી વિરક્ત થયેલા શંખ રાજા જેવા જીવોને, दुक्खंतकरं चरणं=દુઃખના અંતને કરનારું ચારિત્ર, णियमा विण्णेयं=નિયમથી જાણવું. ॥૭૯૯॥

ગાથાર્થ :-

આ રીતે=શંખ રાજાએ પાંચમા આરામાં આરાધકભાવથી ક્રમે કરીને મોક્ષને પ્રાપ્ત કર્યું એ રીતે, આ પણ કાળમાં ધન્ય એવા ભવવિરક્ત આવા જીવોને=ધન્ય એવા ભવથી વિરક્ત થયેલા શંખ રાજા જેવા જીવોને, દુઃખના અંતને કરનારું ચારિત્ર નિયમથી જાણવું. ॥૭૯૯॥

ટીકા :-

इत्येवमेतस्मिन्नपि काले चरणं चारित्रमेतादृशानां (विज्ञेयं कीदृशानां) शंखमुनिसदृशानां विज्ञेयम् । कीदृशमित्याह—दुःखान्तकरं सर्वसांसारिकबाधापहारि नियमाद् अवश्यंतया धन्यानां भवविरक्तानां जीवानामिति ।।७९९।।

ભાવાર્થ :-

પાંચમા આરામાં થયેલા શંખરાજાના દૃષ્ટાંતના બળથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વર્તમાનના વિષમ કાળમાં પણ જેઓ શંખરાજાના દૃષ્ટાંતનું અવલંબન લઈને સ્વભૂમિકાનુસાર ચારિત્રમાં યત્ન કરે છે અને સર્વત્ર સર્વજ્ઞના વચનને પ્રધાન કરીને ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેઓ આત્મવંચના કર્યા વગર કષાયોનો ક્ષય

થાય તે રીતે ઉત્સર્ગ-અપવાદનું યોજન કરનારા હોય છે તેથી સંઘયણાદિના અભાવને કારણે કે વિષમ સંયોગને કારણે બાહ્ય કોઈ અન્યથા પ્રવૃત્તિ થતી હોય તોપણ ચિત્તમાં સર્વજ્ઞના વચનાનુસાર કરવાના બદ્ધરાગથી સર્વજ્ઞને પરતંત્ર થયેલું ચિત્ત હોવાથી કષાયોના ક્ષયનું કારણ બને છે તેવા ધન્ય જીવો ભવથી વિરક્ત થયેલા હોવાને કારણે નિયમથી દુઃખના અંતને કરનારા એવા ચારિત્રના પરિણામને પામીને શંખરાજાની જેમ પરિમિત ભવોમાં મોક્ષમાં જનારા થશે. તેથી સંસારથી ભય પામેલા યોગ્ય જીવોએ પોતાની ભૂમિકાનુસાર સર્વવિરતિ કે દેશવિરતિ ગુણસ્થાનક સ્વીકારીને સદા જિનવચનથી આત્માને ભાવિત કરવો જોઈએ અને સદા આગમમતિને પ્રધાન કરીને સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી સ્વરુચિ અનુસાર પ્રવૃત્તિ કરવાની રુચિ ક્ષીણ-ક્ષીણતર થાય અને સર્વજ્ઞને પરતંત્ર થયેલા જીવો અલ્પ કાળમાં સર્વજ્ઞતુલ્ય થાય છે. **॥૭૯૯॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને=પ્રસ્તુત કથનમાં સમુચ્ચય કરવા અર્થે 'અને'થી કહે છે –

ગાથા :-

जे संसारविरत्ता रत्ता आणाए तीए जहसत्तिं ।
चेट्ठंति णिज्जरत्थं ण अण्णहा तेसिं चरणं तु ।।८००।।

અન્વયાર્થ :-

जे=જેઓ, संसारविरत्ता=સંસારથી વિરક્ત છે, आणाए रत्ता=આજ્ઞામાં રત છે, तीए=તેમાં=આજ્ઞામાં, जहसत्तिं णिज्जरत्थं चेट्ठंति=યથાશક્તિ નિર્જરા માટે ચેષ્ટા કરે છે, तेसिं चरणं तु=તેઓને જ ચારિત્ર છે, ण अण्णहा=અન્યથા નથી=અન્યોને ચારિત્ર નથી. ।।૮૦૦।।

ગાથાર્થ :-

જેઓ સંસારથી વિરક્ત છે; આજ્ઞામાં રત છે; તેમાં=આજ્ઞામાં, યથાશક્તિ નિર્જરા માટે ચેષ્ટા કરે છે તેઓને જ ચારિત્ર છે અન્યથા નથી=અન્યોને ચારિત્ર નથી. ।।૮૦૦।।

ટીકા :-

ये संसारविरक्ताः सत्त्वाः प्राणिनो रक्ता विहितबहुमाना आज्ञायां जिनवचनरूपायां; तथा, तस्यामाज्ञायां यथाशक्ति स्वसामर्थ्यानुरूपं तिष्ठन्ति तदुक्तानुष्ठानपरा भवन्ति । किमर्थं-निर्जरार्थं सर्वकर्मक्षयनिमित्तम् । 'न अन्नहा तेसिं चरणं तु' तेषामेव चरणमस्खलितरूपं विज्ञेयं न नैवान्यथा संसाराविरक्तानामाज्ञाया-मसक्तानां यथाशक्ति तत्राकृतावस्थानानामनिर्जरार्थिनां चरणं स्यादिति ।।८००।।

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં કહ્યું કે વર્તમાન કાળમાં પણ ધન્ય જીવો શક્તિ અનુસાર યત્ન કરીને દુઃખના અંતને કરનારા ચારિત્રને પ્રાપ્ત કરે છે તેથી જિજ્ઞાસા થાય કે વર્તમાનના વિષમ કાળમાં કેવા જીવો દુઃખના અંતને કરનારા ચારિત્રને પ્રાપ્ત કરી શકે છે તેને સ્પષ્ટ કરતાં કહે છે – જેઓ ચારગતિના પરિભ્રમણરૂપ સંસારના સ્વરૂપનું ભાવન કરીને અને સંસાર બહુલતાએ જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ ભાવોથી આક્રાંત છે તેનું અત્યંત ભાવન કરીને સંસારના પરિભ્રમણના કારણીભૂત બાહ્ય પદાર્થોની સંગની પરિણતિ પ્રત્યે વિરક્ત ચિત્તવાળા છે તેથી જ નિમિત્તોને પામીને બાહ્ય પદાર્થો જેમના ચિત્તને સ્પર્શતા નથી અને જેઓને સ્થિર વિશ્વાસ છે કે સર્વજ્ઞનું વચન જ સર્વ કલ્યાણનું કારણ છે તેથી આત્મવંચના કર્યા વગર ભગવાનના વચનરૂપ આજ્ઞામાં રક્ત ચિત્તવાળા છે અર્થાત્ ભગવાનની આજ્ઞાથી જેઓનું ચિત્ત અત્યંત રંજિત છે તેથી ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને પોતાની શક્તિ અનુસાર નિર્જરા માટે ચેષ્ટા કરે છે અર્થાત્ આ ભગવાનની આજ્ઞા સેવીને હું મારી સંગની પરિણતિનો ઉચ્છેદ કરું જેથી સંગની પરિણતિથી જન્ય અનેક ભવસંચિત મારાં કર્મો નાશ પામે તે રીતે ચેષ્ટા કરે છે તેઓમાં ચારિત્ર છે.

અને જેઓ તેવા નથી તેઓ નિર્જરા માટે સંયમના આચારો પાળતા હોય તોપણ તેઓમાં ચારિત્ર નથી. માટે સંસારથી ભય પામેલા જીવે સદા સૂક્ષ્મ બુદ્ધિથી સંસારના ઉચ્છેદનો ઉપાય ભગવાનની આજ્ઞા છે તેમ ભાવન કરીને આજ્ઞાનુસાર પ્રયત્ન કરવા ઉદ્યમ કરવો જોઈએ. **॥૮૦૦॥**

અવતરણિકા :-

अधुना ये कर्मगुरवः प्राणिनो दुष्षमाकालादीन्यालम्बनान्यालम्ब्य सहिष्णवोऽपि तथाविधजनाचरितं प्रमाणीकृत्य निषिद्धसेवां कुर्वन्ति, तेषामपायं दर्शयति –

અવતરણિકાર્થ :-

હમણાં જે કર્મગુરુ પ્રાણીઓ દુઃષમાકાળાદિનાં આલંબનોને આલંબન કરીને સહિષ્ણુ હોવા છતાં પણ=પ્રતિકૂળ દ્રવ્યક્ષેત્રમાં પરાક્રમ કરી શકે તેવા હોવા છતાં પણ, તેવા લોકોથી આચરિતને પ્રમાણ કરીને=સુખશીલ સ્વભાવવાળા લોકોના આચરિતને પ્રમાણ કરીને, નિષિદ્ધ સેવાને કરે છે=ભગવાને જે જીવને આશ્રયીને જે કૃત્ય કરવાનો નિષેધ કરેલ છે તે કૃત્યને કરે છે, તેઓના અપાયને=તેઓને પ્રાપ્ત થતા અનર્થોને, બતાવે છે –

ભાવાર્થ :-

વર્તમાન કાળમાં કલ્યાણના અર્થી પણ જીવોમાં વક્રતા અને જડતા હોવાના કારણે જ્યારે તેઓ મૂઢભાવને પામે છે ત્યારે તેઓનું ચિત્ત સંસારના ભાવોમાં આનંદ લેનારું બને છે અર્થાત્ સંસારઅભિનંદી બને છે અને જેઓ સંસારઅભિનંદી છે તેઓ કર્મથી ગુરુ પરિણામવાળા છે અને મોહઆપાદક કર્મો પ્રચુર ઉદયમાં આવેલાં હોવાના કારણે તેઓ દુઃષમાકાળાદિનાં આલંબનોને ગ્રહણ કરે છે. વસ્તુતઃ કલ્યાણના અર્થીને દુઃષમાકાળનું આલંબન લેવું ઉચિત નથી પરંતુ અંતરંગ રીતે મોહના ઉન્મૂલનને અનુકૂળ સદ્વીર્યનું

આલંબન લેવું ઉચિત છે અને મોહનું ઉન્મૂલન જ્યારે તેવા પ્રકારના સંયોગથી ન થઈ શકે ત્યારે મોહના ઉન્મૂલનના આલંબનથી અપવાદિક આચરણા કરે તો તે પ્રમાણભૂત બને, પરંતુ પોતાનું શરીરબળ જે સંયોગમાં પ્રતિકૂળ આચરણામાં પણ મોહનું ઉન્મૂલન કરવા સમર્થ હોય છતાં સુખશીલ જીવોથી આચરિત સુખશીલતાવાળી આચારણાને પ્રમાણ કરીને જેઓ નિષિદ્ધ આચરણાનું સેવન કરે છે તેઓને શું અનર્થો થશે તે બતાવે છે.

ગાથા :-

मारेंति दुस्समाएवि विसायओ जह, तहेव साहूणं ।
णिक्कारणपडिसेवा सव्वत्थ विणासई चरणं ।।८०१।।

અન્વયાર્થ :-

दुस्समाएवि जह विसायओ मारेंति=દુઃષમાદિમાં પણ જે પ્રકારે વિષાદિ મારે છે, तहेव=તે પ્રકારે જ, साहूणं णिक्कारणपडिसेवा=સાધુની નિષ્કારણ પ્રતિસેવા, सव्वत्थ=સર્વત્ર=સર્વ અવસ્થાઓમાં, चरणं विणासई=ચારિત્રનો વિનાશ કરે છે. ।।૮૦૧।।

ગાથાર્થ :-

દુઃષમાદિમાં પણ જે પ્રકારે વિષાદિ મારે છે તે પ્રકારે જ સાધુની નિષ્કારણ પ્રતિસેવા સર્વત્ર=સર્વ અવસ્થાઓમાં, ચારિત્રનો વિનાશ કરે છે. ।।૮૦૧।।

ટીકા :-

मारयन्ति प्राणांस्त्याजयन्ति दुष्षमायामपि, न केवलं सुषमायामित्यपिशब्दार्थः, विषादयस्तालपुटशस्त्रवह्न्यादयो यथा येन प्रकारेण मूर्च्छासम्पादनादिना; तथैव साधूनां निर्द्धर्माणां व्रतिनां निष्कारणप्रतिसेवाऽपुष्टालम्बनेन सर्वत्र सर्वास्ववस्थासु विनाशयति विध्वंसयति चरणं चारित्रमिति ।।८०१।।

ભાવાર્થ :-

જે પ્રમાણે સુષમાકાળમાં વિષાદિ મારે છે તે પ્રમાણે દુઃષમાકાળમાં પણ વિષાદિ મારે છે; કેમ કે વિષાદિનો સ્વભાવ પ્રાણનાશ કરવાનો છે તેથી કાળકૃત તેના સ્વભાવમાં કોઈ ભેદ નથી. તે જ રીતે જે સાધુ મોહના ઉન્મૂલનના આલંબન વગર કાળનું આલંબન લઈને નિષ્કારણ પ્રતિસેવા કરે છે તેઓની પ્રતિસેવાની આચરણા મોહથી ઉદ્ભવ થયેલી છે અને પ્રતિસેવા દ્વારા મોહની વૃદ્ધિ કરે છે તેથી સર્વ અવસ્થામાં=રોગિષ્ઠ અવસ્થામાં, આરોગ્યવાળી અવસ્થામાં, શરીરબળ-ધૃતિબળ હોય તેવી અવસ્થામાં કે શરીરબળ-ધૃતિબળ ન હોય તેવી અવસ્થામાં, તેઓ ચારિત્રનો વિનાશ કરે છે; કેમ કે મોહના ઉદયને કારણે તેઓ કાળાદિના આલંબનથી પ્રમાદ સેવે છે પરંતુ સંયમની વૃદ્ધિમાં યત્ન થાય તે પ્રકારના આલંબનથી કોઈ આચરણા કરતા નથી તેથી તેવા જીવોને ઉત્સર્ગની પ્રવૃત્તિ પણ કલ્યાણનું કારણ બનતી નથી. વળી, અપવાદની પ્રવૃત્તિ પણ

કલ્યાણનું કારણ બનતી નથી તેથી રોગિષ્ઠ અવસ્થામાં હોય ત્યારે પણ પોતાના સંયમવૃદ્ધિના પ્રામાણિક આલંબનથી જો તેઓ અપવાદનું આલંબન લે તો તે અપવાદિક આલંબન દ્વારા પણ સ્વશક્તિ અનુસાર સંયમવૃદ્ધિને અનુકૂળ ઉદ્યમ કરીને ચારિત્રનું રક્ષણ કરે છે પરંતુ જેઓનું ચિત્ત જ સુખશીલ સ્વભાવનું આલંબન લેનાર છે તેઓ રોગિષ્ઠ અવસ્થામાં પણ શાતાનું આલંબન લઈને અપવાદનું સેવન કરે તો તે અપવાદના સેવનથી ચારિત્રનો પરિણામ વિનાશ જ પામે છે એટલું જ નહીં પણ મૂઢતા ધારણ કરે તો સમ્યક્ત્વ પણ નાશ પામે છે. **॥૮૦૧॥**

અવતરણિકા :-

अथैतद्व्यतिरेकमाह —

અવતરણિકાર્થ :-

હવે આના વ્યતિરેકને કહે છે=નિષ્કારણ પ્રતિસેવાથી વિપરીત એવી કારણપ્રતિસેવાને કહે છે —

ગાથા :-

कारणपडिसेवा पुण भावेण असेवणत्ति दट्ठवा ।
आणाए तीए भावो सो सुद्धो मोक्खहेउत्ति ।।८०२।।

અન્વયાર્થ :-

कारणपडिसेवा पुण=વળી કારણ પ્રતિસેવા, भावेण असेवणत्ति दट्ठवा=ભાવથી અનાસેવના જાણવી= વિરુદ્ધ આચરણાની અનાસેવનારૂપ જાણવી.

કેમ વિરુદ્ધ આચરણાની અનાસેવનારૂપ જાણવી ? તેથી કહે છે –

तीए आणाए भावो=તે આજ્ઞામાં ભાવ છે='મોહના ઉન્મૂલનના ઉપાયરૂપે આ સંયોગમાં આ વિહિત છે' એ પ્રકારની આજ્ઞામાં ભાવ છે, सो=તે=આજ્ઞાનુગત ભાવ, सुद्धो मोक्खहेउत्ति=શુદ્ધ છતે મોક્ષનો હેતુ છે. ॥૮૦૨॥

ગાથાર્થ :-

વળી કારણ પ્રતિસેવા ભાવથી અનાસેવના જાણવી=વિરુદ્ધ આચરણાની અનાસેવનારૂપ જાણવી.

કેમ વિરુદ્ધ આચરણાની અનાસેવનારૂપ જાણવી ? તેથી કહે છે –

તે આજ્ઞામાં ભાવ છે='મોહના ઉન્મૂલનના ઉપાયરૂપે આ સંયોગમાં આ વિહિત છે' એ પ્રકારની આજ્ઞામાં ભાવ છે તે=આજ્ઞાનુગત ભાવ, શુદ્ધ છતે મોક્ષનો હેતુ છે. ॥૮૦૨॥

ટીકા :-

कारणप्रतिसेवा ग्लानाद्यालम्बनेन विरुद्धार्थासेवनरूपा पुनर्भावेन परमार्थतोऽसेवना विरुद्धार्थाना-

सेवनरूपा इत्येवं द्रष्टव्या । कुतो, यत आज्ञायां तस्यां कारणप्रतिसेवायां भावो मनःपरिणामो वर्त्तते भगवताऽस्यामवस्थायामिदं कर्त्तव्यतयोपदिष्टमित्यध्यवसायात् । यदि नामैवं ततः किमित्याह—स भाव आज्ञानुगतः शुद्धः सन्मोक्षहेतुरिति ।।८०२।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ સંસારથી વિરક્ત થયા છે અને સંસારથી પર એવી મુક્ત અવસ્થાના અત્યંત અર્થી છે તેઓને સ્વભૂમિકાથી ઉપરની ભૂમિકાના અસંગ ભાવમાં જવા માટે ઉત્કટ ઇચ્છા છે તેથી તેઓ સદા અસંગ ભાવનું આલંબન લઈને ઉત્સર્ગની કે અપવાદની પ્રવૃત્તિ કરે છે તેથી અસંગ ભાવના કારણરૂપે કોઈક એવા વિષમ સંયોગમાં પ્રતિસેવા કરે તોપણ તે પ્રતિસેવા બાહ્ય આચરણાથી પ્રતિસેવનારૂપ છે, ભાવથી અસેવનારૂપ જ છે; કેમ કે ભગવાને સ્વશક્તિ અનુસાર અસંગભાવમાં જવાના યત્નની જ અનુજ્ઞા કહી છે અને તે અનુજ્ઞા અનુસાર જ તેઓ અંતરંગ યત્ન કરે છે અને તે અંતરંગ યત્નના ઉપાયરૂપ જ તે કારણિક પ્રતિસેવા સેવે છે તેથી પરમાર્થથી મોહની વૃદ્ધિને અનુકૂળ તે પ્રતિસેવના નથી પરંતુ મોહનાશને અનુકૂળ આચરણારૂપ છે તેથી ભાવથી તે અસેવના જ જાણવી. કેમ ભાવથી તે વિપરીત આચરણા નથી તેમાં યુક્તિ બતાવે છે.

તે આજ્ઞામાં=ગુણસ્થાનકની વૃદ્ધિના પરિણામરૂપ ભગવાનની આજ્ઞામાં, તેઓનો ભાવ છે અને તેના ઉપાયરૂપે તે બાહ્ય આચરણ કરે છે તેથી તે પ્રતિસેવના અસેવના જ છે અને ભગવાનની આજ્ઞાનુસાર કરવાનો ભાવ શુદ્ધ હોવાથી મોક્ષનો હેતુ છે અને જે મોક્ષનો હેતુ હોય તે વિરુદ્ધ આચરણારૂપ છે તેમ કહી શકાય નહીં. આથી જેઓ સદા અસંગ ભાવનું પ્રામાણિક અવલંબન લઈને સંયોગ અનુસાર જેનાથી ઉત્તરના અસંગ ભાવની પ્રાપ્તિ થાય તેવો યત્ન કરે છે તેઓની તે પ્રવૃત્તિ જિનવચનથી નિયંત્રિત હોવાથી મોક્ષમાર્ગથી વિપરીત આચરણારૂપ નથી. આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ જો ગુણસ્થાનકમાં સ્થિતપરિણામવાળા હોય તો સંયમના ગ્રહણનો ત્યાગ કરીને સ્વભૂમિકાનુસાર અપવાદથી ભગવદ્ભક્તિ આદિ ઉચિત અનુષ્ઠાનો કરે છે જેના દ્વારા તેઓ ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે તેથી તેઓનો ભાવ આજ્ઞાશુદ્ધ હોવાથી તે અપવાદિક દ્રવ્યસ્તવની પ્રવૃત્તિ પણ મોક્ષનો હેતુ છે અને જો મૂઢતાથી શક્તિનું આલોચન કર્યા વગર સર્વવિરતિ ગ્રહણ કરે તોપણ ગુણસ્થાનકની વૃદ્ધિના પરિણામરૂપ ભાવમાં યત્ન નહીં થવાથી પ્રમાદવશ મોહની પુષ્ટિ થવાથી તેઓની સંયમની ક્રિયા પણ પ્રતિસેવનારૂપ જ બને છે; કેમ કે ભગવાનની આજ્ઞા અપ્રમાદથી ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકમાં જવાની છે અને તેના ઉપાયરૂપે જે કાંઈ ઉચિત હોય તેમાં જ ભગવાનની આજ્ઞા છે, અન્યત્ર ભગવાનની આજ્ઞા નથી. **॥८०२॥**

અવતરણિકા :-

इत्थं कारणप्रतिसेवायामपि शुद्धो भावो मोक्षहेतुरित्युपदर्श्य साम्प्रतमकृत्येऽप्यर्थे विहिते भावशुद्धिः पापक्षयायेति लोकप्रसिद्धेन दृष्टान्तेन दर्शयति —

અવતરણિકાર્થ :-

આ રીતે=પૂર્વ ગાથામાં કહ્યું એ રીતે, કારણપ્રતિસેવામાં પણ શુદ્ધ ભાવ મોક્ષનો હેતુ છે એ પ્રમાણે બતાવીને હવે વિહિત અર્થમાં અકૃત્યનું સેવન થયે છતે પણ ભાવશુદ્ધિ પાપક્ષય માટે છે. એ પ્રમાણે લોકપ્રસિદ્ધ દૃષ્ટાંતથી બતાવે છે –

ગાથા :-

अकिरियाएवि सुद्धो भावो पावक्खयत्थमो भणिओ ।
अण्णेहिवि ओहेणं तेणगणाएण लोगम्मि ।।८०३।।

અન્વયાર્થ :-

અણ્ણેહિ વિ=અન્ય દર્શનકારો વડે પણ, ઓહેણં=ઓઘથી, લોગમ્મિ=લોકમાં, તેણગણાએણ=ચોરના દૃષ્ટાંતથી, અકિરિયાએ વિ=અક્રિયામાં પણ=બાહ્ય વિપરીત આચરણામાં પણ, સુદ્ધો ભાવો=શુદ્ધ ભાવ, પાવક્ખયત્થમો ભણિઓ=પાપક્ષયાર્થ કહેવાયો છે. ।।૮૦૩।।

ગાથાર્થ :-

અન્ય દર્શનકારો વડે પણ ઓઘથી લોકમાં ચોરના દૃષ્ટાંતથી અક્રિયામાં પણ=બાહ્ય વિપરીત આચરણામાં પણ શુદ્ધ ભાવ પાપક્ષયાર્થ કહેવાયો છે. ।।૮૦૩।।

ટીકા :-

अक्रियायामपि लोकलोकोत्तरविरुद्धार्थसेवायामपि शुद्धो निर्व्याजः पश्चात्तापानुगतो भावः परिणामः पापक्षयार्थं पापापगमहेतुर्भणितो निरूपितः स्वशास्त्रेष्वन्यैरपि तीर्थान्तरीयैरोघेन सामान्येन । तथा चैते पठन्ति 'मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् । तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ।।१।। भोगान् स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान् । भुञ्जानोऽपि ह्यसंगः सन् प्रयाति परमं पदम् ।।२।।' इति । स्तेनकज्ञातेन चौरोदाहरणेन लोके इति ।।८०३।।

ભાવાર્થ :-

ગાથા-૮૦૨માં કહ્યું એ પ્રમાણે જે મહાત્માઓ ભગવાનની આજ્ઞાથી પ્રતિસેવા કરે છે તેમને ગુણસ્થાનકની વૃદ્ધિનો શુદ્ધ ભાવ હોવાથી તેઓની પ્રતિસેવા પરમાર્થથી પ્રતિસેવા નથી પરંતુ શુદ્ધ ભાવનો હેતુ છે અને તે શુદ્ધ ભાવ મોક્ષનો હેતુ છે. હવે અશુદ્ધ ભાવપૂર્વક વિપરીત ક્રિયા કરીને પણ કોઈક મહાત્માને શુદ્ધ ભાવ થાય તો તે શુદ્ધ ભાવ પાપક્ષય માટે થાય છે તે બતાવતાં કહે છે. જેમ કોઈ યોગ્ય જીવ પણ તથાવિધ કર્મને પરવશ કોઈ વિપરીત આચરણા કરે અને તે વિપરીત આચરણાને કારણે તે વખતે કાંઈક ક્લિષ્ટ ભાવો પણ થાય છતાં પાછળથી પશ્ચાત્તાપાદિ શુદ્ધ ભાવ થાય તો તે પશ્ચાત્તાપાદિ શુદ્ધ ભાવ પાપક્ષય માટે છે એમ

સામાન્યથી અન્ય દર્શનકારો પણ કહે છે અને તેમાં ચોરનું દૃષ્ટાંત આપે છે.

તેથી એ ફલિત થાય કે ઉત્સર્ગમાર્ગની શુદ્ધ આચરણામાં પણ જેઓને મોહનાશને અનુકૂળ શુદ્ધ ભાવ છે તેનાથી તેઓ નિર્જરા કરે છે, કારણપ્રતિસેવા કરનારા સુસાધુઓ પણ ગુણસ્થાનકની વૃદ્ધિના શુદ્ધ ભાવપૂર્વક અપવાદિક આચરણા કરતા હોય તો તે શુદ્ધ ભાવથી નિર્જરા થાય છે અને મોક્ષના અર્થી એવા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પોતાની સર્વવિરતિની શક્તિ સંચય થઈ નથી માટે તેની શક્તિ સંચય અર્થે દેશવિરતિની કે અવિરતિની પણ ઉચિત ક્રિયાઓ કરીને શક્તિ સંચય કરતા હોય તો તેઓનો શુદ્ધ ભાવ પાપનાશ માટે બને છે એટલું જ નહીં પણ કર્મને પરવશ થઈને કોઈ જીવ અનુચિત પ્રવૃત્તિ કરે અને તે અનુચિત પ્રવૃત્તિથી થયેલો અશુદ્ધ ભાવ કર્યા પછી પશ્ચાત્તાપાદિ શુદ્ધ ભાવ થાય તો તે શુદ્ધ ભાવ પણ પાપક્ષય માટે થાય છે. જેમ ચંડરુદ્રાચાર્યએ કોપને વશ શિષ્યને દાંડો માર્યો તે અનુચિત પ્રવૃત્તિ હતી તોપણ પાછળથી પશ્ચાત્તાપનો શુદ્ધ ભાવ થવાને કારણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેથી એ પ્રાપ્ત થાય કે આજ્ઞાશુદ્ધ ભાવ જ સર્વ કલ્યાણનું એક કારણ છે. **॥૮૦૩॥**

અવતરણિકા :-

स्तेनकज्ञातमेव भावयति –

અવતરણિકાર્થ :-

ચોરના દૃષ્ટાંતને જ ભાવન કરે છે –

ગાથા :-

तेणदुगे भोगम्मी तुल्ले संवेगओ अतेणत्तं ।
एगस्स गहियसुद्धी सूलहि भेयम्मि सादेव्वं ।।८०४।।
तह चित्तकम्मदोसा मुट्ठे भोगसमयम्मि अणुतावो ।
एत्तो कम्मविसुद्धी गहणे दिव्वम्मि सुज्झणया ।।८०५।।
इयरस्स गहण कहणा आमं सूलाए तस्स भेओ उ ।
अब्भुवगमणा गुहभेयवुब्भणगुत्तरण मो सम्मं ।।८०६।।
विम्हय देवयकहणा कयमिणमेएण भावओ खवियं ।
संवेगा वयगहणं चोररिसी सुप्पसिद्धोत्ति ।।८०७।।

અન્વયાર્થ :-

तेणदुगे भोगम्मी तुल्ले संवेगओ अतेणत्तं एगस्स=બે ચોરો વડે ચોરી કરાયેલ તુલ્ય ભોગમાં સંવેગથી એક ચોરને અસ્તેનપણું પ્રાપ્ત થયું. गहियसुद्धी=ગૃહીતની શુદ્ધિ=રાજપુરુષ વડે પકડાયેલા તે ચોરની

તપ્તમાષાદિ દ્વારા શુદ્ધિ કરાઈ (છતાં તેણે કહ્યું કે 'મેં ચોરી કરી છે.') સૂલહિ ભેયમ્મિ=શૂલીમાં તેનો ભેદ કરાયે છતે, સાદેવ્વં=સાદેવ્ય=દેવતાનો અનુગ્રહ થયો અર્થાત્ શૂલીમાં પણ તેનું મૃત્યુ થયું નહીં.

તહ=અને, ચિત્તકમ્મદોસા મુટ્ઠે ભોગસમયમ્મિ અણુતાવો=ચિત્ર પ્રકારના કર્મદોષથી મુષિત હોતે છતે ભોગસમયમાં અનુતાપ=તેવા પ્રકારના ચિત્ર કર્મદોષના અપરાધથી ચોરાયેલા પણ પરદ્રવ્યના ભોગસમયમાં એક ચોરને પશ્ચાત્તાપ થયો. એત્તો કમ્મવિસુદ્ધી=એથી કર્મવિશુદ્ધિ=પશ્ચાત્તાપથી કર્મની વિશુદ્ધિ થઈ. ગહણે=ગ્રહણમાં=રાજપુરુષો વડે ગ્રહણમાં, દિવ્વમ્મિ=દિવ્ય કરાયે છતે, સુજ્ઝણયા=શુદ્ધિ સંવૃત્ત થઈ.

ઇયરસ્સ ગહણ=ઇતરનું ગ્રહણ=બીજા ચોરનું રાજપુરુષો વડે ગ્રહણ કરાયું. કહણા આમં='અમે બે ચોર હતા' એ પ્રમાણે કથન, સૂલાએ તસ્સ ભેઓ ઉ=શૂલીમાં તેનો ભેદ થયો=શૂલીમાં બીજા ચોરનો નાશ થયો. અબ્ભુવગમણા=અભ્યુપગમના=પ્રથમ ચોરનો ચોરીનો સ્વીકાર, ગુહ્યભેયવુબ્ભણગુત્તરણ મો સમ્મં=ગુદાના ભેદથી શૂલીમાં આરોપણ કરાયે છતે સમ્યગ્ ઉત્તરણ અર્થાત્ મૃત્યુ વગર શૂલીમાંથી નિસ્તરણ.

વિમ્હય=વિસ્મય થયે છતે=લોકોને આશ્ચર્ય થયે છતે, દેવયકહણા=દેવતા વડે કથન, કયમિણમેણ ભાવઓ ખવિયં='આના વડે ચૌર્ય કરાયું છે પરંતુ ભાવથી ક્ષપિત છે.' સંવેગા વયગહણં=સંવેગથી વ્રતગ્રહણ. ચોરરિસી સુપ્પસિદ્ધોત્તિ='ચોર ઋષિ' એ પ્રમાણે સુપ્રસિદ્ધ થયા. ॥૮૦૪થી ૮૦૭॥

ગાથાર્થ :-

બે ચોરો વડે ચોરી કરાયેલ તુલ્ય ભોગમાં સંવેગથી એક ચોરને અસ્તેનપણું પ્રાપ્ત થયું. ગૃહીતની શુદ્ધિ=રાજપુરુષ વડે પકડાયેલા તે ચોરની તપ્તમાષાદિ દ્વારા શુદ્ધિ કરાઈ છતાં તેણે કહ્યું કે 'મેં ચોરી કરી છે.' શૂલીમાં તેનો ભેદ કરાયે છતે સાદેવ્ય=દેવતાનો અનુગ્રહ થયો અર્થાત્ શૂલીમાં પણ તેનું મૃત્યુ થયું નહીં.

અને ચિત્ર પ્રકારના કર્મદોષથી મુષિત હોતે છતે ભોગસમયમાં અનુતાપ=તેવા પ્રકારના ચિત્ર કર્મદોષના અપરાધથી ચોરાયેલા પણ પરદ્રવ્યના ભોગસમયમાં એક ચોરને પશ્ચાત્તાપ થયો. એથી કર્મવિશુદ્ધિ=પશ્ચાત્તાપથી કર્મની વિશુદ્ધિ થઈ. ગ્રહણમાં=રાજપુરુષો વડે ગ્રહણમાં, દિવ્ય કરાયે છતે શુદ્ધિ સંવૃત્ત થઈ.

ઇતરનું ગ્રહણ=બીજા ચોરનું રાજપુરુષો વડે ગ્રહણ કરાયું. 'અમે બે ચોર હતા' એ પ્રમાણે કથન. શૂલીમાં તેનો ભેદ થયો=શૂલીમાં બીજા ચોરનો નાશ થયો. અભ્યુપગમના=પ્રથમ ચોરનો ચોરીનો સ્વીકાર. ગુદાના ભેદથી શૂલીમાં આરોપણ કરાયે છતે સમ્યગ્ ઉત્તરણ અર્થાત્ મૃત્યુ વગર શૂલીમાંથી નિસ્તરણ.

વિસ્મય થયે છતે=લોકોને આશ્ચર્ય થયે છતે, દેવતા વડે કથન 'આના વડે ચૌર્ય કરાયું છે પરંતુ ભાવથી ક્ષપિત છે.' સંવેગથી વ્રતગ્રહણ. 'ચોર ઋષિ' એ પ્રમાણે સુપ્રસિદ્ધ થયા. ॥૮૦૪થી ૮૦૭॥

ટીકા :-

क्वचित् सन्निवेशे स्तेनद्विके द्वयोश्चोरयोर्भोगे मुषितद्रव्यस्य तुल्ये प्रवर्त्तमाने संवेगाद् धिग् मां विरुद्धकर्म्माध्यासितमिति पश्चात्तापलक्षणाच्चौर्यप्रत्ययपापक्षपणे जातेऽस्तैन्यमचोरभावः संवृत एकस्य चौरस्य । कथमित्याह—कुतोऽपि निमित्तात् संजातशंकै राजपुरुषैर्गृहीतस्य कारणिकैस्तप्तमाषादिना शुद्धिः कृता । पुनरपि 'सूलहि भेयंति' शूलयाधिष्ठानस्याभिभेदे सादिव्यं देवतानुग्रहो वृत्त इति ।।८०४।।

तथा, चित्रकर्मदोषात् तत्प्रकारस्य चित्रकर्मणोऽपराधाद् मुष्टे मुषिते सति परकीयद्रव्ये भोग-समयेऽनुतापः पश्चात्तापो जात एकस्य । अत एव पश्चात्तापात् कर्मविशुद्धिश्चौर्यप्रत्ययकर्मप्रक्षालः । ततश्च राजपुरुषैर्ग्रहणे दिव्ये तप्तमाषादौ शुद्धिः संवृत्ता ।।८०५।।

इतरस्य द्वितीयस्य ग्रहणं कथना ग्रहणे सति कारणिकैः पृष्टस्य कथना । कथमित्याह—आममावां चोराविति । ततः शूलया तस्य द्वितीयस्य भेदो जातः । तुः पुनरर्थः । ततः प्रथमस्य चौर्याभ्युपगमना चौर्यप्रतिपत्तिः 'विहितं मयापि चौर्यम्' इति । ततो गुदभेदेनारोपणं शूलायां कृतम्, परमुत्तरणमविद्धस्यैवं सम्यक् शूलायां संवृत्तमिति ।।८०६।।

विस्मये सर्वलोकस्य देवतया कथना कृता, यथा—कृतमिदं चौर्यमेतेन, परं भावतः पश्चात्तापलक्षणात् क्षपितं चौर्यजन्यं कर्म । ततः संवेगाद् व्रतग्रहणं कृतम् तेन तदनु चौरर्षिः सुप्रसिद्ध इति ।।८०७।।

ભાવાર્થ :-

ગાથા-૮૦૩માં કહ્યું કે શાસ્ત્રમાં નિષિદ્ધ કર્યું હોય તેવું અકૃત્ય કોઈક જીવથી થાય તોપણ ભાવશુદ્ધિથી પાપ નાશ પામે છે તેમાં ચોરનું દૃષ્ટાંત છે. તે ચોરનું દૃષ્ટાંત જ સ્પષ્ટ કરતાં કહે છે.

કોઈ બે જીવોએ ચોરી કરી. તે ચોરીના માલનો ઉપભોગ તે બન્નેએ સમાન કર્યો તોપણ એક ચોરને તે ચોરી પ્રત્યે તીવ્ર પશ્ચાત્તાપ થાય છે કે 'મેં આ ચોરી કરી છે, તે અત્યંત અનુચિત છે' અને અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે અનુચિતપણાની બુદ્ધિ જેટલી પ્રકર્ષ પામે તેટલી જ નિર્જરાનો પ્રકર્ષ થાય છે. આથી જ કોઈક જીવને ચોરી આદિ અનુચિત પ્રવૃત્તિ કર્યા પછી પણ એ કૃત્ય વિષયક તીવ્ર પશ્ચાત્તાપ થાય તો સર્વ અનુચિત પ્રવૃત્તિ પ્રત્યેની જુગુપ્સાનો પરિણામ ઉલ્લસિત થાય છે જેથી ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરે છે. પ્રસ્તુતમાં તે ચોરને તેવો પશ્ચાત્તાપ થયો જેથી ચોરીનું પાપ નાશ પામ્યું એટલું જ નહીં પણ અનુચિત કૃત્ય પ્રત્યે પ્રવર્ધમાન થયેલો પશ્ચાત્તાપ ઋષિ થવાને બાધક કર્મોનો નાશ કરીને તે મહાત્મા ચોરઋષિ થયા તેથી શાસ્ત્રમાં નિષિદ્ધ પણ પ્રવૃત્તિ કોઈ રીતે પ્રમાદવશ થઈ જાય અને જેઓ સંવેગ કરવામાં કુશળ છે તેઓ ભાવશુદ્ધિના બળથી સુખપૂર્વક તે પાપનો ક્ષય કરી શકે છે એટલું જ નહીં પણ અન્ય પાપોનો પણ ક્ષય કરી

શકે છે. તેથી સંવેગની વૃદ્ધિમાં જ કુશળ થવું જોઈએ અને તેના અર્થે જ ઉપદેશાદિની પ્રવૃત્તિ છે. આથી જ સંસારી જીવો ભોગાદિમાં પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પાપમાં કુશળ હોય છે પરંતુ ઉપદેશકના વચનથી તીવ્ર સંવેગ થાય છે ત્યારે ભોગાદિઆપાદક મનોવૃત્તિનો પણ નાશ થાય છે અને ભોગાદિકાળમાં થયેલા ક્લિષ્ટ ભાવોથી થયેલાં કર્મોનો પણ નાશ થાય છે તેથી સર્વત્ર વિધિ-નિષેધને કહેનારા ભગવાનના વચનાનુસાર ભાવશુદ્ધિ સર્વ કલ્યાણનું કારણ છે. **॥૮૦૪થી ૮૦૭॥**

અવતરણિકા :-

अत्रैव दृष्टान्तान्तरमाह —

અવતરણિકાર્થ :-

આમાં જ=ભાવશુદ્ધિના વિષયમાં જ, દૃષ્ટાંતાન્તરને કહે છે —

ગાથા :-

एवं विसिट्ठकालाभावम्मिवि मग्गगामिणो जह उ ।
पावेंति इच्छियपुरं तह सिद्धिं संपयं जीवा ।।८०८।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ભાવવિશેષથી ચોર પણ અચોર થયો એ રીતે, जह उ=અને જે પ્રમાણે, मग्गगामिणो= માર્ગગામી જીવો, इच्छियपुरं पावेंति=ઈચ્છિત નગરને પ્રાપ્ત કરે છે. तह=તે રીતે, विसिट्ठकालाभावम्मिवि= વિશિષ્ટ કાળના અભાવમાં પણ, संपयं=વર્તમાનમાં=દુષ્ષમાકાળમાં, जीवा=જીવો=સન્માર્ગમાં પ્રવૃત્ત જીવો, सिद्धिं (पावेंति)=સિદ્ધિને પ્રાપ્ત કરે છે=કાળવિલંબનથી મોક્ષને પ્રાપ્ત કરે છે. ॥૮૦૮॥

ગાથાર્થ :-

આ રીતે=ભાવવિશેષથી ચોર પણ અચોર થયો એ રીતે, અને જે પ્રમાણે માર્ગગામી જીવો ઈચ્છિત નગરને પ્રાપ્ત કરે છે. તે રીતે વિશિષ્ટ કાળના અભાવમાં પણ વર્તમાનમાં=દુષ્ષમાકાળમાં, જીવો=સન્માર્ગમાં પ્રવૃત્ત જીવો, સિદ્ધિને પ્રાપ્ત કરે છે=કાળવિલંબનથી મોક્ષને પ્રાપ્ત કરે છે. ॥૮૦૮॥

ટીકા :-

एवं—यथा भावविशेषाच्चौरोऽप्यचौरः संवृत्तस्तथा, विशिष्टकालाभावेऽपि निर्वाणलाभयोग्य-समयविरहेऽपि मार्गगामिनः सत्पथप्रवृत्ता यथा तु यथैव प्राप्नुवन्तीप्सितपुरं पाटलिपुत्रकादि तथा सिद्धिं निर्वृतिलक्षणां साम्प्रतं दुष्षमायां सन्मार्गप्रवृत्ताः सन्तो जीवा भावविशेषाद् अवाप्नुवन्ति, परं कालविलम्बेनेति ।।८०८।।

ભાવાર્થ :-

વર્તમાન કાળ વિષમ કાળ છે તેથી સંસારથી અત્યંત ભય પામેલા જીવો પણ પૂર્વના મહાત્માઓ જેવા ધૃતિબળવાળા કે સંઘયણબળવાળા નથી. તેથી સંસારથી ભય પામીને સ્વશક્તિ અનુસાર જિનવચનનું અવલંબન લઈને ઉત્તરના ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ સદા યત્ન કરતા હોય તોપણ ઉપયોગની સ્ખલનાને કારણે અતિચારનો સંભવ છે. આમ છતાં જેમ ભાવવિશેષથી ચોર અચોર થયો તેમ જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે અને અસંગ ભાવને ઉચિત પ્રામાણિક યત્ન કરનારા છે તેઓ પણ નિમિત્તને પામીને જે જે સ્ખલના પ્રાપ્ત કરે છે તે તે સ્ખલનાઓ પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે વારંવાર નિંદાગર્હા કરે છે તેથી ભાવવિશેષથી તે સ્ખલનાઓની શુદ્ધિ થાય છે તેથી દુઃષમાકાળમાં સન્માર્ગમાં પ્રવૃત્ત જીવો ભાવવિશેષથી સિદ્ધિને પામે છે, ફક્ત વિશિષ્ટ ધૃતિબળ નહીં હોવાથી કાળવિલંબનથી પામે છે. આથી જ જેઓ નિત્યસ્મૃત્યાદિપૂર્વક પોતાના ગુણસ્થાનકના પરિણામોનું સ્મરણ કરે છે અને વારંવાર અપ્રમાદની વૃદ્ધિ માટે યત્ન કરે છે અને અનાભોગથી કે સહસાત્કારથી થયેલી સ્ખલનાઓને પણ પશ્ચાત્તાપાદિથી શુદ્ધ કરે છે તેઓ શંખરાજાની જેમ પરિમિત ભવોમાં સિદ્ધિને પ્રાપ્ત કરે છે. **॥૮૦૮॥**

અવતરણિકા :-

ननु निष्ठुरक्रियासाध्यो मोक्षः, कथं साम्प्रतकालयोग्या मृद्वी क्रिया तद्धेतुः स्यादित्याशंक्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરતાં કહે છે – નિષ્ઠુરક્રિયાસાધ્ય એવો મોક્ષ કઈ રીતે વર્તમાન કાળયોગ્ય મૃદ્વીક્રિયા તેની હેતુ થાય એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ભાવાર્થ :-

મોક્ષ અસંગ ભાવના પ્રકર્ષથી સાધ્ય છે અને જીવ અનાદિથી સુખશીલ સ્વભાવવાળો છે તેથી સુખશીલ આદિ સ્વભાવને છોડીને અત્યંત અપ્રમાદપૂર્વક પ્રતિકૂળ સંયોગોની ઉપેક્ષા કરીને પણ શુદ્ધ આજ્ઞાયોગમાં યત્ન કરે તેનાથી સાધ્ય મોક્ષ છે અને વર્તમાનના કાળમાં જીવો ધૃતિબળના અલ્પભાવવાળા છે તેથી ઉત્સર્ગમાર્ગની નિષ્ઠુર ક્રિયા છોડીને કાળને અનુરૂપ અપવાદિક ક્રિયાઓ કરે જે ક્રિયાઓ તે પ્રકારની અનુકૂળતા સાથે જોડાયેલી હોવાથી મૃદ્વી ક્રિયા છે અને તેવી મૃદ્વી ક્રિયા કઈ રીતે મોક્ષનો હેતુ થઈ શકે અર્થાત્ થઈ શકે નહીં એ પ્રકારની આશંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે.

ગાથા :-

मउईएवि किरियाए कालेणारोगयं जह उविंति ।
तह चेव उ णिव्वाणं जीवा सिद्धंतकिरियाए ।।८०९।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, मउईएवि किरियाए=મૃદ્વી પણ ક્રિયા દ્વારા, कालेण=કાળથી=કાંઈક વિલંબથી, आरोगयं उविंति=આરોગ્યને પ્રાપ્ત કરે છે=રોગી જીવો આરોગ્યને પ્રાપ્ત કરે છે, तह चेव उ=તે પ્રકારે જ, सिद्धंतकिरियाए=સિદ્ધાંતની ક્રિયાથી, जीवा णिव्वाणं (उविंति)=જીવો નિર્વાણને પ્રાપ્ત કરે છે. ॥૮૦૯॥

ગાથાર્થ :-

જે પ્રમાણે મૃદ્વી પણ ક્રિયા દ્વારા કાળથી=કાંઈક વિલંબથી, આરોગ્યને પ્રાપ્ત કરે છે=રોગી જીવો આરોગ્યને પ્રાપ્ત કરે છે, તે પ્રકારે જ સિદ્ધાંતની ક્રિયાથી જીવો નિર્વાણને પ્રાપ્ત કરે છે. ॥૮૦૯॥

ટીકા :-

मृद्व्यापि साधारणयापि क्रियया घातचिकित्साक्रियया कालेन चिरतररूपेणारोगतां नीरोगभावं यथोपयान्ति प्रतिपद्यन्ते, तथा चैव तु तेनैव प्रकारेण निर्वाणमपवर्गं जीवाः सिद्धान्तक्रियया मूलगुणोत्तर-गुणप्रतिपालनरूपया साधारणरूपयापीति ॥८०९॥

ભાવાર્થ :-

મોક્ષની પ્રાપ્તિ સમભાવના પ્રકર્ષથી થાય છે અને જેઓના સમભાવનાં બાધક કર્મો પ્રચુર છે તેઓને સમભાવની પ્રાપ્તિ અર્થે કઠોર ક્રિયા કરવી આવશ્યક છે. જેમ વીર ભગવાનને ક્ષમાની વૃદ્ધિ અર્થે અનાર્ય દેશમાં જવું આવશ્યક થયું પરંતુ જેઓને સમભાવનાં પ્રતિબંધક કર્મો શિથિલ છે તેઓને બાહ્ય ક્રિયા મૃદ્વી હોય કે કઠોર હોય કે ક્વચિત્ બાહ્ય ક્રિયા ન પણ હોય તોપણ સમભાવના પ્રકર્ષથી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. જેમ ભરત મહારાજા અરીસાભુવનમાં સમભાવના પ્રકર્ષથી ક્ષપકશ્રેણીને પામી શક્યા પરંતુ સમભાવની વૃદ્ધિ માટે અંતરંગ દૃઢ ઉદ્યમ કરવામાં સહાયક એવી શક્તિના પ્રકર્ષથી બાહ્ય ક્રિયા આવશ્યક છે અને વર્તમાનમાં સંઘયણ, ધૃતિબળઆદિનો અભાવ હોવાથી જેમ બાહ્ય કઠોર ક્રિયા સુસાધુ કરી શકતા નથી તેમ સમભાવની વૃદ્ધિને અનુકૂળ દૃઢ પ્રણિધાનપૂર્વક અંતરંગ ક્રિયા પણ કરી શકતા નથી. તેથી જેમ કોઈક રોગી રોગની ચિકિત્સા કરે અને સુખશીલ સ્વભાવને કારણે કે શરીરના સામર્થ્યના અભાવને કારણે મૃદ્વી ક્રિયા કરે તો લાંબાકાળે રોગથી મુક્ત બને છે અને કઠોર ક્રિયા કરે તો શીઘ્ર રોગથી મુક્ત થઈ શકે છે, તેમ વર્તમાનકાલીન જીવો સમભાવને અનુકૂળ કઠોર બાહ્ય આચરણા કરવા પણ અસમર્થ છે અને અંતરંગ દૃઢ પ્રણિધાનપૂર્વક યત્ન કરવા પણ અસમર્થ છે તેથી બહિરંગ અને અંતરંગ બન્ને પ્રકારે મૃદ્વી ક્રિયા હોવાથી અપ્રમાદી પણ સાધુ પોતાનો ભાવરોગ અલ્પ અલ્પ પ્રમાણમાં ન્યૂન કરી શકે છે તોપણ ભગવાનના વચનાનુસાર મૃદ્વી ક્રિયા કરનારા વર્તમાનકાલીન સાધુ પણ અવશ્ય શંખરાજાની જેમ ભાવરોગથી મુક્ત થઈ શકે છે. પરંતુ દુઃષમા-સુષમાકાળવાળા મહાત્માઓ જે રીતે કઠોર બાહ્ય ક્રિયાઓ કરીને બળવાન પણ સમભાવનાં બાધક કર્મો તોડી શકે છે અથવા બાહ્ય કઠોર ક્રિયા વગર પણ દૃઢ ઉપયોગના બળથી સમભાવના કંડકોની વૃદ્ધિ કરીને અલ્પકાળમાં સંસારનો ઉચ્છેદ કરી શકે છે, કદાચ એ ભવમાં સંસારનો

ઉચ્છેદ ન કરી શકે તોપણ સંઘયણના બળને કારણે દૃઢ ધૃતિપૂર્વક વિશિષ્ટ સમભાવને સેવીને આત્માને વિશિષ્ટ કોટિના ભાવોથી વાસિત કરી શકે છે તે પ્રકારનો યત્ન વર્તમાનકાલીન જીવો સંસારથી અત્યંત ભય પામેલા હોય તોપણ કરવા સમર્થ નથી તેથી બાહ્ય મૃદ્વી ક્રિયા કે અંતરંગ મૃદ્વી ક્રિયા કરીને યોગમાર્ગના ઉત્તમ સંસ્કારો અલ્પ અલ્પ પાડીને કાંઈક વિલંબનથી અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરી શકે છે. માટે સંઘણયની ન્યૂનતાને કારણે ફળની પ્રાપ્તિમાં વિલંબનનો સંભવ હોવા છતાં અપ્રમાદીને વર્તમાનકાળની પ્રવૃત્તિ પણ અવશ્ય મોક્ષપ્રાપ્તિનું કારણ બને છે. **॥૮૦૯॥**

અવતરણિકા :-

આહ—નિષ્ઠુરક્રિયાપરિપાલનરૂપં ચારિત્રં, ન ચાસાવદ્ય દુષ્ષમાયાં સમ્પદ્યતે, તત્કથં નિર્વ્વાણમાર્ગરૂપં ચારિત્રં ભવદ્‌ભિઃ પ્રતિજ્ઞાયત ઇત્યાશંક્યાહ —

અવતરણિકાર્થ :-

'આહ'થી પ્રશ્ન કરે છે — નિષ્ઠુરક્રિયાના પરિપાલનરૂપ ચારિત્ર છે=અંતરંગ દૃઢ ઉપયોગના સેવનરૂપ ચારિત્ર છે, અને આ=અંતરંગ મોહઉન્મૂલનને અનુકૂળ દૃઢ ઉદ્યમ, વર્તમાનના દુઃષમામાં થતો નથી તેથી નિર્વાણના માર્ગરૂપ ચારિત્ર વર્તમાનમાં છે એ રૂપે તમારા વડે કેમ કહેવાય છે એ આશંકા કરીને કહે છે —

ગાથા :-

दुप्पसहंतं चरणं भणियं जं भगवया इहं खेत्ते ।
आणाजुत्ताणमिणं ण होंति अहुणत्ति वामोहो ।।८१०।।

અન્વયાર્થ :-

દુપ્પસહંતં આણાજુત્તાણં ચરણં જં ભગવયા ઇહં ખેત્તે ભણિયં=દુઃપ્રસભસૂરિ સુધી આજ્ઞાયુક્ત જીવોને ચારિત્ર જે કારણથી ભગવાને આ ક્ષેત્રમાં કહ્યું છે. ઇણં અહુણા ણ હોંતિ ત્તિ વામોહો='આ હમણાં નથી' એ વ્યામોહ છે. ॥૮૧૦॥

ગાથાર્થ :-

દુઃપ્રસભસૂરિ સુધી આજ્ઞાયુક્ત જીવોને ચારિત્ર જે કારણથી ભગવાને આ ક્ષેત્રમાં કહ્યું છે. 'આ હમણાં નથી' એ વ્યામોહ છે. ॥૮૧૦॥

ટીકા :-

દુઃપ્રસભાન્તં દુષ્ષમાપર્યન્તભાગભાવિદુઃપ્રસભનામકમુનિપુંગવપર્યવસાનં ગઙ્‌ગાપ્રવાહવદવ્યવચ્છિન્નં ચરણં ભણિતં યદ્યસ્માદ્ ભગવતા ઇહ ક્ષેત્રે । આજ્ઞાયુક્તાનાં યથાસામાર્થ્યમાજ્ઞાપરિપાલનપરાયણાનામિદં

चारित्रं न भवत्यधुनैष व्यामोहो वर्त्तते, यथाशक्त्याज्ञापरिपालनस्यैव चारित्ररूपत्वात्, तस्य च साम्प्रतमपि भावादिति ।।८१०।।

ભાવાર્થ :-

ભગવાનની આજ્ઞા સર્વ પ્રતિબંધોના ત્યાગપૂર્વક આત્માના મોહથી અનાકુળ સ્વભાવમાં સ્થિર થવાની છે અને તે આજ્ઞાને પુષ્ટ કરે એવી ઉચિત બાહ્ય આચરણાની ભગવાનની આજ્ઞા છે અને તે આજ્ઞાના પરમાર્થને જાણનારા જે મહાત્માઓ બાહ્ય સર્વ પ્રતિબંધોનો ત્યાગ કરીને પોતાના સંઘયણના બળને અનુરૂપ સહનશક્તિનું સમાલોચન કરીને સર્વ બાહ્ય પ્રતિબંધોને ચિત્તમાંથી કાઢીને માત્ર આત્માના નિરાકુળભાવની વૃદ્ધિ થાય એ રીતે સંયમજીવનમાં યત્ન કરે છે એવા આજ્ઞાયુક્ત જીવોને દુઃપ્રસભસૂરિ સુધી આ ક્ષેત્રમાં ચારિત્રની પ્રાપ્તિ છે એમ ભગવાને કહ્યું છે. તેથી 'સંઘયણની ન્યૂનતાને કારણે કે બાહ્ય અપવાદિક આચરણાને કારણે વર્તમાનમાં ચારિત્ર નથી.' એમ કહેવું તે વ્યામોહ છે; કેમ કે જેનું ચિત્ત માન-સન્માન પ્રત્યે પ્રતિબંધવાળું નથી, શાતા પ્રત્યે પ્રતિબંધવાળું નથી અને માત્ર ભગવાનની આજ્ઞાનુસાર નિરાકુળભાવને અનુકૂળ ઉદ્યમ કરવા તત્પર છે તેઓ શુદ્ધ આત્મભાવમાં જવાને અનુકૂળ ઉદ્યમવાળા છે માટે તેઓને અવશ્ય ચારિત્ર છે; કેમ કે યથાશક્તિ ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરે છે. **॥૮૧૦॥**

અવતરણિકા :-

विपर्यये बाधकमाह —

અવતરણિકાર્થ :-

વિપર્યયમાં=આજ્ઞાના વિપર્યયમાં, બાધકને કહે છે=ભગવાનના કાળમાં કે વર્તમાનમાં પણ ચારિત્ર નથી તેને કહે છે —

ગાથા :-

आणाबज्झाणं पुण जिणसमयम्मिवि न जातु एयंति ।
तम्हा इमीए एत्थं जत्तेण पयट्टियव्वंति ।।८११।।

અન્વયાર્થ :-

आणाबज्झाणं पुण=વળી આજ્ઞાબાહ્ય જીવોને, जिणसमयम्मि वि=ભગવાનના સમયમાં પણ, एयं=આ=ચારિત્ર, न जातु ति=ક્યારેય નથી જ, तम्हा=તે કારણથી, एत्थं=અહીં=દુઃષમાકાળમાં, इमीए=આમાં=આજ્ઞામાં, जत्तेण पयट्टियव्वं ति=યત્નથી પ્રવર્તવું જોઈએ. ।।૮૧૧।।

ગાથાર્થ :-

વળી આજ્ઞાબાહ્ય જીવોને ભગવાનના સમયમાં પણ આ=ચારિત્ર, ક્યારેય નથી જ. તે કારણથી અહીં=દુઃષમાકાળમાં, આમાં=આજ્ઞામાં, યત્નથી પ્રવર્તવું જોઈએ. ।।૮૧૧।।

ટીકા :-

आज्ञाबाह्यानामुच्छृंखलप्रवृत्तीनां पुनर्जिनसमयेऽपि तीर्थकरविहारकालेऽपि न नैव जातु कदाचिद् एतच्चारित्रं सम्पन्नमिति । तस्माद् अस्यामाज्ञायां दुष्षमाकालेऽपि यत्नेन प्रवर्त्तितव्यमिति ।।८११।।

ભાવાર્થ :-

ભગવાનની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરનારા જીવોમાં વર્તમાનમાં પણ ચારિત્ર છે તેનું સમર્થન કરવા અર્થે કહે છે – ભગવાનના કાળમાં પણ જેઓ સ્વમતિ અનુસાર સંયમજીવન જીવનારા હતા તેવા આજ્ઞાબાહ્ય જીવોમાં ક્યારેય ચારિત્ર ન હતું. જોકે તેઓ પણ ઘણી આચરણા જિનવચનાનુસાર કરતા હતા તોપણ સ્વમતિથી જ્યાં જ્યાં તેમની રુચિ જિનવચનથી વિપરીત હતી ત્યાં ત્યાં જિનવચનનિરપેક્ષ જ પ્રવૃત્તિ કરનારા હતા તેથી તેઓમાં ચારિત્ર ન હતું એથી ચારિત્રની પ્રાપ્તિનું કારણ સર્વજ્ઞનો કાળ છે, વર્તમાનનો કાળ નથી તેમ કહી શકાય નહીં, પરંતુ આજ્ઞા પ્રત્યેના અત્યંત બહુમાનપૂર્વક આજ્ઞાના રહસ્યને જાણવા માટે જેઓ યત્ન કરે છે અને અનાભોગથી પણ આજ્ઞાથી અન્યથા ન થાય તેવો જેઓને બદ્ધરાગ છે તેઓ સદા સ્વબોધ અનુસાર આજ્ઞા પ્રમાણે જ પ્રવૃત્તિ કરે છે. ક્વચિદ્ અનાભોગથી અન્યથા પ્રવૃત્તિ હોય તોપણ સુખે પ્રજ્ઞાપનીય છે એવા જીવોમાં અવશ્ય ચારિત્રનો પરિણામ છે તેથી ચારિત્રના અર્થીએ દુઃષમાકાળમાં પણ આજ્ઞામાં જ યત્ન કરવો જોઈએ અર્થાત્ આજ્ઞાના રહસ્યને જાણવા માટે, જાણ્યા પછી સ્થિર કરવા માટે અને સ્વભૂમિકા અનુસાર આજ્ઞાને સેવવા માટે સદા યત્ન કરવો જોઈએ જેથી આજ્ઞાના યત્નથી અવશ્ય ચારિત્ર પ્રગટે અને પ્રગટેલું ચારિત્ર સ્થિર-સ્થિરતર થાય. **॥૮૧૧॥**

અવતરણિકા :-

अत एवाह –

અવતરણિકાર્થ :-

આથી જ કહે છે=પૂર્વમાં કહ્યું કે આજ્ઞાથી જ ચારિત્ર છે માટે આજ્ઞામાં યત્ન કરવો જોઈએ આથી જ કહે છે –

ગાથા :-

णेगंतेणं चिय लोयणायसारेण एत्थ होयव्वं ।
बहुमुंडादिवयणओ आणावित्तो इह पमाणं ।।८१२।।

અન્વયાર્થ :-

लोयणायसारेण=લોકના દૃષ્ટાંતના આલંબનપણાથી, एत्थ=અહીં=ચારિત્રથી આરાધનામાં, णेगंतेणं चिय होयव्वं=એકાંતથી જ પ્રયત્ન કરવો જોઈએ નહીં; बहुमुंडादिवयणओ=કેમ કે બહુમુંડાદિનું વચન છે='વર્તમાનમાં ઘણા મુંડા હશે-ભાવસાધુ અલ્પ હશે' એ પ્રકારનું વચન છે તેથી, इह=અહીં=ધર્મના

વિષયમાં, આણાવિત્તો પમાણં=આજ્ઞારૂપી સંપત્તિવાળા પ્રમાણ છે=ભગવાનની આજ્ઞાના રહસ્યને જાણીને પ્રવૃત્તિ કરનારા સુસાધુ જ પ્રમાણ છે. ।।૮૧૨।।

ગાથાર્થ :-

લોકના દૃષ્ટાંતના આલંબનપણાથી અહીં=ચારિત્રથી આરાધનામાં, એકાંતથી જ પ્રયત્ન કરવો જોઈએ નહીં; કેમ કે બહુમુંડાદિનું વચન છે='વર્તમાનમાં ઘણા મુંડા હશે-ભાવસાધુ અલ્પ હશે' એ પ્રકારનું વચન છે તેથી, અહીં=ધર્મના વિષયમાં, આજ્ઞારૂપી સંપત્તિવાળા પ્રમાણ છે=ભગવાનની આજ્ઞાના રહસ્યને જાણીને પ્રવૃત્તિ કરનારા સુસાધુ જ પ્રમાણ છે. ।।૮૧૨।।

ટીકા :-

न नैवैकान्तेन सर्वथैव लोक एव पार्श्वस्थादिरूपो यदृच्छाप्रवृत्तो ज्ञातं दृष्टान्तं तत् सारमवलम्बनीयतया यस्य स तथा तेनात्र चारित्राराधने भवितव्यम् । कुत इत्याह—'बहुमुण्डादिवचनतः' 'कलहकरा डमरकरा असमाहिकरा अनिव्वुइकरा य । होहिंति भरहवासे बहुमुण्डे अप्पसमणे य ।।१।।' इति वचनात्; एतद्वचनपरिभावनेन पार्श्वस्थादीन् दृष्टान्तीकृत्य नासमंजसे प्रवर्त्तनीयमित्यर्थः । तथाविधापवादप्राप्तौ तु गुरुलाघवालोचनपरेण गीतार्थेन साधुना कदाचित् प्रवृत्तिसारेणापि भवितव्यमिति सूचनार्थमेकान्तेनेत्युपात्तम् । 'बहुवित्थरमुस्सग्गं बहुविहमववाय मो वियाणित्ता । लंघेऊणन्नविहं बहुगुणजुत्तं करेज्जा सु ।।१।।' अत एवाह—आज्ञावित्तकः-आज्ञैव वित्तं धनं सर्वस्वरूपं यस्य स तथा पुमानिह लोकोत्तराचारचिन्तायां प्रमाणीकर्त्तव्य इति ।।८१२।।

ભાવાર્થ :-

સામાન્યથી કલ્યાણના અર્થી જીવો ચારિત્ર ગ્રહણ કરીને અન્ય ચારિત્રીઓ જે પ્રકારે પ્રવૃત્તિ કરતા હોય તે પ્રકારની પ્રવૃત્તિને દૃષ્ટાંતરૂપે ગ્રહણ કરીને 'આ પ્રકારે આચાર પાળવા જોઈએ જેથી ચારિત્ર પ્રાપ્ત થાય' એ પ્રકારે પ્રવૃત્તિ કરે છે તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે – એકાંતથી તેવા લોકોની પ્રવૃત્તિને જોઈને ચારિત્રની આરાધનામાં તત્પર થવું જોઈએ નહીં અર્થાત્ તેઓની જેટલા અંશે જે પ્રવૃત્તિ જિનવચનાનુસાર હોય તે અંશથી તે પ્રવૃત્તિ તે રીતે કરવામાં દૂષણ નથી પરંતુ સર્વ પ્રકારે જે પ્રમાણે તેઓ કરે છે તે પ્રકારે ચારિત્રની આરાધનાના વિષયમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં.

અહીં પ્રશ્ન થાય કે જેઓએ સંયમ લીધું છે તેઓની પ્રવૃત્તિ અનુસાર જ તેમને અનુસરનારા પ્રવૃત્તિ કરે તો તેમની જેમ જ પોતાનામાં ચારિત્ર પ્રગટી શકે તેથી ચારિત્રવાળા લોકોના દૃષ્ટાંતથી પ્રયત્ન કરવો જોઈએ જેથી તેઓની ચારિત્રની આચરણાના અવલંબનથી પોતાનામાં પણ ચારિત્ર પ્રગટ થાય તેના નિવારણ અર્થે કહે છે. 'વર્તમાનમાં કલહ કરનાર, ડમરાને કરનાર, અસમાધિને કરનાર ઘણા મુંડાઓ આદિ થશે – ચારિત્રી અલ્પ હશે' એ પ્રકારનું વચન હોવાથી 'આ લોકો સાધ્વાચાર પાળે છે માટે તે જ આચાર છે' તેવો નિર્ણય કરીને તે પ્રમાણે કલ્યાણના અર્થીએ ચારિત્રમાં યત્ન કરવો જોઈએ નહીં.

તો શું કરવું જોઈએ તેથી કહે છે –

ચારિત્રની આચરણામાં આજ્ઞાવિત્ત જ=આજ્ઞારૂપી ધનવાળા મહાત્માઓ જ, પ્રમાણ છે. તેઓ ભગવાનની આજ્ઞાના રહસ્યને જાણવા પ્રયત્ન કરે છે અને ભગવાનની સર્વ આજ્ઞા કઈ રીતે વીતરાગતુલ્ય થવામાં કારણ છે તે પ્રમાણે કાર્યકારણભાવનું સમ્યગ્ સમાલોચન કરીને વીતરાગતાનું કારણ બને તેવી જ સંયોગાનુસાર ઉચિત આચરણામાં ચારિત્રને જોનારા છે. તેઓની આચરણાને પ્રમાણ કરીને પ્રવૃત્ત થવું જોઈએ જેથી વર્તમાન કાળમાં પણ ભાવથી ચારિત્રની પ્રાપ્તિ થાય. ॥૮૧૨॥

અવતરણિકા :-

ननु च 'आगम सुय आणा धारणा य जीए य पंचमए' इति वचनप्रामाण्याद् आचरितमपि प्रमाणमुक्तं, तत् किमुच्यते 'आज्ञावित्तक इह प्रमाणम्' इति हृदि व्यवस्थाप्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી શંકા કરતાં કહે છે – 'આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને પાંચમો જીત એમ પાંચ પ્રકારનો વ્યવહાર છે' એ પ્રકારના વચનના પ્રામાણ્યથી આચરિત પણ પ્રમાણ કહેવાયું છે, તો કેમ કહેવાય છે 'આજ્ઞાવિત્તવાળા જ અહીં=ચારિત્રમાં, પ્રમાણ છે' એ પ્રકારની શંકાને હૃદયમાં વ્યવસ્થાપન કરીને કહે છે –

ગાથા :-

आयरणावि हु आणाऽविरुद्धगा चेव होति नायं तु ।
इहरा तित्थगरासायणत्ति तल्लक्खणं चेयं ।।८१३।।

અન્વયાર્થ :-

હુ=જે કારણથી, આયરણા વિ=આચરણા પણ, આણાઽવિરુદ્ધગા ચેવ=આજ્ઞાઅવિરુદ્ધ જ, નાયં તુ હોતિ=જ્ઞાત થાય છે=કર્તવ્ય અર્થમાં પ્રમાણ થાય છે, ઇહરા=ઇતરથા=આજ્ઞાના વિરોધથી આચરણા કરાયે છતે, તિત્થગરાસાયણત્તિ=તીર્થંકરની આશાતના છે. તલ્લક્ખણં ચેયં=અને તેનું લક્ષણ આ છે=આજ્ઞા-અવિરુદ્ધ આચરણાનું લક્ષણ આગળની ગાથામાં બતાવે છે. ॥૮૧૩॥

ગાથાર્થ :-

જે કારણથી આચરણા પણ આજ્ઞાઅવિરુદ્ધ જ જ્ઞાત થાય છે=કર્તવ્ય અર્થમાં પ્રમાણ થાય છે ઇતરથા=આજ્ઞાના વિરોધથી આચરણા કરાયે છતે, તીર્થંકરની આશાતના છે અને તેનું લક્ષણ આ છે=આજ્ઞાઅવિરુદ્ધ આચરણાનું લક્ષણ આગળની ગાથામાં બતાવે છે. ॥૮૧૩॥

ટીકા :-

आचरणापि तत्तदाचीर्णार्थरूपा हुर्यस्माद् 'दोसा जेण णिरुब्भंति जेण खिज्जंति पुव्वकमाइं' इत्यादिलक्षणाया आज्ञाया अविरुद्धिका चैवाविरोधवत्येव । तुशब्दोऽवधारणे भिन्नक्रमश्च । ततो भवत्येव ज्ञातमुदाहरणं कर्त्तव्येष्वर्थेषु प्रमाणमित्यर्थः । विपर्यये बाधकमाह—इतरथा आज्ञाविरोधेनाचरणे सति तीर्थकराशातना भगवदर्हद्वचनविलोपलक्षणा सम्पद्यते । इतिः प्राग्वत् । तल्लक्षणमाचरणालक्षणं चेदम् ।।८१३।।

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરેલ કે પાંચ પ્રકારના વ્યવહારો છે. તેથી વર્તમાનકાળમાં સાધુવેષમાં રહીને જે પ્રકારની આચરણા અન્ય સાધુઓ કરતા હોય તે પ્રકારની આચરણાને જીતવ્યવહાર તરીકે સ્વીકારી શકાશે તેથી જીતાનુસાર પ્રવૃત્તિ થવાથી તે આચરણા સંયમનું કારણ બનશે તેનું નિરાકરણ કરતાં કહે છે.

ભગવાનની આજ્ઞાની અવિરુદ્ધ એવી આચરણા જ જીતાચારમાં પ્રમાણ બને અર્થાત્ ભગવાનની આજ્ઞા છે કે દોષો જેનાથી નિરુદ્ધ થાય અને જેનાથી પૂર્વકર્મનો નાશ થાય તેવી ઉચિત ક્રિયા જ કર્તવ્ય છે તેથી જીતવ્યવહારમાં પણ તે જ આચરણા સંમત થાય કે જે આચરણાથી સતત કષાયોની અલ્પતા થતી હોય અને જીવ વીતરાગભાવને અભિમુખ અભિમુખતર બનતો હોય. જેમ શુદ્ધ આચારના પાલનના બળથી જેઓ સંયમની ક્રિયા કરે છે તેઓ ભિક્ષાદિ ગ્રહણ કરતી વખતે ભાવન કરે છે કે ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે, નહીં મળે તો તપની વૃદ્ધિ થશે એ પ્રકારે ઉપયુક્ત થઈને ભિક્ષા ગ્રહણ કરવા યત્ન કરતા હોય તો ભિક્ષાની પ્રાપ્તિમાં હર્ષ કે અપ્રાપ્તિમાં ખેદ થાય નહીં તેથી ભિક્ષાની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ પ્રત્યે સમભાવમાં ઉપયુક્ત ચિત્ત છે માટે સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે અને તેવા જ પરિણામવાળા મહાત્મા કોઈક વિષમ પ્રસંગમાં વિચારે કે ભિક્ષાની પ્રાપ્તિ નહીં થાય તો ગુપ્તિઓમાં સ્ખલના થવાથી અને સમિતિની આચરણામાં સ્ખલના થવાથી સમભાવના કંડકોની વૃદ્ધિમાં થતો યત્ન સ્ખલિત થશે તેના નિવારણ અર્થે આત્મસાક્ષીએ અપવાદિક યત્ન કરે તો તે આજ્ઞાઅવિરુદ્ધ આચરણા બને છે. જેમ પૂર્વના મહાત્માઓ ચોલપટ્ટાને બાંધતા ન હતા પરંતુ નગ્નતાના પરિહાર અર્થે માત્ર બે હાથની કોણીથી પકડીને ભિક્ષાદિ માટે જતા હતા. વર્તમાનમાં કાળના દોષને કારણે તે પ્રકારનો અપ્રમાદભાવ સાધુ માટે અશક્ય જણાવાથી ચોલપટ્ટાને દોરીથી બાંધીને પણ ભિક્ષાદિ માટે જાય છે તેવી આચરણા સમભાવના કંડકની વૃદ્ધિમાં બાધક નથી પરંતુ સાધુને પ્રમાદવશ ચોલપટ્ટો પડી જાય તો ધર્મનું લાઘવ થાય તેના નિવારણ અર્થે ઉપયોગી હોવાથી આજ્ઞાઅવિરુદ્ધ એવી આચરણા જીતવ્યવહારરૂપે સંમત છે, તે સિવાયની સ્વમતિકલ્પનાથી કરાયેલી પૂર્વના ગુરુઆદિથી પણ પ્રમાદને વશ થયેલી આચરણા જીત છે તેમ કહેવામાં આવે અને જે આચરણામાં દોષક્ષયની કોઈ કારણતા દેખાય નહીં પરંતુ પોતાના પ્રમાદની વૃદ્ધિનું કારણ દેખાય છતાં તેને જીત કહીને આજ્ઞાનુસાર કહેવામાં આવે તો તીર્થંકરની આશાતના પ્રાપ્ત થાય; કેમ કે તીર્થંકરનું સર્વ વચન વીતરાગતાની વૃદ્ધિને અનુકૂળ ઉચિત બાહ્ય આચરણાસ્વરૂપ છે તેથી કોઈ મહાત્મા વડે ક્વચિદ્ પ્રમાદથી જે કોઈ આચરણા થઈ

હોય અથવા તેવા સંયોગમાં તે આચરણા ઇષ્ટ હોવા છતાં અન્ય સંયોગમાં તે આચરણા ઇષ્ટ નથી તેવું જણાતું હોય તો તે આચરણાને જીતવ્યવહાર કહી શકાય નહીં; કેમ કે જીતવ્યવહાર પણ વીતરાગતાને અનુકૂળ ભાવવૃદ્ધિનું કારણ બને તેવો હોય તો જ પ્રમાણભૂત બને અન્યથા નામથી જીત કહી શકાય, પરમાર્થથી જીતવ્યવહાર નથી. **॥૮૧૩॥**

અવતરણિકા :-

પૂર્વ શ્લોકમાં કહ્યું કે આચરણાનું આ લક્ષણ છે અર્થાત્ આજ્ઞાઅવિરુદ્ધ એવી આચરણાનું આ લક્ષણ છે, તેથી હવે આજ્ઞાઅવિરુદ્ધ એવી જીતઆચરણાનું સ્વરૂપ બતાવે છે –

ગાથા :-

असढेण समाइन्नं जं कत्थति केणती असावज्जं ।
न निवारियमन्नेहिं य बहुमणुमयमेयमायरियं ।।८१४।।

અન્વયાર્થ :-

असढेण=અશઠ ભાવથી, कत्थति केणती=કોઈક ક્ષેત્રમાં કે કાળમાં કોઈક વડે, जं असावज्जं समाइन्नं=જે અસાવદ્ય સમાચરણ કરાયું છે, न निवारियमन्नेहिं=અન્યો વડે નિવારણ કરાયું નથી, य बहुमणुमयमेयमायरियं= અને આ આચરિત બહુને અનુમત છે=ઘણા સુવિહિતોને આ આચરણા અનુમત છે, (તે જીતવ્યવહાર છે, એમ અન્વય છે.) ।।૮૧૪।।

ગાથાર્થ :-

અશઠ ભાવથી કોઈક ક્ષેત્રમાં કે કાળમાં કોઈક વડે જે અસાવદ્ય સમાચરણ કરાયું છે, અન્યો વડે નિવારણ કરાયું નથી અને આ આચરિત બહુને અનુમત છે=ઘણા સુવિહિતોને આ આચરણા અનુમત છે, તે જીતવ્યવહાર છે, એમ અન્વય છે. ।।૮૧૪।।

ટીકા :-

अशठेनाऽमायाविना सता समाचीर्णमाचरितं यद् भाद्रपदशुक्लचतुर्थीपर्युषणापर्ववत् कुत्रचित्काले क्षेत्रे वा केनचित् संविग्नगीतार्थत्वादिगुणभाजा कालिकाचार्यादिना असावद्यं मूलोत्तरगुणाराधनाऽविरोधि। तथा, न नैव निवारितमन्यैश्च तथाविधैरेव गीतार्थैः, अपितु बहु यथा भवत्येवं मतं बहुमतमेतद् आचरितमुच्यत इति ।।८१४।।

ભાવાર્થ :-

જીતવ્યવહારનું લક્ષણ સ્પષ્ટ કરતાં કહે છે – જે સાધુઓ ભગવાનની આજ્ઞાને પરતંત્ર છે તેઓ વર્તમાનના દેશકાળમાં 'કઈ આચરણા હિતકારી છે જેથી પોતાનું અને અન્ય યોગ્ય જીવોનું હિત થાય' તેનો

નિર્ણય કરવા માટે અશઠભાવથી શ્રુતમાં ઉપયોગ મૂકે છે અને તેમને શ્રુતવચનાનુસાર જણાય કે આ કાળમાં અને આ ક્ષેત્રમાં આ અસાવદ્ય કૃત્ય કર્તવ્ય છે તેથી તેવું અસાવદ્ય કૃત્ય કોઈક કોઈક મહાત્મા વડે આચરણ કરાયું હોય ત્યારપછી જે સુવિહિતો થાય છે તેઓ પણ તે મહાત્માનું તે વચન અશઠભાવથી આચરાયેલું છે, અસાવદ્ય છે તેવો નિર્ણય થવાથી તેને કર્તવ્યરૂપે સ્વીકારીને અનિવારણ કરતા હોય અને ગીતાર્થ પુરુષોને તે આચરણા વર્તમાન કાળમાં ઉચિત છે તેમ જણાતી હોય તો તે આચરણા જીતવ્યવહાર બને.

પરંતુ કોઈક સંયોગમાં કોઈ મહાત્માએ કોઈક આચરણા કરી હોય તે દેશકાળમાં કદાચ તે ઉચિત હોય તોપણ પાછળમાં કોઈક સુવિહિતોને જણાય કે વર્તમાનમાં આ આચરણા ઉચિત નથી ત્યારે અશઠભાવથી શ્રુતનું પર્યાલોચન કરનારા મહાત્માઓ પૂર્વના મહાત્માથી સેવાયેલી તે આચરણાનો પણ નિષેધ કરે છે તેથી તે આચરણા જીત બનતી નથી અને જે જીત આચરણા છે તે તત્ત્વને જોવા માટે સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા ગીતાર્થોને હંમેશાં બહુમત હોય છે; કેમ કે તેઓને સ્પષ્ટ દેખાય છે કે વર્તમાનના કાળ પ્રમાણે આ આચરણાથી જીવો શુભ ભાવનું રક્ષણ કરી શકશે માટે તેઓને બહુમત છે, ફક્ત તે આચરણા બાહ્ય આચરણારૂપ સેવનમાત્રથી ચારિત્રવૃદ્ધિનું કારણ નથી પરંતુ જેઓ તે આચરણાથી પણ કઈ રીતે દોષોનો નિરોધ થાય છે તેનું પ્રતિસંધાન કરીને તે પ્રકારે તે આચરણા કરે તો તે આચરણા જીતવ્યવહારરૂપ થવાથી ગુણવૃદ્ધિનું કારણ બને છે. જેમ કોઈ મહાત્મા નવકલ્પી વિહાર કરતા હોય છતાં 'ભગવાને આ નવકલ્પી વિહાર કરીને ક્ષેત્રનો કે ક્ષેત્રમાં વસતા શ્રાવકોનો પ્રતિબંધ ન થાય તદર્થે કહેલ છે' તે પ્રકારે પ્રતિસંધાન કરીને ક્ષેત્રના પ્રતિબંધના પરિહાર માટે અને પોતાના પ્રત્યે ભક્તિવાળા શ્રાવકોના પ્રતિબંધના પરિહાર માટે યત્ન કરતા હોય અને તેના ઉપાયરૂપે નવકલ્પી વિહારમાં યત્ન કરતા હોય તો તે નવકલ્પી વિહાર દોષનિરોધનું કારણ બને છે તેમ જીતવ્યવહારની આચરણા પણ તેનાથી અપેક્ષિત ઉચિત પરિણામના પ્રતિસંધાનપૂર્વક સેવવામાં આવે તો દોષનિરોધનું કારણ બને છે. **॥૮૧૪॥**

ગાથા :-

किंच उदाहरणाइं बहुजणमहिगिच्च पुव्वसूरीहिं ।
एत्थं निदंसियाइं एयाइं इमम्मि कालम्मि ।।८१५।।

અન્વયાર્થ :-

किंच=અને શું ?=વળી, बहुजणमहिगिच्च=બહુજનને આશ્રયીને=બહુ અસંવિગ્નલોકને આશ્રયીને, एत्थं=અહીં=પ્રવચનમાં, पुव्वसूरीहिं=પૂર્વસૂરિઓ વડે, इमम्मि कालम्मि=આ કાળમાં, एयाइं उदाहरणाइं निदंसियाइं=આ ઉદાહરણો બતાવાયાં છે=ગ્રંથકારશ્રી આગળ બતાવશે તે દર્શાવાયાં છે. ॥૮૧૫॥

ગાથાર્થ :-

અને શું ?=વળી, બહુજનને આશ્રયીને=બહુ અસંવિગ્નલોકને આશ્રયીને, અહીં=પ્રવચનમાં,

પૂર્વસૂરિઓ વડે આ કાળમાં આ ઉદાહરણો બતાવાયાં છે=ગ્રંથકારશ્રી આગળ બતાવશે તે દર્શાવાયાં છે. ॥૮૧૫॥

ટીકા :-

किंचेत्यभ्युपाये, उदाहरणानि दृष्टान्ता बहुजनमधिकृत्य बहोरसंविग्नलोकस्य प्रवृत्तिमधिकृत्य पूर्वसूरिभिः प्राक्तनाचार्यैरत्र प्रवचने निदर्शितान्येतानि । अस्मिन् दुष्षमालक्षणे काले एतत्कालोपयोगीनीत्यर्थः ।।८१५।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે જીતવ્યવહારનું આ લક્ષણ છે અને તે જીતવ્યવહાર ઘણા સુસાધુઓને સુસંમત હોય તેવું શ્રુત છે. આમ છતાં આ કાળમાં ઘણા અસંવિગ્નપાક્ષિક સાધુઓ થશે અને તેઓ જીતવ્યવહારને નામે પોતાની પ્રવૃત્તિને ભગવાનના વચનાનુસાર સ્થાપન કરશે તે ઉચિત નથી તેમ બતાવવા માટે ઘણાં ઉદાહરણો પૂર્વ સૂરિઓએ બતાવ્યાં છે, જે ઉદાહરણોને ગ્રંથકારશ્રી આગળમાં સ્પષ્ટ કરશે. **॥૮૧૫॥**

અવતરણિકા :-

उदाहरणान्येव विवक्षुस्तावत्तत्सम्बन्धमाह —

અવતરણિકાર્થ :-

ઉદાહરણોને જ કહેવાની ઈચ્છાથી પ્રથમ તેના સંબંધને=ઉદાહરણના સંબંધને, કહે છે —

ગાથા :-

केणइ रन्ना दिट्ठा सुमिणा किल अट्ठ दुसमसुसमंते ।
भीई चरमोसरणे तेसिं फलं भगवया सिट्ठं ।।८१६।।

અન્વયાર્થ :-

दुसमसुसमंते=દુઃષમા-સુષમાના અંતમાં, केणइ रन्ना=કોઈક રાજા વડે, अट्ठ सुमिणा किल दिट्ठा=આઠ સ્વપ્નો જોવાયાં. भीई=ભય=રાજાને ભય થયો. चरमोसरणे=ચરમ સમવસરણમાં, तेसिं फलं भगवया सिट्ठं=તેઓનું ફળ ભગવાન વડે કહેવાયું. ॥૮૧૬॥

ગાથાર્થ :-

દુઃષમા-સુષમાના અંતમાં કોઈક રાજા વડે આઠ સ્વપ્નો જોવાયાં. ભય=રાજાને ભય થયો. ચરમ સમવસરણમાં તેઓનું ફળ ભગવાન વડે કહેવાયું. ॥૮૧૬॥

ટીકા :-

केनचिदनिर्दिष्टनाम्ना राज्ञा उपलब्धा स्वप्ना निद्रायमाणावस्थायां मनोविज्ञानविकाररूपाः । किलेत्याप्तप्रवादसूचनार्थः । अष्टेतिसंख्या दुःषमसुषमान्तेऽस्यामवसर्पिण्यां चतुर्थारकपर्यवसाने । ततो जागरितस्य भीतिर्भयमुत्पन्नम् ततोऽपि च चरमसमवसरणे कार्तिकमासामावास्यायां तस्य पृच्छतः, तेषां स्वप्नानां फलं भगवता श्रीमन्महावीरेण शिष्टं कथितमिति ।।८१६।।

ભાવાર્થ :-

ચોથા આરાના અંતે કોઈક રાજાએ રાતના આઠ સ્વપ્ન જોયાં. તેનાથી ભય પામીને ભગવાનને તે સ્વપ્નોનું ફળ પૂછે છે અને ભગવાન તે સ્વપ્નોનું ફળ છેલ્લા સમવસરણમાં બતાવે છે, જે સ્વપ્નો આ કાળમાં શઠ આચરણા કરનારા સાધુઓ કેવાં હશે તેનો બોધ કરાવવા માટે ઉપયોગી છે તેથી ગ્રંથકારશ્રીએ તેને દૃષ્ટાંતો તરીકે અહીં ગ્રહણ કરેલ છે. **॥૮૧૬॥**

અવતરણિકા :-

स्वप्नानेवाह —

અવતરણિકાર્થ :-

સ્વપ્નાંઓને કહે છે —

ગાથા :-

गय[1] वाणर[2] तरु[3] धंख[4]े सिंह[5]े तह पउम[6] बीय[7] कलसे[8] य ।
पाएण दुस्समाए सुविणाणिट्ठ फलाऽधम्मे ।।८१७।।

અન્વયાર્થ :-

गय वाणर तरु धंखे सिंहे तह पउम बीय कलसे य=ગજ, વાનર, વૃક્ષ, કાગડો, સિંહ તથા પદ્મ, બીજ અને કળશો, दुस्समाए=દુઃષમામાં, पाएण=પ્રાયઃ, अधम्मे=અધર્મના વિષયમાં, सुविणाणिट्ठ फला=સ્વપ્નાંઓ અનિષ્ટ ફળવાળાં છે. ।।૮૧૭।।

ગાથાર્થ :-

ગજ, વાનર, વૃક્ષ, કાગડો, સિંહ તથા પદ્મ, બીજ અને કળશો દુઃષમામાં પ્રાયઃ અધર્મના વિષયમાં સ્વપ્નાંઓ અનિષ્ટ ફળવાળાં છે. ।।૮૧૭।।

ટીકા :-

गजवानरास्तरवो ध्वांक्षाः सिंहस्तथा पद्मबीजानि कलशाश्चेति । प्रायेण दुःषमायां स्वप्ना एतेऽनिष्टफला अधर्मे अधर्मविषय इति । अत्र च गाथायां वचनव्यत्ययः प्राकृतत्वात् ।।८१७।।

ભાવાર્થ :-

દુઃષમા કાળમાં કેવા શ્રાવકો અને સાધુઓ થશે જેઓ અધર્મની પ્રવૃત્તિવાળા થશે અને પ્રાયઃ અનિષ્ટના ફળને પ્રાપ્ત કરશે તેના સૂચવનારાં આ આઠ સ્વપ્નાંઓ છે જેનાથી પાંચમા આરાના ભગવાનના શાસનમાં અશઠ આચરણા બહુ અલ્પ રહેશે અને શઠ આચરણાથી ભગવાનનું શાસન વ્યાપ્ત રહેશે તેનું સૂચન થાય છે જેને કાંઈક વિસ્તારથી ગ્રંથકારશ્રી આગળ કહે છે. **॥૮૧૭॥**

અવતરણિકા :-

एतानेव स्वप्नान् प्रत्येकं गाथानां द्वयेन द्वयेनोपदर्शयन् गाथाषोडशकमाह –

અવતરણિકાર્થ :-

આ જ સ્વપ્નાંઓના પ્રત્યેકને બે બે ગાથાથી બતાવતાં સોળ ગાથાથી કહે છે –

ગાથા :-

चलयासाएसु गया चिट्ठंति पडंतएसुवि ण णिंति ।
णिंतावि तहा केई जह तप्पडणा विणस्संति ।।८१८।।
विरलतरा तह केई जह तप्पडणावि णो विणस्संति ।
एसो सुमिणो दिट्ठो फलमेत्थं सावगा णेया ।।८१९।।

અન્વયાર્થ :-

चलयासाएसु=ચલ આવાસોમાં=અત્યંત પડતર ઘરોમાં, गया चिट्ठंति=ગજો રહેશે=ગજ જેવા શ્રાવકો રહેશે. पडंतएसु वि ण णिंति=પડતા પણ ઘરમાંથી નિવર્તન પામશે નહીં=ગૃહવાસનો ત્યાગ કરશે નહીં. णिंता वि तहा केई=તે પ્રમાણે નીકળતા પણ કેટલાક=ગૃહવાસનો ત્યાગ કરતા પણ કેટલાક શ્રાવકો, जह=જે પ્રમાણે, तप्पडणा=તેના પાતથી=ઘર-સ્વજનાદિના પ્રતિબંધથી, विणस्संति=વિનાશ પામશે.

विरलतरा तह केई=અને કેટલાક વિરલા ગૃહસ્થો, जह=જે પ્રમાણે, तप्पडणावि=તેના પાતથી પણ=ગૃહાદિના ત્યાગથી પણ, णो विणस्संति=વિનાશ પામશે નહીં. एसो सुमिणो=આ સ્વપ્ન=ગજનું સ્વપ્ન, दिट्ठो=જોવાયું. फलमेत्थं सावगा णेया=અહીં શ્રાવકો ફળ જાણવા=ગજરૂપી સ્વપ્નનું ફળ શ્રાવકો જાણવા. ॥૮૧૮-૮૧૯॥

ગાથાર્થ :-

ચલ આવાસોમાં=અત્યંત પડતર ઘરોમાં, ગજો રહેશે=ગજ જેવા શ્રાવકો રહેશે. પડતા પણ ઘરમાંથી નિવર્તન પામશે નહીં=ગૃહવાસનો ત્યાગ કરશે નહીં. તે પ્રમાણે નીકળતા પણ કેટલાક=

ગૃહવાસનો ત્યાગ કરતા પણ કેટલાક શ્રાવકો, જે પ્રમાણે તેના પાતથી=ઘર-સ્વજનાદિના પ્રતિબંધથી, વિનાશ પામશે.

અને કેટલાક વિરલા ગૃહસ્થો જે પ્રમાણે તેના પાતથી પણ=ગૃહાદિના ત્યાગથી પણ, વિનાશ પામશે નહીં. આ સ્વપ્ન=ગજનું સ્વપ્ન, જોવાયું. અહીં શ્રાવકો ફળ જાણવા=ગજરૂપી સ્વપ્નનું ફળ શ્રાવકો જાણવા. ॥૮૧૮-૮૧૯॥

ટીકા :-

विविहोवद्दवबहुला चलंतसुहिसयणचित्तसंजोगा । चलपासायसमा खलु गिहवासा राय! होहिंति ।।१।। सण्णायगुणगणड्ढा परदुद्धरिसा गयव्व सड्ढावि । तेसु अइलुद्धगिद्धा विवेयकलियावि बाहिंति ।।२।। विसयाण कडुविवागं अणिच्चयं जीयजोव्वणधणाण । जाणंतावि हु मोहा निक्खमिउं नो तरिहिंति ।।३।। विहडंतम्मिवि विहवे पुणो दुरासाए मोहिया धणियं । वेरग्गविप्पमुक्का दुक्करकम्माइं काहिंति ।।४।। निक्खमिऊण य अण्णे घरसयणधणेसु निच्चपडिबद्धा । नीयावासविहारी दट्ठूण य तव्विवत्तीओ ।।५।। पडिबंधदोसओ च्चिय मंतोसहिमूलकम्ममाईसु । सावज्जेसु पसत्ता पायं होहिंति चुयधम्मा ।।६।। विरलाओ दूसमाएवि पडिबंधविवज्जिया जियकसाया । होहिंति सुद्धचरणा एसत्थो पढमसुविणस्स ।।७।।८१८-८१९।।

ભાવાર્થ :-

પાંચમા આરામાં ગૃહસ્થોનું જીવન અનેક ઉપદ્રવોથી બહુલ અને અનેક આપત્તિઓથી ઘેરાયેલો ગૃહવાસ હશે જે જોઈને પણ વિવેકીને ભોગની લાલસા શાંત થાય છતાં કાળના દોષને કારણે સદ્જ્ઞાનથી યુક્ત વિવેકવાળા શ્રાવકો પણ વિષયોમાં અતિલુબ્ધ અને ગૃદ્ધિવાળા થશે. તેથી ભોગનો ત્યાગ કરશે નહીં અને વિષયોના કટુ વિપાકને જાણવા છતાં મોહથી સંયમ લેવા માટે તત્પર થશે નહીં. વળી, કોઈક શ્રાવકો ગૃહવાસના સંયોગોને અને તેવા પ્રકારની વિષમ સ્થિતિ જોઈને સંયમ ગ્રહણ કરશે તોપણ બાહ્ય પ્રતિબંધવાળું ચિત્ત હોવાથી વિષયોના પ્રતિબંધથી વિનાશ પામશે તેથી શ્રાવકો કોઈક રીતે કાંઈક વિવેક પામીને પણ પ્રમાદવશ સંસારમાં વિનાશ પામશે અને સંયમ લઈને પણ વિનાશ પામશે તે સર્વ તેઓની શઠ આચરણારૂપ જ થશે.

વળી, કેટલાક વિરલા જ શ્રાવકો ગૃહવાસના પ્રતિબંધથી વિનાશ પામશે નહીં અર્થાત્ ગૃહવાસમાં પણ વિષયોથી પરાઙ્મુખ રહેશે અને સંયમ ગ્રહણ કરશે તોપણ વિષયોમાં પ્રતિબંધ વગર આત્મહિત સાધશે. આ પ્રકારનું ગજના સ્વપ્નનું દૃષ્ટાંત છે જેનું ફળ શ્રાવકોના સ્વરૂપનું જ્ઞાન છે અર્થાત્ ગજ જેવા શ્રાવકો પણ પ્રાયઃ હિત કરશે નહીં, કોઈક જ હિત કરશે એ પ્રકારનું રાજાએ જોયેલા ગજ સ્વપ્નનું ફળ છે. **॥૮૧૮-૮૧૯॥**

ગાથા :-

बहुवाणरमज्झगया तव्वसहा असुइणो विलिंपंति ।
अप्पाणं अण्णेवि य तहाविहो लोगहसणं च ।।८२०।।
विरलाणमलिंपणया तदण्णखिंसा ण एयमसुइत्ति ।
सुविणोयं एयस्स उ विवाग मो णवरि आयरिया ।।८२१।।

અન્વયાર્થ :-

बहुवाणरमज्झगया=બહુ વાનર મધ્યમાં રહેલા, तव्वसहा=તેના વૃષભો=આચાર્યો, असुइणो अप्पाणं अण्णेवि य विलिंपंति=અશુચિથી આત્માને અને અન્યને પણ વિલેપન કરે છે, तहाविहो लोगहसणं च= તેવા પ્રકારના લોકોનું હસન થશે=વિવેકી બોધવાળા જીવોનું તે આચાર્યનાં કૃત્યો પ્રત્યે હસન થશે.

विरलाणमलिंपणया=વિરલા સાધુઓનું અલેપપણું થશે, तदण्णखिंसा=(અને) તેમનાથી અર્થાત્ પ્રમાદી આચાર્યોથી અન્યની ખિંસા=વિરલા એવા સુસાધુની પ્રમાદી આચાર્યો વડે નિંદા, ण एयमसुइत्ति=એ રીતે અશુચિ નથી='અમે કરીએ છીએ તે કર્મબંધને કરાવે તેવી ક્રિયા નથી' એ પ્રમાણે આચાર્યો કહેશે, सुविणोयं=સ્વપ્ન આ=વાનરનું સ્વપ્ન છે. एयस्स उ विवाग=અને આનો વિપાક, मो णवरि आयरिया=કેવળ આચાર્યો છે=આવા આચાર્યો થશે એ એનો વિપાક છે. ।।૮૨૦-૮૨૧।।

ગાથાર્થ :-

બહુ વાનર મધ્યમાં રહેલા તેના વૃષભો=આચાર્યો, અશુચિથી આત્માને અને અન્યને પણ વિલેપન કરે છે. તેવા પ્રકારના લોકોનું હસન થશે=વિવેકી બોધવાળા જીવોનું તે આચાર્યનાં કૃત્યો પ્રત્યે હસન થશે.

વિરલા સાધુઓનું અલેપપણું થશે અને તેમનાથી અર્થાત્ પ્રમાદી આચાર્યોથી અન્યની ખિંસા=વિરલા એવા સુસાધુની પ્રમાદી આચાર્યો વડે નિંદા, એ રીતે અશુચિ નથી='અમે કરીએ છીએ તે કર્મબંધને કરાવે તેવી ક્રિયા નથી' એ પ્રમાણે આચાર્યો કહેશે. સ્વપ્ન આ=વાનરનું સ્વપ્ન છે અને આનો વિપાક કેવળ આચાર્યો છે=આવા આચાર્યો થશે એ એનો વિપાક છે. ।।૮૨૦-૮૨૧।।

ટીકા :-

'बहुवानरेत्यादि' चलचित्ताण सहावा गुणतरुविहरेसु निच्चमथिराण । जइवानराण वसहा आयरियाई भविस्संति ।।१।। आहाकम्मुवभोगो पडिबंधो गेहसयणसड्ढेसु । उवहिम्मि गाढमुच्छा परोप्परासंखडं असई ।।२।। संजमविरुद्धचेट्ठा सव्वा दव्वत्थयाइया अहवा । असुई तेणप्पाणं लिंपिस्संती तह परंपि ।।३।। तहियं पवत्तयंता पक्खग्गाहेण वा विसंवाए । एवं ते हासपयं परतित्थीणंपि होहिंति

।।४।। काहिंति तहा खिंसं अन्नेसिं तप्पवित्तिविमुहाणं । पन्नविया भणिहंती न हु दोसो एत्थ सुणहित्थं ।।५।। कलहेमो नीइकए दव्वत्थओ तित्थउन्नइनिमित्तं । आहाकम्मेण विणा नगउरवं गुरुजणे होइ ।।६।। अक्खरसिक्खावणओ किसिआरंभो न होइ सड्ढाणं । वेज्जयवेज्जाईहिं सावयरक्खा तओ तेहिं ।।७।। एवं तु अहाच्छंदा पायं होहिंति निग्गुणा गुरुणो । विरला उ सुद्धसीला बीयय-सुविणस्स एसत्थो ।।८।।८२०-८२१।।

ભાવાર્થ :-

બીજા સ્વપ્નનું ફળ કહેતા ભગવાન કહે છે – પાંચમા આરામાં વાનર જેવા અત્યંત ચપળ સ્વભાવવાળા અને ગુણરૂપી વૃક્ષોમાં વિચરવા માટે નિત્ય અસ્થિર સ્વભાવવાળા યતિરૂપી વાનરો થશે અને તેના વૃષભ= આચાર્ય, થશે જેથી તે આચાર્ય અને તે સાધુઓ આધાકર્મીનો ઉપભોગ કરશે, ભોગસામગ્રીમાં પ્રતિબંધ કરશે, ઉપધિમાં ગાઢ મૂર્ચ્છા કરશે, પરસ્પર સંક્લેશ કરશે, દ્રવ્યસ્તવાદિ સંયમવિરુદ્ધ ચેષ્ટા કરશે અને અશુચિ એવા તેનાથી=સંયમવિરુદ્ધ અશુભ ચેષ્ટાથી, પોતાને અને બીજાને લેપશે. વળી, પોતાની અનુચિત પ્રવૃત્તિ ઉચિત છે એમ સ્થાપન કરવા માટે જે સુસાધુઓ માર્ગની ઉચિત પ્રવૃત્તિ કરે છે તેની નિંદા કરશે જેથી પોતાની અનુચિત પ્રવૃત્તિ લોકોને ઉચિતરૂપે જણાય અને મધ્યસ્થ વિચારક જીવો તે આચાર્યની તેવી પ્રવૃત્તિ જોઈને હસશે. આ રીતે ગુરુઓ પ્રાયઃ નિર્ગુણ અને યથાછંદી થશે. શુદ્ધ શીલવાળા ગુરુઓ બહુ થોડા થશે તે બીજા સ્વપ્નનો અર્થ છે. **॥૮૨૦-૮૨૧॥**

ગાથા :-

खीरतरुसुहछाया तेसिमहो सीहपोयगा बहुगा ।
चिट्ठंति संतरूवा लोगपसंसा तहाहिगमो ।।८२२।।
ते सिंखडा उ पायं सुणगा तरुवणलयत्ति पडिहासो ।
एसो सुमिणो दिट्ठो फलमेत्थं धम्मगच्छत्ति ।।८२३।।

અન્વયાર્થ :-

खीरतरुसुहछाया=ક્ષીરતરુની સુખછાયા (જેવા શ્રાવકો પૂર્વમાં હતા.), तेसिमहो सीहपोयगा बहुगा संतरूवा चिट्ठंति=તેની નીચે સિંહ જેવા ઘણા સાધુઓ સંતરૂપવાળા રહે છે. लोगपसंसा=લોકોની પ્રશંસા થાય છે અર્થાત્ 'આ મહાત્માઓ તદ્દન અસંગવાળા છે' તે પ્રકારે લોકો વડે પ્રશંસા થાય છે. तहाहिगमो=તે પ્રકારનો અધિગમ=પૂર્વના સાધુઓ તે બીજા સ્વપ્નની આચરણાવાળા હતા.

ते=તેઓ=વર્તમાનના સાધુઓ અને શ્રાવકો, सिंखडा उ पायं=પ્રાયઃ બબુલ જેવા=પ્રાયઃ કાંટાવાળા બાવળ જેવા થશે. सुणगा=શૂન્ય ચિત્તવાળા, तरुवणलयत्ति=વિનાશ પામેલા તરુવનવાળા, पडिहासो=

પ્રતિભાસ=લોકો માટે પ્રતિભાસ માટે થશે. એસો સુમિણો=આ સ્વપ્ન=ક્ષીરવૃક્ષનું સ્વપ્ન, દિટ્ઠો=જોવાયું. ફલમેત્થં ધમ્મગચ્છત્તિ=અહીં ધર્મગચ્છ ફળ છે=ધર્મગચ્છ વર્તમાનમાં આવો થશે. ॥૮૨૨-૮૨૩॥

ગાથાર્થ :-

ક્ષીરતરુની સુખછાયા જેવા શ્રાવકો પૂર્વમાં હતા. તેની નીચે સિંહ જેવા ઘણા સાધુઓ સંતરૂપવાળા રહે છે. લોકોની પ્રશંસા થાય છે અર્થાત્ 'આ મહાત્માઓ તદ્દન અસંગવાળા છે' તે પ્રકારે લોકો વડે પ્રશંસા થાય છે. તે પ્રકારનો અધિગમ=પૂર્વના સાધુઓ તે બીજા સ્વપ્નની આચરણાવાળા હતા.

તેઓ=વર્તમાનના સાધુઓ અને શ્રાવકો, પ્રાયઃ બબુલ જેવા=પ્રાયઃ કાંટાવાળા બાવળ જેવા થશે. શૂન્ય ચિત્તવાળા વિનાશ પામેલા તરુવનવાળા પ્રતિભાસ=લોકો માટે પ્રતિભાસ માટે થશે. આ સ્વપ્ન=ક્ષીરવૃક્ષનું સ્વપ્ન, જોવાયું. અહીં ધર્મગચ્છ ફળ છે=ધર્મગચ્છ વર્તમાનમાં આવો થશે. ॥૮૨૨-૮૨૩॥

ટીકા :-

'खीरतरू' इत्यादि । इह खीरतरुसरिच्छा सुसावगा पवयणुन्नइपसत्ता । गुरुवच्छला सुभणिया उदारचित्ता महासत्ता ।।१।। तण्णिस्साछायासुं पसंतरूवा वसंति मुणिसीहा । उवसग्गपरीसहसज्झ-सुज्झिया सुट्ठु सोंडीरा ।।२।। लद्धपसंसा लोए अहो इमे एत्थ पुन्नजम्माणो । अक्खलिओऽहिगमो वत्थपत्तपाणासणाईण ।।३।। सुद्धाणुट्ठाणवसा निव्वाणफलप्पसाहगा पुव्विं । ते दूसमाणुभावा होहिंति पमाइणो पायं ।।४।। काहिंति संखडाई न उज्जमिस्संति चरणकरणेसु । तो ते अन्नेवि मुणी होहिंति अणाइया लोए ।।५।। होहिंति य पाएणं दंसणबज्झव्व साहुपडिणीया । सड्ढावि दुव्वियड्ढा नडिया कुग्गाहभाईहिं ।।६।। तो दाणधम्मबुद्धिं विहणंता अप्पणो परेसिं च । वट्टिस्संति न पायं उवग्गहे तदुचियाणंपि ।।७।। णाणलवबद्धगव्वा उत्तरपडिउत्तरेहिं गुरुवग्गं । दुव्वयणकंटियाहिं तवहिंति परोक्खपच्चक्खं ।।८।। एवं बब्बूल समा होहिंति उवासगावि दुसमाए । पडिकूलाणवि तेसिं इयरे काहिंति अणुवित्तिं ।।९।। गुणरहियअप्पसत्ता पायडदोसत्ति दीणयं पत्ता । जुत्तमजुत्तं तेसिं बहु मन्निस्संति ववहारं ।।१०।। बहुकम्मरया एवं सुणगा होहिंति धम्मगच्छावि । थोवा पुव्वुत्तगुणा उभएवि य तइयसुविणत्थो ।।११।।८२२-८२३।।

ભાવાર્થ :-

ભગવાનના શાસનમાં પૂર્વે શ્રાવકો ક્ષીરવૃક્ષની છાયા જેવા હતા તેથી પ્રવચનની ઉન્નતિને કરનારા ગુરુ પ્રત્યે વત્સલ સ્વભાવવાળા, ઉદાર સ્વભાવવાળા, મહાસાત્ત્વિક હતા અને તેઓની નિશ્રારૂપી છાયામાં પ્રશાંતરૂપવાળા મુનિસિંહો વસતા હતા અર્થાત્ તે શ્રાવકો તે મુનિસિંહોની હિતની વૃદ્ધિને અનુકૂળ ઉચિત

ચિંતા કરનારા હતા. વળી, ઉપસર્ગ-પરિષહ-સ્વાધ્યાયાદિમાં અત્યંત શૂરવીર હતા. લોકોમાં તેઓના આચારોથી અત્યંત પ્રશંસા થતી હતી. પૂર્વના કાળમાં એવા સાધુઓ અને શ્રાવકો હતા.

વર્તમાનમાં કાળદોષને કારણે બાવળના કાંટા જેવા શ્રાવકો થશે. વળી, ગુરુવર્ગ પણ અને સાધુસમુદાય પણ તેવો જ પ્રમાદી થશે જે ક્ષીરવૃક્ષરૂપ સ્વપ્નનું ફળ છે અર્થાત્ પૂર્વમાં ક્ષીરવૃક્ષ જેવા સાધુઓ અને શ્રાવકો હતા તે હવે બાવળ જેવા થશે.

(અહીં ધર્મગચ્છ ફળ છે=ધર્મને સેવનારા સાધુઓ અને શ્રાવકો પાંચમા આરામાં આવા પ્રકારના હીન થશે એ વૃક્ષરૂપ ત્રીજા સ્વપ્નનું ફળ છે.) **॥૮૨૨-૮૨૩॥**

ગાથા :-

धंखा वावीय तडे विरला ते उण तिसाए अभिभूया ।
पुरओ मायासरदंसणेण तह संपयट्टंति ।।८२४।।
केणइ कहणा णिसेहे सद्दहणा पायसो गम विणासं ।
सुमिणो यं एयस्स उ विवाग मो मूढधम्मरया ।।८२५।।

અન્વયાર્થ :-

धंखा=કાગડા, वावीय तडे=વાવડીના તટમાં રહેલા હતા. विरला ते उण=તે વળી વિરલ થઈ=વાવડી અલ્પ પાણીવાળી થઈ. तिसाए अभिभूया=તૃષાથી અભિભૂત થયા=તે કાગડાઓ તૃષાથી અભિભૂત થયા. पुरओ मायासरदंसणेण=દૂરથી માયાસરોવરના દર્શનથી, तह संपयट्टंति=ત્યાં સંપ્રવૃત્ત થયા.

केणइ कहणा=કોઈક કાગડા વડે કથના કરાઈ. णिसेहे सद्दहणा=નિષેધમાં કોઈક વડે શ્રદ્ધા કરાઈ. पायसो=પ્રાયઃ, गम=ગમન=તે માયાસરોવર તરફ ગયા. विणासं=વિનાશ થયો. सुमिणो यं=આ સ્વપ્ન=કાગડાનું સ્વપ્ન, एयस्स उ विवाग=અને આનો વિપાક, मो मूढधम्मरया=મૂઢધર્મરત (સાધુઓ અને શ્રાવકો થશે.) ॥૮૨૪-૮૨૫॥

ગાથાર્થ :-

કાગડા વાવડીના તટમાં રહેલા હતા. તે વળી વિરલ થઈ=વાવડી અલ્પ પાણીવાળી થઈ. તૃષાથી અભિભૂત થયા=તે કાગડાઓ તૃષાથી અભિભૂત થયા. દૂરથી માયાસરોવરના દર્શનથી ત્યાં સંપ્રવૃત્ત થયા.

કોઈક કાગડા વડે કથના કરાઈ. નિષેધમાં કોઈક વડે શ્રદ્ધા કરાઈ. પ્રાયઃ ગમન=તે માયાસરોવર તરફ ગયા. વિનાશ થયો. આ સ્વપ્ન=કાગડાનું સ્વપ્ન, અને આનો વિપાક મૂઢધર્મરત સાધુઓ અને શ્રાવકો થશે. ॥૮૨૪-૮૨૫॥

ટીકા :-

'धंखेत्यादि' । इह तुच्छणाणसलिला पयईए संकडा अगंभीरा । वाविव्व दुरवगाहा गुरुणो होहिंति णरनाह! ।।१।। धंखव्व तयासन्ने अमहिच्छा चलमणा अथिरदिट्ठी । समणोवासगजइणो सिढिलायारा चरिस्संति ।।२।। तेसिं च केइ सविसेसधम्मतण्हालुया अविन्नाणा । कालाणुरूवकिरियंपि नियगुरुं निग्गुणं गणिउं ।।३।। मायण्हियासमेसुं नियमइकप्पियगुणेसु विविहेसु । संजायभत्तिराया पासत्थाईसु गमिहिंति ।।४।। मज्झत्थजाणगेहिं पण्णवियावि हु असद्दहाणे उ । ठाहिंति ते यपायं मरिहंति य धम्मजीएण ।।५।। गुरुजणजणियावण्णा सड्ढावि कुतित्थियाइजोएण । दंसणजीयविउत्ता भमिहिंति भवन्नवे घोरे ।।६।। अप्पा विवेयकलिया वाविसमाणवि गुरूण आणाए । साहिस्संति सुधम्मं चउत्थसुविणप्फलं एयं ।।७।।८२४-८२५।।

ભાવાર્થ :-

જેમ કેટલાક કાગડાઓ અલ્પ પાણીવાળી વાવડીના તટમાં રહેતા હતા તેમ વર્તમાનકાળના દોષથી અલ્પજ્ઞાનના પાણીવાળા, પ્રકૃતિથી સંક્લેશવાળા, અગંભીર વાવડીની જેમ અલ્પપાણી હોવાથી દુઃખે કરીને અવગાહન થઈ શકે તેવા ગુરુઓ થશે અને જેમ તે કાગડાઓ ત્યાં અલ્પ પાણી હોવાને કારણે તૃષાથી અભિભૂત થઈને માયાપાણીને જોઈને ત્યાં જવા પ્રવૃત થયા અને કેટલાક વિવેકી કાગડાઓએ તેમનું વારણ કર્યું તેથી વિવેકી કાગડાઓના વચનની શ્રદ્ધાથી કેટલાક કાગડાઓ ત્યાં રહ્યા અને ઘણા કાગડાઓ તે માયાપાણીને જોઈને તે સ્થાનમાં ગયા અને ત્યાં પાણી નહીં હોવાથી મૃત્યુને પામ્યા તેમ અલ્પ જ્ઞાનવાળા પણ ગુણસંપન્ન ગુરુથી તૃષા શાંત નહીં થવાના કારણે જેઓ બાહ્ય આડંબરવાળા શિથિલ આચારવાળા કુગુરુઓ 'જ્ઞાનવાળા છે' તેમ માનીને તેઓની પાસે જવા પ્રવૃત્ત થશે ત્યારે કોઈક વિવેકી સાધુઓ તેઓને વારણ કરશે તેથી કેટલાક તેમની શ્રદ્ધાથી તે માર્ગને કહેનારા ગુરુઓ પાસે રહેશે અને બાહ્ય આડંબરથી પ્રભાવિત થયેલા ઘણા સાધુઓ પાસત્થાઓ પાસે જશે અને ત્યાં ધર્મનો નાશ થવાથી વિનાશ પામશે અર્થાત્ સમ્યગ્દર્શનથી અને જીતવ્યવહારથી રહિત હોવાને કારણે ઘોર સંસારમાં ભમશે. જેઓ વિવેકવાળા છે તેઓ ગુરુઆજ્ઞામાં રહીને સુધર્મને સાધશે એ ચોથા સ્વપ્નનું ફળ છે.

આનાથી વર્તમાન કાળમાં તેવા પ્રકારનો શઠ આચાર પ્રવર્તશે અને અશઠ આચારવાળા કોઈક જ સુસાધુઓ કે શ્રાવકો હશે તેનો બોધ થાય છે માટે તેમાં આ દૃષ્ટાંતો આપેલ છે. **॥૮૨૪-૮૨૫॥**

ગાથા :-

सीहो वणमज्झम्मी अणेगसावयगणाउले विसमे ।
पंचत्तगओ चिट्ठइ णय तं कोई विणासेइ ।।८२६।।
तत्तो कीडगभक्खणपायं उप्पायदद्दुमण्णेवि ।
सुमिणोत्ति इमस्सत्थो पवयणनिद्धंधसाईया ।।८२७।।

અન્વયાર્થ :-

અણેગસાવયગણાઉલે વિસમે વણમજ્ઝમ્મી=અનેક પશુઓના સમૂહમાં આકુળ વિષમ વનની મધ્યમાં, પંચત્તગઓ સીહો ચિટ્ઠઇ=મૃત્યુપણાને પામેલો સિંહ પડેલો છે. ણ ય તં કોઈ વિણાસેઇ=અને કોઈ તેનો વિનાશ કરતું નથી.

તત્તો કીડગભક્ખણપાયં ઉપ્પાયદટ્ઠું=ત્યારપછી કીડીઓના ભક્ષણ પ્રાયઃ એવા ઉપદ્રવવાળું જોઈને, અણ્ણેવિ=અન્ય પણ (તેનો નાશ કરે છે), સુમિણોત્તિ ઇમસ્સત્થો=આ સ્વપ્નનો અર્થ=સિંહના સ્વપ્નનો અર્થ, પવયણનિદ્ધંધ-સાઈયા=પ્રવચનને નિર્ધ્વંસ કરનારા આદિ છે. ॥૮૨૬-૮૨૭॥

ગાથાર્થ :-

અનેક પશુઓના સમૂહમાં આકુળ વિષમ વનની મધ્યમાં મૃત્યુપણાને પામેલો સિંહ પડેલો છે અને કોઈ તેનો વિનાશ કરતું નથી.

ત્યારપછી કીડીઓના ભક્ષણ પ્રાયઃ એવા ઉપદ્રવવાળું જોઈને અન્ય પણ તેનો નાશ કરે છે. આ સ્વપ્નનો અર્થ=સિંહના સ્વપ્નનો અર્થ, પ્રવચનને નિર્ધ્વંસ કરનારા આદિ છે. ॥૮૨૬-૮૨૭॥

ટીકા :-

'सीहो' इत्यादि । अइसयणाणपरक्कमवित्तासियविविहकुमयमयनिवहो । कुग्गाहगयपणासी सीहसमो एस जिणधम्मो ।।१।। बहुविहलद्धिजुएहिं देविंदाईहिं वंदियपएहिं । साहूहिं परिग्गहिओ परिभूओ णेय केणावि ।।२।। कुमयवणसंडगुविले कुदेसणावल्लिभग्गमग्गम्मि । कुग्गाहगत्तपउरे भरहारण्णम्मि दुसमाए ।।३।। सो मयसीहसरिच्छो होही वोच्छिन्नअइसयप्पसरो । तहवि हु पुव्वगुणेहिं न हु गम्मो खुद्दलोयस्स ।।४।। होहिंति कीडयसमा संपागडसेविणो दुरायारा । एत्थेव य जइगिहिणो पवयणनिद्धंधसा खुद्दा ।।५।। छक्कायनिरणुकंपा कयविक्कयमंतविज्जयाईहिं। अत्थज्जणेक्करसिया लोयावज्जणपरा पावा ।।६।। अन्नेवि आइसद्दा अवन्नवाउज्जुया मुणिजणस्स । समइविगप्पियकिरिया तवस्सिणो जे अगीयत्था ।।७।। एएहिं जणियछिद्दं दट्ठुं अन्नेवि तव्विघायत्थं । वट्टिस्संति गयभया पंचमसुविणस्स फलमेयं ।।८।।૮૨૬-૮૨૭।।

ભાવાર્થ :-

ભગવાનનો ધર્મ સિંહ જેવો છે તેથી તેનો કોઈ અભિભવ કરી શકે તેમ નથી. જેમ વનમાં રહેલો સિંહ મૃત્યુ પામેલો છતાં સિંહ છે તેથી કોઈ પશુ તેને મારવા માટે આવતા નથી તેમ ભગવાનનું શાસન શ્રુતજ્ઞાનરૂપ છે પરંતુ તે શ્રુતજ્ઞાન પ્રાયઃ નષ્ટ જેવું છે; કેમ કે સાધુઓ અને શ્રાવકો પાંચમા આરામાં પ્રાયઃ શ્રુત ભણનારા નથી તેથી વિનાશ પામેલા જેવું છે તોપણ ભગવાનના શાસનની ઉચિત પ્રવૃત્તિ સિંહ જેવી હોવાથી કોઈ તેનો વિનાશ કરતું નથી અર્થાત્ પરદર્શનવાળા તેનો અભિભવ કરતા નથી તોપણ પાંચમા આરામાં વિષમ

કાળને કારણે ભગવાનના શ્રાવકો અને સાધુઓ જ તે સિંહના શરીરમાં પ્રગટ થયેલા કીડા જેવા ભગવાનના શાસનનો નાશ કરશે અને તેને જોઈને અન્ય પણ તેનો વિનાશ કરશે. આથી જ વર્તમાનના સાધુઓમાં અને શ્રાવકોમાં અંદર અંદર કલહ થવાને કારણે અન્ય લોકોને પણ આ ભગવાનનું શાસન નિઃસાર છે એવું જણાય છે. આ રીતે ભગવાનના પ્રવચનના નાશ કરનારા આદિ આ સ્વપ્નનાં ફળો છે. ॥૮૨૬-૮૨૭॥

ગાથા :-

पउमागरा अपउमा गद्दभगजुयाय चत्तणियरूवा ।
उक्कुरुडियाए पउमा तत्थवि विरला तहारूवा ।।८२८।।
तेवि य जणपरिभूया सकज्जणिप्फायगा ण पाएण ।
सुमिणसरूवं वीणणमिमस्स धम्मम्मि पच्चत्ता ।।८२९।।

અન્વયાર્થ :-

गद्दभगजुयाय=ગધેડાઓથી ભગ્ન કરાયેલા કિનારાવાળા, चत्तणियरूवा=ત્યાગ કરાયેલા નિજરૂપવાળા अपउमा=અપદ્મવાળા, पउमागरा=પદ્મસરોવરો, (સ્વપ્નમાં જોવાયાં.) उक्कुरुडियाए पउमा=ઉકરડાઓમાં પદ્મો હતા, तत्थवि=ત્યાં પણ=ઉકરડામાં થયેલાં પદ્મોમાં પણ, विरला तहारूवा=વિરલા તેવા રૂપવાળા=સુંદર રૂપવાળા હતા.

ते वि य=અને તે પણ, जणपरिभूया=લોકોથી પરિભવ પામેલા, पाएण=પ્રાયઃ, सकज्जणिप्फायगा ण=સ્વકાર્યના નિષ્પાદક ન હતા=સ્વકાર્યના નિષ્પાદનમાં અસમર્થ હતા. सुमिणसरूवं वीणणं=આ સ્વપ્નનું પ્રગટ સ્વરૂપ=પદ્મના સ્વપ્નનું પ્રગટ સ્વરૂપ, इमस्स=આમના=ધર્મ કરનારાઓના, धम्मम्मि पच्चत्ता=ધર્મના વિષયમાં પ્રાપ્ત થયું. ॥૮૨૮-૮૨૯॥

ગાથાર્થ :-

ગધેડાઓથી ભગ્ન કરાયેલા કિનારાવાળા ત્યાગ કરાયેલા નિજરૂપવાળા અપદ્મવાળા પદ્મસરોવરો સ્વપ્નમાં જોવાયાં. ઉકરડાઓમાં પદ્મો હતા ત્યાં પણ=ઉકરડામાં થયેલાં પદ્મોમાં પણ, વિરલા તેવા રૂપવાળા=સુંદર રૂપવાળા હતા.

અને તે પણ લોકોથી પરિભવ પામેલા પ્રાયઃ સ્વકાર્યના નિષ્પાદક ન હતા=સ્વકાર્યના નિષ્પાદનમાં અસમર્થ હતા. આ સ્વપ્નનું પ્રગટ સ્વરૂપ=પદ્મના સ્વપ્નનું પ્રગટ સ્વરૂપ, આમના=ધર્મ કરનારાઓના, ધર્મના વિષયમાં પ્રાપ્ત થયું. ॥૮૨૮-૮૨૯॥

ટીકા :-

'पउमागरा' इत्यादि । एत्थ य सहावविमलाणि सीलसुरभीणि अप्पसत्ताणि । सिरधारणोचियाइं

तियसाणवि पउमकप्पाइं ।।१।। धम्मियजणपत्ताइं तयागरा उग्गभोगमाईणि । उत्तमकुलाणि अहवा सागेयपुराइनयराणि ।।२।। दूसमवसेण होही न धम्मपत्ताण तेसु उप्पत्ती । गद्दभगविब्भमाणं सबलसहावाण वा भावो ।।३।। ताणिवि न नियं रूवं धरिहिंति जहुत्तलिंगमेत्तंपि । उक्कुरु-डियासरिच्छं पंतकुला अहव पच्चंता ।।४।। धम्मत्थिनरा तेसुं वक्कजडा मंदबुद्धिणो पायं । होहिंति अप्पछंदा गुरुलाघवणाणपरिहीणा ।।५।। थेवा पसंतरूवा गुरुजणबहुमाणिणो असढसीला । मइमंतो सक्किरिया विरियणुरूवं जइस्संति ।।६।। सुहसीलथूलमइणा जणेण पाएण तेवि परिभूया । साहिस्संति न सुगइं अणुसइगव्वाइदोसेहिं ।।७।। एत्थम्मि अप्पतरगा सद्धम्माराहगा भविस्संति । छट्ठसुविणस्स एसो परूविओ तुम्ह भावत्थो ।।८।।८२८-८२९।।

ભાવાર્થ :-

ધર્મ કરનારા જીવો પ્રાયઃ ધર્મ કરીને આવતા હોવાથી ઉત્તમ કુળોમાં ઉત્તમ ગુણોવાળા પૂર્વમાં થતા હતા. પરંતુ દુઃષમાકાળમાં પ્રાયઃ ઉત્તમ કુળોમાં ભોગવિલાસ સિવાય ધર્મનો અભાવ પ્રાપ્ત થશે; કેમ કે સંક્લિષ્ટ ધર્મ કરીને પ્રાયઃ જીવો ઉત્તમ કુળમાં આવશે, એથી અપદ્મવાળા પદ્મસરોવર જેવો પાંચમા આરામાં ઉત્તમ કુળો હશે અને તે પણ ઉત્તમ કુળો ભોગાદિ પ્રવૃત્તિઓથી વિનાશ પામેલાં હશે; કેમ કે ભોગાદિમાં ગૃદ્ધિવાળાં થશે તેથી ધર્મપરાયણ એવા ઉત્તમ કુળના સ્વરૂપ વગરનાં જણાશે. વળી, ઉકરડામાં પદ્મ ઊગેલાં જોયાં તેમ સામાન્ય કુળોમાં અને તુચ્છ કુળોમાં ધર્મની પ્રવૃત્તિ દેખાશે. ત્યાં પણ વિરલા જ તેવા સ્વરૂપવાળા હશે=થોડા જ જીવો પારમાર્થિક ધર્મની પ્રવૃત્તિ કરનારા હશે અને તેઓ પણ લોકોથી પરિભવને પામેલા પ્રાયઃ પોતાના હિતને સાધી શકશે નહીં; કેમ કે સંયોગોથી પરિભવ પામવાને કારણે સંક્લેશને પામનારા થવાથી આત્મહિત સાધી શકશે નહીં. આ પ્રકારના ધર્મના વિષયમાં પ્રાપ્ત થશે એ સ્વપ્નનું ફળ છે. **॥૮૨૮-૮૨૯॥**

ગાથા :-

बीएसु करिसगो कोइ दुव्वियड्ढोत्ति जत्तओ किणइ ।
बीजेत्ति अबीजेवि य पइरइय तहा अखित्तेसु ।।८३०।।
अवणेइय तं मज्झे विरलं बीयं समागयंपीहं ।
सुमिणेत्ति इमस्सत्थो विण्णेओ गमणऽपत्ताई ।।८३१।।

અન્વયાર્થ :-

बीएसु करिसगो कोइ दुव्वियड्ढो=કોઈ ખેડૂત બીજોમાં દુર્વિદગ્ધ છે. त्ति जत्तओ=તેથી યત્નથી, बीजेत्ति अबीजेवि किणइ=બીજની જેમ અબીજને પણ ખરીદે છે. पइरइय य तहा अखित्तेसु=અને અક્ષેત્રમાં તેને વાવે છે.

इहं=અહીં=ખેડૂત વગેરે વડે ખરીદ કરાયેલા બીજમાં, समागयं पि=સમાગત પણ, विरलं बीयं तं मज्झे अवणेइ य=વિરલા બીજને તેના મધ્યમાંથી દૂર કરે છે અર્થાત્ 'આ બીજ નકામાં છે' એમ માનીને કાઢી નાંખે છે. सुमिणेत्ति इमस्सत्थो विण्णेओ=આ સ્વપ્નનો આ અર્થ જાણવો=બીજના સ્વપ્નનો આ અર્થ જાણવો. गमण पत्ताई=અપાત્રમાં ગમન=દાનાદિ અપાત્રમાં આપશે. ।।૮૩૦-૮૩૧।।

ગાથાર્થ :-

કોઈ ખેડૂત બીજોમાં દુર્વિદગ્ધ છે. તેથી યત્નથી બીજની જેમ અબીજને પણ ખરીદે છે અને અક્ષેત્રમાં તેને વાવે છે.

અહીં=ખેડૂત વગેરે વડે ખરીદ કરાયેલા બીજમાં, સમાગત પણ વિરલા બીજને=સાચા બીજને, તેના મધ્યમાંથી દૂર કરે છે અર્થાત્ 'આ બીજ નકામાં છે' એમ માનીને કાઢી નાંખે છે. આ સ્વપ્નનો આ અર્થ જાણવો=બીજના સ્વપ્નનો આ અર્થ જાણવો. અપાત્રમાં ગમન=દાનાદિ અપાત્રમાં આપશે. ।।૮૩૦-૮૩૧।।

ટીકા :-

'बीएसु' इत्यादि । किसिकम्मसमो सुरनरभोगफलो सुद्धदाणधम्मुत्थ । करिसगसमा य पहुणो छित्ताइं सुद्धपत्ताइं ।।१।। बीयाणि पुणो णायागयाओ आहारउवहिवसहीओ । उग्गमउप्पायणएसणाहिं णियमा विसुद्धाइं ।।२।। दुसमाए दायारो सबुद्धिबहुमाणिणो अगीया य । दुवियड्ढकरिसगा इव न सुद्धदाणे रमिस्संति ।।३।। धरिहिंति पक्खवायं आहाकम्माइ दोसदुट्ठम्मि । पउरम्मि मणुन्नम्मि दाणम्मि अ बीयकप्पम्मि ।।४।। वियरिस्संति तयं पुण छक्कायविराहणापसत्तेसु । निक्कारणपडिसेविसु ऊसरसरिसेसुं पत्तेसु ।।५।। सुद्धंपि घयगुलाई काउं ओगाहिमाइरूवेण । दाहिंति तुच्छबीया मिच्छावच्छल्लतत्तिल्ला ।।६।। अहव तिलभूमिगावीजुत्तहलाईणि पावहेऊणि । पायं दाहिंति जणा सारंभाऽबंभयारीणं ।।७।। सुद्धविवेगा विरला जहागमं दाणधम्मववहारे । वट्टिस्संति सरूवं सत्तमसुविणस्स निद्दिट्ठं ।।८।।८३०-८३१।।

ભાવાર્થ :-

જેમ ખેડૂત બીજોને ખરીદીને વાવે છે તેમ શ્રાવકો સુસાધુને દાન કરીને સંયમનાં બીજોનું વપન કરે છે તેથી ખેડૂત જેવા દાનધર્મ કરીને બીજને વપન કરનારા શ્રાવકો હોય છે. કોઈક ખેડૂત દુર્વિદગ્ધ હોવાના કારણે 'બીજ છે' એ પ્રમાણે અબીજ જ ખરીદે છે. તેમ દુઃષમાકાળમાં શ્રાવકો સંયમનાં બીજ બને તેવું વિવેકવાળું દાન કરવાને બદલે અવિવેકવાળું દાન કરશે અને 'આ જ બીજ છે' તેમ માનીને સંયમનું બીજ ન થાય તેવું દાન કરશે અર્થાત્ માન-ખ્યાતિથી કે પાત્ર-અપાત્રના વિવેક વગર કે સંયમની વૃદ્ધિનો કોઈ વિચાર કર્યા વગર અવિવેકવાળું દાન કરશે જેથી તે દાન સંયમનું બીજ બનશે નહીં અને જેમ તે ખેડૂતે અક્ષેત્રમાં તેનું વપન કર્યું તેમ દાન કરનારા અપાત્રમાં દાન કરશે. વળી, તે ખેડૂતે જે બીજો લીધાં તેમાં

કોઈક સારાં બીજો હતાં તેને પણ અપનય કરે છે અર્થાત્ 'આ બીજ સારાં નથી' એમ વિચારીને દૂર કરે છે તેમ પાંચમા આરામાં દાન કરનારા શ્રાવકો ખરેખર બીજવપનના પાત્રભૂત સાધુઓ હશે તેની અવગણના કરશે અને અયોગ્ય પાત્રમાં બીજનું વપન કરશે, જેમ તે ખેડૂતે અયોગ્ય બીજનું વપન કર્યું. આ પ્રકારનું બીજ સ્વપ્નનું ફળ જાણવું. **॥૮૩૦-૮૩૧॥**

ગાથા :-

कलसा य दुहा एगे पासाओवरि सुहा अलंकरिया ।
अण्णे पुण भूमीए वाडाओ गालिसयकलिया ।।८३२।।
कालेण दलणपागं समभंगुप्पाय दट्ठुमप्पाणं ।
सुमिणसरूवं राया अबंभसाहू य एसत्थो ।।८३३।।

અન્વયાર્થ :-

कलसा य दुहा=અને કળશો બે પ્રકારના છે. एगे पासाओवरि सुहा अलंकरिया=એક પ્રાસાદની ઉપરમાં સુંદર અલંકૃત છે. अण्णे पुण=અન્ય વળી, भूमीए वाडाओ गालिसयकलिया=ભૂમિમાં માટી આદિથી ખરાબ સ્વરૂપવાળા છે.

कालेण=કાળ દ્વારા, दलणपागं=કાદવથી ખરડાયેલા, समभंगुप्पाय दट्ठुम्=ભગ્ન કરાયેલા બીજા કળશને જોઈને, राया=રાજા, अप्पाणं सुमिणसरूवं=પોતાના સ્વપ્નનું સ્વરૂપ, પૂછે છે. (ઉત્તર કહે છે –) अबंभसाहू य एसत्थो=બ્રહ્મચર્ય રહિત સાધુને આશ્રયીને આ અર્થ છે. ॥૮૩૨-૮૩૩॥

ગાથાર્થ :-

અને કળશો બે પ્રકારના છે. એક પ્રાસાદની ઉપરમાં સુંદર અલંકૃત છે. અન્ય વળી ભૂમિમાં માટી આદિથી ખરાબ સ્વરૂપવાળા છે.

કાળ દ્વારા કાદવથી ખરડાયેલા ભગ્ન કરાયેલા બીજા કળશને જોઈને, રાજા પોતાના સ્વપ્નનું સ્વરૂપ પૂછે છે. (ઉત્તર કહે છે –) બ્રહ્મચર્ય રહિત સાધુને આશ્રયીને આ અર્થ છે. ॥૮૩૨-૮૩૩॥

ટીકા :-

'कलसा येत्यादि' । कम्ममलहरणपच्चलचलणजलाधारभूयनेवच्छा । दुसमद्धाए जइणो कलसव्व दुहा भविस्संति ।।१।। एगे विसुद्धसंजमपासाओवरि सुहा जणाणंदा । उवसमपउमपिहाणा तवसिरिसिरिखंडचच्चिक्का ।।२।। विविहगुणकुसुममालालंकियमंगल्लभूइसत्तिल्ला । सुहगुरुआणाथालीसु संठिया णाणकंतिल्ला ।।३।। अन्ने पमायमहियलखुत्तंगा भग्गसुद्धवयकन्ना । अयसोगालिविलित्ता

पायडअइयारपंकंका ।।४।। तेवि पुण कालदोसा उग्घाडमुहेवि भासकिरियाए । दट्ठूण उवरिमावि हु तेसिं दोसे पयासेंता ।।५।। खावेंता नियगुणे कलहंता गरुयमच्छरामरिसा । टलिऊण संजमाओ आणाथालीसु परिभट्ठा ।।६।। पडिहिंति ताण उवरिं तुल्लगुणट्ठाणजोगओ पायं । दोग्गइ अबोहिरूवं भंगं च समं लहिस्संति ।।७।। उप्पइऊणं विरला सुगइं जाहिंति जे उ चरणजुया । अट्ठमसुमिणस्स इमो भणिओ नरनाह! गब्भत्थो ।।८।। उप्पाय दट्ठुमप्पाणमेयबक्कस्स पुण इमो अत्थो । अप्पाणं थोवाणं उप्पाओ राइणा.... (णेओ ?) ।।९।।८३२-८३३।।

ભાવાર્થ :-

કળશ બે પ્રકારના હોય છે. એક પ્રાસાદની ઉપરમાં સુંદર દેખાતા અલંકૃત હોય છે તેમ કેટલાક સાધુઓ પણ જિનવચનાનુસાર ચાલનારા પ્રથમ કળશ જેવા હોય છે. વળી, અન્ય કળશો ભૂમિમાં પડેલા કાદવોથી ખરડાયેલા નષ્ટપ્રાયઃ જેવા હોય છે તેમ દુઃષમાકાળમાં ભૂમિમાં પડેલા નષ્ટપ્રાયઃ કળશો જેવા સાધુઓ થશે તેથી સંયમના આચારોને છોડીને ક્લેશાદિમય જીવન જીવીને દુર્ગતિ, અબોધિ અને સંયમના ભંગને પામશે. સુંદર કળશ જેવા કોઈક સાધુ હશે તેની પણ નિંદા કરીને પોતે વિનાશ પામશે એ પ્રકારના કળશ સ્વપ્નનું આ ફળ છે. **॥૮૩૨-૮૩૩॥**

અવતરણિકા :-

આ રીતે લોકોત્તર શાસનમાં દુઃષમાકાળના નિર્ગુણ ઘણાં જનોને આશ્રયીને પૂર્વમાં વર્ણન કરાયેલાં આઠ દૃષ્ટાંતો કહેવાયાં. લોકમાં પણ પોતાની શૈલીથી કળિયુગને આશ્રયીને બીજાઓ વડે દૃષ્ટાન્તાન્તર પ્રતિપાદન કરાયેલાં દેખાય છે. તેને ગ્રંથકારશ્રી 'કૂવ' ઈત્યાદિથી કહે છે –

ગાથા :-

कूवावाहाजीवण तरुफलवह गाविवच्छिधावणया ।
लोहिविवज्जयकलमल सप्पगरुडपूजपूजाओ ।।८३४।।

અન્વયાર્થ :-

कूवावाहाजीवण=કૂપનું અવાહથી જીવન, तरुफलवह=વૃક્ષના ફળ માટે વૃક્ષનો છેદ કરે. गाविवच्छि-धावणया=ગાય વાછરડાને ધાવનારી થશે. लोहिविवज्जयकलमल=લોખંડમાં વિપર્યયથી કલમલ=સુગંધી તેલપાકને ઉચિત એવી લોખંડની મોટી કડાઈમાં વિપર્યયથી દુર્ગંધી એવા કલમલને પકવવામાં આવશે. सप्पगरुडपूजपूजाओ=સર્પની પૂજા અને ગરુડની અપૂજા થશે. ॥૮૩૪॥

ગાથાર્થ :-

કૂપનું અવાહથી જીવન, વૃક્ષના ફળ માટે વૃક્ષનો છેદ કરે. ગાય વાછરડાને ધાવનારી થશે.

લોખંડમાં વિપર્યયથી કલમલ=સુગંધી તેલપાકને ઉચિત એવી લોખંડની મોટી કડાઈમાં વિપર્યયથી દુર્ગંધી એવા કલમલને પકવવામાં આવશે. સર્પની પૂજા અને ગરુડની અપૂજા થશે. ।।૮૩૪।।

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

અને –

ગાથા :-

हत्थंगुलिदुगघट्टण गयगद्दभसगड बालसिलधरणं ।
एमाई आहरणा लोयम्मिवि क्कालदोसेणं ।।८३५।।

અન્વયાર્થ :-

हत्थंगुलिदुगघट्टण=હાથની અંગુલીદ્વય વડે ઘટન=સ્વરૂપથી ચલન, गयगद्दभसगड=ગજથી વહન કરવા યોગ્ય શકટ ગર્દભથી વહન કરાશે. बालसिलधरणं=બાળથી બદ્ધ શિલાને ધારણ કરાશે. आहरणा=એ વગેરે ઉદાહરણો, लोयम्मि वि क्कालदोसेणं=કાળદોષથી લોકમાં પણ છે=કળિકાળના અપરાધરૂપે લોકમાં કહેવાયાં છે. ।।૮૩૫।।

ગાથાર્થ :-

હાથની અંગુલીદ્વય વડે ઘટન=સ્વરૂપથી ચલન, ગજથી વહન કરવા યોગ્ય શકટ ગર્દભથી વહન કરાશે. બાળથી બદ્ધ શિલાને ધારણ કરાશે. એ વગેરે ઉદાહરણો કાળદોષથી લોકમાં પણ છે=કળિકાળના અપરાધરૂપે લોકમાં કહેવાયાં છે. ।।૮૩૫।।

ટીકા :-

गाथाक्षरार्थस्तु भाष्यानुसारेण विज्ञेय इति । इत्थं लोकोत्तरे दुष्षमायां निर्गुणं बहुजनमाश्रित्य ज्ञातान्यभिहितानि । लोकेऽपि निजशैल्या कलियुगमाश्रित्य ज्ञातान्तराणि परैः प्रतिपादितानि दृश्यन्ते । 'कूपेत्यादि' कूपावाहाजीवनं कूपेनावाह उपजीविष्यते । तथा 'तरुफलवहंति' तरूणां फलनिमित्तं वधच्छेदो भविष्यति । तथा 'गाविवच्छिधावणया' इति गौः सुरभिर्वच्छिकां निजामेव धास्यति । 'लोहिविवज्जयकलमल'त्ति लौही अयोमयी महाकटाही तस्यां सुगंधितैलपाकोचितायां विपर्ययेण व्यत्ययेन कलमलस्य दुर्गन्धिपिशितादेः पाको भविष्यति । तथा 'सप्पगरुडपूजपूजाउ'त्ति सर्पगरुडयोर्यथाक्रमं पूजा चापूजा चेति ।।८३४।।

'हस्ताङ्गुलिद्वयघट्टनेति' हस्तस्य प्रसिद्धरूपस्याङ्गुलिद्वयेन घट्टनं स्वरूपाच्चलनं भविष्यति । 'गयगद्दभसगड'त्ति गजवोढव्यं शकटं गर्दभवोढव्यं भविष्यति । 'बालसिलधरणं'ति बालबद्धायाः शिलाया धरणं भविष्यति । एवमादीन्याहरणानि लोकेऽपि कालदोषेण कलिकालापराधेन कथ्यन्त इति ।।८३५।।

अवतरणिका :-

अथैतेषामेव दार्ष्टान्तिकानर्थान् दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

હવે આમના જ=ગાથા-૮૩૪-૮૩૫માં લૌકિક દૃષ્ટાંતો બતાવ્યાં એના જ, દાર્ષ્ટાન્તિક અર્થોને બતાવતાં કહે છે.

ગાથા :-

रण्णो दियाइगहणं पुत्तपिउव्वेग कन्निविक्किणणं ।
इड्ढीपरजणचाओ णिद्दयदाणं ण इयरेसिं ।।८३६।।
जुयघरकलह कुलेयरमेर अणुसुद्धधम्मपुढविठिई ।
वालुगवक्कारंभो एमाई आइसद्देण ।।८३७।।

अन्वयार्थ :-

रण्णो दियाइगहणं=રાજાનું દ્વિજાદિનું ગ્રહણ, पुत्तपिउव्वेग=પુત્રથી પિતાને ઉદ્વેગ, कन्निविक्किणणं=કન્યાનું વિક્રિયણ, इड्ढीपरजणचाओ=ઋદ્ધિનું પરજનમાં ત્યાગ=ઋદ્ધિનું આલોક-પરલોકમાં અનુપકારી જીવોમાં વિતરણ થશે. णिद्दयदाणं ण इयरेसिं=નિર્દયને દાન ઇતરને નહીં અર્થાત્ ત્યાગીઓને દાન નહીં થાય.

जुयघरकलह=વરવધૂરૂપ યુતથી કરાયેલા કુટુંબમાં કલહ થશે. कुलेयरमेर=કુળથી ઇતરમાં મર્યાદા=હલકાં કુળોમાં મર્યાદા પ્રાપ્ત થશે. अणुसुद्धधम्मपुढविठिई=અણુશુદ્ધ એવા ધર્મથી પૃથ્વીની સ્થિતિ થશે. वालुगवक्कारंभो=વાળુકાથી વલ્કનો આરંભ=ત્વચાના ઉચાટનરૂપ વલ્કનો આરંભ થશે. एमाई आइसद्देण=એ વગેરે આદિ શબ્દથી (ઉદાહરણો ગ્રહણ કરવાં). ।।૮૩૬-૮૩૭।।

ગાથાર્થ :-

રાજાનું દ્વિજાદિનું ગ્રહણ, પુત્રથી પિતાને ઉદ્વેગ, કન્યાનું વિક્રિયણ, ઋદ્ધિનું પરજનમાં ત્યાગ= ઋદ્ધિનું આલોક-પરલોકમાં અનુપકારી જીવોમાં વિતરણ થશે. નિર્દયને દાન ઇતરને નહીં અર્થાત્ ત્યાગીઓને દાન નહીં થાય.

વરવધૂરૂપ યુતથી કરાયેલા કુટુંબમાં કલહ થશે. કુળથી ઇતરમાં મર્યાદા=હલકાં કુળોમાં મર્યાદા પ્રાપ્ત થશે. અણુશુદ્ધ એવા ધર્મથી પૃથ્વીની સ્થિતિ થશે. વાળુકાથી વલ્કનો આરંભ= ત્વચાના ઉચાટનરૂપ વલ્કનો આરંભ થશે. એ વગેરે આદિ શબ્દથી ઉદાહરણો ગ્રહણ કરવાં. ।।૮૩૬-૮૩૭।।

ટીકા :-

राज्ञः कूपस्थानीयस्य द्विजादिग्रहणं ब्राह्मणक्षत्रियविट्शूद्रेभ्यः स्वयमेव भर्त्तव्येभ्य अवाहस्थानीयेभ्यः सकाशाज्जलतुल्यस्यार्थस्य ग्रहणमुपादानमिति प्रथमज्ञातार्थः । द्वितीयस्य तु 'पुत्रपित्रुद्वेग' इति पुत्रेण फलभूतेन तरुभूतस्य पितुर्गौरवार्हस्याप्युद्वेगो धनपत्रलेखनादिना जनयिष्यत इति । तृतीयस्य तु 'कन्याविक्रयण'मिति गोस्थानीयाभ्यां मातापितृभ्यां वच्छिकातुल्यायाः कन्याया विक्रयणं विनियमनं करिष्यते, तैस्तैरुपायैस्तदुपजीवनमित्यर्थः । चतुर्थस्य तु 'ऋद्धिपरजनत्याग' इति ऋद्धेर्लक्ष्म्या उपार्जितायाः परेषु जनेष्विहलोकपरलोकावपेक्ष्यानुपकारिषु त्यागो वितरणं भविष्यतीति । पञ्चमस्य तु 'निर्हृयदानं' निर्हृयेभ्यो हिंसादिपापस्थानात् कुतोऽप्यनिवृत्तेभ्यो दानं पात्रबुद्ध्या स्वविभववितरणं, न नैवेतरेभ्यः सदयेभ्यो ब्रह्मचारिभ्यः साधुसाधुभ्य इति ।।८३६।।

षष्ठस्य तु जुयेत्यादि । 'जुयहरकलह'त्ति युतगृहेण वधूवरकृतेन कुटुम्बस्य कलहो जनकच्छायाविध्वंसकारी भविष्यति । सप्तमस्य तु 'कुलेयरमेरा' इति । कुलेभ्य इक्ष्वाकुप्रभृतिभ्य इतराणि यानि विजातिकुलानि तेषु मर्यादा प्राप्स्यत इति । अष्टमस्य तु 'अणुशुद्धधर्मपृथ्वीस्थितिः' इति । अणुना बालतुल्येन शुद्धधर्मेण शिलातुल्यायाः पृथ्व्याः स्थितिरवस्थानं भविष्यति । वालुकायाः सकाशाद् वल्कारम्भस्त्वगुच्चाटनरूप इत्येवमाद्युदाहरणमादिशब्दाद् द्रष्टव्यम् । अस्य त्वयमर्थ यथा वालुकायाः वल्कोच्चाटनमतिदुष्करं तथा राजसेवादिष्वर्थोपायेषु क्रियमाणेष्वप्यर्थलाभ इति ।।८३७।।

ભાવાર્થ :-

ગાથા-૮૩૪માં 'કૂવાવાહાજીવણા' લૌકિક દૃષ્ટાંત છે એમ કહ્યું. તે દૃષ્ટાંતની સ્પષ્ટતા ગાથા-૮૩૬માં કરેલ છે. રાજા કૂપસ્થાનીય છે અને દ્વિજાદિનું ગ્રહણ તે કરે છે તે દ્વિજાદિ અવાહસ્થાનીય છે તેથી સામાન્ય રીતે કૂવામાંથી પાણી અવાહમાં આવે તેમ રાજા પાસેથી દ્વિજાદિ પ્રજાનું પાલન થાય છે તેના બદલે રાજા કલિકાળમાં સ્વાર્થી થશે અને દ્વિજાદિ પ્રજા પાસેથી સ્વયં ધનસંચય કરશે જે કલિકાળનો પ્રભાવ છે.

વળી, ગાથા-૮૩૪માં 'તરુફલવહ' કહેલ અર્થાત્ ફળ માટે તરુનો નાશ કહેલ. તે દૃષ્ટાંતને સ્પષ્ટ કરતાં કહે છે – ફળભૂત એવા પુત્રથી તરુભૂત એવા પિતાને ઉદ્વેગ કરાવવામાં આવશે તેથી જેમ કોઈ ફળના અર્થી તરુનો નાશ કરે તેમ પોતાની ઉત્પત્તિના સ્થાનભૂત પિતા જે તરુ સ્થાનીય છે તેનું રક્ષણ કરવું જોઈએ અને ગૌરવ કરવો જોઈએ તેના બદલે તેઓને ઉદ્વેગનું કારણ પુત્ર થશે.

ત્રીજું દૃષ્ટાંત ગાથા-૮૩૪માં કહ્યું કે 'ગાવિવચ્છિધાવણયા' અર્થાત્ 'ગાય વાછરડાને ધાવનારી થશે' ત્યાં ગાય સ્થાનીય માતા-પિતા છે, વચ્છતુલ્ય કન્યા છે અને તે માતા-પિતા કન્યાનો વિક્રય કરીને તેના ઉપર જીવશે એ પ્રકારના પ્રસંગો કલિકાળમાં થશે.

ચોથું દૃષ્ટાંત ગાથા-૮૩૪માં કહ્યું કે 'લોહિવિવજ્જયકલમલ' અર્થાત્ 'સુંદર કડાઈમાં ખરાબવસ્તુને પકાવાશે ?' તેના દૃષ્ટાંતને સ્પષ્ટ કરે છે. ગૃહસ્થો ધન ઉપાર્જન કરીને આલોકમાં અને પરલોકમાં અનર્થકારી એવા જીવોમાં ધનનો વ્યય કરશે તેથી જે ધન આલોકમાં અને પરલોકમાં હિતકારી હતું તે જ ધન આલોકમાં અને પરલોકમાં અહિતકારી થાય તે રીતે લોકો ઉપયોગ કરશે તેથી સુંદર કડાઈ જેવા ધનથી ખરાબ એવા માંસાદિને પકવવાતુલ્ય પાપની વૃદ્ધિને કરશે.

પાંચમું દૃષ્ટાંત ગાથા-૮૩૪માં બતાવેલ કે 'સપ્પગરુડપૂજપૂજાઓ' અર્થાત્ 'સર્પની પૂજા અને ગરુડની અપૂજા થશે' તે સ્પષ્ટ કરે છે. નિર્દય જીવોને પાત્રબુદ્ધિથી દાન કરવામાં આવશે અને દયાવાળા સુસાધુઓને દાન નહીં આપવામાં આવે તે પ્રકારનો કલિકાળનો પ્રભાવ છે તેથી ગરુડ જેવા સુસાધુ પૂજાશે નહીં અને સર્પ જેવા કુસાધુઓ લોકોમાં પૂજાશે.

છઠ્ઠું દૃષ્ટાંત ગાથા-૮૩૫માં કહ્યું કે 'હત્થંગુલિદુગઘટ્ટણ' અર્થાત્ 'બે આંગળીઓનું પરસ્પર ઘટ્ટન થશે'. તે સ્પષ્ટ કરે છે. યુતઘર=વરવધૂ રૂપ કુટુંબનો, કલહ થશે=પિતાની છાયાના વિધ્વંસને કરનાર પુત્ર-પુત્રવધૂ થશે. તેથી જેમ બે આંગળીઓ પરસ્પર ઘટ્ટન કરીને પોતાના સ્વરૂપનો નાશ કરે છે તેમ વરવહુ કલહ કરીને વર્તમાનમાં દુઃખી થશે અને પરલોકમાં દુઃખી થશે. તે સર્વ કલિકાળનો પ્રભાવ છે.

સાતમું દૃષ્ટાંત ગાથા-૮૩૫માં કહ્યું કે 'ગયગદ્દભસગડ' અર્થાત્ 'ગજ ગર્દભનું શકટ=હાથીથી વહન કરવા યોગ્ય ગાડું ગધેડાથી વહન થશે' તે સ્પષ્ટ કરે છે જે સારાં કુળો છે તેનાથી ઇતર એવાં કુળોમાં મર્યાદા પ્રાપ્ત થશે તેથી જે મર્યાદા ગજથી વહન કરવા જેવી હતી તે મર્યાદા ગર્દભ જેવાં હલકાં કુળો કરશે. જેમ સુંદર રથ ગજથી શોભાયમાન થાય તેમ સુંદર મર્યાદા સારા કુળોમાં શોભાયમાન થાય. તેની જેમ હલકાં કુળોમાં ખરાબ સંયોગો પ્રાપ્ત થયેલા હોવાથી કાંઈક ધર્મબુદ્ધિ થવાથી કાંઈક સારા આચારોની પ્રાપ્તિરૂપ મર્યાદા થાય છે. તે કલિકાળનો પ્રભાવ છે.

આઠમું દૃષ્ટાંત ગાથા-૮૩૫માં કહ્યું કે 'બાલસિલધરણ' અર્થાત્ 'બાળથી શિલાનું ધરણ' એ સ્પષ્ટ કરતાં કહે છે. અણુશુદ્ધ ધર્મથી પૃથ્વીની સ્થિતિ થશે=અણુતુલ્ય=બાળતુલ્ય, શુદ્ધ ધર્મથી શિલાતુલ્ય પૃથ્વીનું ધરણ થશે અર્થાત્ કલિકાળમાં ધર્મ નષ્ટપ્રાયઃ હશે તોપણ અણુ જેટલો શુદ્ધધર્મ હશે જેનાથી પૃથ્વીમાં પ્રકોપો નહીં થવાથી સ્વસ્થતાની પ્રાપ્તિ થશે જે બાળ દ્વારા શિલાને ધરણતુલ્ય છે.

આ વગેરે આદિ શબ્દથી અન્ય ઉદાહરણો કલિકાળના વિષયમાં અન્ય દર્શનકારો કહે છે. ગાથા-૮૩૫માં બાળથી શિલાના ધરણ પછી એવમાદિ ઉદાહરણો કહ્યાં છે એમાં એવમાદિ શબ્દથી વાલુકા દ્વારા ત્વગ્નું ઉચાટન રૂપ દૃષ્ટાંત ગ્રહણ કરવાનું છે. એથી જેમ કોઈ વાલુકા લઈને શરીરને ઘસે તેનાથી શુદ્ધિ થાય નહીં તેમ વર્તમાન કાળમાં રાજસેવાદિ અર્થોમાં પ્રયત્ન કરશે તોપણ અર્થલાભ થશે નહીં તેવો વિષમ

કલિકાળ છે; કેમ કે રાજા વગેરે તેવા સ્વાર્થી હશે જેથી પોતાની સેવા કરનારને પણ અર્થની પ્રાપ્તિ થશે નહીં. **॥૮૩૪થી ૮૩૭॥**

अवतरणिका :-

यथा चैतानि लौकिकज्ञातानि जातानि तथा दर्शयति –

અવતરણિકાર્થ :-

અને જે પ્રમાણે આ=પૂર્વમાં બતાવ્યાં એ, લૌકિક દૃષ્ટાંતો થયાં તે પ્રકારે બતાવતાં કહે છે –

ગાથા :-

कलिअवयारे किल णिज्जिएसु चउसुंपि पंडवेसु तहा ।
भाइवहाहकहाए जामिगजोगम्मि कलिणा उ ।।८३८।।

અન્વયાર્થ :-

कलिअवयारे=કલિનો અવતાર થયે છતે, तहा भाइवहाहकहाए=તે પ્રકારે ભાઈના વધની કથાથી, जामिगजोगम्मि=યામિક યોગમાં=પ્રતિપ્રહર અન્ય અન્ય પ્રહારિકના સ્થાપનરૂપ યામિક યોગમાં, किल णिज्जिएसु चउसुंपि पंडवेसु कलिणा उ=કલિ વડે ચારેય પણ પાંડવો જિતાયે છતે=ચોથા પ્રહરના અંતમાં ક્ષમાથી યુધિષ્ઠિર વડે કલિ જિતાયો. ॥૮૩૮॥

ગાથાર્થ :-

કલિનો અવતાર થયે છતે તે પ્રકારે ભાઈના વધની કથાથી યામિક યોગમાં=પ્રતિપ્રહર અન્ય અન્ય પ્રહારિકના સ્થાપનરૂપ યામિક યોગમાં કલિ વડે ચારેય પણ પાંડવો જિતાયે છતે=ચોથા પ્રહરના અંતમાં ક્ષમાથી યુધિષ્ઠિર વડે કલિ જિતાયો. ॥૮૩૮॥

टीका :-

कलेः कलियुगस्य द्वात्रिंशत्सहस्राधिकवर्षचतुष्टयलक्षप्रमाणस्यावतारे प्रवेशे सम्पन्ने सति, किलेति परोक्ताप्तप्रवादसूचनार्थः, निर्जितेषु चतुर्ष्वपि पांडवेषु भीमार्जुननकुलसहदेवलक्षणेषु; तथा, तत्प्रकारया भ्रातृवधस्य शतप्रमाणदुर्योधनादिपितृव्यपुत्रघातलक्षणस्य कथया यामिकयोगे प्रतिप्रहरमन्यान्यप्राहरिक-व्यवस्थापनलक्षणे कलिना चतुर्थयुगलक्षणेन । तुः पूर्ववत् । तथाहि पाण्डवा विहितसमस्तकौरवरूपकण्ट-कोद्धाराश्चिरकालपालितसमर्जितराज्याः पश्चिमे वयसि निजगोत्रक्षयलक्षणं महदस्माभिरकार्यमकारि । अतो हिमपथप्रवेशमन्तरेण नैतच्छुद्धिरस्तीति विमुच्य राज्यं पञ्चापि हिमपथं प्रतिप्रस्थिताः क्वचिद्वनोद्देशे प्राप्ताः । संध्यासमये ततो युधिष्ठिरेण भीमादयश्चत्वारोऽपि प्रतिप्रहरं प्राहरिका निरूपिताः । सुप्तेषु युधिष्ठिरादिषु कलिः पुरुषरूपेणावतीर्य भीमप्रहरके तमधिक्षेप्तुमारब्धो यथा त्वं भ्रातृगुरु-

पितामहादीन् हत्वा धर्म्मार्थं प्रस्थितः । स च तद्वचोऽक्षाम्यंस्तेन सह योद्धुमारब्धः । यथा २ च भीमः क्रुध्यति तथा तथासौ वर्धते । एवमसौ निर्जितः कलिना । शेषा अप्येवं स्वप्रहरकेष्वधिक्षिप्ता रुष्टा जिताश्चेति । ततः सावशेषायां निशायां युधिष्ठिरे उत्थिते आगतोऽसौ । निर्जितश्च क्षमाबलात्तेन कलिः । ततो निर्जिते स्थगिते सरावेण दर्शिते प्रभाते भीमादीनां तस्मिन् काले भणितं तेन—क्षमा-निग्राह्योऽहं, ममावतारेण च कुलवैरमिदं भवतां संलग्नम् । तथा, एवमाद्यष्टोत्तरशतेन कूपावाहा-जीवनादिना शिष्टा निजस्थितिस्तेन तेषामिति ।।८३८।।

ભાવાર્થ :-

પાંડવોએ દુર્યોધન આદિ કૌરવોનો નાશ કર્યો તેની શુદ્ધિ માટે જીવનના અંત સમયે હિમાલયમાં પોતાના હાડકાને ગાળવા માટે પાંચે પાંડવો ગયા ત્યારે પથમાં યુધિષ્ઠિરે ચારેય પાંડવોને ક્રમસર રાત્રે પ્રાહરિક તરીકે જાગવાનું સૂચન કર્યું. ત્યાં પ્રથમ પ્રહરમાં ભીમ જાગે છે ત્યારે કલિ પ્રગટ થઈને ભીમને કહે છે કે 'તું ભાઈ, ગુરુ, પિતામહ આદિને હણીને હવે ધર્મ માટે પ્રસ્થિત થયો છે' તેથી ભીમ ગુસ્સે થાય છે અને કલિની સાથે ક્રોધથી યુદ્ધ કરે છે અને જેમ જેમ ભીમ ક્રોધ કરે છે તેમ તેમ કલિ વધે છે, આખરે ભીમ હારે છે. એમ ચારેય પ્રહરમાં ચારેય ભાઈઓ કલિથી જિતાયા. સાવશેષ રાત્રિમાં યુધિષ્ઠિર ઊઠે છે અને ક્ષમાના બળથી કલિને જીતે છે તે વખતે કૂપવાહા જીવનાદિ આ દૃષ્ટાંતો કલિ વડે તેમને બતાવાયાં.

તેનાથી એ ફલિત થાય કે કલિકાળમાં જીવો ચાર પાંડવોની જેમ ધર્મ કરવા નીકળશે ત્યારે પણ કષાયોની વૃદ્ધિ કરશે. કોઈક જ યોગ્ય જીવ યુધિષ્ઠિરની જેમ ક્ષમાદિમાં યત્ન કરીને કલિને જીતશે. તેથી કલિકાળમાં પ્રાયઃ ધર્મની પ્રવૃત્તિ પણ કષાયબહુલ હશે. ગુણવૃદ્ધિને અનુકૂળ ધર્મમાં યત્ન કરનારા અલ્પ જીવો હશે. તેથી અશઠભાવથી ભગવાનના વચનની આરાધના કરીને આત્મકલ્યાણમાં યત્ન કરવો જોઈએ જેથી કલિકાળકૃત દોષની પ્રાપ્તિથી આત્માનો વિનાશ થાય નહીં એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૮૩૮॥**

ગાથા :-

एवं पाएण जणा कालणुभावा इहंपि सव्वेवि ।
णो सुंदरत्ति तम्हा आणासुद्धेसु पडिबंधो ।।८३९।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=વીરપ્રભુએ અંતિમ દેશનામાં સ્વપ્નો કહ્યાં અને લૌકિક દર્શનમાં પણ કલિકાળના દૃષ્ટાંતો કહ્યાં એ રીતે, पाएण=પ્રાયઃ, जणा=લોકો, कालणुभावा=કાળના અનુભાવથી, इहंपि=અહીં પણ=જૈનમતમાં પણ, सव्वेवि=સર્વ પણ=સાધુ અને શ્રાવકો સર્વ પણ, णो सुंदरत्ति=સુંદર નથી=શાસ્ત્રોક્ત આચારપ્રધાન વર્તતા નથી. तम्हा=તે કારણથી, आणासुद्धेसु पडिबंधो=આજ્ઞાશુદ્ધમાં પ્રતિબંધ=આજ્ઞાશુદ્ધ એવા સાધુ અને શ્રાવકોમાં બહુમાન કરવું જોઈએ. ॥૮૩૯॥

ગાથાર્થ :-

આ રીતે=વીરપ્રભુએ અંતિમ દેશનામાં સ્વપ્નો કહ્યાં અને લૌકિક દર્શનમાં પણ કલિકાળના દૃષ્ટાંતો કહ્યાં એ રીતે, પ્રાયઃ લોકો કાળના અનુભાવથી અહીં પણ=જૈનમતમાં પણ, સર્વ પણ= સાધુ અને શ્રાવકો સર્વ પણ, સુંદર નથી=શાસ્ત્રોક્ત આચારપ્રધાન વર્તતા નથી, તે કારણથી આજ્ઞાશુદ્ધમાં પ્રતિબંધ=આજ્ઞાશુદ્ધ એવા સાધુ અને શ્રાવકોમાં, બહુમાન કરવું જોઈએ. ।।૮૩૯।।

ટીકા :-

एवमुक्तोदाहरणवत् प्रायेण बाहुल्येन जना लोकाः कालानुभावाद् वर्तमानकालसामर्थ्यादिहापि जैने मते सर्वेऽपि साधवः श्रावकाश्च नो नैव सुन्दराः शास्त्रोक्ताचारसारा वर्त्तन्ते । किंत्वनाभोगादिदोषाच्छास्त्रप्रतिकूलप्रवृत्तयः । इति पूर्ववत् । तस्मात् कारणादाज्ञाशुद्धेषु सम्यगधीतजिनागमाचारवशात् शुद्धिमागतेषु साधुषु श्रावकेषु प्रतिबन्धो बहुमानः कार्यः ।।८३९।।

ભાવાર્થ :-

પ્રસ્તુત ઉપદેશગ્રંથ છે તેથી આત્મકલ્યાણ માટે કઈ રીતે યત્ન કરવો જોઈએ જેના કારણે સાનુબંધ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય અને અશુભ અનુબંધનો ઉચ્છેદ થાય તેનો ઉપાય ગ્રંથકારશ્રી બતાવે છે. અશુભ અનુબંધના ઉચ્છેદમાં ઋષભદેવ, ભરતમહારાજા વગેરે દૃષ્ટાંતો છે તેમ કહ્યું. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે વર્તમાનનો કાળ વિષમ છે, સંઘયણ આદિ ક્ષીણ શક્તિવાળા છે તેથી વર્તમાનમાં શરીરાદિ બળના અભાવને કારણે યોગમાર્ગ દુષ્કર છે. તેના સમાધાનરૂપે શંખરાજાનું દૃષ્ટાંત બતાવીને કહ્યું કે વર્તમાનમાં પણ જેઓ સ્વશક્તિ અનુસાર જિનવચનને અવલંબીને પ્રવૃત્તિ કરશે તેઓ શંખરાજાની જેમ પરિમિત ભવોમાં મોક્ષની પ્રાપ્તિ કરશે. ત્યાં પ્રાસંગિક કથન કર્યું કે વર્તમાનકાળમાં દુઃષમાકાળનું આલંબન લઈને જેઓ નિષિદ્ધ આચરણા કરશે તેઓની તે નિષિદ્ધ આચરણા અવશ્ય વિનાશને કરશે તેથી સંઘયણાદિના અભાવને કારણે કે વિપરીત સંયોગને કારણે પણ કલ્યાણના અર્થીએ શુદ્ધ ભાવપૂર્વક શક્તિ અનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ અને પ્રમાદવશ કોઈ પાપ થયું હોય તો પશ્ચાત્તાપ કરીને શુદ્ધિ કરવી જોઈએ. વળી, જેઓ આજ્ઞાબાહ્ય છે તેઓ દુઃષમાકાળનું અવલંબન લઈને પોતાના પ્રમાદને પોષે છે તેથી તેઓને કલ્યાણની પ્રાપ્તિ થશે નહીં તેમ સ્થાપન કર્યું. ત્યાં કોઈકને શંકા થઈ કે ભગવાનના શાસનમાં પાંચ વ્યવહારો છે તેમાં જીતવ્યવહાર પૂર્વપુરુષોથી આચરિત છે તેથી પોતાના પૂર્વના ગુરુ દ્વારા આચરિત આચરણા કોઈ સાધુ કરે તો તેઓનું કલ્યાણ થશે. ત્યાં ખુલાસો કર્યો કે સર્વ પૂર્વપુરુષોની આચરણા પ્રમાણ નથી પરંતુ અશઠઆચરણા પ્રમાણ છે અને વર્તમાનકાળમાં શઠઆચરણા પ્રચુર થશે તેમ વીરભગવાનની અંતિમ દેશનામાં કહેલ સ્વપ્નાંઓના ફળના કથનથી પ્રાપ્ત થાય છે અને અન્ય દર્શનકારોનાં દૃષ્ટાંતોના બળથી પણ પ્રાપ્ત થાય છે. તેથી લોકો વર્તમાનકાળમાં કાળના સામર્થ્યથી જૈનમતમાં પણ સ્વમતિ અનુસાર આચરનારા થશે માટે પોતાના પૂર્વપુરુષોએ આચર્યું છે તેમ સ્વીકારીને તેઓને પ્રમાણભૂત કહેવું ઉચિત નથી પરંતુ જે અસુંદર આચરણા છે તે અસુંદર જ છે અને તેનાથી ક્યારેય આત્મહિત થાય નહીં માટે કલ્યાણના અર્થીએ ભગવાનની આજ્ઞાનું સમાલોચન કરવું

જોઈએ અને વિચારવું જોઈએ કે ભગવાન વીતરાગ થયા છે અને વીતરાગ થયા પછી અંતરંગ વીતરાગભાવને અનુકૂળ જીવવીર્ય ઉલ્લસિત થાય તેવી સર્વ આજ્ઞા ભગવાને બતાવેલ છે તેથી જે સાધુઓ કે શ્રાવકો અંતરંગ રીતે વીતરાગભાવને અનુકૂળ ઉદ્યમ થાય તેને લક્ષ કરીને અશઠભાવથી જે આચરણા કરે છે તેઓમાં જ પ્રતિબંધ રાખવો જોઈએ જેથી તેઓના અવલંબનથી પોતાને પણ કલ્યાણની પ્રાપ્તિ થાય પરંતુ 'પોતાના પૂર્વના ગુરુઆદિએ આ અનુષ્ઠાન કર્યું છે માટે તે જીત છે' તેમ માનીને તે પ્રમાણે અવિવેકવાળી પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં. ॥૮૩૯॥

અવતરણિકા :-

तर्ह्यन्येषु किं कार्यमित्याह –

અવતરણિકાર્થ :-

તો અન્યોમાં=આજ્ઞાશુદ્ધમાં પ્રતિબંધ કરવો જોઈએ તો આજ્ઞાવિરુદ્ધ આચરણા કરનારાઓમાં, શું કરવું જોઈએ તેથી કહે છે –

ગાથા :-

इयरेसुंपि य पओसो णो कायव्वो भवट्ठिई एसा ।
णवरं विवज्जणिज्जा विहिणा सइ मग्गणिरएण ।।૮૪૦।।

અન્વયાર્થ :-

इयरेसुं पि य=અને ઇતરોમાં પણ=આજ્ઞાબાહ્ય જીવોમાં પણ, पओसो णो कायव्वो=પ્રદ્વેષ કરવો જોઈએ નહીં. भवट्ठिई एसा='આ ભવસ્થિતિ છે'='આ જીવો હજી ભગવાનના ધર્મ પ્રત્યે વિવેકપૂર્વકના વલણવાળા થતા નથી એ પ્રકારની તેઓની ભવસ્થિતિ છે' એમ વિચારીને એવા જીવો પ્રત્યે પ્રદ્વેષ કરવો જોઈએ નહીં. णवरं=ફક્ત, मग्गणिरएण=માર્ગનિરત જીવોએ વિધિપૂર્વક સદા, विहिणा सइ विवज्जणिज्जा=આજ્ઞાબાહ્ય જીવો વર્જનીય છે=માર્ગનિરત એવા સાધુઓએ અને શ્રાવકોએ તેઓથી દૂર રહેવું જોઈએ જેથી પોતાનામાં એવા દોષની પ્રાપ્તિ થાય નહીં. ॥૮૪૦॥

ગાથાર્થ :-

અને ઇતરોમાં પણ=આજ્ઞાબાહ્ય જીવોમાં પણ, પ્રદ્વેષ કરવો જોઈએ નહીં. 'આ ભવસ્થિતિ છે'='આ જીવો હજી ભગવાનના ધર્મ પ્રત્યે વિવેકપૂર્વકના વલણવાળા થતા નથી એ પ્રકારની તેઓની ભવસ્થિતિ છે' એમ વિચારીને એવા જીવો પ્રત્યે પ્રદ્વેષ કરવો જોઈએ નહીં. ફક્ત માર્ગનિરત જીવોએ વિધિપૂર્વક સદા, આજ્ઞાબાહ્ય જીવો વર્જનીય છે=માર્ગનિરત એવા સાધુઓએ અને શ્રાવકોએ તેઓથી દૂર રહેવું જોઈએ જેથી પોતાનામાં એવા દોષની પ્રાપ્તિ થાય નહીં. ॥૮૪૦॥

ટીકા :-

इतरेष्वपि जिनवचनप्रतिकूलाऽनुष्ठानेषु समुपस्थितदुर्गतिपातफलमोहाद्यशुभकर्मविपाकेषु लोकोत्तरभिन्नेषु जन्तुषु प्रद्वेषो मत्सरस्तद्दर्शने तत्कथायां वाऽक्षमारूपो नो नैव कर्तव्यः । तर्हि किं कर्तव्यमित्याशंक्याह—भवस्थितिरेषा, यतः कर्मगुरवोऽद्याप्यकल्याणिनो न जिनधर्माचरणं प्रति प्रह्वपरिणामा जायन्त इति चिन्तनीयं । तथा, नवरं केवलं विवर्ज्जनीया आलापसंलापविश्रम्भादिभिः परिहरणीया विधिना विविक्तग्रामनगरवसत्यादिवासरूपेण सदा सर्वकालं मार्गनिरतेन सम्यग्दर्शनादि-मोक्षमार्गस्थितेन साधुना श्रावकेण च । अन्यथा तदालापसंभाषादिना संसर्गकरणे कुष्ठज्वररोगोपहतसंसर्ग इव तत्तद्दोषसंचारादिहलोकपरलोकयोरनर्थावाप्तिरेव । अतएवोक्तम्—'सीहगुहं वग्घगुहं उदयं च पलित्तयं च सो पविसे । असिवं ओमोयरियं दुस्सीलजणप्पिओ जो उ ।।१।।' इति ।।८४०।।

ભાવાર્થ :-

જેઓ સાધુ થયા છે કે શ્રાવકઆચાર પાળે છે છતાં કલિકાળના દોષને કારણે સ્વમતિ અનુસાર યથાતથા પ્રવૃત્તિ કરીને સ્વપરનો વિનાશ કરે છે તેવા સાધુઓ પ્રત્યે કે શ્રાવકો પ્રત્યે પ્રદ્વેષ કરવો જોઈએ નહીં; કેમ કે તેઓના તે અનુચિત આચારોને જોઈને પોતાના અસહિષ્ણુ સ્વભાવને કારણે પ્રદ્વેષ કરવાથી પણ પોતાને અશુભ કર્મની પ્રાપ્તિ થાય છે અને પોતાનામાં પણ ગુણનાશની પ્રાપ્તિ થાય છે. એથી કલ્યાણના અર્થી જીવે ભગવાનના વચનનું સમ્યગ્ ભાવન કરીને એવા વિપરીત આચરણા કરનારા જીવોને જોઈને વિચારવું જોઈએ કે 'આ જીવોની હજી ભવસ્થિતિ પરિપાક પામી નથી તેથી આ જીવો વર્તમાનમાં કષાયને પરવશ થઈને તે પ્રકારે સ્વચ્છંદ મતિથી પ્રવૃત્તિ કરે છે.' વસ્તુતઃ જેની ભવની સ્થિતિનો પરિપાક થયો છે તેવા હળુકર્મી જીવોને જ માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે અને તેઓ સદા વીતરાગનું વચન વીતરાગતાનું કારણ કઈ રીતે થશે તેનું સમાલોચન કરીને સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે છે. વળી, આ જીવો કલ્યાણના અર્થે જ ધર્મ સેવવા તત્પર થયા છે. સાધુપણું ગ્રહણ કર્યું છે કે શ્રાવકાચાર પાળે છે છતાં કષાયજન્ય વક્રતાને કારણે સ્વમતિ અનુસાર જે આચરણા કરે છે તે તેઓની તેવા પ્રકારની દીર્ઘ ભવસ્થિતિને જ બતાવે છે એમ વિચારીને તેઓ પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહીં. કેવળ તેઓની સાથે સહવાસ કરવાથી તેઓની તે પ્રકારની જિનવચનનિરપેક્ષ આચરણાને કારણે પોતાને પણ તેવા દોષની પ્રાપ્તિ થવાની સંભાવના રહે છે તેથી માર્ગમાં નિરત એવા સાધુઓએ કે શ્રાવકોએ વિધિપૂર્વક તેઓનું વર્જન કરવું જોઈએ અર્થાત્ જે ગામ-નગરાદિમાં તેઓ વસતા હોય તેવા સ્થાનમાં સાધુઓએ જવું જોઈએ નહીં અને શ્રાવકોએ તેવા સ્થાનમાં રહેવું જોઈએ નહીં જેથી તેઓની સાથે સહવાસને કારણે પોતાને દોષની પ્રાપ્તિ ન થાય, કોઈક સંયોગથી ત્યાં વસવું પડે તો તેઓની સાથે આલાપ-સંલાપાદિથી પરિચય કરવો જોઈએ નહીં, અન્યથા તેઓમાં રહેલા દોષોની પોતાને પણ પ્રાપ્તિ થવાની સંભાવના રહે છે. **॥૮૪૦॥**

અવતરણિકા :-

ननु प्रमत्तपाखण्डिजनाकुलत्वात् प्रायो विहारक्षेत्राणामशक्यमालापादिवर्जनमित्याशंक्याह –

અવતરણિકાર્થ :-

'ननु'થી પ્રશ્ન કરે છે. પ્રાયઃ વિહારક્ષેત્રોનું પ્રમત્ત પાખંડી જનથી આકુળપણું હોવાને કારણે=સુસાધુઓને વિચરવાનાં ક્ષેત્રોનું શિથિલાચારી સાધુઓથી યુક્તપણું હોવાને કારણે, તેવા સાધુઓ સાથે આલાપાદિનું વર્જન અશક્ય છે અર્થાત્ કોઈક કારણે તે ક્ષેત્રમાં સાધુ ગયા હોય તો તેવા પ્રમાદી સાધુઓ સાથે આલાપાદિનું વર્જન અશક્ય છે, એ પ્રકારની શંકા કરીને કહે છે –

ગાથા :-

अग्गीयादाइण्णे खेत्ते अणत्थ ठिइअभावम्मि ।
भावाणुवघायणुवत्तणाए ते सिं तु वसियव्वं ।।८४१।।

અન્વયાર્થ :-

अणत्थ=अन्यत्र=शिथिलाचारी साधुओथी अन्यत्र, ठिइअभावम्मि=स्थितिनो अभाव होते छते=सुसाधु संयमपालन माटे रही शके तेवा संयोगनो अभाव होते छते, अग्गीयादाइण्णे खेत्ते=अगीतार्थादिथी आकीर्ण क्षेत्रमां, भावाणुवघाय=भावना अनुपघातथी=सुसाधुओए पोताना शुद्ध सामाचारीना पालनरूप के सम्यक् प्ररूपणारूप भावना अनुपघातथी, अणुवत्तणाए=अनुवर्तना वडे=शिथिलाचार साधुओमां वाणीथी नमस्कारादिरूप अनुवर्तनाथी, तेसिं तु वसियव्वं=तेओमां वसवुं जोईए=तेवां क्षेत्रोमां वसवुं जोईए. ।।८४१।।

ગાથાર્થ :-

અન્યત્ર=શિથિલાચારી સાધુઓથી અન્યત્ર, સ્થિતિનો અભાવ હોતે છતે=સુસાધુ સંયમપાલન માટે રહી શકે તેવા સંયોગનો અભાવ હોતે છતે, અગીતાર્થાદિથી આકીર્ણ ક્ષેત્રમાં ભાવના અનુપઘાતથી=સુસાધુઓએ પોતાના શુદ્ધ સામાચારીના પાલનરૂપ કે સમ્યક્ પ્રરૂપણારૂપ ભાવના અનુપઘાતથી, અનુવર્તના વડે=શિથિલાચાર સાધુઓમાં વાણીથી નમસ્કારાદિરૂપ અનુવર્તનાથી, તેઓમાં વસવું જોઈએ=તેવાં ક્ષેત્રોમાં વસવું જોઈએ. ।।८४१।।

ટીકા :-

'अगीताद्याकीर्णे' अगीतार्थैरादिशब्दाद् गीतार्थैरपि मंदधर्मैः पार्श्वस्थादिभिस्तीर्थान्तरीयैश्च भागवतादिभिराकीर्णे समन्ताद् व्याप्ते क्षेत्रे, अन्यत्रागीतार्थाद्यनाकीर्णक्षेत्रे दुर्भिक्षराजदौस्थ्याद्युपप्लववशेन स्थित्यभावे सति भावानुपघातेन सम्यक्प्रज्ञापनारूपस्य शुद्धसमाचारपरिपालनरूपस्य च भावस्यानुपघातेन

याऽनुवर्तना 'वायाए णमोक्कारो' इत्यादिरूपानुवृत्तिस्तया तेषां तु तेषामेव वसितव्यं तत्र क्षेत्रे । एवं हि तेऽनुवर्त्तिताः स्वात्मनि बहुमानवन्तः कृता भवन्ति, राजव्यसनदुर्भिक्षादिषु साहाय्यकारिणश्चेति ।।८४१।।

ભાવાર્થ :-

વર્તમાનના કાળમાં સ્વમતિ અનુસાર ચાલનારા બહુમુંડા સાધુઓ ઘણા હોવાથી પ્રાયઃ સર્વ ક્ષેત્રો તેઓથી આકીર્ણ પ્રાપ્ત થાય તેથી સુસાધુથી તે ક્ષેત્રનું વર્જન અશક્ય બને છે આમ છતાં સુસાધુઓએ જો તેવા સાધુઓથી રહિત ક્ષેત્ર પ્રાપ્ત કરી શકે તો ત્યાં જ વસવા પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ શિથિલાચારી સાધુઓથી આકીર્ણ ક્ષેત્રમાં જવાનો વિચાર કરવો જોઈએ નહીં; કેમ કે તે ક્ષેત્રમાં વસવાથી પ્રમાદવશ પોતાના કોઈક સાધુઓને તે પ્રકારનો પ્રમાદ થવાની સંભાવના રહે છે જેથી તેઓનું અહિત થાય પરંતુ વિષમ કાળને કારણે તેવા શિથિલ સાધુઓ વગરનાં ક્ષેત્રો જ્યારે પ્રાયઃ દુર્લભ હોય છે ત્યારે પ્રાયઃ સુસાધુઓને પણ તેવા ક્ષેત્રમાં વાસ કરવો પડે તે વખતે તેઓની સાથે કઈ રીતે ઉચિત વર્તન કરવું જોઈએ જેથી પોતાનું અહિત ન થાય, લોકમાં ધર્મનું લાઘવ ન થાય અને શિથિલાચારી સાધુઓથી પોતાને ઉપદ્રવ ન થાય તે બતાવવા અર્થે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે.

ભાવના અનુપઘાતથી ઉચિત અનુવર્તનાપૂર્વક તેઓની સાથે વર્તવું જોઈએ અર્થાત્ તે શિથિલ સાધુઓને પોતાના પ્રત્યે દ્વેષ ન થાય, પોતાને ઉપદ્રવ ન કરે અને લોકોમાં ધર્મનું લાઘવ ન થાય તે અર્થે તેઓની સાથે ઉચિત સંભાષણપૂર્વક સુસાધુઓએ વર્તવું જોઈએ. વળી, ભગવાનની શુદ્ધ પ્રરૂપણારૂપ પોતાના ભાવનો અને શુદ્ધસામાચારીના પાલનરૂપ પોતાના ભાવનો વ્યાઘાત ન થાય તે રીતે તેઓ સાથે સાવધાનતાપૂર્વક રહેવું જોઈએ, અન્યથા પરિચયને કારણે તેઓ જેમ અસમ્યક્ પ્રરૂપણા કરે છે અને અશુદ્ધ આચારો પાળે છે તેમ તેઓના પરિચયથી પોતાનામાં પણ દોષોની પ્રાપ્તિ થાય તો પોતાનો વિનાશ થશે તેથી તે પ્રકારના વિનાશથી આત્માનું રક્ષણ થાય તે પ્રકારના યત્નપૂર્વક તેઓ સાથે વસવું જોઈએ. **॥૮૪૧॥**

અવતરણિકા :-

विपर्यये बाधकमाह —

અવતરણિકાર્થ :-

વિપર્યયમાં બાધકને કહે છે=તે સાધુઓ સાથે ઉચિત સંભાષણાદિરૂપ અનુવર્તન કરવામાં ન આવે તો શું અનર્થોની પ્રાપ્તિ થાય તે બતાવે છે —

ગાથા :-

इहरा सपरुवघाओ उच्छुभाईहिं अत्तणो लहुया ।
तेसिंपि पावबंधो दुगंपि एयं अणिट्ठंति ।।८४२।।

અન્વયાર્થ :-

इहरा=ઈતરથા=પાર્શ્વસ્થાદિની અનુવર્તના વગર ત્યાં વાસ કરાયે છતે, सपरुवघाओ=સ્વપરનો ઉપઘાત થાય. उच्छुभाईहिं अत्तणो लहुया=ઉત્ક્ષોભાદિથી આત્માની લઘુતા થાય=તે પાર્શ્વસ્થાદિ દ્વારા પોતાના ઉપર કરાયેલા આરોપાદિથી આત્માની લઘુતા થાય, तेसिं पि पावबंधो=તેઓને પણ પાપબંધ=પાર્શ્વસ્થાદિને પણ બોધિઘાત ફળવાળો પાપબંધ થાય. दुगं पि एयं=બંને પણ આ=સ્વપરના ઉપઘાતરૂપ બંને પણ આ ફળ, अणिट्ठंति=અનિષ્ટ છે. ॥૮૪૨॥

ગાથાર્થ :-

ઈતરથા=પાર્શ્વસ્થાદિની અનુવર્તના વગર ત્યાં વાસ કરાયે છતે, સ્વપરનો ઉપઘાત થાય. ઉત્ક્ષોભાદિથી આત્માની લઘુતા થાય=તે પાર્શ્વસ્થાદિ દ્વારા પોતાના ઉપર કરાયેલા આરોપાદિથી આત્માની લઘુતા થાય. તેઓને પણ પાપબંધ=પાર્શ્વસ્થાદિને પણ બોધિઘાત ફળવાળો પાપબંધ થાય. બંને પણ આ=સ્વપરના ઉપઘાતરૂપ બંને પણ આ ફળ અનિષ્ટ છે. ॥૮૪૨॥

ટીકા :-

इतरथा तेषामननुवर्तनया वासे क्रियमाणे स्वपरोपघातः सम्पद्यते । एनमेव दर्शयति । तत्रोत्क्षोभो हेरिकाचौर्याद्यध्यारोपरूपः । आदिशब्दात् कथञ्चित् कस्यचित् प्रमादाचरितस्योपलब्धस्य मत्सरातिरेकात् सुदूरविस्तारणं, तथाविधकुलेष्वन्नपानादिव्यवच्छेदश्च गृह्यते । ततस्तैरात्मनः स्वस्य लघुताऽनादेयरूपता भवति । तेषामपि पापबंधो बोधिघातफलो, न केवलं स्वस्य तन्निमित्तभावेनेत्यपिशब्दार्थः । एवं च सति यत् स्यात् तद्दर्शयति—द्विकमप्येतत् पूर्वोक्तमनिष्टं दुर्गतिपातकारि जायते । इतिः पूर्ववत् ।।૮૪૨।।

ભાવાર્થ :-

કલ્યાણના અર્થી સાધુ પ્રાયઃ જ્યાં પાર્શ્વસ્થાદિ વસતા હોય તેવા સ્થાનમાં વસે નહીં અને કોઈક કારણે વસે તો તે પાર્શ્વસ્થાદિ સાથે ભાવના અનુપઘાત દ્વારા અનુવર્તના ન કરે તો સ્વપરનો ઉપઘાત થાય. કઈ રીતે સ્વપરનો ઉપઘાત થાય તેથી કહે છે – સુસાધુના સુંદર આચારોથી લોકોમાં તે પૂજાય જે પાર્શ્વસ્થાદિ જોઈ શકે નહીં તેથી સુસાધુ ઉપર મિથ્યા આરોપણ કરીને તેઓને લોકમાં હીન દેખાડવા પ્રયત્ન કરે અથવા પ્રમાદવશ સુસાધુ પણ ક્યારેક વિપરીત આચરણા કરે તો મત્સરના કારણે તે આચરણાને લોક આગળ પ્રગટ કરીને સુસાધુને હીન કરવા પાસત્થાદિ યત્ન કરે. તેઓની તે પ્રવૃત્તિથી સાધુનું ચિત્ત ક્ષુભિત બને તો સંયમનો પરિણામ નાશ થવાનો પણ પ્રસંગ આવે તેથી પોતાના ચિત્તનો ઉપઘાત ન થાય અને પોતાના ચિત્તમાં ક્લેશ ન થાય તેનું સમાલોચન કરીને પાર્શ્વસ્થાદિ સાથે ઉચિત અનુવર્તના કરે.

વળી, ક્વચિદ્ પોતાને તેવો ઉપઘાત ન થાય તોપણ તે પાર્શ્વસ્થાદિ સુસાધુ પ્રત્યે દ્વેષ ધારણ કરે કે લોકો આગળ તેમને હીન દેખાડવા પ્રયત્ન કરે તેનાથી તેઓને બોધિના નાશના ફળવાળો પાપબંધ થાય અર્થાત્ ઘણા ભવો સુધી સન્માર્ગની અપ્રાપ્તિ કરાવે તેવો ક્લિષ્ટ કર્મબંધ થાય. તેથી તે પાર્શ્વસ્થાદિ જીવોનું અહિત

ન થાય તે રીતે સંયોગાનુસાર તેઓ સાથે ઉચિત વર્તન કરવું જોઈએ જેથી અન્યને દ્વેષ ઉત્પન્ન કરાવીને પણ તેઓના અહિત પ્રત્યે પોતે નિમિત્તકારણ બને નહીં. જો આ રીતે ન કરવામાં આવે તો સુસાધુના સાધુભાવનો પણ વિનાશ થાય. **॥૮૪૨॥**

ગાથા :-

ता दव्वओ य तेसिं अरत्तदुट्ठेण कज्जमासज्ज ।
अणुवत्तणत्थमेसिं कायव्वं किंपि णउ भावा ।।८४३।।

અન્વયાર્થ :-

ता=તે કારણથી=અનનુવર્તનામાં દોષ છે તે કારણથી, अरत्तदुट्ठेण=અરક્ત દુષ્ટ એવા સુસાધુ વડે, कज्जमासज्ज=કાર્યને આશ્રયીને, तेसिं=તેઓમાં, दव्वओ य=દ્રવ્યથી જ, अणुवत्तणत्थं=અનુવર્તના માટે, एसिं=એઓના વિષયમાં=અગીતાર્થાદિ સાધુઓના વિષયમાં, किंपि कायव्वं=કાંઈક કરવું જોઈએ, ण उ भावा=પરંતુ ભાવથી નહીં. ।।૮૪૩।।

ગાથાર્થ :-

તે કારણથી=અનનુવર્તનામાં દોષ છે તે કારણથી, અરક્ત દુષ્ટ એવા સુસાધુ વડે, કાર્યને આશ્રયીને તેઓમાં દ્રવ્યથી જ અનુવર્તના માટે એઓના વિષયમાં=અગીતાર્થાદિ સાધુઓના વિષયમાં, કાંઈક કરવું જોઈએ પરંતુ ભાવથી નહીં. ।।૮૪૩।।

ટીકા :-

यत एवमननुवर्तनायां दोषः, तत् तस्माद् द्रव्यतस्तु कायवाङ्मात्रप्रवृत्तिरूपादेव तेषामगीतार्थादीनाम्, अरक्तद्विष्टेन रागद्वेषयोरन्तरालवर्त्तिना सता कार्यं निवासरूपलक्षणमाश्रित्यानुवर्त्तनार्थमनुकूलभाव-सम्पादननिमित्तम्, एषामगीतार्थादीनां कर्त्तव्यं किमपि वचनसंभाषादि, न तु भावाद् बहुमानरूपात् । कल्पाध्ययनोक्तश्चेत्थमेतद्वन्दनाविषयोऽपवाद उपलभ्यते । यथा—'परिवारपरिसपुरिसं खेत्तं कालं च आगमं णाउं । कारणजाए जाए जहारिहं जस्स जं जोग्गं ।।१।। परिवारो से सुविहिया परिसगओ साहई च वेरग्गं । माणी दारुणभावो निसंसपुरिसाहमो पुरिसो ।।२।। लोगपगओ निवो वा अहवा रायाइदिक्खिओ होज्जा । खेत्तं विहिमाइ अभावियं व कालो अणागालो ।।३।। विहिमाइत्ति-कांतारादि । दंसणणाणचरित्तं तवविणयं जत्थ जत्तियं पासे । जिणपण्णत्तं भत्तीए पूयए तत्थ तं भावं ।।४।। तथा ।। गच्छपरिरक्खणट्ठा अणागयं आउवायकुसलेण । एवं गणाहिवइणा सुहसीलगवेसणा कज्जा ।।५।। उप्पन्नकारणम्मी कीकम्मं जो न कुज्ज दुविहंपि । पासत्थाईयाणं चउगुरुगा भारिया तस्स ।।६।।' इत्यादि ।।८४३।।

ભાવાર્થ :-

અગીતાર્થથી આકીર્ણ અથવા મંદધર્મવાળા ગીતાર્થ કે અગીતાર્થથી આકીર્ણ ક્ષેત્રમાં સુસાધુને કોઈક કારણે વસવું પડે ત્યારે જો તેઓ સાથે ઉચિત સંભાષણરૂપ અનુવર્તના ન કરે તો ગાથા-૮૪૨માં કહ્યું તેવા દોષોની પ્રાપ્તિ થાય. તેથી સુસાધુએ કેવળ તે દોષોના નિવારણના એક ઉપાયરૂપ બાહ્ય આચરણથી તેઓ સાથે અનુવર્તના કરવી જોઈએ અને તે અનુવર્તનાકાળમાં તેઓથી પોતાને જે સત્કાર મળે તેમાં રાગ કરવો જોઈએ નહીં અને તેઓની અનુચિત પ્રવૃત્તિ જોઈને તેઓ પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહીં પરંતુ પોતાના અનર્થના નિવારણના પ્રયોજનથી કે તે અગીતાર્થ સાધુઓને પાપબંધ ન થાય તે પ્રયોજનથી જેટલી સંભાષણાદિની પ્રવૃત્તિ ઉચિત જણાય તેટલી પ્રવૃત્તિ બાહ્યથી કરવી જોઈએ પરંતુ અંતરંગ તો રત્નત્રય પ્રત્યેના રાગના પરિણામને ધારણ કરીને તેઓની કોઈ અનુચિત પ્રવૃત્તિમાં અનુમોદનાની પ્રાપ્તિ ન થાય તે રીતે અનુવર્તના કરવી જોઈએ. જો તેઓની સાથે ઉચિત અનુવર્તના કરતી વખતે તેઓનો પોતાના પ્રત્યેનો સદ્‌ભાવ જોઈને પ્રીતિ થાય અથવા તેઓની અનુવર્તના કરવાને કારણે લોકોમાં સુસાધુની તેઓ પ્રશંસા કરે તે સર્વ જોઈને પ્રીતિ થાય તો તે અનુવર્તના દ્રવ્યથી અનુવર્તના રહે નહીં પરંતુ ભાવથી અનુવર્તના બને જેથી તેઓની અનુચિત આચરણાની અનુમોદનાનું ફળ પ્રાપ્ત થાય. આથી જ વિવેકી સાધુ પ્રસંગે તેવા અગીતાર્થાદિની અનુવર્તના કરે ત્યારે પણ પૂર્વમાં અને પશ્ચાદ્ ભગવાનના વચનનું સ્મરણ કરીને પોતાના ભાવોના રક્ષણ અર્થે સદા ઉદ્યમ કરે છે જેથી તે અગીતાર્થોની કરાયેલી અનુવર્તના કેવળ બાહ્ય આચરણારૂપ જ રહે, ભાવથી તો શુદ્ધ આચરણા પ્રત્યેનો રાગ તે પ્રકારનો સ્થિર-સ્થિરતર વર્તે જેથી અગીતાર્થોના સહવાસમાં પણ તેઓના પાપની સંવાસકૃત પણ અનુમતિ પ્રાપ્ત થાય નહીં.

ગાથા-૮૪૧માં પાર્શ્વસ્થાદિ ન કહેતા અગીતાર્થ સાધુઓ ગ્રહણ કર્યા અને આદિ પદથી ગીતાર્થ પણ મંદધર્મવાળા ગ્રહણ કર્યા તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુઓ શાસ્ત્રના હાર્દને પામ્યા નથી, ગીતાર્થનિશ્રિત નથી, સ્વમતિ અનુસાર આચરણા કરનારા છે છતાં સ્વબોધ પ્રમાણે તપત્યાગાદિમાં ઉદ્યમ કરનારા છે તે મંદધર્મવાળા નથી પરંતુ અગીતાર્થ હોવાના કારણે શિથિલાચારી સાધુ છે. વળી, કેટલાક ગીતાર્થ પણ હોય અને અગીતાર્થ પણ હોય છતાં સુખશીલતાનો સ્વભાવ હોવાના કારણે ધર્મની આચરણા કેવળ બાહ્યથી કરે છે, તપત્યાગાદિમાં ઉદ્યમ કરતા નથી તેઓ મંદધર્મવાળા પાર્શ્વસ્થાદિ છે અને તેવા સાધુઓ પાસે કોઈક કારણે વસવું પડે ત્યારે શું કરવું જોઈએ જેથી સ્વપરને અનર્થની પ્રાપ્તિ થાય નહીં તેની સ્પષ્ટતા ગાથા-૮૪૧થી ૮૪૩ સુધી ગ્રંથકારશ્રીએ કરેલ છે. **॥૮૪૩॥**

અવતરણિકા :-

अत्रैव दृष्टान्तमभिधातुमाह —

અવતરણિકાર્થ :-

અહીં જ દૃષ્ટાંત કહેવા માટે કહે છે=અગીતાર્થાદિની દ્રવ્યથી અનુવર્તનામાં જ દૃષ્ટાંતને કહે છે —

ગાથા :-

एत्थं पुण आहरणं विण्णेयं णायसंगयं एयं ।
अगहिलगहिलो राया बुद्धीए अणट्ठरज्जोत्ति ।।८४४।।

અન્વયાર્થ :-

एत्थं=अहीं=अगीतार्थादिनी द्रव्यथी अनुवर्तनामां, पुण=वळी, आहरणं णायसंगयं=उदाहरण न्यायसंगत, एयं=आ=आगळमां कहे छे એ, विण्णेयं=विज्ञेय छे.

તે ઉદાહરણને જ બતાવે છે –

अगहिलगहिलो=अग्रहवाळो छतां ग्रहवाळो=भावथी अग्रहवाळो छतां द्रव्यथी ग्रहवाळो, राया=राजा, बुद्धीए=बुद्धि नामना मंत्री वडे, अणट्ठरज्जोत्ति=अनष्ट राज्यवाळो कराયो. ।।८४४।।

ગાથાર્થ :-

અહીં=અગીતાર્થાદિની દ્રવ્યથી અનુવર્તનામાં, વળી ઉદાહરણ ન્યાયસંગત આ=આગળમાં કહે છે એ, વિજ્ઞેય છે.

તે ઉદાહરણને જ બતાવે છે –

અગ્રહવાળો છતાં ગ્રહવાળો=ભાવથી અગ્રહવાળો છતાં દ્રવ્યથી ગ્રહવાળો, રાજા બુદ્ધિ નામના મંત્રી વડે અનષ્ટ રાજ્યવાળો કરાયો. ।।८४४।।

ટીકા :-

अत्रागीतार्थाद्यनुवृत्तौ पुनराहरणं विज्ञेयं न्यायसङ्गतं युक्तियुक्तमेतद् वक्ष्यमाणम् । तदेव दर्शयति– अग्रहिलग्रहिलोऽग्रहवान् ग्रहिलः संवृत्तः कश्चिद् राजा । बुद्ध्या बुद्धिनाम्ना मन्त्रिणा अनष्टराज्यः कृतः । इतिः पूर्ववत् ।।८४४।।

અવતરણિકા :-

इदमेवोदाहरणं विशेषतो गाथाचतुष्टयेन भावयति –

અવતરણિકાર્થ :-

આ જ ઉદાહરણને=અગ્રહિલ ગ્રહિલ રાજાના ઉદાહરણને જ, વિશેષથી ગાથાચતુષ્ટયથી બતાવે છે –

ગાથા :-

पुहविपुरम्मि उ पुण्णो राया बुद्धी य तस्स मंतित्ति ।
कालण्णुणाण मासुवरि वुट्ठि दग गह सुवासं तो ।।८४५।।

रायणिवेयण पडहग दगसंगह जत्तओ अहाथामं ।
वुट्ठि अपाणं खीणेपाणम्मी गह कमा पायं ।।८४६।।
सामंताईयाणवि ढुक्कं वासं दवं च रण्णोत्थि ।
तेसिं मंतण णिवगह बंधामो मंतिणाणं ति ।।८४७।।
सिट्ठे णत्थि उवाओ तं दग कित्तिमगहो य मिलणंति ।
तोसो रज्जम्मि ठिती सुवास सव्वं तओ भद्दं ।।८४८।।

અન્વયાર્થ :-

પુહવિપુરમ્મિ ઉ પુણ્ણો રાયા=પૃથ્વીપુર નગરમાં પૂર્ણ નામના રાજા, બુદ્ધી ય તસ્સ મંતિત્તિ=અને તેનો બુદ્ધિ નામનો મંત્રી હતો. कालण्णुणाण=કાલજ્ઞના જ્ઞાનથી, मासुवरि वुट्ठि=માસ પછી વૃષ્ટિ થશે. दगगह=પાણીથી ગ્રહ=તેના પાણીના પીવાથી ઉન્માદ થશે. सुवासं तो=ત્યારપછી સુવૃષ્ટિ થશે.

रायणिवेयण पडहग=રાજા વડે પટહ દ્વારા લોકને નિવેદના, जत्तओ अहाथामं दगसंगह=યત્નથી યથાસામર્થ્ય લોકો વડે પાણીનો સંગ્રહ કરાયો. वुट्ठि=વૃષ્ટિ=ખરાબ જળની વૃષ્ટિ, अपाणं=અપાન=લોકો વડે જળનું અપાન, खीणे=ક્ષીણ થયે છતે=સંગ્રહ કરાયેલું પાણી ક્ષીણ થયે છતે, पाणम्मी=પાનમાં=લોકોના નવા જળના પાનમાં, गह=ગ્રહ=ઉન્માદની પ્રાપ્તિ, कमा पायं=ક્રમથી પ્રાયઃ=ક્રમથી બહુલતાએ લોકોને ઉન્માદની પ્રાપ્તિ થઈ.

सामंताईयाणवि=સામંતાદિના પણ=સામંતાદિના પણ સંગ્રહ કરેલા પાણીનો ક્ષય થયે છતે, ढुक्कं वासं=ઉપસ્થિત વર્ષાનું પાણી લાવ્યા. दवं च रण्णोत्थि=અને રાજાને પાણી છે=રાજા પાસે સંગ્રહ કરેલું પાણી છે અન્ય પાસે નથી. तेसिं=તેઓની=સામંતાદિની, णिवगह मंतण=રાજાના ગ્રહણવિષયક મંત્રણા=રાજાની પોતાનાથી વિપરીત પ્રવૃત્તિ જોઈને ગ્રહવાળા લોકો વડે રાજાને ઉન્માદવાળા જાણીને મંત્રણા.

કેવા પ્રકારની મંત્રણા છે ? એથી કહે છે –

बंधामो ति='બાંધી લઈએ'='રાજાને આપણે બાંધી લઈએ' એ પ્રકારનો સામંતાદિનો વિચાર, मंतिणाणं=મંત્રીને જ્ઞાન.

सिट्ठे=કહેવાયું=રાજાને મંત્રી વડે કહેવાયું. णत्थि उवाओ='ઉપાય નથી'='આ લોકોના અનુવર્તન વગર ઉપાય નથી.' तं दग=તે પાણી=તે પૂર્વનું પાણી પીતા છતા, कित्तिमगहो=કૃત્રિમ ગ્રહ=રાજા વડે લોકોને કૃત્રિમ ગ્રહ બતાવાયો, य मिलणंति=અને મિલન=રાજા દ્વારા બધા સાથે મિલન, तोसो=તોષ=સામંતાદિને સંતોષ થયો. रज्जम्मि ठिती=રાજ્યમાં સુસ્થિતિ થઈ. सुवास=સુવર્ષા થઈ. तओ=ત્યારપછી, सव्वं भद्दं=સર્વ ભદ્ર થયું. ।।૮૪૫થી ૮૪૮।।

ગાથાર્થ :-

પૃથ્વીપુર નગરમાં પૂર્ણ નામના રાજા અને તેનો બુદ્ધિ નામનો મંત્રી હતો. કાલજ્ઞના જ્ઞાનથી માસ પછી વૃષ્ટિ થશે. પાણીથી ગ્રહ=તેના પાણીના પીવાથી ઉન્માદ થશે. ત્યારપછી સુવૃષ્ટિ થશે.

રાજા વડે પટહ દ્વારા લોકને નિવેદના. યત્નથી યથાસામર્થ્ય લોકો વડે પાણીનો સંગ્રહ કરાયો. વૃષ્ટિ=ખરાબ જળની વૃષ્ટિ. અપાન=લોકો વડે જળનું અપાન. ક્ષીણ થયે છતે=સંગ્રહ કરાયેલું પાણી ક્ષીણ થયે છતે, પાનમાં=લોકોના નવા જળના પાનમાં, ગ્રહ=ઉન્માદની પ્રાપ્તિ. ક્રમથી પ્રાયઃ=ક્રમથી બહુલતાએ, લોકોને ઉન્માદની પ્રાપ્તિ થઈ.

સામંતાદિના પણ=સામંતાદિના પણ સંગ્રહ કરેલા પાણીનો ક્ષય થયે છતે, ઉપસ્થિત વર્ષાનું પાણી લાવ્યા અને રાજાને પાણી છે=રાજા પાસે સંગ્રહ કરેલું પાણી છે અન્ય પાસે નથી. તેઓની= સામંતાદિની, રાજાના ગ્રહણવિષયક મંત્રણા=રાજાની પોતાનાથી વિપરીત પ્રવૃત્તિ જોઈને ગ્રહવાળા લોકો વડે રાજાને ઉન્માદવાળા જાણીને મંત્રણા.

કેવા પ્રકારની મંત્રણા છે ? એથી કહે છે –

'બાંધી લઈએ'='રાજાને આપણે બાંધી લઈએ' એ પ્રકારનો સામંતાદિનો વિચાર, મંત્રીને જ્ઞાન.

કહેવાયું=રાજાને મંત્રી વડે કહેવાયું. 'ઉપાય નથી'='આ લોકોના અનુવર્તન વગર ઉપાય નથી.' તે પાણી=તે પૂર્વનું પાણી પીતા છતા, કૃત્રિમ ગ્રહ=રાજા વડે લોકોને કૃત્રિમ ગ્રહ બતાવાયો, અને મિલન=રાજા દ્વારા બધા સાથે મિલન, તોષ=સામંતાદિને સંતોષ થયો. રાજ્યમાં સુસ્થિતિ થઈ. સુવર્ષા થઈ. ત્યારપછી સર્વ ભદ્ર થયું. ।।૮૪૫થી ૮૪૮।।

ટીકા :-

तत्र पृथ्वीपुरे नगरे पूर्णो नाम राजा बुद्धिश्च तस्य मन्त्री सचिव इति । अन्यदा कालज्ञस्य कस्यचित् ज्ञानमभूत् । यथैतन्मासोपरि वृष्टिर्भविष्यति । 'दगगहत्ति' तद्वृष्ट्युदकाच्च पीताद् ग्रह उन्मादः संपत्स्यते लोकानां । 'सुवासं तो' इति । ततः कियत्यपि काले गते सुवर्षं सुवृष्टिर्भविष्यति । तस्मिंश्च सुन्दरे सम्पन्ने सर्वं सुन्दरं भविष्यति । प्रज्ञप्तं तेन राजपुरतः ।।८४५।।

एवं कालज्ञेन कथिते राज्ञा निवेदना लोकस्य–'पडहगहत्ति' पटहकप्रदापनेन कृता । तत उदकस्य संग्रहो यत्नतो यथास्थाम यथासामर्थ्यं कृतः सर्वेणापि लोकेन । वृष्टिर्निरूपितमासोपरि संवृत्ता, अपानं तज्जलस्य । क्षीणे संगृहीते जले पाने प्रवृत्ते नव्यनीरस्य, ग्रह उन्मादरूपः क्रमात् प्रायो बाहुल्येन लोकस्य संवृत्तः ।।८४६।।

सामन्तादीनामपि प्रचुरतरगृहीतादूषितजलानां तज्जलक्षये ढुक्कमुपस्थितं वर्षं दूषितवृष्टिनीरं, तेऽपि तत्पीतवन्त इत्यर्थः । द्रवं च पुराणपानीयस्यन्दसंग्रहो राज्ञोऽस्ति न पुनरन्यस्य कस्यचित् ।

ततो राजाऽग्रहिलतया यदा तेषां सामंतादीनां न कासुचिच्चेष्टासु मिलति, तदा तेषां मन्त्रणमभूत्– 'निवगहत्ति' । यथाऽयं नृपोऽस्मासु सत्सु राज्यसुखभागी भवति, अस्मन्मताननुवर्त्तकस्तु कियच्चिरं राज्यं करिष्यतीति गृहीत्वा बध्नीम एनम् । एवं मन्त्रयमाणानां तेषां मन्त्रिणो बुद्धेर्ज्ञानमभूदिति ।।८४७।।

ततः शिष्टे (ग्रं. १२०००) मन्त्रिणा नृपस्य नास्त्यन्य उपाय एतदनुवर्त्तनमन्तरेण राज्यजीवितव्ययो रक्षणे इति तत्पुराणोदकमुदकं पिबता सता कृत्त्रिमग्रहश्च कृत्त्रिम एव ग्रहो दर्शितो, राज्ञा मिलनं कृतम् । ततस्तेषां मध्ये इत्येतेषां तोषः प्रमोदो राज्ये स्थितिर्निश्चलतारूपा जाता । कालेन सुवर्षम-भूत् । सर्वं ततो भद्रं संवृत्तम् ।।८४८।।

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં પૂર્ણ રાજાના દૃષ્ટાંતથી એ પ્રાપ્ત થાય કે વિષમ કાળમાં સુસાધુને કોઈક કારણથી અગીતાર્થાદિ સાથે વસવું પડે અને તેઓની સાથે તેમના જેવું વર્તન ન કરવામાં આવે તો તેઓ સહન કરી શકે નહીં તેથી તેમનાથી ઉપદ્રવ થાય તેના રક્ષણ માટે સુસાધુએ બાહ્ય આચરણાથી સંયોગ અનુસાર તેવી પ્રવૃત્તિ કરવી પડે જે પ્રમાણે તે અગીતાર્થાદિ સાધુઓ કરતા હોય તોપણ તેવા વિષમ સંયોગોમાં સુસાધુએ અંતરંગ ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને મોહનાશને અનુકૂળ સતત ઉદ્યમ કરવો જોઈએ, ફક્ત તેવા અગીતાર્થ સાધુ સાથે વસવાનો પ્રસંગ પૂરો થાય ત્યાર પછી શુદ્ધ આચરણામાં ઉદ્યમ કરવો જોઈએ. જેમ પાસત્થાદિ ભિક્ષાદિ લાવવાની ક્રિયાઓ યથાતથા કરતા હોય અને તેમના સહવાસમાં ક્વચિદ્ બાહ્યથી તે પ્રકારે ભિક્ષા લાવી આપવામાં ન આવે તો તે કુપિત થાય કે તેમના કૃત અનર્થ થાય તેના રક્ષણ અર્થે સુસાધુ બાહ્ય આચરણાથી તેવી પ્રવૃત્તિ કરે તોપણ ભિક્ષાગ્રહણકાળમાં જિનવચનનું સ્મરણ કરીને અંતરંગ રીતે સમભાવના પરિણામનો નાશ ન થાય તે પ્રકારે યત્ન કરે. જેમ અપવાદથી દોષિત ભિક્ષા લાવતી વખતે પણ સુસાધુનો પરિણામ સંયમ પ્રત્યેના બદ્ધરાગવાળો હોય છે તેમ વર્તમાનમાં અગીતાર્થના સાંનિધ્યમાં તે પ્રકારની બાહ્ય પ્રવૃત્તિ કરે તોપણ સુસાધુનો પરિણામ સમભાવમાં જ પ્રતિબંધવાળો રહે છે અને તેવો સંયોગ ન હોય તો અવશ્ય બાહ્ય યતના પણ જિનવચનાનુસાર જ કરે છે. **॥૮૪૫થી ૮૪૮॥**

ગાથા :-

एएणाहरणेणं आयाराया सुबुद्धिसचिवेण ।
दुसमाए कुग्गहोदगपाणगहा रक्खियव्वोत्ति ।।८४९।।

અન્વયાર્થ :-

एएणाहरणेणं=આ ઉદાહરણથી, आयाराया=આત્મા રાજા છે. सुबुद्धि सचिवेण=સુબુદ્ધિ મંત્રી વડે=મંત્રી સ્થાનીય શાસ્ત્રાનુસારી મતિથી, दुसमाए=દુઃષમાકાળમાં, कुग्गहोदगपाणगहा=કુગ્રહરૂપી ઉદકના પાનના ગ્રહથી, रक्खियव्वोत्ति=રક્ષિત કરવો જોઈએ=આત્માને રક્ષિત કરવો જોઈએ. ॥૮૪૯॥

ગાથાર્થ :-

આ ઉદાહરણથી આત્મા રાજા છે. સુબુદ્ધિ મંત્રી વડે=મંત્રી સ્થાનીય શાસ્ત્રાનુસારી મતિથી, દુઃષમાકાળમાં કુગ્રહરૂપી ઉદકના પાનના ગ્રહથી રક્ષિત કરવો જોઈએ=આત્માને રક્ષિત કરવો જોઈએ. ।।૮૪૯।।

ટીકા :-

एतेनाहरणेन आत्मा राजा वर्तते । स राजकल्प आत्मा सुबुद्धिसचिवेन शास्त्रानुसारिणी बुद्धिरेव सचिवस्तेन, दुष्षमायां कुग्रह एव शास्त्रबाधितबोधलक्षणः उदकपानग्रहो जलपानोत्पन्नग्रहरूपस्तस्माद्रक्षितव्य इति ।।८४९।।

ભાવાર્થ :-

પૂર્વમાં ઉદાહરણ આપ્યું ત્યાં સુસાધુનો આત્મા રાજા છે અને તે સુસાધુની શાસ્ત્રાનુસારી મતિ તે મંત્રી છે તેથી જે સુસાધુ શાસ્ત્રાનુસારી મતિથી લાભાલાભને જોઈને અગીતાર્થો સાથે વાસ કરતી વખતે ક્વચિદ્ બાહ્ય આચરણા વિપરીત કરે તોપણ કુગ્રહ ઉદકના પાનનું ગ્રહણ કરે નહીં પરંતુ તત્ત્વના આગ્રહપૂર્વક માત્ર કાયાથી બાહ્ય પ્રવૃત્તિ કરે અને અંતરંગ તો જિનવચનાનુસાર પ્રવૃત્તિના પક્ષપાતને કારણે સંયમની શુદ્ધિને પ્રાપ્ત કરે, ફક્ત તેવા વિષમ સંયોગમાં બાહ્ય પ્રવૃત્તિ અન્યથા હોવાથી જો સુસાધુ અંતરંગ રીતે અત્યંત ઉપયુક્ત ન થાય તો મોહઆપાદક તે બાહ્ય પ્રવૃત્તિ જીવને અવશ્ય કુગ્રહનું કારણ બને છે; કેમ કે જીવ સ્વભાવથી મોહવાસિત છે અને મોહને પુષ્ટ કરે તેવી બાહ્ય પ્રવૃત્તિ હોવા છતાં વીતરાગના વચનથી નિયંત્રિત અંતરંગ પ્રયત્ન કરવા માટે સાત્ત્વિક જીવો સમર્થ બને છે, અલ્પ સત્ત્વવાળા જીવો તેવા સંયોગમાં વિનાશ જ પામે છે અથવા તેવા અગીતાર્થાદિ સાધુની પ્રવૃત્તિ જોઈને અલ્પ સત્ત્વવાળા જીવો અસહિષ્ણુ સ્વભાવને કારણે તેઓની અનુચિત પ્રવૃત્તિના નિવારણ અર્થે ઉપદેશાદિમાં પ્રયત્ન કરે છે અને તેઓની સાથે ક્લેશની પ્રાપ્તિ કરે છે પરંતુ તે કાળને ઉચિત એવા સ્વપરિણામનું રક્ષણ કરતા નથી. **॥૮૪૯॥**

અવતરણિકા :-

अत एवाह —

અવતરણિકાર્થ :-

આથી જ કહે છે=વિષમ કાળમાં આત્મા કુગ્રહથી રક્ષણીય છે આથી જ કહે છે —

ગાથા :-

बहुकुग्गहम्मिवि जणे तदभोगणुवत्तणाए तह चेव ।
भावेण धम्मरज्जे जा सुहकालो सुवासंति ।।८५०।।

અન્વયાર્થ :-

बहुकुग्गहम्मिवि जणे=બહુ કુગ્રહવાળો પણ જન હોતે છતે, तदभोगणुवत्तणाए=તેના અભોગ વડે અનુવર્તનાથી=કુગ્રહરૂપી જળના અપાન વડે અનુવર્તનાથી, तह चेव=તે પ્રમાણે જ=રાજા-મંત્રીના દૃષ્ટાંત વડે જ, भावेण=ભાવથી, धम्मरज्जे=ધર્મરાજ્યમાં=સર્વ સાવદ્ય વિરતિલક્ષણવાળા ધર્મરાજ્યમાં સ્થાપન કરીને આત્મા રક્ષણીય છે, जा सुहकालो सुवासंति=જ્યાં સુધી શુભ કાળરૂપ સુવર્ષા પ્રાપ્ત થાય. ॥૮૫૦॥

ગાથાર્થ :-

બહુ કુગ્રહવાળો પણ જન હોતે છતે તેના અભોગ વડે અનુવર્તનાથી=કુગ્રહરૂપી જળના અપાન વડે અનુવર્તનાથી, તે પ્રમાણે જ=રાજા-મંત્રીના દૃષ્ટાંત વડે જ, ભાવથી ધર્મરાજ્યમાં=સર્વ સાવદ્ય વિરતિલક્ષણવાળા ધર્મરાજ્યમાં, સ્થાપન કરીને આત્મા રક્ષણીય છે, જ્યાં સુધી શુભ કાળરૂપ સુવર્ષા પ્રાપ્ત થાય. ॥૮૫૦॥

ટીકા :-

बहवः प्रभूताः कुग्रहा विपरीतार्थाभिनिवेशरूपा यस्य स तथा तस्मिन्नपि जने लोके वर्त्तमानकाल-भाविनि, तदभोगेन तस्य कुग्रहजलस्यानुपजीवनेन याऽनुवर्त्तनोक्तरूपा तया, तथा चैव राजमन्त्रि-दृष्टान्तेनैव, भावेन परिपूर्णसाधुधर्मसाधनेच्छारूपेण धर्मराज्ये सर्वसावद्यविरतिलक्षणे स्थापयित्वा आत्मा रक्षणीय इत्यनुवर्तते । यावच्छुभकालः सुषमादुःषमादिलक्षणः शुद्धसाधुधर्माराधनायोग्यः सुवर्षमिति सुवृष्टिकालतुल्यः समभ्येतीति ॥૮૫૦॥

ભાવાર્થ :-

વર્તમાનકાળમાં બહુલતાએ કુગ્રહવાળા સાધુઓ હોય છે, સુસાધુઓની સંખ્યા પ્રાયઃ અલ્પ હોય છે તેવા સંયોગમાં અગીતાર્થ અને મંદધર્મી સાધુઓ સાથે સુસાધુઓએ વસવું પડે તોપણ પોતાનામાં ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિનો કુગ્રહ પ્રવેશ ન પામે એ રીતે યત્ન કરવો જોઈએ, ભગવાનના વચનથી આત્મા સદા ભાવિત રહે તે રીતે સ્વભૂમિકા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ અને તેના દ્વારા વીતરાગતુલ્ય થવાનો અંતરંગ યત્ન સદા કરવો જોઈએ જેથી વિષમ સંયોગને કારણે બાહ્ય અનુવર્તના તે પ્રમાણે વિપરીત કરવી પડે તોપણ અંતરંગ ઉપયોગ જિનવચનાનુસાર હોવાથી કુગ્રહથી આત્માનું રક્ષણ થાય અને સંયોગ અનુસાર બાહ્ય આચરણા માત્ર હોવાથી તેને અનુરૂપ ભાવો થતા નથી. આ રીતે ભાવથી સુસાધુઓએ પોતાના આત્માને ધર્મરાજ્યમાં સ્થાપન કરીને પોતાનું રક્ષણ કરવું જોઈએ અને શુભ કાળ પ્રાપ્ત થાય ત્યાં સુધી તેવા સાધુઓ સાથે વસીને સુખપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિ થાય તેની સદા ગવેષણા કરવી જોઈએ. **॥૮૫૦॥**

અવતરણિકા :-

અસ્યૈવ રક્ષણીયોપાયમાહ –

અવતરણિકાર્થ :-

આના જ=આત્માના જ, રક્ષણીય એવા અંતરંગ પરિણામના ઉપાયને કહે છે –

ગાથા :-

आणाजोगेण य रक्खणा इहं ण पुण अण्णहा णियमा ।
ता एयम्मि पयत्तो कायव्वो सुपरिसुद्धम्मि ।।८५१।।

અન્વયાર્થ :-

इहं=અહીં=આત્મામાં, आणाजोगेण य=આજ્ઞાયોગથી જ, रक्खणा=રક્ષણ છે, ण पुण अण्णहा णियमा=પરંતુ અન્યથા નિયમથી નથી. ता=તે કારણથી, सुपरिसुद्धम्मि एयम्मि=સુપરિશુદ્ધ એવા આમાં= સુપરિશુદ્ધ એવા આજ્ઞાયોગમાં, पयत्तो कायव्वो=પ્રયત્ન કરવો જોઈએ. ।।૮૫૧।।

ગાથાર્થ :-

અહીં=આત્મામાં, આજ્ઞાયોગથી જ રક્ષણ છે પરંતુ અન્યથા નિયમથી નથી. તે કારણથી સુપરિશુદ્ધ એવા આમાં=સુપરિશુદ્ધ એવા આજ્ઞાયોગમાં, પ્રયત્ન કરવો જોઈએ. ।।૮૫૧।।

ટીકા :-

आज्ञायोगेन पूर्वमेव निरूपितरूपाज्ञाराधनेनैव रक्षणा परिपालनाऽत्रात्मनि, न त्वन्यथा मणिमन्त्रौषधाद्युपयोगेन मिथ्याचारपरिपालनेन वा नियमान्नियमेन, तथारक्षितस्याप्यकृताज्ञाराधनादिकस्य नरकादिदुर्गतिपातसम्भवेन परमार्थतोऽरक्षणमेव तस्य संपद्यत इति । तत्तस्मादेतस्मिन्नाज्ञायोगे प्रयत्न आदरः कर्तव्यः सुपरिशुद्धे उत्सर्गापवादतया सम्यग् निर्णीते इति ।।८५१।।

ભાવાર્થ :-

ધર્મરાજ્યમાં આત્માનું રક્ષણ આજ્ઞાયોગ વગર સંભવતું નથી. તેથી સુસાધુએ પ્રવૃત્તિ કરતા પૂર્વે હંમેશાં આજ્ઞાનું સ્મરણ કરવું જોઈએ અને આજ્ઞાના સ્મરણપૂર્વક આજ્ઞાથી નિયંત્રિત મન-વચન-કાયાને પ્રવર્તાવવાં જોઈએ તેથી અગીતાર્થાદિના સાંનિધ્યમાં કોઈક કારણે બાહ્ય પ્રવૃત્તિ અન્યથા કરવી પડે ત્યારે પણ ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરે કે 'ભગવાને સ્વપરના સંક્લેશના પરિહાર અર્થે ઉચિત પ્રવૃત્તિ કરવાની આજ્ઞા બતાવી છે, તેથી પ્રમાદી સાધુઓની અનુચિત આચરણા જોઈને પોતાનામાં અસહિષ્ણુતા થાય તો ભગવાનની આજ્ઞાનું પાલન થાય નહીં. વળી, પ્રમાદી સાધુઓની સાથે વસવાથી તેવી બાહ્ય આચરણા કરવી પડે અને પોતાનું ચિત્ત પણ તે પ્રકારે સુખશીલતાવાળું થાય તોપણ ભગવાનની આજ્ઞાનું પાલન થાય નહીં માટે

વિવેકી સાધુએ તેઓની અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે પોતાનામાં અસહિષ્ણુતા ન થાય પરંતુ 'તે જીવોની તે પ્રકારની ભવસ્થિતિ છે કે જેથી તેઓ શુદ્ધ આજ્ઞાને પાળીને આત્મહિત કરી શકે તેમ નથી' તેમ વિચારીને તેઓ પ્રત્યે મધ્યસ્થભાવ કરવો જોઈએ અને બાહ્ય આચરણા પણ સંયોગ અનુસાર શક્ય હોય તેટલી જિનવચનથી નિયંત્રિત કરવી જોઈએ. ફક્ત તેઓની અનુવર્તના અર્થે તે પ્રકારની પ્રવૃત્તિ કરવી પડે ત્યારે પણ જિનવચનના સ્મરણથી નિયંત્રિત પ્રવૃત્તિ કરે તો આત્મામાં તેવા કોઈ સંસ્કાર પડતા નથી પરંતુ શુદ્ધ આજ્ઞાપાલનના જ ઉત્તમ સંસ્કારો આધાન થાય છે. **॥૮૫૧॥**

અવતરણિકા :-

अथ परिशुद्धाज्ञायोगोपायमाह —

અવતરણિકાર્થ :-

હવે પરિશુદ્ધ આજ્ઞાયોગના ઉપાયને કહે છે —

ગાથા :-

तित्थे सुत्तत्थाणं गहणं विहिणा उ एत्थ तित्थमियं ।
ता एयम्मि पयत्तो कायव्वो सुपरिसुद्धम्मि ।।८५२।।

અન્વયાર્થ :-

तित्थे=તીર્થમાં, विहिणा उ=વિધિથી જ=વિનયાદિ વિધિથી જ, सुत्तत्थाणं गहणं=સૂત્ર અને અર્થનું ગ્રહણ (કરવું જોઈએ.) एत्थ तित्थमियं=અહીં તીર્થ આ છે=સૂત્રના અવયવભૂત તીર્થ ઉભયજ્ઞ ગુરુ છે, ता=તે કારણથી, सुपरिसुद्धम्मि एयम्मि=સુપરિશુદ્ધ એવા આમાં=સુપરિશુદ્ધ એવા આજ્ઞાયોગમાં, पयत्तो कायव्वो=પ્રયત્ન કરવો જોઈએ. ॥૮૫૨॥

ગાથાર્થ :-

તીર્થમાં વિધિથી જ=વિનયાદિ વિધિથી જ, સૂત્ર અને અર્થનું ગ્રહણ કરવું જોઈએ. અહીં તીર્થ આ છે=સૂત્રના અવયવભૂત તીર્થ ઉભયજ્ઞ ગુરુ છે, તે કારણથી સુપરિશુદ્ધ એવા આમાં=સુપરિશુદ્ધ એવા આજ્ઞાયોગમાં, પ્રયત્ન કરવો જોઈએ. ॥૮૫૨॥

ટીકા :-

तीर्थे वक्ष्यमाणलक्षणे सूत्रार्थग्रहणं विधिना तु विधिनैव वक्ष्यमाणेन । अत्र सूत्रावयवे तीर्थमिदमुच्यते । उभयज्ञश्चैव सूत्रार्थरूपज्ञातैव गुरुर्व्याख्याता साधुः, विधिश्च सूत्रार्थग्रहणे विनयादिकश्चित्रो नानारूपः । इह विनयः कायिकवाचिकमानसभेदात् त्रिधा । आदिशब्दाद् वक्ष्यमाणमण्डलीप्रमार्जनादिग्रह इति ।।८५२।।

ભાવાર્થ :-

ભગવાનની પરિશુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિનો ઉપાય પ્રસ્તુત ગાથામાં બતાવે છે. જે સાધુ સૂત્રના અને અર્થના ઉભયના જ્ઞાતા છે તેમની પાસેથી વિધિપૂર્વક સૂત્રાર્થનું ગ્રહણ કરવું જોઈએ. ક્વચિદ્ વિષમ કાળના દોષથી તેવા ગુરુ સાક્ષાત્ પ્રાપ્ત ન થાય તોપણ પૂર્વના જે ઉત્તમ પુરુષો થયા છે અને જેઓ ભગવાનના સૂત્રના યથાર્થ પરમાર્થને જાણનારા છે અને તેઓએ યોગ્ય જીવોને બોધ કરાવવાનું પ્રબળ કારણ બને તે રીતે જે અર્થો કર્યા છે તેનું વિધિથી અધ્યયન કરે તોપણ ઉભયના જાણનારા=સૂત્રઅર્થ ઉભયના જાણનારા, હરિભદ્રસૂરિ આદિ પૂર્વના સુવિહિતોના વચનાનુસાર તત્ત્વને જાણવા જે મહાત્મા વર્તમાનકાળમાં પણ વિધિપૂર્વક યત્ન કરે છે તેઓને પરિશુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ થાય છે અને સૂત્રગ્રહણની વિધિ વિનયાદિ ચિત્ર પ્રકારની છે તેથી સાક્ષાદ્ ગુરુ હોય તો તેઓની પાસે કાયિક-વાચિક-માનસિક ભેદથી ઉચિત વિનયપૂર્વક સૂત્રાર્થનું ગ્રહણ કરે. ક્વચિદ્ તેવા વિષમ સંયોગ હોય અને એવા કોઈ ગુરુની પ્રાપ્તિ ન હોય તોપણ સૂત્રાર્થના જાણનારા સુગુરુનું મનમાં સ્મરણ કરીને ઉચિત વિધિથી શાસ્ત્રનું અધ્યયન કરે તો જેમ તીર્થંકરના અભાવમાં જિનપ્રતિમા દ્વારા તીર્થંકરનો વિનય થાય છે તેમ તેવા તીર્થકલ્પ ગુરુ પ્રત્યે વિનયાદિપૂર્વક સૂત્રગ્રહણમાં યત્ન કરવાથી વર્તમાન કાળમાં પણ પરિશુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ થાય છે જેના બળથી સંસારથી ભય પામેલા સાધુ પાસત્થાદિ સાથે ઉચિત અનુવર્તના કરીને પણ પોતાના આત્માનું સુખપૂર્વક રક્ષણ કરી શકે છે અને જેઓ તેવા સૂત્રાર્થને જાણનારા ગીતાર્થ ગુરુ પાસેથી આજ્ઞાને જાણવા માટે યત્ન કરતા નથી પરંતુ સ્વમતિ અનુસાર ધર્મની કલ્પના કરીને ધર્મના આચારોમાં યત્ન કરે છે તેઓને પરિશુદ્ધ આજ્ઞાની અપ્રાપ્તિ હોવાના કારણે સદા સંક્લેશની પ્રાપ્તિ થાય છે. માટે વિવેકીએ દેશકાળમાં સંયોગ અનુસાર તીર્થ જેવા ઉભયને જાણનારા ગુરુ પાસે વિધિપૂર્વક સૂત્રાર્થગ્રહણમાં યત્ન કરવો જોઈએ જેથી સૂત્રના યથાર્થ અર્થની પ્રાપ્તિ થાય અને સૂત્રના યથાર્થ તાત્પર્યની પ્રાપ્તિથી પરિશુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ થાય. **॥૮૫૨॥**

અવતરણિકા :-

अथ गुरोरेव विशेषतः स्वरूपमाह —

અવતરણિકાર્થ :-

હવે ગુરુના જ વિશેષથી સ્વરૂપને કહે છે=પરિશુદ્ધ આજ્ઞાયોગના સ્વરૂપની પ્રાપ્તિના કારણીભૂત ગુરુના જ સ્વરૂપને વિશેષથી કહે છે —

ગાથા :-

उभयण्णूवि य किरियापरो दढं पवयणाणुरागी य ।
ससमयपण्णवओ परिणओ य पण्णो य अच्चत्थं ।।૮૫૩।।

અન્વયાર્થ :-

य=અને, उभयण्णूवि=ઉભયને જાણનારા પણ=સૂત્ર અને અર્થ ઉભયને જાણનારા પણ, किरियापरो=

ક્રિયાપર=મૂળગુણ અને ઉત્તરગુણની આરાધનામાં બદ્ધલક્ષવાળા, દઢં પવયણાણુરાગી ય=અને પ્રવચનના દૃઢ અનુરાગી, ससमयपण्णवओ=સ્વસમયના પ્રરૂપક, પરિણઓ ય=અને પરિણત=વ્રતથી અને વયથી પરિણત, અચ્ચત્થં પણ્ણો ય=અને અત્યર્થ પ્રાજ્ઞ (એવા ગુરુ વડે પ્રજ્ઞાપના કરાતો અર્થ ક્યારેય પણ વિપર્યય પામતો નથી.) ॥૮૫૩॥

ગાથાર્થ :-

અને ઉભયને જાણનારા પણ=સૂત્ર અને અર્થ ઉભયને જાણનારા પણ, ક્રિયાપર=મૂળગુણ અને ઉત્તરગુણની આરાધનામાં બદ્ધલક્ષવાળા અને પ્રવચનના દૃઢ અનુરાગી, સ્વસમયના પ્રરૂપક અને પરિણત=વ્રતથી અને વયથી પરિણત, અને અત્યર્થ પ્રાજ્ઞ આવા ગુરુ વડે પ્રજ્ઞાપના કરાતો અર્થ ક્યારેય પણ વિપર્યય પામતો નથી. ॥૮૫૩॥

ટીકા :-

उभयज्ञोऽपि च गुरुः क्रियापरो मूलगुणोत्तरगुणाराधनायां बद्धलक्षो, दृढमत्यर्थं प्रवचनानुरागी च जिनवचनं प्रतिबहुमानत्वात् । तथा, स्वसमयप्रज्ञापकः स्वसमयस्य चरणकरणाद्यनुयोगभेदभिन्नस्य तैस्तैरुपायैः प्ररूपकः । परिणतश्च वयसा व्रतेन च । प्राज्ञश्च बहुबहुविधादिग्राहकबुद्धिमानऽत्यर्थमतीव । एवंविधेन हि गुरुणा प्रज्ञाप्यमानोऽर्थो न कदाचिद्विपर्ययभाग्भवतीत्येवमेष विशेष्यत इति ॥८५३॥

ભાવાર્થ :-

જે મહાત્માઓ ભગવાનના વચનનાં સૂત્રો અને તે સૂત્રના ઐદંપર્યરૂપ તાત્પર્યને જાણનારા છે તે ઉભયજ્ઞ છે. જેમ સુસાધુ માટે મુખ્ય સૂત્ર છે કે કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ, તપધ્યાનમાં યત્ન કરવો જોઈએ અને ગ્રંથનો=સંશ્લેષનો, ત્યાગ કરવો જોઈએ. તેમને કહેનારા સૂત્રના ઐદંપર્યને સ્પર્શનારી જેઓની બુદ્ધિ છે તેઓ પ્રાયઃ તેના બળથી અન્ય સર્વ સૂત્રો પણ યથાર્થ યોજન કરી શકે છે; કેમ કે સર્વ સૂત્રોનું રહસ્ય ભાવસાધુપણાની પ્રાપ્તિ અને ભાવસાધુપણાનું રહસ્ય અસંગની પ્રાપ્તિ અને અસંગપ્રાપ્તિનું રહસ્ય વીતરાગતાની પ્રાપ્તિ છે તેથી દરેક સૂત્રો કઈ રીતે સૂક્ષ્મ બોધ કરાવીને ભાવસાધુની પરિણતિનું કારણ બને છે તેનું રહસ્ય જેઓ જાણવા યત્ન કરે છે તેવા સમર્થ સાધુઓ અભ્યાસના ક્રમથી ઉભયને જાણનારા બને છે અને તેવા મહાત્માઓ સંસારથી અત્યંત ભય પામેલા હોવાથી અને મોક્ષના અત્યંત અર્થી હોવાથી જિનવચનાનુસાર ક્રિયામાં અપ્રમાદથી યત્ન કરનારા હોય છે.

વળી, તેવા મહાત્માઓને સર્વ કલ્યાણની પરંપરાનું એક કારણ ભગવાનનું પ્રવચન દેખાય છે તેથી એમાં અત્યંત બહુમાન હોય છે. વળી, તેવા મહાત્માઓ સ્વસમયની યથાર્થ પ્રરૂપણા કરનારા હોય છે. વળી, શાસ્ત્રો ભણીને અને સંયમ પાળીને પરિણત થયેલા હોય છે. વળી, પ્રતિદિન શાસ્ત્ર ભણીને અત્યંત પ્રાજ્ઞ થયેલા હોય છે. તેવા મહાત્માઓ ક્યારેય પણ સર્વજ્ઞના વચનથી અન્યથા પ્રરૂપણ કરતા નથી. તેવા ગુરુ પાસેથી પરિશુદ્ધ આજ્ઞાયોગની પ્રાપ્તિ થાય છે માટે તેવા ગુરુની ગવેષણા કરીને તેવા મહાત્મા પાસેથી વિધિપૂર્વક શાસ્ત્રનું અધ્યયન કરવું જોઈએ જેથી સૂત્રના યથાર્થ તાત્પર્યની પ્રાપ્તિ થાય. **॥૮૫૩॥**

અવતરણિકા :-

અથ સ્વસમયપ્રજ્ઞાપકલક્ષણં વિશેષત આહ –

અવતરણિકાર્થ :-

હવે સ્વસમયપ્રજ્ઞાપકના લક્ષણને વિશેષથી કહે છે=ગાથા-૮૫૩માં કેવા ગુરુનો સ્વીકાર કરવો જોઈએ તે બતાવ્યું અને તેવા ગુરુ સ્વસમયની પ્રરૂપણા કરનારા છે તેમ કહ્યું તેથી તેઓની સ્વસમયની પ્રરૂપણા કેવા પ્રકારની છે તેને વિશેષથી કહે છે –

ગાથા :-

जो हेउवायपक्खम्मि हेउओ आगमे य आगमिओ ।
सो ससमयपन्नवओ सिद्धंतविराहगो अण्णो ।।८५४।।

અન્વયાર્થ :-

जो=જે=જે ગુરુ, हेउवायपक्खम्मि हेउओ=હેતુવાદ પક્ષમાં હેતુથી કહે છે, आगमे य आगमिओ=અને આગમમાં આગમિકને કહે છે=આગમપ્રામાણ્યને આગળ કરીને કહે છે. सो ससमयपन्नवओ=તે સ્વસમય-પ્રજ્ઞાપક છે, सिद्धंतविराहगो अण्णो=અન્ય સિદ્ધાંતનો વિરાધક છે. ।।૮૫૪।।

ગાથાર્થ :-

જે=જે ગુરુ, હેતુવાદ પક્ષમાં હેતુથી કહે છે અને આગમમાં આગમિકને કહે છે=આગમપ્રામાણ્યને આગળ કરીને કહે છે. તે સ્વસમયપ્રજ્ઞાપક છે, અન્ય સિદ્ધાંતનો વિરાધક છે. ।।૮૫૪।।

ટીકા :-

यः कश्चिद्धेतुवादपक्षे जीवकर्मादौ युक्तिमार्गसहे वस्तुनि हेतुवादप्रणयनप्रवीणः । यथा—'वो(बो)हस-रूवनिमित्तं विसयपरिछेयगं च जं नाणं । विवरीयसरूवाणि य भूयाणि जगप्पसिद्धाणि ।।१।। ता कह तेसिं धम्मो फलं च तं होज्ज जस्स पुण एयं । धम्मो फलं च होज्जा स एव आया मुणेयव्वो ।।२।।' तथा । 'जो तुल्लसाहणाणं फले विसेसो न सो विणा हेउं । कज्जत्तणओ गोयम! घडोव्व हेऊ य से कम्मं ।।१।।' इत्यादि । आगमे च देवलोकपृथ्वीसंख्यादावर्थे आगममात्रगम्ये आगमिकः-आगममात्रप्रज्ञापनाप्रवणः स्वसमयप्रज्ञापक उच्यते । व्यवच्छेद्यमाह—सिद्धान्तविराधको जिनवचनानुयोग-विनाशकः, अन्यः प्रागुक्तविशेषणविकलः साधुः । तथा हि—युक्तिमार्गसहेष्वप्यर्थेष्वागमगम्यत्वमेव पुरस्कुर्वता तेन नास्तिकादिप्रणीतकुयुक्तिनिराकरणाभावाद् न श्रोतॄणां दृढा प्रतीतिः कर्तुं पार्यते । आगमगम्येषु तु युक्तिपथातीतेषु युक्तिमुद्ग्राहयन्नसम्पादितविवक्षितप्रतीतिर्निष्फलारम्भत्वेन स्वयमेव

वैलक्ष्यं श्रोतुश्चानादेयस्वभावं प्राप्नुयात्, इति न सम्यक् सिद्धान्तस्तेनाराधितो भवति, विपरीतव्यवहारित्वात् तस्य ।।८५४।।

ભાવાર્થ :-

જે સાધુ સર્વજ્ઞનાં વચનોમાંથી જે વચનો શાસ્ત્રવચનથી યથાર્થ જાણે છે, યુક્તિથી અને અનુભવથી દરેક પદાર્થનું સ્વરૂપ યથાર્થ જાણે છે અને તે પ્રમાણે યોગ્ય શ્રોતાને તેનો બોધ કરાવે છે અને જે પદાર્થો માત્ર સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે તે કથનને આગમથી જ બતાવે છે. જેમ દેવલોકની પૃથ્વી, જીવોની સંખ્યા, પદાર્થોની સંખ્યા વગેરે સર્વ પદાર્થો આગમના વિષય છે, તે પદાર્થોની વ્યવસ્થામાં યુક્તિનું યોજન કરવા જે મહાત્માઓ પ્રયત્ન કરતા નથી તે મહાત્મા સ્વસમયના પ્રજ્ઞાપક છે અર્થાત્ ભગવાનના વચનને યથાર્થ કહેનારા છે અને જેઓ શાસ્ત્રવચનોમાંથી પણ જે યુક્તિ-અનુભવ અનુસાર કહી શકાય તેવા પદાર્થો છે છતાં શાસ્ત્રવચનના પરમાર્થને જાણ્યા વગર સ્વબુદ્ધિની કલ્પનાથી તે પદાર્થોને યુક્તિથી જ કહેતા હોય અને સ્થૂળ મતિવાળા શ્રોતાને તે અત્યંત રમ્ય જણાતા હોય છતાં તે વચનો શાસ્ત્રવચનથી વિપરીત પદાર્થનું સ્થાપન કરતાં હોય તો તેવા ઉપદેશક સિદ્ધાંતના વિરાધક છે. જેમ યથાતથા જીવરક્ષા માટેની સૂક્ષ્મ યુક્તિઓ શાસ્ત્રવચન કરતાં અન્યથા કલ્પના કરીને કહે છે તે સ્થૂળ બુદ્ધિવાળાને રમ્ય જણાય પરંતુ તત્ત્વને સ્પર્શનાર નહીં હોવાથી મિથ્યા વિકલ્પરૂપ જ છે તેમ દૈવ અને પુરુષકાર પણ સર્વત્ર કઈ રીતે કારણ છે તે જિનવચનથી યથાર્થ જાણ્યા વગર સ્વમતિથી તેનો વિસ્તાર કરીને જેઓ દૈવ અને પુરુષકારનું જ વર્ણન સ્થૂળ મતિવાળા લોકોને ગ્રાહ્ય થાય તે રીતે કરે છે તેઓના વચનથી સર્વજ્ઞના વચનનો અપલાપ થતો હોવાથી તેઓ સિદ્ધાંતના વિરાધક છે.

વળી, આગમગમ્ય પદાર્થોમાં જેઓ યુક્તિને યોજન કરવા પ્રયત્ન કરે છે અને યુક્તિથી કહી શકાય તેવા કર્મબંધની અને કર્મમુક્તિની વ્યવસ્થાનો નિર્ણય આગમવચનમાત્રથી કહે છે તેઓ પણ સિદ્ધાંતના વિરાધક છે; કેમ કે કર્મબંધ અને કર્મથી મુક્ત થવાની સર્વ વ્યવસ્થા શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર કહેવાથી શ્રોતાને સ્થિર વિશ્વાસ થાય કે સર્વજ્ઞએ સર્વ પદાર્થો કેવળજ્ઞાનથી જોઈને તે રીતે કહ્યા છે કે જેને સ્વીકારવામાં યુક્તિ અને અનુભવનો વિરોધ નથી તેથી તેવી પ્રરૂપણા કરનારા મહાત્મા યોગ્ય જીવોમાં સન્માર્ગનું સ્થાપન કરે છે અને યોગ્ય જીવોની કલ્યાણની પરંપરાનું કારણ બને છે માટે તેવા ગુરુ જ ગુરુ તરીકે આશ્રયણીય છે. **॥૮૫૪॥**

અવતરણિકા :-

एवंविधगुरुसमाश्रयणे फलमाह —

અવતરણિકાર્થ :-

આવા પ્રકારના ગુરુના આશ્રયણમાં=ગાથા-૮૫૨-૮૫૩-૮૫૪માં કહ્યું એવા ગુરુના આશ્રયણમાં, ફળને=આશ્રય કરનારને શું ફળ પ્રાપ્ત થાય તેને, કહે છે —

ગાથા :-

एत्तो सुत्तविसुद्धी अत्थविसुद्धी य होइ णियमेणं ।
सुद्धाओ एयाओ णाणाईया (अवियला) पयट्टंति ।।८५५।।

અન્વયાર્થ :-

एत्तो=આનાથી=પૂર્વમાં બતાવ્યા એવા ગુરુથી, सुत्तविसुद्धी अत्थविसुद्धी य होइ णियमेणं=સૂત્રની વિશુદ્ધિ અને અર્થની વિશુદ્ધિ નિયમથી થાય છે, सुद्धाओ एयाओ=શુદ્ધ એવા આનાથી=શુદ્ધ એવા સૂત્રથી અને અર્થથી, णाणाईया (अवियला) पयट्टंति=જ્ઞાનાદિ (અવિકલ) પ્રવર્તે છે=મોક્ષમાર્ગના કારણભૂત એવાં જ્ઞાનાદિ અવિકલ પ્રવર્તે છે. ।।૮૫૫।।

ગાથાર્થ :-

આનાથી=પૂર્વમાં બતાવ્યા એવા ગુરુથી, સૂત્રની વિશુદ્ધિ અને અર્થની વિશુદ્ધિ નિયમથી થાય છે. શુદ્ધ એવા આનાથી=શુદ્ધ એવા સૂત્રથી અને અર્થથી, જ્ઞાનાદિ (અવિકલ) પ્રવર્તે છે=મોક્ષમાર્ગના કારણભૂત એવાં જ્ઞાનાદિ અવિકલ પ્રવર્તે છે. ।।૮૫૫।।

ટીકા :-

इतोऽस्मादेव गुरोः सूत्रविशुद्धिर्व्यञ्जनस्वरपदमात्राविन्द्वादिभिरविकलपाठनेन वचनरूपागमनिर्मलता, अर्थविशुद्धिश्च यथार्थव्याख्यानेनाविपर्यस्तार्थबोधरूपा भवति नियमेन निश्चयेन व्याकरणच्छन्दो-ज्योतिःशास्त्रादिसिद्धान्तव्याख्यानांगप्रवीणत्वात् तस्य । शुद्धाच्चास्मात् सूत्रादर्थाच्च ज्ञानादयो मोक्षमार्ग-भूता अविकलाः प्रवर्तन्ते ।।८५५।।

ભાવાર્થ :-

કલ્યાણના અર્થી મહાત્માએ કાળને અનુરૂપ 'કેવા ગુરુનું આશ્રયણ કરવું જોઈએ' તે પૂર્વમાં બતાવ્યું એવા ગુરુનું જો આશ્રયણ કરવામાં આવે તો તેમની પાસેથી નિયમથી સૂત્રોની વિશુદ્ધિ પ્રાપ્ત થાય છે; કેમ કે તે ગુરુ સૂત્રને અને અર્થને યથાર્થ જાણનારા છે એથી સૂત્રપોરિષીમાં યોગ્ય જીવને તેની ભૂમિકાનુસાર યોગોદ્વહનાદિ ઉચિત વિધિપૂર્વક સૂત્રો શુદ્ધ ભણાવે છે અને સ્વસમયના પ્રજ્ઞાપક હોવાથી તે સૂત્રોના અર્થો પણ યોગ્ય જીવને શાસ્ત્રવચન. યુક્તિ અને અનુભવ અનુસાર યથાર્થ જ બતાવે છે જેથી તેવા ગુરુના આશ્રયણથી યોગ્ય શિષ્યને સુવિશુદ્ધ સૂત્રની અને અર્થની પ્રાપ્તિ થાય છે અને ગુણવાન ગુરુના આશ્રયણનું મુખ્ય પ્રયોજન જ સૂત્રાર્થની પ્રાપ્તિ છે; કેમ કે સર્વજ્ઞના વચનરૂપ સૂત્રોનું અને અર્થોનું યથાર્થ જ્ઞાન કરીને જે મહાત્માઓ તે સૂત્ર અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને તે સૂત્રના અર્થોથી સદા આત્માને ભાવિત કરે છે તેઓ મોહના ભાવોથી પર થઈને વીતરાગના વચનથી આત્માને ભાવિત કરીને વીતરાગ થવાના યત્નવાળા થઈ શકે છે અને જેઓ સંયમ ગ્રહણ કર્યા પછી પણ શક્તિ અનુસાર તેવો યત્ન કરતા નથી તેઓ

ક્વચિદ્ બાહ્યથી તપ-ત્યાગાદિની આચરણા કરતા હોય તોપણ તેઓની મોહવાસિત મતિ હોવાથી પ્રાયઃ સર્વ પ્રવૃત્તિઓમાં મોહ પ્રવર્તક બને છે. આથી સંસારી જીવો મોહથી મૂઢ થઈને ભોગાદિમાં કે માનખ્યાતિમાં પ્રવૃત્તિ કરે છે તેમ જેઓ સૂત્રોના અર્થોથી આત્માને વાસિત કરતા નથી તેઓ પણ બહુલતાએ ધર્મ કરીને પણ માનખ્યાતિ આદિ ભાવોથી આત્માને ભાવિત કરે છે અને વીતરાગભાવનાથી ભાવિત કરવા સમર્થ બનતા નથી. માટે વીતરાગભાવનાથી આત્માને ભાવિત કરવા અર્થે સૂત્ર-અર્થનો બોધ શક્તિ અનુસાર આવશ્યક છે અને તેના અર્થે તેવા ગુરુનું આશ્રયણ કરાય તો તેના ફળરૂપે જીવમાં મોક્ષમાર્ગના કારણભૂત એવા જ્ઞાનદર્શનાદિ અવિકલ પ્રવર્તે છે. **॥૮૫૫॥**

અવતરણિકા :-

અત્રૈવ વિશેષમાહ –

અવતરણિકાર્થ :-

આમાં જ=આશ્રયણીય ગુરુથી પ્રાપ્ત થતા સૂત્ર અને અર્થમાં જ, વિશેષને કહે છે –

ગાથા :-

सुत्ता अत्थे जत्तो अहिगयरो णवरि होइ कायव्वो ।
एत्तो उभयविसुद्धित्ति मूयगं केवलं सुत्तं ।।८५६।।

અન્વયાર્થ :-

एत्तो=આનાથી=અર્થની વિશુદ્ધિથી, उभयविसुद्धि=ઉભયની વિશુદ્ધિ છે, त्ति=એથી, णवरि सुत्ता अत्थे अहिगयरो जत्तो कायव्वो होइ=કેવળ સૂત્રથી અર્થમાં અધિકતર યત્ન કર્તવ્ય છે. केवलं सुत्तं मूयगं=કેવળ સૂત્ર મૂક છે. ॥૮૫૬॥

ગાથાર્થ :-

આનાથી=અર્થની વિશુદ્ધિથી, ઉભયની વિશુદ્ધિ છે એથી કેવળ સૂત્રથી અર્થમાં અધિકતર યત્ન કર્તવ્ય છે. કેવળ સૂત્ર મૂક છે. ॥૮૫૬॥

ટીકા :-

सूत्राद् वचनस्वरूपादर्थे तद्व्याख्यारूपे यत्नोऽधिकतरः सुबहुर्भवति । 'नवरि'त्ति नवरं केवलं कर्त्तव्यः । इतोऽर्थशुद्धेरुभयविशुद्धिः सूत्रार्थनिर्मलतारूपा यत् सम्पद्यते । इत्यस्मात् कारणादधिकतरः प्रयत्नस्तत्र कर्त्तव्य इति । अत एवाह मूककं मूकपुरुषतुल्यं कस्यचिदर्थस्यावाचकं केवलं व्याख्यानरहितं तत् सूत्रमिति न ततस्तात्त्विककार्यसिद्धिः, किं तु तद्व्याख्यानादेवेति ।।८५६।।

ભાવાર્થ :-

સુસાધુ ગુણવાનને પરતંત્ર થઈને સૂત્ર-અર્થના પરમાર્થને જાણનારા ગુરુના આશ્રયણ દ્વારા સૂત્ર-અર્થની પ્રાપ્તિ કરે છે તેમાં પણ કલ્યાણના અર્થી સાધુએ સૂત્રોથી અધિકતર યત્ન અર્થમાં કરવો જોઈએ; કેમ કે અર્થની શુદ્ધિથી સૂત્ર-અર્થની નિર્મળતા થાય છે અર્થાત્ અર્થનો યથાર્થ બોધ કરાવવો એ સૂત્રનું પ્રયોજન છે. તેથી જો અર્થનો યથાર્થ બોધ ન થાય તો સૂત્ર ઉચ્ચારણાદિરૂપે શુદ્ધ હોવા છતાં યથાર્થ બોધ કરાવનાર નહીં હોવાથી સૂત્રની પણ અશુદ્ધિ પ્રાપ્ત થાય. વળી, અર્થમાં વિશેષ યત્ન કરવાથી સર્વજ્ઞના વચનાનુસાર સૂત્રનું તાત્પર્ય પ્રાપ્ત થાય છે. તે રીતે અર્થનો બોધ કર્યા પછી તે અર્થથી ભાવિત થઈને મહાત્મા સર્વ કલ્યાણની પ્રાપ્તિ કરે છે તેથી જેઓ અર્થમાં વિશેષ યત્ન કરતા નથી તેઓ સૂત્રનો પાઠ વ્યંજન, સ્વરાદિની શુદ્ધિપૂર્વક કરતા હોય તોપણ તે સૂત્રથી વાચ્ય યથાર્થ અર્થનું યોજન કરનારા નહીં હોવાથી તેઓની સૂત્રની શુદ્ધિ પણ પરમાર્થથી શુદ્ધિ નથી. વળી, સૂત્ર મૂકપુરુષતુલ્ય છે અને અર્થનું વ્યાખ્યાન કરવાથી તે સૂત્ર જ વિશેષ અર્થનું વાચક બને છે તેથી જેઓ સૂત્ર કરતાં અર્થમાં અધિક યત્ન કરીને સૂત્રોના પારમાર્થિક મર્મને સ્પર્શ્યા છે તેઓ સૂત્ર દ્વારા સૂત્રના પારમાર્થિક અર્થની ઉપસ્થિતિ કરીને આત્માને તે તે ભાવોથી વાસિત કરી શકે છે; કેમ કે સર્વજ્ઞ વડે કહેવાયેલાં સર્વ વચનો અર્થથી વીતરાગતુલ્ય પરિણતિને પ્રગટ કરવાની સૂક્ષ્મ દિશા બતાવનારાં છે. વળી, જો અર્થમાં વિશેષ યત્ન ન કરવામાં આવે તો વ્યંજનાદિથી શુદ્ધ ભણાયેલા સૂત્રથી પણ પારમાર્થિક બોધની પ્રાપ્તિ થાય નહીં માટે સૂત્ર ભણવાના પ્રયોજનની સિદ્ધિના અર્થીએ અવશ્ય સૂત્રના સૂક્ષ્મ સૂક્ષ્મતર અર્થને યથાર્થ જોડવા માટે પ્રયત્ન થાય તે રીતે અર્થમાં યત્ન કરવો જોઈએ. **॥૮૫૬॥**

અવતરણિકા :-

અથાર્થરૂપમેવ વ્યાચષ્ટે –

અવતરણિકાર્થ :-

હવે અર્થના સ્વરૂપને જ કહે છે –

ગાથા :-

अत्थो वक्खाणंति य एगट्ठा एत्थ पुण विही एसो ।
मंडलिमाई भणिओ परिसुद्धो पुव्वसूरीहिं ।।८५७।।

અન્વયાર્થ :-

अत्थो वक्खाणंति य एगट्ठा=અર્થ અને વ્યાખ્યાન એકાર્થ શબ્દ છે. एत्थ पुण=વળી અહીં=વ્યાખ્યાનના વિષયમાં, एसो विही=આ વિધિ છે. पुव्वसूरीहिं=પૂર્વસૂરિઓ વડે, परिसुद्धो मंडलिमाई भणिओ=પરિશુદ્ધ મંડલિઆદિ કહેવાયા છે=પરિશુદ્ધ મંડલિઆદિ વિધિ કહેવાઈ છે. ॥૮૫૭॥

ગાથાર્થ :-

અર્થ અને વ્યાખ્યાન એકાર્થ શબ્દ છે. વળી અહીં=વ્યાખ્યાનના વિષયમાં, આ વિધિ છે. પૂર્વસૂરિઓ વડે પરિશુદ્ધ મંડલિઆદિ કહેવાયા છે=પરિશુદ્ધ મંડલિઆદિ વિધિ કહેવાઈ છે. ।।૮૫૭।।

ટીકા :-

अर्थो व्याख्यानमिति चैकार्थावेतौ शब्दौ । अत्र व्याख्याने पुनर्विधिर्नीतिरेष वक्ष्यमाणो मण्डल्यादि-र्भणितः परिशुद्धः सकलदोषविकलः पूर्वसूरिभिर्भद्रबाहुस्वामिप्रभृतिभिः ।।८५७।।

ભાવાર્થ :-

સૂત્રનો અર્થ એટલે સૂત્રના તાત્પર્યને સ્પર્શનારા યથાર્થ અર્થનું વ્યાખ્યાન છે. તે બતાવવા માટે કહ્યું કે 'અર્થ અને વ્યાખ્યાન એકાર્થ છે' તેથી જે મહાત્માઓ સૂત્રનું તાત્પર્ય કયાં છે તેનો વિભાગ કરી શકતા નથી તેઓ તે સૂત્ર ઉપર વિસ્તારથી વર્ણન કરે તોપણ અર્થની પ્રાપ્તિ થાય નહીં અને સૂત્રના તાત્પર્યનું વ્યાખ્યાન કર્યા પછી તે સૂત્રોમાંથી કયાં સૂત્રો ભયસૂત્ર છે, કયાં સૂત્રો વિધિસૂત્ર છે, કયાં સૂત્રો નિષેધસૂત્ર છે ઇત્યાદિ વિભાગથી ઉપસ્થિતિ કરીને જે તાત્પર્યથી જે સૂત્ર જે અર્થને સ્પર્શે છે તે સૂત્રના તે અર્થથી આત્માને ભાવિત કરવામાં આવે તો સૂત્રથી ભાવિત થયેલી મતિ ક્ષપકશ્રેણીને અનુકૂળ સંચિત વીર્યવાળી બને છે.

વળી, સૂત્ર અને યથાર્થ અર્થની પ્રરૂપણા કરનારા ઉભયજ્ઞ ગુરુ પાસેથી પણ શ્રોતાને તે અર્થની યથાર્થ પરિણતિની પ્રાપ્તિ વ્યાખ્યાનની વિધિથી થઈ શકે છે તેથી પૂર્વસૂરિ એવા ભદ્રબાહુ સ્વામી આદિએ આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથોમાં આગળમાં કહેવાશે તે મંડલિઆદિ પરિશુદ્ધ વિધિને અર્થપ્રાપ્તિના કારણરૂપે સ્વીકારી છે. **॥૮૫૭॥**

અવતરણિકા :-

तमेव विधिं दर्शयति —

અવતરણિકાર્થ :-

તે જ વિધિને બતાવે છે=વ્યાખ્યાનની જ વિધિને બતાવે છે —

ગાથા :-

मंडलि णिसिज्ज अक्खा किइकम्मुस्सग्ग वंदणं जेट्ठे ।
उवओगो संवेगो पसिणुत्तर संगयत्थ त्ति ।।८५८।।

અન્વયાર્થ :-

મંડલિ=મંડલિ, णिसिज्ज=નિષદ્યા, अक्खा=અક્ષ, किइकम्म=કૃતિકર્મ, उस्सग्ग=કાયોત્સર્ગ, वंदणं जेट्ठे=

જ્યેષ્ઠમાં વંદન=શ્રુતજ્યેષ્ઠ એવા અર્થને કહેનારા ગુરુને વંદન, ઉવઓગો=ઉપયોગ=વ્યાખ્યાનના અર્થના અવધારણને અનુકૂળ સુદૃઢ વ્યાપાર, સંવેગો=સંવેગ=અર્થના યથાર્થ બોધથી ઉત્પન્ન થતો વીતરાગગામી પરિણામ, પસિણુત્તર સંગયત્થ ત્તિ=સંગત અર્થવાળા પ્રશ્ન અને ઉત્તર=શ્રોતાનો ઉચિત સ્થાને પ્રશ્ન અને ગુરુનો તાત્પર્યને સ્પર્શનાર ઉત્તર એ પ્રમાણે (વિધિ છે.) ।।૮૫૮।।

ગાથાર્થ :-

મંડલિ, નિષદ્યા, અક્ષ, કૃતિકર્મ, કાયોત્સર્ગ, જ્યેષ્ઠમાં વંદન=શ્રુતજ્યેષ્ઠ એવા અર્થને કહેનારા ગુરુને વંદન, ઉપયોગ=વ્યાખ્યાનના અર્થના અવધારણને અનુકૂળ સુદૃઢ વ્યાપાર, સંવેગ=અર્થના યથાર્થ બોધથી ઉત્પન્ન થતો વીતરાગગામી પરિણામ, સંગત અર્થવાળા પ્રશ્ન અને ઉત્તર=શ્રોતાનો ઉચિત સ્થાને પ્રશ્ન અને ગુરુનો તાત્પર્યને સ્પર્શનાર ઉત્તર એ પ્રમાણે (વિધિ છે.) ।।૮૫૮।।

ટીકા :-

'मण्डलीति' व्याख्यानमण्डलीभूमिप्रमार्जना, ततो निषद्या आसनरूपा आचार्यस्याक्षाणां च, किन्तु सा सविशेषोच्चा कर्त्तव्या । कृतिकर्म द्वादशावर्त्तवन्दनरूपं देयं व्याख्यात्रे । तत उत्सर्गोऽनुयोग-प्रस्थापनाय कायोत्सर्गः, वन्दनं तस्मिन्नेव समये दातव्यं ज्येष्ठे इति । ज्येष्ठाय ज्येष्ठश्चेह गृह्यते यश्चिन्तनिकां कारयति न तु पर्यायतः, श्रुतज्येष्ठस्यैव तदानीं बहूपकारित्वात् । तथोपयोगो व्याख्याय-मानार्थावधानरूपः । संवेगो वैराग्यम् तथा, प्रश्नोत्तरे-तत्र प्रश्नः श्रोतुरनधिगतार्थपृच्छारूपः, उत्तरञ्च शिष्यपर्यनुयोगगर्त्तपातोत्तारकारिप्रतिवचनं गुरोः । कीदृशे प्रश्नोत्तरे इत्याह—संगतार्थे युक्तियुक्ते न त्वप्रस्तुताभिधायितासूचके । इतिः व्याख्याविधिसमाप्त्यर्थः ।।८५८।।

ભાવાર્થ :-

સૂત્ર-અર્થ ઉભયના જાણનારા સ્વસમયના પ્રજ્ઞાપક ગુરુ પાસેથી અર્થશ્રવણ કરવા માટે શિષ્યએ કઈ રીતે યત્ન કરવો જોઈએ જેથી અર્થનો યથાર્થ બોધ થાય એથી ભદ્રબાહુ સ્વામી વગેરેએ જે વિધિ બતાવી છે તે ગ્રંથકારશ્રી બતાવે છે.

સુસાધુ વ્યાખ્યાનમંડલીભૂમિની પ્રથમ પ્રમાર્જના કરે; કેમ કે સુસાધુનું ચિત્ત ષટ્કાયના પાલનના પરિણામવાળું હોય છે તેથી જો વ્યાખ્યાનમંડલીની ભૂમિનું પ્રમાર્જન કર્યા વગર તત્કાલ પૂંજીને તે સ્થાનમાં બેસે તોપણ તે ભૂમિમાં વર્તતા સૂક્ષ્મ જીવોની હિંસા થવાનો સંભવ છે તેથી જીવરક્ષાના પરિણામના રક્ષણપૂર્વક સૂત્રઅધ્યયનમાં યત્ન કરવામાં આવે તો જ સૂત્ર સમ્યગ્ પરિણમન પામે માટે તે મંડલીની ભૂમિની પ્રમાર્જના પણ અકુશળ સાધુ કરે તો મંડલીની પ્રાપ્તિ અવિધિથી થાય પરંતુ પ્રમાર્જનામાં કુશળ સાધુ જીવરક્ષાના પરિણામમાં અત્યંત ઉપયુક્ત થઈને વિધિપૂર્વક તે ભૂમિની પ્રમાર્જના કરે તે અર્થવ્યાખ્યાનની વિધિનું પ્રથમ અંગ છે.

ત્યારપછી આચાર્યની અને અક્ષોની નિષદ્યાનું સ્થાપન કરે અર્થાત્ અન્ય સાધુઓ બેસે તેના કરતાં

આચાર્યનું આસન અર્થાત્ જે વ્યાખ્યાન કરનાર સંયમના પર્યાયથી નાના હોય કે મોટા હોય તે વાચનાચાર્યનું આસન કાંઈક ઊંચું સ્થાપન કરે અને સ્થાપનાચાર્યનું આસન સ્થાપન કરે તે આસન ઉપર અક્ષની સ્થાપના કરે અને વાચનાચાર્ય બેસે પછી દ્વાદશાવર્ત વંદનરૂપ કૃતિકર્મ કરે જેથી તે વાચનાચાર્યમાં વર્તતા આગમના અર્થ પ્રત્યે બહુમાનના ભાવની વૃદ્ધિ થાય; કેમ કે વિનયપૂર્વક ગ્રહણ કરાયેલું સૂત્ર સમ્યગ્ પરિણમન પામે છે તેથી અર્થને બતાવનારા વાચનાચાર્ય પ્રત્યે ભક્તિની વૃદ્ધિ અર્થે દ્વાદશાવર્ત વંદન કરવું જોઈએ.

ત્યારપછી કાયોત્સર્ગ કરે=વાચના ગ્રહણ માટે કાયોત્સર્ગ કરે, જેથી કાયોત્સર્ગ દ્વારા તત્ત્વથી ભાવિત થયેલું ચિત્ત સુખપૂર્વક વાચનાના પરમાર્થને સ્પર્શે તેવું નિર્મળ બને છે. ત્યારપછી=કાયોત્સર્ગ કર્યા પછી, જયેષ્ઠને=વાચનાચાર્યના અર્થના અનુભાષક એવા જયેષ્ઠને, વંદન કરે; કેમ કે વાચનાચાર્ય વડે સૂત્રનો અર્થ સ્પષ્ટ કર્યા પછી તે અનુભાષક વાચનાચાર્ય વડે કહેવાયેલા અર્થનો સૂક્ષ્મ બોધ પોતાનાથી મંદબુદ્ધિવાળા સાધુઓને કરાવે છે તેથી તે અનુભાષકના શ્રુતજ્ઞાન પ્રત્યે ભક્તિ અર્થે વંદન કરાય છે. વસ્તુતઃ તે અનુભાષકના વચનના બળથી તે અર્થના સૂક્ષ્મ તાત્પર્યને અન્ય સાધુઓ પ્રાપ્ત કરી શકે છે અને તે અર્થની પ્રાપ્તિ મહાકલ્યાણનું કારણ છે તેથી તેવા અર્થની પ્રાપ્તિમાં પ્રબળ કારણભૂત એવા અનુભાષકમાં વર્તતા માર્ગાનુસારી ક્ષયોપશમ પ્રત્યે વંદન કરવાથી પૂજ્યબુદ્ધિ થાય છે અને તેના કારણે તેમનું વચન પણ શીઘ્ર પરિણમન પામે છે તેથી અત્યંત ભક્તિપૂર્વક તે અનુભાષક જ્યેષ્ઠને વંદન કરવું એ વિધિનું અંગ છે અને જેઓ તે પ્રકારે સ્મરણ કર્યા વગર માત્ર બાહ્ય ક્રિયાથી જ્યેષ્ઠને વંદન કરે છે તેઓ પરિશુદ્ધ વિધિના પાલક નથી તેથી શુદ્ધ વિધિ પ્રત્યે જેટલી ઉપેક્ષા હોય તેટલો જ્ઞાનાવરણીયકર્મબંધ પણ કરે છે અને જેટલો સદ્ભાવ હોય તેટલા ફળને પ્રાપ્ત કરે છે.

વળી, અર્થ સાંભળવામાં અર્થના યથાર્થ નિર્ણયને અનુકૂળ તીવ્ર ઉપયોગ એ પણ વ્યાખ્યાનશ્રવણની વિધિનું અંગ છે એથી નિદ્રા, વિકથાદિના પરિહારપૂર્વક અત્યંત ઉપયોગપૂર્વક અર્થશ્રવણમાં યત્ન કરવો જોઈએ. જો અર્થના અવધારણમાં અને અર્થના તાત્પર્યમાં સમ્યગ્ ઉપયોગ ન હોય તો ગુરુના વ્યાખ્યાન કરાતા અર્થને છોડીને અન્ય અર્થવિષયક જિજ્ઞાસાદિ થાય. અન્ય કૃત્યવિષયક ઉપયોગ જાય કે નિદ્રાઆદિથી સાંભળવાની ક્રિયા થાય તે સર્વ સર્વજ્ઞએ કહેલા સર્વજ્ઞના તે સૂત્રના પારમાર્થિક અર્થ પ્રત્યેના અનાદરના પરિણામને કારણે પાપબંધનું કારણ બને છે અને તે અનાદરના પરિણામને અનુરૂપ અધ્યયનકાળમાં પણ વિશિષ્ટ પ્રકારના જ્ઞાનાવરણીય આદિ કર્મનો બંધ થાય છે તેથી સર્વ દોષથી રહિત એવા ઉપયોગપૂર્વક અર્થશ્રવણમાં યત્ન કરવો જોઈએ. તે વ્યાખ્યાનવિધિનું અંગ છે.

વળી, સંવેગ વ્યાખ્યાનવિધિનું અંગ છે; કેમ કે મોક્ષનો અર્થી જીવ મોક્ષના ઉપાયને સાંભળવા અર્થે જ અર્થની ગ્રહણની વિધિમાં યત્ન કરે છે તેથી તેનું પ્રતિસંધાન અવશ્ય રહે કે આ સૂત્રનું તાત્પર્ય કઈ રીતે મોક્ષ સાથે કારણભાવરૂપે જોડાયેલું છે અને જેમ જેમ તે અર્થ મોક્ષના ઉપાયનો સૂક્ષ્મ બોધ કરાવે તેમ તેમ તે મહાત્માનું ચિત્ત તે અર્થશ્રવણકાળમાં તે તે ભાવો પ્રત્યે અભિમુખ અભિમુખતર થાય છે જે સંવેગના પરિણામરૂપ છે જેનાથી ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે અને તેવા ઉપયોગને કારણે તે વ્યાખ્યાનવિધિથી સ્પર્શાત્મક જ્ઞાન થાય છે અને સ્પર્શાત્મક જ્ઞાન જ વીતરાગતાની પ્રાપ્તિનું પ્રબળ અંગ છે.

વળી, સંગત અર્થવાળા પ્રશ્નો અને ઉત્તર એ પણ વ્યાખ્યાનવિધિનું અંગ છે; કેમ કે વ્યાખ્યાન કરનારા ગુરુ જે તાત્પર્યને બતાવવા અર્થે સૂત્રનું વ્યાખ્યાન કરે છે તે તાત્પર્યવિષયક પોતાને કોઈક શંકા ઉદ્ભવે તો તે શંકાના નિવારણ વગર તે તાત્પર્યનું યથાર્થ યોજન થાય નહીં તેથી વાચનાચાર્ય વડે કહેવાયેલા અર્થમાં ઉદ્ભવ થતી શંકાના નિવારણ અર્થે ઉચિત પ્રશ્ન કરવામાં આવે તે પણ પરમાર્થની પ્રાપ્તિનું પ્રબળ અંગ છે અને તે પ્રશ્નનો ઉચિત ઉત્તર વાચનાચાર્ય આપે તે પણ શ્રોતાને યથાર્થ તાત્પર્યના બોધનું કારણ બને છે. ફક્ત તે પ્રશ્ન ક્યારેક શ્રોતા ઉદ્ભાવન કરે છે, ક્યારેક વાચનાચાર્ય સ્વયં પણ પોતાના કહેલ અર્થમાં શું પ્રશ્ન ઊઠી શકે તેવી શ્રોતાની પ્રજ્ઞા નહીં હોવાથી તે પ્રશ્ન શ્રોતાને ઉદ્ભવતો નથી તેમ જાણીને સ્વયં તે પ્રશ્ન ઉપસ્થિત કરે છે અને ત્યારપછી તે શંકાનું નિવારણ થાય તે પ્રકારનું પ્રતિવચન ગુરુ આપે છે આથી જ ચાલના અને પ્રત્યવસ્થાનમાં પણ કેટલીક વખત ચાલના શિષ્ય કરે છે અને કેટલીક વખત ગુરુ સ્વયં ચાલના કરે છે. **॥૮૫૮॥**

अवतरणिका :-

अत्रैव मतान्तरमाह –

અવતરણિકાર્થ :-

આમાં જ=વ્યાખ્યાનની વિધિના વિષયમાં જ, મતાન્તરને કહે છે –

ગાથા :-

सीसविसेसे णाउं सुत्तत्थाइविहिणा व काऊण ।
वक्खाणिज्ज चउद्धा सुत्तपयत्थाइभेएण ।।८५९।।

અન્વયાર્થ :-

सीसविसेसे णाउं=શિષ્યવિશેષને જાણીને, सुत्तत्थाइविहिणा काऊण=સૂત્રાર્થાદિને વિધિથી કરીને, वक्खाणिज्ज व चउद्धा सुत्तपयत्थाइभेएण=અથવા સૂત્રપદોના અર્થાદિ ભેદથી ચાર પ્રકારે વ્યાખ્યાન કરે. ॥૮૫૯॥

ગાથાર્થ :-

શિષ્યવિશેષને જાણીને સૂત્રાર્થાદિને વિધિથી કરીને અથવા સૂત્રોપદોના અર્થાદિ ભેદથી ચાર પ્રકારે વ્યાખ્યાન કરે. ॥૮૫૯॥

ટીકા :-

शिष्यविशेषान् मृदुमध्याधिमात्रप्रज्ञाभेदभिन्नान् ज्ञात्वा सूत्रार्थादिविधिना । 'सुत्तत्थो खलु पढमो बीओ निजुत्तिमीसिओ भणिओ । तइओ य निरवसेसो एस विही होइ अणुओगे ।।१।।' इत्येवंलक्षणेन विशेषितं, वाशब्दः प्रकारान्तरसूचनार्थः, स च भिन्नक्रमोऽग्रे योक्ष्यते, कृत्वा विधाय सूत्रमिति

गम्यते, व्याख्यानयेद् विवृणीयात् । चतुर्द्धा वा सूत्रपदार्थादिभेदेन; इह सूत्रपदानामर्थः पदार्थमात्रोल्लिंगना, आदिशब्दाद् वाक्यार्थमहावाक्यार्थैदम्पर्यग्रह इति ।।८५९।।

ભાવાર્થ :-

પૂર્વમાં એક પ્રકારે વ્યાખ્યાનવિધિ બતાવી જે વિધિ સામાન્ય રીતે શિષ્યોને ઉદ્દેશીને અર્થગ્રહણવિષયક છે. તે રીતે અર્થ ગ્રહણ કરીને શિષ્યો સૂત્રના તાત્પર્યને જાણનારા બને છે. હવે અર્થગ્રહણની વિધિમાં મતાન્તર બતાવે છે. તેમાં બે વિકલ્પો છે. (૧) ભણનારા શિષ્યો ત્રણ પ્રકારના હોય છે. મૃદુ પ્રજ્ઞાવાળા, મધ્યમ પ્રજ્ઞાવાળા અને તીવ્ર પ્રજ્ઞાવાળા. તેમાં કયા શિષ્યો મૃદુ પ્રજ્ઞાવાળા છે, કયા મધ્યમ પ્રજ્ઞાવાળા છે અને કયા તીવ્ર પ્રજ્ઞાવાળા છે તેના ભેદનો નિર્ણય કરીને ઉપદેશક સૂત્રના અર્થનું વ્યાખ્યાન ત્રણ ભૂમિકાથી કરે. પ્રથમ ભૂમિકામાં સૂત્રના શબ્દના અર્થનો બોધ થાય તે પ્રકારે બોધ કરાવે. જેમ દશવૈકાલિકના 'धम्मो मंगलमुक्किट्ठं' ઇત્યાદિ સૂત્ર છે. તે સૂત્રનો શબ્દથી વાચ્ય યથાર્થ અર્થનો બોધ થાય એ પ્રકારે વ્યાખ્યાન કરે અને જ્યારે તે શિષ્ય સૂત્રના અર્થને પ્રથમ યથાર્થ જાણી લે ત્યારપછી નિર્યુક્તિમિશ્ર સૂત્રનો બીજો અર્થ ઉપદેશક કરે. જેમ 'धम्मो मंगलमुक्किट्ठं' એ સૂત્ર ઉપર ભદ્રબાહુ સ્વામીની નિર્યુક્તિ છે જેનાથી તેનો વિસ્તારથી બોધ થાય. ત્યારપછી બીજી વાચનાથી યથાર્થ બોધ થયેલા શિષ્યોને ત્રીજી વાચનાથી તે સૂત્રના નિરવશેષ અર્થોને ઉપદેશક કહે અર્થાત્ સર્વ નયોની યોજનાપૂર્વક તે સૂત્રનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય તે પ્રકારે નિરવશેષ અર્થ ઉપદેશક કહે. આ પ્રકારના વિભાગથી અર્થગ્રહણ વખતે પણ પ્રથમ વિધિ બતાવી. તે અનુસાર માંડલી-પ્રમાર્જનાદિ પૂર્વાંગરૂપ વિધિ તે શિષ્ય અવશ્ય કરે, ઉપયોગપૂર્વક શ્રવણ કરે, સંવેગયુક્ત ગ્રહણ કરે, સંગત અર્થમાં પ્રશ્ન-ઉત્તર પણ કરે તેથી તે વિધિના સામાન્ય અંગો આ બીજી વિધિમાં અવશ્ય પ્રાપ્ત થાય. ફક્ત ત્રણ પ્રકારના ભેદથી વાચનાની વિધિ છે તે શિષ્યોની પરિકર્મિતતાને આશ્રયીને પ્રાપ્ત થાય છે અર્થાત્ જે શિષ્યની બુદ્ધિ પ્રથમ વાચનાથી પરિકર્મિત થઈ જાય ત્યારપછી નિર્યુક્તિથી યુક્ત અર્થ ગુરુ કહે અને તેમાં પણ જેમની બુદ્ધિ પરિકર્મિત થઈ જાય તેઓને ત્રીજી વાચનાથી નિરવશેષ અર્થ કહે.

વળી, વ્યાખ્યાનવિધિમાં અન્ય પ્રકાર પણ બતાવે છે. (૨) સૂત્રનાં પદોના અર્થનો પદાર્થાદિભેદથી વ્યાખ્યાન કરે અર્થાત્ ગુરુ યોગ્ય શિષ્યને પરમાર્થથી બોધ કરાવવા માટે પ્રથમ તે સૂત્રનો સામાન્ય અર્થનો બોધ કરાવે, ત્યારપછી વાક્યાર્થરૂપ ચાલના કરે, ત્યારપછી મહાવાક્યાર્થનો બોધ કરાવે અને ત્યારપછી ઐદંપર્યાર્થનો બોધ કરાવે.

અહીં વિશેષ એ છે કે શિષ્યની પ્રજ્ઞા અનુસાર ત્રણ વાચનાથી બોધ કરાવવામાં આવે ત્યારે નવકારના સૂત્ર ઉપર નિર્યુક્તિ-ભાષ્યાદિથી ઉપલબ્ધ હોય તેનું અધ્યયન બીજી વાચનાથી થાય અને ત્રીજી વાચનાથી નિરવશેષ અર્થની પ્રરૂપણા અને પદાર્થાદિ ચાર ભેદનું વર્ણન કોઈક શિષ્યને આશ્રયીને કરે ત્યારે 'નમો અરિહંતાણં' એ પ્રકારના પદનું કયા પ્રકારનું તાત્પર્ય છે એનો બોધ કરાવવા માટે ગુરુ પદાર્થાદિ ચારનું 'નમો અરિહંતાણં' ઇત્યાદિ પદોમાં યોજન કરીને બતાવે જેમાં નિર્યુક્તિના અર્થોનું યોજન નથી કે નયોનો અવતાર નથી પરંતુ સૂત્રનો સામાન્ય અર્થ કર્યા પછી તે સૂત્રનું તાત્પર્ય ક્યાં વિશ્રાંત થાય છે તેનો યથાર્થ બોધ

શિષ્યને થાય છે તે જ્ઞાનપૂર્વક જો સૂત્રમાં ઉપયુક્ત થઈને તે શિષ્ય નમસ્કારાદિનો જાપ કરે તો નમસ્કારમંત્રમાં અંતે કહેલ કે 'એસો પંચ નમુક્કારો સવ્વ પાવ પ્પણાસણો' ઇત્યાદિ અનુસાર અને તેના ઉપયોગના પ્રકર્ષ અનુસાર તેનાં પાપોનો અવશ્ય નાશ થાય છે અને સર્વ કલ્યાણોની અવશ્ય તેને પ્રાપ્તિ થાય છે; કેમ કે ઐદંપર્યના બોધપૂર્વક કરાયેલી સમ્યગ્ પ્રવૃત્તિ અવશ્ય સમ્યગ્ ફળનું કારણ બને છે તેથી યોગ્ય ઉપદેશક મોક્ષમાર્ગનાં ઉપયોગી એવાં સૂત્રોનું વ્યાખ્યાન શિષ્યની પ્રજ્ઞા અનુસાર કોઈકને પદાર્થાદિના ક્રમથી બોધ કરાવે, વળી કોઈક શિષ્યને ત્રણ પ્રકારના વાચનાના ક્રમથી બોધ કરાવે તે પ્રકારની પ્રસ્તુત વિધિથી અર્થ પ્રાપ્ત થાય છે. **॥૮૫૯॥**

અવતરણિકા :-

અથેદમેવ વ્યાચષ્ટે –

અવતરણિકાર્થ :-

હવે આને જ=પદાર્થાદિ ચારને જ, કહે છે –

ગાથા :-

पयवक्कमहावक्कत्थमेदंपज्जं च एत्थ चत्तारि ।
सुयभावावगमम्मि हंदि पगारा विणिद्दिट्ठा ।।८६०।।

અન્વયાર્થ :-

पयवक्कमहावक्कत्थमेदंपज्जं च=પદોનો અર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્ય, एत्थ=અહીં=વ્યાખ્યાનવિધિના નિરૂપણમાં, चत्तारि=ચાર, सुयभावावगमम्मि हंदि पगारा विणिद्दिट्ठा=શ્રુતભાવઅવગમના વિષયમાં પ્રકારો બતાવ્યા છે. ॥૮૬૦॥

ગાથાર્થ :-

પદોનો અર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્ય વ્યાખ્યાનવિધિના નિરૂપણમાં ચાર શ્રુતભાવઅવગમના વિષયમાં પ્રકારો બતાવ્યા છે. ॥૮૬૦॥

ટીકા :-

पदं च वाक्यं च महावाक्यं च पदवाक्यमहावाक्यानि तेषामर्थः प्रादुष्कर्त्तव्यः प्रथमतः शिष्यस्य । मकारोऽलाक्षणिकः । ऐदम्पर्यं च पश्चात् प्रकाशयेत् । एवमत्र व्याख्यानविधिनिरूपणायां चत्वारः श्रुतभावावगमे, हंदीत्युपप्रदर्शने, प्रकारा भेदा विनिर्द्दिष्टा इति । तत्र द्विविधं पदं सुबन्तं तिङन्तं च । पुनरपि सुबन्तं त्रिधा, नामोपसर्ग्गनिपातभेदात् । तत्र नाम घट इत्यादि, उपसर्ग्गः प्रपरेत्यादि, निपातश्च वाहीत्यादि । तिङन्तं च भवति पचतीत्यादि । एकार्थप्रतिपादकानि पदानि, वाक्यं

पदार्थचालनारूपं, वाक्यान्येव विशिष्टतरैकार्थचालितार्थप्रत्यवस्थानरूपं महावाक्यम् । इदं परं प्रधानं यत्र भणने तत् तथा, तद्भाव ऐदम्पर्यं सूत्रार्थभावार्थ इत्यर्थः ।।८६०।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે સૂત્ર અને અર્થમાં અર્થ બળવાન છે, માટે અર્થની પ્રાપ્તિ અર્થે વિધિપૂર્વક દૃઢ યત્ન કરવો જોઈએ જેથી યથાર્થ અર્થની પ્રાપ્તિ થાય અન્યથા કલ્યાણની પ્રાપ્તિ થાય નહિ, તેથી જિજ્ઞાસા થાય કે સૂત્ર ગણધરે રચેલાં છે અને તે સૂત્રથી જ અર્થની પ્રાપ્તિ થાય છે, છતાં સૂત્ર કરતાં અર્થ બળવાન કેમ છે ? તેથી કહે છે –

કેવળ સૂત્ર મૂકપુરુષતુલ્ય છે. જેમ કોઈ મૂંગો પુરુષ પોતાના ભાવોને વહન કરતો હોય તોપણ તે ભાવો બીજાને કહી શકતો નથી તેમ સૂત્રના વ્યાખ્યાનરહિત પ્રાપ્ત થયેલું સૂત્ર જે અર્થોને ધારણ કરે છે તે અર્થને કહી શકતું નથી અર્થાત્ મૂંગા પુરુષતુલ્ય સૂત્ર હોવાથી ગણધરે રચેલાં તે સૂત્રો અનેક ભાવોથી સંવલિત હોવા છતાં તે સૂત્રને ધારણ કરનાર પુરુષને સૂત્ર તે ભાવોનો બોધ કરાવતું નથી, આથી જ સ્થૂલિભદ્રને પાછળનાં ચાર પૂર્વો ભદ્રબાહુસ્વામીએ આપ્યાં અને અર્થ આપ્યા નહિ, તેથી તે ચાર પૂર્વના ધારક સ્થૂલિભદ્રને તે ચાર પૂર્વો તેના અર્થનો બોધ કરાવી શક્યાં નહીં.

વળી, અર્થ પ્રગટ જિલ્વા છે. જેમ કોઈ પુરુષ પોતાના હૈયામાં જે ભાવો ધારણ કરતો હોય તે ભાવોને જિલ્વા દ્વારા બીજાને બોધ કરાવી શકે છે, તેમ જે સાધુએ વિધિપૂર્વક યથાર્થ અર્થનો બોધ ગુરુ પાસેથી કરેલ છે, તેથી સૂત્રના અર્થના ધારક એવા તે સાધુને જિલ્વાતુલ્ય એવો તે સૂત્રથી થતો અર્થનો બોધ છે, આથી જ સ્થૂલિભદ્રને દશ પૂર્વનો જિલ્વાતુલ્ય અર્થનો બોધ હતો, તેથી તે મહાત્મા જ્યારે જ્યારે સ્વાધ્યાય દ્વારા તે દશ પૂર્વથી આત્માને વાસિત કરે છે ત્યારે ત્યારે બોલતા પુરુષતુલ્ય તે સૂત્રનો અર્થ તેમને તે સૂત્રથી થાય છે, જ્યારે અંતિમ ચાર પૂર્વનો સ્વાધ્યાય કરે છે ત્યારે સૂત્રોનો શબ્દોથી વાચ્ય સામાન્ય અર્થનો અવગમ હોવાથી તેના સ્વાધ્યાય દ્વારા સ્થૂલિભદ્રજી તેટલા ભાવિત થઈ શકતા હતા, પરંતુ સર્વ નયદૃષ્ટિથી તે સૂત્રનું તાત્પર્ય ક્યાં વિશ્રાન્ત થાય છે ? તે તાત્પર્યથી તે સૂત્રના સ્વાધ્યાય દ્વારા તે ભાવિત થઈ શકતા ન હતા; કેમ કે પ્રગટ જિલ્વાતુલ્ય અર્થનો બોધ સ્થુલિભદ્રને ચાર પૂર્વનો ન હતો.

તેથી ફલિત થાય કે મૂંગા પુરુષતુલ્ય એવું સૂત્ર સૂત્રધારક પુરુષને અર્થનો બોધ કરાવી શકતો નથી અને જે મહાત્મા વિધિપૂર્વક સૂત્રોના અર્થને ગ્રહણ કરીને સૂત્રના પારમાર્થિક અર્થના બોધવાળા થયા છે તેઓને બોલતા પુરુષતુલ્ય તે સૂત્ર જ જિલ્વાતુલ્ય અર્થ દ્વારા તે સૂત્રના પરમાર્થને બતાવે છે, એથી તે મહાત્મા તે સૂત્રના અને અર્થના પરાવર્તન દ્વારા સુખપૂર્વક સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે છે, માટે સંયમની વૃદ્ધિના અર્થી સાધુએ વિધિપૂર્વક અર્થ ગ્રહણ કરવામાં દૃઢ યત્ન કરવો જોઈએ, જેથી સંશય, વિપર્યય અને અનધ્યવસાયથી રહિત સૂત્રના સૂક્ષ્મ અર્થનો બોધ થાય.

હવે તે અર્થ પદાર્થ આદિ ભેદથી ચાર પ્રકારનો છે તે બતાવતાં કહે છે –

તેમાં સૂત્રના વચનને સાંભળવાથી જે વાક્યના અન્વયથી અર્થનો બોધ થાય તે પદાર્થસ્વરૂપ છે. જે બોધ અચાલિત અપ્રત્યવસ્થાપિત સામાન્યસ્વરૂપ છે. સામાન્ય બોધ કર્યા પછી તેની જે ચાલના કરાય છે તે વાક્યાર્થસ્વરૂપ છે. ચાલના કર્યા પછી ચાલનામાં થયેલી શંકાનું સમાધાન કરવામાં આવે છે તે પ્રત્યવસ્થાપનારૂપ મહાવાક્યાર્થસ્વરૂપ છે અને કથનનો જે તાત્પર્યાર્થ છે તે ઐદંપર્યાર્થસ્વરૂપ છે.

અહીં વિશેષ એ છે કે પદાર્થ આદિના ક્રમથી ચાર પ્રકારના અર્થના બોધને જાણવા માટે ઉપયોગી થાય તે પ્રકારે અનુભવ અનુસાર પદાર્થની વિચારણા કરવામાં આવે તો તેના બોધના બળથી આગળમાં ગ્રંથકારશ્રી દ્વારા બતાવાતા પદાર્થ આદિ ચાર સ્થાનોનો બોધ સુગમ થાય છે, તેથી તેની સ્પષ્ટતા આ પ્રમાણે છે –

જેમ વ્યવહારમાં કોઈ કહે કે અમુક રસ્તે જવાથી મને પાંચ રૂપિયાનું 'ફાઈન' થયું તે સ્થાનમાં 'ફાઈન' શબ્દ સામાન્યથી લોકવ્યવહારમાં 'સુંદર' અર્થમાં અને 'દંડ' અર્થમાં પ્રસિદ્ધ છે, તેથી વચનપ્રયોગ અનુસાર 'સુંદર' અર્થ તે સ્થાનમાં અપ્રસ્તુત છે, તેથી તેવા સ્થાને 'ફાઈન' શબ્દથી પ્રસ્તુત એવા 'દંડ' અર્થનું ગ્રહણ કરવામાં આવે છે તે બોધ પ્રસ્તુત સ્થાનમાં મહાવાક્યાર્થરૂપ છે અને 'ફાઈન' શબ્દથી 'સુંદર' અને 'દંડ' બે અર્થ ઉપસ્થિત થવાથી અહીં કયો અર્થ પ્રસ્તુત છે એવી જે વિચારણા તે ચાલના છે અને 'ફાઈન' શબ્દથી 'સુંદર' અને 'દંડ' ઉભયસાધારણ જે સામાન્ય બોધ છે તે પદાર્થ છે. આ રીતે પદાર્થ આદિના ક્રમથી પ્રસ્તુતમાં 'ફાઈન' શબ્દથી 'દંડ' અર્થ ગ્રહણ કરવાનો છે એવો નિર્ણય તે મહાવાક્યાર્થરૂપ છે અને તેનાથી એ ફલિત થાય કે 'મને દંડની પ્રાપ્તિ ન થાય તે અર્થે તે માર્ગેથી મારે જવું જોઈએ નહિ' જે ઐદંપર્યાર્થરૂપ છે.

વળી લોકવ્યવહારમાં સામાન્ય બુદ્ધિવાળો પણ જીવ પ્રાયઃ આ પ્રકારના અર્થનો નિર્ણય કરી શકે છે, પરંતુ ભગવાનનાં શાસ્ત્રોથી દેખાતા અર્થો લોકમાં 'ફાઈન' શબ્દના અર્થની જેમ અતિપ્રસિદ્ધ નથી, તેથી જેમ 'ફાઈન' શબ્દથી 'સુંદર' અને 'દંડ' અર્થની શીઘ્ર ઉપસ્થિતિ થાય છે અને પ્રસંગ અનુસાર તેના તાત્પર્યનું ગ્રહણ પ્રસંગથી જ થાય છે તેવી ઉપસ્થિતિ શાસ્ત્રીય પદાર્થોમાં દુષ્કર છે, તેથી અર્થને બતાવનાર સુગુરુ જ દરેક સૂત્રોના તાત્પર્યાર્થને તે રીતે બતાવી શકે છે કે જેથી યોગ્ય શ્રોતા સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત દરેક સૂત્રોના ઐદંપર્યાર્થને પ્રાપ્ત કરીને તે સૂત્રથી આત્માને ભાવિત કરી શકે માટે જ પૂર્વની ગાથામાં કહ્યું તેમ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને વિધિપૂર્વક અર્થગ્રહણમાં અત્યંત યત્ન કરવો જોઈએ, જેથી અતીન્દ્રિય પદાર્થોનો પણ જિનવચનાનુસાર શાસ્ત્રવચનથી, યુક્તિથી અને અનુભવથી યથાર્થ બોધ થાય. ॥૮૬૦॥

અવતરણિકા :-

अथ कस्मादेषां पदार्थादीनां व्याख्याभेदानामंगीकार इत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

હવે કેમ આ પદાર્થાદિ વ્યાખ્યાનભેદોનો સ્વીકાર છે એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

संपुण्णेहिं जायइ सुयभावावगमो इहरहा उ ।
होइ विवज्जासोवि हु अणिट्ठफलओ य सो णियमा ।।८६१।।

અન્વયાર્થ :-

संपुण्णेहिं=संपूर्ण वडे=पदार्थादि चारेय वडे, सुयभावावगमो जायइ=श्रुतना भावनो अवगम थाय छे. इहरहा उ=वळी ईतरथा=पदार्थादि चारथी बोध कराववामां न आवे तो, विवज्जासो वि होइ=विपर्यास पण थाय छे=कोईकने विपर्यास थाय – कोईकने संशय थाय – कोईकने अनध्यवसाय पण थाय छे. सो य=अने ते=विपर्यास, णियमा=नियमथी, अणिट्ठफलओ हु=अनिष्ट फळवाळो ज छे. ।।८६१।।

ગાથાર્થ :-

संपूर्ण वडे=पदार्थादि चारेय वडे, श्रुतना भावनो अवगम थाय छे. वळी ईतरथा=पदार्थादि चारथी बोध कराववामां न आवे तो विपर्यास पण थाय छे=कोईकने विपर्यास थाय – कोईकने संशय थाय – कोईकने अनध्यवसाय पण थाय छे अने ते=विपर्यास, नियमथी अनिष्ट फळवाळो ज छे. ।।८६१।।

ટીકા :-

सम्पूर्णैः पदार्थादिभिर्दर्शितैर्जायते श्रुतभावस्य शास्त्रपरमार्थलक्षणस्यावगमोऽवबोधः श्रोतुः । विपर्यये बाधकमाह—इतरथा त्वन्यथा पुनर्भवति विपर्यासो विपरीतशास्त्रार्थप्रतिपत्तिरूपोऽपि, हु शब्दात् संशयानध्यवसायौ गृह्येते । यदि नामैवं ततः किमित्याह—अनिष्टफलप्रदश्च नरकादिदुर्गति-पातहेतुः पुनः स विपर्यासो नियमादवश्यम्भावेन ।।८६१।।

ભાવાર્થ :-

યોગ્ય ઉપદેશક શ્રોતાને શ્રુતના યથાર્થ ભાવનો બોધ કરાવવા અર્થે દરેક સૂત્રોમાં પદાર્થાદિ ક્રમથી તેને બોધ કરાવે અને યોગ્ય શ્રોતા ગુરુના વચન દ્વારા તેનું યથાર્થ તાત્પર્ય જાણવા માટે ઉપયુક્ત થઈને યત્ન કરે તો તે ચાર દ્વારા તે શ્રોતાને તે શ્રુતવચનનો યથાર્થ બોધ થાય છે અને જો સૂત્રનો અર્થ ઉપદેશક પદાર્થાદિના ક્રમથી કહે નહીં તો શ્રોતાને ક્યારેક વિપર્યાસ થાય, ક્યારેક સંશય થાય અને ક્યારેક અનધ્યવસાય થાય અર્થાત્ કોઈ પ્રકારનો તે સૂત્રથી બોધ થાય નહીં, માત્ર શબ્દોના શ્રવણરૂપ જ બોધ થાય. જેમ કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં તેટલો જ બોધ થાય પરંતુ પારમાર્થિક હિંસાથી નિવૃત્તિ થાય અને અહિંસામાં પ્રવૃત્તિ થાય તેવો બોધ થાય નહીં આથી બહુલતાએ અનધ્યવસાયવાળા શ્રોતા હોય છે તેથી સૂત્રથી જાણે કે કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં છતાં જિનાલયનિર્માણમાં હિંસા છે, લોચમાં હિંસા છે, તપમાં હિંસા છે ઇત્યાદિ સ્પષ્ટ દેખાતી હિંસા પણ પ્રસ્તુત હિંસાના નિષેધ કરનારા સૂત્ર સાથે વિરોધરૂપ છે એવી

જિજ્ઞાસા પણ થતી નથી. કેટલાકને કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં તેનાથી સામાન્ય બોધ થાય છે કે 'કોઈને પીડા કરાય નહીં, કોઈના પ્રાણનાશ કરાય નહી; કેમ કે પીડા કરવી અને પ્રાણનાશ કરવો હિંસા છે' તેવો અર્થબોધ થવાથી તપમાં કે લોચ આદિ કષ્ટમાં તેઓને હિંસા દેખાવાથી તે કર્તવ્ય છે કે નથી તેમાં સંશય થાય છે. આથી જ બૌદ્ધ દર્શનવાદી તપમાં હિંસા જોનાર છે તેથી તપનો નિષેધ કરે છે; કેમ કે તપ એ સ્વને પીડા કરવા સ્વરૂપ છે એમ તેઓ માને છે. ભગવાનના વચનના ઐદંપર્યના બોધવાળા મહાત્માને ભગવાનના શાસનની દરેક ક્રિયાઓ કષાયના ઉન્મૂલનનું કારણ કઈ રીતે છે તેનો પારમાર્થિક બોધ થાય છે તેથી ઐદંપર્યનો જેને બોધ થયો હોય તેને તપ પણ પોતાના આત્માના ભાવપ્રાણના રક્ષણનું અંગ દેખાય ત્યારે ધર્મરૂપ ભાસે છે અને જ્યારે પોતાના ભાવપ્રાણના રક્ષણનું અંગ ન દેખાય ત્યારે હિંસારૂપ જ દેખાય છે. આથી જ અવિધિથી કરાયેલ ચૈત્યાલય, અવિધિથી કરાયેલ લોચ અને અવિધિથી કરાયેલ તપ સર્વને ઐદંપર્યાર્થના જ્ઞાનવાળા મહાત્મા હિંસારૂપે જાણી શકે છે અને જેઓને વિપર્યાસ વર્તે છે તેઓને વિધિથી કરાયેલ તપ, લોચ, જિનાલયનિર્માણ ઇત્યાદિ સર્વ હિંસાત્મક જ દેખાય છે; કેમ કે બાહ્યથી કોઈકને પીડા સ્વરૂપ છે માટે સૂત્રાર્થનો યથાર્થ બોધ કરાવવા અર્થે પદાર્થાદિના ક્રમથી વ્યાખ્યાન કરવામાં આવે છે જેના બોધથી યોગ્ય જીવો સૂત્રના બળથી હિંસાદિનું વર્જન કરવા સમર્થ બને છે અને આત્મહિત સાધી શકે છે. **॥૮૬૧॥**

અવતરણિકા :-

અથૈતાનેવ પદાર્થાદીન્ પરમતોપન્યસ્તદૃષ્ટાન્તદ્વારેણ સાધયિતુમિચ્છુરાહ –

અવતરણિકાર્થ :-

હવે આ જ પદાર્થાદિને પરમતથી ઉપન્યસ્ત દૃષ્ટાંત દ્વારા સાધવા માટે ઇચ્છુ એવા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

એએસિં ચ સરૂવં અણ્ણેહિવિ વણ્ણિયં ઇહં ણવરં ।
સત્તુગ્ગહણટ્ઠદ્ધાણભટ્ઠતણ્ણાણણાએણ ।।૮૬૨।।

અન્વયાર્થ :-

એએસિં ચ સરૂવં=અને આમનું સ્વરૂપ=પદાર્થાદિનું સ્વરૂપ, અણ્ણેહિ વિ=અન્ય વડે પણ, ઇહં=અહીં=વ્યાખ્યાનના અવસરમાં, વણ્ણિયં=વર્ણન કર્યું છે. ણવરં=કેવળ=ફક્ત વ્યાખ્યેય સૂત્રના પદના ઉપન્યાસથી વર્ણન કરાયું નથી પરંતુ, સત્તુગ્ગહણટ્ઠદ્ધાણભટ્ઠતણ્ણાણણાએણ=શત્રુગ્રહથી નષ્ટ અધ્વથી ભ્રષ્ટ તેના અર્થાત્ માર્ગના, જ્ઞાનના દૃષ્ટાંતથી (પદાર્થાદિ ચાર બતાવાયા છે.) ॥૮૬૨॥

ગાથાર્થ :-

અને આમનું સ્વરૂપ=પદાર્થાદિનું સ્વરૂપ, અન્ય વડે પણ અહીં=વ્યાખ્યાનના અવસરમાં

વર્ણન કર્યું છે. કેવળ=ફક્ત વ્યાખ્યેય સૂત્રના પદના ઉપન્યાસથી વર્ણન કરાયું નથી પરંતુ, શત્રુગ્રહથી નષ્ટ અધ્વથી ભ્રષ્ટ તેના અર્થાત્ માર્ગના, જ્ઞાનના દૃષ્ટાંતથી પદાર્થાદિ ચાર બતાવાયા છે. ।।૮૬૨।।

ટીકા :-

एतेषां च पदार्थादीनां स्वरूपमन्यैरपि तीर्थान्तरीयैर्वर्णितम्, इह व्याख्यानावसरे नवरं केवलं व्याख्येयसूत्रपदानुपन्यासेनेत्यर्थः । कथमित्याह—शत्रुग्रहनष्टाध्वभ्रष्टतज्ज्ञानन्यायेन कस्यचित् क्वचित् पाटलिपुत्रादौ गन्तुं प्रवृत्तस्य काञ्चिद् विषमां भुवं प्राप्तस्य शत्रुग्रहे प्रवृत्ते नष्टस्य ततोऽध्वभ्रष्टस्य मार्गच्युतस्य यस्तज्ज्ञाने मार्गावबोधे न्यायस्तेनेति ।।८६२।।

અવતરણિકા :-

અથૈનમેવ ન્યાયં દર્શયતિ —

અવતરણિકાર્થ :-

હવે આ જ ન્યાયને=ગાથા-૮૬૨માં ઉતરાર્ધમાં કહેલ દૃષ્ટાંતને જ, બતાવે છે —

ગાથા :-

दट्ठूण पुरिसमेत्तं दूरे णो तस्स पंथपुच्छत्थं ।
जुज्जइ सहसा गमणं कयाइ सत्तू तओ होज्जा ।।८६३।।
वेसविवज्जासम्मिवि एवं बालाइएहिं तं णाउं ।
तत्तो जुज्जइ गमणं इट्ठफलत्थं णिमित्तेण ।।८६४।।

અન્વયાર્થ :-

दूरे पुरिसमेत्तं दट्ठूण तस्स पंथपुच्छत्थं सहसा गमणं णो जुज्जइ=દૂરમાં પુરુષમાત્રને જોઈને તેને માર્ગ પૂછવા માટે સહસા ગમન યોગ્ય નથી, कयाइ तओ सत्तू होज्जा=કદાચિદ્ તે શત્રુ હોય.

वेसविवज्जासम्मि वि=વેષના વિપર્યાસમાં પણ=પરિવ્રાજિકાદિના વેષમાં પણ તેને જોઈને માર્ગ પૂછવા માટે જવું યોગ્ય નથી એમ અન્વય છે. बालाइएहिं एवं=બાલાદિ વડે જ, तं णाउं=તેને જાણીને=માર્ગના જાણનારને જાણીને, तत्तो=ત્યારપછી, इट्ठफलत्थं=ઈષ્ટફળને માટે=માર્ગના જ્ઞાન માટે, णिमित्तेण=નિમિત્તથી=શુકનાદિ નિમિત્તથી, गमणं जुज्जइ=ગમન યોગ્ય છે=માર્ગના જાણનારા પાસે માર્ગ જાણવા જવું જોઈએ. ।।૮૬૩-૮૬૪।।

ગાથાર્થ :-

દૂરમાં પુરુષમાત્રને જોઈને તેને માર્ગ પૂછવા માટે સહસા ગમન યોગ્ય નથી, કદાચિદ્ તે શત્રુ હોય.

વેષના વિપર્યાસમાં પણ=પરિવ્રાજિકાદિના વેષમાં પણ, તેને જોઈને માર્ગ પૂછવા માટે જવું યોગ્ય નથી એમ અન્વય છે. બાલાદિ વડે જ તેને જાણીને=માર્ગના જાણનારને જાણીને, ત્યારપછી ઈષ્ટફળને માટે=માર્ગના જ્ઞાન માટે, નિમિત્તથી=શુકનાદિ નિમિત્તથી, ગમન યોગ્ય છે=માર્ગના જાણનારા પાસે માર્ગ જાણવા જવું જોઈએ. ।।૮૬૩-૮૬૪।।

ટીકા :-

दृष्ट्वा समवलोक्य पुरुषमात्रमज्ञातविशेषं पुरुषमेव केवलं दूरे महतान्तरेण व्यवधाने नो नैव तस्य विमर्शकारिणः पथिकस्य शत्रुभयाद् मार्गाद् भ्रष्टस्य पथिपृच्छार्थं मार्गजिज्ञासानिमित्तं युज्यते घटते सहसाऽपर्यालोच्येत्यर्थः गमनं तत्समीपे । कुतो । यतः कदाचिच्छत्रुर्द्विषन्नपि यद्भयान्नष्टस्तकः पुरुषो भवति ।।८६३।।

वेषविपर्यासेऽपि-शत्रुविशेषस्य यो विपर्यासो वैलक्षण्यं परिव्राजकादिलिंगधारणरूपं तत्रापि, किं पुनः शत्रुविशेषे सतीत्यपिशब्दार्थः, एवं तत्समीपे पथिपृच्छार्थं गमनं न युज्यते, शत्रोरपि पथिकविश्वासनार्थं तथाविधवेषप्रतिपत्तेः सम्भाव्यमानत्वात् । तर्हि किं कर्तव्यमित्याशंक्याह—बालादिकेभ्यो बालवृद्ध-मध्यमवयःस्थेभ्यः स्त्रीपशुपालभामहादिरूपेभ्य एकान्तत एव सत्यवादितया सम्भाव्यमानेभ्यस्तं पुरुषं मार्गपृच्छायोग्यं ज्ञात्वा ततस्तदनन्तरं युज्यते गमनम् । किमर्थमित्याह—इष्टफलार्थं इहेष्टं फलं निरुपद्रवमार्गपरिज्ञानं निमित्तेन मनःपवनशकुनादिनाऽनुकूलेनेति ।।८६४।।

अवतरणिका :-

इत्थं प्रतिवस्तूपमारूपं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिके योजयति —

अवतरणिकार्थ :-

આ રીતે પ્રતિવસ્તુની ઉપમારૂપ દૃષ્ટાંતને કહીને=પદાર્થાદિના બોધ કરાવવા માટે ઉપયોગી એવા સદૃશ દૃષ્ટાંતને કહીને, દાર્ષ્ટાન્તિકમાં યોજન કરે છે=પદાર્થાદિનું દૃષ્ટાંતનું યોજન કરે છે —

ગાથા :-

एवं तु पयत्थाई जोएज्जा एत्थ तंतणीईए ।
अइदंपज्जं एयं अहिगारी पुच्छियव्वोत्ति ।।८६५।।

અન્વયાર્થ :-

एवं तु=આ રીતે જ, एत्थ=અહીં=વ્યાખ્યાનવિધિમાં, तंतणीईए=तंत्रविधिथी, पयत्थाई=પદાર્થાદિની, जोएज्जा=યોજના કરવી જોઈએ. अइदंपज्जं एयं=ऐदंपर्य આ છે – अहिगारी पुच्छियव्वोत्ति='અધિકારીને પૂછવું જોઈએ.' ॥૮૬૫॥

ગાથાર્થ :-

આ રીતે જ અહીં=વ્યાખ્યાનવિધિમાં, तंत्रविधिथी पदार्थादिनी योजना करवी जोईओ. ऐदंपर्य આ છે – 'अधिकारीने पूछवुं जोईओ.' ॥८६५॥

ટીકા :-

एवं त्वनन्तरोक्तनीत्यैव पदार्थादीन् पदवाक्यमहावाक्यार्थान् योजयेद् दार्ष्टान्तिकतया घटयेत् अत्र प्रस्तुते व्याख्यानविधौ । कथमित्याह—तन्त्रनीत्या श्रुतानुसारेण । तथा ह्यत्र दर्शनतुल्यः पदार्थो न तस्मादिष्टानिष्टयोः प्राप्तिपरिहारौ स्यातां, शत्रोरपि तत्रानिवृत्तेः; शत्रुवेषभेददर्शनतुल्यो वाक्यार्थो, न तस्मादपीष्टसिद्ध्यादिभावः, पूर्वोक्तादेव हेतोः; बालाबलादिभ्यस्तदवगमतुल्यस्तु महावाक्यार्थः, सिद्ध्यति चास्माज्जिज्ञासितोऽर्थः । ऐदम्पर्यं तु साक्षादाह—ऐदम्पर्यमेतद् यथा एवं शुद्धोऽधिकारी पन्थानं प्रष्टव्यो नान्यः । इतिः प्राग्वत् ॥८६५॥

ભાવાર્થ :-

જેમ 'ફાઈન' શબ્દના અનેક અર્થો થાય છે તે પદાર્થબોધરૂપ છે તેમ પ્રસ્તુતમાં માર્ગભ્રષ્ટ થયેલા અને શત્રુના ઘરમાંથી નાસેલા પુરુષને પુરુષમાત્રનું દર્શન થાય છે તે પૂછવાયોગ્ય અને નહિ પૂછવાયોગ્ય સામાન્ય પદાર્થના બોધરૂપ છે. અર્થાત્ જેમ 'ફાઈન' શબ્દથી 'સુંદર' અને 'દંડ' વિભાગ વગર સામાન્ય બોધ થાય છે તેમ પ્રસ્તુતમાં પૂછવાયોગ્ય અને નહિ પૂછવાયોગ્ય પુરુષનો વિભાગ વગર સામાન્ય અર્થનો બોધ થાય છે તે પદાર્થરૂપ છે.

વળી 'ફાઈન' શબ્દથી 'સુંદર' અને 'દંડ' એ બે અર્થનો સ્વતંત્ર બોધ થાય છે, તેમ પ્રસ્તુતમાં માર્ગને જાણવા માટે પ્રયત્ન કરનાર તે પુરુષને પરિવ્રાજક આદિ વેશવાળા પૂછવાયોગ્ય નથી અને બાલાદિ પાસેથી પૂછવાયોગ્ય પુરુષનો નિર્ણય કરવો જોઈએ છે તે પ્રકારે શત્રુના વેષ ભેદના દર્શનતુલ્ય વાક્યાર્થ બોધ થાય છે અને જેમ 'ફાઈન' શબ્દથી બે અર્થની ઉપસ્થિતિ થયા પછી નિર્ણય થાય છે કે 'ફાઈન' શબ્દનો પ્રસ્તુતમાં 'સુંદર' અર્થ નથી, પરંતુ 'દંડ' જ અર્થ છે તેમ માર્ગપૃચ્છા કરનાર પુરુષને બાળક આદિ પાસેથી માર્ગ પૂછવાયોગ્ય પ્રામાણિક પુરુષના બોધતુલ્ય મહાવાક્યાર્થનો બોધ થાય છે.

વળી જેમ કોઈ કહે કે 'તે રસ્તે જતાં મને પાંચ રૂપિયાનું ફાઈન થયું' તે વચનથી એ ફલિતાર્થ પ્રાપ્ત થયું કે દંડથી રક્ષણ કરવાના અર્થી જીવે તે સ્થાનથી જવું જોઈએ નહિ, તેમ પ્રસ્તુતમાં બાલાદિ પાસેથી

પૂછવાયોગ્ય પુરુષનો નિર્ણય કર્યા પછી તેના ફલિતાર્થરૂપે નક્કી થાય છે કે જે માર્ગનો જાણકાર હોય અને શત્રુ ન હોય તેવો શુદ્ધ અધિકારી પુરુષ જ પૂછવાયોગ્ય છે. તે યથાર્થ બોધથી પ્રવૃત્તિ કરનારને જેમ ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે તેમ દંડથી રક્ષણના અર્થી જીવને તે સ્થાનથી નહિ જવાથી ઇષ્ટ ફળની પ્રાપ્તિ થઈ. ફક્ત પૂર્વગાથામાં બતાવેલ મને પાંચ રૂપિયા ફાઈન થયું એ વચનનો અર્થ સામાન્ય બુદ્ધિવાળા પણ શીઘ્ર પ્રાપ્ત કરી શકે છે અને તે પ્રમાણે ઉચિત પ્રવૃત્તિ કરીને તેના ફળને પ્રાપ્ત કરે છે. જ્યારે શત્રુથી ભાગેલો પુરુષ માર્ગના પરિજ્ઞાન માટે વિચાર્યા વગર પ્રવૃત્તિ કરે તો પરિવ્રાજક આદિને પણ પૂછવાનું સાહસ કરે તો ઇષ્ટફળની પ્રાપ્તિ કરી શકે નહિ, તેથી તેવા સ્થાનમાં ગંભીરતાપૂર્વક વિચારવામાં આવે તો જ ઐદંપર્યાર્થની પ્રાપ્તિ થાય છે અને આથી જ માર્ગભ્રષ્ટ વિવેકી પુરુષ પૂર્વમાં બતાવેલા ક્રમ અનુસાર જ શુદ્ધ અધિકારીને પૃચ્છા કરે છે. તે રીતે અતીન્દ્રિય અર્થને બતાવનારાં સૂત્રોનો અર્થ સ્થૂળ મતિથી ગ્રહણ થઈ શકતો નથી, પરંતુ પ્રાજ્ઞ એવા ગુરુ જ યોગ્ય શિષ્યને સૂત્રોના યથાર્થ અર્થનો બોધ થાય તે રીતે સૂત્રનો બોધ કરાવવા અર્થે યત્ન કરે છે, માટે અર્થના ગ્રહણ વખતે વિધિમાં દૃઢ યત્ન કરવો જોઈએ.

વળી જેમ માર્ગભ્રષ્ટને માર્ગનું જ્ઞાન શુદ્ધ અધિકારી પાસેથી પ્રાપ્ત કરવું જોઈએ એ પ્રમાણે ઐદંપર્યાર્થ બતાવેલ તેમ અતીન્દ્રિય એવો યોગમાર્ગ પણ શુદ્ધ અધિકારી એવા સર્વજ્ઞ પાસેથી જાણવો જોઈએ અને સર્વજ્ઞ ન હોય ત્યારે સર્વજ્ઞના વચનાનુસાર નિશ્ચય-વ્યવહાર આદિ પદાર્થોને કહેનારા ગીતાર્થ ગુરુ પાસેથી જાણવો જોઈએ. જેમ તે વિવેકી પુરુષ માર્ગનું જ્ઞાન કરવા અર્થે જેની તેની પાસે જતો નથી, પરંતુ પૃચ્છાયોગ્ય પુરુષને જાણીને નાડી પરીક્ષા અને શકુન આદિ દ્વારા અનુકૂળ કાળ જાણીને પૃચ્છાયોગ્ય પુરુષને પૂછે છે, જેથી ગમે તેને પૂછીને શત્રુના હાથમાં પોતાની પ્રાપ્તિ થાય નહિ, તેમ અતીન્દ્રિય એવા યોગમાર્ગવિષયક પણ જે તે પાસે જઈને પૂછવાથી વિપરીત બોધ થાય તો વિનાશની પ્રાપ્તિ થાય માટે ઉચિતકાળે વિધિપૂર્વક યોગ્ય ગુરુની ગવેષણા કરીને જે ગુરુ જે કોઈ ધર્માનુષ્ઠાન બતાવે છે તે અનુષ્ઠાનનો પરમાર્થ તે રીતે બતાવે છે કે નહિ જેના સેવનથી અંતરંગ વીતરાગભાવની પ્રાપ્તિનું કારણ તે અનુષ્ઠાન કઈ રીતે બને છે તેના પરમાર્થનો બોધ થાય તેનાથી નિર્ણય કરી શકાય કે આ મહાત્મા નિશ્ચય-વ્યવહાર ઉભયને જાણનારા છે, માટે મારી પ્રજ્ઞા અનુસાર અનુષ્ઠાનનું તાત્પર્યાર્થ મને યથાર્થ બતાવે છે તેથી વીતરાગના વચનને તે રીતે જ મને બતાવે છે જેથી તેમના વચનાનુસાર સેવાયેલું અનુષ્ઠાન ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ દ્વારા મારા કલ્યાણનું કારણ બનશે. આ રીતે નિર્ણય કરીને ઉચિત ગુરુ પાસે શુદ્ધ માર્ગ પૂછવામાં આવે તો ક્યારેય વિપર્યાસની પ્રાપ્તિ થાય નહિ.

ફક્ત જેમ પ્રસ્તુત દૃષ્ટાંતમાં ઐદંપર્યાર્થ શુદ્ધ અધિકારીનું જ્ઞાન છે તેમ તત્ત્વના નિર્ણય માટે શુદ્ધ અધિકારી એવા ગુરુનું જ્ઞાન છે અને શાસ્ત્રવચનથી પદાર્થ આદિનો બોધ કરાય છે તે સ્થાનમાં તે શાસ્ત્રવચનના પરમાર્થિક અર્થનો બોધ એ ઐદંપર્યાર્થ છે. **॥૮૬૨થી ૮૬૫॥**

અવતરણિકા :-

અથ સાક્ષાદેવ કતિચિત્સૂત્રાણ્યાશ્રિત્ય પદાર્થાદીનિ વ્યાખ્યાંગાનિ દર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે સાક્ષાદ્ જ કેટલાંક સૂત્રોને આશ્રયીને પદાર્થાદિ વ્યાખ્યાંગોને બતાવતાં કહે છે –

ગાથા :-

हिंसिज्ज ण भूयाइं इत्थ पयत्थो पसिद्धगो चेव ।
मणमाइएहिं पीडं सव्वेसिं चेव ण करिज्जा ।।८६६।।

અન્વયાર્થ :-

હિંસિજ્જ ણ ભૂયાઇં='પ્રાણીઓની હિંસા કરવી જોઈએ નહીં', ઇત્થ=અહીં=એ સૂત્રમાં, પયત્થો પસિદ્ધગો ચેવ=પ્રસિદ્ધ જ પદાર્થ છે=શબ્દો દ્વારા જણાતો જ અર્થ પદાર્થ છે. મણમાઇએહિં=મન-વચન-કાયા વડે, સવ્વેસિં ચેવ પીડં ણ કરિજ્જા=સર્વની જ પીડા કરવી જોઈએ નહીં. ।।૮૬૬।।

ગાથાર્થ :-

'પ્રાણીઓની હિંસા કરવી જોઈએ નહીં' અહીં=એ સૂત્રમાં પ્રસિદ્ધ જ પદાર્થ છે=શબ્દો દ્વારા જણાતો જ અર્થ પદાર્થ છે. મન-વચન-કાયા વડે સર્વની જ પીડા કરવી જોઈએ નહીં. ।।૮૬૬।।

ટીકા :-

हिंस्याद् व्यापादयेद् न नैव भूतानि पृथिव्यादीन् प्राणिनः । अत्र सूत्रे पदार्थः प्रसिद्धकश्चैव प्रख्यातरूप एव । तमेव दर्शयति-मनआदिभिर्मनोवाक्कायैः पीडां बाधां सर्वेषां चैव समस्तानामपि जीवानां न कुर्याद् न विदध्यादिति ।।८६६।।

ભાવાર્થ :-

ભગવાનના શાસનમાં અહિંસાપ્રધાન ધર્મ છે. તે અહિંસાને કહેવા માટે આગમમાં વાક્યપ્રયોગ કરાય છે કે 'સર્વ જીવોને હણવા જોઈએ નહિ' આ વચનને સાંભળીને શાબ્દબોધની મર્યાદાથી કોઈ વિચારક હોય તેને બોધ થાય છે કે જગતના સર્વ જીવને હણવા જોઈએ નહિ એ અર્થને કહેનારું આ વાક્ય છે. તેનાથી એ અર્થ પ્રાપ્ત થાય કે ધર્મના અર્થી જીવે મન, વચન, કાયાથી સર્વે પણ જીવોને પીડા કરવી જોઈએ નહિ; કેમ કે કોઈને પણ પીડા કરવામાં આવે તે અંશથી હિંસાસ્વરૂપ જ છે અને પ્રાણનાશ કરવામાં આવે તે પણ હિંસાસ્વરૂપ છે. આ પ્રકારના જે અર્થનું જ્ઞાન થયું તે પદાર્થજ્ઞાનસ્વરૂપ છે. **॥૮૬૬॥**

અવતરણિકા :-

तथा –

અવતરણિકાર્થ :-

તથા –

ગાથા :-

आरंभिपमत्ताणं इत्तो चेइहरलोचकरणाई ।
तक्करणमेव अणुबंधओ तहा एस वक्कत्थो ।।८६७।।
अविहिकरणम्मि आणाविराहणा दुट्ठमेव एएसिं ।
ता विहिणा जइयव्वंति महावक्कत्थरूवं तु ।।८६८।।

અન્વયાર્થ :-

इत्तो=આનાથી, (શું એ બતાવે છે —) आरंभिपमत्ताणं=આરંભી એવા ગૃહસ્થોને અને પ્રમત્ત એવા સાધુઓને, चेइहरलोचकरणाई=ચૈત્યઘર અને લોચકરણાદિ, तहा अणुबंधओ=તે પ્રકારના અનુબંધથી=પીડાને કરે તે પ્રકારના અનુસરણથી, तक्करणमेव=તત્કરણ જ છે=હિંસાનું કરણ જ છે. एस वक्कत्थो=આ વાક્યાર્થ છે=એ ચાલનારૂપ વાક્યાર્થ છે.

एएसिं=આમના=ચૈત્યઘરના અને લોચાદિના, अविहिकरणम्मि=અવિધિકરણમાં, आणाविराहणा=આજ્ઞા-વિરાધના હોવાથી, दुट्ठमेव=દુષ્ટ જ છે. ता=તે કારણથી, विहिणा जइयव्वंति=વિધિથી યત્ન કરવો જોઈએ. महावक्कत्थरूवं तु=એ મહાવાક્યાર્થરૂપ છે. ।।૮૬૭-૮૬૮।।

ગાથાર્થ :-

આનાથી શું એ બતાવે છે — આરંભી એવા ગૃહસ્થોને અને પ્રમત્ત એવા સાધુઓને ચૈત્યઘર અને લોચકરણાદિ તે પ્રકારના અનુબંધથી=પીડાને કરે તે પ્રકારના અનુસરણથી, તત્કરણ જ છે=હિંસાનું કરણ જ છે. આ વાક્યાર્થ છે=એ ચાલનારૂપ વાક્યાર્થ છે.

આમના=ચૈત્યઘરના અને લોચાદિના અવિધિકરણમાં આજ્ઞાવિરાધના હોવાથી દુષ્ટ જ છે. તે કારણથી વિધિથી યત્ન કરવો જોઈએ. એ મહાવાક્યાર્થરૂપ છે. ।।૮૬૭-૮૬૮।।

ટીકા :-

आरंभः पृथिव्याद्युपमर्दः स विद्यते येषां ते आरंभिणो गृहस्थाः, प्रमाद्यन्ति निद्राविकथादिभिः प्रमादैः सर्वसावद्ययोगविरतावपि सत्यां ये ते प्रमत्ता यतिविशेषाः, आरम्भिणश्च प्रमत्ताश्च आरंभिप्रमत्ता-स्तेषाम्, इतः पदार्थाच्चैत्यगृहलोचकरणादि, चैत्यगृहमर्हतो भगवतो बिम्बाश्रयः, लोचकरणं च केशोत्पाटनरूपम्, आदिशब्दात् तत्तदपवादाश्रयणेन तथाप्रवचनदुष्टनिग्रहादिपरपीडाग्रहः । तेषां करणं तत्करणमेव प्राग्निषिद्धहिंसाकरणमेव प्राप्तम् । कुत इत्याशंक्याह—अनुबन्धतोऽनुगमात् तथा तत्प्रकारायाः परपीडाया इत्येष चालनारूपो वाक्यार्थ इत्यर्थः ।।८६७।।

अविधिकरणेऽनीतिविधाने चैत्यगृहलोचादेरर्थस्याज्ञाविराधनाद् भगवद्वचनविलोपनाद् दुष्टमेवैतेषां चैत्यगृहादीनां करणम् । तत्र चेयमाज्ञा 'जिनभवनकरणविधिः शुद्धा भूमिर्दलं च काष्ठादि । भृतकानतिसन्धानं स्वाशयवृद्धिः समासेन ।।१।।' लोचकर्मविधिस्तु 'धुवलोओ य जिणाणं वासावासासु होइ थेराणं । तरुणाणं चउमासे वुड्ढाणं होइ छम्मासे ।।१।।' इत्यादि । तत् तस्माद् विधिना जिनोपदेशेन यतितव्यम् । इत्येवं महावाक्यार्थस्य प्राक्चालितप्रत्यवस्थानरूपस्य रूपं तु स्वभावः पुनः।।८६८।।

અવતરણિકા :-

મહાવાક્યાર્થમેવ ગાથાપૂર્વાર્દ્ધેનોપસંહરન્નૈદમ્પર્યમાહ –

અવતરણિકાર્થ :-

મહાવાક્યાર્થને જ ગાથાના પૂર્વાર્ધથી ઉપસંહાર કરતાં ઐદંપર્યને કહે છે –

ગાથા :-

एवं एसा अणुबंधभावओ तत्तओ कया होइ ।
अइदंपज्जं एयं आणा धम्मम्मि सारोत्ति ।।८६९।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=વિધિથી યત્ન કરાયે છતે, तत्तओ=તત્ત્વથી, अणुबंधभावओ=અનુબંધભાવને કારણે, एसा=આ=અહિંસા, कया होइ=કરાયેલી થાય છે. अइदंपज्जं एयं=ઐદંપર્ય આ છે – धम्मम्मि आणा सारोत्ति=ધર્મમાં આજ્ઞા સાર છે. ।।૮૬૯।।

ગાથાર્થ :-

આ રીતે=વિધિથી યત્ન કરાયે છતે, તત્ત્વથી અનુબંધભાવને કારણે આ=અહિંસા, કરાયેલી થાય છે. ઐદંપર્ય આ છે – ધર્મમાં આજ્ઞા સાર છે. ।।૮૬૯।।

ટીકા :-

एवं विधिना यत्ने क्रियमाणे एषाऽहिंसाऽनुबन्धभावत उत्तरोत्तरानुबन्धभावाद् मोक्षप्राप्तिपर्यवसानानुगमात् तत्त्वतः परमार्थतः कृता भवति, मोक्षसम्पाद्यजिनाज्ञाया उपरमाभावादिति । ऐदम्पर्यमेतदत्र यदुताज्ञा धर्मे सारः । इतिः परिसमाप्तौ ।।८६९।।

ભાવાર્થ :-

'કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહિ' એ પદનો પદાર્થરૂપ અર્થ શું છે ? તે ગાથા-૮૬૬માં બતાવ્યું. તે પ્રમાણે એ ફલિત થાય કે કોઈ પણ જીવને પીડા કરવી જોઈએ નહિ એ પ્રકારનો ભગવાનનો ઉપદેશ છે.

આ વચનને સાંભળીને જેઓ કાંઈક ઊહાપોહ કરે છે તેઓ જેમ વૃક્ષને જોઈને ઈહારૂપ વાક્યાર્થ થાય છે, તેથી વૃક્ષને જોઈને આ વૃક્ષ લીમડાનું છે કે આમ્રનું છે એ પ્રકારનું આમ્રને અભિમુખ ઊહ વર્તે છે તે વાક્યાર્થરૂપ છે, તેમ 'સર્વ જીવોને પીડા કરવી જોઈએ નહિ' એ શાસ્ત્રવચનને સાંભળીને ઊહ કરે તો તેને જણાય કે આ પ્રકારના શાસ્ત્રવચનાનુસાર જિનમંદિરનું નિર્માણ, લોચકરણ, ઉપવાસ તે સર્વમાં પીડાની પ્રાપ્તિ થાય છે; કેમ કે જિનભવનનિર્માણમાં પૃથ્વીકાય આદિ ષડ્જીવનિકાયની વિરાધના પ્રત્યક્ષ દેખાય છે, સાધુના લોચકરણમાં પોતાને પ્રત્યક્ષ પીડા દેખાય છે, ઉપવાસાદિ કરવામાં પણ પોતાને ક્ષુધાદિની પીડા દેખાય છે, તેથી કોઈને પીડા થાય તેવી પ્રવૃત્તિ કરવી તે ધર્મરૂપ નથી તે પ્રકારનો અર્થ 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહીં' એ પ્રકારના વાક્યમાંથી ચાળીને કાઢેલા અર્થરૂપ છે. જેમ સામે રહેલા વૃક્ષને જોઈને ઊહ કરવામાં આવ્યો કે 'આ લીમડો છે કે આમ્ર છે' તેમ ઊહ કર્યા પછી આમ્ર જેવું લાગે છે તેવો ચાળીને કાઢેલો અર્થ છે તેમ પ્રસ્તુતમાં પણ 'સર્વ જીવોને હણવા જોઈએ નહિ' એ વચનથી થયેલા બોધને છણાવટથી વિચારવામાં આવે તો ચૈત્યગૃહાદિ અકર્તવ્ય જણાય અને શાસ્ત્રમાં તેઓને કર્તવ્યરૂપે સ્વીકાર્યા છે તેવું જણાવાથી વિચારકને ઊહ પ્રવર્તે કે 'સર્વ જીવોને હણવા જોઈએ નહિ' એ વચન કોઈક વિશિષ્ટ તાત્પર્યમાં છે; કેમ કે સર્વ જીવોને હણવાનો નિષેધ કરીને તે જ આગમમાં ચૈત્યગૃહનિર્માણ આદિની વિધિ પ્રાપ્ત થાય છે, માટે સર્વ જીવોને હણવા જોઈએ નહિ તેનું તાત્પર્ય શું છે ? તેનો નિર્ણય કરવા માટે ઊહ પ્રવર્તે છે તે વાક્યાર્થ છે અને તે પ્રકારના કરાયેલા ઊહથી નિર્ણય થાય છે કે અવિધિથી ચૈત્યગૃહાદિમાં દોષો છે, માટે વિધિપૂર્વક ચૈત્યગૃહ કરવાં જોઈએ. જેમ વૃક્ષને જોઈને આમ્ર કે લીમડાનો સંશય થયા પછી પુરોવર્તી આમ્ર છે તેવો નિર્ણય થાય છે તેમ પ્રસ્તુતમાં 'સર્વ જીવોને હણવા જોઈએ નહિ' એ વચનથી અવિધિથી કરાયેલી હિંસાનો નિષેધ છે તેવો નિર્ણય થાય છે જે મહાવાક્યાર્થરૂપ છે.

આનાથી એ ફલિત થાય કે ભગવાને બતાવેલ વિધિ અનુસાર ચૈત્યગૃહનિર્માણની ક્રિયાથી ભગવાનના ચારિત્રગુણ પ્રત્યેનો રાગ વધે છે, તેથી ભગવાનની ભક્તિરૂપ દ્રવ્યસ્તવ ચારિત્રની પરિણતિરૂપ ભાવસ્તવનું કારણ હોવાથી સંયમના પરિણામમાં પર્યવસાન પામે છે, માટે ચૈત્યનિર્માણકાળમાં વર્તતા ઉત્તમ અધ્યવસાયનું કારણ ચૈત્યગૃહનિર્માણની ક્રિયા છે અને યતનાપૂર્વક ચૈત્યગૃહનિર્માણકાળમાં થતી હિંસા અશક્યપરિહારરૂપ છે, તેથી શ્રાવકના અધ્યવસાયને અનુરૂપ સંયમના રાગજન્ય નિર્જરાની જ પ્રાપ્તિ થાય છે, પરંતુ ચૈત્યનિર્માણમાં જે જીવોની હિંસા થાય છે તેને અનુરૂપ લેશ પણ હિંસાનો પરિણામ ચૈત્યગૃહનિર્માણકાળમાં નથી, માટે હિંસાકૃત કર્મબંધ નથી, જ્યારે સંસારની પ્રવૃત્તિમાં તો પોતાના ભોગ અર્થે બીજા જીવોની થતી હિંસાની ઉપેક્ષા છે, તેથી ત્યાં હિંસાકૃત કર્મબંધની પ્રાપ્તિ છે.

વળી સાધુ લોચ કરીને લોચના કષ્ટ પ્રત્યે દ્વેષ કરતા નથી, પરંતુ સુખદુઃખ પ્રત્યેના સમભાવના પરિણામની વૃદ્ધિ કરે છે, તેથી જીવસ્વભાવે જે દુઃખને પામીને દ્વેષ કરવાનો પરિણામ હતો અને દુઃખમાં અરતિ કરવાનો પરિણામ હતો તેના સ્થાને લોચના કષ્ટમાં પણ દ્વેષ ન થાય, પરંતુ સુખદુઃખ પ્રત્યે સમાન ચિત્ત ઉલ્લસિત થાય તેમ યત્ન કરીને સુખદુઃખ પ્રત્યે સમભાવના પરિણામની વૃદ્ધિમાં જ રતિને ધારણ કરવા સાધુ યત્ન કરે છે અને આભ્યાસિક ભાવો અભ્યાસથી જ પ્રગટ થાય છે તેમ લોચાદિ કષ્ટકાળમાં

અંતરંગ રીતે સુખદુઃખ પ્રત્યે સમભાવમાં જ રતિ થાય તેવા અભ્યાસના બળથી તે પ્રકારની રતિને ધારણ કરવાની શક્તિનો સંચય થાય છે, જેથી સમભાવના કંડકોની વૃદ્ધિ થાય છે, માટે લોચાદિને કહેનારા શાસ્ત્રવચનનું સ્મરણ કરીને તે વિધિથી જેઓ લોચાદિમાં યત્ન કરે છે તેઓને લોચાદિની બાહ્ય દેખાતી પીડાકાળમાં પણ અસ્વસ્થતાનું વેદન થતું નથી, પરંતુ સમભાવને અનુકૂળ સ્વસ્થતાની જ શક્તિનો સંચય થાય છે, માટે લોચાદિમાં હિંસા નથી.

આનાથી એ ફલિત થાય કે સ્વભાવપ્રાણના રક્ષણ માટે કરાતા ઉદ્યમથી જે હિંસા થાય છે તે હિંસા પરમાર્થથી હિંસા નથી, પરંતુ સ્વભાવપ્રાણનો નાશ કરે તેવા ઘાતક ચિત્તનું નિર્માણ કરે તેવી હિંસા હિંસા છે અને તે હિંસાના પરિહારનો ઉપદેશ 'સર્વ જીવોને હણવા જોઈએ નહિ' એ પ્રકારના શાસ્ત્રવચનથી થાય છે, તેથી જેમ 'ફાઈન' શબ્દ 'સુંદર' અર્થમાં વપરાય છે અને 'દંડ' અર્થમાં પણ વપરાય છે. 'અમુક રસ્તે જવાથી મને પાંચ રૂપિયાનું ફાઈન ભરવું પડયું' તે વચનમાં 'ફાઈન' શબ્દથી 'સુંદર' અર્થ અપ્રસ્તુત હતો અને 'દંડ' અર્થ પ્રસ્તુત હતો, તેમ 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' એ પ્રકારના વચનથી પોતાના ભાવપ્રાણની વિશુદ્ધિને અનુકૂળ કરાતા યત્નથી અશક્યપરિહારરૂપે જે હિંસા થાય છે તે હિંસા અપ્રસ્તુત છે અને પોતાના આત્માને મલિન કરે તેવા ઘાતક ચિત્તનું નિર્માણ કરે તેવી હિંસા જ પ્રસ્તુત છે, માટે પોતાની શાતા અર્થે કરાતા યત્નથી જે જીવોની હિંસા થાય છે ત્યાં પોતાના શાતારૂપ સ્વાર્થ અર્થે બીજાને પીડા કરે તેવા ઘાતક ચિત્તની નિષ્પત્તિ થાય છે તેનો પરિહાર જ હિંસાના પરિહારરૂપે અભિમત છે, તેથી 'હિંસા' શબ્દથી ચૈત્યનિર્માણ આદિમાં થતી હિંસા અપ્રસ્તુત છે અને ભોગાદિ અર્થે થતી હિંસા પ્રસ્તુત છે. એ પ્રમાણે અપ્રસ્તુતનું નિરાકરણ કરીને પ્રસ્તુત અર્થનો સંગ્રહ કરીએ તો જિનવચનાનુસાર કરાતી ક્રિયામાં હિંસાની પ્રાપ્તિ નથી, તેથી જિનવચનાનુસાર ચૈત્યગૃહનિર્માણ આદિમાં વિધિપૂર્વક યત્ન કરવો જોઈએ, જેથી કોઈ જીવની હિંસાની પ્રાપ્તિ થાય નહિ એવો અર્થ પ્રસ્તુત વાક્યથી ફલિત થાય છે. જેમ 'ફાઈન' શબ્દમાં પ્રસ્તુત વચનપ્રયોગમાં 'દંડ' અર્થ અભિપ્રેત છે તેમ ફલિત થાય છે અને પ્રસ્તુત વાક્યમાં 'ફાઈન' શબ્દથી 'દંડ' અર્થ અભિપ્રેત છે એવો નિર્ણય થાય તેનાથી ફલિતાર્થ પ્રાપ્ત થાય કે 'દંડના અનર્થો એવા મારે તે માર્ગથી જવું જોઈએ નહિ' તેમ 'હિંસાના ફળના અનર્થો એવા મારે ભગવાનની આજ્ઞાનુસાર જ સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ', તેથી ધર્મના વિષયમાં ભગવાનની આજ્ઞા જ સાર છે; કેમ કે ભગવાન વીતરાગ સર્વજ્ઞ થયા, ત્યારપછી સર્વ જીવોનું હિત કરવા અર્થે તે તે જીવોની યોગ્યતા અનુસાર તે તે જીવોએ શું ઉચિત કૃત્ય કરવું જોઈએ અને તે કૃત્ય દ્વારા વીતરાગતાને અભિમુખ કઈ રીતે પરિણામ કરવો જોઈએ તેની ઉચિત દિશા તેમણે બતાવી છે, તેથી તે પ્રમાણે યત્ન કરવાથી તે તે અંશથી સંવરની પ્રાપ્તિ દ્વારા પોતાના ભાવપ્રાણોનું રક્ષણ થાય છે જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પૂર્ણ અહિંસાના પાલનરૂપ ફળમાં વિશ્રાન્ત થાય છે, તે ઐદંપર્યાર્થ છે.

અહીં ટીકામાં ચૈત્યગૃહકરણની વિધિ બતાવી તેમાં સુઆશયની વૃદ્ધિ દ્વારા ભાવસ્તવને અનુકૂળ સુઆશયની વૃદ્ધિ થાય તેનું ગ્રહણ હોવાથી ચૈત્યગૃહકરણની વિધિપૂર્વક ચૈત્યગૃહ કરવાથી હિંસાના દોષની પ્રાપ્તિ નથી અને લોચકરણની વિધિમાં ઇત્યાદિથી અન્ય વિધિનું ગ્રહણ છે જે વિધિ અંતર્ગત લોચ દ્વારા સંયમની વૃદ્ધિ થાય તેનું ગ્રહણ છે, તેથી લોચ કરવાથી જો આર્ત્તધ્યાન થતું હોય તો હિંસાની પ્રાપ્તિ થાય. તેવા લોચમાં ભગવાનની આજ્ઞા નથી. **॥૮૬૭થી ૮૬૯॥**

ગાથા :-

एवं चइज्ज गंथं इत्थ पयत्थो पसिद्धगो चेव ।
णो किंचिवि गिण्हिज्जा सचेयणाचेयणं वत्थुं ।।८७०।।
एत्तो अईयसावेक्खयाण वत्थाइयाणमग्गहणं ।
तग्गहणं चिय अहिगरणवुड्ढिओ हंदि वक्कत्थो ।।८७१।।
आणाबाहाए तहा गहणंपि ण सुंदरंति दट्ठव्वं ।
ता तीए वट्टियव्वंति महावक्कत्थमो णेओ ।।८७२।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વમાં કહેલ 'પ્રાણીઓની હિંસા કરવી જોઈએ નહીં' એ પદના અર્થની જેમ गंथं चइज्ज=ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ. इत्थ=અહીં='ગ્રંથત્યાગ કરવો જોઈએ' એ વચનમાં, पयत्थो पसिद्धगो चेव=પદાર્થ પ્રસિદ્ધ જ છે. किंचिवि सचेयणाचेयणं वत्थुं णो गिण्हिज्जा=કોઈપણ સચેતન-અચેતન વસ્તુ ગ્રહણ કરવી જોઈએ નહીં.

एत्तो=આનાથી='ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ' એ વચનથી, अईयसावेक्खयाण=અતીતસાપેક્ષતાવાળાને=શરીરમાત્રમાં પણ સ્પૃહા વગરના ભાવસાધુને, वत्थाइयाणमग्गहणं=વસ્ત્રાદિનું અગ્રહણ, तग्गहणं चिय=તેનું ગ્રહણ જ છે=મિથ્યાત્વાદિરૂપ ગ્રંથનું ગ્રહણ જ છે; अहिगरणवुड्ढिओ हंदि वक्कत्थो=કેમ કે અધિકરણની વૃદ્ધિનો ભાવ છે એ પ્રકારનો વાક્યાર્થ છે.

आणाबाहाए=આજ્ઞાબાધાથી, तहा गहणंपि=તે પ્રકારે ગ્રહણ પણ=વાક્યાર્થમાં શંકા કરી કે વસ્ત્રાદિનું અગ્રહણ પણ મિથ્યાત્વાદિરૂપ ગ્રંથના ગ્રહણરૂપ જ છે તે પ્રકારે અધિકરણની વૃદ્ધિના ભયથી ગ્રહણ પણ, ण सुंदरं ति दट्ठव्वं=સુંદર નથી એ પ્રમાણે જાણવું. ता=તે કારણથી, तीए=તેમાં=આજ્ઞામાં, वट्टियव्वं ति=પ્રવર્તવું જોઈએ એ પ્રમાણે, महावक्कत्थमो णेओ=મહાવાક્યાર્થ જાણવો. ।।૮૭૦થી ૮૭૨।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વમાં કહેલ 'પ્રાણીઓની હિંસા કરવી જોઈએ નહીં' એ પદના અર્થની જેમ, ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ. અહીં='ગ્રંથત્યાગ કરવો જોઈએ' એ વચનમાં, પદાર્થ પ્રસિદ્ધ જ છે. કોઈપણ સચેતન-અચેતન વસ્તુ ગ્રહણ કરવી જોઈએ નહીં.

આનાથી='ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ' એ વચનથી, અતીતસાપેક્ષતાવાળાને=શરીરમાત્રમાં પણ સ્પૃહા વગરના ભાવસાધુને, વસ્ત્રાદિનું અગ્રહણ તેનું ગ્રહણ જ છે=મિથ્યાત્વાદિરૂપ ગ્રંથનું ગ્રહણ જ છે; કેમ કે અધિકરણની વૃદ્ધિનો ભાવ છે એ પ્રકારનો વાક્યાર્થ છે.

(ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ એ વચનથી શરીરાદિ પ્રત્યે નિઃસ્પૃહી સાધુએ વસ્ત્ર-શિષ્યાદિ ગ્રહણ કરવા જોઈએ નહીં એ અર્થ પ્રાપ્ત થાય. એમાં ચાલના કરીને વાક્યાર્થ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે – સંયમના કારણભૂત વસ્ત્રાદિનું અગ્રહણ એ મિથ્યાત્વાદિરૂપ ગ્રંથનું ગ્રહણ જ છે; કેમ કે સંયમના ઉપકરણને ગ્રહણ ન કરવામાં આવે તો અધિકરણની વૃદ્ધિ થાય છે અર્થાત્ દુર્ગતિના કારણીભૂત મિથ્યાત્વાદિ ભાવોની વૃદ્ધિ થાય છે આ પ્રકારે વાક્યાર્થની પ્રાપ્તિ છે=સાધુને વસ્ત્રાદિના અગ્રહણની પ્રાપ્તિ છે અને વસ્ત્રાદિનું અગ્રહણ કરે તો મિથ્યાત્વાદિરૂપ ગ્રંથના ગ્રહણની પ્રાપ્તિ છે તેથી 'गंथं चयेज्जा'નો અર્થ શું કરવો એ પ્રકારની દોલાયમાન વિચારણા વાક્યાર્થ છે.)

આજ્ઞાબાધાથી તે પ્રકારે ગ્રહણ પણ=વાક્યાર્થમાં શંકા કરી કે વસ્ત્રાદિનું અગ્રહણ પણ મિથ્યાત્વાદિરૂપ ગ્રંથના ગ્રહણરૂપ જ છે તે પ્રકારે અધિકરણની વૃદ્ધિના ભયથી ગ્રહણ પણ, સુંદર નથી એ પ્રમાણે જાણવું. તે કારણથી તેમાં=આજ્ઞામાં, પ્રવર્તવું જોઈએ એ પ્રમાણે મહાવાક્યાર્થ જાણવો. ।।૮૭૦થી ૮૭૨।।

ટીકા :-

एवं प्रागुक्तपदार्थवत् त्यजेद् ग्रन्थम् । अत्र वचने पदार्थः प्रसिद्धकश्चैव प्रतीतरूप एव । तमेव दर्शयति नो किञ्चिदपि गृह्णीयात् परिग्रहविषयीकुर्यात् सचेतनाचेतनं शिष्यवस्त्रादि वस्तु ।।८७०।।

इतोऽस्मात् त्यजेद् ग्रन्थमित्येवंरूपाद्वचनात् । अतीतसापेक्षतादीनामतीतातिक्रान्ता सापेक्षता शरीरमात्रेऽपि स्पृहारूपा येषां ते तथा तेषां भावसाधूनामित्यर्थः, वस्त्रादीनां वस्त्रपात्रशिष्यादीनां वस्तूनामग्रहणमापन्नम् । एतच्च वस्त्राद्यग्रहणं तद्ग्रहणमेव मिथ्यात्वादिरूपग्रन्थग्रहणमेव । कुत इत्याह—अधिकरणवृद्धितोऽधिक्रियत आत्मा नरकादिष्वनेनेत्यधिकरणमसंयमस्तस्य वृद्धिरुपचयस्तस्याः सकाशात् सम्पद्यत एव रजोहरणाद्युपधिमन्तरेण जिनकल्पिकादीनामप्यसंयमवृद्धिः । हंदीति पूर्ववत् । एष वाक्यार्थो, यथा न सर्वथा ग्रन्थत्यागः श्रेयान्, य उच्यते 'चएज्ज गंथं' इत्यादिवचनेनेति ।।८७१।।

आज्ञाबाधया 'जिणा बारसरूवाणि थेरा चउदसरूविणो । अज्जाणं पन्नवीसं तु अओ उड्ढमुवग्गहो ।।१।।' इत्यादिवचनोल्लङ्घनेन तथेत्यधिकरणवृद्धिभयाद् ग्रहणमिति वस्त्रादीनां न सुन्दरमिति द्रष्टव्यं, किं पुनः सर्वथैवाग्रहणमित्यपिशब्दार्थः । तत् तस्मात् तस्यामाज्ञायां वर्त्तितव्यमिति महावाक्यार्थो ज्ञेय इति ।।८७२।।

અવતરણિકા :-

મહાવાક્યાર્થમેવ ગાથાપ્રથમાર્દ્ધેન નિગમયન્નૈદમ્પર્યમાહ –

અવતરણિકાર્થ :-

મહાવાક્યાર્થને જ ગાથાના પ્રથમાર્ધથી નિગમન કરીને ઐદંપર્યને કહે છે –

ગાથા :-

एयं एवं अहिगरणचागओ भावओ कयं होइ ।
एत्थवि आणातत्तं धम्मस्स इदं इदंपज्जं ।।८७३।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=આજ્ઞાનુસાર વસ્ત્રગ્રહણ કરવાથી, अहिगरणचागओ=અધિકરણનો ત્યાગ હોવાના કારણે, एयं=આ=ગ્રંથનો ત્યાગ, भावओ कयं होइ=ભાવથી કરાયેલો થાય છે. एत्थ वि=અહીં પણ='ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ' ઈત્યાદિ પદાર્થોમાં પણ, धम्मस्स आणातत्तं=ધર્મનું આજ્ઞાતત્ત્વ છે. इदं इदंपज्जं=આ એદંપર્યાર્થ છે. ।।૮૭૩।।

ગાથાર્થ :-

આ રીતે=આજ્ઞાનુસાર વસ્ત્રગ્રહણ કરવાથી, અધિકરણનો ત્યાગ હોવાના કારણે આ=ગ્રંથનો ત્યાગ, ભાવથી કરાયેલો થાય છે. અહીં પણ='ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ' ઈત્યાદિ પદાર્થોમાં પણ, ધર્મનું આજ્ઞાતત્ત્વ છે. આ એદંપર્યાર્થ છે. ।।૮૭૩।।

ટીકા :-

एतद् ग्रन्थत्यजनं 'चएज्ज गंथं' इति वचनोक्तमेवमाज्ञानुसरणेनाधिकरणत्यागतोऽसंयमपरित्यागाद् भावतः परमार्थेन कृतं भवति । यो ह्याज्ञामनुसरन् वस्त्रादिग्रहणे प्रवर्त्तते तस्य कदाचित् कथञ्चना-संयमभावेऽपि बहुतरगुणान्तराराधनेन भावतोऽधिकरणत्याग एव, तदर्थत्वेनैव तस्य सर्व्वक्रियासु प्रवृत्तेरिति । अत्रापि पदार्थादिषु 'जह्याद् ग्रन्थं' इत्यादिषु आज्ञातत्त्वं धर्मस्येतीदमेतत् 'इदंपज्जं'ति ऐदम्पर्यम् ।।८७३।।

ભાવાર્થ :-

શાસ્ત્રમાં સાધુને પાંચમા મહાવ્રતના પાલન અર્થે કહ્યું છે કે સાધુએ ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ, તેથી એ પ્રાપ્ત થાય કે સાધુ પોતાનાથી અતિરિક્ત સચેતન કે અચેતન વસ્તુ રાખે તો 'તેની સાથે મારો સંબંધ છે' એ પ્રકારની બુદ્ધિરૂપ ગ્રંથની પ્રાપ્તિ થાય માટે 'સંબંધની બુદ્ધિરૂપ ગ્રંથના ત્યાગ અર્થે સાધુએ કોઈ સચેતન કે અચેતન વસ્તુ ગ્રહણ કરવી જોઈએ નહિ' એ પ્રકારનો બોધ થાય એ પદાર્થબોધરૂપ છે, ત્યારપછી તેના ઉપર વિચારણા કરવામાં આવે તો એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય કે સાધુએ મારાપણાના સંબંધની બુદ્ધિના કારણીભૂત સુવર્ણાદિકનો ત્યાગ કરવો જોઈએ, તેમ વસ્ત્રાદિનો પણ ત્યાગ કરવો જોઈએ; કેમ કે જેમ સુવર્ણાદિમાં 'આ મારું સુવર્ણ છે' એ પ્રકારના સંબંધરૂપ ગ્રંથની પ્રાપ્તિ છે, તેમ વસ્ત્રાદિકમાં પણ 'આ મારાં વસ્ત્રો છે' એ પ્રકારના સંબંધરૂપ બુદ્ધિની પ્રાપ્તિ છે, માટે સાધુએ વસ્ત્રાદિ કોઈ ઉપધિ ગ્રહણ કરવી જોઈએ નહિ અને શાસ્ત્રમાં સાધુને વસ્ત્રાદિ ગ્રહણની વિધિ સ્પષ્ટ પ્રાપ્ત છે, તેથી વિચારક પુરુષ વિચારે કે ગ્રંથના

ત્યાગના ઉપદેશ દ્વારા અવશ્ય વિશેષ પ્રકારના ગ્રંથના ત્યાગનો ઉપદેશ છે, તેથી પ્રાજ્ઞપુરુષ ઊહ કરીને નક્કી કરી શકે કે ભગવાનની આજ્ઞાનુસાર વસ્ત્ર ગ્રહણ કરવામાં આવે ત્યારે ભગવાનના વચનાનુસાર સંયમના કંડકની વૃદ્ધિના ઉપાયરૂપે જ વસ્ત્રનું ગ્રહણ છે, તેથી તે વસ્ત્રગ્રહણમાં પરિગ્રહની જેમ સંબંધની બુદ્ધિ નથી, પરંતુ ધર્મસાધનની મતિ છે, તેથી ભગવાનના વચનાનુસાર વસ્ત્રાદિ ગ્રહણ કરવામાં આવે તો કર્મબંધની પ્રાપ્તિરૂપ અધ્યવસાય થતો નથી, પરંતુ વસ્ત્રાદિ નહિ ગ્રહણ કરવાથી જે આર્ત્તધ્યાનાદિની પ્રાપ્તિ હતી તેનો પરિહાર કરીને ધર્મધ્યાનાદિની જ પુષ્ટિ થાય છે, માટે ધર્મના સાધનરૂપ વસ્ત્રના ગ્રહણથી ગ્રંથની પ્રાપ્તિ નથી એ રૂપ મહાવાક્યાર્થ પ્રાપ્ત થાય છે અને જે સાધુ ભગવાનની આજ્ઞાનો ત્યાગ કરીને અતિરિક્ત ઉપકરણ ધારણ કરે છે તે અતિરિક્ત ઉપકરણ ધર્મની વૃદ્ધિનું કારણ નહિ હોવાથી પરિગ્રહરૂપ જ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ જિનવચનાનુસાર સંયમના કંડકના વૃદ્ધિના ઉપાયરૂપ વસ્ત્રાદિ ધારણ કરે છે તે વસ્ત્રાદિ પ્રત્યે મદીયબુદ્ધિરૂપ સંશ્લેષ થતો નથી, પરંતુ ધર્મનું સાધન વસ્ત્રાદિ છે તે પ્રકારની બુદ્ધિપૂર્વક તે વસ્ત્રાદિ દ્વારા તે સાધુ ધર્મના પરિણામની જ વૃદ્ધિ કરે છે અને જે સાધુ ભગવાનના વચનાનુસાર પ્રમાણોપેત વસ્ત્રાદિ ગ્રહણ કર્યા પછી પણ તેમાં મમત્વને ધારણ કરે છે અથવા ભગવાનના વચનાનુસાર નિર્દોષ પણ વસ્ત્ર સુંદર પ્રાપ્ત થાય તો રતિને ધારણ કરે છે અને અસુંદર પ્રાપ્ત થાય તો અરતિને કરે છે અથવા ભગવાનના વચનાનુસાર પ્રમાણોપેત ગ્રહણ કરાયેલાં તે વસ્ત્રોને ધર્મવૃદ્ધિમાં ઉપયોગ કરતા નથી તેઓનું તે વસ્ત્રાદિનું ગ્રહણ પરિગ્રહરૂપ જ છે.

આનાથી એ ફલિત થાય કે વસ્ત્રગ્રહણવિષયમાં ભગવાનની આજ્ઞા જ સાર છે અને ભગવાનની આજ્ઞા છે કે 'સર્વ પ્રકારે અપ્રમાદભાવથી સમભાવની વૃદ્ધિને અનુકૂળ ઉદ્યમ કરવામાં જે ઉપષ્ટંભક થાય તેવા જ આહાર, વસ્ત્ર, વસતિ આદિનું ગ્રહણ કરવું જોઈએ, તે સિવાય કોઈ વસ્તુને ગ્રહણ કરવી જોઈએ નહિ' અને તે મર્યાદા અનુસાર જિનોને જે બાર પ્રકારની ઉપધિ, સ્થવિરકલ્પીને ચૌદ પ્રકારની ઉપધિ અને સાધ્વીને પચ્ચીસ પ્રકારની ઉપધિ બતાવી છે તેનું ઉલ્લંઘન કર્યા વગર વિધિપૂર્વક પ્રમાણોપેત ઉપધિ ગ્રહણ કરવામાં આવે અને ગ્રહણ કરાયેલાં તે વસ્ત્રોનો સંયમમાં જ ઉપયોગ કરવામાં આવે તો તે સાધુ સંપૂર્ણ અપરિગ્રહવાળા છે અને જો સાધુને દેહને આશ્રયીને પણ શાતાની અર્થિતા કે અશાતાનો દ્વેષ થાય તો તે દેહધારી સાધુ પણ પરિગ્રહધારી જ છે, માટે પરિગ્રહના ત્યાગવિષયક આજ્ઞા જ પ્રમાણ છે એ પ્રકારનું ઐદંપર્ય ધારણ કરીને જે સાધુ ભાવથી પરિગ્રહના ત્યાગ માટે યત્ન કરે છે તેઓ અપરિગ્રહી હોવાથી કર્મબંધના અનર્થને પ્રાપ્ત કરતા નથી, માટે કર્મબંધના અનર્થના નિવારણ માટે સાધુએ જિનવચનાનુસાર જ ગ્રંથના ત્યાગમાં=પરિગ્રહના ત્યાગમાં, યત્ન કરવો જોઈએ. જેમ 'ફાઈન' શબ્દથી અપ્રસ્તુતનો ત્યાગ કરીને પ્રસ્તુત એવા 'દંડ'નું ગ્રહણ થાય છે અને દંડથી પોતાના રક્ષણના અર્થીએ તે સ્થાનેથી જવું જોઈએ નહીં એવું ઐદંપર્ય પ્રાપ્ત થાય છે તેમ પ્રસ્તુતમાં સંયમના અંગભૂત આજ્ઞાનુસારી વસ્ત્રાદિને છોડીને અન્ય સર્વ વસ્તુ 'ગ્રંથ'થી અભિપ્રેત છે, તેથી પ્રસ્તુત એવા સંયમના ઉપકરણનો અત્યાગ કરીને અને અપ્રસ્તુત એવા અન્ય પરિગ્રહનો ત્યાગ કરીને જિનવચનાનુસાર ગ્રંથત્યાગમાં યત્ન કરવો જોઈએ એ પ્રકારે ભગવાનની આજ્ઞા છે એ રૂપ ઐદંપર્યાર્થ પ્રાપ્ત થાય છે. **॥૮૭૦થી ૮૭૩॥**

ગાથા :-

एवं तवझाणाई कायव्वंति पयडो पयत्थो यं ।
छट्ठुस्सग्गाईणं करणं ओघेण लोगम्मि ।।८७४।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વમાં કહેલા પદના અર્થની જેમ, तवझाणाई कायव्वं='તપધ્યાનાદિ કરવાં જોઈએ', ति=એ કથનમાં, ओघेण लोगम्मि=ઓઘથી લોકમાં, छट्ठुस्सग्गाईणं करणं=છઠ્ઠ આદિ તપ અને કાયોત્સર્ગાદિનું કરણ, यं पयडो पयत्थो=એ પ્રગટ પદાર્થ છે. ।।૮૭૪।।

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વમાં કહેલા પદના અર્થની જેમ, 'તપધ્યાનાદિ કરવાં જોઈએ' એ કથનમાં ઓઘથી લોકમાં છઠ્ઠ આદિ તપ અને કાયોત્સર્ગાદિનું કરણ એ પ્રગટ પદાર્થ છે. ।।૮૭૪।।

ટીકા :-

एवं प्रागुक्तपदार्थवत् 'मुमुक्षुणा तपोध्यानादि कर्त्तव्यम्' इत्यत्र प्रकटः स्फुटः पदार्थोऽयं यथा षष्ठोत्सग्गार्गादीनां षष्ठादीनां तपोविशेषाणामुत्सग्गार्गादीनां च कायोत्सर्गकायक्लेशादिलक्षणानां करणं विधानम्, ओघेन सामान्येन समर्थासमर्थादिपरिहाराविशेषरूपेण लोकेऽपि धार्मिकजनलक्षणे रूढं वर्त्तत इति ।।८७४।।

ગાથા :-

तुच्छावत्ताणंपि हु एत्तो एयाण चेव करणं ति ।
अकरणमो दट्ठव्वं अणिट्ठफलयंति वक्कत्थो ।।८७५।।

અન્વયાર્થ :-

तुच्छावत्ताणंपि=તુચ્છ અને અવ્યક્તોને પણ, एत्तो हु=આનાથી='તપધ્યાન કરવાં જોઈએ' એ વચનથી, एयाण=આમનું=છઠ્ઠ-કાયોત્સર્ગાદિનું, करणं=કરણ પ્રાપ્ત થયું. अकरणमो चेव=અકરણ જ=તુચ્છ અને અવ્યક્તને તપધ્યાનાદિનું કરણ-અકરણ જ, दट्ठव्वं=જાણવું. अणिट्ठफलयंति वक्कत्थो=અનિષ્ટ ફળવાળું છે એ પ્રમાણે વાક્યાર્થ છે. 'ति' વાક્યની સમાપ્તિ અર્થે છે. ।।૮૭૫।।

ગાથાર્થ :-

તુચ્છ અને અવ્યક્તોને પણ આનાથી='તપધ્યાન કરવાં જોઈએ' એ વચનથી, આમનું=છઠ્ઠ-

કાયોત્સર્ગાદિનું કરણ પ્રાપ્ત થયું. અકરણ જ=તુચ્છ અને અવ્યક્તને તપધ્યાનાદિનું કરણ-અકરણ જ, જાણવું. અનિષ્ટ ફળવાળું છે એ પ્રમાણે વાક્યાર્થ છે. ।।૮૭૫।।

ટીકા :-

तुच्छा असमर्था बालवृद्धादिलक्षणाः, अव्यक्ताश्चागीतार्थास्तेषां, न केवलमितरेषामित्यपिशब्दार्थः, इतो वचनादेषामेव षष्ठोत्सर्ग्गादीनां करणं प्राप्तम्, तेषामपि मुमुक्षुत्वात् । इतिः प्राग्वत् । एतच्च तपोध्यानादिकरणमकरणं द्रष्टव्यं तुच्छाव्यक्तादीनाम् । कुतो, यतोऽनिष्टफलदं शक्त्यतिक्रमेण तपोध्यानादिकष्टानुष्ठानस्यार्त्तध्यानत्वेन तिर्यग्गत्याद्यशुभजन्महेतुत्वात् । इत्येष वाक्यार्थः ।।८७५।।

ગાથા :-

आगमणीईए तओ एयाणं करणमित्थ गुणवंतं ।
एसा पहाणरूवत्ति महावक्कत्थविसओ उ ।।८७६।।

અન્વયાર્થ :-

तओ=તે કારણથી=તુચ્છને અને અવ્યક્તને તપધ્યાનથી અનિષ્ટની પ્રાપ્તિ છે તે કારણથી, इत्थ=અહીં=ધર્મના અધિકારમાં, आगमणीईए=આગમનીતિથી, एयाणं करणं=આમનું કરણ=તપધ્યાનાદિનું કરણ, गुणवंतं=ગુણવંત છે=ગુણને લાવનાર છે. एसा=आ=આગમનીતિ, पहाणरूव त्ति=પ્રધાનરૂપ છે એ, महावक्कत्थविसओ उ=વળી, મહાવાક્યાર્થનો વિષય છે. ।।૮૭૬।।

ગાથાર્થ :-

તે કારણથી=તુચ્છને અને અવ્યક્તને તપધ્યાનથી અનિષ્ટની પ્રાપ્તિ છે તે કારણથી, અહીં=ધર્મના અધિકારમાં, આગમનીતિથી આમનું કરણ=તપધ્યાનાદિનું કરણ, ગુણવંત છે=ગુણને લાવનાર છે. आ=આગમનીતિ, પ્રધાનરૂપ છે એ વળી, મહાવાક્યાર્થનો વિષય છે. ।।૮૭૬।।

ટીકા :-

आगमनीत्या आगमानुसारेण यत एवं महान् दोषस्तत एतेषां तपोध्यानादीनां करणमत्र धर्माधिकारे गुणवद् गुणावहम् । आगमनीतिश्चेयं—'तो जह न देहपीडा न यावि चियमंससोणियत्तं च । जह धम्मझाणवुड्ढी तहा इमं होइ कायव्वं ।।१।।' तथा । 'कायो न केवलमयं परितापनीयो, मिष्टै रसैर्बहुविधैर्न च लालनीयः । चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन, वश्यानि येन च तदाचरितं जिनानाम् ।।२।।' एषा आगमनीतिः प्रधानरूपा सारभावमागता वर्त्तते धर्मे साध्ये । इत्येष महावाक्यार्थ-विषयः पुनरवगन्तव्यः ।।८७६।।

અવતરણિકા :-

अत्रापि महावाक्यार्थनिगमनेनैदम्पर्यमाह –

અવતરણિકાર્થ :-

અહીં પણ=તપધ્યાનાદિ કરવું જોઈએ એ વાક્યમાં પણ, મહાવાક્યાર્થના નિગમન દ્વારા ઐદંપર્યને કહે છે –

ગાથા :-

एवं पसत्थमेयं णियफलसंसाहगं तहा होइ ।
इय एस च्चिय सिट्ठा धम्मे इह अइदंपज्जं तु ।।८७७।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=આગમનીતિથી, इयं=आ=તપધ્યાનાદિ, पसत्थं=પ્રશસ્ત છે, णियफलसंसाहगं तहा होइ=અને નિજફળસાધક છે=મોક્ષરૂપી ફળનાં સાધક છે. इय=એથી, एस च्चिय=આ જ=આગમનીતિ જ, धम्मे सिट्ठा=ધર્મમાં શ્રેષ્ઠ છે એ, इह=અહીં='તપધ્યાન કર્તવ્ય છે' એના વિષયમાં, अइदंपज्जं तु=વળી, ઐદંપર્ય જાણવું. ।।૮૭૭।।

ગાથાર્થ :-

આ રીતે=આગમનીતિથી, આ=તપધ્યાનાદિ, પ્રશસ્ત છે અને નિજફળસાધક છે=મોક્ષરૂપી ફળનાં સાધક છે. એથી આ જ=આગમનીતિ જ, ધર્મમાં શ્રેષ્ઠ છે એ અહીં='તપધ્યાન કર્તવ્ય છે' એના વિષયમાં, વળી, ઐદંપર્ય જાણવું. ।।૮૭૭।।

ટીકા :-

एवमागमनीत्या प्रशस्तं प्रशंसास्पदमेतत्तपोध्यानादि भवति सतां । तथा निजफलसंसाधकं मोक्षलक्षण-फलहेतुः । तथेति समुच्चये । भवत्येषैवागमनीतिरेव श्रेष्ठा प्रधाना धर्मे इहैदम्पर्यमिदं पुनर्ज्ञेयम् ।।८७७।।

ભાવાર્થ :-

પૂર્વમાં 'સર્વ જીવોને હણવા જોઈએ નહિ' એ વચન દ્વારા કર્મબંધના કારણીભૂત હિંસાની નિવૃત્તિનો બોધ કરાવ્યો.

"गंथं चयेज्जा" એ વચન દ્વારા પરિગ્રહની નિવૃત્તિનો બોધ કરાવ્યો, જેથી યોગ્ય જીવ હિંસા અને પરિગ્રહના પરમાર્થને જાણીને તેના અનર્થથી આત્માનું રક્ષણ કરી શકે. હવે મોક્ષના અર્થીએ કર્મના નાશ માટે નિર્જરામાં યત્ન કરવો જોઈએ, તેથી નિર્જરાના ઉપાયભૂત તપ-ધ્યાનાદિના વિધાનને કહેનારા વચનવિષયક પદાર્થ આદિ ચારનો બોધ કરાવવા અર્થે કહે છે –

'તપ-ધ્યાનાદિ કરવાં જોઈએ' એ પ્રકારના આગમવચનથી જીવના સમર્થ-અસમર્થ આદિ વિભાગ રહિત સામાન્યથી મોક્ષના અર્થી જીવોએ છઠ્ઠના પારણે છઠ્ઠ કે તેથી અધિક તપમાં ઉદ્યમ કરવો જોઈએ અને સતત ધ્યાનમાં અર્થાત્ કાયોત્સર્ગમાં યત્ન કરવો જોઈએ એ પ્રકારનો સામાન્ય શાબ્દબોધ થાય છે તે પદાર્થ છે. જેમ 'ફાઈન' શબ્દ 'સુંદર' અને 'દંડ' બે અર્થ વિભાગ વગર ઉભય અર્થનો વાચક 'ફાઈન' શબ્દ છે તેવો બોધ થાય છે તેમ મોક્ષાર્થી સર્વ જીવોને 'છઠ્ઠાદિ અને કાયોત્સર્ગાદિ કરવા જોઈએ' તેવો સામાન્ય બોધ પદાર્થથી થાય છે.

વળી જેમ પ્રસ્તુત વચનપ્રયોગમાં 'ફાઈન' શબ્દ 'સુંદર' અર્થનો વાચક છે અને 'દંડ' અર્થનો પણ વાચક છે એવો બે અર્થના વિભાગવાળો વાક્યાર્થરૂપ બોધ થાય છે અને 'સુંદર' અર્થનો ત્યાગ કરીને 'દંડ' અર્થને ગ્રહણને અનુકૂળ ઊહ પ્રવર્તે છે તેમ 'તપ-ધ્યાનાદિ કરવાં જોઈએ' તે વિષયમાં પણ 'તુચ્છાદિ જીવને તે તપ-ધ્યાનાદિનું કરણ છે' અને 'સમર્થ સાધુને પણ તે તપ-ધ્યાનાદિનું કરણ છે' એ પ્રકારે બે અર્થના વિભાગવાળો વાક્યાર્થરૂપ બોધ થાય છે. વળી અસમર્થથી કરાયેલાં તપ-ધ્યાનાદિ તત્ત્વથી અકરણ છે તેથી તેનો ત્યાગ કરીને અધિકારીને 'તપ-ધ્યાન કરવાં જોઈએ' તેને અનુકૂળ ઊહ પ્રવર્તે છે. અહીં તુચ્છાદિથી એ પ્રાપ્ત થાય કે જેઓ છઠ્ઠ તપ કરીને કે કાયોત્સર્ગ કરીને શુભ પરિણામ કરી શકે તેવા નથી તેઓ પ્રસ્તુત વચનના બળથી છઠ્ઠાદિ તપમાં યત્ન કરે કે સ્થૂળથી કાયોત્સર્ગાદિમાં યત્ન કરે તો છઠ્ઠાદિ તપકાળમાં કે કાયોત્સર્ગાદિકાળમાં દુર્ધ્યાન કરીને કર્મબંધ પ્રાપ્ત કરે, તેથી તેઓએ પોતાના સામર્થ્યને અનુરૂપ તપમાં કે શુભધ્યાનના કારણીભૂત સ્વાધ્યાય આદિમાં યત્ન કરવો જોઈએ જેથી મોક્ષને અનુકૂળ નિર્જરાની પ્રાપ્તિ થાય.

વળી અવ્યક્ત પણ છઠ્ઠાદિ તપ અને કાયોત્સર્ગાદિ ધ્યાન કરે તે તત્ત્વથી અકરણ છે તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેઓ ગીતાર્થ નથી તેઓ શાસ્ત્રઅધ્યયન આદિ કરીને ગીતાર્થ થવાના ઉદ્યમને છોડીને છઠ્ઠાદિ તપ કરે તો તેઓ તપ કરવા સમર્થ છે તોપણ ગીતાર્થ થઈને જે આત્મહિતની પ્રાપ્તિ કરી શકે તે પ્રવૃત્તિમાં વ્યાઘાતક એવા છઠ્ઠાદિ તપથી અને એવા કાયોત્સર્ગાદિ ધ્યાનથી કલ્યાણની પ્રાપ્તિ કરી શકે નહિ; કેમ કે મોક્ષને અનુકૂળ એવા ઉત્તમ ભાવની વૃદ્ધિથી જ નિર્જરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેથી તપ-ધ્યાનાદિ શબ્દથી જે વાચ્ય અર્થ છે તે વાચ્ય અર્થ નિર્જરાને અનુકૂળ વ્યાપાર છે અને તેવો વ્યાપાર અગીતાર્થો કરી શકે નહિ માટે તેવા જીવોને આશ્રયીને તપ-ધ્યાનાદિ કર્તવ્ય નથી, પરંતુ ગીતાર્થ થવાને અનુકૂળ ઉચિત યત્ન જ કર્તવ્ય છે, એ અર્થ પ્રાપ્ત થાય.

વળી તુચ્છ-અવ્યક્તાદિમાં આદિ શબ્દથી આવશ્યકહાનિયોગ્ય જીવોનું ગ્રહણ છે અને આદિ પદથી તપ કરવામાં સમર્થ હોવા છતાં અને ગીતાર્થ હોવા છતાં અન્ય ઉચિત બળવાન યોગનો નાશ થાય તેવા જીવોનું ગ્રહણ છે, તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ છઠ્ઠાદિ તપ કરે કે કાયોત્સર્ગાદિ ધ્યાન કરે તેના કરતાં અધિક બળવાન નિર્જરાના સાધક એવા યોગોની હાનિ થતી હોય તો તેઓ તે તપ અને કાયોત્સર્ગ કરે તે પણ પરમાર્થથી અકરણ છે, માટે જેનાથી અધિક નિર્જરા થાય તેવા આવશ્યક આદિ ઉચિત યોગોમાં જ તેવા જીવોએ યત્ન કરવો જોઈએ.

અહીં કહ્યું કે તુચ્છ, અવ્યક્ત અને આવશ્યકહાનિયોગ્ય જીવોને આશ્રયીને છઠ્ઠ તપાદિ કરવાથી કે ધ્યાનાદિ કરવાથી તે અનુષ્ઠાનમાં તેઓને કષ્ટ થવાથી આર્ત્તધ્યાનની પ્રાપ્તિ થાય છે, તેથી તિર્યંચ આદિ અશુભ જન્મની પ્રાપ્તિ થાય છે, તેથી એ પ્રાપ્ત થાય કે પોતાની શક્તિનો વિચાર કર્યા વગર બાલવૃદ્ધાદિ 'તપ-ધ્યાન કરવું જોઈએ' એ વચનનું અવલંબન લઈને તપ-ધ્યાનાદિમાં યત્ન કરે ત્યારે પોતાના ચિત્તમાં તે પીડાથી અરતિ થતી હોય છે છતાં તેનો વિચાર કર્યા વગર તે તપાદિમાં યત્ન કરે તે વખતે તે અરતિરૂપ આર્ત્તધ્યાનના બળથી દુર્ગતિરૂપ અનર્થની પ્રાપ્તિ કરે છે અને અગીતાર્થ પણ પોતાના ઉચિત યોગનો નાશ કરીને તે પ્રકારના તપ-ધ્યાનાદિમાં યત્ન કરે તો પોતાની ભૂમિકા અનુસાર ઉચિત યોગોની ઉપેક્ષા અને અનુચિત યોગોમાં પ્રવૃત્તિ કરવાનો અધ્યવસાય વર્તે છે જે આર્ત્તધ્યાનરૂપ છે, જેથી અશુભ કર્મબંધની પ્રાપ્તિ થાય છે.

વળી કોઈક સાધુ છઠ્ઠાદિ તપ કરવામાં સમર્થ હોય, શાસ્ત્ર ભણેલ પણ હોય, તેથી ગીતાર્થ પણ હોય છતાં જેમ નિહ્નવોને શાસ્ત્રવચનથી કોઈક સ્થાનમાં વિપર્યાસ થાય છે તેથી તે સ્થાનમાં આગ્રહી બને છે તેમ કોઈક સાધુને કોઈક રીતે 'તપ-ધ્યાનાદિ કરવાં જોઈએ' તે વચનથી તપ-ધ્યાનાદિ કરવાના વિષયમાં અતિ આગ્રહ ઉત્પન્ન થાય ત્યારે અન્ય ઉચિત યોગોની હાનિ કરીને પણ તપ-ધ્યાનાદિમાં યત્ન કરે છે, તે વખતે નિર્જરાના બળવાન કારણરૂપ ઉચિત યોગો પ્રત્યે ઉપેક્ષા અને અબળવાન યોગોને સેવવાનો અનુચિત આદર અશુભધ્યાનરૂપ હોવાથી અશુભ કર્મબંધનું કારણ છે, તેથી જેમ 'ફાઈન' શબ્દથી 'સુંદર' અર્થ વાચ્ય છે અને 'દંડ' અર્થ વાચ્ય છે તેમ 'તપ-ધ્યાનાદિ કરવાં જોઈએ' તે શબ્દથી મોક્ષને અનુકૂળ વિશિષ્ટ નિર્જરા થઈ શકે તેવાં તપ-ધ્યાનાદિ વાચ્ય છે તો વળી અસમર્થાદિથી સેવાતાં પણ તપ-ધ્યાનાદિ વાચ્ય છે. આ પ્રકારે વાક્યાર્થનો બોધ કર્યા પછી વિવેકી વિશેષનો ઊહ કરે છે ત્યારે તેને નિર્ણય થાય છે કે આગમના અનુલંઘનથી જે તપ-ધ્યાનાદિ કરાય તેમાં દોષ નથી તે મહાવાક્યાર્થ છે. જેમ 'ફાઈન' શબ્દથી પ્રસ્તુત સ્થાનમાં 'સુંદર' અર્થ વાચ્ય નથી, તેથી અર્થથી નક્કી થાય છે કે પ્રસ્તુત સ્થાનમાં 'દંડ' અર્થ જ વાચ્ય છે તે મહાવાક્યાર્થ છે તેમ તપ-ધ્યાનાદિ શબ્દથી આગમાનુસારી તપ-ધ્યાનાદિ વાચ્ય છે, જે મહાવાક્યાર્થ છે, તેથી એ પ્રાપ્ત થાય કે બાળવૃદ્ધાદિ પોતાની ભૂમિકા અનુસાર આગમનું અવલંબન લઈને જે ઉચિત હોય તે કૃત્યમાં યત્ન કરે છે તે કૃત્ય જ તેના માટે તપ-ધ્યાનાદિરૂપ છે અર્થાત્ તે કૃત્યમાં જે બહિરંગ ઉચિત યત્ન કરે છે તે તપસ્વરૂપ છે અને પોતાની ભૂમિકા અનુસાર તે કૃત્યમાં જે અંતરંગ ઉદ્યમ કરે છે તે ધ્યાનસ્વરૂપ છે.

વળી અગીતાર્થ પણ ગીતાર્થના વચનનું અવલંબન લઈને જે બાહ્ય ઉચિત કૃત્ય કરે છે તે તપસ્વરૂપ છે અને ગીતાર્થે બતાવેલ દિશા અનુસાર જે અંતરંગ વીતરાગગામી ભાવો કરે છે તે ધ્યાનરૂપ છે, આથી જ તે અગીતાર્થ સાધુ પણ ગીતાર્થને પરતંત્ર થઈને સ્વભૂમિકા અનુસાર જે જે ઉચિત કૃત્યો કરે છે અને જે જે શાસ્ત્રઅધ્યયન દ્વારા ઉચિત ઉચિત સૂક્ષ્મ ભાવો કરે છે તે સર્વ દ્વારા મોક્ષને અનૂકૂળ નિર્જરાની પ્રાપ્તિ કરે છે.

વળી જેઓ ઉચિત આવશ્યકહાનિના પરિહાર અર્થે છઠ્ઠ અને ધ્યાનાદિને છોડીને ઉચિત આવશ્યક યોગોમાં યત્ન કરે છે તે ઉચિત આવશ્યકયોગકાળમાં જે બહિરંગ ઉચિત યતના છે તે બાહ્ય તપસ્વરૂપ છે અને તે ઉચિત આવશ્યક યોગ દ્વારા જે અંતરંગ મોક્ષને અનુકૂળ ભાવો કરે છે તે ધ્યાનાદિસ્વરૂપ છે અને

તે સર્વ આગમાનુસારી હોવાથી સ્થૂળ દૃષ્ટિથી તપ-ધ્યાનાદિરૂપ નહિ હોવા છતાં પરમાર્થથી તો તપ-ધ્યાનને અનુકૂળ નિર્જરારૂપ હોવાથી તપ-ધ્યાનસ્વરૂપ જ છે અને જેમ 'આ રસ્તે જવાથી મને પાંચ રૂપિયા ફાઈન થયું' એ વચનથી ઐદંપર્ય પ્રાપ્ત થયું કે દંડના અનર્થી જીવે તે રસ્તે જવું જોઈએ નહિ તેમ પ્રસ્તુતમાં 'તપ-ધ્યાનાદિ કરવું જોઈએ' તે વચનથી એ પ્રાપ્ત થાય કે મોક્ષના અર્થીએ સ્વભૂમિકા અનુસાર જિનવચનના આલંબનથી તે તે ઉચિત બાહ્ય કૃત્યો કરવાં જોઈએ જે તપસ્વરૂપ છે અને તે તે કૃત્યકાળમાં અપેક્ષિત સ્વભૂમિકા અનુસાર અંતરંગ ભાવોમાં અપ્રમાદથી યત્ન કરવો જોઈએ જે ધ્યાનસ્વરૂપ છે, જેનાથી મોક્ષને અનુકૂળ નિર્જરા અવશ્ય થાય છે. આથી જ ટીકામાં ઐદંપર્યનો અર્થ કરતાં કહ્યું કે આગમનીતિ જ સર્વત્ર અધિકારી-અનધિકારી આદિના વિભાગના પ્રદર્શનનો હેતુ છે.

આનાથી એ ફલિત થાય કે મોક્ષના અર્થી તપ-ધ્યાન દ્વારા નિર્જરા કરીને અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે છતાં કયો જીવ કેવા પ્રકારના તપ-ધ્યાનાદિનો અધિકારી છે અને કયા પ્રકારના તપ-ધ્યાનાદિનો અનધિકારી છે તેનો વિભાગ આગમ બતાવે છે અને અધિકારીને પણ સ્વભૂમિકા અનુસાર કરાતાં તપ-ધ્યાનાદિમાં કેવા પ્રકારનો બહિરંગ ઉચિત યત્ન કરવો જોઈએ ? અને કેવા પ્રકારનો અંતરંગ ઉચિત યત્ન કરવો જોઈએ ? તે યથાર્થ બતાવનાર આગમવચન છે, તેથી તુચ્છ જીવો કે અવ્યક્ત જીવો પણ આગમવચનાનુસાર પ્રવૃત્તિ કરે તો તપ-ધ્યાનાદિના ઉચિત ફળને અવશ્ય પ્રાપ્ત કરે છે અને 'તપ-ધ્યાન કરવું જોઈએ' એ આગમવચનના પરમાર્થને જાણ્યા વગર શબ્દથી પ્રાપ્ત થતા અર્થને ગ્રહણ કરીને જેઓ તપ-ધ્યાનાદિ કરે છે તેઓનું તે તપ-ધ્યાનાદિ આગમનીતિ અનુસાર નહિ હોવાથી નિષ્ફળ છે.

અહીં વિશેષ એ છે કે મોક્ષના અર્થી એવા સાધુને આશ્રયીને પ્રસ્તુત સૂત્ર છે તેથી જે સાધુ તપ કરવા માટે અસમર્થ હોય છતાં તપ કરે તો તેનાથી ઉચિત બળવાન યોગોનો નાશ થાય તેવા તપનો નિષેધ છે અને આદિધાર્મિક જીવો પોતાની શક્તિ અનુસાર જે તપ કરે છે એમાં આર્તધ્યાન ન થતું હોય તો તે તપ તેઓના ધર્મભાવની વૃદ્ધિનું કારણ હોવાથી નિષિદ્ધ નથી; કેમ કે તે ભૂમિકાવાળા જીવો અન્ય કોઈ ધર્મ ન કરી શકે પરંતુ પોતાની ભૂમિકા અનુસાર તપાદિ કરીને શુભ ભાવ કરે છે. સુસાધુ શાસ્ત્ર ભણીને સંપન્ન થાય તો શાસ્ત્રના ગંભીર ભાવોથી આત્માને વાસિત કરે છે અને તેના વ્યાઘાતક તપાદિમાં યત્ન કરે તે દોષરૂપ છે એથી અવ્યક્ત એવા અગીતાર્થોને વ્યક્ત થવામાં બાધક તપ કે ધ્યાન ઇષ્ટ નથી અને બાળ આદિ જીવો તપ આદિ કરીને કે ધ્યાન કરીને વિહ્વળ રહેતા હોય તો આર્તધ્યાનના પરિણામને કારણે તિર્યંચાદિ આયુષ્ય બાંધે તેથી તેઓને માટે પણ તપ-ધ્યાન અનિષ્ટ છે. **॥૮૭૪થી ૮૭૭॥**

અવતરણિકા :-

તથા –

અવતરણિકાર્થ :-

પૂર્વમાં ત્રણ સૂત્રોને આશ્રયીને પદાર્થ, વાક્યાર્થાદિનું યોજન બતાવ્યું. હવે અન્ય એવા ચોથા સૂત્રને આશ્રયીને પદાર્થ, વાક્યાર્થાદિ બતાવવા અર્થે 'તથા'થી સમુચ્ચય કરે છે –

ગાથા :-

दाणपसंसाईहिं पाणवहाईओ उजुपयत्थत्ति ।
एए दोवि हु पावा एवंभूओऽविसेसेणं ।।८७८।।

અન્વયાર્થ :-

दाणपसंसाईहिं=દાનની પ્રશંસા આદિથી, पाणवहाईओ=પ્રાણવધાદિ છે. एए दो वि=આ બંને પણ=દાનની પ્રશંસાથી પ્રાણીવધ અને દાનના નિષેધથી વૃત્તિછેદ બંને પણ, पावा हु=પાપ છે. एवंभूओऽविसेसेणं= અવિશેષથી આવા પ્રકારનો, उजुपयत्थत्ति=ઋજુ પદનો અર્થ છે. ।।૮૭૮।।

ગાથાર્થ :-

દાનની પ્રશંસા આદિથી પ્રાણવધાદિ છે. આ બંને પણ=દાનની પ્રશંસાથી પ્રાણીવધ અને દાનના નિષેધથી વૃત્તિછેદ બંને પણ, પાપ છે. અવિશેષથી આવા પ્રકારનો ઋજુ પદનો અર્થ છે. ।।૮૭૮।।

ટીકા :-

दानप्रशंसादिभिर्दानप्रशंसया, आदिशब्दात् तन्निषेधदेशनया च प्राणवधादिः दानप्रशंसायां प्राणिवधः, तन्निषेधे च क्षपणादिलाभान्तरायः । अत एव सूत्रकृतांगे पठ्यते—'जे उ दाणं पसंसंति वहमिछंति पाणिणं । जे णं पडिसेहंति वित्तिछेयं कुणंति ते ।।१।। 'उजुपयत्थोत्ति' अयं च ऋजुरेव पदार्थः । एनमेवाह—एतौ द्वावपि प्राणिवधकरणादिवृत्तिव्यवच्छेदौ पापावसमंजसौ वर्त्तेते एवंभूतः पदार्थोऽविशेषेण सामान्येन । अयमभिप्रायः—धर्मस्यादिपदं दानं दानं दारिद्र्यनाशनम् । जनप्रियकरं दानं दानं सर्वार्थसाधनम् ।।१।। इत्यादिभिर्वचनैर्नानारूपस्य जनप्रसिद्धस्य शस्त्रादिरूपदानस्य स्वभावत एव पृथिव्यादिजीवहिंसात्मकस्य प्रशंसायां नियमात् साधोर्जीवहिंसानुमतिः सम्पद्यते । तथा; तथाविधशास्त्र-संस्कारात् स्वयमेव कैश्चिद्धर्मार्थिभिः प्रवर्त्यमानस्योक्तरूपस्य दानस्य 'बीजं यथोषरे क्षिप्तं न फलाय प्रकल्पते । तथाऽपात्रेषु दानानि प्रदत्तानि विदुर्बुधाः ।।१।।' इत्यादिवचनैर्निषेधे क्रियमाणे क्षपणादिलाभान्तरायः सम्पद्यत इति ।।८७८।।

ગાથા :-

एवं पडिवत्तीए इमस्स तह देसणाए वोच्छेओ ।
तम्हा विसेसविसयं दट्ठव्वमिणंति वक्कत्थो ।।८७९।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે, इमस्स पडिवत्तीए=આની પ્રતિપત્તિમાં=અવિશેષથી પદાર્થની પ્રતિપ્રત્તિમાં, तह=તે

પ્રકારે, देसणाए=દેશનાનો=દાનવિષયક દેશનાનો, वोच्छेओ=વ્યવચ્છેદ થશે. तम्हा=તે કારણથી, विसेसविसयं=વિશેષવિષયવાળું, इणं=આ=દાનના વિધાનનું અને દાનના નિષેધનું સૂત્ર, दट्ठव्वं=જાણવું, ति वक्कत्थो=એ વાક્યાર્થ છે. ॥૮૭૯॥

ગાથાર્થ :-

આ રીતે આની પ્રતિપત્તિમાં=અવિશેષથી પદાર્થની પ્રતિપ્રત્તિમાં, તે પ્રકારે દેશનાનો=દાનવિષયક દેશનાનો, વ્યવચ્છેદ થશે. તે કારણથી વિશેષવિષયવાળું આ=દાનના વિધાનનું અને દાનના નિષેધનું સૂત્ર, જાણવું એ વાક્યાર્થ છે. ॥૮૭૯॥

ટીકા :-

एवमविशेषेण प्रतिपत्तौ पदार्थस्य तथाविधरूपतया वा दानविषयाया देशनाया व्यवच्छेदः प्राप्तः । न चासौ युक्तो, यतो दानशीलतपोभावनात्मकस्य धर्मस्य सर्वास्तिकशास्त्रेषु प्रतिपादयितुमधिकृतत्वात् । तस्मादहो सूरे! विशेषविषयं विभागेनेत्यर्थः, द्रष्टव्यमिदं दानविधानं तन्निषेधनं चेति वाक्यार्थः ।।८७९।।

ગાથા :-

आगमविहितं तम्मि पडिसिद्धं वाहिगिच्च णो दोसो ।
तब्बाहाए दोसोत्ति महावक्कत्थगम्मं तु ।।८८०।।

અન્વયાર્થ :-

आगमविहितं अहिगिच्च=આગમવિહિતને આશ્રયીને=આગમવિહિત દાનને આશ્રયીને, वा=અથવા, तम्मि पडिसिद्धं (अहिगिच्च)=તેમાં પ્રતિષિદ્ધને (આશ્રયીને)=આગમમાં નિવારિત દાનને આશ્રયીને, णो दोसो=દોષ નથી=દાનવિષયક વિધિની અને નિષેધની દેશના કરાયે છતે દોષ નથી. तब्बाहाए=તેની બાધાથી=આગમની બાધાથી દેશના કરાયે છતે, महावक्कत्थगम्मं तु दोसोत्ति=મહાવાક્યાર્થગમ્ય દોષ છે=દાનની પ્રશંસામાં પ્રાણીવધરૂપ અને દાનના નિષેધમાં અંતરાયરૂપ મહાવાક્યાર્થથી જાણી શકાય એવો દોષ છે. ॥૮૮૦॥

ગાથાર્થ :-

આગમવિહિતને આશ્રયીને=આગમવિહિત દાનને આશ્રયીને અથવા તેમાં પ્રતિષિદ્ધને આશ્રયીને=આગમમાં નિવારિત દાનને આશ્રયીને, દોષ નથી=દાનવિષયક વિધિની અને નિષેધની દેશના કરાયે છતે દોષ નથી. તેની બાધાથી=આગમની બાધાથી દેશના કરાયે છતે, મહાવાક્યાર્થગમ્ય દોષ છે=દાનની પ્રશંસામાં પ્રાણીવધરૂપ અને દાનના નિષેધમાં અંતરાયરૂપ મહાવાક્યાર્થથી જાણી શકાય એવો દોષ છે. ॥૮૮૦॥

ટીકા :-

આગમવિહિતં શાસ્ત્રાનુમતં યદ્દાનં, તસ્મિન્નેવાગમે પ્રતિષિદ્ધં વા નિવારિતં યત્ તદધિકૃત્ય દેશનાયાં દાનસ્ય વિધિવિષયાયાં પ્રતિષેધવિષયાયાં ચ ક્રિયમાણાયાં ન દોષો જીવહિંસાનુમત્યાદિલક્ષણઃ કશ્ચિત્ પ્રજ્ઞાપયિતુઃ સમ્પદ્યતે । યદાગમે વિહિતં દાનં તસ્ય વિધિદેશનાયાં, યચ્ચ તત્ર નિષિદ્ધં તન્નિષેધદેશનાયાં ચ ન કશ્ચિદ્ દોષ ઇત્યર્થઃ । તત્ર ચાયમાગમઃ—'નાયાગયાણં કપ્પણિજ્જાણં અન્નપાણાઈણં દેસકાલસદ્ધા-સક્કારકમજુયં આયાણુગ્ગહબુદ્ધીએ સંજયાણં દાણં' । તથા, 'સમણોવાસયસ્સ ણં ભંતે! તહારૂવં સમણં વા માહણં વા પડિહયપચ્ચક્ખાયપાવકમ્મં ફાસુએણં એસણિજ્જેણં અસણપાણખાઇમસાઇમેણં પડિલાભેમાણસ્સ કિં કજ્જતિ ?, ગોયમા! એગંતસો નિજ્જરા એવ । સમણોવાસયસ્સ ણં ભંતે! તહારૂવં સમણં વા માહણં વા પડિહયપચ્ચક્ખાયપાવકમ્મં અફાસુએણં અણેસણિજ્જેણં અસણપાણખા-ઇમસાઇમેણં પડિલાભેમાણસ્સ કિં કજ્જતિ ? ગોયમા! બહુયા સે નિજ્જરા અપ્પે પાવકમ્મેત્તિ' । તથા, 'સમણોવાસયસ્સ ણં ભંતે! તહારૂવં સમણં વા માહણં વા અપ્પડિહયપચ્ચક્ખાયપાવકમ્મં ફાસુએણ વા અફાસુએણ વા એસણિજ્જેણ વા અણેસણિજ્જેણ વા અસણપાણખાઇમસાઇમેણં પડિલાભેમાણસ્સ કિં કજ્જતિ ?, એગંતસો પાવં કમ્મે કજ્જતિ' । તથા, 'મોક્ખત્થં જં દાણં તં પઇ એસો વિહી સમક્ખાઓ । અણુકંપાદાણં પુણ જિણેહિં ન કયાવિ પડિસિદ્ધં ।।૧।। સંથરણમ્મિ અસુદ્ધં દોણ્હવિ ગિણ્હંતદેંતયાણઽહિયં । આઉરદિટ્ઠંતે ણં તં ચેવ હિયં અસંથરણે ।।૨।।' આદિધાર્મિકમાશ્રિત્ય પુનરયમાગમઃ—'પાત્રે દીનાદિવર્ગે ચ દાનં વિધિવદિષ્યતે । પોષ્યવર્ગાઽવિરોધેન ન વિરુદ્ધં સ્વતશ્ચ યત્ ।।૧।। વ્રતસ્થા લિઙ્ગિનઃ પાત્રમપાત્રાસ્તુ વિશેષતઃ । સ્વસિદ્ધાન્તાવિરોધેન વર્ત્તન્તે યે સદૈવ હિ ।।૨।।' એવં ચાગમે વ્યવસ્થિતે તદ્બાધયા આગમોલ્લંઘનરૂપયા વિધિપ્રતિષેધયોઃ ક્રિયમાણયોર્દોષ ઇત્યેષ જીવવધાદિલક્ષણો મહાવાક્યાર્થગમ્યસ્તુ મહાવાક્યાર્થગમ્ય એવ ।।૮૮૦।।

અવતરણિકા :-

મહાવાક્યાર્થમેવ નિગમયન્નેદમ્પર્યમાહ —

અવતરણિકાર્થ :-

મહાવાક્યાર્થનું જ નિગમન કરતાં એદંપર્યાર્થને કહે છે —

ગાથા :-

इय एयस्साबाहा दोसाभावेण होइ गुणहेऊ ।
एसा य मोक्खकारणमइदंपज्जं तु एयस्स ।।८८१।।

અન્વયાર્થ :-

ઇય=આ રીતે=આગમની બાધામાં દોષ છે એ રીતે, એયસ્સાબાહા=આની અબાધા=આગમની અબાધા, દોસાભાવેણ=દોષાભાવને કારણે, ગુણહેઉ હોઇ=ગુણનો હેતુ છે. તુ=વળી, એયસ્સ=આનું=દાનસૂત્રનું, એસા ય=આ જ=આગમની અબાધા જ, મોક્ખકારણં=મોક્ષનું કારણ છે, અઇદંપજ્જં=એ ઐદંપર્ય છે. ॥૮૮૧॥

ગાથાર્થ :-

આ રીતે=આગમની બાધામાં દોષ છે એ રીતે, આની અબાધા=આગમની અબાધા, દોષાભાવને કારણે ગુણનો હેતુ છે. વળી આનું=દાનસૂત્રનું, આ જ=આગમની અબાધા જ, મોક્ષનું કારણ છે એ ઐદંપર્ય છે. ॥૮૮૧॥

ટીકા :-

इत्येवमागमबाधायां दोषे सति एतस्यागमस्याबाधाऽनुल्लङ्घनमुत्सर्गासेवनेनापवादासेवनेन वा दोषाभावेनाशातनापरिहाररूपेण भवति गुणहेतुः । एषा चेयमेवागमाबाधा मोक्षकारणं निर्वृतिहेतुरित्यैदम्पर्यं त्वेतस्य दानसूत्रस्येति ॥८८१॥

અવતરણિકા :-

न केवलमनन्तरोदितकतिपयपदार्थविषयमेव पदवाक्यादिसमनुगतं सर्व्ववित्प्रणीतागमव्याख्यानं, किन्तु सकलसूत्रविषयमिति मनसि समाधायाह –

અવતરણિકાર્થ :-

કેવળ અનંતરમાં કહેવાયેલ કેટલાક પદાર્થવિષયક જ પદવાક્યાદિની સાથે અનુગત સર્વવિદ્ આગમનું વ્યાખ્યાન યુક્ત નથી પરંતુ સકળ સૂત્રવિષયક પદવાક્યાદિ સમનુગત વ્યાખ્યાન કરવું જોઈએ એ પ્રકારે મનમાં સમાધાન કરીને કહે છે –

ગાથા :-

एवं पइसुत्तं चिय वक्खाणं पायसो बुहजणेण ।
कायव्वं एत्तो खलु जायइ जं सम्मणाणं तु ॥८८२॥

અન્વયાર્થ :-

एवं=આ રીતે, पइसुत्तं चिय=પ્રતિસૂત્ર જ, पायसो=પ્રાયઃ, बुहजणेण वक्खाणं कायव्वं=બુધ જન વડે વ્યાખ્યાન કરવું જોઈએ. जं=જે કારણથી, एत्तो खलु=આનાથી જ=પદાર્થાદિના વ્યાખ્યાનથી જ, सम्मणाणं तु जायइ=સમ્યગ્જ્ઞાન થાય છે. ॥૮૮૨॥

ગાથાર્થ :-

આ રીતે પ્રતિસૂત્ર જ પ્રાયઃ બુધ જન વડે વ્યાખ્યાન કરવું જોઈએ. જે કારણથી આનાથી જ= પદાર્થાદિના વ્યાખ્યાનથી જ, સમ્યગ્જ્ઞાન થાય છે. ।।૮૮૨।।

ટીકા :-

एवमुक्तक्रमेण प्रतिसूत्रमेव यावन्ति सूत्राणि तान्यङ्गीकृत्येत्यर्थः । व्याख्यानं प्रायशो बुधजनेनावगत-समयरहस्येन साधुना कर्त्तव्यम् । कुत इत्याह—इतो व्याख्यानात् खलु निश्चयेन जायते यद्यस्मात् सम्यग्ज्ञानं त्वविपर्यस्तबोधः । यथा-मध्यमतीर्थकृतां चत्वारि महाव्रतानि, प्रथमपश्चिमयोस्तु पञ्चेति । अत्र श्रौत एव शब्दार्थः- एतेषां चत्वारि महाव्रतानि प्राणातिपातमृषावादादत्तादानपरिग्रहविरमणरूपाणि, प्रथमचरमयोस्तु पञ्च महाव्रतानि सह मैथुनविरत्या इत्येवं रूपः । परिग्रहविरत्यन्तर्गतैव मैथुनविरतिः, नापरिग्रहीता योषिद् उपभुज्यते इति परमार्थतो मध्यमानामपि पञ्चैवेति वाक्यार्थः । रागद्वेषावेव परिग्रहः, तद्भावनान्तरीयकत्वात् तदुपयोगस्येति महावाक्यार्थः । एवमेव निष्परिग्रहता, अन्यथा तद्भावेऽपि न तद्दोषनिवृत्तिरित्यैदम्पर्यमिति । एवमन्यसूत्रेष्वपि पदार्थादयः सम्यग् उत्प्रेक्ष्य योजनीयाः ।।८८२।।

ભાવાર્થ :-

સૂત્રકૃતાંગસૂત્રમાં સૂત્ર છે કે 'જે સાધુ દાનની પ્રશંસા કરે છે તે પ્રાણીના વધને ઇચ્છે છે અને જે સાધુ દાનનો નિષેધ કરે છે તે સાધુ તે દાનથી થતી આજીવિકાનો ઉચ્છેદ કરે છે.' તે સૂત્રને સાંભળીને શબ્દોથી પ્રાપ્ત થતો અર્થ ગ્રહણ કરીએ તો એ પ્રાપ્ત થાય કે દાનની પ્રશંસામાં પ્રાણીવધની અનુમોદના હોવાથી અશુભ ગતિનું પ્રબળ કારણ એવું પાપ બંધાય છે અને દાનનો નિષેધ કરવામાં તે દાનથી થતી આજીવિકાનો ઉચ્છેદ થવાથી લાભાન્તરાય આદિરૂપ પ્રબળ પાપપ્રકૃતિનો બંધ થાય છે. આ પ્રકારનો પદાર્થ પ્રાપ્ત થયા પછી વિચારકને પ્રશ્ન થાય કે જો આ રીતે દાનની પ્રશંસામાં અને નિષેધમાં અનર્થ થતો હોય તો દેશના આપવામાં અને કોઈકના દાનાદિનાં કૃત્યોની અનુમોદનામાં તે દોષની પ્રાપ્તિ થાય છે, તેથી સૂત્રકૃતાંગ સૂત્રનો કોઈ વિશેષ વિષય હોવો જોઈએ. આ પ્રકારની વિશેષ જિજ્ઞાસા થાય છે તે વાક્યાર્થ છે; કેમ કે જો સૂત્રકૃતાંગનું વચન પ્રમાણભૂત હોય તો તે વચનાનુસાર સાધુને દાનવિષયક દેશના આપવામાં અને કોઈના દાનની પ્રશંસામાં તે દોષની અવશ્ય પ્રાપ્તિ થાય માટે સૂત્રકૃતાંગસૂત્રનો કોઈ વિશેષ વિષય હોવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે દેશનામાં કઈ રીતે દાનની પ્રશંસા પ્રાપ્ત થાય અને કઈ રીતે દાનના નિષેધની પ્રાપ્તિ થાય ? એથી કહે છે –

ધર્મને અભિમુખ થયેલા યોગ્ય જીવોને દાનમાં ઉત્સાહિત કરવા અર્થે ભૂમિકા અનુરૂપ ઉપદેશ આપનારા ગીતાર્થ ઉપદેશકો કહે છે કે ધર્મનું આદિપદ દાન છે અર્થાત્ દાન, શીલ, તપ, ભાવરૂપે ચાર પ્રકારનો ધર્મ ભગવાને કહ્યો છે. તેમાં દાન પ્રથમ સ્થાનમાં છે, તેથી ધર્મને સન્મુખ થયેલા જીવોએ વિવેકપૂર્વક દાન કરવું

જોઈએ જેથી તે દાનના બળથી સ્વભૂમિકા અનુસાર ધર્મની નિષ્પત્તિ થાય. વળી, દાન લાભાંતરાય કર્મના ક્ષયોપશમનું કારણ હોવાથી દારિદ્રયનો નાશ કરનાર છે, આથી જ શાલિભદ્રના જીવે અતિ દરિદ્ર એવા સંગમના ભવમાં જે દાન કર્યું તેનાથી ભવાન્તરમાં ઘણી સમૃદ્ધિની પ્રાપ્તિ થઈ અને કેટલાક જીવોને તે દાનના પ્રભાવથી તે ભવમાં જ દારિદ્રયનો નાશ થાય છે.

વળી દાન લોકોને પ્રીતિને કરનારું છે, તેથી દાન કરનાર વ્યક્તિ અતિ વિશ્વસનીય અને પ્રીતિપાત્ર બને છે. વળી, દાન સર્વ અર્થનું=ધર્મ, અર્થ, કામરૂપ સર્વ પ્રયોજનનું, સાધન છે; કેમ કે દાન આપવાથી ઉત્તમ ભાવો થાય છે, તેથી ધર્મ નિષ્પન્ન થાય છે, દાનના સ્વભાવવાળી વ્યક્તિ લોકમાં આદરપાત્ર થવાથી અર્થ-ઉપાર્જનમાં પણ અનુકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે અને દાન આપનારને ઉત્તમ ભોગસામગ્રી પણ પ્રાપ્ત થાય છે. આ રીતે વિવેકી ઉપદેશક દેશનામાં યોગ્ય શ્રોતાને દાનનું મહત્ત્વ બતાવવા અર્થે દાનની પ્રશંસા કરે છે અને જો દાનની પ્રશંસામાં હિંસાની પ્રાપ્તિ હોવાથી અશુભ ગતિને અનુકૂળ પ્રબળ પાપ થતું હોય તો દાનવિષયક દેશના ઉચિત કહી શકાય નહિ માટે સૂત્રકૃતાંગનો વિશેષ અર્થ હોવો જોઈએ.

વળી વિવેકી ઉપદેશક દાનના વિષયમાં શ્રોતાને વિવેક ઉત્પન્ન કરાવવા અર્થે કહે કે ઊખરભૂમિમાં બીજ નાંખવાથી ફળ પ્રાપ્ત થતું નથી, તેમ અપાત્રમાં અપાયેલું દાન નિષ્ફળ છે, તેથી દાનના નિષેધનાં તે વચનોથી જો ઉપદેશકને લાભાન્તરાય આદિ પ્રબળ પાપપ્રકૃતિનો બંધ થતો હોય તો તે પ્રકારની દેશના ઉચિત બને નહિ અને સુવિહિતો તેવી દેશના કરે છે, તેથી નક્કી થાય છે કે સૂત્રકૃતાંગમાં જે દાનની પ્રશંસામાં અને દાનના નિષેધમાં જે દોષ બતાવ્યો છે તે સર્વ દાનને આશ્રયીને નથી, પરંતુ કોઈ વિશેષ દાનને આશ્રયીને છે. આ પ્રકારનો સૂત્રકૃતાંગના વચનથી જે બોધ થાય છે તે પદાર્થ ઉત્તરભાવિવાક્યાર્થના બોધરૂપ છે. ત્યારપછી તે વિચાર કરે છે કે આગમમાં જે વિહિત છે તે દાનની પ્રશંસામાં દોષ નથી અને આગમમાં જે દાનનો નિષેધ કર્યો છે તે દાનના નિષેધમાં પણ દોષ નથી, તેથી આગમવિહિત દાન અને આગમનિષિદ્ધ દાનને છોડીને અન્ય દાનવિષયક સૂત્રકૃતાંગનું વચન છે.

અહીં પ્રશ્ન થાય કે આગમમાં જે વિહિત છે તે દાનથી પણ જે કૃત્યો થાય છે તે કૃત્યોથી હિંસા થાય છે છતાં ત્યાં હિંસાની અનુમોદના કેમ નથી ? જેમ જિનાલય અર્થે શાસ્ત્રવિધિ અનુસાર કોઈ દાન કરે અર્થાત્ શાસ્ત્રવિધિ અનુસાર જિનાલયનું નિર્માણ કરે કે દ્રવ્યસ્તવ કરે તે દાનધર્મ છે અને તે પ્રત્યક્ષથી જણાતાં દાનધર્મમાં, જિનાલયનિર્માણમાં કે ભગવાનની પૂજામાં પુષ્પાદિ જીવોની હિંસા થાય છે, તેથી તે દાન પરમાર્થથી હિંસારૂપ નથી તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

સંયમને અનુકૂળ બળ સંચય થાય તેવા સત્પ્રવૃત્તિરૂપ વિહિત દાનવ્યાપારનું હિંસારૂપપણું નથી, પરંતુ સર્વવિરતિની પ્રાપ્તિનું અંગપણું છે, તેથી તેની પ્રશંસામાં પરમાર્થથી સર્વવિરતિના કારણની પ્રશંસા છે, માટે તે દાનમાં હિંસાના અનુમોદનનો પ્રસંગ નથી, પરંતુ સર્વવિરતિને અનુકૂળ એવી સુકૃતની અનુમોદના છે.

વળી શાસ્ત્રમાં જે નિષિદ્ધ દાન હોય તે અસત્પ્રવૃત્તિરૂપ છે અને તેના નિષેધમાં તે દાનના કારણે થતી આજીવિકાના ઉચ્છેદનો પરિણામ નથી, તેથી અંતરાયકર્મ બંધાતું નથી, પરંતુ તે દાન કરનાર પુરુષ

અનુચિત દાન કરીને પાપ ન બાંધે તેના હિત અર્થે જ દાનનો નિષેધ કરાય છે, તેથી તે દાનના નિષેધથી અંતરાયકર્મનો વિચ્છેદ થાય છે. જેમ સાવદ્યાચાર્યે કહેલ કે 'જો કે જિનાલય છે તોપણ સાવદ્ય છે', તેથી શિથિલાચારી સાધુઓના શિથિલાચારને પોષવાને અનુકૂળ એવા દાનનો નિષેધ કરવાથી જે શ્રોતા તે દાન કરે તેનાથી તે શ્રોતાને દાન કરવાથી જે પાપની પ્રાપ્તિ હતી તેનાથી તે શ્રોતાનું રક્ષણ થાય છે, તેથી યોગ્ય જીવના હિતાર્થે કરાયેલ દાનના નિષેધથી તે જીવ દ્વારા ઉન્માર્ગના પ્રવર્તનથી તે જીવનું જે રક્ષણ થાય છે તે રક્ષણના અધ્યવસાયથી દાનનિષેધનો ઉપદેશ સન્માર્ગની પ્રાપ્તિમાં બાધક અંતરાયકર્મના ઉચ્છેદનું જ કારણ બને છે, આથી જ સાવદ્યાચાર્યએ શાસ્ત્રનિષિદ્ધ એવા દાનનો નિષેધ કરીને જે જિનાલયનિર્માણનો નિષેધ કર્યો તેનાથી વીતરાગના વચન પ્રત્યેના રાગને કારણે તીર્થંકરનામકર્મની પ્રાપ્તિ થઈ અને સંસાર પરિમિત થયો, માટે આગમનિષિદ્ધ દાનના નિષેધમાં અંતરાયની પ્રાપ્તિ નથી અને આગમવિહિત દાનના ઉપદેશમાં પ્રાણીવધની અનુમતિ નથી, માટે તેમાં લેશ પણ દોષ નથી એ મહાવાક્યાર્થ છે.

વળી સુપાત્રદાનને આશ્રયીને આગમવિહિત અને આગમનિષિદ્ધ શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે સાધુઓ પ્રાપ્ત થતા શુદ્ધ આહારના બળથી રત્નત્રયીની વૃદ્ધિ કરી શકે છે એવા સુપાત્ર સાધુને શુદ્ધભક્તાદિનું દાન કરવું તે આગમવિહિત છે, આથી જ વિવેકી શ્રાવક તેવા કોઈ વિષમ સંયોગ ન હોય તો પોતાના અર્થે પાકાદિ કર્યા પછી વિચારે છે કે કોઈ સુપાત્ર હોય તો તેની ભક્તિ કરીને શેષનું હું ભોજન કરું અને કોઈ વિષમ સંયોગને કારણે સુસાધુને પણ સંયમને અનુકૂળ ઉચિત ભિક્ષાની પ્રાપ્તિ ન થતી હોય ત્યારે વિવેકી શ્રાવક અશુદ્ધભિક્ષાદિ દાન કરે તે પણ નિષિદ્ધ નથી; કેમ કે જો સાધુ અર્થે ભિક્ષાના કોઈ દોષો વગર જ તેઓને દાન આપવાનો અધ્યવસાય કરે તો તે પરિમિત દાનથી સાધુના સંયમની વૃદ્ધિ સંભવે નહિ, તેવો વિષમ સંયોગ હોય ત્યારે સાધુના સંયમની વૃદ્ધિના અર્થી શ્રાવકો અશુદ્ધભક્તાદિ દ્વારા પણ તેઓની સંયમની વૃદ્ધિમાં નિમિત્ત બને તે દોષરૂપ નથી.

વળી કુપાત્રને તેના દોષોનું પોષણ થાય તે રીતે દાન આપે તેનો નિષેધ જ છે, તેથી કુપાત્રને દાન કરવું, કુપાત્રની ભક્તિ કરવી કે કુપાત્રને સહાય કરવી તે સર્વ શાસ્ત્રમાં નિષિદ્ધ જ છે.

વળી અનુકંપાદાનનો ભગવાને ક્યાંય નિષેધ કર્યો નથી, તેથી એ પ્રાપ્ત થાય કે જે અનુકંપાદાન બીજાધાનાદિનું કારણ હોય તેવા અનુકંપાદાનની શાસ્ત્રકારોએ અનુમોદના કરવાનું કહ્યું છે, આથી જ ઉપદેશક પણ બીજાધાનના કારણીભૂત એવા અનુકંપાદાનની પ્રશંસા કરે છે, પરંતુ જે અનુકંપાદાન બીજાધાનનું કારણ નથી તે અનુકંપાદાનનો નિષેધ કરવાથી ભગવાનના શાસનનું લાઘવ પ્રાપ્ત થાય; કેમ કે લોકમાં પણ તેવું જણાય છે કે દુઃખિતોની અનુકંપા કરવાનો ભગવાન નિષેધ કરે છે, આમ છતાં તેવી અનુકંપા કરવાનો ઉપદેશ વિવેકી ઉપદેશક આપતા નથી; કેમ કે તે દાનની પ્રશંસામાં તે દાનથી થતા આરંભ-સમારંભની અનુમોદનાનો પ્રસંગ પ્રાપ્ત થાય અને તે દાનનો નિષેધ કરવામાં તે અનુકંપાદાનથી જે જીવોની આજીવિકા થાય છે તેનો વિચ્છેદ થાય છે, તેથી તેના નિષેધમાં કોઈકની આજીવિકાના વિચ્છેદનું કારણ તે નિષેધ હોવાથી લાભાન્તરાય આદિ અશુભ કર્મો બંધાય છે, માટે બીજાધાનાદિનું કારણ ન હોય

તેવા દાનની પ્રશંસામાં પ્રાણીવધની અનુમોદનાની પ્રાપ્તિ છે, તેવું દાન કરવામાં પણ પ્રાણીવધની પ્રાપ્તિ છે અને તેવું દાન કરાવવામાં પણ પ્રાણીવધની પ્રાપ્તિ છે અને તેવું દાન કોઈ સ્વાભાવિક કરતું હોય તો વિવેકસંપન્ન સાધુ કે વિવેકસંપન્ન શ્રાવક તેનો નિષેધ કરે નહિ; કેમ કે તેના નિષેધમાં વૃત્તિઉચ્છેદને કારણે લાભાન્તરાયાદિ પ્રબળ પાપપ્રકૃતિનો બંધ થાય.

વળી આગમમાં જે દાન શીલાદિની પ્રાપ્તિનું કારણ છે તેવું દાન વિહિત છે. જેમ વિવેકપૂર્વક કરાયેલ દ્રવ્યસ્તવ શીલાદિરૂપ ભાવસ્તવની પ્રાપ્તિનું કારણ છે, તે રીતે દ્રવ્યસ્તવકાળમાં યોગ્ય જીવોને બીજાધાનનું કારણ બને તેવું વિવેકપૂર્વકનું અનુકંપાદાન પણ શાસ્ત્રમાં વિહિત છે, તેથી તે દાનની પ્રશંસા કરવામાં લેશ પણ દોષની પ્રાપ્તિ નથી.

વળી કોઈ શ્રાવક અવિવેકપૂર્વક જિનાલય આદિ કરતા હોય તેનાથી કોઈ પ્રકારના ભાવસ્તવની પ્રાપ્તિનું બીજ પ્રાપ્ત થતું ન હોય તેવા જિનાલયનિર્માણમાં અપાતા દાનનો નિષેધ કરવામાં લેશ પણ કર્મબંધની પ્રાપ્તિ નથી, આથી જ સાવદ્યાચાર્યે કહ્યું કે 'જો કે જિનાલય છે તોપણ સાવદ્ય છે.' તે ઉપદેશને સાંભળીને કોઈ જીવ જિનાલયનિર્માણને અભિમુખ પરિણામવાળા થયા હોય અને તે પ્રવૃત્તિ ન કરે તોપણ તેમાં અંતરાર્ય કર્મનો બંધ થતો નથી. આ પ્રકારનો વિવેકપૂર્વકનો બોધ મહાવાક્યાર્થ છે અને તે મહાવાક્યાર્થનો બોધ થયા પછી તેના ફલિતાર્થરૂપે એ જ પ્રાપ્ત થાય કે આગમના વચનનું ઉલ્લંઘન ન હોય તેવું દાન મોક્ષનું અંગ છે, અન્ય દાન મોક્ષનું અંગ નથી, માટે મોક્ષના અર્થીએ દાન, શીલાદિમાં જે કોઈ પ્રવૃત્તિ કરવી હોય તે આગમાનુસાર જ કરવી જોઈએ; કેમ કે આગમમાં વિહિત દાનાદિ એકાંતે શીલાદિનું કારણ બનીને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિનું કારણ છે, આથી જ આગમવચનાનુસાર કરાયેલું અનુકંપાદાન કોઈકને બીજાધાનાદિની પ્રાપ્તિનું કારણ બને તેવું વિવેકપૂર્વક ઉચિત પ્રવૃત્તિરૂપ હોવાથી અવશ્ય તે અનુકંપાદાન પણ મોક્ષની પ્રાપ્તિનું જ કારણ બને છે.

આ રીતે સૂત્રકૃતાંગમાં દાનપ્રશંસા અને દાનનિષેધમાં બતાવાયેલા વચનથી શું ઐદંપર્યની પ્રાપ્તિ થાય છે ? તેની સ્પષ્ટતા કરી અને જે આગમિક વચનોના પદાર્થ આદિ ચારનું નિરૂપણ કર્યું તે રીતે હવે અન્ય આગમનાં સૂત્રોને યોજવાનું અતિદેશ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જેમ ગ્રંથકારશ્રીએ બતાવ્યું તેમ આગમના જેટલા સૂત્રો છે તે સર્વનું આ પ્રમાણે જ વ્યાખ્યાન કરવું યોગ્ય છે, તેથી એ પ્રાપ્ત થાય કે નવકાર આદિ સૂત્રો કે આચારાંગ આદિ આગમો તે સર્વને આશ્રયીને આ રીતે જ પદાર્થ આદિનું વ્યાખ્યાન કરવું જોઈએ જેથી તે તે સૂત્રોનો ઐદંપર્યાર્થ પ્રાપ્ત થાય.

અહીં ગાથામાં પ્રાયઃ શબ્દ કહ્યો, તેથી એ પ્રાપ્ત થાય કે આગમનાં સર્વ સ્થાનોમાં પદાર્થ આદિની વિચારણા કઈ રીતે કરવી જોઈએ તેનો યથાર્થ બોધ કરવા માટે સંક્ષેપથી તેના ઉપાયને જાણવાની રુચિવાળા શ્રોતાને આશ્રયીને પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીએ જે વાક્યને આશ્રયીને બોધ કરાવ્યો તે અનુસાર કોઈ પ્રાજ્ઞ સંક્ષેપથી તેના અર્થને પ્રાપ્ત કરે તો આગમના સર્વ પદાર્થોને ઉચિત રીતે જાણવાને અનુકૂળ માર્ગાનુસારી બોધવાળો તે શ્રોતા પ્રાયઃ બને છે, કેમ કે આગમનાં સર્વ વચનો હિંસાના નિષેધ માટે, પરિગ્રહના ત્યાગ

માટે, હિંસા અને પરિગ્રહનો ત્યાગ કર્યા પછી અંતરંગ અને બહિરંગ મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ કરવા માટે કઈ રીતે તપ-ધ્યાનાદિ પ્રવૃત્તિ કરવી જોઈએ તેનો જ બોધ કરાવે છે અને કયા દાન, શીલ અને તપની અનુમોદના થઈ શકે અને કયા દાન, શીલ અને તપની અનુમોદના ન થઈ શકે તેને આશ્રયીને "ये तु दानं प्रशंसति" એ સૂત્રકૃતાંગના વચનને ગ્રહણ કરીને ગ્રંથકારશ્રીએ પદાર્થ આદિ ચારનો બોધ કરાવ્યો છે, તેથી તેના બળથી વિચારક પુરુષ કયા દાન-શીલાદિની પ્રશંસા થાય અને કયા દાન-શીલાદિની પ્રશંસા ન થાય ઇત્યાદિનો નિર્ણય પણ કરી શકે છે, તેથી વિવેકસંપન્ન પુરુષ આચરણાને ઉપયોગી સર્વ સૂત્રોનો ઉચિત બોધ આ વચનો દ્વારા કરી શકે છે. **॥૮૭૮થી ૮૮૨॥**

અવતરણિકા :-

साम्प्रतमुक्तोपदेशव्यतिक्रमे दोषमादर्शयन्नाह —

અવતરણિકાર્થ :-

હવે ઉક્ત ઉપદેશના વ્યતિક્રમમાં=પદાર્થાદિના ક્રમપૂર્વક ઉપદેશના વ્યતિક્રમમાં, દોષને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

इहरा अण्णयरगमा दिट्ठेट्ठविरोहणाणविरहेण ।
अणभिनिविट्ठस्स सुयं इयरस्स उ मिच्छणाणंति ।।८८३।।

અન્વયાર્થ :-

इहरा=ઇતરથા=દરેક સૂત્રોનો પદાર્થાદિ વિભાગપૂર્વક વર્ણન કરવામાં ન આવે તો, अण्णयरगमा=અન્યતરગમથી=કોઈક અર્થના બોધ કરવાની દૃષ્ટિથી, दिट्ठेट्ठविरोहणाणविरहेण=દૃષ્ટ ઇષ્ટ વિરોધના જ્ઞાનના વિરહને કારણે, अणभिनिविट्ठस्स=અનભિનિવિષ્ટ જીવને, सुयं=શ્રુત=શ્રુત-ચિંતા-ભાવનામાંથી માત્ર શ્રુતજ્ઞાન થાય છે. इयरस्स उ=વળી ઇતરને=અભિનિવિષ્ટ જીવને='જે એક દૃષ્ટિથી વ્યાખ્યાન કરાયું છે તે દૃષ્ટિમાત્રથી તે વસ્તુ તેમ જ છે' એ પ્રકારના એકાંત અભિનિવેશવાળા જીવને, मिच्छणाणंति=મિથ્યાજ્ઞાન થાય છે. ॥૮૮૩॥

ગાથાર્થ :-

ઇતરથા=દરેક સૂત્રોનો પદાર્થાદિ વિભાગપૂર્વક વર્ણન કરવામાં ન આવે તો, અન્યતરગમથી=કોઈક અર્થના બોધ કરવાની દૃષ્ટિથી, દૃષ્ટ ઇષ્ટ વિરોધના જ્ઞાનના વિરહને કારણે અનભિનિવિષ્ટ જીવને શ્રુત=શ્રુત-ચિંતા-ભાવનામાંથી માત્ર શ્રુતજ્ઞાન થાય છે. વળી ઇતરને=અભિનિવિષ્ટ જીવને='જે એક દૃષ્ટિથી વ્યાખ્યાન કરાયું છે તે દૃષ્ટિમાત્રથી તે વસ્તુ તેમ જ છે' એ પ્રકારના એકાંત અભિનિવેશવાળા જીવને, મિથ્યાજ્ઞાન થાય છે. ॥૮૮૩॥

ટીકા :-

इतरथा यथोक्तपदार्थादिविभागव्यतिक्रमेण व्याख्यानकरणे श्रुतं सम्पद्यत इत्युत्तरेण सम्बन्धः । कथमित्याह—अन्यतरगमाद्, इह गमा अर्थमार्गाः, ते च प्रतिसूत्रमनन्ताः संभवन्ति, यथोक्तं—'सव्वनईणं जा होज्ज वालुया सव्वउदहिजं उदयं । एत्तो य अणंतगुणो अत्थो एगस्स सुत्तस्स ।।१।।' अतोऽन्य-तरश्चासौ गमश्चान्यतरगमस्तस्मादेकस्यैवार्थमार्गस्याचालिताप्रत्यवस्थापितस्य समाश्रयणादित्यर्थः, दृष्टेष्टविरोधज्ञानविरहेण दृष्टः प्रत्यक्षानुमानप्रमाणोपलब्धः, इष्टश्च शास्त्रादिष्टोऽर्थस्तयोर्विरोधे बाधायां यज्ज्ञानमवबोधस्तस्य विरहेणाभावेन, अनभिनिविष्टस्येत्थमेवेदं वस्त्वित्यकृताग्रहस्य श्रुतमागमार्थोऽधीयमानः सम्पद्यते, न तु चिन्ताज्ञानभावनाज्ञानरूपज्ञानतां प्रतिपद्यते । इह त्रीणि ज्ञानानि श्रुतज्ञानादीनि । तल्लक्षणं चेदं—'वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसन्निभं ज्ञानम् । श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ।।१।। यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्ति-चिन्तयोपेतम् । उदक इव तैलबिन्दुर्विसर्पि चिन्तामयं तत् स्यात् ।।२।। ऐदम्पर्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः । एतत्तु भावनामयमशुद्धसद्रत्नदीप्तिसमम् ।।३।।' अशुद्धसद्रत्नदीप्तिसममिति । अशुद्धस्य मलिनस्य च ततः प्राक् सतः सुन्दरस्य रत्नस्य पद्मरागादेर्दीप्त्या तुल्यमिति । इतरस्य त्विति अभिनिविष्टस्य पुनर्मिथ्याज्ञानं मिथ्याश्रुतरूपतां प्रतिपद्यते । इदमुक्तं भवति—इह कश्चित् 'एगे आया' इति स्थानाङ्ग प्रथमसूत्रस्य श्रवणादेक एव हि भूतात्मा देहे देहे व्यवस्थितः । एकधा बहुधा वापि दृश्यते जलचन्द्रवत् ।।१।।' इत्येवं प्रतिपन्नात्माद्वैतवादः सङ्ग्रहनामैकनयाभिप्रायेणेदं सूत्रं प्रवृत्तमिति परमार्थमजानानः, तथाऽत्र मते दृष्टस्य पुरुषनानात्वस्येष्टस्य च संसारापवर्गविभागस्य बाधामपश्यंस्तथाविधज्ञानावरण-क्षयोपशमाभावादेकात्मसत्त्वलक्षणमेवैकमर्थमार्गमधितिष्ठते, निराग्रहश्च प्रकृत्या तस्य सोऽर्थमार्गः श्रुतं, न तु चिन्ताभावनाज्ञानरूपम् । यस्तु स्वबोध एवाभिनिविष्टो गीतार्थः प्रज्ञाप्यमानोऽपि न सम्यग्मार्गार्थं प्रतिपद्यते तस्य तन्मिथ्याज्ञानमेव । एवमन्यसूत्रेष्वपि भावना कार्येति ।।८८३।।

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ આગમનાં ચાર વચનોને આશ્રયીને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનો બોધ કઈ રીતે થઈ શકે છે ? તેની સ્પષ્ટતા કરી અને કહ્યું કે આ રીતે જેટલાં સૂત્રો છે તે સર્વને આશ્રયીને વ્યાખ્યાન કરવું જોઈએ અને કોઈ ઉપદેશક યોગ્ય શ્રોતાને ભગવાનના આગમનાં સૂત્રોનું વ્યાખ્યાન ઉક્ત ક્રમથી કરે અને શ્રોતા વ્યુત્પન્ન મતિવાળો હોય તો તેને ઉપદેશકના વચન અનુસાર પદાર્થ આદિના ક્રમથી તે તે સૂત્રોનું નિરાકાંક્ષપ્રતીતિવાળું સમ્યગ્જ્ઞાન થાય છે અર્થાત્ તે સૂત્રના વચનથી આગમના કોઈ સૂત્ર સાથે વિરોધ ન જણાય અને તે સૂત્રનો જે તાત્પર્યાર્થ શાસ્ત્રને સંમત છે તે તાત્પર્યથી તે સૂત્રનો બોધ વ્યુત્પન્નને થાય છે.

જેમ 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' એટલા શબ્દથી વ્યુત્પન્નને પદાર્થનો બોધ થાય ત્યારે જો સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ એવું જૈનાગમ કહેતું હોય તો ચૈત્યનિર્માણ, સાધુની લોચાદિની ક્રિયા વગેરેનું વિધાન કઈ અપેક્ષાએ છે ? તેવી આકાંક્ષા રહે છે અને અવ્યુત્પન્નને કોઈ ઊહાપોહ નહિ થવાથી તેવી કોઈ આકાંક્ષા ન થાય તોપણ તે સૂત્રથી થયેલો તેનો બોધ શાસ્ત્રના તાત્પર્યને સ્પર્શનારો થતો નથી, આથી જ તેના બોધ અનુસાર બાહ્ય જીવની હિંસા જિનાલયના નિર્માણમાં દેખાવા છતાં તેને કોઈ જિજ્ઞાસા થતી નથી, પરંતુ વ્યુત્પન્નને તો અવશ્ય તે સૂત્રથી સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ તેવો બોધ થયા પછી જિનાલયનિર્માણમાં સ્પષ્ટ હિંસા દેખાવાથી તે સૂત્રના તાત્પર્યવિષયક આકાંક્ષા થાય છે અને જ્યારે ઉપદેશક પદાર્થ આદિના ક્રમથી તે સૂત્રના ઐદંપર્ય સુધી બોધ કરાવે છે ત્યારે તેને સ્પષ્ટ પ્રતીતિ થાય છે કે ભગવાનની ભક્તિની વૃદ્ધિને અનુકૂળ જિનવચનાનુસાર ચૈત્યનિર્માણની ક્રિયામાં હિંસાને અનુકૂળ કોઈ વ્યાપાર નથી, પરંતુ સર્વવિરતિની શક્તિને અનુકૂળ ઉચિત વ્યાપાર છે. આથી જ વિવેકી શ્રાવકની ચૈત્યનિર્માણની ક્રિયામાં ભગવાનની ભક્તિમાં ઉપયોગી પ્રયત્નથી થતી બાહ્ય હિંસાથી અતિરિક્ત બાહ્ય પણ હિંસાને અનુકૂળ કોઈ વ્યાપાર ન થાય તેવી સમ્યગ્ યતના હોય છે, તેથી વ્યુત્પન્નને 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' એ સૂત્રના વચનથી વીતરાગતાના પરિણામની પ્રાપ્તિનું કારણ ન હોય તેવી સર્વ બાહ્ય હિંસાના પરિહારને કહેનાર આ સૂત્ર છે તેવો ઐદંપર્યનો બોધ થયેલો હોવાથી નિરાકાંક્ષપ્રતીતિવાળો સમ્યગ્બોધ થાય છે અને જે વ્યુત્પન્ન શ્રોતાને આ પ્રકારે સમ્યગ્જ્ઞાન થાય તે શ્રોતાને તે સૂત્રથી પ્રથમ ભૂમિકામાં શ્રુતજ્ઞાન થાય છે, ત્યારપછી ચિંતાજ્ઞાન થાય છે અને અંતે ભાવનાજ્ઞાન થાય છે ત્યારે તે સૂત્રથી થતું જ્ઞાન પૂર્ણતાને પ્રાપ્ત કરે છે અર્થાત્ પદાર્થના બોધકાળમાં તે બોધ શ્રુતજ્ઞાનાત્મક હોય છે, વાક્યાર્થના બોધકાળમાં ચિંતાને અભિમુખ હોય છે, મહાવાક્યાર્થના બોધકાળમાં ચિંતાજ્ઞાનાત્મક બને છે અને ઐદંપર્યાર્થના બોધકાળમાં તે ભાવનાત્મક બને છે, તેથી તે શ્રોતામાં ઐદંપર્યાર્થના બોધકાળમાં સ્થિરબુદ્ધિ થાય છે કે ભગવાનના વચનાનુસાર વીતરાગતાને અનુકૂળ પ્રવૃત્તિ થાય તે રીતે જ ચૈત્યગૃહાદિ સર્વ અનુષ્ઠાનો સેવવાં જોઈએ એ પ્રકારની ભાવનાથી ભાવિત મતિવાળા એવા તે શ્રોતાનું સમ્યગ્જ્ઞાન ચૈત્યનિર્માણાદિ ઉચિત પ્રવૃત્તિકાળમાં તે પ્રકારના ભાવપૂર્વક તે ક્રિયા કરીને અવશ્ય ભાવસ્તવની શક્તિનો સંચય કરાવી શકે છે, તેથી દ્રવ્યસ્તવવિષયક શ્રુત, ચિંતા, ભાવનાત્મક સમ્યગ્જ્ઞાન ભાવસ્તવનું કારણ બને તે પ્રકારે પરિપૂર્ણ બને છે.

શ્રુત, ચિંતા અને ભાવનાનું લક્ષણ ગ્રંથકારશ્રીએ ષોડશકપ્રકરણ ભાગ-૨ના વચનાનુસાર બતાવ્યું છે તેનું સ્વરૂપ 'ગીતાર્થગંગા' દ્વારા પ્રકાશિત અમારા ષોડષક-૧૧, શ્લોક-૬થી ૧૧ના વિવરણ અનુસાર જાણવું કે દેશનાદ્વાત્રિંશિકા-૨, શ્લોક-૧૦થી ૧૩ અનુસાર જાણવું.

આ રીતે ઉપદેશક પદાર્થ આદિના ક્રમથી પ્રતિસૂત્ર વ્યાખ્યાન કરે તો વ્યુત્પન્ન શ્રોતાને સમ્યગ્જ્ઞાન થાય છે તેમ બતાવ્યા પછી તેને દૃઢ કરવા અર્થે કહે છે – જો કોઈ ઉપદેશક યોગ્ય શ્રોતા પાસે તે પ્રકારે વ્યાખ્યાન ન કરે તો જે શ્રોતાઓ ભગવાનના વચનથી વિપરીત અભિનિવેશવાળા નથી, પરંતુ ભગવાનના વચનને જ જાણવાની રુચિવાળા છે તેઓને તે સૂત્રથી માત્ર શ્રુતજ્ઞાન થાય છે ચિંતા-ભાવનાત્મક બોધ થતો નથી.

કેમ માત્ર શ્રુતજ્ઞાન થાય છે ? તેથી કહે છે –

ભગવાનના શાસનનું દરેક વચન અનંતગમવાળું શ્રુતવચન છે, તેમાંથી કોઈક એક અર્થમાત્રનો તેને બોધ થાય છે અને તે અર્થના બોધમાં પણ દૃષ્ટ અને ઇષ્ટ સાથે વિરુદ્ધ જ્ઞાન નથી, તેથી શ્રુતજ્ઞાન છે.

આશય એ છે કે ભગવાનનું દરેક વચન સ્યાદ્વાદમય છે એકાંતે નથી, તેથી સામે રહેલા ઘટને જોઈને પણ આ ઘટ જ છે તેવું એકાંતે સ્યાદ્વાદી સ્વીકારતા નથી. જ્યારે સ્થૂળ વ્યવહારમાં તો અપટુજન એમ જ કહે કે આ ઘટ જ છે અન્ય કાંઈ નથી, પરંતુ પ્રાજ્ઞવિચારક હોય તો સમજી શકે છે કે આ કથંચિત્ ઘટ છે, કથંચિત્ દ્રવ્ય છે, કથંચિત્ પુદ્ગલ છે અને કથંચિત્ પટાભાવરૂપ પણ છે; કેમ કે પટાભાવ વિદ્યમાન ઘટનો જ પર્યાય છે, તેથી દેખાતો ઘટ પણ અનેક ભાવાત્મક અને અનેક અભાવાત્મક પર્યાયવાળો છે, પરંતુ માત્ર ઘટત્વરૂપ એક ધર્મવાળો નથી, તે રીતે શાસ્ત્રનાં દરેક વચનો પણ અનેક અર્થવાળાં છે. કેમ કે શાસ્ત્રવચનથી પદાર્થમાં રહેલા ભાવોને જાણવાના જે માર્ગો, તેને શાસ્ત્રીય ભાષામાં 'ગમ' કહેવાય છે અને શ્રુતજ્ઞાન અનંતગમવાળું છે અર્થાત્ અનંતભાવોને યથાર્થ પ્રકાશનાર છે. વળી, વિપરીત અભિનિવેશ રહિત એવા તે શ્રોતાને ઉપદેશકના પદાર્થાદિના ક્રમના અભાવથી કરાયેલા વ્યાખ્યાનથી તે અનંતગમવાળા શ્રુતમાં રહેલા અનંતધર્મમાંથી કોઈક એક અર્થનો બોધ થાય છે, તેથી 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' તે વચનને સાંભળીને અપટુબુદ્ધિવાળા શ્રોતાને બોધ થાય છે કે આત્મકલ્યાણ માટે જીવરક્ષા અર્થે ઉચિત યત્ન કરવો જોઈએ, તેથી ભગવાનના શાસ્ત્રથી ઇતર એવા સ્વઅનુભવથી તેને અહિંસામાં વિરોધ જણાતો નથી અને શાસ્ત્રનાં અન્ય વચનો સાથે પણ તેને વિરોધ જણાતો નથી; કેમ કે તેવી સૂક્ષ્મપ્રજ્ઞા નહિ હોવાથી શબ્દથી પ્રાપ્ત થતા અર્થનો બોધ કર્યા પછી ચૈત્યનિર્માણ આદિમાં હિંસા છે ઇત્યાદિ વિષયક તેને કોઈ વિચાર આવતો નથી, માત્ર એટલી જ બુદ્ધિ થાય છે કે 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ', તેથી સંપૂર્ણ અહિંસાના પાલન માટે એકેંદ્રિયાદિ જીવની હિંસા ન થાય તેવું સાધુજીવન જ પાળવું જોઈએ, તેવા અવ્યુત્પન્ન શ્રોતાને ભગવાનના વચનમાં રુચિ હોવાથી અને ભગવાનના વચનથી વિપરીતમાં અભિનિવેશ નહિ હોવાથી 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' એ વચનમાં અપ્રામાણ્યનું જ્ઞાન થતું નથી, પરંતુ ભગવાનના વચનાનુસાર શ્રુતજ્ઞાન માત્ર જ થાય છે, જે શ્રુતજ્ઞાનના બળથી જે જે પ્રવૃત્તિઓમાં હિંસા હોય તેના નિવર્તન માટે તે શ્રોતા યત્ન કરે છે, આથી જ સ્વભૂમિકા અનુસાર થયેલ શ્રુતરૂપ બોધથી વર્તમાનમાં ભગવાનના વચનમાં રુચિવાળા સાધુઓ નિર્દોષ ભિક્ષાચર્યા, માત્રુ આદિ પરઠવવામાં હિંસા ન થાય એવો યત્ન કરે છે.

વળી તેવા શ્રોતાને ચિંતા-ભાવનાત્મક પરિપૂર્ણ જ્ઞાન થયેલું નહિ હોવાથી નિર્દોષ ભિક્ષાચર્યા આદિની ઉચિત યતના દ્વારા પણ અંતરંગ રીતે વીતરાગતાને અનુરૂપ સંયમના કંડકોની વૃદ્ધિને અનુકૂળ એવો કેવા પ્રકારનો યત્ન કરવો જોઈએ તેનો બોધ "સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ" એ સૂત્રથી થતો નથી, તેથી તેવા જીવોને પરિપૂર્ણ સમ્યગ્જ્ઞાન નહિ હોવાથી અને માત્ર શ્રુતજ્ઞાન હોવાથી જ્ઞાનના ફળરૂપ વિરતિને અભિમુખભાવવાળા હોવા છતાં પણ ભાવથી વિરતિને તેઓ પ્રાપ્ત કરી શકતા નથી, જ્યારે પરિપૂર્ણ સમ્યગ્જ્ઞાન તો સમ્યક્પ્રવૃત્તિને કરાવીને અવશ્ય સંયમના પરિણામને સ્પર્શે છે.

અહીં વિશેષ એ છે કે 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' એ વચનથી વ્યવહારનય બાહ્યથી થતી

હિંસાના નિવર્તનને કહે છે. ઋજુસૂત્રનય ષટ્કાયના પાલનના અંતરંગ પરિણામને નિષ્પન્ન કરવાનું કહે છે અને શબ્દાદિનય સર્વ ઉદ્યમથી ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ કરીને સ્વભાવપ્રાણના રક્ષણને કહે છે, તેથી સ્વભાવપ્રાણના રક્ષણને અનુકૂળ સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિ કરવા અર્થે ષટ્કાયના પાલનનો પરિણામ આવશ્યક છે અને તેના અંગભૂત બાહ્ય હિંસાના નિવર્તનને અનુકૂળ યતના આવશ્યક છે અને જે સાધુ 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહિ' તે સૂત્રનો, 'સાધુએ ગ્રંથનો ત્યાગ કરવો જોઈએ' તે સૂત્રનો અને 'સાધુએ મોક્ષ અર્થે તપ ધ્યાનમાં યત્ન કરવો જોઈએ' તે સૂત્રનો ઐદંપર્યાર્થ જાણ્યો છે તેવા સાધુ તે બોધ અનુસાર જે કાંઈ યત્ન કરે તે યત્નથી વિરતિના પરિણામની અંતરંગ રીતે વૃદ્ધિ થાય છે. જ્યારે શ્રુતજ્ઞાનના બોધ દ્વારા તે મહાત્મા અહિંસામાં પણ યત્ન કરે, બાહ્ય પરિગ્રહના ત્યાગમાં પણ યત્ન કરે અને સ્વભૂમિકા અનુસાર છઠ્ઠાદિ તપ કરે કે અંતરંગ રીતે ધ્યાનાદિ કરે તોપણ ગુણસ્થાનકસ્પર્શી વિરતિના ભાવને પ્રાપ્ત કરી શકતા નથી છતાં તેના અભિમુખભાવરૂપે તે સાધુ આરાધક છે.

વળી જે શ્રોતા કોઈક સ્થાનમાં ભગવાનના વચનથી વિપરીત અભિનિવેશવાળા છે જેમ – જમાલિ આદિ, એવા સાધુને તે સૂત્ર દ્વારા અજ્ઞાન જ પ્રાપ્ત થાય છે. કદાચ કોઈ ઉપદેશક એવા સાધુને તે સૂત્રનો પદાર્થ આદિ ક્રમથી ઐદંપર્ય સુધીનો બોધ કરાવવા યત્ન કરે અને સ્થૂળ દૃષ્ટિથી તે શ્રોતા પ્રાજ્ઞ હોય તો જણાય કે આ મહાત્માને સૂત્રનો ઐદંપર્યાર્થ સુધીનો બોધ છે, પરંતુ ભગવાનના વચનથી વિપરીત રુચિ હોવાથી અને તે વિપરીત રુચિ અનિવર્તનીય હોવાથી તે મહાત્માને તે સૂત્રથી થયેલું સર્વ જ્ઞાન ભગવાનના વચનથી વિપરીત રુચિથી આશ્લિષ્ટ હોવાને કારણે તત્ત્વથી અજ્ઞાન જ છે, તેથી તેવા સાધુ સંપૂર્ણ અતિચાર વગરનું શુદ્ધ ચારિત્ર પાળે તોપણ વીતરાગતાથી વિપરીત દિશામાં બદ્ધરાગ હોવાને કારણે તેઓનું સૂત્રનું જ્ઞાન વીતરાગતાને અભિમુખ બનતું નથી અને તેઓની સંયમની સર્વ આચરણા વીતરાગતાને અભિમુખ બનતી નથી, તેથી તેઓની સર્વ પ્રવૃત્તિ અજ્ઞાનમૂલક જ છે, માટે દુરંત સંસારના પરિભ્રમણનું કારણ છે. **॥૮૮૩॥**

અવતરણિકા :-

આહ—एवं प्रतिनियतसूत्रोद्देशेन लोके पदार्थादयो रूढास्तत्कथमित्थमेतत्प्रज्ञापना क्रियते ? सत्यम् –

અવતરણિકાર્થ :-

'આહ'થી પ્રશ્ન કરે છે. આ રીતે=પૂર્વમાં તમે પદાર્થાદિ ચારનું વર્ણન કર્યું એ રીતે, પ્રતિનિયત સૂત્રના ઉદ્દેશથી=સૂત્રના કોઈ એક વચનને ગ્રહણ કરીને નહીં પરંતુ પ્રતિનિયત પૂર્ણ સૂત્રના ઉદ્દેશથી, લોકમાં પદાર્થાદિ રૂઢ છે તે કારણથી કેમ આ પ્રમાણે કહો છો ?='આખા વાક્યના શબ્દોથી પ્રાપ્ત થતા અર્થને પદાર્થ કેમ કહો છો' ? એને ગ્રંથકારશ્રી કહે છે. 'તારી વાત સાચી છે તોપણ કઈ અપેક્ષાએ અમારું કથન છે' તે ગાથામાં સ્પષ્ટ કરે છે –

ભાવાર્થ :-

લોકમાં સામાન્ય રીતે વિભક્તિ અંતવાળું પદ કહેવાય છે અને પદના સમુદાયને વાક્ય કહેવામાં આવે

છે અને અનેક વાક્યોના સમુદાયરૂપ જે સૂત્ર છે તેને મહાવાક્ય કહેવાય છે અને તે વાક્યના સમૂહરૂપ સૂત્રનો જે ફલિતાર્થ હોય એને ઐદંપર્ય કહેવાય છે. આ રીતે લોકમાં જ્યારે પદાર્થાદિ રૂઢ હોય ત્યારે ગ્રંથકારશ્રીએ પૂર્વમાં કહ્યું એ પ્રમાણે 'એક જ સૂત્રના અર્થને પદાર્થ કહેવો, પછી ચાલના કરીને એને વાક્યાર્થ કહેવું, તેનું પ્રત્યવસ્થાન એ મહાવાક્યાર્થ કહેવો અને તેના ફલિતાર્થને ઐદંપર્ય કહેવું' એમ કેમ કહેવાય છે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે – 'તારી વાત સાચી છે'. પરંતુ આ પદાર્થાદિ લોકોત્તર છે એ બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

लोउत्तराउ एए एत्थ पयत्थादओ मुणेयव्वा ।
अत्थपदणाउ जम्हा एत्थ पयं होइ सिद्धंति ।।८८४।।

અન્વયાર્થ :-

एत्थ=અહીં=પ્રકૃતમાં, एए पयत्थादओ लोउत्तराउ मुणेयव्वा=આ પદાર્થાદિ લોકોત્તર જાણવા. जम्हा=જે કારણથી, अत्थपदणाउ=અર્થનું પદન હોવાથી, एत्थ=અહીં=પ્રથમમાં, पयं=પદ=પદાર્થ, सिद्धं होइ=સિદ્ધ થાય છે=પ્રતિષ્ઠિત થાય છે, ति=એ હેતુથી ઓઘ અર્થ પદાર્થ છે. ।।૮૮૪।।

ગાથાર્થ :-

અહીં=પ્રકૃતમાં, આ પદાર્થાદિ લોકોત્તર જાણવા. જે કારણથી અર્થનું પદન હોવાથી અહીં=પ્રથમમાં, પદ=પદાર્થ, સિદ્ધ થાય છે=પ્રતિષ્ઠિત થાય છે, એ હેતુથી ઓઘ અર્થ પદાર્થ છે. ।।૮૮૪।।

ટીકા :-

लोकोत्तरास्तु जैनेन्द्रशासनानुसारिणः पुनरेतेऽनन्तरोक्ताः 'न हिंस्याद् भूतानि' इत्येवंलक्षणा अत्र प्रकृते पदार्थादयो मुणितव्याः । ननु 'न हिंस्याद् सर्वभूतानि' इति वाक्यमेते एव, क्रियाधिष्ठितपद-समुदायात्मकत्वात्, अतः कथमेतदोघार्थः पदार्थो भवतीति ? उच्यते—अर्थपदनात् अर्थस्य सामान्यरूपस्य अचालिताप्रत्यवस्थापितस्य पदनात् गमनात् प्रत्यायनादित्यर्थः, यस्मादत्र प्रथमे पदं भवति सिद्धं प्रतिष्ठितं इत्यस्माद्धेतोरोघार्थः पदार्थ एव । एवं वाक्यार्थादयोऽपि सद्भूतविशिष्टतरविशिष्टत-मार्थपदनादेव स्वं स्वरूपं लभन्ते, न पुनर्बहुबहुतरपदसमूहमयत्वेन फल्गुरूपतयाऽर्थविशेषं कञ्चनापादयन्तो लौकिकशास्त्रेष्विवेति ।।८८४।।

ભાવાર્થ :-

લોકાત્તર શાસનમાં પદાર્થના તાત્પર્યના બોધ અર્થે એક જ વાક્યમાંથી તેના તાત્પર્ય સુધી જવા માટે પદાર્થાદિ ચારનું કથન કરવામાં આવ્યું છે. જેમ લોકમાં કોઈને બોધ કરાવવા અર્થે ક્રમસર અનેક વાક્યો

કહેવામાં આવે અને તે વાક્યના સમુદાયથી તેને તાત્પર્યનો બોધ થાય છે ત્યારે પ્રત્યેક પદો વાક્યરૂપ નથી પરંતુ પદોનો સમુદાય વાક્યરૂપ બને છે અને વાક્યોનો સમુદાય મહાવાક્ય બને છે; કેમ કે તે પરસ્પર સમુદિત થઈને કોઈ અર્થનો બોધ કરાવે છે અને તે ઘણાં વાક્યોના સમુદાયથી ફલિતાર્થ થતા બોધને આખા કથનનું ઐદંપર્ય કહેવામાં આવે છે. તેમ લોકોત્તર શાસનમાં વિધિ-નિષેધને કહેનારાં જે વચનો હોય છે તે વચનો એકવાક્ય સ્વરૂપ જ હોય છે અને તે વાક્યથી પ્રથમ અર્થનું પદન થાય છે અર્થાત્ સામાન્ય અર્થનો બોધ થાય છે, તેથી તે વાક્યથી જે ઓઘઅર્થનો બોધ થયો તે પદાર્થ કહેવાય છે અને તે ઓઘઅર્થનો બોધ કર્યા પછી તેનું તાત્પર્ય ગ્રહણ કરવા માટે બુદ્ધિમાન પુરુષ તે વચનના અર્થને ચાળવા યત્ન કરે છે જેને ચાલના કહેવાય છે અને તેનાથી તેને જણાય કે આ વાક્યનો આ પ્રમાણે સામાન્ય અર્થ કરવામાં આવે તો શાસ્ત્રનાં અન્ય વચનો સાથે વિરોધ થશે અને શાસ્ત્રકારો કોઈપણ વચન અન્ય વચનો સાથે વિરોધ ન થાય તે રીતે કહે છે તેથી નક્કી આ વાક્યનું કોઈ વિશેષ તાત્પર્ય છે અને તે વિશેષ તાત્પર્યનો નિર્ણય ચાલના પછી પ્રત્યવસ્થાનથી થાય છે અને તેવો નિર્ણય કર્યા પછી તેનાથી શું ફલિતાર્થ થાય છે તેને ઐદંપર્ય કહેવાય છે. એથી એક જ વાક્ય ક્રમસર સૂક્ષ્મ-સૂક્ષ્મ બોધ કરતાં કરતાં ઐદંપર્ય સુધી જાય છે તેને જ પદાર્થાદિ તરીકે લોકોત્તર શાસનમાં સ્વીકારાય છે.

જેમ 'કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં' એ વચનથી હિંસાના નિષેધની પ્રાપ્તિનો બોધ થયો અને 'મનથી, વચનથી, કાયાથી કોઈ જીવને પીડા કરવી જોઈએ નહીં કે પ્રાણનાશ કરવા જોઈએ નહીં' એ અર્થ પ્રાપ્ત થાય તે વાક્યમાંથી પ્રગટ થયેલ ઓઘઅર્થ છે તેને પદાર્થ કહેવામાં આવે છે અને તે ઓઘઅર્થ કર્યા પછી કોઈ જીવને પીડા ન થાય એવું કૃત્ય ધર્મરૂપ હોય તો લોચઆદિ કષ્ટ કે તપાદિમાં પીડા છે અને જિનાલયનિર્માણમાં ત્રસાદિ જીવોની હિંસા છે તેથી જે સૂત્ર હિંસાનો નિષેધ કરતું હોય તે વચનાનુસાર પ્રવૃત્તિ કરનારા શ્રાવકે અને સાધુએ હિંસા થાય તેવું કૃત્ય કરવું જોઈએ નહીં એ પ્રકારની વિચારકને શંકા થાય છે એથી ચાલિત પદાર્થમાં આપત્તિ આવે છે કે 'સાધુએ લોચઆદિ કરવા જોઈએ નહીં, શ્રાવકે જિનાલય કરવું જોઈએ નહીં' તેનો વિરોધ ન થાય તે પ્રકારે સૂત્રને યોજન કરવા માટે માર્ગાનુસારી ઊહ કરાય છે તેનાથી ઉચિત બોધ થાય છે તેના કારણે કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં તેની સાથે લોચઆદિ ક્રિયાનો વિરોધ નથી તેવો નિર્ણય થાય છે અને કેવી લોચ આદિ ક્રિયાનો વિરોધ નથી અને કેવી લોચઆદિ ક્રિયાનો વિરોધ છે તેવો નિર્ણય થાય છે જે મહાવાક્યાર્થરૂપ છે. જેમ લોકમાં ઘણાં વાક્યોના સમુદાય પરસ્પર સંબંધિત થઈને કોઈ અર્થનો બોધ કરાવે છે તેમ પ્રસ્તુતમાં એક જ વાક્ય સૂક્ષ્મ ઊહથી અનેક વિચારણાત્મક વાક્યોને ઉપસ્થિત કરીને તે વાક્યોના સમુદાયથી જે યથાર્થ બોધ કરાવે છે તે મહાવાક્યાર્થરૂપ છે અને તેનાથી શું ફલિત થાય તે ઐદંપર્યાર્થથી નિર્ણીત થાય છે. જેમ પ્રસ્તુતમાં વીતરાગના વચનાનુસાર વીતરાગતાને અભિમુખ જવા માટે જે કોઈ યત્ન થાય તેમાં કોઈ જીવની હિંસા નથી, સ્થૂળથી હિંસા દેખાતી હોય તોપણ પરમાર્થથી તો જિનતુલ્ય થવાના યત્નરૂપ તે ક્રિયા હોવાથી આત્માના ભાવપ્રાણના રક્ષણરૂપ અહિંસા જ છે. આ રીતે એક જ વાક્યરૂપ પદમાંથી ક્રમસર સૂક્ષ્મ-સૂક્ષ્મ અર્થોના સમુદાયથી તાત્પર્યાર્થ પ્રાપ્ત થાય છે તે સર્વને પદાર્થાદિ ક્રમથી લોકોત્તર શાસનમાં બતાવાયા છે. **॥૮૮૪॥**

ગાથા :-

लोयम्मिवि अत्थेणं णाएणं एवमेव एएत्ति ।
विण्णेया बुद्धिमया समत्थफलसाहगा सम्मं ।।८८५।।

અન્વયાર્થ :-

लोयम्मिवि=લોકમાં પણ=શિષ્ટ જનમાં પણ, अत्थेणं णाएणं=અર્થન્યાયથી=અર્થાપત્તિથી, एवमेव=આ રીતે જ=લોકોત્તર પદાર્થાદિ પ્રકારથી જ, बुद्धिमया=બુદ્ધિમાન પુરુષે, एएत्ति=આ=પદાર્થાદિ, सम्मं समत्थफलसाहगा विण्णेया=સમ્યગ્ સમર્થફળના સાધક જાણવા. ।।૮૮૫।।

ગાથાર્થ :-

લોકમાં પણ=શિષ્ટ જનમાં પણ, અર્થન્યાયથી=અર્થાપત્તિથી, આ રીતે જ=લોકોત્તર પદાર્થાદિ પ્રકારથી જ, બુદ્ધિમાન પુરુષે આ=પદાર્થાદિ, સમ્યગ્ સમર્થફળના સાધક જાણવા. ।।૮૮૫।।

ટીકા :-

तथा लोकेऽपि शिष्टजने, अर्थ्येन न्यायेनार्थापत्त्येत्यर्थः, एवमेव लोकोत्तरपदार्थादिप्रकारेणैते पदार्थादयः, इतिः प्राग्वत्, विज्ञेया बुद्धिमता जनेन समर्थफलसाधकाः प्रौढशास्त्रार्थप्रतीतिहेतवः, सम्यग् यथावत् । तथा हि लोके—'संहिता च पदं चैव पदार्थः पदविग्रहः । चालना प्रत्यवस्थानं व्याख्यानं तस्य षड्विधम् ।।१।।' इति व्याख्याक्रमः । अत्र च पदार्थो लोकोत्तरपदार्थतुल्य एव, अविशिष्टार्थपदार्थगम्यत्वात् । चालना वाक्यार्थः, प्रत्यवस्थानं तु महावाक्यार्थः । ऐदम्पर्यं चात्र व्याख्यालक्षणे साक्षादनुक्तमपि सामर्थ्यादुक्तमेव द्रष्टव्यं, संहितादिव्याख्यानांगैर्व्याख्यार्थस्यैदम्पर्यविषयत्वात् ।।८८५।।

ભાવાર્થ :-

ગાથા-૮૮૪માં કહેલ કે લોકમાં પદાર્થાદિ અન્ય રીતે રૂઢ છે; કેમ કે કોઈક પદનો અર્થ હોય તે પદાર્થ છે, કોઈ વાક્યનો અર્થ હોય તે વાક્યાર્થ છે, વાક્યનો સમૂહ છે તે મહાવાક્યાર્થ છે અને તે વાક્યના સમૂહથી જે ફલિતાર્થ છે તે ઐદંપર્યાર્થ છે. તેને બદલે એક જ વાક્યથી પદાર્થાદિ ચારેયનો બોધ થાય છે તેમ કેમ કહ્યું ? તેના સમાધાનરૂપે કહેલ કે લોકોત્તર એવા જૈનશાસનને અનુસરનારા પદાર્થાદિનો ભેદ આ રીતે કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે આ પ્રકારના વિભાગની મર્યાદા માત્ર જૈનશાસનની છે, અન્ય લોકોને તે સંમત નથી. તેના નિવારણ અર્થે પ્રસ્તુત ગાથામાં કહે છે કે શિષ્ટ લોકો હંમેશાં તત્ત્વને જોનારા હોય છે અને તેઓ અર્થાપત્તિથી જૈનશાસનને સંમત પદાર્થાદિને સ્વીકારે છે; કેમ કે શિષ્ટ લોકમાં કોઈક વાક્યનો બોધ કરવો હોય ત્યારે તેના વ્યાખ્યાનનાં છ અંગો સ્વીકારે છે – સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાન. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈપણ વાક્યનો યથાર્થ બોધ કરવો હોય તો પ્રથમ આખું વાક્ય કઈ

રીતે વિભક્તિઓથી જોડાયેલું છે તેનું ગ્રહણ કરીને તેની ઉપસ્થિતિ કરવી તે સંહિતા કહેવાય. જેમ 'मा हिंस्याद् सर्वभूतानि' વાક્યમાં 'કોઈ જીવની હિંસા કરવી નહીં' એમ સંહત વાક્યનો બોધ થાય છે. ત્યારપછી તેનાં દરેક પદોનો બોધ કરવામાં આવે છે. પછી દરેક પદોના અર્થનો બોધ કરવામાં આવે તે પદાર્થરૂપ છે. ત્યારપછી તે પદોમાં કોઈક સામાસિક પદ હોય તો તેનો વિગ્રહ કરવામાં આવે છે. ત્યારપછી તેમાં ચાલના કરવામાં આવે છે અર્થાત્ 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહીં' તે વચનનો અર્થ બાહ્ય હિંસા માત્રમાં ગ્રહણ કરવામાં આવે તો શું શું અસંગતિ થાય છે તેની ચાલના કરીને વિચારણા કરવામાં આવે છે અને તે અસંગતિના નિવારણપૂર્વક 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહીં' એ વાક્યનો યથાર્થ અર્થ કરવામાં આવે તે પ્રત્યવસ્થાન છે. આ પ્રકારે છ અંગથી દરેક વાક્યોનું વ્યાખ્યાન કરવું જોઈએ એ શિષ્ટ લોકમાં સંમત છે. તેમાં ચાલના વાક્યાર્થરૂપ છે અને પ્રત્યવસ્થાન મહાવાક્યાર્થરૂપ છે અને તે છ સ્થાનોમાં ઐદંપર્ય સાક્ષાદ્ કહેવાયેલું નથી તોપણ અર્થથી ઐદંપર્યનું ગ્રહણ થાય છે. તેથી એ ફલિત થાય કે શિષ્ટ લોકમાં દરેક વાક્યો પદાર્થાદિરૂપ ચાર ક્રમથી વિચારણા કરવામાં આવે તો તે વાક્ય સમ્યગ્ અર્થરૂપ બોધનું સાધક બને છે. જેમ 'नमो अरिहंताणं' એ વાક્યનો પદાર્થાદિના ક્રમથી યથાર્થ બોધ કરવામાં આવે તો 'અરિહંતના પારમાર્થિક સ્વરૂપના સૂક્ષ્મ બોધપૂર્વક તત્સ્વરૂપને અવલંબીને તત્તુલ્ય થવાનો વ્યાપાર એ 'नमो अरिंहताणं' પદનો ઐદંપર્યાર્થ છે અને તેની પ્રાપ્તિ માટે ચાલના, પ્રત્યવસ્થાનાદિની વિચારણા આવશ્યક છે અને તે રીતે તેનો બોધ કરવામાં આવે તો તે સૂત્રઉચ્ચારણ સમ્યગ્ સમર્થ ફળનું સાધક બને છે તેથી શિષ્ટ લોકોને દરેક વાક્યોનો બોધ પણ પદાર્થાદિ ક્રમથી અભિમત જ છે. માટે લોકોત્તર પથમાં શાસ્ત્રનાં વચનોનો બોધ જેમ પદાર્થાદિના ક્રમથી થાય છે તેમ તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિવાળા શિષ્ટ લોકોને પણ વાક્યનો બોધ કરવા અર્થે વ્યાખ્યાનનાં છ અંગોના સ્વીકાર દ્વારા અર્થથી પદાર્થાદિ ચારેય સ્વીકૃત થાય છે માટે ભગવાનના શાસ્ત્રનાં દરેક વચનોનો પદાર્થાદિના ક્રમથી અવશ્ય બોધ કરવો જોઈએ. **॥૮૮૫॥**

અવતરણિકા :-

अथ लोकोत्तरदृष्टान्तद्वारेण लौकिकपदार्थस्वरूपमभिधत्ते –

અવતરણિકાર્થ :-

હવે લોકોત્તર દૃષ્ટાંત દ્વારા લૌકિક પદાર્થનું સ્વરૂપ કહે છે –

ગાથા :-

वक्खाइसद्दओ जं अविसिट्ठा चेव होइ बुद्धित्ति ।
उत्तर धम्मावेक्खा जहेव हिंसाइसद्दाओ ।।८८६।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, वक्खाइसद्दओ=वृक्षादि शब्दथी, उत्तर धम्मावेक्खा अविसिट्ठा चेव बुद्धित्ति होइ=ઉત્તરધર્મની

અપેક્ષાવાળી અવિશિષ્ટ જ બુદ્ધિ થાય છે='આ આમ્ર છે' 'આ લીમડો છે' ઈત્યાદિ વિશેષણ વગરની સામાન્ય બુદ્ધિ થાય છે. જહેવ હિંસાઇસદ્દાઓ=જે પ્રમાણે જ હિંસાદિ શબ્દથી=જે પ્રમાણે જ હિંસાદિ શબ્દથી ઉત્તરધર્મની અપેક્ષાવાળી અવિશિષ્ટ બુદ્ધિ થાય છે. (તે કારણથી વૃક્ષ શબ્દથી પણ પદાર્થાદિ ચારની પ્રાપ્તિ છે એમ અન્વય છે.) ॥૮૮૬॥

ગાથાર્થ :-

જે કારણથી વૃક્ષાદિ શબ્દથી ઉત્તરધર્મની અપેક્ષાવાળી અવિશિષ્ટ જ બુદ્ધિ થાય છે='આ આમ્ર છે' 'આ લીમડો છે' ઈત્યાદિ વિશેષણ વગરની સામાન્ય બુદ્ધિ થાય છે. જે પ્રમાણે જ હિંસાદિ શબ્દથી=જે પ્રમાણે જ હિંસાદિ શબ્દથી ઉત્તરધર્મની અપેક્ષાવાળી અવિશિષ્ટ બુદ્ધિ થાય છે. તે કારણથી વૃક્ષ શબ્દથી પણ પદાર્થાદિ ચારની પ્રાપ્તિ છે એમ અન્વય છે. ॥૮૮૬॥

ટીકા :-

वृक्षादिशब्दतो वृक्षघटपटादिशब्देभ्यो यद् यस्मादविशिष्टा चैवात्र निम्बादिविशेषैरनालीढैव भवति बुद्धिरिति प्राग्वत् । कीदृशीत्याह—उत्तरधर्म्मापेक्षा वृक्षस्योत्तरधर्मा मूलकन्दस्कन्धादयो जम्बूनिम्बादयश्च, घटादीनां तु ताम्ररजतसौवर्णादयः, तानपेक्षते आकाङ्क्षते या सा तथा । यथैव हिंसादिशब्दाद् 'हिंस्याद् न सर्वभूतानि' इत्यादिलक्षणात् । तत इदमर्थादापन्नं-यथा हिंस्यान्न सर्वभूतानीत्यादयः शब्दाः पदार्थवाक्यार्थादिप्रकारेण निराकाङ्क्षस्वार्थप्रतिपादका भवन्ति, तथा वृक्षादयोऽपि शब्दाः पदार्थवाक्यार्थमहावाक्यार्थैदम्पर्यविषयभावमापन्नाः श्रोतृप्रतीतिमविकलामाराधयन्तीति । तथाहि-दूरे शाखादिमन्तं पदार्थमुपलभ्य कश्चित् कञ्चित् प्रति ब्रूयात् 'अग्रे वृक्षस्तिष्ठति' इति । तस्य च श्रोतुः श्रौत एव शब्दार्थः पदार्थः, अयं च वृक्षो भवन् किमाम्रो निम्बो वा स्यादिति चालनारूपो वाक्यार्थः, ततः प्रतिविशिष्टाकारावलोकनेनाम्र एव निम्बादिर्वायमिति प्रतिनियतः प्रत्ययो महावाक्यार्थः, इत्थमेव निर्णयपुरःसरमाम्राद्यर्थिना प्रवर्त्तितव्यमित्यैदम्पर्यमिति ॥८८६॥

ભાવાર્થ :-

ભગવાનના શાસનમાં અહિંસાપ્રધાન ધર્મ છે. તે અહિંસાને કહેવા માટે આગમમાં વાક્યપ્રયોગ કરાય છે કે 'સર્વ જીવોને હણવા જોઈએ નહિ' આ વચનને સાંભળીને શાબ્દબોધની મર્યાદાથી કોઈ વિચારક હોય તેને બોધ થાય છે કે જગતના સર્વ જીવને હણવા જોઈએ નહિ એ અર્થને કહેનારું આ વાક્ય છે. તેનાથી એ અર્થ પ્રાપ્ત થાય કે ધર્મના અર્થી જીવે મન, વચન, કાયાથી સર્વે પણ જીવોને પીડા કરવી જોઈએ નહિ; કેમ કે કોઈને પણ પીડા કરવામાં આવે તે અંશથી હિંસાસ્વરૂપ જ છે અને પ્રાણનાશ કરવામાં આવે તે પણ હિંસાસ્વરૂપ છે આ પ્રકારના જે અર્થનું જ્ઞાન થયું તે પદાર્થજ્ઞાનસ્વરૂપ છે, જે ઉત્તરના ધર્મની અપેક્ષાવાળી બુદ્ધિ છે.

આ કથનને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. સુખનો અર્થી જીવ સુખના ઉપાયભૂત સુંદર ફળનો ઉપભોગ કરીને સુખી થવાનો અર્થી હોય ત્યારે તે વૃક્ષને જોઈને તેને જિજ્ઞાસા થાય કે આ વૃક્ષ શેનું છે ? આ પ્રકારની જિજ્ઞાસાથી વિશેષ ઊહ દ્વારા તે નિર્ણય કરે કે આ આમ્રનું વૃક્ષ છે માટે આમ્રના અર્થીએ તે વૃક્ષને પ્રાપ્ત કરવા યત્ન કરવો જોઈએ એ પ્રકારે પ્રતિસંધાન કરે છે. તે રીતે સર્વત્ર સુખના અર્થી જીવો સુખના ઉપાયની વિચારણા કરે છે. વળી, ભગવાનના શાસનનાં દરેક વચનો સુખના ઉપાયરૂપે છે તેથી હિંસારૂપ પાપના પરિહારપૂર્વક અહિંસાના પાલન દ્વારા સુખના અર્થી જીવો 'સર્વ જીવોની હિંસા કરવી જોઈએ નહીં' એ વચનથી પ્રવૃત્તિ કરવાના અર્થી બને છે ત્યારે પદાર્થાદિના ક્રમથી તેના તાત્પર્યનો બોધ કરે તો તે વચન તેમના માટે સમ્યગ્ યથાર્થફળનું સાધક બને છે. ॥૮૮૬॥

અવતરણિકા :-

ઉપસંહરન્નાહ –

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરતાં કહે છે=વ્યાખ્યાનવિધિમાં પ્રવૃત્ત પદાર્થાદિના નિરૂપણના પ્રસંગનો ઉપસંહાર કરતાં કહે છે –

ગાથા :-

कयमेत्थ पसंगेणं इमिणा विहिणा निओगओ णाणं ।
आणाजोगोवि इहं एसोच्चिय होइ णायव्वो ।।८८७।।

અન્વયાર્થ :-

कयमेत्थ पसंगेणं=અહીં પ્રસંગથી સર્યું=વ્યાખ્યાનવિધિના કથનમાં લૌકિક પદાર્થાદિનું યોજન બતાવ્યું એ પ્રસંગથી સર્યું. इमिणा विहिणा=આ વિધિથી=મંડલી પ્રમાર્જનાદિ વિધિથી, निओगओ णाणं=નિયમા જ્ઞાન થાય છે=આગમનું શ્રવણ કરનારા શ્રોતાને નક્કી જ્ઞાન થાય છે. इहं=અહીં=વ્યાખ્યાનમાં, आणाजोगो वि=આજ્ઞાયોગ પણ, एसोच्चिय=આ જ=માંડલી આદિ વિધિનું પાલન જ, णायव्वो होइ=જ્ઞાતવ્ય છે. ॥૮૮૭॥

ગાથાર્થ :-

અહીં પ્રસંગથી સર્યું=વ્યાખ્યાનવિધિના કથનમાં લૌકિક પદાર્થાદિનું યોજન બતાવ્યું એ પ્રસંગથી સર્યું. આ વિધિથી=મંડલી પ્રમાર્જનાદિ વિધિથી, નિયમા જ્ઞાન થાય છે=આગમનું શ્રવણ કરનારા શ્રોતાને નક્કી જ્ઞાન થાય છે. અહીં=વ્યાખ્યાનમાં, આજ્ઞાયોગ પણ આ જ=માંડલી આદિ વિધિનું પાલન જ, જ્ઞાતવ્ય છે. ॥૮૮૭॥

ટીકા :-

कृतं पर्याप्तमत्र व्याख्याविधिकथने प्रसंगेन विस्तारेण, अनेन मण्डलीप्रमार्जनादिना विधिना नियोगतो नियमेन ज्ञानमागमश्रवणप्रवृत्तस्य श्रोतुः सम्पद्यते । आज्ञायोगोऽपि सम्यग्ज्ञानसाध्योऽत्र व्याख्याने एष एवोक्ताचारपरिपालनारूपो भवति ज्ञातव्यः ।।८८७।।

ભાવાર્થ :-

વ્યાખ્યાનવિધિના પ્રસંગમાં પ્રાસંગિક અન્ય કથન કર્યું અને વ્યાખ્યાનવિધિ ગાથા-૮૫૮માં મંડલી વગેરે બતાવી. ત્યારપછી મતાન્તર તરીકે બે પ્રકારની વ્યાખ્યાનવિધિ બતાવી જે વ્યાખ્યાનવિધિમાં પદાર્થ, વાક્યાર્થાદિ ચાર ભેદોનું વર્ણન બતાવ્યું અને આનુષંગિક રીતે લૌકિક વાક્યોમાં પણ પદાર્થાદિ ચારની પ્રાપ્તિ છે તે બતાવ્યું. તે સર્વ કથનનો ઉપસંહાર કરતાં કહે છે – ગાથા-૮૫૮માં બતાવી એ પ્રકારની વિધિથી જો કોઈ શ્રોતા ઉપયુક્ત થઈને પદાર્થાદિના ક્રમથી યથાર્થ બોધ કરાવનારા ગુરુ પાસે સૂત્રોનું શ્રવણ કરે તો નક્કી તે શ્રોતાને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે અર્થાત્ સૂત્રનું ઐદંપર્યસ્પર્શી જ્ઞાન થાય છે જેનાથી ભાવિત થયેલું તેનું ચિત્ત અસંગ ભાવને અનુકૂળ મહાસત્ત્વવાળું બને છે.

અને વ્યાખ્યાનવિધિ સાંભળવાના વિષયમાં પણ ભગવાનનો આજ્ઞાયોગ ગાથા-૮૫૮માં કહેલ વિધિ અનુસાર આચારનું પાલન જ છે અને તે આજ્ઞાયોગ સમ્યગ્જ્ઞાનથી સાધ્ય છે અર્થાત્ જે મહાત્માને સમ્યગ્જ્ઞાન છે કે જિનવચનના તાત્પર્યને સ્પર્શવા માટે વ્યાખ્યાનશ્રવણકાળમાં અત્યંત ઉપયોગપૂર્વક માંડલી આદિ વિધિમાં યત્ન કરવો જોઈએ અને તે પ્રકારના સમ્યગ્જ્ઞાનથી સાધ્ય વ્યાખ્યાનશ્રવણકાળમાં જે વિધિ બતાવાઈ છે તેનું જેઓ પાલન કરે છે તેઓ સમ્યગ્આજ્ઞાયોગને સેવનારા છે તેથી એ ફલિત થાય કે પ્રથમનું સમ્યગ્જ્ઞાન વ્યાખ્યાનશ્રવણની વિધિનો યથાર્થ બોધ કરાવે છે અને તે સમ્યગ્જ્ઞાનથી સાધ્ય મંડલી પ્રમાર્જનાદિ ઉચિત વિધિ છે તેથી તે પ્રમાણે જેઓ વ્યાખ્યાનશ્રવણ કરવા બેસે છે ત્યારે તેઓનું ચિત્ત ભગવાનના આજ્ઞાયોગને પરતંત્ર છે તેથી શ્રવણકાળમાં પણ આજ્ઞાયોગના પાલનજન્ય મહાનિર્જરાની પ્રાપ્તિ કરે છે અને તે શ્રવણક્રિયાથી જે સમ્યગ્જ્ઞાન થાય છે તે સમ્યગ્જ્ઞાન ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકનું પ્રબળ કારણ છે જેના બળથી ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકને અનુકૂળ આજ્ઞાયોગને સેવીને તે મહાત્મા ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. **॥૮૮૭॥**

અવતરણિકા :-

ज्ञानवांश्च यत्करोति तदाह –

અવતરણિકાર્થ :-

જ્ઞાનવાળો પુરુષ જેને કરે છે તેને કહે છે=પૂર્વ ગાથામાં કહ્યું કે વિધિપૂર્વક જે શ્રોતાઓ ભણે છે તે વિધિનું પાલન આજ્ઞાયોગ છે તેના દ્વારા નિયમથી સમ્યગ્જ્ઞાન થાય છે તેથી જિજ્ઞાસા થાય કે સમ્યગ્જ્ઞાનવાળો જીવ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને શું કરે જેથી તેનું હિત થાય તેને બતાવતાં કહે છે –

ગાથા :-

णाणी य णिच्छएणं पसाहई इच्छियं इहं कज्जं ।
बहुपडिबंधजुयंपि हु तहा तहा तयविरोहेण ।।८८८।।

અન્વયાર્થ :-

णाणी य=અને જ્ઞાની, इहं=અહીં=સંસારમાં, बहुपडिबंधजुयं पि हु=બહુપ્રતિબંધયુક્ત પણ, तहा तहा=તે તે પ્રકારના, तयविरोहेण=તેના અવિરોધથી=ઈચ્છિત કાર્યના અવિરોધથી, इच्छियं कज्जं=ઈચ્છિત કાર્યને, णिच्छएणं=નિશ્ચયથી, पसाहई=સાધે છે. ।।८८८।।

ગાથાર્થ :-

અને જ્ઞાની અહીં=સંસારમાં, બહુપ્રતિબંધયુક્ત પણ તે તે પ્રકારના તેના અવિરોધથી=ઈચ્છિત કાર્યના અવિરોધથી, ઈચ્છિત કાર્યને નિશ્ચયથી સાધે છે. ।।८८८।।

ટીકા :-

ज्ञानी चात्र विधिगृहीतशास्त्रार्थावबोधः पुनः पुमान्निश्चयेन प्रसाधयति निष्पादयतीप्सितमाप्तुमिष्टमिह कार्यं धर्मार्थाद्याराधनरूपं बहुप्रतिबन्धयुतमप्यनेकविघ्नप्रतिस्खलितमपि, तथा तथा तत्तद्द्रव्यक्षेत्रादिस्वरूपानुवर्त्तनोपायेन, तदविरोधेन तस्येप्सितकार्यस्य योऽविरोधो घटना कार्यान्तरैरीप्सितैरेव तेनोपलक्षितः सन् । न हि धर्मान्तराणि बाधमानो धर्मो धर्मरूपतां प्रतिपद्यते । यथोक्तम्—'धर्मं यो बाधते धर्मो न स धर्मः सतां मतः । अविरोधेन यो धर्मः स धर्म इति कीर्तितः ।।१।।' तथा । 'वेदवृद्धानुपचरेच्छिक्षितागमतः स्वयम् । अहेरिव हि धर्मस्य सूक्ष्मा दुरनुगा गतिः ।।१।।' ।।८८८।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું તે પ્રમાણે વિધિપૂર્વક માંડલીઆદિમાં યત્ન કરે તો નિયોગથી તે મહાત્મા જ્ઞાની થાય છે અને જે જ્ઞાની હોય તે મહાત્મા હંમેશાં પોતાને ઇચ્છિત કાર્ય હોય તે નિયમથી પ્રસાધન કરે છે. સામાન્યથી જીવમાત્ર સુખના અર્થી છે, સુખ અર્થે જ પ્રવૃત્તિ કરે છે પરંતુ અજ્ઞાનને કારણે અંતરંગ ક્લેશો પ્રાપ્ત કરે છે, કર્મ બાંધે છે અને દુર્ગતિની પરંપરાને પ્રાપ્ત કરે છે. જ્યારે જ્ઞાની પુરુષને સંસારના સ્વરૂપનું વાસ્તવિક જ્ઞાન થાય છે. વળી, કઈ રીતે યત્ન કરવાથી ક્લેશ નાશ થશે અને સુખની વૃદ્ધિ થશે તેવો સૂક્ષ્મ બોધ શાસ્ત્રવચનથી થાય છે તેવા જ્ઞાની સાધુવેષમાં હોય ત્યારે તેઓને ઇષ્ટ ઉત્તર-ઉત્તરનો અસંગ ભાવ હોય છે અને જ્ઞાન હોવાના કારણે વિપરીત દ્રવ્યક્ષેત્રાદિ હોય તોપણ તે સર્વમાં કઈ રીતે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી અસંગ ભાવની વૃદ્ધિ થાય તે રીતે યત્ન કરે છે અને તે રીતે સાધુપણું પાળીને ઉત્તમ જ્ઞાનના સંસ્કારોસહિત દેવાદિ ભવમાં જાય છે ત્યાં પણ તેઓનું વિવેકયુક્ત જ્ઞાન જીવંત રહે છે જેથી સુખના અર્થી એવા તેઓ ધર્મ, અર્થ અને કામને તે રીતે સેવે છે જેથી સુખની વૃદ્ધિ થાય છે પરંતુ ક્લેશની વૃદ્ધિ થતી નથી. વળી, તેવા નિપુણ

પ્રજ્ઞાવાળા જ્ઞાનીને મનુષ્યભવમાં વિપરીત દ્રવ્યક્ષેત્રાદિ પ્રાપ્ત થયા હોય તોપણ તેઓ નિપુણ પ્રજ્ઞાને કારણે સર્વ સંયોગમાં ઉચિત યત્ન દ્વારા પોતાનું ઇચ્છિત કાર્ય અવશ્ય સાધે છે. જેમ અભયકુમાર મહાપ્રાજ્ઞ હોવાથી ગૃહસ્થ અવસ્થામાં હતા ત્યારે પણ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરીને અર્થ-કામ વિપરીત દ્રવ્યક્ષેત્રમાં પણ સાધી શક્યા અને અંતે સંયમ ગ્રહણ કરીને સર્વાર્થસિદ્ધને પ્રાપ્ત કર્યું. આવા પ્રકારનું શ્રેષ્ઠ જ્ઞાન મહાત્માને મંડલી પ્રમાર્જનાદિ વિધિપૂર્વક શાસ્ત્ર ભણવાથી થાય છે જે જ્ઞાન વર્તમાનના ભવમાં શુદ્ધ ધર્મને સેવીને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે તે ભવોમાં ધર્મ, અર્થ અને કામરૂપ પોતાને ઇચ્છિત કાર્ય હોય તે સર્વ કાર્યોને વિષમ સંયોગમાં પણ ઉચિત રીતે સાધી શકે છે તેથી સુખના અર્થી જીવે પારમાર્થિક સુખના પ્રબળ કારણરૂપ જ્ઞાનમાં યત્ન કરવો જોઈએ.

વળી, પૂર્વમાં બતાવ્યું એ પ્રમાણે માંડલી આદિની વિધિથી જેઓ જ્ઞાનમાં યત્ન કરીને સૂક્ષ્મ પરમાર્થ પામ્યા નથી તેઓ ક્વચિદ્ બાહ્ય ધર્માનુષ્ઠાન સેવતા હોય તોપણ તે તે વિપરીત સંયોગમાં બળવાન ધર્મને બાધ કરે તેવી અવિવેકવાળી ધર્મની પ્રવૃત્તિ કરે છે તેથી જે ધર્મ અન્ય બળવાન ધર્માન્તરને બાધ કરતો હોય તે ધર્મ ધર્મરૂપતાને પ્રાપ્ત કરતો નથી એથી અજ્ઞાની ઇચ્છિત એવા ધર્મરૂપ કાર્યને સાધવા સમર્થ થતા નથી માટે ધર્મના અર્થીએ વિધિપૂર્વક જ્ઞાન મેળવવા યત્ન કરવો જોઈએ. ॥૮૮૮॥

અવતરણિકા :-

વિધિપૂર્વક અભ્યાસ કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનવાળા મહાત્મા શું કરે છે તે પૂર્વ ગાથામાં બતાવ્યું. હવે અન્ય જીવોનો તેઓ શું ઉપકાર કરે છે એ બતાવે છે –

ગાથા :-

मग्गे य जोयइ तहा केई भावाणुवत्तणणएण ।
बीजाहाणं पायं तदुचियाणं कुणइ एसो ।।८८९।।

અન્વયાર્થ :-

भावाणुवत्तणणएण य तहा=અને ભાવઅનુવર્તનાના નયથી, केई मग्गे जोयइ=કેટલાક જીવોને માર્ગમાં યોજન કરે છે. पायं=प्रायः, तदुचियाणं=તેને ઉચિત એવા જીવોને, एसो=आ=આ જ્ઞાની, बीजाहाणं कुणइ=બીજાધાન કરે છે. ॥૮૮૯॥

ગાથાર્થ :-

અને ભાવઅનુવર્તનાના નયથી કેટલાક જીવોને માર્ગમાં યોજન કરે છે. પ્રાયઃ તેને ઉચિત એવા જીવોને આ=આ જ્ઞાની, બીજાધાન કરે છે. ॥૮૮૯॥

ટીકા :-

मार्गे च सम्यग्दर्शनादिके निर्वाणपथे योजयति, तथेति समुच्चये, कांश्चिद्भव्यसत्त्वान् भावानुवर्त्तननयेन

मृदुः खरो मध्यमो वा यः शिक्षणीयस्य प्राणिनो भावो मनःपरिणामस्तस्यानुवर्तनमेव नयो नीतिः सामलक्षणभावेनेयमेव च प्रधाना नीतिः कार्यसिद्धौ । यथोक्तम्—'यद्यप्युपायाश्चत्वारः प्रथिताः साध्यसाधने । संज्ञामात्रं फलं तेषां सिद्धिः साम्नि प्रतिष्ठिता ।।१।।' तथा । 'अतितीक्ष्णोऽपि दावाग्निर्दहन् मूलानि रक्षति । समूलमुन्मूलयति वायुर्यो मृदुशीतलः ।।२।।' तथा, बीजाधानं धर्म-प्रशंसादिकं प्रायश्च बाहुल्येनैव तदुचितानां 'कुलक्रमागतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानम्' इत्यादिशिष्टगृहस्थाचारपरतया बीजाधानयोग्यानां करोत्येष ज्ञानी ।।८८९।।

ભાવાર્થ :-

જે મહાત્માઓ માંડલીઆદિની વિધિપૂર્વક અને અત્યંત સંવેગપૂર્વક શાસ્ત્રઅધ્યયન કરીને શાસ્ત્રના પારગામી બને છે તે મહાત્માઓ સાધુપણામાં હોય ત્યારે પણ યોગ્ય જીવોને તેઓના ભાવને અનુરૂપ ઉચિત અનુવર્તના કરીને માર્ગમાં યોજન કરે છે આથી જ શાસ્ત્ર ભણીને સંપન્ન થયેલા અને ભવથી અત્યંત વિરક્ત એવા ગણના નાયક ઉચિત અનુવર્તના કરીને ભવસમુદ્રથી ગચ્છનો નિસ્તાર કરે છે.

વળી, જેઓ ગૃહસ્થ અવસ્થામાં છે અને બીજાધાનને પામે તેવા છે એવા ઉચિત જીવોને પ્રાયઃ કરીને આવા જ્ઞાની બીજાધાન કરે છે તેથી જ્ઞાની પુરુષ જેમ પોતાનું ઇચ્છિત કાર્ય સાધે છે તેમ ઘણા યોગ્ય જીવોને સન્માર્ગની પ્રાપ્તિ કરાવીને અને સન્માર્ગમાં પ્રવૃત્ત એવા યોગ્ય જીવોને ઉચિત અનુવર્તના કરીને સુખપૂર્વક ભવનિસ્તારનું કારણ બને છે માટે જ્ઞાની પુરુષ સ્વપરના ઉપકારને કરનારા છે. **॥૮૮૯॥**

અવતરણિકા :-

अत्र दृष्टान्तमाह —

અવતરણિકાર્થ :-

આમાં=જ્ઞાની ભાવઅનુવર્તના દ્વારા યોગ્ય જીવને ઉપકાર કરે છે એમાં, દૃષ્ટાંતને કહે છે —

ગાથા :-

सुव्वइ निवस्स पत्ती झाणग्गहसंगया विणीयत्ति ।
मुच्छिमगकण्णंदुब्बलणिवो य तह पुव्वसूरीहिं ।।८९०।।

અન્વયાર્થ :-

निवस्स पत्ती=રાજાની પત્ની, झाणग्गहसंगया विणीयत्ति=ધ્યાનઆગ્રહથી યુક્ત વિનીત હતી. मुच्छिमग-कण्णंदुब्बलणिवो य=અને અન્ય કોઈ રાજા મૂર્ચ્છિમ કર્ણદુર્બલ હતો=અસંજ્ઞીપ્રાયઃ એવો બધાનું સાંભળે તેવો અને વિનીત હતો. पुव्वसूरीहिं तह सुव्वइ=પૂર્વસૂરિઓ વડે એ પ્રકારે સંભળાય છે=તેના ભાવના અનુવર્તનના નયથી પૂર્વસૂરિઓ વડે તેઓનો ઉપકાર કરાયો છે એમ શાસ્ત્રમાં સંભળાય છે. ॥૮૯૦॥

ગાથાર્થ :-

રાજાની પત્ની ધ્યાનઆગ્રહથી યુક્ત વિનીત હતી અને અન્ય કોઈ રાજા મૂર્ચ્છિમ કર્ણદુર્બલ હતો=અસંજ્ઞીપ્રાયઃ એવો બધાનું સાંભળે તેવો અને વિનીત હતો. પૂર્વસૂરિઓ વડે એ પ્રકારે સંભળાય છે=તેના ભાવના અનુવર્તનના નયથી પૂર્વસૂરિઓ વડે તેઓનો ઉપકાર કરાયો છે એમ શાસ્ત્રમાં સંભળાય છે. ॥૮૯૦॥

ટીકા :-

श्रूयते निशम्यते प्रवचने नृपस्य पार्थिवस्य कस्यचित् पत्नी भार्या ध्यानं चित्तवृत्तिनिरोधस्तस्मिन् गृहो निर्बन्धस्तेन संगता समेता सती विनीता मार्गयोजिता, इत्येवं वक्ष्यमाणक्रमेण । तथा मूर्च्छिमकोऽसंज्ञिप्रायः कर्णदुर्बलो बहुमतकर्णेजपो नृपश्च राजा, विनीत इति प्रकृतेन सम्बन्धः, तथेति तद्भावानुवर्त्तननयेन, पूर्वसूरिभिश्चिरन्तनाचार्यैः ।।८९०।।

ભાવાર્થ :-

ગાથા-૮૮૯માં કહ્યું કે જ્ઞાની પુરુષ યોગ્ય જીવોને ભાવઅનુવર્તનાની નીતિથી માર્ગમાં યોજન કરે છે. તે કથનમાં દૃષ્ટાંત બતાવે છે – શાસ્ત્રમાં સંભળાય છે કે કોઈક રાણી ધ્યાનના આગ્રહવાળી હતી અને યોગ્ય ઉપદેશક પાસે વિવેકપૂર્વક સાંભળે તેવી હતી અને રાજા પણ યોગ્ય ઉપદેશ સાંભળે તેવો હતો છતાં અસંજ્ઞી પ્રાયઃ હતો અર્થાત્ તત્ત્વના વિષયમાં કોઈ વિચાર કરવા સમર્થ ન હતો. વળી, રાજા દુર્બલ કાનવાળો હતો=જેનું તેનું સાંભળીને બધા મતોનાં વચનોને સ્વીકારતો હતો. તેવા રાજા અને રાણીને પૂર્વસૂરિઓએ ઉચિત અનુવર્તના કરીને સન્માર્ગની પ્રાપ્તિ કરાવી એ પ્રમાણે શાસ્ત્રમાં સંભળાય છે. તેથી નક્કી થાય છે કે જ્ઞાની યોગ્ય જીવોને ઉચિત માર્ગમાં પ્રવર્તાવીને તેઓનું હિત કરી શકે છે માટે કલ્યાણના અર્થીએ માંડલીઆદિ ઉચિત વિધિપૂર્વક સૂત્રાર્થગ્રહણ કરવા માટે યત્ન કરવો જોઈએ. **॥૮૯૦॥**

અવતરણિકા :-

तथायं दृष्टान्तं भावयन् गाथानवकमाह –

અવતરણિકાર્થ :-

અને આ દૃષ્ટાંતને=ગાથા-૮૯૦માં બતાવેલ રાજા અને રાણીના દૃષ્ટાંતને, ભાવન કરતાં ગ્રંથકારશ્રી નવ ગાથા વડે કહે છે –

ગાથા :-

णिवपत्ती णिव्विण्णा झाणा मोक्खो त्ति तग्गहसमेया ।
ससरक्ख पउममज्झे तिणयणदेवम्मि ठियचित्ता ।।८९१।।

तवखीणसाहुदंसण बहुमाणा सेवणा तहा पुच्छा ।
झाणे दंडगकहणे बज्झा एएत्ति अणुकंपा ।।८९२।।
गीयणिवेयणमागमज्झाणकहब्भुवगमे तह क्खेवो ।
कोद्दं किदूरपवेस धम्मिगाईहिं जा देवो ।।८९३।।
निच्चलचित्ता साहण समओ नण्णेसिं आम पडिवण्णे ।
तदुवरि अद्धट्ठकला अओऽण्णमब्भासदंसणयं ।।८९४।।
ससरक्खविज्जमादि न तत्त तह दंसणा विगप्पोत्ति ।
संकाए गुरु सच्चा किं तत्तं उचियणुट्ठाणं ।।८९५।।
इहरा एयं चिय छत्तरयणपरिच्छित्तितुल्ल मो भणियं ।
पाएण विग्घभूयं सति उचियफलस्स विन्नेयं ।।८९६।।
पत्तीए रयणसारं आहरणं सिरिफलंति सोत्तूणं ।
आईए तप्परिच्छालग्गो चुक्को ततो सव्वा ।।८९७।।
एत्तो चिय झाणाओ मोक्खोत्ति निसामिऊण पढमं तु ।
तल्लग्गोवि हु चुक्कति नियमा उचियस्स सव्वस्स ।।८९८।।
ता सुद्धधम्मदेसण परिणमणमणुव्वयाइगहणं च ।
इय णाणी कल्लाणं सव्वेसिं पायसो कुणति ।।८९९।।

अन्वयार्थ :-

णिवपत्ती=नृपनी पत्नी, णिव्विण्णा=निर्वेदने पामेली=संसारना स्वरूपथी निर्वेदने पामेली, झाणा मोक्खो त्ति तग्गहसमेया='ध्यानथी मोक्ष छे' એ प्रमाणे तेना ग्रहथी युक्त हती. ससरक्ख=सरजस्क=शैवव्रती ते राणी वडे पुछायो त्यारे तेना वडे कहेवायुं, पउममज्झे='पद्मनी मध्यमां'='पद्मनी मध्यमां शिवनुं ध्यान करवुं जोईએ.' तिणयणदेवम्मि ठियचित्ता=(ते राणी) त्रिनयनवाळा देवमां स्थिर चित्तवाळी थई.

तवखीणसाहुदंसण=तपथी क्षीण थयेला शरीरवाळा साधुनुं दर्शन. बहुमाणा सेवणा=(ते राणी वडे ते साधुनी) बहुमानथी सेवा कराई. तहा पुच्छा झाणे=ते प्रकारे पृच्छा=ते राणीએ ते साधुने ध्यानना विषयमां पूछ्युं. दंडगकहणे=दंडनुं कथन कराये छते=ते अगीतार्थ साधुએ कह्युं के 'अमे दंडनुं ध्यान करीએ छीએ' એ सांभળीने, बज्झा एएत्ति अणुकंपा='आ बाह्य छे' એ प्रमाणे अनुकंपा थई='आ

જૈન સાધુ ધ્યાનમાર્ગથી બહાર છે' એ પ્રમાણે વિચારીને રાણીને સાધુ પ્રત્યે અનુકંપા થઈ.

गीयणिवेयणं=ગીતાર્થને નિવેદન=તે અગીતાર્થ સાધુએ રાણીને પોતાના કથનથી નિર્વેદ થયો છે તે પ્રમાણે ગીતાર્થ સાધુને નિવેદન કર્યું. आगमज्झाणकहब्भुवगमे=(તે ગીતાર્થ આચાર્ય વડે) આગમના ધ્યાનના કથનનું અભ્યુપગમ કરાયે છતે, तह क्खेवो=તે પ્રમાણે ક્ષેપ=રાણીના ચિત્તનો આક્ષેપ, धम्मिगाईहिं किदूरपवेस='धार्मिકાદિ વડે કેટલા દૂર સુધી પ્રવેશ કરાય છે'='ધાર્મિકાદિ વડે સમવસરણમાં કેટલા દૂર સુધી પ્રવેશ કરાય છે', कोहं=કૌતુક=રાણીને કૌતુક થયું. जा देवो='જ્યાં સુધી દેવ છે'=આચાર્યએ જવાબ આપ્યો કે 'જ્યાં સુધી દેવ છે ત્યાં સુધી જવાય છે.'

निच्चलचित्ता=રાણી નિશ્ચલચિત્તવાળી થઈ. साहण=કથન=ત્યારે આચાર્યએ રાણીને કહ્યું. समओ नण्णेसिं='અન્ય દર્શનોમાં આ પ્રમાણે સંકેત વર્તતો નથી', आम पडिवण्णे=એ પ્રમાણે રાણી વડે સ્વીકાર કરાયે છતે (ગુરુએ કહ્યું –) तदुवरि='તેની ઉપર=પ્રવેશની ઉપર, अद्धुट्ठकला=સાડા ત્રણ કળાથી યુક્ત=આઠ કર્મોમાંથી ચાર ઘાતીનો અને આયુષ્યકર્મનો અર્ધ નાશ થવાથી શેષ અઘાતી એવાં સાડા ત્રણ કર્મોવાળા હોવાથી સાડા ત્રણ કલાયુક્ત ભગવાનનું ધ્યાન કરવું જોઈએ. अओऽण्णम-ब्भासदंसणयं=આનાથી અન્ય ધ્યાન છે અને આ બીજા ધ્યેયનું અભ્યાસથી દર્શન છે.'

ससरक्खविज्जमादि=શૈવસાધુ વડે બતાવાયેલા વિદ્યામંત્રો આદિ, न तत्त=તત્ત્વ નથી. तह दंसणा=તે પ્રકારના દર્શનથી=ગુરુ વડે એ પ્રકારે પ્રતિપાદન કરાયે છતે તે પ્રકારના રાણીને દર્શનથી, विगप्पोत्ति=વિકલ્પ થયો=પૂર્વે સ્વીકારેલો ધ્યાનમાર્ગ અતત્ત્વ છે એમ આ ધ્યાનમાર્ગ પણ અતત્ત્વ નહીં થાય એમ રાણીને વિકલ્પ થયો. संकाए=શંકા થયે છતે, गुरु सच्चा=ગુરુ સત્ય છે=ગુરુ સત્ય કહેનારા છે તેથી રાણી ગુરુને પૂછે છે, किं तत्तं='તત્ત્વ શું છે ?' (ગુરુએ કહ્યું –) उचियणुट्ठाणं='ઉચિત અનુષ્ઠાન=પોતાની ભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન તત્ત્વ છે.'

इहरा=ઇતરથા=ઉચિતપણા વગર, एयं चिय=આ જ અનુષ્ઠાન, छत्तरयणपरिच्छित्तितुल्ल मो भणियं=છાત્ર વડે રત્નની પરીક્ષાતુલ્ય કહેવાયું છે. पाएण=પ્રાયઃ, उचियफलस्स सति विग्घभूयं वित्रेयं=ઉચિત ફળનું સદા વિઘ્નભૂત જાણવું.

पत्तीए रयणसारं आहरणं सिरिफलं ति सोत्तूणं=પત્નીનું રત્નસાર આભરણ લક્ષ્મીના ફળવાળું થાય છે એ પ્રમાણે સાંભળીને, आईए=પ્રથમથી, तप्परिच्छालग्गो चुक्को=તેની પરીક્ષામાં લગ્ન કોઈ છાત્ર ચૂક્યો=રત્નની પરીક્ષામાં લાગેલો કોઈ છાત્ર પોતાની જીવનવ્યવસ્થાના કૃત્યથી ચૂક્યો. ततो सव्वा=તેથી સર્વથી (ભ્રષ્ટ થયો.)

एत्तो चिय=એ રીતે જ, झाणाओ मोक्खो='ધ્યાનથી મોક્ષ છે', त्ति निसामिऊण=એ પ્રમાણે સાંભળીને, पढमं तु=પ્રથમ જ, तल्लग्गो वि=તેમાં લાગેલો પણ=ધ્યાનમાં યત્નશીલ પણ સાધક, नियमा=નિયમથી, सव्वस्स उचियस्स हु चुक्कति=સર્વ ઉચિતને ચૂકે છે.

તા=ત્યારપછી, સુદ્ધધમ્મદેસણ=(આચાર્યએ) શુદ્ધ ધર્મદેશના આપી. પરિણમણં=પરિણમન=રાણીને દેશનાનું પરિણમન થયું, અણુવ્વયાइગહણં ચ=અને અણુવ્રતાદિનું ગ્રહણ કર્યું. इય णાणી=આ રીતે જ્ઞાની પુરુષ, પાયસો=પ્રાયઃ, સવ્વેસિં=સર્વનું=સ્વપરનું, કલ્લાણં કુણતિ=કલ્યાણને કરે છે. ॥૮૯૧થી ૮૯૯॥

ગાથાર્થ :-

નૃપની પત્ની નિર્વેદને પામેલી=સંસારના સ્વરૂપથી નિર્વેદને પામેલી, 'ધ્યાનથી મોક્ષ છે' એ પ્રમાણે તેના ગ્રહથી યુક્ત હતી. સરજસ્ક=શૈવવ્રતી તે રાણી વડે પુછાયો ત્યારે તેના વડે કહેવાયું. 'પદ્મની મધ્યમાં'='પદ્મની મધ્યમાં શિવનું ધ્યાન કરવું જોઈએ.' તે રાણી ત્રિનયનવાળા દેવમાં સ્થિર ચિત્તવાળી થઈ.

તપથી ક્ષીણ થયેલા શરીરવાળા સાધુનું દર્શન. તે રાણી વડે તે સાધુની બહુમાનથી સેવા કરાઈ. તે પ્રકારે પૃચ્છા=તે રાણીએ તે સાધુને ધ્યાનના વિષયમાં પૂછ્યું. દંડનું કથન કરાયે છતે= તે અગીતાર્થ સાધુએ કહ્યું કે 'અમે દંડનું ધ્યાન કરીએ છીએ' એ સાંભળીને, 'આ બાહ્ય છે' એ પ્રમાણે અનુકંપા થઈ='આ જૈન સાધુ ધ્યાનમાર્ગથી બહાર છે' એ પ્રમાણે વિચારીને રાણીને સાધુ પ્રત્યે અનુકંપા થઈ.

ગીતાર્થને નિવેદન=તે અગીતાર્થ સાધુએ રાણીને પોતાના કથનથી નિર્વેદ થયો છે તે પ્રમાણે ગીતાર્થ સાધુને નિવેદન કર્યું. તે ગીતાર્થ આચાર્ય વડે આગમના ધ્યાનના કથનનું અભ્યુપગમ કરાયે છતે તે પ્રમાણે ક્ષેપ=રાણીના ચિત્તનો આક્ષેપ 'ધાર્મિકાદિ વડે કેટલા દૂર સુધી પ્રવેશ કરાય છે=ધાર્મિકાદિ વડે સમવસરણમાં કેટલા દૂર સુધી પ્રવેશ કરાય છે' કૌતુક=રાણીને કૌતુક થયું. 'જ્યાં સુધી દેવ છે'=આચાર્યએ જવાબ આપ્યો કે 'જ્યાં સુધી દેવ છે ત્યાં સુધી જવાય છે.'

રાણી નિશ્ચલચિત્તવાળી થઈ. કથન=ત્યારે આચાર્યએ રાણીને કહ્યું. 'અન્ય દર્શનોમાં આ પ્રમાણે સંકેત વર્તતો નથી'. એ પ્રમાણે રાણી વડે સ્વીકાર કરાયે છતે ગુરુએ કહ્યું – 'તેની ઉપર=પ્રવેશની ઉપર, સાડા ત્રણ કળાથી યુક્ત=આઠ કર્મોમાંથી ચાર ઘાતીનો અને આયુષ્યકર્મનો અર્ધ નાશ થવાથી શેષ અઘાતી એવાં સાડા ત્રણ કર્મોવાળા હોવાથી સાડા ત્રણ કલાયુક્ત ભગવાનનું ધ્યાન કરવું જોઈએ. આનાથી અન્ય ધ્યાન છે અને આ બીજા ધ્યેયનું અભ્યાસથી દર્શન છે.'

શૈવસાધુ વડે બતાવાયેલા વિદ્યામંત્રો આદિ તત્ત્વ નથી. તે પ્રકારના દર્શનથી=ગુરુ વડે એ પ્રકારે પ્રતિપાદન કરાયે છતે તે પ્રકારના રાણીને દર્શનથી, વિકલ્પ થયો=પૂર્વે સ્વીકારેલો ધ્યાનમાર્ગ અતત્ત્વ છે એમ આ ધ્યાનમાર્ગ પણ અતત્ત્વ નહીં થાય એમ રાણીને વિકલ્પ થયો. શંકા થયે છતે ગુરુ સત્ય છે=ગુરુ સત્ય કહેનારા છે તેથી રાણી ગુરુને પૂછે છે 'તત્ત્વ શું છે ?' ગુરુએ કહ્યું – 'ઉચિત અનુષ્ઠાન=પોતાની ભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન તત્ત્વ છે.'

ઇતરથા=ઉચિતપણા વગર, આ જ અનુષ્ઠાન છાત્ર વડે રત્નની પરીક્ષાતુલ્ય કહેવાયું છે. પ્રાયઃ ઉચિત ફળનું સદા વિઘ્નભૂત જાણવું.

પત્નીનું રત્નસાર આભરણ લક્ષ્મીના ફળવાળું થાય છે એ પ્રમાણે સાંભળીને પ્રથમથી તેની પરીક્ષામાં લગ્ન કોઈ છાત્ર ચૂક્યો=રત્નની પરીક્ષામાં લાગેલો કોઈ છાત્ર પોતાની જીવનવ્યવસ્થાના કૃત્યથી ચૂક્યો. તેથી સર્વથી ભ્રષ્ટ થયો.

એ રીતે જ 'ધ્યાનથી મોક્ષ છે' એ પ્રમાણે સાંભળીને પ્રથમ જ તેમાં લાગેલો પણ=ધ્યાનમાં યત્નશીલ પણ, સાધક નિયમથી સર્વ ઉચિતને ચૂકે છે.

ત્યારપછી આચાર્યએ શુદ્ધ ધર્મદેશના આપી. પરિણમન=રાણીને દેશનાનું પરિણમન થયું, અને અણુવ્રતાદિનું ગ્રહણ કર્યું. આ રીતે જ્ઞાની પુરુષ પ્રાયઃ સર્વનું=સ્વપરનું, કલ્યાણને કરે છે. ॥૮૯૧થી ૮૯૯॥

ટીકા :-

नृपपत्नी कस्यचिद् राज्ञः कलत्रम् । सा च सहजमन्दमोहमालिन्यतया निर्विण्णा 'जरामरण-दौर्गत्यव्याधयस्तावदासताम् । मन्ये जन्मैव धीराणां भूयो भूयस्त्रपाकरम् ।।१।।' इत्यादिवचना-कर्णनाद् भवादुद्विग्ना । ततः संसारचारकनिःसारोपायमन्वेषमाणा शुश्राव कुतोऽपि 'ध्यानाद् मोक्षः' इति । ततस्तद्ग्रहसमेता ध्यानविषयाऽत्यन्ताग्रहसंयुता जाता । अन्यदा 'ससरक्खे' इति कश्चित् सरजस्कः शैवव्रती तया पृष्टो यथा 'कीदृशो ध्यानमार्गः' इति । कथितं च तेन, यथा—पद्ममध्ये चतुर्दलनाभिकमलाभ्यन्तरेऽपि त्रिनयनो देवः काशकुसुमसंकाशदेहः शशिखण्डमण्डितोत्तमाङ्गः तृतीयनेत्रप्रवृत्तज्वलनज्वालासमुज्वलीकृताखिलदिग्वलयो देहार्धधृतप्राणप्रियपार्वतीको ध्यातव्यः । तथा च तत्प्रक्रिया 'सिद्धिर्ऋद्धिर्धृतिर्लक्ष्मीर्मेधा क्षान्तिः स्वधा स्थितिः । सद्यो देवकला ह्यष्टौ समासात् परिकीर्त्तिताः' ।। सद्यः-पश्चिमदले पूजयेत् । 'रयो रक्षा रतिः पाल्या काम्या कृष्णा रतिः क्रिया । वृद्धिः कालश्च रात्रिश्च भ्रामणी मोहनी तथा ।।१।। वामदेवकला ह्येतास्त्रयोदश उदाहृताः' । वामदेव उत्तरदले पूजयेत् । 'ततो मोहो मदो निद्रा माया मृत्युर्भयं जरा । अघोरस्य कला ह्येताः समासात् परिकीर्त्तिताः ।।१।।' दक्षिणदलेऽघोरं पूजयेत् । 'निर्वृत्तिश्च प्रतिष्ठाश्च विद्या शान्तिस्तथैव च । तत्पुरुषस्य कला ह्येताश्चतस्रः परिकीर्त्तिताः ।।१।।' पूर्वदले तत्पुरुषं पूजयेत् । 'तारा सुतारा तरणी तारयन्ती सुतारणी ।

ईशानस्य कलापञ्च पूजयेच्च प्रयत्नतः ।।१।।' कर्णिकामध्ये ईशानं पूजयेत् । 'अष्टत्रिंशत्कलोपेतं पञ्चतत्त्वसमन्वितम् । प्रासादं यो न जानाति नासौ जानाति शंकरम् ।।१।।' इति । ततः सा तत्र त्रिनयनदेवे स्थितचित्ता निरन्तरमेव समारूढमानसा बभूव ।।८९१।।

अन्यदा च तपःक्षीणसाधुदर्शनं षष्ठाष्टमादिकष्टरूपतपःकृशीकृतकायस्य कस्यचिद् जैनमुनेर्दर्शनमभूत् तस्याः । ततो बहुमानात् सेवना पर्युपासना तया तस्य प्रारब्धा । तथा तत्प्रकारसमये पृच्छा ध्याने ध्यानगोचरा तया तदग्रतः कृता, यथा 'कीदृशं ध्यानम्' । तेन चागीतार्थत्वाद् दण्डककथने कृते यथाऽस्माकं दण्डको भिक्षादिकाले हस्तग्राह्यो यष्टिविशेष ईर्यापथिकाप्रतिक्रमणादिसमयेऽग्रे कृत्वा ध्यायत इति । बाह्या ध्यानमार्गबहिर्वर्त्तिन एते जैना इत्यनुकम्पा दयाऽभूत् तस्याः ।।८९२।।

तेन च साधुना तां विषण्णपरिणामामुपलभ्य गीतनिवेदनं गीतार्थस्य कस्यचित् सूरेः कथनमकारि स्वप्रज्ञापनायाः । तेनापि प्रस्तावं प्राप्य तस्या आगमध्यानकथा । आगमे जैनशासने यदस्ति ध्यानं तस्य कथा प्रज्ञापना कृता । यथास्मन्मते तावदेकोऽयं ध्यानमार्गः—'संपुन्नचंदवयणो सीहासणसंठिओ सपरिवारो । कायव्वो य जिणिंदो केवलनाणुज्जलो धवलो ।।१।।'

इति । ततस्तस्या ध्यानाभ्युपगमे सम्पन्ने, तथा क्षेपे जाते कौतुकमभूत्, यथा—कियद्दूरं यावद् धार्मिकादिभिस्तत्र प्रवेशः क्रियते ?। तत उक्तमाचार्येण 'यावद्देवः' । अयमत्राभिप्रायः—यदा भगवान् देशनार्थमुपतिष्ठते, तदैकेनैव महर्द्धिकेन वैमानिकदेवेन कदाचित् प्राकारत्रयोपगतमशोकवृक्षाद्यष्टमहाप्रातिहार्योपेतं योजनप्रमाणभूभागव्यापि समवसरणं निष्पाद्यते, कदाचिच्च सर्वैरेव भवनपत्यादिभिर्देवनिकायैरिति । तत्र यानवाहनानि सचेतनान्यचेतनानि च तृतीयप्राकाराभ्यन्तर एव प्रविशन्ति । ये च भक्तिमात्राकृष्टाः करितुरगादयस्तिर्यग्विशेषास्ते द्वितीयशालाभ्यन्तराले, ये च शेषधार्मिका देवदानवमानवास्ते यावद्देवस्तावत् प्रविशन्ति इति ।।८९३।।

ततो यदा निश्चलचित्ता सा सम्पन्ना तदा साधनं निवेदनं गुरुणा कृतं, यथासमयः संकेतोऽयं यः प्रागुक्तः स नान्येषां तीर्थान्तरीयाणां वर्त्तते । तया च आमं-एवमिति प्रतिपन्ने गुरुणा कथितं, यथा—'अन्येनापि ध्यानार्थिना तथारूपं तं भगवन्तं हृदयमध्ये परिकल्प्य देवदानवादिवत् तं यावत् प्रवेशः कर्त्तव्यः, ततस्तदुपरि प्रवेशोपरि 'अध्युष्टकला' इति सार्द्धाभिस्तिसृभिः कलाभिः समनुगतो भगवान् ध्येयः' । इहाऽष्टौ कलाः—ज्ञानावरणादिकर्माष्टकरूपाः । तत्र घातिकर्मरूपाश्चतस्रः कियत्यपि चायुःकर्मकला केवलज्ञानोदयकाले भगवतः क्षीणा, शेषास्तु साद्धास्तिस्रः कला अवशिष्यन्ते । अतस्ताभिः समनुगः केवलिविहारकालं यावद् ध्यातव्यः । तदुक्तमनेनैव शास्त्रकृता ब्रह्मप्रकरणे—'सर्वं धर्मादि यः साक्षाद्युगपद्वेत्ति तत्त्वतः । रागादिरहितश्चैव स सर्वज्ञः सतां मतः ।।१।। सार्धसत्त्रिकलोपेतः क्षीणसार्द्धचतुष्कलः । सर्वार्थनिरतः श्रीमान् नृसुरासुरपूजितः ।।२।। अन्वर्थयोगतश्चायं महादेवोऽर्हतस्तथा । बुद्धश्च गीयते सद्भिः प्रशस्तैर्नामभिस्तथा ।।३।।' इत्यादि । सार्द्धसत्त्रिकलोपेत इत्यादि-सार्द्धाभिः तिसृभिः सतीभिः प्रशस्तकर्मत्वेन सुन्दराभिः कलाभिरुपेतः । अतोऽस्मादन्यत्

सिद्धस्वरूपलक्षणं द्वितीयं ध्यानं ध्यातव्यम्, यथोक्तम्—'अनन्तदर्शनं ज्ञानं सम्यक्त्वादिगुणान्वितम् । स्वोपात्तानन्तरत्यक्तशरीराकारधारिणम् ।।१।। साकारं च निराकारममूर्त्तमजरामरम् । जिनबिम्बमिव स्वच्छस्फटिकप्रतिबिम्बितम् ।।२।। लोकाग्रशिखरारूढमुदूढसुखसम्पदम् । सिद्धात्मानं निराबाधं ध्यायेदुद्धृतकल्मषम् ।।३।।' इति । एतस्य च द्वितीयस्यापि ध्येयस्याभ्यासाद् दर्शनमवलोकनं सम्पद्यते । स्वच्छाभ्रकगृहान्तरगतप्रदीपस्येव बहिः स्थितानामिति ।।८९४।।

सरजस्कविद्यामन्त्रादि सरजस्केणोपदिष्टं यद् विद्यादि विद्यामन्त्रतन्त्रात्मरक्षादि तत् सर्वमतत्त्वं वर्त्तत इति गुरुणा प्रतिपादिते तस्यास्तथादर्शनादतत्त्वरूपतयैवावलोकनात् विकल्पश्चित्तद्वैविध्यलक्षणो, यथा—पूर्वो ध्यानमार्गः प्रमाणतया प्रतिपन्नोऽप्यतत्त्वरूपः सम्पन्नो, माऽत एषोऽपि तथा भविष्यतीत्येवंरूपो जात इत्येवं शंकायां जातायां ज्ञानक्रियोपशमादिगुणान् गुरोरनन्यसाधारणानवलोकमाना स्वयमेव सम्पन्नदृढश्रद्धाना परिभावितवती, यथा—सत्यो गुरुरयम् । ततः पुनरपि पृष्टवती—भगवन्! किं तत्त्वम् ? गुरुराह—उचितानुष्ठानं-यद्यदा कर्त्तुमुचितं ध्यानमध्ययनं देवतापूजादि साधुदानादि च तत् तदा विधेयमित्येवंलक्षणम् ।।८९५।।

विपर्यये बाधकमाह—इतरथा उचितत्वमन्तरेण एतदेवानुष्ठानं छात्ररत्नपरिच्छित्तितुल्यं भणितं, प्रायेण बाहुल्येन, विघ्नभूतमन्तरायरूपं सदा सर्वकालमुचितफलस्य साधयितुमिष्टाद् दुःशकात् फलादन्यस्य साधयितुं योग्यस्य फलस्य विज्ञेयमिति ।।८९६।।

छात्ररत्नपरिछित्तिज्ञातमेव भावयति-पत्न्या रत्नसारं मणिखण्डितमाभरणं कण्ठाभरणादि श्रीफलं सम्पद्यत इति श्रुत्वा कश्चिच्छात्र आदौ प्रथममेव शेषजीवनोपायपरिहारेण तत्परीक्षालग्नो रत्नपरीक्षा-यामादरणाद् ('चुक्को ततो सव्व'त्ति भ्रष्टस्ततः) सर्वस्मात् ग्रासाच्छादनादेरपि ।।८९७।।

एवमेव 'ध्यानान्मोक्षः सम्पद्यते' इत्येतद् निशम्य समाकर्ण्य प्रथमं तु प्रथममेव शेषगुरुविनय-शास्त्राभ्यासादिविहितानुष्ठानपरिहारेण तल्लग्नो ध्यानलग्नः, किं पुना रत्नपरीक्षालग्नश्छात्र इत्यपिहु-शब्दार्थः, 'चुक्कइ'त्ति भ्रस्यति नियमादुचितस्य सर्वस्योचितात् सर्वस्मादित्यर्थः । अयमत्राभिप्रायो, यथा सम्पूर्णभोजनाच्छादनादिसौख्यस्य पुंसो विशेषविभवाकाङ्क्षायां रत्नपरीक्षणमुपपन्नं स्यात्, तथा साधोः शिक्षितनिखिलसाधुसमाचारस्य सम्यगभ्यस्तधर्मध्यानशुक्लध्यानयोग्यसूत्रार्थस्य शेषविहिता-नुष्ठानाबाधया प्रागुक्तमेव ध्यानमिति श्रमणोपासकानामपि शेषविहितानुष्ठानाबाधया समुचितसमये युक्तमेव नमस्कारादिध्यानमिति ।।८९८।।

ततः शुद्धधर्मदेशना सूरिणा कृता साधुश्रावकधर्मप्रतिपादनरूपा । परिणमनं देशनायाः सम्पन्नम् । अणुव्रतादिग्रहणं च तया कृतम् । इत्येवं ज्ञानी गीतार्थः कल्याणं भद्रं सर्वेषां स्वस्य परेषां च प्रायशः करोतीति ।।८९९।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે સાધુએ માંડલીપ્રમુખ વિધિપૂર્વક સૂત્રાર્થનું ગ્રહણ કરવું જોઈએ અને તે પ્રકારે કોઈ ગ્રહણ કરે તો તે મહાત્મા જ્ઞાની બને છે અને જ્ઞાની થયેલ તે મહાત્મા સ્વપરનું કલ્યાણ કરે છે. કઈ રીતે જ્ઞાની થયેલ મહાત્મા પરનું કલ્યાણ કરે છે એમાં દૃષ્ટાંત બતાવે છે.

કોઈક રાજાની પત્ની કોઈક નિમિત્તે ધ્યાનના આગ્રહવાળી થઈ અને કોઈક અગીતાર્થ સાધુએ તે રાણીને ધ્યાનવિષયક અસંબદ્ધ કથન કર્યું. તે સાંભળીને રાણીને જૈન સાધુ ધ્યાનના વિષયમાં અજ્ઞ છે તેવો નિર્ણય થયો. કોઈક ગીતાર્થ સાધુને તે મહાત્માએ વાત કરી તેથી તે ગીતાર્થ સાધુએ રાણીને યોગ્ય જાણીને તેના ઉપકાર અર્થે અન્ય કોઈ ઉપદેશ આપ્યા વગર ધ્યાનની તેની રુચિ પુષ્ટ થાય તે અર્થે અરિહંતના અને સિદ્ધભગવંતના ધ્યાનનું સ્વરૂપ બતાવ્યું અને જ્યારે રાણીને તે ગુરુના માહાત્મ્યથી ધ્યાનવિષયક કાંઈક માર્ગાનુસારી બુદ્ધિ થાય છે ત્યારે અન્ય દર્શનના ધ્યાનનું સ્વરૂપ અસંબદ્ધ છે તેમ બતાવે છે અને તે મહાત્માના વચનથી રાણીને નિર્ણય થાય છે કે પૂર્વમાં મેં જાણેલું ધ્યાનનું સ્વરૂપ અસંબદ્ધ છે અને આ મહાત્મા જે ધ્યાનનું સ્વરૂપ બતાવે છે તે ધ્યાન મોક્ષનું કારણ છે; કેમ કે સિદ્ધના ધ્યાનથી સિદ્ધસદૃશ થવાય એ પ્રકારની માર્ગાનુસારી યુક્તિથી રાણીને તે ધ્યાનનું સ્વરૂપ સમ્યગ્ બેસે છે છતાં વિકલ્પ થાય છે કે જેમ પૂર્વના શૈવસાધુ દ્વારા બતાવેલા ધ્યાનમાં મોક્ષના ઉપાયની બુદ્ધિ થઈ, હવે આ મહાત્માના ધ્યાનના સ્વરૂપના વર્ણનથી પ્રથમનું ધ્યાન નિઃસાર જણાય છે અને આ અરિહંતનું અને સિદ્ધનું ધ્યાન જ મોક્ષનું કારણ જણાય છે છતાં તેમાં પણ વિપર્યાસ થવાની સંભાવના છે કે નહીં તેવી શંકા થાય છે અને તે શંકાને કારણે ગુરુને પ્રશ્ન કરે છે કે 'તત્ત્વ શું છે ?' આ પ્રકારનો તે રાણીને જ્યારે માર્ગાનુસારી ઊહ પ્રગટે છે ત્યારે ગુરુ કહે છે કે 'ઉચિત અનુષ્ઠાન જ તત્ત્વ છે તેથી ભૂમિકાની અપ્રાપ્તિકાળમાં ધ્યાન માટે કરાયેલો યત્ન પણ ઉચિત ફળમાં વિઘ્નભૂત છે' એ પ્રકારે કહીને ગુરુ તે રાણીને અણુવ્રતાદિનો માર્ગાનુસારી બોધ કરાવે છે.

આનાથી એ ફલિત થાય કે વિધિપૂર્વક શાસ્ત્રઅધ્યયન કરીને સંપન્ન થયેલા મહાત્માઓ ધીરતાપૂર્વક યોગ્ય જીવના કલ્યાણ માટે ઉચિત યત્ન કરે છે આથી ધ્યાનથી જ મોક્ષ છે એ પ્રકારના આગ્રહવાળી રાણીને પ્રથમ અન્ય ઉચિત કૃત્યનો ઉપદેશ આપતા નથી પરંતુ કલ્યાણને અનુકૂળ તેની વૃત્તિને જાણીને ધ્યાનનું એવું યથાર્થ સ્વરૂપ બતાવે છે જેથી રાણીને સ્થિર વિશ્વાસ થાય કે આ ધ્યાનથી મોક્ષ થઈ શકે, અન્ય ધ્યાનથી મોક્ષ થઈ શકે નહીં. આમ છતાં કઈ આચરણા કરવાથી પોતાનું હિત થાય તેવો માર્ગાનુસારી બોધ રાણીને થયો નથી તેથી ધીરતાપૂર્વક તે મહાત્મા રાણીને જિજ્ઞાસા થાય નહીં ત્યાં સુધી તે વિષયમાં કાંઈ કહેતા નથી. જ્યારે રાણી પ્રશ્ન કરે છે કે 'તત્ત્વ શું છે ?' ત્યારે તેની ભૂમિકાને અનુકૂળ તત્ત્વ બતાવે છે કે પ્રથમ ભૂમિકામાં ધ્યાન ઉચિત નથી પરંતુ ભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન જ મોક્ષનું કારણ છે. આ રીતે ધ્યાનથી મોક્ષ છે એ પ્રકારના ઈષદ્ આગ્રહવાળી રાણીને તે મહાત્મા શુદ્ધ માર્ગમાં અવતાર કરી શકે છે તેનું કારણ વિધિપૂર્વક અર્થના ગ્રહણ કરવાથી પક્વ થયેલી બુદ્ધિ યોગ્ય જીવોને માર્ગની પ્રાપ્તિ કરાવી શકે છે તેમાં તે આચાર્ય દૃષ્ટાંતરૂપ છે. **॥૮૯૧થી ૮૯૯॥**

અવતરણિકા :-

અથ દ્વિતીય જ્ઞાતં ગાથાદશકેન ભાવયતિ –

અવતરણિકાર્થ :-

હવે બીજા દૃષ્ટાંતને દશ ગાથા વડે ભાવન કરે છે –

ગાથા :-

संमुच्छिमपाओ सवणदुब्बलो चेव कोइ रायत्ति ।
उत्तमधम्माजोग्गो सद्धो तह कुपरिवाओ य ।।९००।।
रिसिमित्तदंसणेणं आउट्टो पूयदाणनिरओत्ति ।
अण्णापोहाहिगरणकह विपरिणओ य मुक्खत्ति ।।९०१।।
गीयनिवेयणमागम तब्भावावगम पुच्छ किं तत्तं ।
अइगंभीरं साहह जइ एवं सुणसु उवउत्तो ।।९०२।।
सत्थिमईए माहणधूया सहिया विवाहभेओत्ति ।
सुत्थासुत्थे चिंता पहुणगमणे विसाओत्ति ।।९०३।।
पुच्छा साहण पावा दूहव मा कुण करेमि ते गोणं ।
मूलिगदाणं गमणं तीए अप्पत्तिय पओगो ।।९०४।।
गोणत्तं विद्दाणा गोमीलणमन्नपासणण्णाए ।
कहणं मणुओ तीए कह पुण मूलाए सा कत्थ ।।९०५।।
णग्गोहतले सवणं णियत्तणा चिंत सव्वचरणंति ।
पत्ता मणुओ एवं इह एसा धम्ममूलत्ति ।।९०६।।
ता ओहेणं इहयं उचियत्तेणमविरोहओ जत्तो ।
कायव्वो जह भव गोणविगमओ जीवमणुयत्तं ।।९०७।।
तोसा सासणवण्णो पूजा भत्तीए बीजपक्खेवो ।
एवं णाणी बाहुल्लओ हियं चेव कुणइत्ति ।।९०८।।
एयारिसओ लोओ खेयण्णो हंदि धम्ममग्गम्मि ।
बुद्धिमया कायव्वो पमाणमिइ ण उण सेसोवि ।।९०९।।

અન્વયાર્થ :-

संमुच्छिमपाओ=संमूर्च्छिमप्रायः=असंज्ञीतुल्य=युक्तायुक्त विचार करवामां असमर्थ, सवणदुब्बलो चेव=अने श्रवणदुर्बल=जे कांई होय तेवा श्रुतने ग्रहण करनार, कोई रायत्ति=कोईक राजा हतो. उत्तमधम्माजोग्गो सद्धो=उत्तम धर्मने अयोग्य प्रकृतिथी श्रद्धाळु, तह य=अने, कुपरिवाओ=कुपरिवारवाळो= खराब शिक्षावाळा परिवारवाळो.

रिसिमित्तदंसणेणं आउट्टो पूयदाणनिरओत्ति=ऋषिमात्रना दर्शनथी आकर्षायेलो पूजादानमां निरत हतो. अण्णापोहाहिगरणकह=अन्यना अपोह अने अधिकरणकथाथी=कोईक अगीतार्थ साधु ते राजाने अन्य दर्शनना मतना निरासपूर्वक अने तेओनी आचरणा अधिकरणवाळी छे ते प्रकारना कथनथी, विपरिणओ=ते राजा विपरिणामवाळो थयो. मुक्खत्ति य=अने 'आ मूर्ख छे' तेम माने छे.

गीयनिवेयणं=गीतार्थने निवेदन=ते साधु वडे गीतार्थने निवेदन, आगम=आगमन=उचित काळे गीतार्थ साधुनुं आगमन, तब्भावावगम=तेना भावनो अवगम=राजाना भावनो गीतार्थ साधुने बोध, पुच्छ=पृच्छा=राजाओ गीतार्थ साधुने पूछ्युं. किं तत्तं='तत्त्व शुं छे ?' (गीतार्थ साधुओ उत्तर आप्यो —) अइगंभीरं='अति गंभीर (तत्त्व छे).' (राजाओ कह्युं —) साहह जइ एवं='जो आ रीते होय तो कहो'='जो तत्त्व अति गंभीर होय तो तमे तत्त्व कहो.' (गीतार्थ साधुओ कह्युं —) सुणसु उवउत्तो= 'उपयुक्त (थईने) तुं सांभळ.'

सत्थिमईए=स्वस्तिमति नगरीमां, माहणधूया=ब्राह्मणपुत्री, सहिया विवाहभेओत्ति=सखीना विवाहने कारणे भेद थयो=सखीना विवाह थवाथी बंने छूटां पड्यां. सुत्थासुत्थे चिंता=सखी स्वस्थ छे के अस्वस्थ छे तेनी ब्राह्मणपुत्रीने चिंता, पहुणगमणे=प्राधुर्णकभावथी सखी पासे गमन, विसाओत्ति=विषाद= सखीना मुख पर तेना वडे विषाद जोवायो.

पुच्छा=सखीओ विषादनुं कारण पूछ्युं. साहण=कथन=सखीओ विषादनुं कारण कह्युं. पावा दूहव='हुं पापी छुं, दुर्भागी छुं' (तेणीओ कह्युं —) मा कुण='कर नहीं'='तुं खेद न कर', करेमि ते गोणं='हुं तेने बळद करुं.' मूलिगदाणं=मूळियुं आप्युं=तेणीओ सखीने मूळियुं आप्युं जेना प्रयोगथी तेनो पति बळद थशे. गमणं=गमन=ब्राह्मणपुत्रीनुं पोताना स्थाने गमन. तीए अप्पत्तिय पओगो=तेणी वडे अप्रीतिथी प्रयोग=पतिने बळद करवा ब्राह्मणपुत्री वडे अपायेला मूळियानो सखी वडे अप्रीतिथी प्रयोग.

गोणत्तं=गोत्व=पतिनुं बळदपणुं थयुं. विद्दाणा=(ते स्त्री) खेदवाळी थई. गोमीलणं=गायनी साथे तेनुं मिलन कराव्युं. अन्नपासणण्णाए कहणं=अन्य वडे जोवाई अने संज्ञाथी कथन=विद्याधर युगले बळदने जोयो अने विद्याधरे कह्युं — मणुओ='मनुष्य छे'='आ सहज बळद नथी परंतु मनुष्य छे', तीए=तेणी वडे=विद्याधरीओ पूछ्युं — कह पुण='फरी केवी रीते थाय ?'='बळद पाछो मनुष्य केवी रीते थई शके ?' (विद्याधरे कह्युं —) मूलाए='मूळियाथी' (विद्याधरीओ पूछ्युं —) सा कत्थ='ते मूळियुं क्यां छे ?'

(વિદ્યાધરે કહ્યું –) णग्गोहतले='આ વૃક્ષની નીચે છે', सवणं=શ્રવણ=તે સ્ત્રીએ વિદ્યાધરનાં વચનોનું શ્રવણ કર્યું. णियत्तणा=નિવર્તના=તેના અનુગ્રહ માટે ગમનાદિથી નિવર્તન કરાઈ. चिंत=ચિંતા=મૂળિયું કેવી રીતે પ્રાપ્ત થશે તેની ચિંતા થઈ, सव्वचरणंति=સર્વનું ચરણ કરાવ્યું, पत्ता=પ્રાપ્ત થયું=એ રીતે મૂળિયું પ્રાપ્ત થયું. मणुओ=મનુષ્ય થયો=પતિ બળદમાંથી પાછો મનુષ્ય થયો. एवं इह=આ રીતે અહીં=ગંભીર તત્ત્વનો વિચાર હોતે છતે, एसा धम्ममूलत्ति=આ ધર્મની મૂળા છે.

ता=તે કારણથી, ओहेणं=ઓઘથી=સર્વ દેવની આરાધનારૂપ સામાન્યથી, इहयं=અહીં પણ=ધર્મના વિષયમાં પણ, उचियत्तेणं=ઉચિતપણાથી, अविरोहओ जत्तो कायव्वो=અવિરોધથી યત્ન કરવો જોઈએ, जह=જે પ્રમાણે, भव गोणविगमओ जीवमणुयत्तं='તારું ગોવિગમનથી જીવમનુષ્યપણું=સંસારીપણારૂપ ગાયભાવના હ્રાસથી કેવળ જીવલક્ષણ મનુષ્યપણું પ્રાપ્ત થાય.'

तोसा=તોષથી=સૂરિ વડે ઉપદેશના કારણે રાજાને તોષ થવાથી, सासणवण्णो=શાસનનો વર્ણવાદ કરાયો, पूजा=પૂજા કરી, भत्तीए बीजपक्खेवो=ભક્તિથી બીજનો પ્રક્ષેપ, एवं णाणी बाहुल्लओ हियं चेव कुणइत्ति=આ રીતે જ્ઞાની બાહુલ્યથી હિત જ કરે છે.

एयारिसओ लोओ=આવા પ્રકારનો લોક=આવા પ્રકારના આચાર્ય જેવા મહાત્મા, धम्ममग्गम्मि=ધર્મમાર્ગમાં, खेयण्णो हंदि=ખેદજ્ઞ છે=નિપુણ છે. बुद्धिमया कायव्वो पमाणमिइ=બુદ્ધિમાન વડે પ્રમાણ કરવો જોઈએ. ण उण सेसोवि=વળી શેષને પ્રમાણ કરવા જોઈએ નહીં. ॥૯૦૦થી ૯૦૯॥

ગાથાર્થ :-

संमूर्च्छिमप्रायः=અસંજ્ઞીતુલ્ય=યુક્તાયુક્ત વિચાર કરવામાં અસમર્થ, અને શ્રવણદુર્બલ=જે કાંઈ હોય તેવા શ્રુતને ગ્રહણ કરનાર, કોઈક રાજા હતો. ઉત્તમ ધર્મને અયોગ્ય પ્રકૃતિથી શ્રદ્ધાળુ અને કુપરિવારવાળો=ખરાબ શિક્ષાવાળા પરિવારવાળો.

ઋષિમાત્રના દર્શનથી આકર્ષાયેલો પૂજાદાનમાં નિરત હતો. અન્યના અપોહ અને અધિકરણ-કથાથી=કોઈક અગીતાર્થ સાધુ તે રાજાને અન્ય દર્શનના મતના નિરાસપૂર્વક અને તેઓની આચરણા અધિકરણવાળા છે તે પ્રકારના કથનથી, તે રાજા વિપરિણામવાળો થયો અને 'આ મૂર્ખ છે' તેમ માને છે.

ગીતાર્થને નિવેદન=તે સાધુ વડે ગીતાર્થને નિવેદન, આગમન=ઉચિત કાળે ગીતાર્થ સાધુનું આગમન, તેના ભાવનો અવગમ=રાજાના ભાવનો ગીતાર્થ સાધુને બોધ, પૃચ્છા=રાજાએ ગીતાર્થ સાધુને પૂછ્યું. 'તત્ત્વ શું છે ?' ગીતાર્થ સાધુએ ઉત્તર આપ્યો – 'અતિ ગંભીર તત્ત્વ છે.' રાજાએ કહ્યું – 'જો આ રીતે હોય તો કહો'='જો તત્ત્વ અતિ ગંભીર હોય તો તમે તત્ત્વ કહો.' ગીતાર્થ સાધુએ કહ્યું – 'ઉપયુક્ત થઈને તું સાંભળ.'

સ્વસ્તિમતિ નગરીમાં બ્રાહ્મણપુત્રી સખીના વિવાહને કારણે ભેદ થયો=સખીના વિવાહ થવાથી બંને છૂટાં પડ્યાં. સખી સ્વસ્થ છે કે અસ્વસ્થ છે તેની બ્રાહ્મણપુત્રીને ચિંતા. પ્રાઘુર્ણકભાવથી સખી પાસે ગમન. વિષાદ=સખીના મુખ પર તેના વડે વિષાદ જોવાયો.

સખીએ વિષાદનું કારણ પૂછ્યું. કથન=સખીએ વિષાદનું કારણ કહ્યું. 'હું પાપી છું, દુર્ભાગી છું'. તેણીએ કહ્યું – 'કર નહીં'='તું ખેદ ન કર. હું તેને બળદ કરું.' મૂળિયું આપ્યું=તેણીએ સખીને મૂળિયું આપ્યું જેના પ્રયોગથી તેનો પતિ બળદ થશે. ગમન=બ્રાહ્મણપુત્રીનું પોતાના સ્થાને ગમન. તેણી વડે અપ્રીતિથી પ્રયોગ=પતિને બળદ કરવા બ્રાહ્મણપુત્રી વડે અપાયેલા મૂળિયાનો સખી વડે અપ્રીતિથી પ્રયોગ.

ગોત્વ=પતિનું બળદપણું થયું. તે સ્ત્રી ખેદવાળી થઈ. ગાયની સાથે તેનું મિલન કરાયું. અન્ય વડે જોવાઈ અને સંજ્ઞાથી કથન=વિધાધર યુગલે બળદને જોયો અને વિધાધરે કહ્યું – 'મનુષ્ય છે'='આ સહજ બળદ નથી પરંતુ મનુષ્ય છે' તેણી વડે=વિધાધરીએ પૂછ્યું – 'ફરી કેવી રીતે થાય ?'='બળદ પાછો મનુષ્ય કેવી રીતે થઈ શકે ?' વિધાધરે કહ્યું – 'મૂળિયાથી'. વિધાધરીએ પૂછ્યું – 'તે મૂળિયું ક્યાં છે ?'

વિધાધરે કહ્યું – 'આ વૃક્ષની નીચે છે'. શ્રવણ=તે સ્ત્રીએ વિધાધરનાં વચનોનું શ્રવણ કર્યું. નિવર્તના=તેના અનુગ્રહ માટે ગમનાદિથી નિવર્તન કરાઈ. ચિંતા=મૂળિયું કેવી રીતે પ્રાપ્ત થશે તેની ચિંતા થઈ. સર્વનું ચરણ કરાવ્યું. પ્રાપ્ત થયું=એ રીતે મૂળિયું પ્રાપ્ત થયું. મનુષ્ય થયો=પતિ બળદમાંથી પાછો મનુષ્ય થયો. આ રીતે અહીં=ગંભીર તત્ત્વનો વિચાર હોતે છતે, આ ધર્મની મૂળા છે.

તે કારણથી ઓઘથી=સર્વ દેવની આરાધનારૂપ સામાન્યથી, અહીં પણ=ધર્મના વિષયમાં પણ, ઉચિતપણાથી અવિરોધથી યત્ન કરવો જોઈએ, જે પ્રમાણે 'તારું ગોવિગમનથી જીવમનુષ્યપણું= સંસારીપણારૂપ ગાયભાવના હ્રાસથી કેવળ જીવલક્ષણ મનુષ્યપણું પ્રાપ્ત થાય.'

તોષથી=સૂરિ વડે ઉપદેશના કારણે રાજાને તોષ થવાથી, શાસનનો વર્ણવાદ કરાયો. પૂજા કરી. ભક્તિથી બીજનો પ્રક્ષેપ. આ રીતે જ્ઞાની બાહુલ્યથી હિત જ કરે છે.

આવા પ્રકારનો લોક=આવા પ્રકારના આચાર્ય જેવા મહાત્મા, ધર્મમાર્ગમાં ખેદજ્ઞ છે=નિપુણ છે. બુદ્ધિમાન વડે પ્રમાણ કરવો જોઈએ. વળી શેષને પ્રમાણ કરવા જોઈએ નહીં. ।।૯૦૦થી ૯૦૯।।

ટીકા :-

संमूर्च्छिमप्रायोऽसंज्ञितुल्यो युक्तायुक्तविवेचनासहोऽत एव श्रवणदुर्बलो यत्किञ्चनश्रुतग्राही, चेवेति समुच्चये, कोऽपि राजा आसीदिति । तथोत्तमधर्मायोग्यो विभक्तरूपदेवधर्म्मादिप्रतिपत्त्यसहिष्णुः प्रकृत्या श्राद्धो धर्मश्रद्धालुः, तथा कुपरिवारश्च दुःशिक्षितपरिवारानुगतश्च ।।९००।।

स चान्यदा मुग्धधर्मश्रद्धालुतया ऋषिमात्रदर्शनेन तथाविधबठरजैनतपोधनावलोकनेन आवृत्त आक्षिप्तः सन्, तं प्रति पूजादाननिरतोऽभूत् । तत्र पूजाऽभ्युत्थानादिप्रतिरूपा, दानं च वस्त्रपात्रादिवितरणमिति । तेन च ऋषिणा कदाचित् तदग्रतः अन्यापोहः शाक्यादितीर्थान्तरीयनिरासः; तथा, अधिकरणकथा अधिकरणस्य त्रसस्थावरभूतोपमर्दरूपस्य कथा कृता, तत्र तन्निरासः, यथैते सन्मार्गविद्वेषिणः कुमार्गपुरस्कारिणश्च वर्त्तन्ते । अधिकरणकथा च नैतेषां त्रसस्थावरजीवपरिज्ञानं, तद्रक्षणोपायश्च कश्चिदस्तीति । एतच्च श्रुत्वासौ विपरिणतश्च तं प्रति विरक्तमानसः पुनः संवृत्तः, मूर्खोऽयं य इत्थं परदर्शनगोचरमत्सरभरपरवशो वर्त्तत इति कृत्वा ।।९०१।।

तेन च साधुना गीतनिवेदनं गीतार्थसूरिनिवेदनं कृतम् । यथाऽसौ राजाऽस्मत्प्रज्ञापनाया विपरिणत आस्त इति । समये चागमस्तस्य सूरे राजान्तिके सम्पन्नः । ततस्तद्भावावगमस्तस्य राज्ञः सम्बन्धिनो भावस्य परिज्ञानमभूत् । सूरेः समये च राज्ञा पृच्छा कृता, यथा—'भगवन्! किं तत्त्वम् ?' इति । गुरुणा चोक्तमतिगंभीरं तत्त्वं स्वयमेव ज्ञातुमशक्यमित्यर्थः । स प्राह—साधयत कथयत यद्येवमतिगम्भीरं तथा ज्ञातुमशक्यम् । गुरुः—शृणूपयुक्तः सन् ।।९०२।।

स्वस्तिमत्यां पुरि ब्राह्मणदुहिता काचित् । तस्याश्च सखिका भूता । तयोश्च कालेन भिन्नयोः स्थानयोर्विवाहाद् भेदः सम्पन्नः । इति प्राग्वत् । अन्यदा च ब्राह्मणदुहितुः सुस्थासुस्थे सौख्ये दौख्ये चेत्यर्थः सखीगोचरे चिन्ताऽभूत् । ततः स्वयमेव प्राघुर्णगमने प्राघुर्णकभावेन तदन्ते गमने कृते विषादस्तस्यास्तया दृष्ट इति ।।९०३।।

ततः पृच्छा विषादनिमित्तविषया तया कृता । सख्या च साधनमारब्धं, यथा—पापाऽहं यतो दुर्भगा पत्युर्वर्त्ते इति । तया चोक्तं—मा कुरु खेदं, करेमि ते तव पतिं गामनड्वाहम् । ततो मूलिकादानं कृत्वा गमनं निजस्थाने ब्राह्मणपुत्र्याऽकारि । ततस्तया सख्याऽप्रीत्या यथाऽहं चिरकालमनेनापमानितेत्यभिप्रायेण प्रयोगश्चूर्णादिव्यापाररूपः तस्या मूलिकायाः पत्यौ कृतः ।।९०४।।

अचिन्त्यो हि मणिमन्त्रौषधीनां प्रभाव इति गोत्वं भर्त्तुः समजनि । तं च तथाविधमालोक्य सा विद्राणा विषण्णा, यथा—कथमयं पुनः पुमान् भविष्यतीति । ततस्तया बहिश्चारिचरणार्थं गवां मध्ये तस्य मीलनं कृतम् । स्वयं च पृष्ठलग्ना भ्राम्यतीति । अन्यदा चानेन केनचिद् विद्याधरयुग्मेन वटशाखावलम्बिना दर्शनं तस्य कृतम् । तेन च तस्मिन् कथनं सहचर्याः कृतं विद्याधरेण, यथैष मनुजः सन् वृषभतया वृत्तो वर्त्तते । ततस्तया पृष्टः कथमयं पुनरपि मनुजो भविष्यतीति । स प्राह—मूलया । विद्याधरी—इयं मूला कुत्र तिष्ठतीति ।।९०५।।

विद्याधरः—न्यग्रोधतलेऽस्यैव पादपस्य मूले । इत्युक्त्वा विद्याधरयुग्मं तिरोऽभूत् । अस्य च

समग्रस्यापि वृत्तान्तस्य गोपत्न्याधःस्थितया श्रवणमकारि । तदनुगृहगमनादेर्निवर्त्तना कृता । चिन्ता– कथमियं मूला प्राप्स्यते ?। ततः सर्वचरणं कारयितुमारब्धोऽसौ तया । इत्येवं प्राप्ता मूला । तद्भक्षणाच्च मनुजः समजनीति । एवमनेन न्यायेनेह गम्भीरतत्त्वविचारे प्रस्तुते सत्येषा धर्ममूला विपर्यस्तज्ञानरूपपशुभावनिवर्त्तनक्षमा लभ्या इति ।।९०६।।

तत् तस्मादद्यापि देवगुरुधर्माणामनेकधा लोकवृत्तानां सम्यक्परिज्ञानाभावे सति ओघेन सामान्येन सर्वदेवताराधनरूपेणेह धर्मतत्त्वे साध्ये, उचितत्वेन यो देवादिर्यावत्याः प्रतिपत्तेर्योग्य इत्येवंरूपेण' अविरोधतः शिष्टलोकरूढविभवोपार्जनादिन्यायानतिक्रमेण, यत्नः कर्त्तव्यः । तथा, यथा भवतो गोत्वविगमतः संसारित्वरूपगोभावह्रासेन जीवमनुजत्वं केवलजीवलक्षणं मानुष्यमाप्यत इति ।।९०७।।

ततस्तोषात् तस्य राज्ञः प्रमोदाद 'हो! महद् माध्यस्थ्यमित्येषाम्' इत्येवंलक्षणात् शासनवर्णो जैनदर्शनप्रशंसारूपः सम्पन्नः । पूजा च गौरवरूपा शासनस्यैव कृता । तया च दर्शनगोचरया भक्त्या बीजप्रक्षेप आत्मक्षेत्रे राज्ञा विहितः । एवं प्रागुक्तगीतार्थाचार्यवत् ज्ञानी बाहुल्यतो हितमेव कुरुते । इति प्राग्वत् ।।९०८।।

यत एवं ततः 'एयारिसओ' इत्यादि । एतादृशश्च तादृश एव निरूपिताचार्यसदृशो लोकः खेदज्ञो निपुणो । हंदीति पूर्ववत् । धर्मे श्रुतचारित्राराधनलक्षणे बुद्धिमता नरेण कर्त्तव्यः प्रमाणं निर्णयहेतुः । इत्यस्मादगीतार्थप्रमाणकरणानर्थभावाद् हेतोर्न पुनः शेषोऽपि तत्सदृशाकारधारकोऽपि, आकारसाम्येऽपि भावानां परस्परं चित्रशक्तित्वेन भेदात् ।।९०९।।

ભાવાર્થ :-

કોઈક રાજા તત્ત્વની વિચારણામાં સંમૂર્ચ્છિમપ્રાયઃ હતો તેથી ધર્મના પારમાર્થિક સ્વરૂપને સમજી શકે તેવી સૂક્ષ્મ પ્રજ્ઞા ન હતી છતાં ધર્મ તપત્યાગ સ્વરૂપ છે તેટલી જ તેની બુદ્ધિ હતી. વળી, શ્રવણમાં દુર્બલ હતો તેથી જે મહાત્માઓ જે કાંઈ તપત્યાગની વાત કહે તે મહાત્માનાં તે વચનો તેને સુંદર જણાય અને અન્ય દર્શનનાં વચનો સુંદર નથી એમ કોઈ કહે તો આ સાધુઓ અન્ય દર્શનના દ્વેષી છે તે પ્રકારે તેની બુદ્ધિ થાય તેવો સ્થૂળ બુદ્ધિવાળો હતો. તેથી તેવા જીવોને આદ્ય ભૂમિકામાં સર્વ દેવોને નમસ્કાર કરવા જોઈએ, સર્વ ત્યાગીઓની ભક્તિ કરવી જોઈએ એ પ્રકારે મધ્યસ્થતાના કારણીભૂત ધર્મનું સ્વરૂપ કહેવું જોઈએ. તેના બદલે અગીતાર્થ સાધુએ વિપરીત પ્રરૂપણા કરીને જૈનદર્શન અન્ય દર્શન કરતાં શ્રેષ્ઠ છે તેમ બતાવવા યત્ન કર્યો તેથી રાજાને થયું કે આ સાધુ મૂર્ખ છે. પરંતુ જ્યારે અન્ય ગીતાર્થ મહાત્માએ તેની ભૂમિકા જાણીને તેનો માધ્યસ્થભાવ વધે તે પ્રકારે ચારિસંજીવનીનું દૃષ્ટાંત આપીને કહ્યું કે આ પ્રકારે ધર્મ કરવાથી સૂક્ષ્મ બુદ્ધિ થવાથી પશુભાવવાળો જીવ મનુષ્યપણાને પામે છે અર્થાત્ મધ્યસ્થ બુદ્ધિને કારણે તત્ત્વની જિજ્ઞાસાપૂર્વક તત્ત્વ જાણવા યત્ન કરે તો ક્રમસર બુદ્ધિ પક્વ થાય ત્યારે સૂક્ષ્મ તત્ત્વને જાણી શકે છે માટે

જ્યાં સુધી વિશેષ તત્ત્વનો નિર્ણય ન થાય ત્યાં સુધી કોઈ દર્શન પ્રત્યે પક્ષપાત કર્યા વગર સર્વ દેવોને નમસ્કાર કરવા જોઈએ, સર્વ ત્યાગીઓની ભક્તિ કરવી જોઈએ અને તે તે દર્શનના તત્ત્વને જાણવા યત્ન કરવો જોઈએ જેથી તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે. આ પ્રકારે ગીતાર્થો ઉપદેશ આપી શકે છે. તેથી જે મહાત્માઓ વિધિપૂર્વક શાસ્ત્ર ભણીને શાસ્ત્રના યથાર્થ તાત્પર્યને ગ્રહણ કરનારા છે તેઓ જ ધર્મના વિષયમાં પરમાર્થને જાણનારા છે તેથી તેઓને પ્રમાણ કરવા જોઈએ. શેષ મહાત્માઓ ખંડ ખંડ ભણીને શાસ્ત્રના અર્થોને જાણનારા છે અને ઉચિત સ્થાને ઉચિત ઉપદેશ આપીને જીવોના હિતને કરવા અસમર્થ છે તેથી તેવા બહુશ્રુત પણ પરમાર્થથી બહુશ્રુત નહીં હોવાથી આશ્રયણીય નથી. **॥૯૦૦થી ૯૦૯॥**

અવતરણિકા :-

આહ—યદ્યેવમલ્પ એવ લોકઃ પ્રમાણીકર્ત્તવ્યઃ સ્યાત્, તથા ચાલ્પલોકપરિગૃહીતત્વેન ધર્મો નાત્યર્થમાદેયતાં નીતો ભવેદિતિ મનસિ પરિભાવયતો ભવ્યાન્ શિક્ષયન્નાહ —

અવતરણિકાર્થ :-

અહીં પ્રશ્ન કરે છે — 'જો આ રીતે=પૂર્વમાં કહ્યું કે જ્ઞાની પુરુષ જ પ્રમાણ કરવા જોઈએ અજ્ઞાની નહીં એ રીતે, અલ્પ લોક જ પ્રમાણી કર્તવ્ય થાય અને તે રીતે=જ્ઞાની એવા અલ્પ લોક પ્રમાણભૂત છે એમ સ્વીકારીએ તે રીતે, અલ્પ લોક પરિગૃહીતપણાને કારણે ધર્મ અત્યંત આદેયતાને=ઘણા લોકોની આદેયતાને, પ્રાપ્ત કરાયેલો થતો નથી' એ પ્રકારે મનમાં પરિભાવન કરતા ભવ્ય જીવોને શિક્ષા આપતાં ગ્રંથકારશ્રી કહે છે —

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે જે મહાત્મા માંડલીઆદિ વિધિથી સૂત્રોના યથાર્થ તાત્પર્યને ગ્રહણ કરે છે અને શાસ્ત્રના પરમાર્થને પામ્યા છે એવા જ્ઞાની પુરુષ જગતના જીવોને સન્માર્ગ બતાવીને સ્વપરનું કલ્યાણ કરી શકે છે માટે કલ્યાણના અર્થી જીવોએ તેવા જ્ઞાની પુરુષનું આશ્રયણ કરવું જોઈએ પરંતુ માત્ર બાહ્ય ત્યાગાદિ કરનારા જીવોને જોઈને તેઓનું મૂઢતાથી અનુસરણ કરવું જોઈએ નહીં. આ પ્રમાણે સ્વીકારવામાં આવે તો કલ્યાણ અર્થે અલ્પ લોક જ પ્રમાણરૂપે કર્તવ્ય બને અને તેમ સ્વીકારીએ તો ધર્મ અલ્પ એવા જ્ઞાની પુરુષોથી પરિગૃહીત છે અન્ય કોઈથી નથી એમ પ્રાપ્ત થાય અને એવો પરિમિત પુરુષોથી ધર્મ પરિગૃહીત છે એમ સ્વીકારીએ તો ધર્મ અત્યંત આદેયતાને પ્રાપ્ત થતો નથી એ પ્રકારે મનમાં વિચારનારા યોગ્ય જીવોને બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે —

ગાથા :-

बहुजणपवित्तिमेत्तं इच्छंतेहिं इहलोइओ चेव ।
धम्मो ण उज्झियव्वो जेण तहिं बहुजणपवित्ती ।।९१०।।

અન્વયાર્થ :-

બહુજણપવિત્તિમેત્તં ઇચ્છંતેહિં=બહુજનપ્રવૃત્તિમાત્રને ઇચ્છતા એવા લોકો વડે, ઇહલોઇઓ ચેવ ધમ્મો ણ ઉજ્ઝિયવ્વો=ઇહલૌકિક ધર્મ જ ત્યાગ કરવો જોઈએ નહીં. જેણ=જે કારણથી, તહિં=ત્યાં=ઇહલૌકિક ધર્મમાં, બહુજણપવિત્તી=બહુજનની પ્રવૃત્તિ છે. ॥૯૧૦॥

ગાથાર્થ :-

બહુજનપ્રવૃત્તિમાત્રને ઇચ્છતા એવા લોકો વડે ઇહલૌકિક ધર્મ જ ત્યાગ કરવો જોઈએ નહીં. જે કારણથી ત્યાં=ઇહલૌકિક ધર્મમાં, બહુજનની પ્રવૃત્તિ છે. ॥૯૧૦॥

ટીકા :-

बहुजनप्रवृत्तिमात्रं गतानुगतिकरूपं लोकरूढिमेवेच्छद्भिरिह धर्मचिन्तायां लौकिकश्चैव लोकरूढ एव धर्मो हिमपथज्वलनप्रवेशभृगुपातादिलक्षणो नोज्झितव्यः, येन तत्र धर्मे बहुजनवृत्तिर्लक्षकोट्यादि-संख्यलोकसमाचाररूपा दृश्यते ।।९१०।।

ભાવાર્થ :-

પ્રાયઃ ઘણા લોક પ્રવૃત્તિ કરતા હોય તેવો ધર્મ જ ધર્મરૂપે લોકોને પ્રતિભાસ થાય છે. ભગવાનના શાસનમાં પણ બહુલતાએ ઘણા જીવોને સ્થૂળ બાહ્ય આચરણારૂપ દેખાતો ધર્મ ધર્મરૂપે પ્રતિભાસ થતો દેખાય છે. અંતરંગ વિવેકપૂર્વકની ઉચિત પ્રવૃત્તિ કરાવે તેવો વિવેકમૂલક ધર્મ કરનારા જ્ઞાની પુરુષ પરિમિત હોય છે. તેઓની બાહ્ય ધર્મની આચરણા પ્રધાનરૂપે વીતરાગના વચનથી નિયંત્રિત હોવાને કારણે આજ્ઞાનુસાર હોય છે, તેથી તે જ તત્ત્વથી ધર્મ છે. આવી આચરણાનો બોધ કરવા અર્થે વિધિપૂર્વક શાસ્ત્રઅધ્યયન કરીને સંપન્ન થયેલા ગીતાર્થ પુરુષ જ આલંબનીય છે અને તેમનાથી જ યોગ્ય જીવોને પારમાર્થિક માર્ગની પ્રાપ્તિ થાય છે એમ પૂર્વમાં કહ્યું.

જેઓ મૂઢતાથી ઘણાં જીવો જે ધર્મ કરતા હોય તે ધર્મને ધર્મરૂપે ઇચ્છે છે એવા પણ ભગવાનના શાસનમાં વર્તતા જીવોએ આલોક સંબંધી ધર્મ પણ ત્યાગ કરવો જોઈએ નહીં; કેમ કે એવો ધર્મ કરનારો વર્ગ ઘણો છે, તેમાં ઘણા જીવોની પ્રવૃત્તિ છે. જેમ લૌકિક ધર્મ કરનારા જીવો બાહ્ય કષ્ટોને ધર્મરૂપે જોનારા છે, તેથી તેવા જીવો અતિશયથી કષ્ટ વેઠે છે તેવા જીવોને ધર્મીરૂપે પ્રમાણ કરે છે. આથી કમઠ તાપસ પંચાગ્નિ તપ કરે છે જેના તપને જોઈને સાક્ષાત્ તીર્થંકરાદિના કાળમાં પણ બહુલતાએ લોકો તેના દર્શન કરવા અર્થે જાય છે અને 'આ મહાતપસ્વી છે, મહાત્યાગી છે' તેમ માનીને તેવા ધર્મ પ્રત્યે ભક્તિવાળા થાય છે. તેથી ઘણા જીવોથી આચરિત ધર્મ જો પ્રમાણરૂપ હોય તો તેવો લૌકિક ધર્મ જ પ્રમાણભૂત માનવો જોઈએ, ભગવાનના શાસનના આચારોને પ્રમાણભૂત માનવા જોઈએ નહીં. વળી, જેઓને લૌકિક ધર્મ પણ સંમત નથી પરંતુ ભગવાનના આચારરૂપ ધર્મ જ ધર્મરૂપે સંમત છે; કેમ કે સૂક્ષ્મ પૃથ્વીકાયાદિની યતના છે, તેઓએ ભગવાને બતાવેલો ધર્મ ભગવાનની આજ્ઞાના રહસ્યને જાણનારા જ્ઞાની પુરુષોથી પરિગૃહીત જ

પ્રમાણ સ્વીકારવો જોઈએ અન્યથા જૈનશાસનની માત્ર સ્થૂળ ષટ્કાયની બાહ્ય આચરણા જોઈને તેવી બાહ્ય આચરણાના બળથી કષ્ટકારી સંયમને પ્રમાણભૂત સ્વીકારવામાં આવે તો વિવેકપૂર્વકની જે કષ્ટકારી આચરણા નથી તેવી પણ બાહ્ય આચરણા પ્રમાણ બને અને વિવેકનો નાશ જે આચરણામાં વર્તતો હોય તેવી આચરણા એકાંતે કલ્યાણકારી કહી શકાય નહીં. **॥૯૧૦॥**

ગાથા :-

ता आणाणुगयं जं तं चेव बुहेण सेवियव्वं तु ।
किमिह बहुणा जणेणं हंदि ण सेयत्थिणो बहुया ।।९११।।

અન્વયાર્થ :-

ता=તે કારણથી=બહુજનપરિગૃહીત ધર્મ આચરણીય છે એ પ્રકારનો વ્યાપક નિયમ નથી તે કારણથી, आणाणुगयं जं=આજ્ઞાનુગત જે (અનુષ્ઠાન) છે, तं चेव=તેને જ, बुहेण सेवियव्वं तु=બુધપુરષોએ સેવવું જોઈએ. इह=અહીં=ધર્મ કરવાના વિષયમાં, बहुणा जणेणं किं ?=(સ્વચ્છંદ એવા) બહુજન વડે શું ?, हंदि ण सेयत्थिणो बहुया=ખરેખર શ્રેયાર્થી જીવો બહુ હોતા નથી. ॥૯૧૧॥

ગાથાર્થ :-

તે કારણથી=બહુજનપરિગૃહીત ધર્મ આચરણીય છે એ પ્રકારનો વ્યાપક નિયમ નથી તે કારણથી, આજ્ઞાનુગત જે અનુષ્ઠાન છે તેને જ બુધપુરષોએ સેવવું જોઈએ. અહીં=ધર્મ કરવાના વિષયમાં, સ્વચ્છંદ એવા બહુજન વડે શું ? ખરેખર શ્રેયાર્થી જીવો બહુ હોતા નથી. ॥૯૧૧॥

ટીકા :-

तत् तस्मादाज्ञानुगतं सर्वज्ञप्रवचनप्रतिबद्धं यदनुष्ठानं तदेव मोक्षाभिलाषिणा बुधेनोत्तमप्रकृतिना पुरुषेण सेवितव्यम् । तुःपादपूरणार्थः । किमिह धर्मकरणे बहुना जनेन स्वच्छन्दचारिणा लोकेन प्रमाणीकृतेन ? हन्दीति पूर्ववत् । न श्रेयोऽर्थिनो निर्वाणाभिलाषिणो बहवो जना यतः ।।९११।।

ભાવાર્થ :-

બુધપુરુષો બહુલતાએ અલ્પ જ હોય છે અને તેઓ જ શાસ્ત્રવિધિ અનુસાર માંડલીઆદિ વિધિપૂર્વક શાસ્ત્ર ભણીને શાસ્ત્રના પરમાર્થને જાણનારા થાય છે અને શાસ્ત્રના પરમાર્થને જાણનારા તે મહાત્મા આજ્ઞાશુદ્ધ જે અનુષ્ઠાન કરે છે તે અનુષ્ઠાન જ બુધપુરુષોએ સેવવું જોઈએ; કેમ કે તેવા અનુષ્ઠાનથી સર્વ પરંપરા થાય છે, માત્ર બાહ્ય આચરણાના સેવનથી કલ્યાણની પરંપરા થતી નથી. વધારે શું કહેવું ? સ્વમતિ અનુસાર ધર્મને કરનારા ભગવાનના શાસનમાં વર્તતા ત્યાગીઓ પણ પ્રમાણભૂત થઈ શકે નહીં પરંતુ જેઓ મોક્ષના અર્થી છે તેથી મોક્ષના ઉપાયભૂત પ્રવચનના રહસ્યને જાણીને આજ્ઞાશુદ્ધ અનુષ્ઠાન કરે છે તેઓને પ્રમાણ કરવા જોઈએ; કેમ કે શ્રેયના અર્થી જીવો હંમેશાં ઘણા હોતા નથી પરંતુ પરિમિત જ લોકો હોય છે

એથી પરિમિત જનથી પરિગૃહીત છે એવો ધર્મ સ્વીકારવા યોગ્ય નથી એમ પણ કહી શકાય નહીં પરંતુ જિનવચનના રહસ્યને જાણનારા થોડા કે ઘણા જે મહાત્મા હોય તેઓથી સ્વીકારાયેલું અનુષ્ઠાન વિવેકીએ સ્વીકારવું જોઈએ. ॥૯૧૧॥

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ ભાવન કરે છે=શ્રેયાર્થી બહુ નથી એને જ ભાવન કરે છે –

ગાથા :-

रयणत्थिणोऽतिथोवा तद्दायारोवि जह उ लोयम्मि ।
इय सुद्धधम्मरयणत्थिदायगा दढयरं णेया ।।९१२।।

અન્વયાર્થ :-

રયણત્થિણોઽતિથોવા=રત્નના અર્થી જીવો અતિ થોડા હોય છે. જહ ઉ=વળી જે પ્રમાણે, તદ્દાયારો વિ=તેના દાતાર પણ=રત્નના વેચનારા પણ, લોયમ્મિ=લોકમાં (અતિ થોડા હોય છે.) ઇય=એ રીતે, સુદ્ધધમ્મરયણત્થિ-દાયગા=શુદ્ધ ધર્મરત્નના અર્થી અને શુદ્ધ ધર્મરત્નને આપનારા (અતિ થોડા હોય છે.) દઢયરં ણેયા=દૃઢતર જાણવા=આથી જ મોક્ષમાર્ગમાં એકરતપણાથી દૃઢતર અતિ થોડા જાણવા. ॥૯૧૨॥

ગાથાર્થ :-

રત્નના અર્થી જીવો અતિ થોડા હોય છે. વળી જે પ્રમાણે તેના દાતાર પણ=રત્નના વેચનારા પણ, લોકમાં અતિ થોડા હોય છે. એ રીતે શુદ્ધ ધર્મરત્નના અર્થી અને શુદ્ધ ધર્મરત્નને આપનારા અતિ થોડા હોય છે. દૃઢતર જાણવા=આથી જ મોક્ષમાર્ગમાં એકરતપણાથી દૃઢતર અતિ થોડા જાણવા. ॥૯૧૨॥

ટીકા :-

रत्नार्थिनः पद्मरागपुष्परागादिप्रस्तरखण्डाभिलाषिणोऽतिस्तोकाः पञ्चषादिरूपाः, तद्दातारोऽपि रत्नविक्रेतारोऽपि यथा तु यथैवातिस्तोका लोके घृततैलधनधान्यादिवाणिज्यकारिणि जने । इत्येवं शुद्धधर्मरत्नार्थिक्रायका निर्वाणावन्ध्यकारणसम्यग्दर्शनादिशुद्धधर्मरत्नार्थिनो भव्यजीवाः, तद्दायकाश्च गुरवः स्वभावत एव भवोद्विग्ना लब्धागमरहस्याः, अत एव मोक्षमार्गैकरतयो दृढतरमत्यर्थं ज्ञेया अतिस्तोका इति ।।९१२।।

ભાવાર્થ :-

રત્નની પ્રાપ્તિતુલ્ય મોક્ષમાર્ગને અનુકૂળ જીવની પરિણતિ છે તે બતાવવા અર્થે કહે છે –

સંસારમાં રત્નના અર્થી જીવો બહુ થોડા હોય છે; કેમ કે મોટાભાગના લોકો પોતાના જીવનનિર્વાહની ચિંતા કરનારા હોય છે. અતિ સમૃદ્ધ અને વિશિષ્ટ રત્નોના પરમાર્થને જાણનારા જીવો જ રત્નના અર્થી થાય છે તેમ મોક્ષના કારણીભૂત રત્નની પરિણતિ પ્રગટ કરવાના અર્થી અલ્પ જ હોય છે. જેમ મોટાભાગના જીવો તો પોતાના જીવનનિર્વાહની ઉચિત સામગ્રીના અર્થી હોય છે; કેમ કે તેવા તુચ્છ જીવો રત્નની ખરીદી કરી શકે તેવી તેમની શક્તિ હોતી નથી તેમ ધર્મ કરવા તત્પર થયેલા જીવોમાં પણ મોટાભાગના જીવો સ્થૂળથી જ ધર્મની પ્રવૃત્તિ કરનારા હોય છે પરંતુ ધર્મના પરમાર્થને જાણી શકે તેવી ક્ષયોપશમભાવની અંતરંગ સમૃદ્ધિવાળા હોતા નથી; કેમ કે મિથ્યાત્વના ઉદયને કારણે ભાવથી દરિદ્ર હોવાથી ધર્મરત્નને પ્રાપ્ત કરી શકે તેવી અંતરંગ ગુણસમૃદ્ધિ હોતી નથી.

વળી, જેમ વિશિષ્ટ રત્નોના અર્થી જીવો અતિ અલ્પ હોય છે તેમ રત્નના વેચનારા અતિ અલ્પ હોય છે એ રીતે આત્માની સર્વ કલ્યાણની પરંપરાનું કારણ બને એવા શુદ્ધ ધર્મરત્નના અર્થી જીવો જગતમાં થોડા હોય છે તેમ શુદ્ધ ધર્મરત્નને દેનારા અતિ થોડા હોય છે. જેમ વિશિષ્ટ પ્રકારના ગુણોવાળા રત્નોને વેચનારા અતિ અલ્પ હોય છે તે રીતે ભગવાનના શાસનના સૂક્ષ્મ રહસ્યને જાણીને તેના પરમાર્થના યથાર્થ બોધને જાણનારા યોગ્ય જીવોને શુદ્ધ ધર્મને આપનારા રત્નવણિક જેવા સુવિહિત સાધુઓ અલ્પ જ હોય છે એ પ્રમાણે દૃઢતર વિચારવું જોઈએ. વળી, જેઓ ભગવાનના શાસનના યથાર્થ રહસ્યને પામ્યા છે અને વિધિપૂર્વક શાસ્ત્રઅધ્યયન કરે છે જેના કારણે વર્તમાનકાળમાં ઉપલબ્ધ ભગવાનનાં વચનોના સૂક્ષ્મ ભાવોને જાણે છે તેથી શુદ્ધ ધર્મના રહસ્યને પામીને તેઓ સ્વકલ્યાણને કરી શકે છે અને શુદ્ધ ધર્મના ઇચ્છુક જીવોને શુદ્ધ ધર્મરૂપી રત્નો આપીને તેઓનો પણ નિસ્તાર કરી શકે છે.

અહીં વિશેષ એ છે કે સામાન્યથી જે હીરા વગેરે વર્તમાનમાં પ્રચુર પ્રમાણમાં પ્રાપ્ત થાય છે તેને અહીં રત્નથી ગ્રહણ કરેલ નથી પરંતુ અતિ દુર્લભ એવા વિશિષ્ટ રત્નો પ્રાયઃ જીવોને પ્રાપ્ત થતા નથી અને તેવા રત્નોને વેચનારા પ્રાયઃ જગતમાં પ્રાપ્ત થતા નથી છતાં તેવાં રત્નો ક્વચિદ્ કોઈક પાસે હોય તોપણ તેવાં રત્નોને ખરીદવા માટે અતિ સમૃદ્ધ પુરુષ જ સમર્થ બને છે અને સમૃદ્ધ પુરુષ જ તે રત્નોનું તે પ્રકારનું મહત્ત્વ જાણે ત્યારે જ તેને ખરીદ કરનાર બને છે. તેમ સર્વ કલ્યાણની પરંપરાનું એક કારણ સર્વજ્ઞ વડે બતાવાયેલું એવું ધર્મરૂપી રત્ન કાયિક-વાચિક ક્રિયારૂપ નથી કે ઉપદેશાત્મક ક્રિયારૂપ નથી પરંતુ વિશિષ્ટ પ્રકારના ચિત્તના નિર્માણસ્વરૂપ છે અને તેવું વિશિષ્ટ પ્રકારનું ચિત્તનું નિર્માણ શ્રુતપરિકર્મિત મતિવાળા યોગ્ય જીવો કરી શકે છે તેથી જે મહાત્માઓ માંડલીઆદિ વિધિપૂર્વક અત્યંત ઉપયુક્ત થઈને સંવેગપૂર્વક ભગવાનના શાસ્ત્રના રહસ્યને પામ્યા છે તેઓ જ સૂત્રના અર્થોને ઐદંપર્યથી જોઈને તેના બળથી શ્રોતાનું ચિત્તરત્ન નિષ્પન્ન કરે છે તેથી ઉત્તમ પુરુષોથી યોગ્ય જીવોમાં બીજાધાનાદિ ચિત્તરત્ન પ્રગટ થાય છે. એથી રત્નને ખરીદનારા અને રત્ન વેચનારા જેમ અલ્પ હોય છે તેમ મોક્ષમાર્ગની પરિણતિના કારણીભૂત ધર્મની પ્રાપ્તિ કરનારા થોડા જીવો હોય છે અને તેવા ધર્મને બતાવનારા મહાપુરુષો પણ અતિ અલ્પ હોય છે એ પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું જોઈએ. **॥૯૧૨॥**

અવતરણિકા :-

અત્ર હેતુમાહ –

અવતરણિકાર્થ :-

આમાં હેતુને કહે છે=રત્નના અર્થી અને રત્નના દાયક થોડા હોય છે તેમ શુદ્ધ ધર્મના અર્થી અને શુદ્ધ ધર્મના દાયક થોડા હોય છે એમાં હેતુ કહે છે –

ગાથા :-

बहुगुणविहवेण जओ एए लब्भंति ता कहमिमेसु ।
एयदरिद्दाणं तह सुविणेवि पयट्टई चिंता ।।९१३।।

અન્વયાર્થ :-

जओ=જે કારણથી, बहुगुणविहवेण=બહુગુણવિભવથી, एए लब्भंति=આ પ્રાપ્ત થાય છે=બહુગુણથી ધર્મરત્નની પ્રાપ્તિ થાય છે અને બહુવિભવથી બાહ્ય રત્નની પ્રાપ્તિ થાય છે. ता=તે કારણથી, कहमिमेसु एयदरिद्दाणं तह सुविणेवि पयट्टई चिंता=કેવી રીતે આમાં આના દરિદ્રોની તે પ્રકારે સ્વપ્નમાં પણ ચિંતા પ્રવર્તે અર્થાત્ જેઓ બહુ વૈભવવાળા નથી તેઓની બહુ વૈભવથી પ્રાપ્ત થનારા રત્નમાં પ્રવૃત્તિ નથી અને જેઓ બહુ ગુણવાળા નથી તેઓની શુદ્ધ ધર્મરત્નમાં પ્રવૃત્તિ નથી તેથી તેવા દરિદ્ર જીવો સ્વપ્નમાં પણ રત્નને પ્રાપ્ત કરવાનો વિચાર કરતા નથી. ।।૯૧૩।।

ગાથાર્થ :-

જે કારણથી બહુગુણવિભવથી આ પ્રાપ્ત થાય છે=બહુગુણથી ધર્મરત્નની પ્રાપ્તિ થાય છે અને બહુવિભવથી બાહ્ય રત્નની પ્રાપ્તિ થાય છે. તે કારણથી કેવી રીતે આમાં આના દરિદ્રોની તે પ્રકારે સ્વપ્નમાં પણ ચિંતા પ્રવર્તે અર્થાત્ જેઓ બહુ વૈભવવાળા નથી તેઓની બહુ વૈભવથી પ્રાપ્ત થનારા રત્નમાં પ્રવૃત્તિ નથી અને જેઓ બહુ ગુણવાળા નથી તેઓની શુદ્ધ ધર્મરત્નમાં પ્રવૃત્તિ નથી તેથી તેવા દરિદ્ર જીવો સ્વપ્નમાં પણ રત્નને પ્રાપ્ત કરવાનો વિચાર કરતા નથી. ।।૯૧૩।।

ટીકા :-

बहुभिर्गुणैरक्षुद्रताभिः, बहुना च विभवेन धनेन धान्यादिसम्पत्तिरूपेण यत एतानि रत्नानि शुद्ध-धर्मश्च लभ्यन्ते, बहुभिर्गुणैर्धर्मो लभ्यते, विभवेन तु बहुना रत्नानीत्यर्थः । ततः कथमेतेषु रत्नेषु धर्मे चैतद्दरिद्राणां बहुगुणविभवशून्यानां तथा गुणरत्नस्पृहाप्रकारेण स्वप्नेऽपि निद्रायमाणावस्थायामपि प्रवर्त्तते चिन्ता, सर्वचिन्तानां प्रायः स्वप्राप्त्यनुसारेण लोके प्रवृत्तिदर्शनात् ।।९१३।।

ભાવાર્થ :-

સંસારમાં જેઓ સામાન્યથી પોતાની આજીવિકા કરે છે કે કાંઈક વૈભવપૂર્વક જીવન જીવે છે તોપણ ઘણા ધનના વ્યયથી વિશિષ્ટ જાતિવાન જે રત્નોની ખરીદી થાય છે તે રત્નો ખરીદવાનો સ્વપ્નમાં પણ તે જીવો વિચાર કરી શકતા નથી; કેમ કે પોતાનું સર્વસ્વ આપી દે તોપણ તે રત્નોના મૂલ્યને ચૂકવવા તેઓ સમર્થ નથી તેથી તેવા વિશિષ્ટ મૂલ્યવાળાં રત્નોના અર્થી જીવો જગતમાં અલ્પ જ હોય છે.

વળી, અક્ષુદ્રતાદિ ઘણા ગુણોવાળા જીવો જ શુદ્ધ ધર્મરૂપ રત્નને પ્રાપ્ત કરી શકે છે એથી મોક્ષના અનન્ય કારણભૂત શુદ્ધ ધર્મની ખરીદી કરવા માટે જેઓ પાસે તેવા ગંભીરતાદિ ભાવો પ્રાપ્ત થયા નથી તે જીવો સ્વપ્નમાં પણ શુદ્ધ ધર્મના પરમાર્થને જાણવા માટે યત્ન કરવાનો વિચાર કરી શકતા નથી. પરંતુ પોતાની તુચ્છ પ્રકૃતિ અનુસાર બાહ્ય લોકમાં દેખાય તેવો લૌકિક ધર્મ સેવવા યત્ન કરે છે. આથી ઘણા વૈભવથી જેમ વિશિષ્ટ રત્નોની ખરીદી થાય છે તેમ ઘણા ગુણોના વૈભવવાળા જીવો જ સદ્ગતિની પરંપરાના કારણીભૂત શુદ્ધ ધર્મના પરમાર્થને જાણીને તેવા ધર્મનો સ્વીકાર કરે છે માટે ભગવાનના શાસનના ધર્મને સેવનારામાંથી મોટાભાગના જીવો વેષને સ્વીકારનારા અને આચારને પાળનારા હોય છે પરંતુ ભગવાનના વચનથી નિયંત્રિત શુદ્ધ ધર્મને પાળનારા જીવો અલ્પ જ હોય છે. **॥૯૧૩॥**

અવતરણિકા :-

एतदेव सविशेषं भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=ઘણા વૈભવથી દ્રવ્યરત્નો ગ્રહણ થાય છે અને ઘણા ગુણોથી ધર્મરત્નની પ્રાપ્તિ થાય છે એને જ, સવિશેષ ભાવન કરે છે –

ગાથા :-

धण्णाइसु विगइच्छा वत्थहिरण्णाइएसु तह चेव ।
तच्चिंताए विमुक्का दुहावि रयणाण जोगत्ति ।।९१४।।

અન્વયાર્થ :-

धण्णाइसु विगइच्छा=ધાન્યાદિમાં વિગત ઈચ્છાવાળા, वत्थहिरण्णाइएसु तह चेव=અને તે જ પ્રકારે વસ્ત્રહિરણ્યાદિમાં (વિગત ઈચ્છાવાળા), तच्चिंताए विमुक्का=તેની ચિંતાથી મુક્ત અર્થાત્ ધાન્યાદિ કે વસ્ત્રહિરણ્યાદિની પ્રાપ્તિની ચિંતાથી મુક્ત, दुहावि रयणाण जोगत्ति=બંને પણ પ્રકારનાં રત્નોને યોગ્ય છે=દ્રવ્યરત્ન અને ધર્મરત્ન બંને પણ પ્રકારનાં રત્નોને યોગ્ય છે. ॥૯૧૪॥

ગાથાર્થ :-

ધાન્યાદિમાં વિગત ઈચ્છાવાળા અને તે જ પ્રકારે વસ્ત્રહિરણ્યાદિમાં વિગત ઈચ્છાવાળા તેની

ચિંતાથી મુક્ત અર્થાત્ ધાન્યાદિ કે વસ્ત્રહિરણ્યાદિની પ્રાપ્તિની ચિંતાથી મુક્ત બંને પણ પ્રકારનાં રત્નોને યોગ્ય છે=દ્રવ્યરત્ન અને ધર્મરત્ન બંને પણ પ્રકારનાં રત્નોને યોગ્ય છે. ॥૯૧૪॥

ટીકા :-

धान्यादिषु धान्ये शालिगोधूमादौ, आदिशब्दाद् महिष्यादिषु च विगतेच्छा उपरतवाञ्छाः, तथा वस्त्रहिरण्यादिकेषु-वस्त्राणि चीनांशुकादीनि, हिरण्यं घटितकनकादि, आदिशब्दादन्यविचित्रवस्तुग्रहः, ततस्तेषु तथा चैव विगतेच्छा एव; अत एव तच्चिन्ता धान्यादिग्रहणविक्रयबुद्धिस्तया विमुक्ता विकला द्विधापि रत्नानां योग्याः धर्मरत्नस्य द्रव्यरत्नानां चार्हा भवन्तीत्यर्थः । इति प्राग्वत् ।।९१४।।

ભાવાર્થ :-

સંસારમાં જે જીવોને પ્રાથમિક જીવનનિર્વાહ અર્થે ધાન્યાદિવિષયક ચિંતા કરવી પડે છે તેઓ વૈભવવાળા નહીં હોવાથી ઘણા વૈભવથી ખરીદી શકે તેવાં રત્નોની વિચારણા માત્ર કરી શકતા નથી. વળી, કેટલાક જીવો પ્રાથમિક નિર્વાહ માટે ધનથી સમૃદ્ધ છે તોપણ શ્રેષ્ઠ વસ્ત્રો, અલંકારો આદિની ચિંતા કરનારા છે અર્થાત્ વિચારે છે કે જો વૈભવની વૃદ્ધિ થાય તો શ્રેષ્ઠ વસ્ત્રો, શ્રેષ્ઠ અલંકારોનો ઉપભોગ કરીને હું સુખી થાઉં. તેવા જીવો પણ ઘણા મૂલ્યથી ખરીદી થઈ શકે તેવાં રત્નની ખરીદીનો વિચાર કરી શકતા નથી. વળી, જેઓ પાસે અઢળક સમૃદ્ધિ છે તેથી ધાન્યાદિવિષયક ચિંતા નથી અને સુંદર વસ્ત્રો, અલંકારો આદિ પણ ઇચ્છાનુસાર ખરીદીને તેનો ઉપભોગ કરી શકે તેવી સમૃદ્ધિ છે તેથી તે સર્વ ચિંતાથી મુક્ત એવા તે જીવો જો વિશિષ્ટ પ્રકારની ધનસમૃદ્ધિવાળા થાય તો ઘણા વૈભવથી ખરીદી શકે તેવાં રત્નોને ખરીદવાની ઇચ્છાવાળા થાય છે. તે રીતે જે જીવોમાં ધાન્યાદિ સ્થાનીય અક્ષુદ્રઆદિ દશ ગુણો વર્તે છે તેઓ પ્રાથમિક ભૂમિકાના ગુણોથી સમૃદ્ધ હોવાને કારણે પ્રાથમિક કક્ષાનો ધર્મ કરી શકે છે. વળી તેવી સમૃદ્ધિ મેળવ્યા પછી જેઓમાં વસ્ત્ર, હિરણ્યાદિ સ્થાનીય મધ્યસ્થતાદિ અગિયાર ગુણોની પ્રાપ્તિ થાય છે તેઓ તેવા ગુણોને કારણે કંઈક વિશિષ્ટ પ્રકારનો ધર્મ સેવે છે તોપણ તેવા જીવો શાસ્ત્ર અધ્યયનાદિમાં વિશિષ્ટ પરાક્રમ કરે ત્યારે ઘણા ગુણોના વૈભવથી પ્રાપ્ત કરી શકાય તેવા ઉત્તમ ગુણરૂપી ધર્મને પ્રાપ્ત કરે છે. તેથી જેઓ બાહ્ય વૈભવ વગરના છે કે પ્રાથમિક ભૂમિકાના બાહ્ય વૈભવવાળા છે તેઓ ક્યારેય પણ અનેક ગુણોના કારણીભૂત એવાં વિશિષ્ટ રત્નોને ખરીદવાનો વિચાર માત્ર કરી શકતા નથી. તેમ ગાથા-૯૧૬માં બતાવશે એવા એકવીશ ગુણોમાંથી અક્ષુદ્રતાઆદિ પ્રથમના ગુણો જેમને પ્રાપ્ત થયા છે પરંતુ વિશિષ્ટ પ્રકારની માધ્યસ્થ્ય બુદ્ધિ આદિ પ્રગટ થઈ નથી તેઓ મધ્યસ્થભાવપૂર્વક ભગવાનના શાસનના રહસ્યને જાણવા સમર્થ થતા નથી અને જેઓ તે એકવીશ ગુણોથી સમૃદ્ધ છે તેઓ વિશિષ્ટ ગુણવાન ગુરુના યોગથી વિધિપૂર્વક શાસ્ત્રનું અધ્યયન કરીને ધર્મરત્નને પ્રાપ્ત કરવા માટે યોગ્ય છે આથી જગતમાં તત્ત્વના અર્થી થોડા હોય છે.

અહીં રત્નના વ્યાપાર કરનારા થોડા હોય છે તે સામાન્ય રત્નોને આશ્રયી નથી પરંતુ વિશિષ્ટ રત્નોને આશ્રયીને છે. તેમ સામાન્ય લૌકિક ધર્મને આશ્રયીને ધર્મરત્નના અર્થી થોડા છે તેમ કહેલ નથી પરંતુ લોકોત્તર ધર્મરૂપ ધર્મના અર્થી જીવો અત્યંત થોડા છે અને તેવા ધર્મને આપનારા સુગુરુ પણ અતિ થોડા છે; કેમ કે એકવીશ ગુણોની પ્રાપ્તિ પછી જે મહાત્માઓ વિધિપૂર્વક શાસ્ત્રઅધ્યયન કરે છે તેઓને સર્વ

કલ્યાણની પરંપરાના કારણીભૂત એવા ધર્મરત્નની પ્રાપ્તિ થાય છે અને તેવા ધર્મરત્નને આપનારા સુવિહિત ગુરુઓ પણ અલ્પ જ મળે છે તેથી ધર્મરત્નની પ્રાપ્તિને યોગ્ય પણ જીવો તેવા ધર્મરત્નને આપનારા મહાત્માના યોગને પામે નહીં તો ધર્મરત્ન મેળવી શકે નહીં. **॥૯૧૪॥**

અવતરણિકા :-

અધુના વ્યતિરેકમાહ –

અવતરણિકાર્થ :-

હવે વ્યતિરેકને કહે છે –

ગાથા :-

जे पुण थेवत्तणओ एएसुं चेव अविगएच्छत्ति ।
ते एयाण अजोग्गा अइणिउणं चिंतियव्वमिणं ।।९१५।।

અન્વયાર્થ :-

જે પુણ=વળી જે (જીવો), થેવત્તણઓ=થોડા વૈભવને કારણે (અથવા થોડા ગુણોને કારણે), એએસું ચેવ અવિગએચ્છત્તિ=આમાં જ અવિગત ઈચ્છાવાળા છે=ધાન્યાદિમાં જ અથવા પ્રાથમિક ગુણોમાં જ અવિગત ઈચ્છાવાળા છે, તે=તે=તે પુરુષો, એયાણ=આમાં=દ્રવ્યરત્નના વિષયમાં અથવા ધર્મરત્નના વિષયમાં, અજોગ્ગા=અયોગ્ય વર્તે છે. અઇણિઉણં ચિંતિયવ્વમિણં=અતિ નિપુણ આ ચિંતવન કરવું જોઈએ. ॥૯૧૫॥

ગાથાર્થ :-

વળી જે જીવો થોડા વૈભવને કારણે અથવા થોડા ગુણોને કારણે આમાં જ અવિગત ઈચ્છાવાળા છે=ધાન્યાદિમાં જ અથવા પ્રાથમિક ગુણોમાં જ અવિગત ઈચ્છાવાળા છે, તે=તે પુરુષો, આમાં=દ્રવ્યરત્નના વિષયમાં અથવા ધર્મરત્નના વિષયમાં, અયોગ્ય વર્તે છે. અતિ નિપુણ આ ચિંતવન કરવું જોઈએ. ॥૯૧૫॥

ટીકા :-

ये पुनः पुण्यविकलाः स्तोकत्वतस्तुच्छत्वेन धनादीनामेतेष्वेव धान्यादिष्वविगतेच्छास्तदभिलाषिणः, इति पूर्ववत्, ते पुरुषा एतेषां द्रव्यरत्नानां धर्मरत्नस्य चायोग्या वर्त्तन्ते । अतिनिपुणं सूक्ष्माभोगसंगतं यथा भवत्येवं चिन्तयितव्यमालोचनीयमिदं पूर्वोक्तं वस्त्विति ।।९१५।।

ભાવાર્થ :-

જે જીવો સંસારમાં વિશિષ્ટ પુણ્યથી રહિત છે તેઓની પાસે પરિમિત ધન હોવાથી આજીવિકા માટે

તેઓની ધાન્યાદિની ઇચ્છા જ પૂર્ણ થતી નથી. તેથી જે કાંઈ ધનાર્જન કરે છે તેનો આજીવિકામાં જ ઉપયોગ થાય છે તેવા જીવો અતિ મૂલ્યથી ખરીદી શકાય એવાં દ્રવ્યરત્નો માટે અયોગ્ય છે; કેમ કે સ્વપ્નમાં પણ તેની ખરીદીનો વિચાર તેઓ કરી શકે તેમ નથી. એ રીતે જેઓ પાસે પ્રાથમિક કક્ષાના અક્ષુદ્રતાઆદિ ગુણો નથી તેઓ અંતરંગ ગુણસંપત્તિથી રહિત છે. તેથી ધર્મ કરતા હોય તોપણ ધર્મને માટે અયોગ્ય છે માટે ધર્મનું ફળ મેળવી શકતા નથી. વળી, જેમ ધનથી સાંસારિક જીવોની આજીવિકા થાય છે તેમ અક્ષુદ્રતાદિ ગુણોથી જીવો સુગતિ આદિમાં જાય તેવું પ્રાથમિક ફળ મેળવે છે પરંતુ જેઓને અક્ષુદ્રતાઆદિ ભાવો કાંઈક મળ્યા છે છતાં ક્ષુદ્રાદિ ભાવો પણ વારંવાર ઉપદ્રવ કરે છે તેથી તેની પ્રાપ્તિમાં જ તેવો યત્ન કરી શકે છે અને તેનાથી અધિક યત્ન કરવા અસમર્થ છે તેથી ગુણસ્થાનકની પરિણતિરૂપ ધર્મરત્નને પ્રાપ્ત કરવા માટે તેઓ પણ અયોગ્ય છે; કેમ કે અક્ષુદ્રતાઆદિ ભાવો દૂર થાય નહીં ત્યાં સુધી ગંભીરતાપૂર્વક ભગવાનના વચનને સૂક્ષ્મ રીતે જાણવા પણ તેઓ સમર્થ થતા નથી, પરંતુ માત્ર બાહ્ય આચરણારૂપ ધર્મ જ તેમને ધર્મરૂપે દેખાય છે. વળી, બાહ્ય આચરણારૂપ ભોગની ક્રિયા પ્રત્યક્ષથી તેઓને સુખનું કારણ દેખાય છે. તે રીતે ધર્મની ક્રિયામાં સાક્ષાદ્ કોઈ સુખ છે તેનો વિચાર માત્ર પણ તેઓને પ્રગટ થતો નથી પરંતુ ક્ષુદ્ર પ્રકૃતિને કારણે કષ્ટદાયક આચરણારૂપ ધર્મ કરવાથી પોતાને આગળમાં સુખ મળશે તેટલી તેઓને બુદ્ધિ થાય છે તેથી તત્કાલ સુખને આપે અને આગળ પણ સુખની પરંપરાને નિષ્પન્ન કરે તેવા ધર્મરત્નને પ્રાપ્ત કરવા તે જીવો અયોગ્ય છે. ફક્ત ભદ્રક પ્રકૃતિથી ધર્મની બાહ્ય આચરણા કરીને કાંઈક કાંઈક અક્ષુદ્રભાવોની પ્રાપ્તિ તેઓ કરી શકે છે, જ્યારે સૂક્ષ્મ બુદ્ધિવાળા અક્ષુદ્રઆદિ સ્વભાવવાળા મહાત્માઓ તો ગંભીરતાપૂર્વક ધર્મના સ્વરૂપને વિચારે છે અને પ્રકૃતિ ક્ષુદ્ર નહીં હોવાથી ધર્મ તેમને માત્ર બાહ્ય આચરણારૂપે દેખાતો નથી પરંતુ અંતરંગ ગુણવૃદ્ધિને અનુકૂળ જીવના વ્યાપારરૂપ ધર્મ દેખાય છે અને તે અંતરંગ વ્યાપારને ઉલ્લસિત કરવાના અંગરૂપે બાહ્ય વ્યાપાર દેખાય છે. તેથી એવા પ્રાજ્ઞ પુરુષો અક્ષુદ્રઆદિભાવવાળા હોવાથી પ્રાથમિક ગુણસંપત્તિ માટે તેઓને યત્ન આવશ્યક નથી પરંતુ વિશેષ સુખાર્થે વિશિષ્ટ રત્નોના સંચયસ્થાનીય ધર્મરત્નનો સંચય આવશ્યક છે તેથી ગંભીરતાપૂર્વક શાસ્ત્રના પદાર્થોનું સમ્યગ્ આલોચન કરીને મહાસત્ત્વથી શાસ્ત્રવચનો દ્વારા આત્માને ભાવિત કરીને તે મહાત્માઓ ઉત્તમરત્નો જેવા ધર્મરત્નને પ્રાપ્ત કરે છે અને અન્ય જીવો તેવા ધર્મરત્નને પ્રાપ્ત કરી શકતા નથી એ સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક આલોચન કરવું જોઈએ. ॥૯૧૫॥

અવતરણિકા :-

અથ પૂર્વગાથોદ્દિષ્ટં ગુણવિભવં ધર્મરત્નાર્થિનાં ધાન્યાદિરૂપતયા પરિકલ્પ્ય નિદર્શયન્નાહ –

અવતરણિકાર્થ :-

હવે પૂર્વ ગાથામાં ઉદ્દિષ્ટ=ગાથા-૯૧૩માં ઉદ્દિષ્ટ, એવો ધર્મરત્નના અર્થીઓનો ગુણવૈભવ ધાન્યાદિરૂપપણાથી પરિકલ્પના કરીને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે=જેમ સંસારી જીવોને આજીવિકા માટે ધાન્યાદિ વૈભવ છે તત્સ્થાનીય ધર્માર્થી જીવોને પ્રાથમિક નિર્વાહ સ્થાનીય જે ગુણવૈભવ છે તેને બતાવતાં કહે છે –

ગાથા :-

अक्खुद्दाई धण्णाइया उ वत्थाइया उ विण्णेया ।
मज्झत्थाई इइ एक्कवीसगुणजोगओ विहवो ।।९१६।।

અન્વયાર્થ :-

અક્ખુદ્દાઈ ધણ્ણાઇયા=અક્ષુદ્ર આદિ ધાન્યાદિ છે. વત્થાઇયા ઉ વિણ્ણેયા મજ્ઝત્થાઈ=માધ્યસ્થાદિ વસ્ત્રાદિ જાણવા. ઇઇ=આ રીતે, એક્કવીસગુણજોગઓ વિહવો=એકવીસ ગુણના યોગથી વૈભવ છે=ધાર્મિક જીવનો એકવીસ ગુણના યોગથી ગુણવૈભવ છે. ।।૯૧૬।।

ગાથાર્થ :-

અક્ષુદ્ર આદિ ધાન્યાદિ છે. માધ્યસ્થાદિ વસ્ત્રાદિ જાણવા. આ રીતે એકવીસ ગુણના યોગથી વૈભવ છે=ધાર્મિક જીવનો એકવીસ ગુણના યોગથી ગુણવૈભવ છે. ।।૯૧૬।।

ટીકા :-

अक्षौद्र्यादयोऽक्षौद्र्यमक्षुद्रता, आदिशब्दाद् रूपवत्त्व-सौम्याकृतित्व-जनप्रियत्वाऽक्रूरत्वाऽभीरुत्वाऽ-शठत्व-दाक्षिण्य-लज्जालुत्व-दयालुत्वग्रहः । ततोऽक्षोद्र्यमादिर्येषां दशानां गुणानां ते तथा । किमित्याह—धान्यादयो वर्त्तन्ते धान्यधनादिकल्पा इत्यर्थः । तुः पूर्ववत् । वस्त्रादयस्तु विज्ञेया माध्यस्थ्यादयः । वस्त्रादिकल्पा माध्यस्थ्यादय एकादशगुणा इत्यर्थः । अत्र माध्यस्थ्यं मध्यस्थवृत्तित्वं । आदिशब्दात् सौम्यदृष्टित्व-गुणरागित्व-सत्कथासुपक्षयुक्तत्व-दीर्घदर्शित्व-विशेषज्ञत्व-वृद्धानुगामित्व-विनीतत्व-कृतज्ञत्व-परहितार्थकारित्व-लब्धलक्षत्वग्रहः । इत्येवमेकविंशतिगुणयोगतो धार्मिकस्य गुणविभवो भावनीयः । यथा हि पूर्वं धान्यादिगुणप्राप्तौ कुटुम्बनिर्वाहहेतुभूतायां, पश्चाद् वस्त्रादिप्राप्तौ च सत्यां रत्नवाणिज्यं कुर्वन् व्यवहारी समभिलषितसिद्धसिद्धिभावेन सर्वांगकल्याणभाग् भवति, तथाऽक्षौद्र्यादिगुणयोगेन प्राक्, पश्चाद् माध्यस्थ्यादिगुणयोगतः परिपूर्णैकविंशतिगुणयोगविभवेन शुद्धधर्मरत्नप्राप्तियोग्यो भवतीति ।।९१६।।

ભાવાર્થ :-

સંસારી જીવોને ધાન્યાદિની સુખપૂર્વક પ્રાપ્તિ થાય એટલો વૈભવ ન હોય તો તેઓ હંમેશાં આજીવિકા માટેની ચિંતામાં પોતાનું જીવન વ્યય કરે છે અને જેઓ પાસે આજીવિકા સુખપૂર્વક ચાલે એટલો વૈભવ છે પરંતુ વિશિષ્ટ વસ્ત્રો, અલંકારો ગ્રહણ કરી શકે તેવો વૈભવ નથી તેઓ માત્ર આજીવિકાના બળથી સુખપૂર્વક જીવી શકે છે. તેમ ધર્મના ક્ષેત્રમાં જેઓમાં અક્ષુદ્રભાવ છે, રૂપવાનપણું છે, સૌમ્યાકૃતિપણું છે, જનપ્રિયત્વ છે, અક્રૂરત્વ છે, અભીરુત્વ છે, અશઠત્વ છે, દાક્ષિણ્ય છે, લજ્જાલુત્વ છે, દયાળુત્વ છે તેવા

ગુણવાન જીવો પ્રાથમિક ભૂમિકામાં સુખપૂર્વક જીવનારા છે તેથી તેવા ગુણોને કારણે તેઓ સ્વભૂમિકાનુસાર સદ્ગતિને પ્રાપ્ત કરે છે અને સુખશાંતિપૂર્વક જીવે છે. તેથી અક્ષુદ્રઆદિ દશગુણો ધાન્યાદિ જેવા છે. જેમ ધાન્યાદિથી સંસારી જીવો સુખી રહે છે તેમ આ દસ ગુણોથી ધર્મી જીવો સુખપૂર્વક રહે છે.

છતાં વિશેષ પ્રકારના વસ્ત્ર, અલંકારઆદિના સુખને તેવા અલ્પ વૈભવવાળા જીવો પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ જેઓ પાસે કાંઈક વિશેષ વૈભવ છે તેઓ ઉત્તમ વસ્ત્રો, ઉત્તમ અલંકાર વગેરે પહેરીને સુખનો અનુભવ કરનારા હોય છે. તેમ જે જીવોમાં માધ્યસ્થ્યભાવ, સૌમ્યદૃષ્ટિપણું, ગુણરાગીપણું, સત્કથાના સુપક્ષયુક્તપણું, દીર્ઘદૃષ્ટિપણું, વિશેષજ્ઞત્વ, વૃદ્ધઅનુગામીપણું, વિનીતપણું, કૃતજ્ઞપણું, પરહિતાર્થકારીપણું અને લબ્ધલક્ષપણું એ અગિયાર ગુણો છે અને પૂર્વના દસ ગુણો છે તેવા એકવીસ ગુણવાળા જીવોમાં વર્તતા મધ્યસ્થાદિ અગિયાર ગુણો વસ્ત્ર-અલંકાર જેવા છે તેથી પૂર્વના દસ ગુણોવાળા જીવો કરતાં આ એકવીસ ગુણોવાળા જીવો ધર્મને અનુકૂળ ગુણના વૈભવવાળા જાણવા. વળી, આવા જીવો જ વિશેષ પ્રયત્ન કરીને શુદ્ધ ધર્મરત્નની પ્રાપ્તિ કરવા યોગ્ય છે.

જેમ ધાન્યાદિથી સમૃદ્ધ હોય, વસ્ત્રઅલંકારાદિથી સમૃદ્ધ હોય તેવા જીવને તે વિષયમાં કોઈ ચિંતા કરવી પડતી નથી. વળી, તેવા જીવો પાસે વિપુલ ધન આવતું હોય ત્યારે વિશિષ્ટ ગુણને કરનારાં અતિમૂલ્યવાન રત્નો ખરીદવાની શક્તિ પણ પ્રાપ્ત થાય છે તેમ જે મહાત્માએ નિપુણતાપૂર્વક પ્રસ્તુતમાં બતાવેલા એકવીસ ગુણોનું સ્વરૂપ સમ્યગ્ ભાવન કર્યું છે અને પુનઃ પુનઃ તે ગુણોના સમ્યગ્ ભાવનથી આત્મામાં તે ગુણોને પ્રગટ કર્યા છે અને યત્નપૂર્વક તે એકવીસ ગુણોને અત્યંત સ્થિર કર્યા છે તેવા મહાત્મા મધ્યસ્થ પરિણતિના બળથી અને લબ્ધલક્ષપણાના કારણે ગુણસ્થાનકની વૃદ્ધિના કારણીભૂત શુદ્ધ ધર્મને પ્રાપ્ત પણ કરી શકે છે તેથી જેમ અતિ વૈભવશાળી પુરુષને વિશિષ્ટ રત્નો વેચનાર પુરુષનો યોગ થાય તો તેવા વૈભવશાળી પુરુષ તે વિશિષ્ટ રત્નો ખરીદે છે તેમ એકવીસ ગુણોના વૈભવવાળા મહાત્માને ગુણવાન ગુરુનો યોગ થાય તો તે ગુણસંપન્ન પુરુષ તે ગુરુ પાસેથી વિશિષ્ટ વિશિષ્ટતર ગુણસ્થાનકરૂપ ધર્મરત્નોની પ્રાપ્તિ કરે છે. જેમ વીરભગવાન પાસેથી કામદેવઆદિ શ્રાવકો શુદ્ધ ધર્મરત્નને ખરીદીને તે રીતે રત્નના માહાત્મ્યથી દેવલોકમાં જઈને મહાવિદેહમાંથી મોક્ષમાં જશે. આ એકવીસ ગુણોના વર્ણનને વિશેષ જાણવાના જિજ્ઞાસુએ ઉપાધ્યાય યશોવિજયજી મ. સાહેબના ૩૫૦ ગાથાના સ્તવનના અમારા વિવેચનને જોવું. **॥૯૧૬॥**

અવતરણિકા :-

ननु यदि पूर्वोक्तैकविंशतिगुणविभवयोगेन धर्मरत्नाधिकारिणो निरूप्यन्ते, तत् किमेकादिगुणहीना अनधिकारिण एवेत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

જો પૂર્વોક્ત એકવીસ ગુણોના વૈભવના યોગથી ધર્મરત્નના અધિકારી નિરૂપણ કરાય છે તો એકાદિ ગુણહીન અનધિકારી જ થાય=ધર્મરત્નના અનધિકારી જ થાય, એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

पायद्धगुणविहीणा एएसिं मज्झिमा मुणेयव्वा ।
एत्तो परेण हीणा दरिद्दपाया मुणेयव्वा ।।९१७।।

અન્વયાર્થ :-

एएसिं पायद्धगुणविहीणा मज्झिमा मुणेयव्वा=આમાંથી પાદથી અને અર્ધથી હીન ગુણવાળા મધ્યમ જાણવા=આ એકવીસ ગુણોમાંથી ચોથા ભાગથી ન્યૂન ગુણવાળા જીવોને મધ્યમ અને અડધા ભાગથી ન્યૂન ગુણવાળા જીવોને જઘન્ય ધર્મરત્નના અધિકારી જાણવા. एत्तो परेण हीणा दरिद्दपाया मुणेयव्वा=આનાથી પર વડે હીન ગુણવાળા જીવોને દરિદ્રપ્રાયઃ જાણવા. ।।૯૧૭।।

ગાથાર્થ :-

આમાંથી પાદથી અને અર્ધથી હીન ગુણવાળા મધ્યમ જાણવા=આ એકવીસ ગુણોમાંથી ચોથા ભાગથી ન્યૂન ગુણવાળા જીવોને મધ્યમ અને અડધા ભાગથી ન્યૂન ગુણવાળા જીવોને જઘન્ય ધર્મરત્નના અધિકારી જાણવા. આનાથી પર વડે હીન ગુણવાળા જીવોને દરિદ્રપ્રાયઃ જાણવા. ।।૯૧૭।।

ટીકા :-

पादेनार्धेन च प्रमितैर्गुणैर्विहीनाः प्राणिन एतेषां गुणानां मध्याद् मध्यमाः, परमध्यमा जघन्याश्च ज्ञेया ज्ञातव्याः । इतो विभागत्रयात् परेण हीना दरिद्रप्रायाः पूर्वोक्तगुणाधानापेक्षया निर्धना मुणितव्याः, न ते शुद्धधर्मरत्नयोग्या इत्यर्थः ।।९१७।।

ભાવાર્થ :-

પૂર્વમાં વર્ણન કરાયેલા એકવીસ ગુણોમાંથી યોગમાર્ગના અત્યંત બાધક ન હોય તેવા એકાદ ગુણથી હીન હોય યાવત્ ચોથા ભાગથી હીન હોય તેવા જીવો ધર્મરત્ન માટે મધ્યમ યોગ્ય જાણવા. જેઓમાં એકવીસ ગુણોમાંથી અડધા ગુણો છે તેઓ ધર્મરત્ન માટે જઘન્ય યોગ્ય જાણવા. આ ત્રણ વિભાગથી=પૂર્ણ ગુણવાળા ઉત્કૃષ્ટ, ચોથા ભાગથી હીન ગુણવાળા મધ્યમ, અર્ધથી હીન ગુણવાળા જઘન્ય – આ ત્રણ વિભાગથી વધારે હીન ગુણોવાળા જીવોને દરિદ્રપ્રાયઃ જાણવા.

આનાથી એ ફલિત થાય કે ધર્મરત્નની પ્રાપ્તિ માટે એકવીશેય ગુણો અત્યંત આવશ્યક છે છતાં એ એકવીશેય ગુણોમાંથી કોઈક ગુણ કોઈક અંશથી મંદ કક્ષાનો હોય એથી પ્રસંગે પ્રસંગે એ ગુણથી વિરુદ્ધ પ્રવૃત્તિ પણ તે જીવથી થતી હોય છતાં તે ગુણનો રાગ હોવાથી તે ગુણ પ્રગટે તેમ છે તેવા જીવને આશ્રયીને તે ગુણથી હીન સ્વીકારેલ છે.

વસ્તુતઃ અઢાર હજાર શીલાંગો પરસ્પર જીવ પ્રદેશની જેમ જોડાયેલાં છે તેમ ધર્મરત્નને યોગ્યતા માટે એકવીશ ગુણો પરસ્પર એકવાક્યતાથી જોડાયેલા છે છતાં અઢાર હજાર શીલાંગોવાળા સાધુ પણ પ્રમાદવશ

સ્ખલના પામે છે ત્યારે તે શીલાંગ સર્વથા નાશ પામ્યું નથી તોપણ કાંઈક મલિન થાય છે તેમ ધર્મયોગ્ય જીવોમાં કોઈક ગુણો તે પ્રકારે સ્પષ્ટ વ્યક્ત થયા ન હોય તેથી નિમિત્તને પામીને તે ગુણોથી વિરુદ્ધ પ્રવૃત્તિ પણ તે જીવોમાં ક્યારેક દેખાય છતાં ધર્મને યોગ્ય જીવોમાં હંમેશાં તત્ત્વનો પક્ષપાત રહે છે અને તત્ત્વના પક્ષપાતના અંગભૂત આ એકવીશ ગુણો હોવાથી પ્રાયઃ સર્વ ગુણોથી યુક્ત જ જીવ ધર્મને સેવવા સમર્થ બને છે, છતાં ચોથા ભાગના ગુણો કાંઈક મ્લાન વર્તતા હોય અને અન્ય સર્વ ગુણો પૂર્ણરૂપે વર્તતા હોય તો તે જીવ ધર્મની પ્રાપ્તિ માટે મધ્યમ ગુણવાળો છે અને જે જીવોમાં પ્રસ્તુત એકવીશ ગુણોમાંથી અડધા ગુણો સ્થિર થયેલા હોય અને અડધા ગુણો વારંવાર સ્ખલના પામતા હોય તેવા જીવો ધર્મ માટે જઘન્યથી યોગ્ય છે આથી જ ધર્મની પ્રાપ્તિમાં મધ્યસ્થતા આદિ ગુણોની અત્યંત આવશ્યકતા છે છતાં ધર્મને યોગ્ય જીવ ક્યારેક અમધ્યસ્થભાવથી અતત્ત્વના પક્ષપાતવાળો થાય તોપણ નિમિત્તને પામીને શીઘ્ર મધ્યસ્થગુણને પામે છે એવા જીવો ધર્મને માટે મધ્યમથી યોગ્ય છે. જેમ ભગવાનની પુત્રી જમાલિ પ્રત્યે ઈષદ્રાગથી તેમના પ્રત્યે પક્ષપાતવાળી થઈ છતાં નિમિત્તને પામીને તત્ત્વનો બોધ થયો ત્યારે મધ્યસ્થતાપૂર્વક ભગવાનનું વચન સ્વીકાર્યું અને જમાલિનો પક્ષ છોડ્યો. આ રીતે ચોથા ભાગના ગુણો હીન હોય અને તે ચોથા ભાગના હીન ગુણો પણ કાંઈક યોગ્યતારૂપે હોય તેવા જીવો મધ્યમ યોગ્ય છે. વળી, જેઓમાં અડધા ભાગના ગુણો છે તેઓ જઘન્ય યોગ્ય છે. વળી, પૂર્ણ ગુણવાળા, મધ્યમ ગુણવાળા અને જઘન્ય ગુણવાળા એમ ત્રણ ધર્મના અધિકારી છે તેઓથી અધિક ગુણોનો અભાવ છે તે કાંઈક ગુણવાળા હોવા છતાં દરિદ્રપ્રાયઃ હોવાથી શુદ્ધ ધર્મને યોગ્ય નથી. તેથી શુદ્ધ ધર્મરત્નના અર્થી જીવે આ એકવીશ ગુણોનું સ્વરૂપ પુનઃ પુનઃ ભાવન કરીને તેવા ગુણો પોતાના આત્મામાં કઈ રીતે પ્રગટ થાય અને પ્રગટ થયેલા તે ગુણો કઈ રીતે સ્થિર થાય તેના માટે જ પ્રથમ યત્ન કરવો જોઈએ જેથી ગુણસમૃદ્ધિવાળો પોતાનો આત્મા શુદ્ધ ધર્મને સ્વીકારીને સમ્યક્ પરિપાલનજન્ય તેના ફળની પ્રાપ્તિ કરી શકે. **॥૯૧૭॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ ભાવન કરે છે=અર્ધથી હીન ગુણવાળા દરિદ્રપ્રાયઃ છે એને જ ભાવન કરે છે –

ગાથા :-

जह ठिइणिबंधणेसुं धम्मं कप्पिंति मूढगा लोया ।
तह एएवि वरागा पायं एवंति दट्ठव्वा ।।९१८।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, ठिइणिबंधणेसुं=સ્થિતિ નિબંધન કૃત્યોમાં, मूढगा लोया धम्मं कप्पिंति=મૂઢ લોકો

ધર્મની કલ્પના કરે છે, તહ=તે પ્રમાણે, એએવિ વરાગા=આ પણ વરાકો=ગુણથી દરિદ્ર લોકોત્તર માર્ગમાં રહેલા અવિવેકી જીવો પણ, પાયં=પ્રાયઃ, એવં તિ દટ્ઠવ્વા=આ પ્રમાણે જાણવા=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એવા મૂઢ લોકોની જેમ જાણવા. ॥૯૧૮॥

ગાથાર્થ :-

જે પ્રમાણે સ્થિતિ નિબંધન કૃત્યોમાં મૂઢ લોકો ધર્મની કલ્પના કરે છે તે પ્રમાણે આ પણ વરાકો=ગુણથી દરિદ્ર લોકોત્તર માર્ગમાં રહેલા અવિવેકી જીવો પણ, પ્રાયઃ આ પ્રમાણે જાણવા=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એવા મૂઢ લોકોની જેમ જાણવા. ॥૯૧૮॥

ટીકા :-

यथा येन प्रकारेण स्थितिः शरीरादिनिर्व्वहणं, तन्निबन्धनेषु तत्कारणेषु वापीकूपतडागादिषु क्रियमाणेषु धर्मं सुगतिफलं सुकृतं कल्पयन्ति मूढका निर्वाणमार्गमजानाना लोका द्विजातितथाविधा जनाः, तथैतेऽपि गुणदारिद्र्यभाजो जीवा लोकोत्तरमार्गमवतार्यमाणा अपि वराकाः कृपास्पदतामागताः प्रायो बाहुल्येन यत्र तत्रैव बहुलोकपरिगृहीते कुतीर्थगमनादौ धर्मकल्पनाकारिणः, एवं पूर्वोक्तमूढलोकवत् । इतिः पूरणे द्रष्टव्यः ॥९१८॥

ભાવાર્થ :-

જેઓ અક્ષુદ્રઆદિ ગુણોથી યુક્ત નથી તેઓને ધર્મ પણ તે જ દેખાય છે જેમ કે લોકોને અનુકૂળતા કરે તેવા કૂવાઓ ખોદાવવા, લોકોને સુખનાં સાધનો પ્રાપ્ત કરાવવાં; કેમ કે તેઓને ધર્મનું ફળ માત્ર તુચ્છ બાહ્ય સુખ દેખાય છે તેથી તેવા સુખની પ્રાપ્તિનો ઉપાય અન્ય જીવોને તેવી અનુકૂળતાનું સંઘટ્ટન કરી આપવું તે જ ધર્મ છે આ પ્રકારની સ્થૂળ મતિ હોય છે. પરંતુ ધર્મ આત્માની નિરાકુળ અવસ્થા સ્વરૂપ છે અને ધર્મનું ફળ આત્માની નિરાકુળ અવસ્થાની પ્રાપ્તિ છે અને તેવી નિરાકુળ અવસ્થાની પ્રાપ્તિ માટે સેવાતો ધર્મ આનુષંગિકરૂપે જ બાહ્ય વૈભવઆદિની પ્રાપ્તિ કરાવે છે, મુખ્ય તો જીવની અક્લેશવૃત્તિને જ પ્રાપ્ત કરાવે છે એ પ્રકારનો જેઓને બોધ નથી તેવા ક્ષુદ્ર પ્રકૃતિવાળા જીવોને પોતાની ક્ષુદ્ર પ્રકૃતિ અનુસાર લોકોના બાહ્ય તુચ્છ હિતમાં જ ધર્મબુદ્ધિ થાય છે. પરંતુ મોક્ષમાર્ગને અનુકૂળ પોતાની પરિણતિ પ્રગટ કરવી અને યોગ્ય જીવોમાં મોક્ષમાર્ગનાં બીજોનું આધાન કરવું તે જ મુખ્ય ધર્મ છે તે પ્રકારની નિર્મળ દૃષ્ટિ તેઓને પ્રગટ થયેલી નથી તેવા મૂઢ લોકોને ધર્મની પ્રવૃત્તિ સંસારી જીવોને અનુકૂળતાઆપાદનમાં દેખાય છે. તે રીતે જેઓ ગુણથી દરિદ્ર છે તેઓને પણ ધર્મની પ્રવૃત્તિ ઘણા લોકોથી કરાતા કુતીર્થગમનાદિમાં ધર્મબુદ્ધિ થાય છે. આથી લોકોત્તર માર્ગમાં વર્તતા સાધુ ક્ષુદ્રઆદિ સ્વભાવવાળા છે તેઓને યથાતથા સંયમની આચરણામાં ધર્મબુદ્ધિ થાય છે પરંતુ ક્યારેય પણ મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉચિત આચરણામાં ધર્મબુદ્ધિ થતી નથી તેનું મુખ્ય કારણ તેઓમાં ક્ષુદ્રઆદિ ભાવોનો બહુલતાએ નાશ થયો નથી. કાંઈક ગુણો પ્રગટ્યા હોય તોપણ તેઓ દરિદ્રપ્રાયઃ છે તેથી તત્ત્વને જોવા માટેની નિર્મળ પ્રજ્ઞા તેઓમાં પ્રગટ થતી નથી. **॥૯૧૮॥**

અવતરણિકા :-

એતદેવ દૃષ્ટાન્તેન ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=શ્રેયાર્થી બહુ થોડા હોય છે એમ ગાથા-૯૧૧માં કહ્યું એને જ, દૃષ્ટાંતથી ભાવન કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૯૧૧માં કહેલ કે બુધ પુરુષે આજ્ઞાઅનુગત જે અનુષ્ઠાન છે તે જ સેવવું જોઈએ, ઘણાં લોકોથી સેવાતા અનુષ્ઠાનથી શું ? કેમ કે શ્રેયાર્થી થોડા હોય છે. કેમ શ્રેયાર્થી થોડા હોય છે ? તેની સ્પષ્ટતા અત્યારસુધી કરી અને કહ્યું કે જેઓ ગુણોથી દરિદ્ર છે તેઓ ક્યારેય શુદ્ધ ધર્મને સેવવા સમર્થ બનતા નથી. હવે શ્રેયાર્થી થોડા હોય છે એ જ કથનને દૃષ્ટાંતથી અધિક સ્પષ્ટ કરે છે.

ગાથા :-

एएणं चिय कोई राया केणावि सूरिणा सम्मं ।
णाएणमेयदिट्ठी थिरीकओ सुद्धधम्मम्मि ।।९१९।।

અન્વયાર્થ :-

एएणं चिय=આનાથી જ=રત્નના અર્થી થોડા હોય છે એનાથી, एयदिट्ठी कोई राया=આ દૃષ્ટિવાળો કોઈક રાજા=ઘણા જનોથી પરિગૃહીત ધર્મ પ્રમાણ છે એ દૃષ્ટિવાળો કોઈક રાજા, केणावि सूरिणा= કોઈપણ સૂરિ વડે, सम्मं णाएण=સમ્યગ્ દૃષ્ટાંત દ્વારા, सुद्धधम्मम्मि थिरीकओ=શુદ્ધ ધર્મમાં સ્થિર કરાયો. ।।૯૧૯।।

ગાથાર્થ :-

આનાથી જ=રત્નના અર્થી થોડા હોય છે એનાથી, આ દૃષ્ટિવાળો કોઈક રાજા=ઘણા જનોથી પરિગૃહીત ધર્મ પ્રમાણ છે એ દૃષ્ટિવાળો કોઈક રાજા, કોઈપણ સૂરિ વડે સમ્યગ્ દૃષ્ટાંત દ્વારા શુદ્ધ ધર્મમાં સ્થિર કરાયો.

ટીકા :-

एतेनैव यथा रत्नार्थिनः स्तोका इत्यनेन कश्चिद् राजा केनापि सूरिणा सम्यग् यथावद् ज्ञातेन दृष्टान्तेन, एतद्दृष्टिर्बहुजनपरिगृहीतो धर्मः प्रमाणमित्येवं पश्यन्, स्थिरीकृतः शुद्धधर्मे स्तोकतर-विवेकिलोकपरिगृहीते ।।९१९।।

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ ભાવન કરે છે='રત્નાર્થી થોડા હોય છે' એ દૃષ્ટાંતથી સૂરિ વડે રાજા શુદ્ધ ધર્મમાં સ્થિર કરાયો એને જ, ભાવન કરે છે –

ગાથા :-

नयरं पवेसिऊणं सागेंधणधण्णमाइठाणाइं ।
बहुगाइं दंसिऊणं रयणावणदंसणेणं तु ।।९२०।।

અન્વયાર્થ :-

नयरं पवेसिऊणं=નગરમાં પ્રવેશ કરાવીને=રાજાને નગરમાં પ્રવેશ કરાવીને, **सागेंधणधण्णमाइठाणाइं बहुगाइं दंसिऊणं**=શાક-ઇંધણ-ધાન્યાદિ સ્થાનો વધુ બતાવીને, **रयणावणदंसणेणं तु**=રત્નના આપણના દર્શનથી વળી=રત્નની અલ્પ દુકાનોને બતાવવાથી વળી સૂરિ વડે રાજા શુદ્ધ ધર્મમાં સ્થિર કરાયો એમ ગાથા-૯૧૯ સાથે સંબંધ છે. ।।૯૨૦।।

ગાથાર્થ :-

નગરમાં પ્રવેશ કરાવીને=રાજાને નગરમાં પ્રવેશ કરાવીને, શાક-ઇંધણ-ધાન્યાદિ સ્થાનો વધુ બતાવીને રત્નના આપણના દર્શનથી વળી=રત્નની અલ્પ દુકાનોને બતાવવાથી વળી સૂરિ વડે રાજા શુદ્ધ ધર્મમાં સ્થિર કરાયો એમ ગાથા-૯૧૯ સાથે સંબંધ છે. ।।૯૨૦।।

ટીકા :-

नगरं प्रतीतरूपमेव प्रवेश्यावतार्य शाकेन्धनधनधान्यादिस्थानानि बहुकानि प्रभूतानि दर्शयित्वा रत्नापणदर्शनेन तु अतिस्तोकरत्नवाणिज्यहट्टदर्शनेनैव-यथा हि महाराज! अत्र तव नगरेऽतिबहूनि शाकेन्धनादिव्यवहारस्थानानि, अतिस्तोकानि रत्नवाणिज्यस्थानानि, तथैव शुद्धधर्मग्राहिणोऽत्र नगर-स्थानीये जने अतिस्तोका इतरे त्वतिभूरय इति ।।९२०।।

ભાવાર્થ :-

કેટલાક લોકો ધર્મના અર્થી હોય છે છતાં ઘણાં લોકોથી આચરાતી બાહ્ય આચરણા તેમને ધર્મરૂપે દેખાય છે તેમ કોઈક રાજાને પણ ઘણાં લોકોથી સેવાતો બાહ્ય ત્યાગરૂપ ધર્મ જ ધર્મરૂપે દેખાતો હતો તેથી તે રાજાને શુદ્ધ ધર્મમાં સ્થિર કરવા અર્થે મહાત્માએ નગરમાં પ્રવેશ કરીને શાક વગેરે પ્રાથમિક ભૂમિકાની બાહ્ય સામગ્રીની દુકાનો ઘણી છે તે બતાવી અને પછી રત્નના વેપાર કરનારાની દુકાનો અતિ અલ્પ છે તે

બતાવી અને તે દૃષ્ટાંતથી રાજાની બુદ્ધિમાં સ્થાપન કર્યું કે સામાન્યથી સ્થૂળ બુદ્ધિવાળા જીવોને ધનઉપાર્જનના ઉપાયો સ્થૂળથી જ દેખાય છે, રત્નોની પરીક્ષા કરવાની સૂક્ષ્મ શક્તિ કોઈક જ પ્રાજ્ઞમાં હોય છે તેથી તેવા પ્રાજ્ઞ પુરુષો જ શ્રેષ્ઠ રત્નો ખરીદી શકે છે અને તેવાં શ્રેષ્ઠ રત્નોથી વિપુલ ધન કમાય છે તેમ સ્થૂળ બુદ્ધિવાળા જીવોને માત્ર બાહ્ય તપત્યાગાદિની આચરણા ધર્મરૂપે દેખાય છે કે નદીસ્નાનાદિ ધર્મરૂપ દેખાય છે કે લોકોને અનુકૂળતા થાય તેવા વાવ-કૂવાદિ નિર્માણ કરવામાં ધર્મ દેખાય છે પરંતુ આત્માનું પારમાર્થિક સ્વરૂપ શું છે, જગતની વ્યવસ્થા શું છે અને જગતના જીવો કર્મને વશ કઈ રીતે ઉપદ્રવ પામે છે અને કર્મના ઉપદ્રવથી આત્માના રક્ષણ અર્થે સેવાતો શુદ્ધ ધર્મ કઈ રીતે સ્વની નિર્મળતા કરે છે અને કઈ રીતે યોગ્ય જીવોને સૂક્ષ્મ માર્ગ બતાવીને ધર્મની પ્રાપ્તિ કરાવે છે તેનું સૂક્ષ્મ રહસ્ય સ્થૂળ દૃષ્ટિવાળા લોકો ક્યારેય જાણી શકતા નથી. આથી જ કેટલાક ગંગાસ્નાનમાં આત્માની શુદ્ધિને માનનારા છે તો લોકોત્તર શાસનમાં પણ શેત્રુંજી નદીમાં સ્નાન કરવાથી પાપની શુદ્ધિ થાય છે ઇત્યાદિ સ્થૂળ આચારમાત્રમાં ધર્મને જોનારા હોય છે.

અથવા જિનમંદિરનું નિર્માણ, ઉપાશ્રયનું નિર્માણ આદિ સ્થૂળ આચારમાં ધર્મ જોનારા હોય છે પરંતુ જિનાલયનિર્માણ આદિ કૃત્યો જિનવચનના સૂક્ષ્મ વિવેકપૂર્વક કરવાથી આત્મામાં કઈ રીતે ગુણસંપત્તિ પ્રગટે છે તેને જોનારા નથી. વળી, જેમ રત્નવણિક રત્નના સૂક્ષ્મ ભાવોને જાણનાર હોય છે તેમ વિવેકી જીવો જિનાલયનિર્માણઆદિ અનુષ્ઠાનમાં વર્તતા વીતરાગના વચનથી નિયંત્રિત વીતરાગગામી શુભ ભાવોને જોનારા હોય છે પરંતુ બહુલતાએ જીવોને માત્ર બાહ્ય આચરણામાં જ ધર્મ દેખાય છે, બાહ્ય આચરણાજન્ય વીતરાગના ગુણોથી રંજિત ચિત્ત કે વીતરાગના વચન અનુસાર જિનાલયઆદિ કૃત્યોમાં વર્તતો ઉર્જિત આશય લોકો જોઈ શકતા નથી તેથી શુદ્ધ ધર્મ માત્ર બહુજન પરિગૃહીત નથી પરંતુ વિપુલ પ્રજ્ઞાવાળા, તત્ત્વને જોનારા અને આજ્ઞાનુસારી વર્તનારા મહાપુરુષોથી જોવાયેલો શુદ્ધ ધર્મ છે તે પ્રકારે સૂરિએ નગરમાં શાક, ઇંધણ, ધાન્યાદિની દુકાનો ઘણી છે અને રત્નોની દુકાનો અલ્પ છે તે દૃષ્ટાંતના બળથી રાજાને શુદ્ધ ધર્મમાં સ્થિર કર્યો.

અહીં વિશેષ એ છે કે થોડા જનથી પરિગૃહીત હોય એટલા માત્રથી તે ધર્મ પ્રમાણ બનતો નથી કે ઘણા જનથી પરિગૃહીત હોય એટલા માત્રથી તે ધર્મ પ્રમાણ બનતો નથી પરંતુ સર્વજ્ઞના વચનના સૂક્ષ્મ બોધથી નિયંત્રિત ધર્મ જ પ્રમાણ બને છે છતાં જેમ રત્નવણિક થોડા હોય છે; કેમ કે રત્નના વિશેષ પ્રભાવને રત્નને જોવામાત્રથી નિર્ણય કરી શકે તેવી પ્રજ્ઞા પરિમિત જીવો પાસે હોય છે, તેમ જેઓમાં ક્ષુદ્રઆદિ ભાવો ગયા છે અને તત્ત્વને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટી છે તેઓ જ સર્વજ્ઞના વચનના બળથી ધર્મના સૂક્ષ્મ રહસ્યને જોવા સમર્થ બને છે અને તેવા મહાત્માઓથી સ્વીકારાયેલો ધર્મ પોતાના આત્મામાં ગુણનિષ્પત્તિ કરે છે અને અન્ય યોગ્ય જીવોને સૂક્ષ્મ માર્ગ બતાવીને ગુણનિષ્પત્તિનું કારણ બને છે. જ્યારે સ્થૂળ બુદ્ધિવાળા જીવોને તો માત્ર બાહ્ય નિયત કૃત્યો મોક્ષના કારણરૂપ દેખાવાથી તેમાં ધર્મબુદ્ધિ થાય છે. **॥૯૧૯-૯૨૦॥**

અવતરણિકા :-

यद्येवं ज्वरहरतक्षकचूडारत्नालङ्कारवद् दुष्करः शुद्धधर्मस्तत्किं तस्योपदेशेन ? इत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

જો આ રીતે=પૂર્વમાં રત્નવણિક થોડા હોય છે એમ બતાવીને ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે એમ બતાવ્યું એ રીતે, જ્વરને હરનાર સાપના ચૂડામાં રહેલા રત્નના અલંકાર જેવો દુષ્કર શુદ્ધ ધર્મ છે તો તેના ઉપદેશથી શું એ પ્રકારની આશંકા કરીને કહે છે –

ગાથા :-

णय दुक्करं तु अहिगारिणो इहं अहिगयं अणुट्ठाणं ।
भवदुक्खभया णाणी मोक्खत्थी किं ण करेइ? ।।९२१।।

અન્વયાર્થ :-

અહિગારિણો=અધિકારીને=મોક્ષ પ્રત્યે બદ્ધ સ્પૃહાવાળા જીવને, ઇહં=અહીં=સંસારમાં, અહિગયં અણુટ્ઠાણં= અધિકૃત અનુષ્ઠાન=શુદ્ધ ધર્મની આરાધનારૂપ અનુષ્ઠાન, ણ ય દુક્કરં તુ=દુષ્કર નથી જ, ભવદુક્ખભયા= ભવના દુઃખના ભયથી, ણાણી મોક્ખત્થી=જ્ઞાની મોક્ષાર્થી, કિં ણ કરેઇ?=શું કરતા નથી ? અર્થાત્ મોક્ષના દુષ્કર પણ ઉપાયને શક્તિ અનુસાર અવશ્ય સેવે છે. ।।૯૨૧।।

ગાથાર્થ :-

અધિકારીને=મોક્ષ પ્રત્યે બદ્ધ સ્પૃહાવાળા જીવને, અહીં=સંસારમાં, અધિકૃત અનુષ્ઠાન=શુદ્ધ ધર્મની આરાધનારૂપ અનુષ્ઠાન, દુષ્કર નથી જ. ભવના દુઃખના ભયથી જ્ઞાની મોક્ષાર્થી શું કરતા નથી ? અર્થાત્ મોક્ષના દુષ્કર પણ ઉપાયને શક્તિ અનુસાર અવશ્ય સેવે છે. ।।૯૨૧।।

ટીકા :-

नच नैव दुष्करं दुरनुष्ठेयं, तुरेवकारार्थः, अधिकारिणो मोक्षं प्रति बद्धस्पृहस्येहाधिकृतं शुद्धधर्माराधनारूपमनुष्ठानं सर्वसावद्यविरमणरूपम् । कुतः, यतः भवदुःखभयाज्जातिजरामरणादिसंसारोद्वेगाद्, ज्ञानी निश्चितहेयोपादेयविभागो मोक्षार्थं किं न करोति ? अपि तु शक्त्यनुरूपं तत्साधकतया निश्चितं सर्वमपि ।।९२१।।

ભાવાર્થ :-

સામાન્યથી સંસારી જીવો ક્ષુદ્રઆદિ ભાવોથી વ્યાપ્ત બુદ્ધિવાળા હોય છે છતાં તે ક્ષુદ્રઆદિ ભાવો કાંઈક અલ્પ થાય છે ત્યારે પરલોક અર્થે ધર્મ કરવાની મનોવૃત્તિવાળા થાય છે તોપણ વિવેકચક્ષુ પ્રગટ થાય તે ભૂમિકાના ક્ષુદ્રઆદિ ભાવોનો વિગમન થયો નથી તેથી ગ્રંથિદેશમાં આવેલા પરલોકના અર્થે ધર્મ કરવા તત્પર થાય ત્યારે પણ પોતાની ક્ષુદ્ર બુદ્ધિને કારણે બાહ્ય સ્થૂળ આચરણા માત્રમાં ધર્મબુદ્ધિ કરે છે પરંતુ સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરતા નથી કે મોક્ષ અને મોક્ષનો માર્ગ તે ઇન્દ્રિયગોચર વસ્તુ નથી. તેથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે તેનો નિર્ણય પણ છદ્મસ્થ કરી શકે નહીં અને મોક્ષની પ્રાપ્તિનો ઉપાય જે ધર્મ છે તેનો પણ

નિર્ણય છદ્મસ્થ કરી શકે નહીં. પરંતુ સર્વજ્ઞના વચનથી મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે તેનો નિર્ણય થઈ શકે અને જેને નિપુણ પ્રજ્ઞા પ્રાપ્ત થઈ છે તે મહાત્મા ક્ષુદ્રબુદ્ધિનો ત્યાગ કરીને મધ્યસ્થ બુદ્ધિપૂર્વક સર્વજ્ઞનું વચન કષછેદતાપ દ્વારા જાણવા યત્ન કરે છે કે આ જ સર્વજ્ઞનું વચન છે તેવો નિર્ણય કર્યા પછી તે સર્વજ્ઞનું વચન કઈ રીતે મોક્ષ પ્રત્યે કારણ છે તેના રહસ્યને સૂક્ષ્મ પ્રજ્ઞાથી અને શાસ્ત્રવચનથી જાણવા પ્રયત્ન કરે છે તેથી તેવા અધિકારી જીવોને અધિકૃત એવું ધર્મનું અનુષ્ઠાન દુષ્કર નથી. જો કે સામાન્ય રીતે બાહ્ય અનુષ્ઠાન બધાને માટે સુકર છે આથી ગમે તેટલી અલ્પ શક્તિવાળો જીવ દૃઢ સંકલ્પ કરે તો માસક્ષમણને પારણે માસક્ષમણ કરી શકે, ક્વચિદ્ મૃત્યુ થાય તોપણ દૃઢ સંકલ્પના બળથી બાહ્ય આચરણ સુખપૂર્વક તે સેવી શકે છે, જ્યારે સ્વભૂમિકાનુસાર ઉચિત ધર્મનું અનુષ્ઠાન તો બાહ્ય આચરણાના દૃઢ અવલંબનથી મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વ્યાપારરૂપ છે અને ક્ષુદ્ર જીવો ચિત્તને તે રીતે અનુષ્ઠાનમાં પ્રવર્તાવી શકતા નથી તેથી તેઓને માટે દૃઢ પ્રણિધાનવાળું તેવું અનુષ્ઠાન દુષ્કર છે તોપણ ભવના દુઃખથી જેઓ ભય પામેલા છે અને જ્ઞાની છે તેથી જાણે છે કે મોહથી જ સંસારનો ઉદ્ભવ છે અને અનાદિથી સ્થિર થયેલો મોહ દૃઢ પ્રયત્નપૂર્વક તેના નાશને અનુકૂળ ક્રિયા કરવાથી નાશ પામે છે અન્યથા નાશ પામતો નથી તેથી મોક્ષના અર્થી એવા જ્ઞાની પુરુષને માટે તેવું અનુષ્ઠાન દુષ્કર નથી અર્થાત્ તે મહાત્મા સ્વભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાન કરીને મોહનાશનો અવશ્ય યત્ન કરે છે જેથી ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા શુદ્ધ અનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે. ॥૯૨૧॥

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ ભાવન કરે છે=ભવદુઃખના ભયથી મોક્ષાર્થી જ્ઞાની સર્વ દુષ્કર અનુષ્ઠાન સ્વશક્તિ અનુસાર અવશ્ય કરે છે એને જ ભાવન કરે છે –

ગાથા :-

ભવદુક્ખં જમણંતં મોક્ખસુહં ચેવ ભાવિએ તત્તે ।
ગરુયંપિ અપ્પમાયં સેવઇ ણઉ અણ્ણહા ણિયમા ।।૯૨૨।।

અન્વયાર્થ :-

જં=જે કારણથી, ભવદુક્ખં અણંતં=ભવદુઃખ અનંત છે, મોક્ખસુહં ચેવ (અણંતં)=અને મોક્ષસુખ અનંત જ છે, ભાવિએ તત્તે=(એ પ્રમાણે) ભાવિત તત્ત્વ હોતે છતે, ગરુયંપિ અપ્પમાયં=ગુરુક પણ અપ્રમાદ=ભારેકર્મી જીવો દ્વારા સ્વપ્નમાં પણ સેવી ન શકાય એવો અપ્રમાદ, સેવઇ=સેવે છે=ભાવિત તત્ત્વવાળા મહાત્મા સેવે છે, ણિયમા ઉ અણ્ણહા ણ=વળી અન્યથા નિયમથી નથી=પરંતુ પૂર્વમાં કહેલા તત્ત્વના જ્ઞાનનો અભાવ હોતે છતે નિયમથી અપ્રમાદ સેવતા નથી. ॥૯૨૨॥

ગાથાર્થ :-

જે કારણથી ભવદુઃખ અનંત છે અને મોક્ષસુખ અનંત જ છે એ પ્રમાણે ભાવિત તત્ત્વ હોતે છતે ગુરુક પણ અપ્રમાદ=ભારેકર્મી જીવો દ્વારા સ્વપ્નમાં પણ સેવી ન શકાય એવો અપ્રમાદ, સેવે છે= ભાવિત તત્ત્વવાળા મહાત્મા સેવે છે, વળી અન્યથા નિયમથી નથી=પરંતુ પૂર્વમાં કહેલા તત્ત્વના જ્ઞાનનો અભાવ હોતે છતે નિયમથી અપ્રમાદ સેવતા નથી. ॥૯૨૨॥

ટીકા :-

भवदुःखं नरकतिर्यगादिजन्मस्वशर्मलक्षणं यद्यस्मादनंतमनवधि, अनाद्यनंतत्वाच्च संसारस्य; मोक्षसुखं चैवापवर्गसुखमप्यनन्तमेव, अनागतकालप्रमाणत्वात् । एवं भाविते तत्त्वे दुःखसुखस्वरूपलक्षणे गुरुकर्मभिः संसाराभिनन्दिभिः स्वप्नेऽप्यनध्यवसेयं अप्रमादं निद्राविकथादिप्रमादपरिवर्जनरूपं सेवतेऽधितिष्ठति, न त्वन्यथोक्तरूपतत्त्वज्ञानाभावे नियमादवश्यम्भावेन । अन्यत्राप्युक्तं—'भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः । अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित् ।।१।।' ।।९२२।।

ભાવાર્થ :-

'ચારગતિના પરિભ્રમણરૂપ સંસાર અનંત દુઃખોથી વ્યાપ્ત છે; કેમ કે અનંતકાળથી જીવ આ રીતે ચાર ગતિઓમાં સર્વ કદર્થના પામે છે અને મોક્ષનું સુખ શાશ્વત હોવાથી અનંત છે; કેમ કે સર્વ ઉપદ્રવ વગરનું સદા માટે છે' એ પ્રકારે પુનઃ પુનઃ ભાવન કરીને જેઓએ સંસારના દુઃખનું સ્વરૂપ અને મોક્ષના સુખનું સ્વરૂપ અત્યંત સ્થિર કર્યું છે તેઓને સતત અંતરંગ ચક્ષુ સામે વિડંબનારૂપ સંસાર દેખાય છે અને તેવા સંસારથી તેઓ અત્યંત ભય પામેલા છે. વળી, તેઓને સદા નિરુપદ્રવવાળો મોક્ષ દેખાય છે તેથી તેઓ મોક્ષના અત્યંત અર્થી થયા છે તેવા જીવો ક્ષુદ્ર જીવો સેવી ન શકે તેવો અપ્રમાદ પણ સુખપૂર્વક સેવી શકે છે અર્થાત્ સ્વભૂમિકાનું આલોચન કરીને સર્વ ધર્મઅનુષ્ઠાન અંતરંગ ગુણવૃદ્ધિનું કારણ બને તે પ્રકારે સેવી શકે છે અને જેઓએ સંસારનું સ્વરૂપ અને મોક્ષનું સ્વરૂપ કાંઈક માત્ર વિચાર્યું છે તેથી મોક્ષના અર્થી થયા છે અને સંસારની ઉચ્છેદની ઇચ્છાવાળા છે છતાં સંસારના અને મોક્ષના સ્વરૂપથી અત્યંત ભાવિતમતિવાળા નથી અને તેના કારણે નિપુણતાપૂર્વક મોક્ષના ઉપાયને જાણવા યત્ન કરનારા નથી પરંતુ ક્ષુદ્ર બુદ્ધિ હોવાથી પોતાની ક્ષુદ્રમતિ અનુસાર બાહ્ય આચરણા માત્રને મોક્ષના કારણરૂપે કલ્પીને ધર્મપ્રવૃત્તિ કરનારા છે તેઓ નિયમથી ગુરુક એવા અપ્રમાદને સેવી શકતા નથી માટે ભવદુઃખથી ભય પામેલા જ્ઞાની માટે અધિકૃત અનુષ્ઠાન દુષ્કર નથી જ્યારે અન્ય જીવો માટે દુષ્કર છે. ॥૯૨૨॥**

અવતરણિકા :-

एतत्समर्थनायैवाह —

અવતરણિકાર્થ :-

આના સમર્થન માટે જ કહે છે=ભવદુઃખના અને મોક્ષસુખના જ્ઞાની ગુરુક પણ અપ્રમાદને સેવી શકે છે એના સમર્થન જ માટે કહે છે –

ગાથા :-

इह तेल्लपत्तिधारगणायं तंतंतरेसुवि पसिद्धं ।
अइगंभीरत्थं खलु भावेयव्वं पयत्तेण ।।९२३।।

અન્વયાર્થ :-

इह=અહીં=ગુરુક અપ્રમાદ સેવનમાં, तेल्लपत्तिधारगणायं=તૈલપાત્રના ધારકનું દૃષ્ટાંત, तंतंतरेसुवि=તંત્રાંતરમાં પણ=અન્ય દર્શનોનાં શાસ્ત્રોમાં પણ, पसिद्धं=પ્રસિદ્ધ છે. अइगंभीरत्थं खलु=અતિગંભીર અર્થવાળા (તે દૃષ્ટાંતનું), पयत्तेण भावेयव्वं=પ્રયત્નથી ભાવન કરવું જોઈએ. ।।૯૨૩।।

ગાથાર્થ :-

અહીં=ગુરુક અપ્રમાદ સેવનમાં, તૈલપાત્રના ધારકનું દૃષ્ટાંત તંત્રાંતરમાં પણ=અન્ય દર્શનોનાં શાસ્ત્રોમાં પણ, પ્રસિદ્ધ છે. અતિગંભીર અર્થવાળા તે દૃષ્ટાંતનું પ્રયત્નથી ભાવન કરવું જોઈએ. ।।૯૨૩।।

ટીકા :-

इह गुरुकाऽप्रमादसेवायां तैलपात्रीधारकज्ञातं तन्त्रान्तरेऽपि दर्शनान्तरशास्त्रेष्वपि प्रसिद्धं अतिगम्भीरार्थं महामतिगम्यं, खलुर्वाक्यालङ्कारे, भावयितव्यं प्रयत्नेन ।।९२३।।

ભાવાર્થ :-

જેમ તૈલપાત્રનો ધારક પુરુષ વર્તમાનના મૃત્યુના નિવારણ અર્થે પાંચ ઇન્દ્રિયોથી સંવૃત થઈને માત્ર તેલના ટીપાના પાતના રક્ષણ અર્થે આખા નગરમાં પરિભ્રમણ કરે છે તે વખતે તેનું ચિત્ત ઇન્દ્રિયો સાથે લેશપણ જોડાતું નથી પરંતુ તેલના પાતના રક્ષણમાં જ માત્ર જોડાયેલું રહે છે તેમ જે મહાત્માઓ અનંત મરણોના દુઃખથી ભય પામેલા છે, જેઓની સ્મૃતિમાં વર્તમાનનું કૃત્ય અનંત મરણના રક્ષણનું કારણ છે અને વર્તમાનનો પ્રમાદ અનંત મરણની પરંપરાનો સર્જક છે એવો સ્થિર નિર્ણય છે તેઓ પોતાની શક્તિને ગોપવ્યા વગર સતત સ્વભૂમિકા અનુસાર પાંચ ઇન્દ્રિયોનું સંવરણ કરીને ગુણનિષ્પત્તિમાં દૃઢ પ્રણિધાનવાળા થઈને મોક્ષને અનુકૂળ ભાવોની સતત વૃદ્ધિ સુખપૂર્વક કરી શકે છે. એ પ્રકારના ગંભીર અર્થવાળું તૈલપાત્રધારકનું દૃષ્ટાંત ભાવન કરવું જોઈએ જેથી મોક્ષસાધક અનુષ્ઠાન દુષ્કર છે તેવી તુચ્છ મતિ કરીને મનુષ્યભવને નિષ્ફળ કરવામાં શક્તિનો વ્યય થાય નહીં. **॥૯૨૩॥**

અવતરણિકા :-

એતદેવ ગાથાનવકેન દર્શયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=તૈલપાત્રધારકના દૃષ્ટાંતને જ, નવ ગાથા વડે દર્શાવે છે –

ગાથા :-

सद्धो पण्णो राया पायं तेणोवसामिओ लोगो ।
णियनगरे णवरं कोति सेट्ठिपुत्तो ण कम्मगुरू ।।९२४।।
सो लोगगहा मण्णइ हिंसंपि तहाविहं ण दुट्ठंति ।
हिंसाणं सुहभावा दुहावि अत्थं तु दुद्देयं ।।९२५।।
अपमायसारयाए णिव्विसयं तह जिणोवएसंपि ।
तक्खगफणरयणगयं सिरत्तिसमणोवएसंव ।।९२६।।
तस्सुवसमणणिमित्तं जक्खो च्छत्तो समाणदिट्ठित्ति ।
णिउणो कओ समप्पिय माणिक्कं सागओ तत्तो ।।९२७।।
अवरो रायासण्णो अहंति परिबोहगो असमदिट्ठी ।
कालेणं वीसंभो तओ य मायापओगोत्ति ।।९२८।।
णट्ठं रायाहरणं पउहगसिट्ठंति पउरघरलाभे ।
माहण पच्छित्तं बहुभयमेवमदोस तहवित्ति ।।९२९।।
जक्खब्भत्थण विण्णवण ममत्थे तं णिवं सुदंडेण ।
तच्चोयण परिणामो विण्णत्ती तइलपत्ति वहो ।।९३०।।
संगच्छण जहसत्ती खग्गधरुक्खेव छणणिरूवणया ।
तल्लिच्छ जत्तनयणं चोयणमेवंति पडिवत्ती ।।९३१।।
एवमणंताणं इह भीया मरणाइयाण दुक्खाणं ।
सेवंति अप्पमायं साहू मोक्खत्थमुज्जुत्ता ।।९३२।।

અન્વયાર્થ :-

સદ્ધો પણ્ણો રાયા=શ્રાદ્ધ પ્રાજ્ઞ રાજા હતો. તેણ ણિયનગરે=તેના વડે પોતાના નગરમાં, લોગો પાયં ઉવસામિઓ=લોક પ્રાયઃ ઉપશમિત કરાયો=લોકો જૈનદર્શનથી વાસિત કરાયા. ણવરં કોતિ કમ્મગુરૂ સેટ્ઠિપુત્તો=ફક્ત કોઈક ગુરુકર્મી શ્રેષ્ઠીપુત્ર, ણ=ન થયો=ઉપશમિત થયો નહીં.

લોગગહા=લોકના ગ્રહથી=સંસારમોચક નામના પાખંડીના સંસર્ગથી, તહાવિહં હિંસંપિ=તેવા પ્રકારની હિંસાને પણ=દુઃખી જીવોની દુઃખથી મુક્ત કરવારૂપ હિંસાને પણ, સો દુટ્ઠંતિ ણ મણ્ણઇ=તે દુષ્ટ માનતો નથી; હિંસાણં સુહભાવા=કેમ કે હિંસ્ય જીવોને સુખનો ભાવ છે અને હિંસક જીવોને શુભ ભાવ છે. દુહાવિ અત્થં તુ દુદ્દેયં=વળી બે હેતુથી અર્થ દુર્દેય છે=ક્લેશથી ઉપાર્જન થાય છે અને મૂર્છાનો ત્યાગ દુષ્કર છે એ બે હેતુથી ધનનું દાન આપવું મુશ્કેલ છે.

અપમાયસારયાએ ણિવ્વિસયં તહ જિણોવએસં પિ=અને અપ્રમાદસારપણાથી જિનનો ઉપદેશ નિર્વિષય છે. તક્ખગફણરયણગયં સિરત્તિસમણોવએસંવ=તક્ષકની ફણામાં રત્નગત મસ્તકની પીડાના શમનના વિષયમાં ઉપદેશની જેમ=મહાનાગની ફણામાં રહેલા રત્નવિષયક મસ્તકની પીડાના શમનના વિષયમાં ઉપદેશની જેમ જિનનો ઉપદેશ નિર્વિષય છે એમ તે શ્રેષ્ઠીપુત્ર માને છે.

તસ્સુવસમણણિમિત્તં=તેના ઉપશમન નિમિત્તે=તે શ્રેષ્ઠીપુત્રના વિપર્યાસને દૂર કરવા નિમિત્તે, જક્ખો ચ્છત્તો=યક્ષ નામનો છત્ર, સમાણદિટ્ઠિત્તિ ણિઉણો કઓ=સમાન દૃષ્ટિવાળો નિપુણ કરાયો=રાજા વડે જીવાદિ પદાર્થમાં નિપુણ કરાયો. સમપ્પિય માણિક્કં=માણેકરત્ન સમર્પણ કરાયું. તત્તો=ત્યારપછી, સાગઓ=તે આવ્યો=તે છાત્ર રાજા પાસેથી શ્રેષ્ઠીપુત્રની પાસે આવ્યો.

(છાત્રએ શ્રેષ્ઠીપુત્રને કહ્યું –), અવરો રાયાસણ્ણો=અપર રાજા આસન્ન છે=મારી સાથે આસન્ન વર્તે છે. અહંતિ પરિબોહગો અસમદિટ્ઠી=હું પ્રતિબોધક અસમાન દૃષ્ટિવાળો છું=હું જૈનશાસનના ગ્રહને દૂર કરનાર અને રાજા સાથે અસમાન દૃષ્ટિવાળો છું. કાલેણં વીસંભો=કાળથી વિશ્વાસ પેદા થયો=થોડો સમય જતાં શ્રેષ્ઠીપુત્રને છાત્રમાં વિશ્વાસ પેદા થયો, તઓ ય માયાપઓગોત્તિ=ત્યારપછી માયાપ્રયોગ=પછી છાત્રએ માયાથી તે માણિક્યરત્ન શ્રેષ્ઠીપુત્રના આભરણમાં પ્રક્ષેપ કર્યો.

ણટ્ઠં રાયાહરણં=રાજાનું આભરણ નષ્ટ થયું છે='રાજાનું આભરણ ચોરાયું છે' એ પ્રમાણે, પડહગસિટ્ઠંતિ=પડહ વગાડાયો અને આ અશિષ્ટ કોણે કર્યું છે તે જાણવા, પડરઘરલાભે=પૌરગૃહની તપાસમાં લાભ થયે છતે=પ્રત્યેક ઘરની તપાસમાં શ્રેષ્ઠીપુત્રના કરંડિયામાં માણિક્યરત્નનો લાભ થયે છતે (છાત્રએ કહ્યું –), મા હણ='તમે હણો નહીં'=તમે આ શ્રેષ્ઠીપુત્રને હણો નહીં', પચ્છિત્તં='આનું આ પ્રાયશ્ચિત્ત કરશે.' બહુભયમેવમદોસ તહવિત્તિ=(તે શ્રેષ્ઠીપુત્રએ વિચાર્યું.) 'હું દોષવાળો છું તોપણ કઈ રીતે મારી શુદ્ધિ થશે' એ પ્રકારે બહુ ભય થયો.

જક્ખબ્ભત્થણ=યક્ષને પ્રાર્થના કરી. મમત્થે તં ણિવં સુદંડેણ વિણ્ણવણ='મારા માટે તું રાજાને સુદંડથી

વિનંતી કર'='રાજા મને અલ્પ દંડથી પ્રાયશ્ચિત્ત આપે તેવી તું મારા નિમિત્તે રાજાને વિનંતી કર.' તચ્ચોયણ=તેના વડે પ્રેરણા કરાઈ=યક્ષ વડે પ્રેરણા કરાઈ કે શરીરના નિગ્રહ વગર રાજા જે પ્રાયશ્ચિત્ત આપશે તે તું કરીશ ? ત્યારે શ્રેષ્ઠીપુત્રએ હા પાડી. परिणामो=પરિણામ=આ રીતે શ્રેષ્ઠીપુત્રનો પરિણામ યક્ષને પ્રાપ્ત કરાયો. विण्णत्ती=વિજ્ઞપ્તિ=રાજાને વિનંતી કરાઈ. तइलपत्ति वहो='તૈલપાત્ર અને વધ'=રાજાએ કહ્યું – 'તૈલપાત્ર ધરીને આખા નગરમાં તે શ્રેષ્ઠીપુત્ર ફરે અને તેમાંથી એક બિંદુ પણ નીચે પડશે તો તેનો વધ કરાશે.'

संगच्छण=અભ્યુપગમન=શ્રેષ્ઠીપુત્રએ સ્વીકાર કર્યો. जहसत्ती='યથાશક્તિ'='હું આ કાર્ય યથાશક્તિ સિદ્ધ કરીશ.' खग्गधर=ખડ્ગધરનારને (તેની બાજુમાં રાખ્યા.) उक्खेव=ઉત્ક્ષેપ=તૈલપાત્રમાં તેલ ભરવામાં આવ્યું. छणणिरूवणया=ક્ષણની નિરૂપણા=શ્રેષ્ઠીપુત્રના ચિત્તના વ્યાક્ષેપ અર્થે નગરમાં સર્વત્ર ઉત્સવની પ્રવૃત્તિ કરાઈ. तल्लिच्छ=તેની લિપ્સાથી=જીવિતની ઈચ્છાથી, जत्तनयणं=યત્નપૂર્વક નયન=શ્રેષ્ઠીપુત્ર વડે તેલનું બિંદુ ન પડે તે રીતે યત્નપૂર્વક તૈલપાત્રનું નયન. चोयणमेवंति=આ રીતે પ્રેરણા=રાજાએ શ્રેષ્ઠીપુત્રને કહ્યું કે 'જે રીતે તેં આ દુષ્કર કાર્ય કર્યું છે એ રીતે અપ્રમત્ત મુનિઓ કરે છે' એ પ્રકારે રાજા દ્વારા પ્રેરણા કરાઈ. पडिवत्ती=પ્રતિપત્તી=શ્રેષ્ઠીપુત્ર ધર્મમાર્ગમાં પ્રતિબોધ પામ્યો.

एवं=આ રીતે, इह=અહીં=સંસારમાં, अणंताणं मरणाइयाण दुक्खाणं भीया=અનંત મરણોના દુઃખના ભયથી, मोक्खत्थमुज्जुत्ता साहू अप्पमायं सेवंति=મોક્ષાર્થે ઉદ્યત એવા સાધુ અપ્રમાદ સેવે છે. ॥૯૨૪થી ૯૩૨॥

ગાથાર્થ :-

શ્રાદ્ધ પ્રાજ્ઞ રાજા હતો. તેના વડે પોતાના નગરમાં લોક પ્રાયઃ ઉપશમિત કરાયો=લોકો જૈનદર્શનથી વાસિત કરાયા. ફક્ત કોઈક ગુરુકર્મી શ્રેષ્ઠીપુત્ર ન થયો=ઉપશમિત થયો નહીં.

લોકના ગ્રહથી=સંસારમોચક નામના પાખંડીના સંસર્ગથી, તેવા પ્રકારની હિંસાને પણ=દુઃખી જીવોની દુઃખથી મુક્ત કરવારૂપ હિંસાને પણ, તે દુષ્ટ માનતો નથી; કેમ કે હિંસ્ય જીવોને સુખનો ભાવ છે અને હિંસક જીવોને શુભ ભાવ છે. વળી બે હેતુથી અર્થ દુર્દેય છે=ક્લેશથી ઉપાર્જન થાય છે અને મૂર્છાનો ત્યાગ દુષ્કર છે એ બે હેતુથી ધનનું દાન આપવું મુશ્કેલ છે.

અને અપ્રમાદસારપણાથી જિનનો ઉપદેશ નિર્વિષય છે. તક્ષકની ફણામાં રત્નગત મસ્તકની પીડાના શમનના વિષયમાં ઉપદેશની જેમ=મહાનાગની ફણામાં રહેલા રત્નવિષયક મસ્તકની પીડાના શમનના વિષયમાં ઉપદેશની જેમ જિનનો ઉપદેશ નિર્વિષય છે એમ તે શ્રેષ્ઠીપુત્ર માને છે.

તેના ઉપશમન નિમિત્તે=તે શ્રેષ્ઠીપુત્રના વિપર્યાસને દૂર કરવા નિમિત્તે, યક્ષ નામનો છત્ર સમાન દૃષ્ટિવાળો નિપુણ કરાયો=રાજા વડે જીવાદિ પદાર્થમાં નિપુણ કરાયો. માણેકરત્ન સમર્પણ કરાયું. ત્યારપછી તે આવ્યો=તે છાત્ર રાજા પાસેથી શ્રેષ્ઠીપુત્રની પાસે આવ્યો.

છાત્રએ શ્રેષ્ઠીપુત્રને કહ્યું – અપર રાજા આસન્ન છે=મારી સાથે આસન્ન વર્તે છે. હું પ્રતિબોધક અસમાન દૃષ્ટિવાળો છું=હું જૈનશાસનના ગ્રહને દૂર કરનાર અને રાજા સાથે અસમાન દૃષ્ટિવાળો છું. કાળથી વિશ્વાસ પેદા થયો=થોડો સમય જતાં શ્રેષ્ઠીપુત્રને છાત્રમાં વિશ્વાસ પેદા થયો. ત્યારપછી માયાપ્રયોગ=પછી છાત્રએ માયાથી તે માણિક્યરત્ન શ્રેષ્ઠીપુત્રના આભરણમાં પ્રક્ષેપ કર્યો.

રાજાનું આભરણ નષ્ટ થયું છે='રાજાનું આભરણ ચોરાયું છે' એ પ્રમાણે, પડહ વગાડાયો અને આ અશિષ્ટ કોણે કર્યું છે તે જાણવા પૌરગૃહની તપાસમાં લાભ થયે છતે=પ્રત્યેક ઘરની તપાસમાં શ્રેષ્ઠીપુત્રના કરંડિયામાં માણિક્યરત્નનો લાભ થયે છતે, છાત્રએ કહ્યું – 'તમે હણો નહીં'=તમે આ શ્રેષ્ઠીપુત્રને હણો નહીં', 'આનું આ પ્રાયશ્ચિત્ત કરશે.' તે શ્રેષ્ઠીપુત્રએ વિચાર્યું. 'હું દોષવાળો છું તોપણ કઈ રીતે મારી શુદ્ધિ થશે' એ પ્રકારે બહુ ભય થયો.

યક્ષને પ્રાર્થના કરી. 'મારા માટે તું રાજાને સુદંડથી વિનંતી કર'='રાજા મને અલ્પ દંડથી પ્રાયશ્ચિત્ત આપે તેવી તું મારા નિમિત્તે રાજાને વિનંતી કર.' તેના વડે પ્રેરણા કરાઈ=યક્ષ વડે પ્રેરણા કરાઈ કે શરીરના નિગ્રહ વગર રાજા જે પ્રાયશ્ચિત્ત આપશે તે તું કરીશ ? ત્યારે શ્રેષ્ઠીપુત્રએ હા પાડી. પરિણામ=આ રીતે શ્રેષ્ઠીપુત્રનો પરિણામ યક્ષને પ્રાપ્ત કરાયો. વિજ્ઞપ્તિ=રાજાને વિનંતી કરાઈ. 'તૈલપાત્ર અને વધ'=રાજાએ કહ્યું – 'તૈલપાત્ર ધરીને આખા નગરમાં તે શ્રેષ્ઠીપુત્ર ફરે અને તેમાંથી એક બિંદુ પણ નીચે પડશે તો તેનો વધ કરાશે.'

અભ્યુપગમન=શ્રેષ્ઠીપુત્રએ સ્વીકાર કર્યો. 'યથાશક્તિ'='હું આ કાર્ય યથાશક્તિ સિદ્ધ કરીશ.' ખડ્ગધરનારને તેની બાજુમાં રાખ્યા. ઉત્ક્ષેપ=તૈલપાત્રમાં તેલ ભરવામાં આવ્યું. ક્ષણની નિરૂપણા= શ્રેષ્ઠીપુત્રના ચિત્તના વ્યાક્ષેપ અર્થે નગરમાં સર્વત્ર ઉત્સવની પ્રવૃત્તિ કરાઈ. તેની લિપ્સાથી=જીવિતની ઇચ્છાથી, યત્નપૂર્વક નયન=શ્રેષ્ઠીપુત્ર વડે તેલનું બિંદુ ન પડે તે રીતે યત્નપૂર્વક તૈલપાત્રનું નયન. આ રીતે પ્રેરણા=રાજાએ શ્રેષ્ઠીપુત્રને કહ્યું કે 'જે રીતે તેં આ દુષ્કર કાર્ય કર્યું છે એ રીતે અપ્રમત્ત મુનિઓ કરે છે' એ પ્રકારે રાજા દ્વારા પ્રેરણા કરાઈ. પ્રતિપત્તી=શ્રેષ્ઠીપુત્ર ધર્મમાર્ગમાં પ્રતિબોધ પામ્યો.

આ રીતે અહીં=સંસારમાં, અનંત મરણોના દુઃખના ભયથી મોક્ષાર્થે ઉદ્યત એવા સાધુ અપ્રમાદ સેવે છે. ।।૯૨૪થી ૯૩૨।।

ટીકા :-

श्राद्धः सर्वज्ञदर्शनश्रद्धालुः प्राज्ञः स्वभावत एव परोपकारोपायप्रवीणः क्वचिद् नगरे जितशत्रुनामा राजाऽभूत् । प्रायो बाहुल्येन, तेन राज्ञा दानसन्मानादिभिरुपायैः सन्तोषमानीयोपशामित उपशममानीतो जिनशासनं प्रति सानुरागो विहित इत्यर्थः, लोकोऽमात्यश्रेष्ठिप्रभृतिको निजनगरे । नवरं केवलं कश्चित् श्रेष्ठिपुत्रो न शकित उपशामयितुम् । कीदृशः सन्नित्याह—कर्मगुरुर्बहलमिथ्यात्वतमः पटल-समाच्छादितशुद्धबोधसम्पादकपरिणाम इति ।।९२४।।

सो इत्यादि । स श्रेष्ठिपुत्रो लोकग्रहात् संसारमोचकनामकपाखण्डिकसंसर्गलग्नभ्रमाद् मन्यते हिंसामपि प्राणव्यपरोपणरूपां, सर्वेषां तदन्येषामास्तिकानामेकान्ततोऽनभिमतां तथाविधां दुःखितसत्त्व-गोचरां न नैव दुष्टां दारुणपरिणामां, किं तु कल्याणावहामेव । इति प्राग्वत् । कुत इत्याह— 'हिंसाणं सुहभावा' इति हिंस्यानां हिंसनीयानां हिंस्राणां च हिंसकानां सुखभावाच्छुभभावाच्च । तत्र हिंस्यानां हिंसाकालप्रवृत्तपीडानुभवेन प्राग्भवोपात्तासद्वेदनीयनिर्जरणाद् भवान्तरे सुगतिलाभेन सुखभावः । अन्येषां च दुरन्तदुःखनिम्नगातस्तदुत्तारणकरणेन परोपकारसम्भवाच्छुभस्य सुकृतलक्षणस्य लाभः । इति निरवद्यमेव दुःखितस्य व्यपरोपणम् । तथा द्विधापि द्वाभ्यामपि हेतुभ्यां क्लेशोपार्जनमूर्च्छात्याग-दुष्करत्वलक्षणाभ्यामर्थं त्वर्थं पुनर्दुर्देयं मन्यते । ततः सुगत्यर्थिनां निरूपितनीत्या हिंसैव कर्त्तुमुचिता, न पुनरन्यो धर्मो दानादिरिति ।।९२५।।

अप्रमादसारतया अप्रमादः प्रमादाभावः सारो यत्र तत्तथा तद्भावस्तत्ता तया निर्विषयं निर्गोचरं, तथेति समुच्चये, जिनोपदेशमपि सर्वज्ञप्रज्ञापनामपि मन्यते, किं पुनः प्रज्ञापकान्तरोपदिष्टमर्थमित्य-पिशब्दार्थः । कथमिवेत्याह—तक्षकफणरत्नगतं तक्षकस्य महानागस्य फणारत्नं तक्षकफणरत्नं तद्गतं करणीयत्वेन तद्विषयं, शिरसोऽर्त्तिः पीडास्तस्याः शमने उपदेशः शिरोर्त्तिशमनोपदेशस्तमिव । यथा केनचिच्छिरःपीडाकरालितेन कश्चिद् भणितो यथा महती मम शिरःपीडा समुद्भूता वर्त्तते, किं क्रियतामिति ? तेन चोक्तम्—तक्षकफणरत्नालङ्कारो गले बध्यतां, येन सद्य एव पीडोपशमः सम्पद्यते । यथासौ दुष्करत्वेन निर्विषय उपदेशः, तथायमप्रमत्तोपदेशः जिनोक्तो निर्विषय एव ममाभासत इति परिभावयति स श्रेष्ठिसूनुः ।।९२६।।

ततः परिभावितं राज्ञा नैष प्रदीपनकवदुपेक्षितुं युक्तः । इति तस्योपशमनिमित्तं जैनधर्मप्रतिबोधनार्थं यक्षो नाम च्छात्रो विद्यार्थितया गुरुणा सह भ्राम्यति आतपनिवारणार्थं छत्रवान्, समाना सम्यग्भावेन कृत्वा दृष्टिस्तत्त्वश्रद्धानमस्येति समानदृष्टिरित्यर्थः इत्यस्मात्कारणान्निपुणो जीवादिषु पदार्थेषु कृतो राज्ञैव । समर्पितं माणिक्यं निजमुद्रारत्नरूपम् । अनुस्वारलोपः प्राकृतत्वात् । स यक्षच्छात्र उपलब्धराजाभिप्रायः सन्नागतो राजसमीपाद् दूरीभूतस्तदनन्तरम् ।।९२७।।

श्रेष्ठिसुतसमीपं गत्वा बभाण-अन्यो जैनमतवासितांतःकरणः कोऽपि राजाऽऽसन्नो वर्त्तते, अहं पुनः प्रतिबोधको लग्नजैनदर्शनग्रहोत्तारकारी, असमदृष्टिर्नृपेण सह वर्त्ते इति कश्चिन्मयि विश्रम्भरसः समस्ति, समानशीलव्यसनयोरेव विश्रम्भरससम्भवात् । यदवाचि—'मृगा मृगैः संगमनुव्रजन्ति गावश्च गोभिस्तुरगास्तुरंगैः । मूर्खाश्च मूर्खैः सुधियः सुधीभिः समानशीलव्यसनेषु सख्यम् ।।१।।' कालेन तु गच्छता विश्रम्भो विश्वासः समजनिश्रेष्ठिसूनोश्छात्रे । ततश्च मायाप्रयोगः प्रागेव राजार्पित-

तन्माणिक्यस्य तदाभरणमध्ये तस्याजानतो निक्षेपलक्षणः कृतस्तेन । इति प्राग्वत् ।।९२८।।

प्रवर्त्तितश्च पुरमध्ये प्रवादो, यथा—नष्टं राजाभरणम् । पटहको निष्कासितो, यथा-कथयतु येन दृष्टं श्रुतं वा तदिति । ततः केनाप्यशिष्टमिति कृत्वा 'पउरघर'त्ति पौरगृहेषु प्रत्येकं निभालयितुमारब्धेषु लाभे श्रेष्ठिसुतरत्नकरंडिकामध्ये निक्षिप्तस्य राज्ञो माणिक्यस्यावाप्तौ जातायां स दण्डपाशिकलोकेन हन्तुमारब्धः । भणितं च यक्षेण—मा हन मा घातयतैनं प्रायश्चित्तमापन्नमिदमस्य, शुद्धिश्चास्य परिभाव्य करिष्यते । ततो बहु भूरि भयमस्य जज्ञे । न ज्ञायते केनापि प्रकारेण शुद्धिर्भविष्यति । ततः श्रेष्ठिसुतेन परिभावितं,-यथैवं राजमाणिक्यापहारद्वारेण या दोषसम्भावना तामपेक्ष्याऽदोषोऽहं वर्त्ते, तथापि किं करोमीत्येवंलक्षणेन प्रकारेण ।।९२९।।

यक्षाभ्यर्थना तेन कृता, विज्ञापय ममार्थं मन्त्रिमित्तं तं नृपं राजानं, यथा—सुदण्डेन सुकुमारेण केनचिद्दण्डेन निगृह्य मां मुञ्चतेति । ततो यक्षेण तत्प्रेरणा कृता, यथा—शिक्ष्यसे शरीरनिग्रहमन्तरेण यदन्यत् ते प्रायश्चित्तम्, अहं दापयिष्यामि तत् कर्तुमिति । तेनाभाणि-बाढमिति । एवं परिणामो लब्धस्तस्यानेन । तदनुविज्ञप्तिः कृता । राज्ञा चोचे—तैलपात्री भृतोभयकरगृहीता नगरमध्ये भ्रमणीया, यदि पुनस्तत्तैलबिन्दुरेकोऽपि पतति तदा तस्य निश्चितो वधो विधेय इति ।।९३०।।

'संगच्छण'त्ति अभ्युपगमस्तेन जीवितार्थिनाकृतो, यथा—अहं यथाशक्त्यमुमर्थं साधयिष्यामि । एवं प्रतिपन्ने खड्गधरास्तस्य चतसृष्वपि दिक्षु निरूपिताः, यथा—अयमस्मिन्नर्थे प्रमादं करोति तदाऽतीव निग्रहणीय इति । ततस्तस्यास्तैलभृतायाः पात्र्या उत्क्षेप उत्पाटनं कृतं तेन । राज्ञा च तच्चित्तव्याक्षेपार्थं क्षणस्योत्सवस्य निरूपणा सर्वत्र त्रिकचतुष्कचत्वरादिषु प्रारब्धा । तल्लिप्सया जीवितवाञ्छया यत्ननयनं तस्यास्तैलभृतायाः पात्र्या यत्नेन कायिकवाचिकमानसव्याक्षेपपरिहारेण राजपदान्तिकं यावन्नयनं कृतम् । ततस्तस्मिन्नत्यन्तदुष्करेऽत एव केनाप्यनध्यवसेये वस्तुनि सम्पादिते राज्ञा प्रेरणं तस्य कृतं, यथा—समस्त्यप्रमादो दुष्करार्थविधायी, किमिति त्वं मुधा भणसि, यथा—न कश्चिदप्रमत्तः समस्तीति । तेन चैवमिति प्रतिपत्तिः कृता । प्रतिबोधितश्च धर्ममार्गे ।।९३१।।

यथा त्वमेवं मरणमात्रभयात् दुष्करमप्रमत्तताभावमङ्गीकृतवान्, एवमनन्तानामपरिमाणानामिह भीतास्त्रस्ता मरणादिकानां दुःखानां सेवन्तेऽप्रमादमुक्तलक्षणं साधवो मोक्षार्थं मुक्तिनिमित्तं उद्युक्ता उद्यमवन्त इति ।।९३२।।

ભાવાર્થ :-

શ્રેષ્ઠીપુત્રના દૃષ્ટાંતથી સ્થિર થાય છે કે મૃત્યુથી અત્યંત ભય પામેલા અને પ્રાણના રક્ષણ અર્થે જેમ તે શ્રેષ્ઠી પુત્ર ઇન્દ્રિયને સંવર કરીને આખા નગરમાં ફરે છે અને તેલનું બિંદુ પડતું નથી તે વખતે તેલના રક્ષણ

માટે જેવો તેનો દૃઢ ઉપયોગ વર્તે છે એવો જ દૃઢ ઉપયોગ અનંત મરણોના ભયથી ભય પામેલા અને મોક્ષના અર્થી સાધુને સદા વર્તે છે. જિનવચન અનુસાર અપ્રમાદપૂર્વક ઉચિત ક્રિયાઓ કરીને વીતરાગભાવને અનુકૂળ આત્માના પરિણામના રક્ષણ અર્થે તેઓ સદા યત્ન કરે છે. જેમ તે શ્રેષ્ઠીપુત્રને બોધ છે કે તેલનું બિંદુ પડશે તો મારા શિરનો છેદ થશે તેમ સુસાધુને સ્પષ્ટ ઉપસ્થિત છે કે વીતરાગના વચનથી નિયંત્રિત થઈને વીતરાગગામી ઉપયોગ સ્ખલના પામશે તો કષાયની વૃદ્ધિ થવાથી મને અનંત મૃત્યુ પ્રાપ્ત થશે; કેમ કે કષાયની વૃદ્ધિથી ઘાતી કર્મોની વૃદ્ધિ થાય છે અને ઘાતી કર્મોની વૃદ્ધિથી જન્મપરંપરાની વૃદ્ધિ થાય છે માટે જન્મ-મરણની પરંપરાના ઉચ્છેદના અર્થીએ સતત કષાયના ઉચ્છેદમાં યત્ન કરવો જોઈએ એવો સ્થિર બોધ હોવાથી અને અત્યંત ધૈર્યવાળા હોવાથી તે મહાત્માઓ સતત અપ્રમાદપૂર્વક કષાયના ઉચ્છેદમાં પ્રયત્ન કરે છે. **॥૯૨૪થી ૯૩૨॥**

અવતરણિકા :-

આહ—યદિ જરામરણાદિભયાદ્ મોક્ષાર્થિતયોપતિષ્ઠન્તે જીવાસ્તતઃ કિં સર્વે ભવ્યા અપ્રમાદસારં ન પ્રતિપદ્યન્તે ? ઇત્યાશંક્યાહ —

અવતરણિકાર્થ :-

'આહ'થી પ્રશ્ન કરે છે — જો જરા-મરણાદિના ભયથી જીવો મોક્ષાર્થીપણારૂપે ઉપસ્થિત થાય છે= અપ્રમાદમાં યત્ન કરે છે, તો સર્વ ભવ્ય જીવો અપ્રમાદસારને કેમ સ્વીકારતા નથી એ પ્રકારની આશંકા કરીને કહે છે —

ગાથા :-

अपरिणए पुण एयम्मि संसयाईहिं ण कुणइ अभव्वो ।
जह एयं गुरुकम्मो तहेव इयरोवि पव्वज्जं ।।९३३।।

અન્વયાર્થ :-

જહ=જે પ્રમાણે, પુણ એયમ્મિ=વળી આમાં=જિનવચનમાં, અપરિણએ=અપરિણત હોતે છતે, અભવ્વો= અભવ્ય જીવ, સંસયાઈહિં=સંશયાદિને કારણે, ણ એયં કુણઇ=આ કરતો નથી=જિનઉપદેશને સેવતો નથી, તહેવ=તે જ પ્રમાણે=અભવ્યની જેમ જ, ઇયરોવિ=ઇતર પણ=પરિણત જિનવચનવાળો પણ, ગુરુકમ્મો=ગુરુકર્મવાળો, પવ્વજ્જં=પ્રવ્રજ્યાને=અપ્રમાદરૂપ પ્રવ્રજ્યાને કરતો નથી. ॥૯૩૩॥

ગાથાર્થ :-

જે પ્રમાણે વળી આમાં=જિનવચનમાં, અપરિણત હોતે છતે અભવ્ય જીવ સંશયાદિને કારણે આ કરતો નથી=જિનઉપદેશને સેવતો નથી, તે જ પ્રમાણે=અભવ્યની જેમ જ, ઇતર પણ=પરિણત જિનવચનવાળો પણ, ગુરુકર્મવાળો પ્રવ્રજ્યાને=અપ્રમાદરૂપ પ્રવ્રજ્યાને કરતો નથી. ॥૯૩૩॥

ટીકા :-

अपरिणते अङ्गाङ्गीभावलक्षणपरिणाममनागते पुनरेतस्मिन् जिनवचने संशयादिभिः संशय-विपर्ययानध्यवसायैर्वैधुर्यमानीते न करोति न विधत्ते अभव्यो निर्वाणगमनानर्हो जन्तुर्यथैनं जिनोपदेश-मिच्छाविषयभावानयनमात्रेणापि, गुरुकर्मा उदीर्ण्णदृढचारित्रमोहः तथैवेतरोऽपि जन्तुः परिणतजिनवचन सर्वस्वोऽपि प्रव्रज्यामप्रमादरूपाम् ।। अत एव पठ्यते—सम्मद्दिट्ठीवि कयागमोवि अइविसयराग-सुहवसओ । भवसंकडम्मि पविसइ एत्थं तुह सच्चई णायं ।।१।।' ।।९३३।।

ભાવાર્થ :-

જે પ્રમાણે અભવ્ય જીવોને ગાઢ કર્મો હોવાના કારણે ભગવાનનું વચન લેશપણ પરિણમન પામતું નથી તેથી અભવ્ય જીવો કોઈક રીતે બાહ્યથી બુદ્ધિશાળી હોય અને ધર્મ સાંભળવા યોગ્ય પ્રવૃત્તિ કરતા હોય તોપણ ભગવાનના વચનમાં સંશય, વિપર્યય કે અનધ્યવસાય જ વર્તે છે તેથી 'મોહનાશમાં જ પારમાર્થિક સુખ છે અને મોહકૃત જ જીવની સર્વ વિડંબના છે' તેવો બોધ તેઓને થતો નથી તેથી તેઓ ક્યારેય પણ મોહનાશ માટે યત્ન કરતા નથી. તે પ્રમાણે કેટલાક જીવો ભગવાનના વચનને સાંભળીને તત્ત્વને પામેલા હોય અને સ્પષ્ટ બોધ હોય કે 'મોહથી આકુળ થયેલો જીવ વર્તમાનમાં દુઃખી છે અને ભાવિના દુઃખની પરંપરાનું બીજ વર્તમાનમાં કષાયની આકુળતા છે' તોપણ કષાયઆપાદક કર્મો પ્રચુર હોવાથી ભોગાદિની ઇચ્છાનો નિરોધ કરીને કષાયના ઉન્મૂલનમાં એક યત્ન કરાવે એવી અપ્રમાદસાર પ્રવ્રજ્યાને સ્વીકારતા નથી. પરંતુ સંસારથી ભય પામેલા હોવાના કારણે કાંઈક ઉચિત પ્રવૃત્તિ કરીને પોતાનાં કર્મોને કાંઈક શિથિલ કરવા યત્ન કરે છે છતાં તૈલપાત્રધર પુરુષની જેમ અપ્રમાદથી સંસારના ઉચ્છેદ માટે યત્ન કરતા નથી.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે જેમ સુસાધુ સંસારથી ભય પામેલા છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવો પણ સંસારથી ભય પામેલા છે છતાં સુસાધુના કષાયઆપાદક કર્મો ઘણાં શિથિલ હોવાથી તૈલપાત્રધરની જેમ અપ્રમાદથી કષાયોના ઉચ્છેદમાં યત્ન કરવા સમર્થ બને છે અને સમ્યગ્દૃષ્ટિ જીવોને પણ અનંત મરણો પ્રમાદજન્ય છે તેમ દેખાય છે તેથી પ્રમાદના પરિહાર માટે કાંઈક યત્ન પણ કરે છે તોપણ ગુરુકર્મવાળા હોવાથી તૈલપાત્રધરની જેમ યત્ન કરી શકતા નથી. આથી સાધુવેષમાં રહેલા સંવિગ્ન પાક્ષિક પણ ગુરુકર્મને કારણે અપ્રમાદથી સુસાધુની જેમ યત્ન કરી શકતા નથી. **॥૯૩૩॥**

અવતરણિકા :-

अथ प्रस्तुतं निगमयन्नाह —

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તુતના નિગમનને કહે છે=ગાથા-૯૨૧માં કહેલ કે ભવદુઃખના ભયથી મોક્ષના અર્થી જ્ઞાની પુરુષો માટે શુદ્ધ ધર્મનું સેવન દુષ્કર નથી. પછી તે કથનને તૈલપાત્રધારકના દૃષ્ટાંતથી સ્પષ્ટ કર્યું અને

સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારના સ્વરૂપને યથાર્થ જાણનારા હોવા છતાં કેમ અપ્રમાદરૂપ પ્રવ્રજ્યા ગ્રહણ કરતા નથી તેનું સમાધાન ગાથા-૯૩૩માં કર્યું, હવે તે સર્વ પ્રસ્તુત કથનનું નિગમન કરતા કહે છે –

ગાથા :-

एवं जिणोवएसो उचियाविक्खाए चित्तरूवोत्ति ।
अपमायसारयाएवि तो सविसय मो मुणेयव्वो ।।९३४।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ગુરુકર્મવાળા જીવો પ્રવ્રજ્યા સ્વીકારવામાં અસમર્થ હોતે છતે, जिणोवएसो उचियाविक्खाए चित्तरूवोत्ति=જિનઉપદેશ ઉચિતની અપેક્ષાએ ચિત્રરૂપવાળો છે. तो=તે કારણથી, अपमायसारयाए वि= અપ્રમાદસારતામાં પણ, सविसय मो मुणेयव्वो=સવિષય જાણવો=અપ્રમાદસારતા પણ ભિન્ન ભિન્ન જીવોને આશ્રયીને જુદા જુદા પ્રકારની જાણવી. ।।૯૩૪।।

ગાથાર્થ :-

આ રીતે=ગુરુકર્મવાળા જીવો પ્રવ્રજ્યા સ્વીકારવામાં અસમર્થ હોતે છતે, જિનઉપદેશ ઉચિતની અપેક્ષાએ ચિત્રરૂપવાળો છે. તે કારણથી અપ્રમાદસારતામાં પણ સવિષય જાણવો=અપ્રમાદસારતા પણ ભિન્ન ભિન્ન જીવોને આશ્રયીને જુદા જુદા પ્રકારની જાણવી. ।।૯૩૪।।

ટીકા :-

एवं गुरुकर्मणां प्रव्रज्याप्रतिपत्त्यसहिष्णुत्वे सति जिनोपदेशः सर्वज्ञप्रज्ञापनारूपः उचितापेक्षया यो यत्प्रमाणस्योपदेशस्य योग्यस्तदपेक्षया चित्ररूपो नानारूपतया प्रवर्त्तते । इति प्राग्वत् । अप्रमादसारतायामपि अप्रमादः सारः करणीयतया यत्र जिनोपदेशे स तथा तस्य भावस्तत्ता तस्यामपि; तत्तस्मात् सविषयः सगोचरो, 'मो' इति पूर्ववत्, मुणितव्यः । यदा हि जिनोपदेशश्चित्ररूपतया व्यवस्थितोऽप्रमादसारोऽपि, तदाऽपुनर्बन्धकादीन्निर्वाणमार्गप्रज्ञापनायोग्यानधिकृत्य केचित्सामान्यदेशनायाः, केचित् सम्यग्दृष्टिगुणयोग्यप्रज्ञापनायाः, केचिद्देशविरतिगुणस्थानकार्हप्ररूपणायाः, केचिन्निर्धूतचारित्रमोहमालिन्या अप्रमत्ततारूपप्रव्रज्यादेशनाया योग्या इति नाविषयाऽप्रमत्तताप्रज्ञापना इति ।।९३४।।

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે તૈલપાત્રધરની જેમ અપ્રમાદસાર ભગવાનનો ઉપદેશ છે અને સંસારથી ભય પામેલા મહાત્માઓ ભગવાનના વચન અનુસાર અપ્રમાદથી યત્ન કરીને અવશ્ય મોહનો નાશ કરે છે. આમ છતાં ભગવાનના વચનથી પરિણમન પામેલા કેટલાક જીવો પ્રવ્રજ્યા સ્વીકારવા માટે અસમર્થ હોય છે તેથી તેવા જીવોને આશ્રયીને તેઓની ભૂમિકાનુસાર અપ્રમાદસાર જ ભગવાનનો ઉપદેશ છે આથી જ ભગવાનની

દેશના અપુનર્બંધક જીવોને આશ્રયીને પણ અનેક પ્રકારની હોય છે તેથી જે અપુનર્બંધક જીવો પ્રાથમિક ભૂમિકાનો ધર્મ કરી શકે એટલાં જ તેઓનાં કર્મ સોપક્રમ હોય તેઓને આશ્રયીને તેવી દેશનાની પ્રવૃત્તિ છે. વળી, કેટલાક અપુનર્બંધક જીવો સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ યાવત્ સર્વવિરતિ યાવદ્ અપ્રમાદભાવના પ્રકર્ષરૂપ ભૂમિકાને યોગ્ય છે તેઓને આશ્રયીને તે પ્રકારની ઉપદેશની પ્રવૃત્તિ હોય છે. આથી જ અપુનર્બંધક દશાવાળા પંદરસો તાપસ ગૌતમસ્વામીને પામીને અપ્રમાદના સેવનના બળથી અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પામ્યા. તેથી જે જીવોનાં જે કર્મ જિનવચનના બળથી ઉપક્રમ પામે તેમ હોય તેને આશ્રયીને તેને અનુરૂપ અપ્રમાદભાવનો ઉપદેશ ભગવાનના વચનથી પ્રાપ્ત થાય છે. આથી જ સૂક્ષ્મ બોધવાળા સમ્યગ્દૃષ્ટિ પણ જીવો પ્રચુર ચારિત્રમોહનીયના ઉદયવાળા હોય તો સર્વવિરતિને અનુકૂળ અપ્રમાદ કરી શકતા નથી આથી જ સંયમ ગ્રહણ કર્યા પછી સંવિગ્ન પાક્ષિક પણ થાય છે અને જે અપુનર્બંધક જીવો પણ પ્રયત્નથી અપવર્તન પામે તેવા ચારિત્રમોહનીય કર્મવાળા છે તેઓ અપ્રમાદથી જિનવચનને સેવીને શીઘ્ર અપ્રમત્ત ગુણસ્થાનકને પણ પામે છે માટે જીવોના ભિન્ન ભિન્ન કર્મને આશ્રયીને ભગવાનનો ઉપદેશ અપ્રમાદસાર પણ ચિત્ર પ્રકારનો છે. **॥૯૩૪॥**

અવતરણિકા :-

અધુના સ્વકર્મગૌરવદોષં પરિહૃત્ય જિનોપદેશસ્ય દુષ્કરત્વાદિકથનદ્વારેણાવધીરયતામાશાતના-વિધાયિનાં તદપરિજ્ઞાનદોષમાહ –

અવતરણિકાર્થ :-

હવે સ્વકર્મના ગૌરવદોષને સ્વીકાર્યા વગર જિનઉપદેશના દુષ્કરત્વાદિના કથન દ્વારા અવધીરણા કરતા=ભગવાનના વચનની અવગણના કરતા, આશાતના કરનારાઓના=ભગવાનના વચનની આશાતના કરનારાઓના, તદ્ અપરિજ્ઞાન દોષને=ભગવાનના વચનના અજ્ઞાનના દોષને, કહે છે –

ભાવાર્થ :-

જેઓમાં પોતાનાં કર્મો અતિશય વર્તે છે તેઓને પૂર્વમાં દૃષ્ટાંત આપ્યું તેમ તે શ્રેષ્ઠીપુત્રની જેમ જિનોપદેશ દુષ્કર છે તેવું ભાસે છે અને તેનું પાલન અશક્ય છે તેમ ભાસે છે તેથી 'ભગવાનનો ઉપદેશ ઉપદેશમાત્રરૂપ છે અને તેનું પાલન શક્ય નથી' તેમ પોતાની તુચ્છ મતિથી તેઓ કહે છે. આ પ્રકારે કહીને 'તૈલપાત્રધારક પુરુષની જેમ કોઈ સંયમ પાળી શકે નહીં' તે પ્રકારે અવધીરણા કરનારા અને ભગવાનના માર્ગની આશાતના કરનારા જે જીવો છે તે જીવોને તત્ત્વના વિષયમાં અજ્ઞાન છે તે રૂપ દોષને બતાવે છે.

ગાથા :-

गंभीरमिणं बाला तब्भत्ता म्होत्ति तह कयत्थंता ।
तह चेव तु मण्णंता अवमण्णंता ण याणंति ।।९३५।।

અન્વયાર્થ :-

तब्भत्ता म्होत्ति=तद्भक्त અમે છીએ એ પ્રમાણે=જિનશાસનના અમે ભક્ત છીએ એમ, बाला=બાળ જીવો માને છે. तह कयत्थंता=તે પ્રકારે કદર્થના કરતા=સંયમનાં સર્વ અનુષ્ઠાનો કરવાં દુષ્કરત્વાદિ દોષવાળું છે અને અશક્ય અનુષ્ઠાન છે ઇત્યાદિ દોષઉદ્ભાવનથી જિનવચનની કદર્થનાને કરતા, तह चेव मण्णंता=અને તે પ્રકારે જ માનતા=પોતાની રુચિ અનુસાર પોતે જિનવચનને સેવે છે તે પ્રકારે જ શુદ્ધ છે એમ માનતા, अवमण्णंता तु=અને અવગણના કરતા=તૈલપાત્રધર વગેરેનાં દૃષ્ટાંતો નિર્વિષય છે એમ માનીને 'તે પ્રકારે કોઈ કરી શકે નહીં' એ પ્રકારે કથન દ્વારા આશાતના કરતા, गंभीरमिणं=ગંભીર એવા આને=જિનવચનના પરમાર્થને, याणंति ण=જાણતા નથી. ॥૯૩૫॥

ગાથાર્થ :-

तद्भक्त અમે છીએ એ પ્રમાણે=જિનશાસનના અમે ભક્ત છીએ એમ બાળ જીવો માને છે. તે પ્રકારે કદર્થના કરતા=સંયમનાં સર્વ અનુષ્ઠાનો કરવાં દુષ્કરત્વાદિ દોષવાળું છે અને અશક્ય અનુષ્ઠાન છે ઇત્યાદિ દોષઉદ્ભાવનથી જિનવચનની કદર્થનાને કરતા, અને તે પ્રકારે જ માનતા= પોતાની રુચિ અનુસાર પોતે જિનવચનને સેવે છે તે પ્રકારે જ શુદ્ધ છે એમ માનતા, અને અવગણના કરતા=તૈલપાત્રધર વગેરેનાં દૃષ્ટાંતો નિર્વિષય છે એમ માનીને 'તે પ્રકારે કોઈ કરી શકે નહીં' એ પ્રકારે કથન દ્વારા આશાતના કરતા ગંભીર એવા આને=જિનવચનના પરમાર્થને, જાણતા નથી. ॥૯૩૫॥

ટીકા :-

गम्भीरं दुरवगाहमिदं जिनवचनं बाला जडधियः, तस्य जिनवचनस्य भक्ता आराधकास्तद्भक्ताः किल वयमिति परिभावयन्तोऽपि; तथा, दुष्करत्वादिदोषोद्भावनप्रकारेण कदर्थयन्ता विराधयन्तः सन्तस्तमेव जिनोपदेशं मन्यमानाः स्वाभिप्रायेण श्रद्दधानाः, तथाऽवमन्यमाना निर्विषयत्वकथनेनाशातयन्तो न जानन्ति नावगच्छन्ति परमार्थं जिनवचनस्य यथाशक्त्यानुरूपप्रवृत्त्या जिनवचनमिदमाराधनीयं भवतीति ॥९३५॥

ભાવાર્થ :-

જેઓ બાળ બુદ્ધિવાળા છે તેઓ સંયમ ગ્રહણ કરીને 'અમે ભગવાનના વચનના આરાધક છીએ' એમ પરિભાવન કરે છે. વળી, શાસ્ત્રનું વર્ણન કરવા બેસે ત્યારે શાસ્ત્રમાં તૈલપાત્રધારક વગેરેનાં દૃષ્ટાંતોથી સુસાધુ કઈ રીતે મોહનું ઉન્મૂલન કરે છે ઇત્યાદિ વર્ણન પ્રાપ્ત થાય ત્યારે કહે કે 'આ કૃત્ય દુષ્કર છે, તે રીતે કોઈ જીવ કરી શકે તેમ નથી; કેમ કે દીર્ઘઆયુષ્યવાળા લાખો વરસના સંયમ પાળનારા તૈલધારક પુરુષની જેમ સતત સંયમમાં આ રીતે યત્ન કરે તે સંભવિત નથી.' આ પ્રમાણે કહીને જિનોપદેશની તેઓ વિરાધના

કરે છે અને પોતાના અભિપ્રાય અનુસાર તુચ્છ આચરણાને જિનોપદેશરૂપ છે તેમ શ્રદ્ધા કરતા અને 'તૈલપાત્રધારકાદિના દૃષ્ટાંતનો વિષય કોઈ મહાત્મા નથી, પૂર્વના મહાત્માઓએ પણ અમારી જેમ જ સંયમ સેવ્યું છે' એ પ્રમાણે કહીને સુસાધુના સુભટની જેમ મોહના યુદ્ધને નિર્વિષય છે એમ તેઓ કહે છે અને તેમ કહીને ભગવાનના વચનની આશાતના કરે છે. તેઓ બાળ જેવા છે તેથી ગંભીર એવા જિનવચનના પરમાર્થને જાણતા નથી; કેમ કે ભગવાનનું વચન દરેક જીવોને પોતાની શક્તિને અનુરૂપ અપ્રમાદની વૃદ્ધિ દ્વારા જિનવચનની આરાધનાનો ઉપદેશ આપે છે અને તે પ્રમાણે અપ્રમાદથી સેવીને જેઓ સંચિત વીર્યવાળા થયા છે તેઓ તૈલપાત્રધારક પુરુષની જેમ લાખો અને ક્રોડો વરસો સુધી અસ્ખલિત રીતે મોહના ઉન્મૂલન કરનારા બને છે આથી તેવા સાત્ત્વિક જીવોને સામે રાખીને જિનવચન તે પ્રકારનું સંયમ પાળવાનો ઉપદેશ આપે છે, અન્ય જીવોને સ્વભૂમિકાનુસાર તેવા જિનવચનના બળસંચયનો ઉપદેશ આપે છે પરંતુ બાળજીવો તુચ્છ મતિવાળા હોવાથી ગંભીર એવા ભગવાનના વચનને જાણી શકતા નથી. જેમ તુચ્છ મતિવાળો એવો તે શ્રેષ્ઠીપુત્ર હંમેશાં 'આ પ્રકારે અપ્રમાદથી સાધુ મોહના નાશમાં યત્ન કરે છે' તેની શ્રદ્ધા કરતો ન હતો તેમ તેના જેવી તુચ્છ મતિવાળા વર્તમાનના સાધુઓ પણ ભગવાનના વચનની અવગણના કરે છે તેઓ ગંભીર એવા ભગવાનના વચનના પરમાર્થને જાણી શકતા નથી અને જેમ તે શ્રેષ્ઠીપુત્ર રાજાના પ્રયત્નથી અને પોતાના અનુભવથી નિર્ણય કરી શક્યો કે 'એક ભવના મૃત્યુના ભયથી જેમ હું આખા નગરમાં આ રીતે ફરી શક્યો તેમ અનંત મૃત્યુના દુઃખથી ભય પામેલા અને મૃત્યુની પરંપરાના ઉચ્છેદના અર્થી સુસાધુ પણ સુખપૂર્વક જિનવચનની મર્યાદાનું અવલંબન લઈને સતત અપ્રમાદથી યત્ન કરી શકે છે.' **॥૯૩૫॥**

અવતરણિકા :-

साम्प्रतं साधुशब्दप्रवृत्तिनिमित्तस्य सद्भावाज्जिनवचनदुष्करत्वदोषं परिहरन्नाह –

અવતરણિકાર્થ :-

હવે સાધુ શબ્દની પ્રવૃત્તિના નિમિત્તનો સદ્ભાવ હોવાથી=સુસાધુઓમાં તેવા ગુણોનો સદ્ભાવ હોવાથી, જિનવચનના દુષ્કરત્વ દોષનો=તેવા મહાત્માઓ માટે જિનવચનના પાલનના દુષ્કરત્વ દોષનો, પરિહાર કરતાં કહે છે –

ગાથા :-

सिद्धीए साहगा तह साहू अण्णत्थओवि णिद्दिट्ठा ।
राहावेहाहरणा ते चेवं अत्थओ णेया ।।९३६।।

અન્વયાર્થ :-

अण्णत्थओवि=અન્વર્થથી પણ=સાધુપદના અન્વર્થથી પણ, तह=તે પ્રકારે અપ્રમત્તના વિધાન દ્વારા,

સિદ્ધીએ સાહગા=સિદ્ધિના સાધક, સાહૂ ણિદ્દિટ્ઠા=સાધુઓ બતાવાયા છે=શાસનમાં સાધુઓ બતાવાયા છે. તે=તેઓ=તે સાધુઓ, ચેવં=આવા પ્રકારના જ=સિદ્ધિના સાધક બને એવા પ્રકારના જ, રાહાવેહાહરણા=રાધાવેધના ઉદાહરણથી, અત્થઓ ણેયા=અર્થથી જાણવા=સામર્થ્યથી જાણવા. ॥૯૩૬॥

ગાથાર્થ :-

અન્વર્થથી=સાધુપદના અન્વર્થથી, તે પ્રકારે અપ્રમત્તના વિધાન દ્વારા, સિદ્ધિના સાધક સાધુઓ બતાવાયા છે=શાસનમાં સાધુઓ બતાવાયા છે. તેઓ=તે સાધુઓ, આવા પ્રકારના જ=સિદ્ધિના સાધક બને એવા પ્રકારના જ, રાધાવેધના ઉદાહરણથી અર્થથી જાણવા=સામર્થ્યથી જાણવા. ॥૯૩૬॥

ટીકા :-

सिद्धेः कृत्स्नकर्मक्षयलक्षणायाः साधका निष्पादकाः, तथा तेनाप्रमत्ततावधानद्वारेण साधवो मुनयोऽन्वर्थतोऽप्यनुगतमर्थमाश्रित्य गुणनिष्पन्नाभिधानेनापीति यावद् निर्दिष्टा निरूपिताः शास्त्रेषु । तथा चोक्तं—'सम्यग्दर्शनज्ञानचारित्रमयीभिः पौरुषेयीभिः शक्तिभिर्मोक्षं साधयन्तीति साधवः । राधावेधाहरणाद् वक्ष्यमाणात्, ते च साधव एवमप्रमादसाराः सन्तः अर्थतः सामर्थ्याज्ज्ञेयाः सिद्धि-साधकत्वेन । नह्यप्रमत्ततामन्तरेणान्याः काश्चित्पौरुषेय्यो मोक्षसाधिकाः शक्तयः सन्तीति ।।९३६।।

ભાવાર્થ :-

શાસ્ત્રમાં સાધુ પદનો અર્થ વ્યુત્પત્તિથી કરેલ છે કે જેઓ સંપૂર્ણ કર્મક્ષયને સાધનારા છે અર્થાત્ સર્વ ઉદ્યમથી અપ્રમાદપૂર્વક નિર્વાણસાધક યોગને સાધનારા છે તે સાધુઓ છે. આ પ્રકારનો સાધુ પદનો અર્થ વિચારીએ તો અર્થથી એ પ્રાપ્ત થાય કે જેમ રાધાવેધના સાધક અત્યંત સંવૃત થઈને રાધાવેધને સાધવા માટે પ્રયત્ન કરે છે તે પ્રમાણે જે ભાવસાધુઓ છે તેઓ પણ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને જિનવચનનું દૃઢ અવલંબન લઈને કર્મબંધના કારણીભૂત મોહના નાશના અર્થે અપ્રમાદથી સતત યત્ન કરે છે તેથી રાધાવેધના સાધક મહાત્મા જેવા સુસાધુઓ હોય છે, આથી તેઓ સદા સંસારથી અત્યંત ભય પામેલા છે માટે સંસારના ભાવોથી અત્યંત સંવૃત થઈને તૈલપાત્રધારક પુરુષની જેમ સર્વ ચેષ્ટા કરે છે અને અનાદિથી સંચિત થયેલાં કર્મોના નાશ અર્થે કર્મોના કારણીભૂત કષાયોના ઉચ્છેદ અર્થે રાધાવેધસાધકની જેમ અપ્રમાદથી યત્ન કરે છે અને તેવા મહાત્માઓ સાધુ છે અન્ય કોઈ સાધુઓ નથી. તેથી તેવા સાધુને આદર્શ કરીને સદા તેવા થવા માટે જેઓ વર્તમાનમાં પણ બળસંચય કરી રહ્યા છે અને શક્તિ અનુસાર અપ્રમાદ સેવી રહ્યા છે તેઓને અભ્યાસિક પણ તેવું ચારિત્ર છે અને જેઓ એમ જ માને છે કે આ પ્રકારનું અનુષ્ઠાન સર્વથા અશક્ય છે તેઓ જિનવચનના પરમાર્થને જાણનારા નથી પરંતુ બાળક છે=જડબુદ્ધિ છે. **॥૯૩૬॥**

અવતરણિકા :-

राधावेधाहरणमेव गाथासप्तकेनाह —

અવતરણિકાર્થ :-

રાધાવેધના ઉદાહરણને જ સાત ગાથાથી કહે છે –

ગાથા :-

इंदपुर इंददत्ते बावीस सुया सुरिंददत्ते य ।
महुराए जियसत्तू सयंवरो णिव्वुईए ओ ।।९३७।।
अग्गियए पव्वयए बहुली तह सागरे य बोद्धव्वे ।
एतेगदिवसजाया सह तत्थ सुरिंददत्तेणं ।।९३८।।
इंदउरसामिणो पुत्तवंति महुराहिवेण तो धूया ।
पट्टवियत्ति सयंवरराहावेहेहेण वरमाला ।।९३९।।
बावीसेहि ण विद्धा तेवीसइमेणमग्गियाइजया ।
अब्भासाओ विद्धा तेहिं परिपंथिगेहिंपि ।।९४०।।
सो तज्जएण सइ उक्खयासिपुरिसदुग भीइओ गुरुणा ।
तह गाहिओ त्ति भेत्तुं जहट्ठ चक्के तओ विद्धा ।।९४१।।
रायसुओ इह साहू अग्गियगाई कसाय पुरिसा उ ।
रागद्दोसा खोभे मरणं असइ भवावत्ते ।।९४२।।
रायसुया उ परीसह सेसा उवसग्गमाइया एत्थ ।
गाहण सिक्खा कम्मट्ठभेयओ सिद्धिलाभो उ ।।९४३।।

अन्वयार्थ :-

इंदपुर=ईंद्रपुर, इंददत्ते=ईंद्रदत्त राजा, बावीस सुया=बावीस पुत्रो, सुरिंददत्ते य=अने सुरेन्द्रदत्त=त्रेवीसमो मंत्रीनी पुत्रीनो पुत्र सुरेन्द्रदत्त नामनो हतो. महुराए जियसत्तू=मथुरानो जितशत्रु राजा हतो. सयंवरो णिव्वुईए ओ=निर्वृति माटे स्वयंवर=तेनी निर्वृति नामनी पुत्रीनो स्वयंवर जाहेर करायो.

अग्गियए=अग्गिक=क्रोध, पव्वयए=प्रवर्तक=मान, बहुली=बहुली=माया, तह सागरे य=अने सागर=लोभ, सुरिंददत्तेण सह तत्थ एतेगदिवसजाया=ए चारेय सुरेन्द्रदत्तनी साथे एक ज दिवसमां उत्पन्न थयेला बोद्धव्वे=जाणवा.

તો=ત્યારપછી, ઇંદઉરસામિણો પુત્તવંતિ=ઇંદ્રપુરસ્વામી પુત્રવાળો છે એથી, મહુરાહિવેણ ધૂયા પટ્ઠવિયત્તિ= મથુરાના રાજાએ પોતાની પુત્રી પ્રસ્થાપિત કરી. સયંવરરાહાવેહેણ વરમાલા=તેના વડે સ્વયંવરમાં રાધાવેધથી વરમાળા=સ્વયંવરમંડપમાં સુરેન્દ્રદત્ત વડે રાધાવેધ સધાયો તેથી તેનાથી રંજિત થયેલી તે પુત્રીએ સુરેન્દ્રદત્તના કંઠમાં વરમાળા આરોપી.

બાવીસેહિ=બાવીસ વડે=રાજાના શ્રીમાળી વગેરે બાવીસ પુત્રો વડે, ણ વિદ્ધા=(રાધા) વીંધાઈ નહીં. તેવીસઇમેણં=ત્રેવીસમા (સુરેન્દ્રદત્ત) વડે, અગ્ગિયાઇજયા=અગ્નિકાદિના જયથી=ક્રોધાદિના જયથી, તેહિં પરિપંથિગેહિંપિ=તે પરિપંથી સાથે પણ=પરિપંથી એવા બાવીસ પુત્રો સાથે હોતે છતે પણ, અબ્ભાસાઓ વિદ્ધા=અભ્યાસથી વીંધાઈ=અભ્યાસથી રાધા વીંધાઈ.

ગુરુણા ગાહિઓ=ગુરુ વડે ગ્રહિત=ગુરુ વડે શિક્ષિત રાધાવેધવાળો, સો=તે=સુરેન્દ્રદત્ત, તજ્જણ=તેના જયથી=ક્રોધાદિ સહજાત ચાર પુત્રોના જયથી, સઇ ઉક્ખયાસિપુરિસદુગ ભીઇઓ તહ=અને સર્વ કાળ ઉઘાડી તલવારવાળા પુરુષદ્વયથી ભય પામેલો હતો. ત્તિ=એથી, જહટ્ઠ ચક્કે ભેત્તું=જે પ્રમાણે આઠ ચક્રો ભેદીને, તઓ વિદ્ધા=પછી વીંધાઈ=ત્યારપછી રાધા વીંધાઈ.

ઇહ=અહીં=ઉપનયમાં, રાયસુઓ=સાધુ રાજપુત્ર (સુરેન્દ્રદત્ત) છે. અગ્ગિયગાઈ કસાય=અગ્નિકાદિ કષાયો છે. પુરિસા ઉ રાગદ્દોસા=વળી, (ખડ્ગધારી) બે પુરુષો રાગદ્વેષ છે. ખોભે=ક્ષોભમાં=વ્રતના ક્ષોભમાં, ભવાવત્તે અસઇ મરણં=ભવરૂપ આવર્તનમાં વારંવાર મરણ છે.

એત્થ=અહીં=આ વ્યતિકરમાં, રાયસુયા ઉ=વળી રાજપુત્રો, પરીસહ=પરિષહો છે=બાવીસ પરિષહો છે. સેસા ઉવસગ્ગમાઇયા=શેષ ઉપસર્ગો આદિ છે=શેષ પરિષદના લોકો ઉપસર્ગો જાણવા. ગાહણ=ગ્રહણ= રાધાવેધ શિક્ષાનું ગ્રહણ, સિક્ખા=શિક્ષા=ગ્રહણનું આસેવન શિક્ષારૂપ જાણવું. કમ્મટ્ઠભેયઓ ઉ=અને આઠ ચક્રના ભેદતુલ્ય આઠ કર્મના ભેદથી, ઉ=વળી, સિદ્ધિલાભો=સિદ્ધિલાભ=નિર્વૃતિરૂપ કન્યાના લાભતુલ્ય જાણવો. ॥૯૩૭થી ૯૪૩॥

ગાથાર્થ :-

ઇંદ્રપુર, ઇંદ્રદત્ત રાજા, બાવીસ પુત્રો અને સુરેન્દ્રદત્ત=ત્રેવીસમો મંત્રીની પુત્રીનો પુત્ર સુરેન્દ્રદત્ત નામનો હતો. મથુરાનો જિતશત્રુ રાજા હતો. નિર્વૃતિ માટે સ્વયંવર=તેની નિર્વૃતિ નામની પુત્રીનો સ્વયંવર જાહેર કરાયો.

અગ્ગિક=ક્રોધ, પ્રવર્તક=માન, બહુલી=માયા, અને સાગર=લોભ, એ ચારેય સુરેન્દ્રદત્તની સાથે એક જ દિવસમાં ઉત્પન્ન થયેલા જાણવા.

ત્યારપછી ઇંદ્રપુરસ્વામી પુત્રવાળો છે એથી મથુરાના રાજાએ પોતાની પુત્રી પ્રસ્થાપિત કરી. તેના વડે સ્વયંવરમાં રાધાવેધથી વરમાળા=સ્વયંવરમંડપમાં સુરેન્દ્રદત્ત વડે રાધાવેધ સધાયો તેથી તેનાથી રંજિત થયેલી તે પુત્રીએ સુરેન્દ્રદત્તના કંઠમાં વરમાળા આરોપી.

બાવીસ વડે=રાજાના શ્રીમાળી વગેરે બાવીસ પુત્રો વડે, રાધા વીંધાઈ નહીં. ત્રેવીસમા સુરેન્દ્રદત્ત વડે અગ્નિકાદિના જયથી=ક્રોધાદિના જયથી, તે પરિપંથી સાથે પણ=પરિપંથી એવા બાવીસ પુત્રો સાથે હોતે છતે પણ, અભ્યાસથી વીંધાઈ=અભ્યાસથી રાધા વીંધાઈ.

ગુરુ વડે ગ્રહિત=ગુરુ વડે શિક્ષિત રાધાવેધવાળો, તે=સુરેન્દ્રદત્ત, તેના જયથી=ક્રોધાદિ સહજાત ચાર પુત્રોના જયથી, અને સર્વ કાળ ઉઘાડી તલવારવાળા પુરુષદ્વયથી ભય પામેલો હતો. એથી જે પ્રમાણે આઠ ચક્રો ભેદીને પછી વીંધાઈ=ત્યારપછી રાધા વીંધાઈ.

અહીં=ઉપનયમાં, સાધુ રાજપુત્ર સુરેન્દ્રદત્ત છે. અગ્નિકાદિ કષાયો છે. વળી, ખડ્ગધારી બે પુરુષો રાગદ્વેષ છે. ક્ષોભમાં=વ્રતના ક્ષોભમાં, ભવરૂપ આવર્તનમાં વારંવાર મરણ છે.

અહીં=આ વ્યતિકરમાં, વળી રાજપુત્રો પરિષહો છે=બાવીસ પરિષહો છે. શેષ ઉપસર્ગો આદિ છે=શેષ પરિષદના લોકો ઉપસર્ગો જાણવા. ગ્રહણ=રાધાવેધ શિક્ષાનું ગ્રહણ, શિક્ષા=ગ્રહણનું આસેવન શિક્ષારૂપ જાણવું અને આઠ ચક્રના ભેદતુલ્ય આઠ કર્મના ભેદથી વળી સિદ્ધિલાભ= નિર્વૃતિરૂપ કન્યાના લાભતુલ્ય જાણવો. ॥૯૩૭થી ૯૪૩॥

ટીકા :-

एतदाहरणविस्तारार्थः प्राक् चुल्लगवासगेत्यादिगाथाव्याख्यायां चक्रदृष्टान्ते प्रतिपादित इति संग्रहगाथाक्षरार्थो व्याख्यायते—इन्द्रपुरे नगरे इन्द्रदत्तो नाम राजा । तस्य च द्वाविंशतिः सुताः द्वाविंशतौ पत्नीषु । सुरेन्द्रदत्तश्च त्रयोविंशोऽमात्यपुत्रपुत्रीतनयः । मथुरायां जितशत्रू राजाऽभूत् । तेन च स्वयंवरो विवाहविशेषो निर्वृत्तेः पुत्रिकाया वितीर्णः । तुः पूर्ववत् ।।९३७।।

अग्निकक: पर्वतको बहुली तथा सागरश्च बोद्धव्यः ।
एते एकदिवसजाताः सह तत्र सुरेन्द्रदत्तेन ।।९३८।।

इन्द्रपुरस्वामिनः 'पुत्रवान्' इति कृत्वा मथुराधिपेन ततस्तदनन्तरं दुहिता प्रस्थापिता । इतिः प्राग्वत् । तया च तत्रागतया 'सयंवर'त्ति स्वयंवरमण्डपे राधावेधेन सुरेन्द्रदत्तकृतेन रञ्जितया वरमाला प्रक्षिप्ता कण्ठे सुरेन्द्रदत्तस्येति गम्यते ।।९३९।।

द्वाविंशत्या श्रीमालिपुत्रप्रभृतिकया न विद्धा राधा, त्रयोविंशतितमेन सुरेन्द्रदत्तनाम्ना अग्निकादिजयात् सहजातचटुलचेटकचतुष्कपरिभवादभ्यासाद् राधावेधस्य पुनपुनरनुशीलनाद् विद्धा राधा । तैर्द्वाविंशत्या राजपुत्रैः परिपंथिकैरपि सद्भिः ।।९४०।।

स सुरेन्द्रदत्तस्तज्जयेन चेटकजयेन सदा सर्वकालमुत्खातासिपुरुषद्वयभीतितः समुद्गीर्णखड्ग-पुरुषद्वयभयात्, गुरुणा कलाचार्येण तथा ग्राहितः शिक्षितो राधावेधः । इतिः पूर्ववत् । भित्त्वा

यथाऽष्ट चक्राणि ततो विद्धा राधा ।।९४१।।

अथोपनयनमाह—राजसुतः सुरेन्द्रदत्तनामा इह साधुः, अग्निककादयः कषायाः क्रोधादयश्चत्वारः, पुरुषौ तु खड्गव्यग्रकरौ रागद्वेषौ, क्षोभे व्रतात् परिभ्रंशे मरणमसकृद् भवावर्त्ते ।।९४२।।

राजसूतास्तु परिषहा द्वाविंशतिः, शेषाः परिषल्लोका उपसर्गादयो ज्ञेयाः । अत्र व्यतिकरे इहादिशब्द उपसर्गभेदानामेव संग्रहार्थः । ग्राहणं राधावेधस्य शिक्षा ग्रहणासेवनारूपा बोद्धव्याः । कर्माष्टक-भेदतश्चक्राष्टकभेदतुल्यात् सिद्धिलाभो निर्वृतिकन्यकालाभकल्पः सम्पद्यते । तुः पूर्ववत् ।।९४३।।

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં ઇંદ્રદત્ત રાજાના બાવીસ પુત્રો રાધાવેધ સાધવા સમર્થ ન થયા અને રાજાના મંત્રીની પુત્રીનો પુત્ર રાધાવેધ સાધવા સમર્થ થયો ત્યારે બાવીસ રાજપુત્રો કોલાહલ કરતા હતા. તેઓ પરિષહ જેવા હતા. વળી, તે સુરેન્દ્રદત્તની સાથે ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર પુત્રો ઉત્પન્ન થયેલા; કેમ કે જીવ જન્માંતરથી આવે છે ત્યારે કષાય સાથે જન્મે છે અને તે કષાયો કોલાહલ કરનાર છે તેથી જીવ રાધાવેધની જેમ મોહનાશ માટે યત્ન કરી શકતો નથી. સુરેન્દ્રદત્ત તે પુત્રોના કોલાહલને ધ્યાનમાં લીધા વગર એકાગ્રતાપૂર્વક રાધાવેધ સાધે છે ત્યારે બાવીસ પરિષહો, શેષ પર્ષદારૂપ ઉપસર્ગો, ક્રોધાદિ ચાર કષાયો અને રાગદ્વેષરૂપ ખડ્ગધારી બે પુરુષો તેને ક્ષોભ પમાડી શકતા નથી તેથી નિર્વૃતિ નામની કન્યા પ્રાપ્ત કરે છે તેમ જે સાધુ આ રીતે અપ્રમાદથી મોહનાશ માટે યત્ન કરે છે તેઓ આઠકર્મના ક્ષયથી નિર્વૃતિને પ્રાપ્ત કરે છે. ફક્ત જેઓ અપ્રમાદથી મોક્ષમાર્ગમાં યત્ન કરી રહ્યા છે તેઓનું પણ તેવું પુણ્ય હોય તો બાહ્યથી કોઈ પરિષહની પ્રાપ્તિ ન થાય અને કોઈ ઉપસર્ગની પ્રાપ્તિ ન થાય તોપણ ઉપસર્ગોથી અને પરિષહોથી તેઓ ક્ષોભ ન પામે તેવા દૃઢ વીર્યવાળા હોય છે અને જેઓએ ભૂતકાળમાં સાધના કરીને ક્રોધાદિ ચાર કષાયોને ક્ષીણપ્રાયઃ કર્યા છે તેઓની સાથે ક્રોધાદિ કષાય જન્મે છે તોપણ ક્ષીણ શક્તિવાળા હોવાથી ઉપદ્રવ કરવા માટે તે કષાયો યત્ન કરે છે છતાં સાત્ત્વિક એવા સુસાધુને તેઓ કોઈ ઉપદ્રવ કરી શકતા નથી અને રાગદ્વેષરૂપ ખડ્ગધારી બે પુરુષો પણ ઉપદ્રવ કરવા માટે તત્પર છે છતાં તેનાથી ભીત એવા તે મહાત્મા સતત રાગદ્વેષ ન સ્પર્શે તે રીતે યત્ન કરીને સુખપૂર્વક આઠ કર્મોનો ભેદ કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. **॥૯૩૭થી ૯૪૩॥**

અવતરણિકા :-

અધુના વ્યતિરેકમાહ —

અવતરણિકાર્થ :-

હવે વ્યતિરેકને કહે છે=રાધાવેધ સાધવા માટે જેઓ સમર્થ નથી તેઓ સિદ્ધિને પામતા નથી એ રૂપ વ્યતિરેકને કહે છે —

ગાથા :-

णो अण्णहावि सिद्धी पाविज्जइ जं तओ इमीए उ ।
एसो चेव उवाओ आरंभा वड्ढमाणो उ ।।९४४।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, अण्णहावि=અન્યથા પણ=રાધાવેધસાધકની જેમ ઉપયોગ દ્વારા અપ્રમાદપૂર્વક આઠ કર્મના ક્ષય માટેના યત્ન કરતાં વિપરીત યત્નથી પણ, सिद्धी णो पाविज्जइ=સિદ્ધિ પ્રાપ્ત કરાતી નથી. तओ=તે કારણથી, इमीए उ=આનો=સિદ્ધિનો, एसो चेव उवाओ आरंभा वड्ढमाणो उ=આ જ આરંભથી માંડીને વધતો ઉપાય છે=પ્રવ્રજ્યાના ગ્રહણના આરંભથી માંડીને વધતો અપ્રમાદભાવરૂપ ઉપાય છે. ।।૯૪૪।।

ગાથાર્થ :-

જે કારણથી અન્યથા પણ=રાધાવેધસાધકની જેમ ઉપયોગ દ્વારા અપ્રમાદપૂર્વક આઠ કર્મના ક્ષય માટેના યત્ન કરતાં વિપરીત યત્નથી પણ, સિદ્ધિ પ્રાપ્ત કરાતી નથી. તે કારણથી આનો= સિદ્ધિનો, આ જ આરંભથી માંડીને વધતો ઉપાય છે=પ્રવ્રજ્યાના ગ્રહણના આરંભથી માંડીને વધતો અપ્રમાદભાવરૂપ ઉપાય છે. ।।૯૪૪।।

ટીકા :-

न नैवान्यथाप्यनन्तरोक्तक्रमवैपरीत्येनापि सिद्धिः सकलकर्मक्षयलक्षणा प्राप्यते यद्यस्माद्धेतोः, तत् तस्मादमुष्याः सिद्धेस्त्वेष एव सदाऽप्रमत्ततााभ्यसनलक्षण एवोपायः । कीदृगित्याह—आरम्भात् प्रव्रज्याप्रतिपत्तिकालादारभ्य वर्द्धमान उत्तरोत्तरगुणस्थानकारोहणक्रमेण । तुः पूर्ववत् ।।९४४।।

ભાવાર્થ :-

જે કોઈ જીવો મોક્ષમાં ગયા છે તેઓ અંતરંગ રીતે મોહનાશ કરીને મોક્ષમાં ગયા છે, તે સિવાય કોઈ મોક્ષમાં ગયા નથી તેથી મોક્ષની પ્રાપ્તિનો ઉપાય પ્રવ્રજ્યાગ્રહણથી માંડીને વધતો જતો અપ્રમાદભાવ જ છે. માટે મોક્ષના અર્થીએ અંતરંગ મોહનાશને અનુકૂળ વ્યાપારની વૃદ્ધિ થાય તેને અનુરૂપ જ સ્વશક્તિ અનુસાર ઉચિત બાહ્ય આચરણા કરવી જોઈએ. આથી જ સમર્થ શક્તિવાળા સુસાધુ કોઈક ક્ષેત્રનો કે તે ક્ષેત્રમાં વસતા શ્રાવકાદિનો પ્રતિબંધ ન થાય તે પ્રકારે અંતરંગ અપ્રમાદપૂર્વક તેના અંગરૂપે નવકલ્પી વિહાર કરે છે. વળી, તે મહાત્મા જ જ્યારે ક્ષીણ જંઘાબળવાળા થાય છે ત્યારે કોઈક નિયત નગરમાં સ્થિરવાસ કરે છે ત્યારે પણ કોઈક ક્ષેત્ર પ્રત્યે અને તે ક્ષેત્રમાં વસતા ભક્તિવાળા શ્રાવકો પ્રત્યે સ્નેહનો પ્રતિબંધ ન થાય તે રીતે નગરમાં નવકલ્પી વિહાર કરે છે અને તે પ્રકારની શક્તિ ક્ષીણ થાય છે ત્યારે કોઈક પ્રતિનિયત એક સ્થાનમાં પણ સંથારાપરિવર્તનની શક્તિ અનુસાર બાહ્ય ક્રિયા કરીને પણ અંતરંગ રીતે તો ચિત્તને સર્વત્ર પ્રતિબંધ ન થાય

તે પ્રકારે પ્રવર્તાવે છે. તેથી જે પ્રકારનો જે જીવ અભ્યાસ કરે તે અભ્યાસ તે જીવને પ્રકૃતિગત બને છે. જેમ સ્થૂળ બુદ્ધિવાળા સાધુ નવકલ્પી વિહાર માત્રનો અભ્યાસ કરે અને અંતરંગ રીતે ક્ષેત્રાદિના પ્રતિબંધને ટાળવા માટે અભ્યાસ ન કરે તો નવકલ્પી વિહાર તેઓને સુઅભ્યસ્ત બને છે પરંતુ અંતરંગ રીતે મોહનાશનો યત્ન સુઅભ્યસ્ત બનતો નથી. વળી, જેઓને ભગવાનની આજ્ઞાનો સૂક્ષ્મ બોધ છે તેવા મહાત્માઓ હંમેશાં સર્વ ક્ષેત્રના પ્રતિબંધના લક્ષ્યને સન્મુખ રાખીને તેના અંગભૂત નવકલ્પી વિહારમાં પણ સદા યત્ન કરે છે જેથી તેઓને માટે તે તે બાહ્ય ક્રિયા પણ તે તે અંતરંગ ભાવનું કારણ બને તે રીતે સુઅભ્યસ્ત બને છે. આ રીતે જે મહાત્માઓ સંયમનાં સર્વ બાહ્ય અનુષ્ઠાનો અંતરંગ મોહના ઉન્મૂલનનું કારણ બને તે રીતે સુઅભ્યસ્ત કરવા યત્ન કરે છે તેઓ ક્ષીણ શક્તિવાળા થાય ત્યારે પણ તે બાહ્ય ક્રિયા તેટલી અલ્પ માત્રામાં કરીને પણ તે પ્રકારનો અંતરંગ પરિણામ કરવા સમર્થ બને છે. જેમ ક્ષીણ શક્તિવાળા સાધુ સંથારોપરાવર્તન કરીને પણ અંતરંગ અપ્રતિબદ્ધભાવની વૃદ્ધિ કરી શકે છે. **॥૯૪૪॥**

અવતરણિકા :-

अत्र ज्ञातमाह —

અવતરણિકાર્થ :-

આમાં દૃષ્ટાંત કહે છે=ઉપાયથી સિદ્ધિ થાય છે એમાં દૃષ્ટાંત કહે છે —

ગાથા :-

मग्गण्णुणो तहिं गमणविग्घ कालेण ठाणसंपत्ती ।
एवं चिय सिद्धीए तदुवाओ साहुधम्मो त्ति ।।९४५।।

અન્વયાર્થ :-

मग्गण्णुणो=માર્ગના જાણનારનું, तहिं=તેમાં=તે માર્ગમાં, गमणविग्घ=અવિઘ્નથી ગમન, कालेण ठाणसंपत्ती=કાળ દ્વારા સ્થાનની પ્રાપ્તિ કરાવે છે. एवं चिय=એ રીતે જ, सिद्धीए=સિદ્ધિનો=મુક્તિનો, तदुवाओ=તે ઉપાય, साहुधम्मो त्ति=સાધુધર્મ છે. ॥૯૪૫॥

ગાથાર્થ :-

માર્ગના જાણનાર તેમાં=તે માર્ગમાં, અવિઘ્નથી ગમન, કાળ દ્વારા સ્થાનની પ્રાપ્તિ કરાવે છે. એ રીતે જ સિદ્ધિનો=મુક્તિનો, તે ઉપાય સાધુધર્મ છે. ॥૯૪૫॥

ટીકા :-

मार्गज्ञस्य विवक्षितपुरसत्पथवेदिनस्तत्र तस्मिन्नेव वर्त्मनि 'गमणविग्घ'त्ति गमनं व्रजनमविघ्नेन व्याक्षेपनिबन्धनत्यागेन कुर्वाणस्य सतः कालेन यथा स्थानसम्प्राप्तिर्विवक्षितपुरसम्प्राप्तिर्भवति । एवमेव दृष्टान्तोक्तक्रमेण सिद्धेर्मुक्तेस्तदुपायः साधुधर्मः क्षान्त्यादिः । इतिः प्राग्वत् ।।९४५।।

ભાવાર્થ :-

અનુભવ અનુસાર દૃષ્ટાંત બતાવીને મોક્ષનો ઉપાય બતાવે છે. જેમ કોઈ પુરુષને વિવક્ષિત નગરમાં માર્ગનું જ્ઞાન હોય અને તે માર્ગથી વિઘ્ન વગર તે જાય તો ઉચિત કાળે અવશ્ય તે સ્થાનને પ્રાપ્ત કરે છે. એ રીતે જ કર્મનાશનો ઉપાય ક્ષમાદિ દસ પ્રકારનો યતિધર્મ છે. એથી જેઓમાં નિર્મળ મતિ પ્રગટેલી છે તેઓ સર્વજ્ઞના વચનાનુસાર ક્ષમાદિ ભાવોને જાણવાનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર યત્ન કરે છે અને જેમ જેમ ક્ષમાદિ ભાવોના રહસ્યને સૂક્ષ્મ-સૂક્ષ્મતર જાણે છે તેમ તેમ તેની પ્રાપ્તિના ઉચિત ઉપાયોરૂપ બાહ્ય આચરણા કઈ છે તેના પણ પરમાર્થને જાણે છે અને તે બહિરંગ આચરણા કયા પ્રકારના દૃઢ વ્યાપારથી સેવવામાં આવે તો ક્ષમાદિ ગુણોની વૃદ્ધિનું કારણ છે તેના રહસ્યને પણ તે મહાત્મા જાણવા યત્ન કરે છે અને જેઓને તે પ્રકારનો માર્ગાનુસારી સૂક્ષ્મ બોધ થયો છે તેઓ વ્યાક્ષેપરહિત ઉચિત બાહ્ય ક્રિયાના સેવનના બળથી અંતરંગ ક્ષમાદિ ભાવોની વૃદ્ધિમાં યત્ન કરે છે, તેઓ કેટલાક કાળ સુધી તે પ્રકારના ગમનના બળથી અવશ્ય ક્ષાયિક ભાવના ક્ષમાદિ ભાવોને પામીને મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી જેઓ તત્ત્વને જોવામાં મૂઢ છે તેઓ માત્ર અંતરંગ ક્ષમાદિ ભાવોથી મોક્ષ છે તેમ વિચારીને તેની નિષ્પત્તિના ઉપાયભૂત ક્રિયાઓનો અપલાપ કરે છે અને તે ક્રિયામાં યત્ન કર્યા વગર ક્ષમાદિમાં યત્ન કરવાનો વિચાર માત્ર કરીને પોતે ક્ષમાદિ ભાવો સાધે છે તેવા ભ્રમમાં વર્તે છે. વળી, કેટલાક તે પ્રકારના મૂઢ છે જેથી અંતરંગ ક્ષમાદિ ભાવો સાથે પ્રતિસંધાન કર્યા વગર માત્ર બાહ્ય ક્રિયાઓને મોક્ષના કારણરૂપે સ્વીકારે છે અને તે બાહ્ય ક્રિયાઓ દ્વારા અંતરંગ ક્ષમાદિ ભાવવિષયક પ્રમાદને પોષે છે. તેવા મૂઢ જીવો પણ ઇષ્ટ ફળને પ્રાપ્ત કરી શકતા નથી તેથી જેઓ મોક્ષના ઉચિત બાહ્યપથ અને તેની સાથે એકવાક્યતાથી પ્રતિસંધાનવાળા અંતરંગ પથને જોઈ શકે છે તેઓ માર્ગના જાણનારા છે અને માર્ગને જાણ્યા પછી તે બોધ અનુસાર તે માર્ગમાં ગમન દ્વારા કેટલાક કાળના પ્રયત્નથી તેઓ ઇષ્ટ એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. **॥૯૪૫॥**

ગાથા :-

एवंविहं तु तत्तं णवरं कालोवि एत्थ विण्णेओ ।
ईसि पडिबंधगो च्चिय माहणवणिरायणाएण ।।९४६।।

અન્વયાર્થ :-

एवंविहं तु तत्तं=આવા પ્રકારનું જ તત્ત્વ છે=મોક્ષની પ્રાપ્તિનો ઉપાય આવા પ્રકારનો સાધુધર્મ જ છે. णवरं=કેવળ, एत्थ=અહીં=મોક્ષને સાધવાની પ્રવૃત્તિના વિષયમાં, माहणवणिरायणाएण=બ્રાહ્મણ-વણિક-રાજાના દૃષ્ટાંતથી, कालो वि=કાળ પણ, ईसि पडिबंधगो च्चिय=ઈષદ્ પ્રતિબંધક જ, विण्णेओ=જાણવો, ॥૯૪૬॥

ગાથાર્થ :-

આવા પ્રકારનું જ તત્ત્વ છે=મોક્ષની પ્રાપ્તિનો ઉપાય આવા પ્રકારનો સાધુધર્મ જ છે. કેવળ

અહીં=મોક્ષને સાધવાની પ્રવૃત્તિના વિષયમાં, બ્રાહ્મણ-વણિક-રાજાના દૃષ્ટાંતથી કાળ પણ ઈષદ્ પ્રતિબંધક જ જાણવો. ॥૯૪૬॥

ટીકા :-

एवंविधमेव साधुधर्म एव सिद्धेरुपाय इत्येवंलक्षणं तत्त्वं न पुनरन्यत्, नवरं केवलं कालोऽपि दुष्षमालक्षणः, किं पुनश्चारित्रमोहक्षयोपशममन्दतेति, अत्र साधुधर्मस्य सिद्ध्युपायत्वे विज्ञेय ईषन्म-नागेकादिभवव्यवधानकारकत्वेन प्रतिबन्धक एव प्रतिस्खलक एव । कथमित्याह—ब्राह्मणवणिग्राजज्ञातेन ।।९४६।।

ભાવાર્થ :-

પૂર્વમાં તૈલપાત્રધારકના દૃષ્ટાંતથી અને રાધાવેધના દૃષ્ટાંતથી સાધુઓ મોહનાશ માટે યત્ન કરનારા છે એમ કહ્યું. એવા પ્રકારનો જ સાધુધર્મ સિદ્ધિનો ઉપાય છે તે સિવાય અન્ય કોઈ મોક્ષનો ઉપાય નથી. તેથી જે કોઈ મહાત્મા મોક્ષમાં જાય છે તેઓ તૈલપાત્રધારકની જેમ સંયમધર્મ સેવીને અને રાધાવેધસાધક જેવો દૃઢ ઉપયોગ કરીને મોક્ષમાં ગયા છે અને જશે, ફક્ત દુઃષમાકાળ છે તેથી વર્તમાનના ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમની મંદતા છે તેથી આરાધક સાધુ પણ મંદ ચારિત્રધર્મ સેવીને કોઈક ચારિત્રનું બળ સંચય કરશે તેથી તેઓની પ્રવૃત્તિમાં કાળ પણ પ્રતિબંધક છે અર્થાત્ સંઘયણબળ, સત્ત્વબળ, ધૃતિબળ તો પ્રતિબંધક છે પરંતુ કાળ પણ પ્રતિબંધક છે એથી આગળમાં બતાવાશે એ બ્રાહ્મણ, વણિક અને રાજાના દૃષ્ટાંતથી વર્તમાનના સાધુઓ કાળને કારણે કાંઈક સ્ખલના પામતા સાધુધર્મને પામીને થોડા ભવોના વિલંબનથી કાર્યને સાધી શકશે, તોપણ મોક્ષપ્રાપ્તિ તો તૈલપાત્રધારકની જેમ અથવા રાધાવેધસાધકની જેમ યત્ન કરનારા સાધુ જ કરી શકે છે અન્ય કોઈ કરી શકતા નથી.

વળી જેઓએ બાહ્યથી સંયમ ગ્રહણ કર્યું નથી, તેઓ પણ અંતરંગ રીતે રાધાવેધસાધક અથવા તૈલપાત્રધારક પુરુષની જેમ અપ્રમાદથી યત્ન કરનારા હોય છે. તેમાંથી કેટલાક પૂર્વભવમાં બાહ્ય સાધુપણું પાળીને ચરમ ભવમાં સંચિતવીર્યવાળા હોવાથી બાહ્ય સંયમ વગર પણ અંતરંગ તે પ્રકારના પ્રયત્નવાળા થાય છે. આથી જ ભરત મહારાજા અરીસાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા ત્યારે તેમણે અંતરંગ તૈલપાત્રધારક પુરુષની જેમ જ અથવા રાધાવેધસાધક પુરુષની જેમ જ મોહનાશને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કર્યો, એ વખતે ક્રોધાદિ કષાયો, બાવીસ પરિષહો કે અન્ય ઉપસર્ગો સાક્ષાત્ ઉપસ્થિત ન હતા તોપણ તે સર્વ ન સ્પર્શી શકે તેવા અંતરંગ યત્નથી ભરત મહારાજા કેવલજ્ઞાન પામ્યા. વળી કેટલાક મરુદેવાદિ જેવા જીવો પૂર્વના ચારિત્રના અભ્યાસ વગર પણ તત્કાલ જ સંચિતવીર્યવાળા થવાથી બાહ્ય ક્રિયા વગર પણ અંતરંગ તૈલપાત્રધારક પુરુષની જેમ અપ્રમાદવાળા થયા અને રાધાવેધસાધક પુરુષની જેમ પરિષહો, ઉપસર્ગો કે કષાયો ન સ્પર્શે તેવા મહાપરાક્રમવાળા થયા તેનાથી કેવલજ્ઞાન પામ્યા. માટે કેવલજ્ઞાનની પ્રાપ્તિમાં તેવા પ્રકારનો અપ્રમાદ જ કારણ છે, ફક્ત વર્તમાનકાળમાં કાળ પણ વિશેષ સદ્વીર્ય ઉલ્લસિત કરવામાં બાધક છે. **॥૯૪૬॥**

અવતરણિકા :-

જ્ઞાતાનેવ ગાથાદ્વયેન ભાવયતિ –

અવતરણિકાર્થ :-

દૃષ્ટાંતને જ બે ગાથાથી ભાવન કરે છે=બ્રાહ્મણ-વણિક-રાજાના દૃષ્ટાંતને જ બે ગાથાથી ભાવન કરે છે –

ગાથા :-

सत्थत्थिमाहणपुरे वणिजायण सुद्धभूमिगह पाए ।
णिहि वणिकहणं अग्गह रण्णा सिट्ठे य पण्णवणा ।।९४७।।
सुत्तुट्ठियचिंतणमण्णया य सव्वेसिमिच्छ गह विग्घं ।
मिहु किमियंति वितक्के केवलि कलि चाग भागगहो ।।९४८।।

અન્વયાર્થ :-

सत्थत्थिमाहणपुरे=શાસ્ત્રના અર્થી એવા બ્રાહ્મણના નગરમાં, वणिजायण=વણિકની યાચના=કોઈક વણિકે બ્રાહ્મણ પાસે ભૂમિની યાચના કરી. सुद्धभूमिगह=શુદ્ધ ભૂમિના ગ્રહણમાં, पाए=ખોદકામમાં, णिहि=નિધિ=ચિરકાળથી દટાયેલું નિધાન પ્રગટ થયું. वणिकहणं=વણિકનું કથન=વણિક વડે રાજાને નિવેદન કરાયું. अग्गह=અગ્રહણ=રાજા વડે નિધિનું અગ્રહણ. रण्णा सिट्ठे य=અને રાજા વડે કહેવાયે છતે=રાજા વડે મંત્રી આદિને કથન કરાયે છતે, पण्णवणा=પ્રજ્ઞાપના=મંત્રી આદિએ રાજાને કહ્યું કે 'આ પ્રમાણે ધનનો ત્યાગ કરવો ઉચિત નથી.'

सुत्तुट्ठिय=સુપ્તઉત્થિત=ઊંઘમાંથી ઊઠેલા રાજા વડે, चिंतणमण्णया=અન્યદા ચિંતવન કરાયું='મેં આ નિધિ જતો કર્યો એ ઉચિત નથી' એ પ્રમાણે અન્યદા ચિંતવન કરાયું. सव्वेसिमिच्छ य=અને સર્વની ઈચ્છાથી=પછી મંત્રી-પુરોહિત આદિ સર્વની ઈચ્છાથી, गह=ગ્રહણ=રાજા વડે નિધિનું ગ્રહણ કરાયું. विग्घं=વિઘ્ન=નિધિના ગ્રહણને કારણે ઈષ્ટ સ્ત્રી આદિનું મૃત્યુ આદિરૂપ વિઘ્ન થયું. मिहु=પરસ્પર, किमियंति वितक्के='આ કેમ થયું ?' એ પ્રમાણેનો વિતર્ક થયે છતે, केवलि=કેવળી=કેવળી ભગવંત આવ્યા. कलि=કલિ=કેવળીએ કહ્યું 'કલિ અવતીર્ણ કર્યો છે તેનાથી આ દોષ થયો છે.' चाग=ત્યાગ=રાજાએ નિધિનો ત્યાગ કર્યો. भागगहो=ભાગનું ગ્રહણ=કર તરીકે જે ભાગ થઈ શકે તેટલું ધન ગ્રહણ કર્યું. ।।૯૪૭-૯૪૮।।

ગાથાર્થ :-

શાસ્ત્રના અર્થી એવા બ્રાહ્મણના નગરમાં વણિકની યાચના=કોઈક વણિકે બ્રાહ્મણ પાસે ભૂમિની

યાચના કરી. શુદ્ધ ભૂમિના ગ્રહણમાં ખોદકામમાં નિધિ=ચિરકાળથી દટાયેલું નિધાન પ્રગટ થયું. વણિકનું કથન=વણિક વડે રાજાને નિવેદન કરાયું. અગ્રહણ=રાજા વડે નિધિનું અગ્રહણ અને રાજા વડે કહેવાયે છતે=રાજા વડે મંત્રી આદિને કથન કરાયે છતે, પ્રજ્ઞાપના=મંત્રી આદિએ રાજાને કહ્યું કે 'આ પ્રમાણે ધનનો ત્યાગ કરવો ઉચિત નથી.'

સુપ્તઉત્થિત=ઊંઘમાંથી ઊઠેલા રાજા વડે, અન્યદા ચિંતવન કરાયું='મેં આ નિધિ જતો કર્યો એ ઉચિત નથી' એ પ્રમાણે અન્યદા ચિંતવન કરાયું અને સર્વની ઇચ્છાથી=પછી મંત્રી-પુરોહિત આદિ સર્વની ઇચ્છાથી, ગ્રહણ=રાજા વડે નિધિનું ગ્રહણ કરાયું. વિઘ્ન=નિધિના ગ્રહણને કારણે ઇષ્ટ સ્ત્રી આદિનું મૃત્યુ આદિરૂપ વિઘ્ન થયું. પરસ્પર 'આ કેમ થયું ?' એ પ્રમાણેનો વિતર્ક થયે છતે કેવળી=કેવળી ભગવંત આવ્યા. કલિ=કેવળીએ કહ્યું 'કલિ અવતીર્ણ કર્યો છે તેનાથી આ દોષ થયો છે.' ત્યાગ=રાજાએ નિધિનો ત્યાગ કર્યો. ભાગનું ગ્રહણ=કર તરીકે જે ભાગ થઈ શકે તેટલું ધન ગ્રહણ કર્યું. ॥૯૪૭-૯૪૮॥

ટીકા :-

शास्त्रार्थिनो वेदाध्येतारो ये ब्राह्मणास्तेषां किञ्चित् पुरमासीत् तत्र 'वणिजायण' त्ति केनचिद् वणिजा ब्राह्मणा भूमिं याचिताः । शुद्धभूमिग्रहे च शल्यादिदोषानुपहतभूमेरुपादाने कृते पादे शुद्धिमानीयमाने निधिश्चिरकालनिहित उद्घटितः । वणिक्कथनं वणिजा राज्ञो निवेदितम्, यथा देव! मया गृहपादशोधने क्रियमाणे निधिर्लब्ध आस्ते अग्रहो निधेरौदार्यातिरेकात् सत्यवादितया च राज्ञौ वृत्तः । शिष्टे च कथिते राज्ञा मन्त्र्यादीनां, प्रज्ञापना तैः कृता, यथा न देव! नीतिरेषा निर्निमित्तमेव स्वकीयार्थपरित्याग इति ।।९४७।।

सुप्तोत्थितचिन्तनं सुप्तोत्थितेन राज्ञा चिन्तितमन्यदा यथा न मया सुष्ठु कृतं यन्निधिः सिद्धः सन्नुपेक्षित इति । ततः सर्वेषां मन्त्रिपुरोहितानां इच्छयाऽनुमत्या ग्रहणं निधेः कृतम् । ततस्तादृशि महत्यनर्थे प्रवर्त्तिते 'विग्घं'ति विघ्न इष्टकलत्रविपत्त्यादिः सद्य एव कश्चिज्जात इति । मिथः परस्परं किमिदमित्थमिति वितर्क्के सर्वत्र प्रवृत्ते केवली कश्चिदागतः, ततस्तेन पृष्टे सति शिष्टं, यथा—कलिरेवावतीर्णस्तद्दोषादिदमित्थं जातमिति । ततो राज्ञा निधेस्त्यागः कृतः, भागस्य निजाभाव्यरूपस्य पुनर्ग्रह इति । यदत्र वेदार्थिब्राह्मणपुराश्रयणं शास्त्रकृता कृतं तदेवं ज्ञापयति वेदविद्याविशारदब्राह्मणवासितस्थाने न काचिदनीतिः प्रवर्त्तते, तथापि कलियुगावताराच्चतुराश्रमगुरुणापि राज्ञा स्ववचनविलोपनेन पुनर्निधिग्रहणमारब्धम् ।विघ्नोत्थानेन सवितर्के लोके जाते केवलिना च स्वरूपे निवेदिते स्वसत्त्वाभ्यधिकतया नीतिमागतोऽसौ राजेति ।।९४८।।

ભાવાર્થ :-

ગાથા-૯૪૬માં કહ્યું કે બ્રાહ્મણ, વણિક અને રાજાના દૃષ્ટાંતથી સાધુને અપ્રમાદથી સંયમ પાળવામાં કાળ પણ પ્રતિબંધક છે. તે દૃષ્ટાંત બતાવે છે. જેમ તે નગરમાં વેદના ભણેલા બ્રાહ્મણો હતા અને રાજા પણ નીતિમાન હતો તેથી વણિકે રાજાને નિધિનું કથન કર્યું છતાં રાજાએ નિધિનું ગ્રહણ કર્યું નહીં. આમ છતાં કલિકાલના અવતારને કારણે મંત્રી વગેરેએ તે પ્રકારની વિપરીત સલાહ આપી કે જેથી રાજાને તે ધન ગ્રહણ કરવાનો પરિણામ થયો. તેમ વર્તમાનમાં પણ સંસારથી ભય પામેલા કોઈક સાધુ જિનવચનાનુસાર નીતિપૂર્વક સંસારના ઉચ્છેદ માટે યત્ન કરનારા થશે તેઓને પણ વર્તમાનનો કાળ તે પ્રકારની પ્રેરણા કરશે જેથી શુદ્ધ ધર્મમાં અતિચારોને સેવીને તેને મલિન કરશે, છતાં જેમ તે રાજા મંત્રીઆદિની સલાહથી ધન ગ્રહણ કર્યા પછી તેનું અનર્થકારી ફળ જોઈને તે ધનનો ત્યાગ કરે છે અને નીતિપૂર્વક ભાગ ગ્રહણ કરે છે તેમ વર્તમાનમાં પણ આરાધક સાધુઓ કાળદોષને કારણે સ્ખલનાઓ પામશે, તેના ફળરૂપે કષાયોના ક્લેશની પ્રાપ્તિ કરશે અને પોતાના પ્રમાદના ફળને જોઈને જાગશે ત્યારે તે પ્રમાદને દૂર કરવા અર્થે તે અતિચારનો ત્યાગ કરશે અને શુદ્ધ આરાધના કરીને પોતાનું હિત સાધશે. જેમ તે રાજાએ તે નિધિનો ત્યાગ કરીને પોતાની નીતિ અનુસાર ઉચિત ધન ગ્રહણ કર્યું તેમ સુસાધુ પણ કાળદોષને કારણે જે અતિચાર થયેલા હશે તેનો ત્યાગ કરીને સંઘયણબળ આદિને અનુરૂપ પ્રામાણિક અપવાદ સેવીને સંયમજીવનનું રક્ષણ કરશે. આ પ્રકારે દૃષ્ટાંતના બળથી વર્તમાનકાળમાં પણ આરાધક સાધુઓ અલ્પ હોવા છતાં જેઓ ગાથા-૯૪૬માં બતાવ્યું તે પ્રકારે સાધુધર્મમાં યત્ન કરશે તેઓ જ કલ્યાણને પ્રાપ્ત કરશે અને જેઓ કાળના અવલંબનથી સ્વઇચ્છાનુસાર પ્રવૃત્તિ કરશે તેઓ વિનાશને પામશે. **॥૯૪૭-૯૪૮॥**

ગાથા :-

एवमिह दुस्समेयं कलुसइ भावं जईणवि कहिंचि ।
तहवि पुण कज्जजाणा हवंति एएच्चिय जहेए ।।९४९।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વમાં રાજા-વણિક અને બ્રાહ્મણનું દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, इह=અહીં=ભરત ક્ષેત્રમાં, दुस्समेयं=આ દુઃષમા, जईणवि भावं कहिंचि कलुसइ=યતિઓના પણ ભાવને કાંઈક કલુષિત કરે છે. तहवि=તોપણ, पुण कज्जजाणा=ફરી આ મહાત્માઓ જ કાર્યને જાણનારા, एएच्चिय हवंति=થાય છે, जहेए=જે પ્રમાણે આ રાજાદિ થયા. ॥૯૪૯॥

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વમાં રાજા-વણિક અને બ્રાહ્મણનું દૃષ્ટાંત બતાવ્યું એ રીતે, અહીં=ભરત ક્ષેત્રમાં, આ દુઃષમા યતિઓના પણ ભાવને કાંઈક કલુષિત કરે છે. તોપણ ફરી આ મહાત્માઓ જ કાર્યને જાણનારા થાય છે જે પ્રમાણે આ રાજાદિ થયા. ॥૯૪૯॥

ટીકા :-

एवं प्रकृतराजादिवदिह भरतक्षेत्रे दुःषमा दुष्टकाललक्षणेयं प्रत्यक्षोपलक्ष्यमाणफला कलुषयति मलिनीकरोति, भावं मनःपरिणामं यतीनामपि-लाभालाभसुखासुखादिषु तुल्यतया प्रवृत्तचित्तानां, कथंचिदनाभोगादिदोषात्, तथापि पुनः कार्यज्ञाः कार्यपरमार्थविदो भवन्ति एत एव, यथैते राजादय इति ।।९४९।।

ભાવાર્થ :-

ગાથા-૯૪૭-૯૪૮માં રાજાદિનું દૃષ્ટાંત બતાવ્યું. તે દૃષ્ટાંતમાં નીતિમાન બ્રાહ્મણો હોવા છતાં અને રાજા પણ નીતિમાન હોવા છતાં કલિના અવતારને કારણે મંત્રી વગેરેએ રાજાને વિપરીત સલાહ આપી તેમ સુસાધુના પણ ભાવને આ દુઃષમાકાળ કલુષિત કરશે; કેમ કે કાળના દોષથી જીવમાં વક્રતા અને જડતાની પ્રાપ્તિ છે. તેથી કર્મની અલ્પતાને કારણે સંસારના વાસ્તવિક સ્વરૂપનું જેઓને જ્ઞાન થયું છે અને તેના ઉચ્છેદના ઉપાયોનું જેમને જ્ઞાન છે તેવા સુસાધુ પણ કાળના દોષને કારણે કલુષિત ભાવવાળા થશે. તેથી લાભ-અલાભ, સુખ-દુઃખાદિમાં તુલ્ય પરિણતિવાળા સુસાધુ ક્યારેક અનાભોગાદિથી દોષોને સેવનારા થશે છતાં જેમ તે રાજા વગેરેને જ્ઞાન થયું કે કલિના અવતારને કારણે આ અનર્થોની પ્રાપ્તિ થઈ છે તેથી તે રાજાએ નિધિનો ત્યાગ કર્યો તેમ સુસાધુ પણ મોક્ષને અનુકૂળ અસંગ ભાવના અર્થી હોવાને કારણે જ્યારે પોતાની સ્ખલનાને જાણશે ત્યારે અવશ્ય તેને દૂર કરવા યત્ન કરીને સંયમની સિદ્ધિ માટે યત્ન કરશે. આથી જ વર્તમાનમાં પણ જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે તેઓ પોતાના બોધ અનુસાર સંયમમાં અપ્રમાદ કરવા યત્ન કરે છે અને કાળદોષને કારણે સૂક્ષ્મ બોધનો અભાવ થવાથી કાંઈક સ્ખલના પામેલા હોય તોપણ સામગ્રીને પામીને નિવર્તન પામે તેવા નિર્મળ પરિણામવાળા છે તેઓ આરાધક છે. **॥૯૪૯॥**

અવતરણિકા :-

अथैतदेव धर्मानुष्ठानं मतान्तरैराचिख्यासुराह –

અવતરણિકાર્થ :-

હવે આ જ ધર્મઅનુષ્ઠાન મતાંતરથી કહેવાની ઇચ્છાથી કહે છે=ગાથા-૪૪૯માં કહ્યું કે 'પૂર્વમાં કહેલા કથનને નિપુણ બુદ્ધિથી ભાવન કર્યા પછી આજ્ઞાયોગથી સર્વત્ર સમ્યગ્ પ્રવૃત્તિ કરવી જોઈએ અને તેવા આજ્ઞાયોગથી સેવાયેલો ધર્મ સર્વ કલ્યાણનું કારણ છે' તેનું અનેક રીતે અત્યાર સુધી ભાવન કર્યું. હવે એ જ ધર્માનુષ્ઠાનને મતાંતરથી કહેવાની ઇચ્છાથી કહે છે –

ગાથા :-

अण्णे भणंति तिविहं सययविसयभावजोगओ णवरं ।
धम्मम्मि अणुट्ठाणं जहुत्तरपहाणरूवं तु ।।९५०।।

અન્વયાર્થ :-

अण्णे तु=અન્ય વળી, सययविसयभावजोगओ=સતત વિષય અને ભાવના યોગથી, तिविहं अणुट्ठाणं= ત્રિવિધ અનુષ્ઠાન, णवरं धम्मम्मि=કેવળ ધર્મના વિષયમાં, जहुत्तरपहाणरूवं भणंति=યથોત્તર પ્રધાનરૂપ કહે છે. ॥૯૫૦॥

ગાથાર્થ :-

અન્ય વળી સતત વિષય અને ભાવના યોગથી, ત્રિવિધ અનુષ્ઠાન કેવળ ધર્મના વિષયમાં યથોત્તર પ્રધાનરૂપ કહે છે. ॥૯૫૦॥

ટીકા :-

अन्येऽपरे आचार्या भणन्ति ब्रुवते त्रिविधं त्रिप्रकारम् । प्रकारानेव दर्शयति—सततविषयभावयोगतः 'भीमो भीमसेनः' इति न्यायेन पदैकदेशेऽपि पदसमुदायोपचारात् सततााभ्यासयोगतः, विषयाभ्यासयोगतः, भावाभ्यासयोगतश्च । नवरं केवलं धर्मे विषयभूतेऽनुष्ठानं देवपूजनादिलक्षणं यथोत्तरप्रधानरूपं तु यद्यस्मादुत्तरं तदेव प्रधानमित्येवंलक्षणमेव च । तत्र सततााभ्यासः नित्यमेवोपादेयतया लोकोत्तर-गुणावाप्तियोग्यताऽऽपादकमातापितृविनयादिवृत्तिः । विषयाभ्यासो विषयेऽर्हल्लक्षणे मोक्षमार्गस्वामिनि योऽभ्यासः पूजादिकरणस्य सः । भावाभ्यासः पुनर्दूरं, भवादुद्विग्नस्य सम्यग्दर्शनादीनां भावानामभ्यास इति ॥९५०॥

ભાવાર્થ :-

પૂર્વમાં ધર્મ ભગવાનની આજ્ઞાના પાલનરૂપ છે એમ કહ્યું તેથી જેઓ ભગવાનની આજ્ઞાના પરમાર્થને જાણવા યત્ન કરે છે, જાણ્યા પછી સ્વભૂમિકાનું આલોચન કરે છે અને સ્વભૂમિકાનુસાર ઉચિત અનુષ્ઠાનોને સેવે છે જેનાથી ઉત્તર-ઉત્તરની ધર્મની પરિણતિ પ્રગટ થાય છે તે જ ધર્મ છે તેમ સ્થાપન કર્યું. હવે અન્ય કેટલાક આચાર્યો ધર્માનુષ્ઠાનને ત્રણ પ્રકારે કહે છે. એક સતતાભ્યાસ્ત, બીજો વિષયાભ્યાસ અને ત્રીજો ભાવાભ્યાસ. તે તે પ્રકારના ધર્માનુષ્ઠાનમાંથી જીવોને સતત કરવા યોગ્ય એવી માતાપિતાદિની વિનયની પ્રવૃત્તિ સતતાભ્યાસરૂપ છે જેનાથી જીવ ઉચિત પ્રવૃત્તિ કરવાની પરિણતિવાળો બને છે. વળી, જેઓ ભગવાનની ભક્તિઆદિ શુદ્ધ અનુષ્ઠાનો કરે છે પરંતુ ભગવાનના ગુણોના પરિજ્ઞાનપૂર્વક ભગવાનની ભક્તિઆદિ કરતા નથી તેઓ ભદ્રક પ્રકૃતિથી પૂજાઆદિ કૃત્યો કરીને વિષયાભ્યાસનું સેવન કરે છે. વળી, જેઓ ભવથી ઉદ્વિગ્ન થયેલા છે તેઓ સમ્યગ્દર્શનાદિ ભાવોનો અભ્યાસ કરે છે તે ભાવાભ્યાસ છે અને પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જે ધર્માનુષ્ઠાન કહ્યું તે સર્વ ભાવાભ્યાસરૂપ છે; કેમ કે ભગવાનની આજ્ઞાનુસાર સેવાતા ધર્મરૂપ હોવાથી રત્નત્રયના ભાવોના અભ્યાસ સ્વરૂપ છે. **॥૯૫૦॥**

ગાથા :-

एयं च ण जुत्तिखमं णिच्छयणयजोगओ जओ विसए ।
भावेण य परिहीणं धम्माणुट्ठाण मो किह णु ।।९५१।।

અન્વયાર્થ :-

एयं च=અને આ=સતતાભ્યાસ અને વિષયાભ્યાસરૂપ બે પ્રકારનું અનુષ્ઠાન, णिच्छयणयजोगओ=નિશ્ચયનયના યોગથી, ण जुत्तिखमं=યુક્તિક્ષમ નથી=ધર્મરૂપે સ્વીકારવું યુક્તિયુક્ત નથી. जओ=જે કારણથી, विसए=વિષયમાં=સાક્ષાદ્ સમ્યગ્દર્શનાદિ અનારાધનારૂપ માતા-પિતાદિના વિનય સ્વભાવવાળા વિષયમાં ધર્મની આચરણારૂપ વિષયમાં, भावेण य परिहीणं=અને ભાવથી પરિહીન=ભવવૈરાગ્યાદિ ભાવોથી રહિત, मो किह णु धम्माणुट्ठाण=કેવી રીતે ધર્માનુષ્ઠાન થાય અર્થાત્ સતતાભ્યાસ અને વિષયાભ્યાસ ધર્માનુષ્ઠાન થાય નહીં. ।।૯૫૧।।

ગાથાર્થ :-

અને આ=સતતાભ્યાસ અને વિષયાભ્યાસરૂપ બે પ્રકારનું અનુષ્ઠાન, નિશ્ચયનયના યોગથી યુક્તિક્ષમ નથી=ધર્મરૂપે સ્વીકારવું યુક્તિયુક્ત નથી. જે કારણથી વિષયમાં=સાક્ષાદ્ સમ્યગ્દર્શનાદિ અનારાધનારૂપ માતા-પિતાદિના વિનય સ્વભાવવાળા વિષયમાં ધર્મની આચરણારૂપ વિષયમાં, અને ભાવથી પરિહીન=ભવવૈરાગ્યાદિ ભાવોથી રહિત, કેવી રીતે ધર્માનુષ્ઠાન થાય અર્થાત્ સતતાભ્યાસ અને વિષયાભ્યાસ ધર્માનુષ્ઠાન થાય નહીં. ।।૯૫૧।।

ટીકા :-

एतच्च द्विविधमनुष्ठानं न युक्तिक्षमं नोपपत्तिसहं निश्चयनययोगतो निश्चयनयाभिप्रायेण । कुतो, यतो विषये साक्षात् सम्यग्दर्शनाद्यनाराधनारूपे मातापित्रादिविनयस्वभावे, तथा भावेन च भववैराग्यादिना पुनः परिहीणं विषयेऽपि धर्मानुष्ठानं कथं नु ? न कथंचिदित्यर्थः । परमार्थोपयोग-रूपत्वाद्धर्मानुष्ठानस्य इत्येकमेव भावाभ्यासानुष्ठानमुपादेयमिति ।।९५१।।

ભાવાર્થ :-

પૂર્વમાં અન્ય આચાર્યનો મત બતાવ્યો તે પ્રમાણે સતતાભ્યાસાદિ ત્રણ ધર્માનુષ્ઠાન છે અને નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો આત્મામાં ભગવાનના વચનાનુસાર ભાવનિષ્પત્તિને અનુકૂળ જે યત્ન છે તે જ ધર્માનુષ્ઠાન કહી શકાય અને ભગવાનની આજ્ઞા છે કે ભવવૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તે પ્રકારે સતત ઉચિત ધર્માનુષ્ઠાન સેવવું જોઈએ તેથી જે અનુષ્ઠાનમાં ભવવૈરાગ્યાદિ ભાવો ન હોય તેને નિશ્ચયનય ધર્માનુષ્ઠાન સ્વીકારતો નથી. આથી કોઈ ભદ્રક પ્રકૃતિવાળા જીવો માતા-પિતાદિની ઉચિત ભક્તિ કરતા હોય તેને કેટલાક સતતાભ્યાસ કહે છે. તે ઉચિત પ્રવૃત્તિથી જીવ કાંઈક ભદ્રક પ્રકૃતિવાળા બને છે તોપણ તે પ્રવૃત્તિમાં

મોહના ઉન્મૂલનને અનુકૂળ ભાવોનો અભ્યાસ નથી. માટે નિશ્ચયનય સતતાભ્યાસને ધર્માનુષ્ઠાનરૂપે ગ્રહણ કરતો નથી.

વળી, કેટલાક ભદ્રક પ્રકૃતિવાળા જીવો જિનપૂજાદિ કે સામાયિકાદિ ધર્માનુષ્ઠાન કરે છે પરંતુ તે અનુષ્ઠાનો દ્વારા ભગવાનના વચનથી નિયંત્રિત લેશપણ ભવવૈરાગ્યાદિ ભાવો કરતા નથી, માત્ર ધર્મ કરવો છે અને ધર્મ ભગવદ્ ભક્તિઆદિ છે તેવી બુદ્ધિથી વિષયાભ્યાસ સેવે છે. તેને નિશ્ચયનય ધર્માનુષ્ઠાન સ્વીકારતો નથી. તેથી પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જે વર્ણન કર્યું કે ભગવાનની આજ્ઞાને જાણીને સ્વભૂમિકાનુસાર ગુણસ્થાનકની પરિણતિ પ્રગટે એ પ્રકારે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ તેને જ ધર્મ કહી શકાય, તેથી અપુનર્બંધક જીવો પણ ભવથી વિરક્ત થઈને ભગવાનની ભક્તિ કરે તે ભાવાભ્યાસ કહી શકાય પરંતુ જેને ભવવૈરાગ્યઆદિ ભાવ નથી માત્ર મુગ્ધતાથી ભગવદ્ભક્તિ આદિ કરે છે અથવા માતાપિતાદિની ભક્તિ કરે છે તેને ધર્માનુષ્ઠાન કહી શકાય નહીં એ પ્રકારનો નિશ્ચયનયનો અભિપ્રાય છે. **॥૯૫૧॥**

અવતરણિકા :-

अत्र त्रिविधमप्यनुष्ठानं कथंचित् समर्थमान आह –

અવતરણિકાર્થ :-

અહીં=ધર્મના અનુષ્ઠાન વિષયમાં, ત્રિવિધ પણ અનુષ્ઠાન=સતતાભ્યાસાદિ ત્રિવિધ પણ અનુષ્ઠાન, કોઈક રીતે=કોઈક દૃષ્ટિથી, સંગત છે એ પ્રકારે સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

ववहारओ उ जुज्जइ तहा तहा अपुणबंधगाईसु ।
एत्थउ आहरणाइं जहासंखेणमेयाइं ।।९५२।।

અન્વયાર્થ :-

तहा तहा=તે તે પ્રકારે, अपुणबंधगाईसु=અપુનર્બંધકાદિમાં, ववहारओ उ जुज्जइ=વ્યવહારથી ઘટે છે= ત્રણેય પ્રકારનાં અનુષ્ઠાનો વ્યવહારથી ઘટે છે. एत्थ उ=વળી અહીં=વ્યવહારના આદેશથી ત્રિવિધ પ્રકારના અનુષ્ઠાનમાં, जहासंखेणं=યથાસંખ્ય=યથાક્રમથી, एयाइं=आ=આગળમાં કહેવાય છે એ, आहरणाइं=ઉદાહરણો છે. ॥૯૫૨॥

ગાથાર્થ :-

તે તે પ્રકારે અપુનર્બંધકાદિમાં વ્યવહારથી ઘટે છે=ત્રણેય પ્રકારનાં અનુષ્ઠાનો વ્યવહારથી ઘટે છે. વળી અહીં=વ્યવહારના આદેશથી ત્રિવિધ પ્રકારના અનુષ્ઠાનમાં, યથાસંખ્ય=યથાક્રમથી, આ=આગળમાં કહેવાય છે એ, ઉદાહરણો છે. ॥૯૫૨॥

ટીકા :-

व्यवहारतस्तु व्यवहारनयादेशात् पुनर्युज्यते तथा तथा विषयभेदप्रकारेणापुनर्बन्धकादिषु, अपुनर्बन्धकः पापं न तीव्रभावात् करोतीत्येवंलक्षणः, आदिशब्दादपुनर्बन्धकस्यैव विशिष्टोत्तरावस्थाविशेषभाजौ मार्गाभिमुखमार्गपतितौ अविरतसम्यग्दृष्ट्यादयश्च गृह्यन्ते । अत्र तु व्यवहारादेशात्त्रिविधेऽनुष्ठाने आहरणानि ज्ञातानि यथासंख्येनानुक्रमलक्षणेन एतानि वक्ष्यमाणलक्षणानि ।।९५२।।

ભાવાર્થ :-

વ્યવહારનયથી વિષયાભ્યાસાદિ ત્રણેય અનુષ્ઠાનો આત્મામાં ધર્મનિષ્પત્તિનું કારણ હોવાથી ધર્મ છે; કેમ કે જે અપુનર્બંધકાદિ જીવો ભદ્રક પ્રકૃતિથી માતા-પિતાદિની સેવા કરે છે તેઓમાં કૃતજ્ઞતાઆદિ ગુણો પ્રગટે છે અને તેના કારણે કાંઈક કર્મનો હ્રાસ થાય છે અને જીવ ધર્મને અનુકૂળ ઉચિત ભૂમિકાને પ્રાપ્ત કરે છે. તે રીતે વિષયાભ્યાસ પણ ભદ્રક પ્રકૃતિવાળા જીવો સેવે છે ત્યારે સાક્ષાત્ ભવવૈરાગ્યાદિ ભાવો નહીં હોવા છતાં ધર્મ કરવાની ભદ્રક પ્રકૃતિ કાંઈક અતિશય-અતિશયતર થાય છે જેનાથી મોહના નાશને અનુકૂળ કાંઈક યત્ન થાય છે તેથી અલ્પ પણ કર્મનાશને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિરૂપ અનુષ્ઠાન હોવાથી સતતાભ્યાસને અને વિષયાભ્યાસને પણ વ્યવહારનય ધર્માનુષ્ઠાન સ્વીકારે છે અને ભાવાભ્યાસ તો સાક્ષાદ્ કર્મનાશને અનુકૂળ ઉપયોગવાળી પ્રવૃત્તિરૂપ અનુષ્ઠાન છે તેથી ધર્માનુષ્ઠાન છે. વળી, અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર પણ અનુપયોગથી ધર્મઅનુષ્ઠાન કરે છે ત્યારે વિષમ અભ્યાસ જ છે તેથી ભાવાભ્યાસરૂપ ધર્મઅનુષ્ઠાન નથી. **॥૯૫૨॥**

અવતરણિકા :-

तत्र प्रथमोदाहरणं भावयन् गाथाष्टादशकमाह —

અવતરણિકાર્થ :-

ત્યાં=વ્યવહારનયને અભિમત ત્રણ પ્રકારના ધર્માનુષ્ઠાનમાં, પ્રથમનું ઉદાહરણ ભાવન કરતાં અઢાર ગાથા દ્વારા કહે છે —

ગાથા :-

सययब्भासाहरणं आसेवियजाइसरणहेउत्ति ।
आजम्मं कुरुचंदो मरिउं णरगाओ उव्वट्टो ।।९५३।।
मायापिइपडिवत्ती गिलाणभेसज्जदाणमाईहिं ।
तह चिइणिम्मलकरणं जाईसरणस्स हेउत्ति ।।९५४।।
णिवपरिवारुवलंभा सरणं भीओ कहं पुणो एत्थ ।
ठिइमूगत्तासेवण णाओ विज्जेहिं णिद्दोसो ।।९५५।।

मंतिणिवेयण जाणण धण्णो सरणाओ कोइ उव्विग्गो ।
भवठिइदंसणकहणं गुणकरमेयस्स तहिं जुत्तो ।।९५६।।
भूसिय जंपाणगओ इड्ढीए णीणिओ विभागण्णू ।
भोगम्मी जायछणे मयरुवणदरिद्दग भणीसु ।।९५७।।
लाभगचेयग भोगी जाए उ छणो सुवाहितुल्लो त्ति ।
मरणे दुक्खमवेक्खा किमिह दरिद्दोवि परलोए ।।९५८।।
रायणिवेयण दंसण तोसो पियवयण पुच्छ पसिणत्थे ।
णमणमणुण्णा संवेगसाहणं भावसारमिमं ।।९५९।।
धम्मकरणेण भोगी लाभा इहरा उ तुच्छभोगोत्ति ।
रज्जफलोत्ति सुवाही तच्छणसरिसो उ एएसु ।।९६०।।
मालालुगप्पभोगाइणायओ दुक्खकारणमविक्खा ।
धम्मी दरिद्दगो इह अओण्णहण्णोवि परलोए ।।९६१।।
मायापिउणा भणिओ इह धम्मण्णू तुमं तहावम्हं ।
ठिइमूयत्तेहिं इह दुखं कुणसित्ति सो आह ।।९६२।।
गंतव्वं सगईए गुरुयणसंवुड्ढिकारयं गच्छे ।
आसासमाइदीवगजोगम्मि ण अण्णहा जुत्तं ।।९६३।।
बोल्लेमि य जं उचियं इहरा उ ण जुत्तमेव वोत्तुं जे ।
जं इह एस कुहाडी जीहा धम्मेयरतरूणं ।।९६४।।
एवं ति तेसिं बोहो धम्मपरिच्छाए पायसो णवरं ।
माइपिइपूयघायाणमित्थ किं जुत्तमच्चत्थं ।।९६५।।
पूजत्ति आहु पायं अण्णेऽणेगंतवायओ तत्तं ।
ववहारणिच्छएहिं दुविहा एए जओ णेया ।।९६६।।
ववहारओ पसिद्धा तिण्हा माणो य णिच्छएणेए ।
आइमगाणं पूया इयरेसिं वहोत्ति ता जुत्तं ।।९६७।।

बज्झेयरचिट्ठाणं अण्णे का सोहणत्ति आहेसो ।
अण्णयरावोहेणं उभयं भेयाओ एयस्स ।।९६८।।
अब्भिंतरा ण बज्झं वभिचरइ णिओगओ ण बज्झेवं ।
अब्भिंतरंति अण्णे एगच्चिय उभयरूवे सा ।।९६९।।
एवं च मग्गलंभो पवज्जाराहणा य सुपसत्था ।
दुग्गइदुवारठयणी सुगइसिवपसाहिया चेव ।।९७०।।

અન્વયાર્થ :-

सययब्भासाहरणं=સતતાભ્યાસનું ઉદાહરણ, आजम्मं आसेवियजाइसरणहेउत्ति=આજન્મ આસેવિત જાતિસ્મરણના હેતુ જેના વડે એવો, कुरुचंदो=કુરુચંદ્ર, मरिउं णरगाओ उव्वट्टो=મરીને નરકમાં ઉત્પન્ન થયો.

मायापिइपडिवत्ती=માતા-પિતાની પ્રતિપત્તિ, गिलाणभेसज्जदाणमाईहिं=ગ્લાનને ભેષજનું દાન આદિ=ગ્લાન એવા સાધુને અને શ્રાવકાદિને ઔષધનાં દાનાદિ. (અહીં 'આદિ' પદથી શ્રેષ્ઠ સમાધિનાં કારણોનું ગ્રહણ છે) तह चिइणिम्मलकरणं=અને ચૈત્યનું નિર્મલ્યકરણ=ભગવાનની પ્રતિમાનું નિર્મલીકરણ, जाईसरणस्स हेउत्ति=જાતિસ્મરણના હેતુ છે.

णिवपरिवारुवलंभा=નૃપપરિવારના ઉપલંભથી=નરકમાંથી નીકળ્યા પછી કુરુચંદ્ર રાજા ફરી રાજા થયો ત્યાં રાજાના પરિવારના ઉપલંભને કારણે, सरणं=સરણ=જાતિસ્મરણ થયું, भीओ कहं पुणो एत्थ='કેવી રીતે ફરી નરકમાં જાઉં' એ પ્રમાણે ભય પામ્યો (એ પ્રમાણે વિચારીને), ठिइमूगत्तासेवण=સ્થિતિ અને મૂકત્વનું આસેવન=પ્રવૃત્તિ બંધ કરી અને મૌનપણાનું સેવન કર્યું. विज्जेहिं णिद्दोसो णाओ=વૈદ્યો વડે નિર્દોષ જણાયો.

मंतिणिवेयण=મંત્રીને નિવેદન, जाणण=(મંત્રીએ) જાણ્યું. धण्णो सरणाओ कोइ उव्विग्गो='ધન્ય એવો કોઈક જીવ જાતિસ્મરણથી ઉદ્વિગ્ન વર્તે છે.' भवठिइदंसणकहणं='ભવસ્થિતિનું દર્શન અને કથન'=મંત્રીએ રાજાને કહ્યું કે 'ભવસ્થિતિનું દર્શન અને ઇતરનું કથન આને યોગ્ય વર્તે છે.' गुणकरमेयस्स=(રાજાએ વિચાર્યું –) 'આ મારા પુત્રને તત્ત્વનું જ્ઞાન ગુણકર થશે.' तहिं जुत्तो=તેમાં યુક્ત=ભવસ્થિતિના દર્શનમાં તે રાજપુત્ર નિયુક્ત કરાયો.

भूसिय=ભૂષિત=અલંકૃત, जंपाणगओ=યાપ્ય એવા યાનગત=સુખાસનમાં રહેલો, इड्ढीए णीणिओ=ઋદ્ધિથી નિઃસારિત=પ્રસાદથી બહાર લઈ જવાયો. विभागण्णू=વિભાગજ્ઞ=હેય-ઉપાદેયના વિભાગમાં કુશળ (ત્યાં ગયે છતે), भोगम्मी=ભોગીમાં=ભોગભાજી કોઈ પુરુષને જોયે છતે, जायछणे=જાતક્ષણમાં=

નવજાત પુત્રના જન્મનો ઉત્સવ જોયે છતે, મયરુવણદરિદ્દગ=મૃત્યુનું રુદન જોયે છતે અને દરિદ્ર એવા ભિક્ષાચરને જોયે છતે, ભણીસુ=બોલે છે=પાર્શ્વવર્તી પુરુષો રાજપુત્રને પૂછે છે 'આનું તત્ત્વ શું છે ?'

(તે રાજપુત્ર કહે છે –) લાભગચેયગ=લાભકચિત્તવાળો=ધનધાન્યાદિને પામેલો દાતા, ભોગી=ભોગી=ભોગી થાય છે. જાએ ઉ છણો=વળી જન્મક્ષણ=પુત્રજન્મનો ઉત્સવ, સુવાહિતુલ્લો ત્તિ=સુવ્યાધિતુલ્ય છે=ખણજ જેવો છે. મરણે=મરણમાં, દુક્ખમવેક્ખા=દુઃખની અપેક્ષા છે. કિમિહ=અહીં શું છે ?=દરિદ્રના વિષયમાં શું છે ?, દરિદ્દોવિ પરલોએ=પરલોકમાં જે દરિદ્ર છે એ જ દરિદ્ર છે.

રાયણિવેયણ=રાજાને નિવેદન=ચારેય અર્થોનો રાજપુત્રએ જે ઉત્તર આપ્યો તેનું રાજાને નિવેદન, દંસણ=દર્શન=પુત્રનું દર્શન, તોસો=તોષ=રાજાને હર્ષ થયો. પિયવયણ પુચ્છ પસિણત્થે=પ્રિયવચનપૂર્વક પ્રશ્નોની પૃચ્છા=પૂર્વમાં કરાયેલા પ્રશ્નોની રાજાએ પૃચ્છા કરી. ણમણં=નમન=પુત્ર વડે અર્થ કહેવાયે છતે રાજાને ધર્મને અભિમુખ પરિણામ થયો. અણુણ્ણા=અનુજ્ઞા=પિતાએ કહ્યું – 'તેં જે કહ્યું તે અમને અનુમત છે.' સંવેગસાહણં ભાવસારમિમં=સંવેગસાધન 'ભાવસાર આ છે'=સંવેગવાળા થઈને રાજપુત્રએ કહ્યું 'આ ભાવસાર છે.'

ધમ્મકરણેણ=ધર્મના કરણથી, ભોગી લાભા=લાભથી ભોગી થાય છે=આલોકમાં અને પરલોકમાં જીવ ધનાદિના લાભથી ભોગી થાય છે, ઇહરા ઉ તુચ્છભોગોત્તિ=ઈતરથા તુચ્છ ભોગવાળા થાય છે=ધર્મના અકરણથી ભોગના તુચ્છ ફળવાળો થાય છે. રજ્જફલોત્તિ સુવાહી=રાજ્યફળ સુવ્યાધિ છે. તચ્છણસરિસો ઉ એએસુ=વળી તેના સદૃશ આ છે=વ્યાધિનિર્વિશેષ રાજ્યઉત્સવ જેવો પુત્રઉત્સવ છે.

માલાલુગપ્પભોગાઇણાયઓ=માળા અને આલુકાના ભોગાદિના દૃષ્ટાંતથી=માળા કરમાય છે છતાં ખેદ થતો નથી અને ઘડો ફૂટે છે તો દુઃખ થાય છે એ દૃષ્ટાંતથી, દુક્ખકારણમવિક્ખા=દુઃખનું કારણ અપેક્ષા છે. ધમ્મી દરિદ્દગો ઇહ=ધર્મી આલોકમાં દરિદ્ર થાય છે=ધર્મ આલોકમાં ધનાદિમાં અપ્રવૃત્તિવાળો હોવાથી અલ્પ ઋદ્ધિવાળો થાય છે, અઓણ્ણહણ્ણોવિ પરલોએ=આનાથી અન્ય પણ પરલોકમાં=આનાથી અન્ય પણ ઐશ્વર્યવાળો એવો અધર્મી અનુપાર્જિત પુણ્ય હોવાને કારણે પરલોકમાં દરિદ્ર થાય છે.

માયાપિઉણા ભણિઓ=માતા-પિતા વડે કહેવાયું, ઇહ ધમ્મણ્ણૂ તુમં='તું ધર્મજ્ઞ છે', તહાવમ્હં ઠિઇમૂયત્તેહિં ઇહ દુખં કુણસિત્તિ=તોપણ અમને સ્થિતિ અને મૂક વડે દુઃખી કરે છે. સો આહ=તેણે કહ્યું.

આસાસમાઇદીવગજોગમ્મિ ગચ્છે=આશ્વાસાદિ યોગવાળા અને પ્રકાશદીપ યોગવાળા ગચ્છમાં, ગુરુયણ-સંવુડ્ઢિઢકારયં સગઈએ ગંતવ્વં=ગુરુજનની સંવૃદ્ધિને કરનાર સ્વગતિથી મારે જવું જોઈએ, અણ્ણહા ણ જુત્તં=અન્યથા જવું યુક્ત નથી.

બોલ્લેમિ ય જં ઉચિયં=અને જે ઉચિત છે તે મારે બોલવું જોઈએ. ઇહરા ઉ ણ જુત્તમેવ વોત્તું જે=ઈતરથા અનુચિત બોલવું યુક્ત નથી. જં=જે કારણથી, ઇહ=અહીં=સંસારમાં, એસ જીહા=આ જિલ્વા, ધમ્મેયરતરૂણં=ધર્મ અને ઈતર વૃક્ષ માટે=ધર્મવૃક્ષ અને અધર્મવૃક્ષ માટે, કુહાડી=કુહાડી સમાન છે.

एवं ति=આ પ્રમાણે, तेसिं बोहो=તેઓને બોધ થયો=માતા-પિતા વગેરને બોધ થયો. धम्मपरिच्छाए पायसो णवरं=ધર્મપરીક્ષામાં પ્રાયઃ કેવળ=કેવળ ધર્મપરીક્ષામાં પ્રકૃત હોતે છતે માતા-પિતા વડે પુછાયું. माइपिइपूयघायाणमित्थ किं जुत्तमच्चत्थं=માતા-પિતાનું પૂજન કે ઘાત અહીં શું કરવું ઉચિત છે ?

पायं पूजत्ति अण्णे आहु='પ્રાયઃ પૂજા યુક્ત છે એમ અન્યો કહે છે.' (અને હું કહું છું કે —) अणेगंत-वायओ तत्तं=અનેકાંતવાદ તત્ત્વ છે. जओ=જે કારણથી, एए=તેઓ=માતા-પિતા, ववहारणिच्छएहिं दुविहा णेया=વ્યવહારથી અને નિશ્ચયથી બે પ્રકારના જાણવા.

ववहारओ पसिद्धा=વ્યવહારથી પ્રસિદ્ધ=વ્યવહારનયથી પ્રસિદ્ધ માતા-પિતા છે. णिच्छएणेए तिण्हा माणो य=નિશ્ચયથી તૃષ્ણા અને માન=નિશ્ચયનયથી તૃષ્ણા અને માન માતા-પિતા છે. ता=તે કારણથી, आइमगाणं पूया इयरेसिं वहोत्ति जुत्तं=પ્રથમ માતા-પિતાની પૂજા અને ઈતરનો વધ યુક્ત છે.

बज्झेयरचिट्ठाणं='બાહ્ય-અભ્યંતર ચેષ્ટામાં, अण्णे का सोहणत्ति=અન્ય કઈ ચેષ્ટા શોભન છે' એ પ્રમાણે (માતા-પિતાએ પૂછ્યું) आहेसो=તેણે કહ્યું=રાજપુત્રએ કહ્યું — एयस्स भेयाओ=આના ભેદથી, अण्णयरावोहेणं उभयं=અન્યતરના અપોહથી ઉભય (શોભન છે)=બાહ્ય અને અભ્યંતર ચેષ્ટાના ભેદથી ઉચિત કાળે બાહ્ય શોભન છે — ઉચિત કાળે અભ્યંતર શોભન છે આથી અન્યતરના અપોહથી ઉભય શોભન છે.

णिओगओ=નિયોગથી=નિયમથી, अब्भिंतरा ण बज्झं वभिचरइ=અભ્યંતર ચેષ્ટા બાહ્ય ચેષ્ટાને વ્યભિચરતી નથી. बज्झेवं ण अब्भिंतरं=અને બાહ્ય ચેષ્ટા અભ્યંતર ચેષ્ટાને (વ્યભિચરતી) નથી. ति अण्णे=એ પ્રમાણે અન્યો કહે છે. एगच्चिय उभयरूवे सा=તે એક જ ચેષ્ટા ઉભય સ્વરૂપ છે.

एवं च=અને આ રીતે, मग्गलंभो=માર્ગનો લાભ=રાજપુત્રને માર્ગનો લાભ થયો. दुग्गइदुवारठयणी य=વળી દુર્ગતિદ્વારના સ્થગનરૂપ, सुगइसिवपसाहिया चेव=અને સુગતિ-શિવની પ્રસાધિકારૂપ, सुपसत्था पवज्जाराहणा=સુપ્રશસ્ત પ્રવ્રજ્યાની આરાધના પ્રાપ્ત થઈ. ॥૯૫૩થી ૯૭૦॥

ગાથાર્થ :-

સતતાભ્યાસનું ઉદાહરણ આજન્મ આસેવિત જાતિસ્મરણના હેતુ જેના વડે એવો કુરુચંદ્ર મરીને નરકમાં ઉત્પન્ન થયો.

માતા-પિતાની પ્રતિપત્તિ. ગ્લાનને ભેષજનું દાન આદિ=ગ્લાન એવા સાધુને અને શ્રાવકાદિને ઔષધનાં દાનાદિ. અહીં 'આદિ' પદથી શ્રેષ્ઠ સમાધિનાં કારણોનું ગ્રહણ છે. અને ચૈત્યનું નિર્મલ્યકરણ=ભગવાનની પ્રતિમાનું નિર્મલીકરણ જાતિસ્મરણના હેતુ છે.

નૃપપરિવારના ઉપલંભથી=નરકમાંથી નીકળ્યા પછી કુરુચંદ્ર રાજા ફરી રાજા થયો ત્યાં રાજાના પરિવારના ઉપલંભને કારણે, સ્મરણ=જાતિસ્મરણ થયું 'કેવી રીતે ફરી નરકમાં જાઉં' એ પ્રમાણે

ભય પામ્યો. એ પ્રમાણે વિચારીને સ્થિતિ અને મૂકત્વનું આસેવન=પ્રવૃત્તિ બંધ કરી અને મૌનપણાનું સેવન કર્યું. વૈદ્યો વડે નિર્દોષ જણાયો.

મંત્રીને નિવેદન. મંત્રીએ જાણ્યું. 'ધન્ય એવો કોઈક જીવ જાતિસ્મરણથી ઉદ્વિગ્ન વર્તે છે.' 'ભવસ્થિતિનું દર્શન અને કથન'=મંત્રીએ રાજાને કહ્યું કે 'ભવસ્થિતિનું દર્શન અને ઇતરનું કથન આને યોગ્ય વર્તે છે.' રાજાએ વિચાર્યું – 'આ મારા પુત્રને તત્ત્વનું જ્ઞાન ગુણકર થશે.' તેમાં યુક્ત=ભવસ્થિતિના દર્શનમાં તે રાજપુત્ર નિયુક્ત કરાયો.

ભૂષિત=અલંકૃત, યાપ્ય એવા યાનગત=સુખાસનમાં રહેલો, ઋદ્ધિથી નિઃસારિત=પ્રસાદથી બહાર લઈ જવાયો. વિભાગજ્ઞ=હેય-ઉપાદેયના વિભાગમાં કુશળ ત્યાં ગયે છતે, ભોગીમાં=ભોગભાજી કોઈ પુરુષને જોયે છતે, જાતક્ષણમાં=નવજાત પુત્રના જન્મનો ઉત્સવ જોયે છતે, મૃત્યુનું રુદન જોયે છતે અને દરિદ્ર એવા ભિક્ષાચરને જોયે છતે બોલે છે=પાર્શ્વવર્તી પુરુષો રાજપુત્રને પૂછે છે 'આનું તત્ત્વ શું છે ?'

તે રાજપુત્ર કહે છે – 'લાભકચિત્તવાળો=ધનધાન્યાદિને પામેલો દાતા, ભોગી=ભોગી થાય છે. વળી જન્મક્ષણ=પુત્રજન્મનો ઉત્સવ, સુવ્યાધિતુલ્ય છે=ખણજ જેવો છે. મરણમાં દુઃખની અપેક્ષા છે. અહીં શું છે ?=દરિદ્રના વિષયમાં શું છે ? પરલોકમાં જે દરિદ્ર છે એ જ દરિદ્ર છે.'

રાજાને નિવેદન=ચારેય અર્થોનો રાજપુત્રએ જે ઉત્તર આપ્યો તેનું રાજાને નિવેદન, દર્શન=પુત્રનું દર્શન, તોષ=રાજાને હર્ષ થયો. પ્રિયવચનપૂર્વક પ્રશ્નોની પૃચ્છા=પૂર્વમાં કરાયેલા પ્રશ્નોની રાજાએ પૃચ્છા કરી. નમન=પુત્ર વડે અર્થ કહેવાયે છતે રાજાને ધર્મને અભિમુખ પરિણામ થયો. અનુજ્ઞા=પિતાએ કહ્યું – 'તેં જે કહ્યું તે અમને અનુમત છે.' સંવેગસાધન 'ભાવસાર આ છે'=સંવેગવાળા થઈને રાજપુત્રએ કહ્યું 'આ ભાવસાર છે.'

ધર્મના કરણથી લાભથી ભોગી થાય છે=આલોકમાં અને પરલોકમાં જીવ ધનાદિના લાભથી ભોગી થાય છે. ઇતરથા તુચ્છ ભોગવાળા થાય છે=ધર્મના અકરણથી ભોગના તુચ્છ ફળવાળો થાય છે. રાજ્યફળ સુવ્યાધિ છે. વળી તેના સદૃશ આ છે=વ્યાધિનિર્વિશેષ રાજ્યઉત્સવ જેવો પુત્રઉત્સવ છે.

માળા અને આલુકાના ભોગાદિના દૃષ્ટાંતથી=માળા કરમાય છે છતાં ખેદ થતો નથી અને ઘડો ફૂટે છે તો દુઃખ થાય છે એ દૃષ્ટાંતથી, દુઃખનું કારણ અપેક્ષા છે. ધર્મી આલોકમાં દરિદ્ર થાય છે=ધર્મ આલોકમાં ધનાદિમાં અપ્રવૃત્તિવાળો હોવાથી અલ્પ ઋદ્ધિવાળો થાય છે. આનાથી અન્ય પણ પરલોકમાં=આનાથી અન્ય પણ ઐશ્વર્યવાળો એવો અધર્મી અનુપાર્જિત પુણ્ય હોવાને કારણે પરલોકમાં દરિદ્ર થાય છે.

માતા-પિતા વડે કહેવાયું 'તું ધર્મજ્ઞ છે' તોપણ અમને સ્થિતિ અને મૂક વડે દુઃખી કરે છે. તેણે કહ્યું.

આશ્વાસાદિ યોગવાળા અને પ્રકાશદીપ યોગવાળા ગચ્છમાં ગુરુજનની સંવૃદ્ધિને કરનાર સ્વગતિથી મારે જવું જોઈએ, અન્યથા જવું યુક્ત નથી.

અને જે ઉચિત છે તે મારે બોલવું જોઈએ. ઇતરથા અનુચિત બોલવું યુક્ત નથી. જે કારણથી અહીં=સંસારમાં, આ જિલ્વા ધર્મ અને ઇતર વૃક્ષ માટે=ધર્મવૃક્ષ અને અધર્મવૃક્ષ માટે, કુહાડી સમાન છે.

આ પ્રમાણે તેઓને બોધ થયો=માતા-પિતા વગેરને બોધ થયો. ધર્મપરીક્ષામાં પ્રાયઃ કેવળ=કેવળ ધર્મપરીક્ષામાં પ્રકૃત હોતે છતે માતા-પિતા વડે પુછાયું. માતા-પિતાનું પૂજન કે ઘાત અહીં શું કરવું ઉચિત છે ?

'પ્રાયઃ પૂજા યુક્ત છે એમ અન્યો કહે છે.' અને હું કહું છું કે – અનેકાંતવાદ તત્ત્વ છે. જે કારણથી તેઓ=માતા-પિતા, વ્યવહારથી અને નિશ્ચયથી બે પ્રકારના જાણવા.

વ્યવહારથી પ્રસિદ્ધ=વ્યવહારનયથી પ્રસિદ્ધ માતા-પિતા છે. નિશ્ચયથી તૃષ્ણા અને માન=નિશ્ચયનયથી તૃષ્ણા અને માન માતા-પિતા છે. તે કારણથી પ્રથમ માતા-પિતાની પૂજા અને ઇતરનો વધ યુક્ત છે.

'બાહ્ય-અભ્યંતર ચેષ્ટામાં અન્ય કઈ ચેષ્ટા શોભન છે' એ પ્રમાણે માતા-પિતાએ પૂછ્યું. તેણે કહ્યું=રાજપુત્રએ કહ્યું – આના ભેદથી અન્યતરના અપોહથી ઉભય શોભન છે=બાહ્ય અને અભ્યંતર ચેષ્ટાના ભેદથી ઉચિત કાળે બાહ્ય શોભન છે – ઉચિત કાળે અભ્યંતર શોભન છે આથી અન્યતરના અપોહથી ઉભય શોભન છે.

નિયોગથી=નિયમથી, અભ્યંતર ચેષ્ટા બાહ્ય ચેષ્ટાને વ્યભિચરતી નથી અને બાહ્ય ચેષ્ટા અભ્યંતર ચેષ્ટાને વ્યભિચરતી નથી. એ પ્રમાણે અન્યો કહે છે. તે એક જ ચેષ્ટા ઉભય સ્વરૂપ છે.

અને આ રીતે માર્ગનો લાભ=રાજપુત્રને માર્ગનો લાભ થયો. વળી દુર્ગતિદ્વારના સ્થગનરૂપ અને સુગતિ-શિવની પ્રસાધિકારૂપ સુપ્રશસ્ત પ્રવ્રજ્યાની આરાધના પ્રાપ્ત થઈ. ॥૯૫૩થી ૯૭૦॥

ટીકા :-

सततभ्यासाहरणं-आसेवितजातिस्मरणभवात् प्राक्तृतीयभवे आसेविता वक्ष्यमाणा जातिस्मरणहेतवो येनेति समासः । इति प्राग्वत् । कथमित्याह—आजन्म यावज्जीवं कुरुचन्द्रो नाम राजा गजपुरस्वामी मृत्वा 'नरके उत्पन्नः' इति वाक्यशेषो दृश्यः । ततो नरकादुद्वृत्तः सन्निति ।।९५३।।

जातिस्मरणहेतूनेव दर्शयति-मातापितृप्रतिपत्तिः, सा चैवं द्रष्टव्या—'पूजनं चास्य विज्ञेयं त्रिसन्ध्यं गमनक्रिया । तस्यानवसरेऽप्युच्चैश्चेतस्यारोपितस्य तु ।।१।। इत्यादि । तथा, ग्लानस्य रोगिणः साधुश्रावकादेः भैषज्यदानादीनि भैषज्यदानमौषधप्रदानमादिशब्दादंगप्रतिजागरणादीनि शेषाणि

समाधिकारणानि गृह्यन्ते । तथा, चितिनिर्मलकरणं देवताप्रतिमानैर्मल्यविधानं जातिस्मरणस्य हेतव इत्येते । अन्यत्र पुनरेवमुपलभ्यन्ते—'ब्रह्मचर्येण तपसा सद्वेदाध्ययनेन च । विद्यामन्त्रविशेषेण सत्तीर्थासेवनेन च ।।१।। पित्रोः सम्यगुपस्थानाद् ग्लानभैषज्यदानतः । देवादिशोधनाच्चैव भवेज्जातिस्मरो नरः ।।९५४।।

स च नरकादुद्धृत्तः सन् साकेतपुरे महामहीपतेर्महेन्द्रनाम्नः पत्न्या महिमानामिकायाः कुक्षौ समुद्रदेवाभिधानतया पुत्र उत्पन्नः । तत्र च यौवनस्थस्य तस्य नृपपरिवारोपलम्भाद् मंत्रिप्रभृतेर्नृप-परिवारस्य सामान्यतः प्राग्भवदृष्टस्योपलम्भादवलोकनात् स्मरणं प्राग्भवस्य जातम् । ततो भीतस्त्रस्तः संश्चिन्तयितुमारब्धः । कथं पुनरत्र नरके गन्तव्यमिति विचिन्त्य स्थितिमूकत्वासेवनं स्थितेरचलनस्य मूकत्वस्य च वाग्निरोधरूपस्यैव निषेवणं कृतम् । ततो जनकेन व्याधिनिग्रहार्थं चिकित्सोपक्रमे कृते ज्ञातो वैद्यैर्यथा निर्दोषो वातादिविकारशून्य एष इति ।।९५५।।

मन्त्रिनिवेदना राज्ञा कृता—यथाऽयं निर्दोषोऽपि किमित्येवमवतिष्ठते ? इति । ज्ञातं च मन्त्रिणा धन्यः स्मरणाज्जातिस्मरणत्वलक्षणात् कश्चिदेष जीवो भवादुद्विग्नो वर्त्तत इति । ततः 'भवठिइदंसण-कहणत्ति' भवस्थितेरृद्ध्यनुभवरूपाया इतरस्याश्च दर्शनमस्य योग्यं वर्त्तत इति कथनं निवेदनं मन्त्रिणा राज्ञे कृतम् । तत्त्वज्ञानं गुणसम्पादकं एतस्य मत्सुतस्य भविष्यतीति परिभाव्य राज्ञा तत्र भवस्थितिदर्शने युक्तो नियुक्तः सः ।।९५६।।

कथमित्याह—भूषितोऽलंकृतः सन् याप्ययानगतः सुखासनरूढः ऋद्ध्या विशिष्टपरिवारलक्षणया निःसारितः प्रासादात् । कीदृशः सन्नित्याह—विभागज्ञः हेयोपादेयपदार्थविशेषकुशलः । तत्र च निर्गते भोगिनि भोगभाजि क्वचित् पुरुषे दृष्टे, तथा जातक्षणे नवप्रसूतपुत्रोत्सवलक्षणे, तथा 'मयरुयणदरिद्दग भणीसु' इति मृतरोदने दरिद्रके च भिक्षाचरादौ दृष्टेऽभाणिषुर्भणितवन्तस्ते पार्श्ववर्त्तिनो जनाः, यथा—किमिह भोगित्वादौ तत्त्वमिति ।।९५७।।

स प्राह—लाभकचेतसो वृद्ध्यादिप्रयुक्तधनधान्याद्युपचयरूपस्य लाभकस्य चेतसः समयपरिभाषया दाता परिभुज्यमानस्त्र्यादिलोकोपभोगी भवति । मूलद्रव्यव्ययेन पुनर्यो भोगी स परमार्थतो भोग्येव (न भवति), निरनुबन्धत्वात्तद्भोगस्येति तावत् लोके नीतिः । आत्माभिप्रायेण तु भोगिनं 'धम्मकरणेण भोगी' इत्यादिना कथयिष्यति । जाते तु पुत्रादौ क्षणो वर्द्धापनकरूपः सुव्याधितुल्यः सुष्ठु-अतिशयेन व्याधिना कण्डूदर्द्रुप्रभृतिना सदृशः; यथा हि सरोगः कण्डूयमानो मूले किंचित् सुखकारणतया प्रतिभासमानोऽपि परिणामे महान्तमुपतापं दर्शयति, एवं पुत्रजन्मादौ क्षणो विधीयमानः प्रथमत आह्लादमुपनयन्नपि तन्मरणादौ सन्तापहेतुरेव स्यात् । यच्चैतद् मरणदुःखं रोदनक्रियाभिव्यंग्यं

तदपेक्षेति अपेक्षानिमित्तमित्यर्थः, स्वजनत्वेन ह्यपेक्षितो जनोऽबन्धुरपि म्रियमाणो दुःखमुत्पादयति, न तु बन्धुरपि परतया संकल्पितः । कुतोऽप्यपराधादिति । तथा, दरिद्रविषये किंचिदुच्यते । किं भवद्भिरिह दरिद्रो विवक्षितः, अथ परलोके दरिद्रः, इहपरलोकदरिद्रयोर्दूरं विसदृशत्वात् ।।९५८।।

यदा तेनैवं चतुर्णामर्थानां पृष्टानामुत्तराणि विहितानि तदा लोकेन राजनिवेदनं कृतम्, यथा—अयमित्थमित्थं च भाषितः । ततो राज्ञा स्वसमीपमानाय्य तस्य दर्शनमकारि तोषो हर्षश्च वृत्तः । ततो राज्ञा प्रियवचनप्रयोगपूर्वकं 'पुच्छ पसिणत्थे' इति प्राक्प्रदर्शितप्रश्नार्थस्य पृच्छा कृता । तेन च तदर्थे निवेदिते नमनं परिणामो धर्मगोचरो जनकस्य वृत्तः । ततोऽनुज्ञा—अस्माकमनुमतं यत् त्वया निवेद्यते इत्येवंलक्षणाऽनुमतिः पितुः सम्बन्धिनी यदा लब्धा, तदा संवेगसाधनं संवेगसारेण भूत्वा कथनं भावसारमिदं कृतम् ।।९५९।।

एतदेव दर्शयति—धर्मकरणेन शुद्धसुकृतापादनेन सर्वतो भोगी सर्वतोमुखप्रवृत्ताद्धनधान्यादेर्लाभादिहभवे परभवे च भोगवान् स्यात् । इतरथातु धर्मस्याकरणे पुनस्तुच्छभोगी, धर्मकरणमन्तरेण निरनुबन्धत्वेन भोगस्य तुच्छफलत्वात् । इतिः प्राग्वत् । तथा, राज्यफलस्तु व्याधिरिति राज्यस्येव फलमुपचाररूपं यस्य स तथा, तुः प्राग्वत् । सुव्याधिर्गंडुव्रणकुष्ठादिदारुणरोगः । य एव ह्युपचारोऽभिषेकपट्टबन्धवालव्यजनादौ राज्ये प्रवर्तते, स एव सुव्याधावपीति न कश्चिद् विशेषो व्याधिराज्ययोरिति कथं मतिमान् राज्याभिलाषी स्यात् ? तत्क्षणसदृशस्तु व्याधिर्निर्विशेषराज्योत्सवसदृशः पुनरेतेषु प्रत्यक्षतो दृश्यमानेषु पुत्रादिषु 'य उत्सवः' इति वाक्यशेषः । यथा राज्योत्सवो न परिणामसुन्दरः 'त्रय एते नरकं यान्ति राजा चित्रकरः कविः ।।' इत्यादि वचनात्, तथैतेऽपि पुत्रजन्माद्युत्सवाः प्रमोदहेतुत्वाद् भंगावसानत्वाच्च न परिणामसुन्दराः ।।९६०।।

मालालुकाल्पभोगादिज्ञाततो मालायाः पुष्पस्रजोऽल्पो भोगो बहुमूल्याया अपि, आलुकायाश्च वार्घटिकाया अल्पमूल्याया अपि बहुर्भोगः संभावितः । अतो मालालुकाल्पभोगाद्येव ज्ञातं दृष्टान्तस्तस्माद् दुःखकारणं वर्तते । अपेक्षा आलुकायाः स्थिरत्वसंभावनारूपा सतीति । यतः पठ्यते—'अनित्यताकृतबुद्धिर्म्लानमाल्यो न शोचते । नित्यताकृतबुद्धिस्तु भग्नभांडोऽपि शोचते ।।१।।' तथा, धर्मी धर्मवान् दरिद्रकः अल्पारम्भपरिग्रहतया निरारम्भपरिग्रहतया वा दरिद्रः स्यादिहलोके, स एवातो दरिद्रादन्यथा ईश्वरः परलोके स्यात्, प्राग्भवोपात्तपुण्यसंभारत्वात्तस्य । तथान्योऽपीह लोक ईश्वरः सोऽपि परलोकेऽन्यथा दरिद्र इत्यर्थः । आरंभपरिग्रहपरायणत्वेन प्राग्भवेऽनुपार्जितपुण्यत्वात् ।।९६१।।

एवं सर्वप्रश्नोत्तरविधायी स मातापितृभ्यां भणित इत्येवं वैराग्यभावनया धर्मज्ञो वर्त्तसे त्वम् ।

तथापि धर्मज्ञत्वेऽपि सत्यस्माकं स्थितिमूकत्वाभ्यामुक्तलक्षणाभ्यामिहावसरे दुःखं मनोऽसमाधान-लक्षणं करोषि ।

इत्येवमुक्तः स राजसूनुराह—अद्यापि गन्तव्यस्थानाभावान्न मया गतिः कृता, न पुनः कस्याश्चिद-शक्तेरिति ।।९६२।।

गन्तव्यस्थानमेव दर्शयति-गन्तव्यं मया स्वगत्या प्रव्रज्याप्रतिपत्तिरूपया गुरुजनस्य मातापितृ-लक्षणस्य धर्माचार्यस्य च संगतवृद्धिहेतुर्यथा भवत्येवं गच्छे गुरुपरिवाररूपे । कीदृश इत्याह—इह दीवगशब्दस्य संस्कारद्वयसहनाद् आश्वासद्वीपकयोगिनि, आदिशब्दात् प्रकाशदीपकयोगिनि च नान्यादृशे गच्छे युक्तं गमनमिति । इहाश्वासद्वीपोद्विविधः-द्रव्यतो भावतश्च । तत्र द्रव्यतो जलधिजलमध्ये तथाविधोच्चभूभागलक्षणः । सोऽपि स्पन्दनोऽस्पन्दनश्चेति द्विविध एव । तत्र स्पन्दनो यः कदाचिज्जलेन प्लाव्यते, इतरस्त्वस्पन्दन इति । एवं दीपकोऽपि प्रकाशरूपो द्विविध एव स्थिरोऽस्थिरश्च । तत्र स्थिरोऽत्र तारार्कचन्द्ररूपोऽस्थिरश्च तृणगोमयकाष्ठाग्निकणप्रदीपरूपः । भावाश्वासद्वीपोऽपि चारित्ररूपो द्विविध एव—स्पन्दनोऽस्पन्दनश्च । तत्र क्षायोपशमिकचारित्ररूपः स्पन्दनः, अतिचारजलेन प्लाव्यमान-त्वात्, क्षायिकचारित्ररूपस्त्वेतद्विलक्षण इति । भावप्रकाशदीपस्तु मतिज्ञानादिरूपः । तत्र स्थिरः केवलालोकरूपः, अस्थिरस्तु मत्यादिज्ञानचतुष्टयरूप इति । ततो यत्र गच्छे भावाश्वासद्वीपयोगो भावप्रकाशदीपयोगश्च समस्ति तत्र गच्छे मया गन्तव्यमिति भावः ।।९६३।।

तथा यद् मूकत्वविषये भवद्भिः पृष्टमासीत्तत्रेदमुत्तरं ब्रवीमि च भणाम्येव यदुचितं परिणतौ सुन्दरं स्यात्, इतरथा त्वनुचितं पुनर्न युक्तमेव वक्तुं मतिमतां 'जे' इति वचनालंकारे । अत्र हेतुः—यद्यस्मादिहलोके एषा कुठारी जिह्वा वर्त्तते । केषामित्याह—धर्मेतरतरूणां, धर्मः श्रुतचारित्ररूपः, इतरस्त्वधर्मस्तावेव तरवस्तेषाम् । तथाहि—असम्यक् प्रयुक्तैषा धर्मतरून्, सम्यक् प्रयुक्ताऽधर्म-तरूंश्छिनत्तीति ।।९६४।।

एवं यथैव भवानाह तथैव इत्येतदिति ब्रुवतां तेषां मातापितृप्रभृतीनां बोधो जातः । 'धम्मपरिच्छाए पायसो नवरं'त्ति नवरं केवलं धर्मपरीक्षायां प्रकृतायां सत्यामाभ्यां पृष्टः, यथा—प्रायशो बाहुल्यवृत्त्या मातापितृपूजाघातयोर्मध्येऽत्र जगति किं युक्तमुचितमत्यर्थं बाढमतिशयेनेत्यर्थः ।।९६५।।

एवमसौ ताभ्यां पृष्टः प्राह—पूजा युक्तेत्याहुः प्रायोऽन्य धार्मिकाः, अहं पुनर्ब्रवीमि—अनेकान्तवाद-तस्तत्त्वं-अनेकान्तवादेन पूजाघातयोस्तत्त्वं व्यवस्थापनीयम् । अत्र हेतुः—व्यवहारनिश्चयाभ्यां द्विविधावेतौ मातापितरौ यतो ज्ञेयौ वर्त्तेते इति ।।९६६।।

व्यवहारनयमतमाश्रित्याह—व्यवहारतो व्यवहाराभिप्रायेण प्रसिद्धौ जनप्रतीतौ मातापितरौ । तृष्णा लोभो मानश्चाहंकारो निश्चयेन निश्चयमतेनैतौ मातापितरौ भवतः, सर्वसंसारिणामेतयोरेव जन्मलाभ-हेतुत्वात् । एवं द्विविध्ये मातापित्रोः प्रतिपादिते यदुचितं तदाह—आदिमकयोर्मातापित्रोः पूजा त्रिसन्ध्यं प्रणामादिका, इतरयोर्निश्चयनयमतेन तयोर्वधो विनाश्यता । इतिः वाक्यपरिसमाप्तौ । तत्तस्माद्युक्तमनेकान्तवादस्तत्त्वमिति ।।९६७।।

बाह्येतरयोश्चेष्टयोर्बाह्यायाः प्रत्युपेक्षणादिरूपाया इतरस्याश्च ध्यानभावनारूपाया मध्ये का शोभना श्रेयसी चेष्टा वर्त्तते ? एवमुक्तो मातापितृभ्यां प्राहैष राजपुत्रः—अन्यतरापोहेनान्यतरस्या बाह्याया आभ्यन्तराया वा चेष्टाया अपोहेन प्राधान्यनिवारणा न, अप्राधान्यनिवारणा न, उभयं शोभनीया यत्र काले उत्कलितरूपतया विजृम्भते सैव तदा शोभनेत्यर्थः । लोकेऽपि बहुष्वपि मध्ये उत्कलितरूपस्यैव राजादिशब्दवाच्यत्वात् । कुत एतदेवमित्थमित्याह—भेदात्परस्परवैलक्षण्यादेतस्योभयस्य यतोऽनयोर्भेदः । ततोऽन्यतरापोहेनोभयमपि प्रशस्तमिति भावः ।।९६८।।

इत्थं व्यवहारनयमतमभिधाय निश्चयनयमतमाह—आभ्यन्तरा चेष्टा न नैवं बाह्यां चेष्टां व्यभिचरति, वृक्ष इव स्वच्छायां नियोगतो नियमेन, तथा न नैव बाह्यैवमनेन क्रमेणाभ्यन्तरां चेष्टां व्यभिचरति, वृक्ष इव मूलानि, इत्यस्माद्धेतोरन्ये निश्चयनयव्यवहारिणो ब्रुवते एकैकचेष्टा उभयरूपा बाह्याभ्यन्तररूपा एषा ।।९६९।।

तदनु यत्तस्य कुरुचन्द्रस्य सम्पन्नं तदाह—एवं चानेनैवंप्रकारेण मातापितृप्रतिपत्तिकरणलक्षणेन तस्य मार्गलाभः सम्पन्नः । प्रव्रज्याराधना च सर्वविरतिप्रतिपत्तिरूपा सुप्रशस्ता निरतिचारा । पुनः कीदृशीत्याह—दुर्गतिद्वारस्थगनी नरकादिदुष्टगतिप्रवेशनिरोधिनी, सुगतेः सुदेवत्वसुमानुषत्वरूपायाः शिवस्य च मोक्षरूपस्य प्रसाधिका चैव सम्पन्ना ।।९७०।।

समाप्तमिदं सततताभ्यासोदाहरणम् ।।

ભાવાર્થ :-

કુરુચંદ્ર રાજાએ સતતાભ્યાસસ્વરૂપ માતા-પિતાની સેવા આજન્મ કરી અને મરીને રાજાના આરંભ સમારંભને કારણે નરકમાં ગયો છતાં સતતાભ્યાસના સેવનને કારણે તે પ્રકારનાં જ્ઞાનાવરણીય આદિ કર્મો શિથિલ થવાથી બીજા ભવમાં ફરી રાજપુત્ર થાય છે ત્યારે તે રાજ્યની સામગ્રી વગેરે જોઈને જાતિસ્મરણ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે વર્તમાન ભવની સામગ્રી જાતિસ્મરણમાં નિમિત્ત હોવા છતાં તેવી રાજ્ય-સામગ્રી જોવા છતાં સામાન્યથી બધાને જાતિસ્મરણ થતું નથી પરંતુ ભદ્રક પ્રકૃતિવાળા કુરુચંદ્ર રાજાએ જે માતા-પિતાની સેવા કરી તેના કારણે બીજા ભવમાં રાજકુળમાં તેવી સામગ્રી જોવામાત્રથી જાતિસ્મરણ થાય છે અને જાતિસ્મરણના કારણો શું છે તે બતાવે છે –

માતા-પિતાની ઉચિત ભક્તિ જે સતતાભ્યાસરૂપ છે. વળી, ગ્લાન એવા સાધુ-શ્રાવકાદિને ઔષધનું દાન વગેરે પણ જાતિસ્મરણનું કારણ છે; કેમ કે જેમ માતા-પિતાની ઉચિત ભક્તિ સતતાભ્યાસ છે તેમ ભદ્રક પ્રકૃતિવાળા જીવો માટે ગ્લાનને ઔષધનું દાન પણ તેવી એક સુંદર ક્રિયા છે. વળી, ચૈત્યાલયને નિર્મળ કરવાની ક્રિયા પણ જાતિસ્મરણનું કારણ છે. તેથી જેઓ વર્તમાન ભવમાં ભદ્રક પ્રકૃતિથી આવી ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેઓને જન્માંતરમાં જાતિસ્મરણ થવાનો પ્રસંગ પ્રાપ્ત થઈ શકે છે.

વળી, કુરુચંદ્ર રાજાનો જીવ નરકમાંથી નીકળ્યા પછી જાતિસ્મરણ થવાને કારણે પૂર્વના નરકભવને જોઈને સંસાર પ્રત્યે અત્યંત સંવેગવાળો થાય છે તેથી ભોગાદિની લાલસા ક્ષીણ થાય છે, આત્મકલ્યાણને અનુકૂળ નિર્મળ મતિ થાય છે અને માર્ગાનુસારી બુદ્ધિને કારણે શું ઉચિત કરવું જોઈએ ઇત્યાદિનો સમ્યગ્ બોધ થાય છે તેથી સતતાભ્યાસના બળથી જાતિસ્મરણ થવાને કારણે તે મહાત્માને માર્ગની પ્રાપ્તિ થઈ, સુપ્રશસ્ત પ્રવ્રજ્યાની આરાધનાની પ્રાપ્તિ થઈ, દુર્ગતિની પ્રાપ્તિનું નિવારણ થયું અને સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ થઈ. તેથી ફલિત થાય છે કે સતતાભ્યાસ પણ યોગ્ય જીવોને ઉત્તમ પ્રકૃતિના નિર્માણનું કારણ હોવાથી ધર્મરૂપ જ છે તેથી વ્યવહારનયથી જેમ ઉચિત અન્ય અનુષ્ઠાનોની પ્રવૃત્તિથી સંસારનો ઉચ્છેદ થાય છે તેમ યોગ્ય જીવોને સતતાભ્યાસ પણ સંસારના નિવારણનું કારણ બને છે.

ફક્ત અહીં વિશેષ એ છે કે ગાઢ મિથ્યાત્વ દશામાં ચારિત્રની શ્રેષ્ઠ આરાધના ગ્રૈવેયકની પ્રાપ્તિનું કારણ થાય છે તોપણ અંતે દુર્ગતિની પરંપરાનું કારણ બને છે તેમ ગાઢ મિથ્યાત્વદશાવાળા જીવો ક્વચિદ્ સતતાભ્યાસ કરે તોપણ તે કલ્યાણનું કારણ બને નહીં પરંતુ જેઓનું મિથ્યાત્વ કાંઈક મંદ થયું છે, જેઓ તત્ત્વને કાંઈક અભિમુખ થયા છે છતાં કોઈ તત્ત્વની પ્રાપ્તિ થઈ નથી અને કુરુચંદ્રની જેમ જે સતતાભ્યાસને સેવે છે તેવા જીવો અન્ય આરંભ-સમારંભને કારણે કુરુચંદ્રની જેમ નરકમાં જઈ શકે છે તોપણ સતતાભ્યાસના બળથી જાતિસ્મરણને પ્રાપ્ત કરીને ઉત્તરોત્તરના ધર્મને પામીને કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે, માટે મિથ્યાત્વની મંદ અવસ્થામાં સેવાયેલ કે મિથ્યાત્વની અભાવ અવસ્થામાં સેવાયેલ અન્ય ધર્માનુષ્ઠાનો જેમ કલ્યાણનાં કારણ છે તેમ મિથ્યાત્વની મંદ અવસ્થામાં કે સમ્યક્ત્વવાળી અવસ્થામાં સેવાયેલ સતતાભ્યાસ પણ કલ્યાણની પરંપરાનું કારણ બને છે માટે વ્યવહારનય તેને ધર્મ સ્વીકારે છે.

ગાથા-૯૬૮માં માતા-પિતાએ રાજપુત્રને પ્રશ્ન કર્યો કે સંયમ સ્વીકાર્યા પછી સંયમની પ્રત્યુપ્રેક્ષણાદિરૂપ બાહ્ય ક્રિયા શોભન છે કે ધ્યાનભાવનારૂપ જીવની અભ્યંતર પરિણતિરૂપ અંતરંગ ક્રિયા શોભન છે ?

તેનો ઉત્તર આપતાં રાજપુત્ર કહે છે –

જીવ જ્યારે બાહ્ય પ્રત્યુપ્રેક્ષણાદિરૂપ ઉચિત ક્રિયાના બળથી સંયમની પરિણતિની વૃદ્ધિ કરવા સમર્થ છે અને ધ્યાનભાવનાથી તે પ્રકારની પરિણતિની વૃદ્ધિ થતી નથી કેવળ શબ્દથી જ વિચારણા થાય છે, તેવી અવસ્થામાં સાધુએ અપ્રમાદની વૃદ્ધિના કારણભૂત પ્રત્યુપ્રેક્ષણાદિરૂપ ઉચિત ક્રિયાઓ જ કરવી જોઈએ, જેના બળથી સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય છે અને જો તે વખતે સાધુ બાહ્ય ક્રિયાની ઉપેક્ષા કરે તો કઠોર હૈયું થવાથી ધ્યાનભાવના થવા છતાં પણ ચિત્તની શુદ્ધિ થતી નથી અને જ્યારે

સાધુ પ્રત્યુપ્રેક્ષણાદિ ઉચિત ક્રિયાઓ દ્વારા અત્યંત દયાળુ પરિણામવાળા થયા હોય ત્યારે તે સાધુ સિદ્ધ અવસ્થાનું ધ્યાન, પરમગુરુનું ધ્યાન કે અનિત્યાદિ ભાવનાઓમાં યત્ન કરે ત્યારે વિશેષ પ્રકારની પરિણતિ પ્રાપ્ત કરી શકે છે. તેથી તેવી ભૂમિકાવાળા સાધુએ ધ્યાનભાવનામાં યત્ન કરવો એ શોભન છે તેથી પોતાના ચિત્તની પરિણતિ ક્યા સંયોગમાં કેવી વર્તે છે તેનો નિપુણ ઊહાપોહ કરીને જે સાધુ બાહ્ય ક્રિયાને પ્રધાન કરે છે અને ઉચિત કાળે ધ્યાનભાવનારૂપ અભ્યંતર ક્રિયાને પ્રધાન કરે છે તે ઉભય ક્રિયા શોભન છે. **॥૯૫૩થી ૯૭૦॥**

॥ સતતાભ્યાસનું આ ઉદાહરણ સમાપ્ત થયું. ॥

અવતરણિકા :-

વિષયાભ્યાસ કઈ રીતે ધર્મનું કારણ છે તે બતાવવા અર્થે દૃષ્ટાંત કહે છે –

ગાથા :-

विसयब्भासाहरणं सुयओ इह सुहपरंपरं पत्तो ।
तित्थगरचूयमंजरिपूजाबीजेण सकलत्तो ।।९७१।।

અન્વયાર્થ :-

विसयब्भासाहरणं=વિષયાભ્યાસનું દૃષ્ટાંત છે. सुयओ=शुक=પોપટ, इह=अहीं=જગતમાં, तित्थगरचूय-मंजरिपूजाबीजेण=તીર્થંકરની ચ્યુતમંજરીના પૂજાના બીજથી, सकलत्तो=કલત્ર સહિત, सुहपरंपरं पत्तो=સુખની પરંપરાને પામ્યો=સ્ત્રી સહિત સુખની પરંપરાને પામ્યો. ॥૯૭૧॥

ગાથાર્થ :-

વિષયાભ્યાસનું દૃષ્ટાંત છે. શુક=પોપટ અહીં=જગતમાં તીર્થંકરની ચ્યુતમંજરીના પૂજાના બીજથી કલત્ર સહિત સુખની પરંપરાને પામ્યો=સ્ત્રી સહિત સુખની પરંપરાને પામ્યો. ॥૯૭૧॥

ટીકા :-

विषयाभ्यासाहरणं-शुकक: कीर इह जगति सुखपरम्परां कल्याणसन्ततिं प्राप्त: । कथमित्याह– तीर्थकरस्यार्हत: प्रतिमारूपस्य चूतमञ्जरीभि: सहकारपुष्पकलिकाभि: पूजाभ्यर्चनं सैव बीजं पुण्यानु-बन्धिपुण्यं तेन तीर्थकरचूतमञ्जरीपूजाबीजेन सकलत्र: सन्निति ।।९७१।।

ભાવાર્થ :-

ભગવાનની ભક્તિ કે સામાયિકઆદિ ઉચિત અનુષ્ઠાનની પ્રવૃત્તિ વિષયાભ્યાસરૂપ છે; કેમ કે મોક્ષને અનુકૂળ ઉચિત અનુષ્ઠાનોના અભ્યાસ સ્વરૂપ છે. આમ છતાં જે જીવોને ભગવાનની ભક્તિઆદિ કે સામાયિકાદિ અનુષ્ઠાન દ્વારા કઈ રીતે ભાવો કરવા જોઈએ તેનો કોઈ બોધ નથી, ફક્ત ભદ્રક પ્રકૃતિથી

ભગવાનની પૂજા કે સામાયિકાદિ અનુષ્ઠાનો કરે છે તેઓ તે અનુષ્ઠાન દ્વારા ભાવાભ્યાસ કરતા નથી તોપણ ધર્મના અનુષ્ઠાન કરવારૂપ વિષયાભ્યાસ કરે છે. જેમ ભગવાનની ભક્તિ કરતા જીવોને જોઈને કોઈક પોપટયુગલને પોતાને પણ ભગવાનની ભક્તિ કરવાનો પરિણામ થયો અને પ્રકૃતિથી ભદ્રક એવા તે પોપટ યુગલે આંબાના પુષ્પોની કલિકા દ્વારા ભગવાનની પ્રતિમાની પૂજા કરી જેનાથી પોપટના ભવમાંથી કાળ કરીને તે મનુષ્યભવને પામે છે જ્યાં ધર્મની પ્રાપ્તિ થવાથી કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. તેથી એ ફલિત થાય કે કોઈ વિશેષ બોધ વગરના પણ મંદ મિથ્યાત્વવાળા જીવોને ભદ્રક પ્રકૃતિને કારણે ભગવાનની પૂજાનો અધ્યવસાય થાય છે, તે અધ્યવસાયથી તેઓ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે જેથી સુંદર ભવની પ્રાપ્તિ કરીને ધર્મ પ્રત્યેના વલણવાળા થાય છે તેથી કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. માટે સાક્ષાદ્ મોક્ષને અનુકૂળ ભાવોનો અભ્યાસ જેમાં નથી તેવી ભગવાનની પૂજા કે સામાયિકઆદિ અનુષ્ઠાનો ભદ્રકભાવથી જેઓ કરે છે તેઓની વિષયાભ્યાસની તે ક્રિયા પણ ઉત્તમ ભવોની પ્રાપ્તિ દ્વારા કલ્યાણની પરંપરાનું કારણ બને છે માટે વ્યવહારનય તેને પણ ધર્મ સ્વીકારે છે.

ફક્ત ગાઢ મિથ્યાત્વ અવસ્થામાં ચારિત્રનું સેવન પણ નિષ્ફળ છે; કેમ કે તુચ્છ પુણ્ય બંધાવીને દુર્ગતિનું કારણ બને છે તેમ ગાઢ વિપર્યાસવાળી અવસ્થામાં વિષયાભ્યાસ પણ પરમાર્થથી વિષયાભ્યાસરૂપ બનતો નથી છતાં જેઓમાં તત્ત્વ પ્રત્યેનું વલણ થાય તેવી કાંઈક નિર્મળ પ્રકૃતિ પ્રગટ થઈ છે તેવા જીવો મુગ્ધતાથી પણ ભગવદ્ભક્તિ કે સામાયિકઆદિ ઉચિત અનુષ્ઠાનો સેવે તે સર્વ વિષયાભ્યાસરૂપ હોવાથી કલ્યાણની પરંપરાનું કારણ છે. **॥૯૭૧॥**

अवतरणिका :-

सुखपरम्पराप्राप्तिकारणमाह –

અવતરણિકાર્થ :-

સુખની પરંપરાની પ્રાપ્તિના કારણને કહે છે=વિષયાભ્યાસ સુખની પરંપરાની પ્રાપ્તિનું કઈ રીતે કારણ થાય છે તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

कुसलासयहेऊओ विसिट्ठसुहहेउओ य णियमेण ।
सुद्धं पुण्णफलं चिय जीवं पावा णियत्तेइ ।।९७२।।

અન્વયાર્થ :-

कुसलासयहेऊओ=કુશલાશયનો હેતુ હોવાથી, विसिट्ठसुहहेउओ य=અને વિશિષ્ટ સુખનો હેતુ હોવાથી, णियमेण सुद्धं पुण्णफलं चिय=નિશ્ચયથી શુદ્ધ પુણ્યફળ જ, जीवं पावा णियत्तेइ=જીવને પાપથી નિવર્તન પમાડે છે. ॥૯૭૨॥

ગાથાર્થ :-

કુશલાશયનો હેતુ હોવાથી અને વિશિષ્ટ સુખનો હેતુ હોવાથી નિશ્ચયથી શુદ્ધ પુણ્યફળ જ જીવને પાપથી નિવર્તન પમાડે છે. ॥૯૭૨॥

ટીકા :-

कुशलाशयहेतुतः हेतुशब्दस्य भावप्रधानत्वेन कुशलाशयहेतुत्वतः सुशीलत्वादिप्रशस्तपरिणामकारणत्वात्, विशिष्टसुखहेतुतश्च विशिष्टस्य परिणामसुन्दरस्य सुखस्यानुकूलविषयानुभवजन्यशर्मलक्षणस्य हेतुत्वाच्च नियमेन निश्चयेन शुद्धं सर्वकलंकविनिर्मुक्तं पुण्यफलमेव पुण्यानुबन्धिजन्यसर्वलक्षणोपेतकलत्रपुत्रादिलक्षणमेव वस्तु, जीवमात्मानं पापादनाचारासेवनारूपान्निवर्त्तयति । इदमुक्तं भवति—शुद्धपुत्रकलत्रादिलाभवतः पुरुषस्य सर्वक्रियासु तदधीनस्य स्वप्नेऽप्यनाचारसेवनं न संभवतीति ।।९७२।।

ભાવાર્થ :-

જેઓ વિષયાભ્યાસરૂપ ભગવદ્ભક્તિઆદિ સેવે છે તે વખતે ઓઘથી 'ઉત્તમ પુરુષની હું ભક્તિ કરું છું' એવા પ્રકારનો કુશળ આશય થાય છે તેથી વિષયાભ્યાસમાં વિશેષ વિવેક નહીં હોવા છતાં સામાન્યથી ઉત્તમ પુરુષોની ભક્તિનો કુશળ આશય વર્તે છે અને તે કુશળ આશયથી શ્રેષ્ઠ કોટિનું પુણ્ય બંધાય છે અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને જન્માંતરમાં પુણ્યાનુબંધી પુણ્યને કારણે તેવા જીવો સર્વ લક્ષણોથી યુક્ત સ્ત્રી-પુત્રાદિને પ્રાપ્ત કરે છે જેના કારણે જન્માંતરમાં પાપથી તે જીવો નિવર્તન પામે છે; કેમ કે ઉત્તમ ગુણવાળો પરિવાર પણ પાપની નિવૃત્તિમાં પ્રબળ કારણ બને છે. તેથી એ ફલિત થાય કે ભદ્રક પ્રકૃતિવાળા જીવો વિષયાભ્યાસ સેવીને કુશળ આશય કરે છે. તે કુશળ આશય વિશિષ્ટ સુખનો હેતુ બને તેવા શુદ્ધ પુણ્યને પ્રાપ્ત કરાવે છે જેના કારણે તે જીવોને જન્માંતરમાં ધર્મપરાયણ એવા યોગ્ય જીવો સાથે સંયોગ થાય છે અને તેવો યોગ્ય પરિવાર પ્રાપ્ત થવાથી પાપની પ્રવૃત્તિઓ પ્રાયઃ તે જીવો કરતા નથી પરંતુ ઉત્તરોત્તર ઉચિત પ્રવૃત્તિઓ કરીને સદ્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરે છે માટે વિષયાભ્યાસ પણ કલ્યાણની પરંપરાનું કારણ હોવાથી વ્યવહારનય તેને ધર્મરૂપે સ્વીકારે છે. **॥૯૭૨॥**

અવતરણિકા :-

अथ यज्जन्मानुभवनेन सुखपरम्परामसौ प्राप्तस्तन्निदर्शयन्नाह —

અવતરણિકાર્થ :-

હવે જે જન્મના અનુભવ દ્વારા સુખપરંપરાને આ=ગાથા-૯૭૧માં બતાવેલ પોપટ, પામ્યો તેને બતાવતાં કહે છે —

ગાથા :-

सुग णिहिकुंडल सोधम्म ललिय ईसाण देवसेणो य ।
बंभिंद पियंकरचक्कि सिज्झणा होइ विण्णेया ।।९७३।।

અન્વયાર્થ :-

સુગ=શુક=પહેલા ભવમાં પોપટ, णिहिकुंडल=પછી નિધિકુંડલ રાજપુત્ર, सोधम्म=પછી સૌધર્મદેવ, ललिय=પછી લલિતાંગ રાજપુત્ર, ईसाण=પછી ઈશાન દેવ, देवसेणो य=અને પછી દેવસેન (નામનો રાજપુત્ર તપસંયમના સેવનથી પછી), बंभिंद=બ્રહ્મદેવમાં ઇંદ્ર, पियंकरचक्कि=પ્રિયંકર નામનો ચક્રવર્તી (ત્યાં નિરતિચાર ચારિત્ર પાળીને), सिज्झणा होइ विण्णेया=સિદ્ધતાની પ્રાપ્તિ જાણવી. ।।૯૭૩।।

ગાથાર્થ :-

શુક=પહેલા ભવમાં પોપટ, પછી નિધિકુંડલ રાજપુત્ર, પછી સૌધર્મદેવ, પછી લલિતાંગ રાજપુત્ર, પછી ઈશાન દેવ અને પછી દેવસેન નામનો રાજપુત્ર, તપસંયમના સેવનથી પછી બ્રહ્મદેવમાં ઇંદ્ર, પ્રિયંકર નામનો ચક્રવર્તી, ત્યાં નિરતિચાર ચારિત્ર પાળીને સિદ્ધતાની પ્રાપ્તિ જાણવી. ।।૯૭૩।।

ટીકા :-

शुकः कीरः प्रथमभवे, द्वितीये निधिकुण्डलो नाम राजपुत्रो बभूव । तृतीयभवे सौधर्मदेवलोकं गतः । चतुर्थे 'ललिय'त्ति ललिताङ्गकनामा राजपुत्रोऽजनि । पञ्चमे त्वीशानदेवलोके देवत्वेनोत्पन्नः । ततोऽपि च्युत्वा देवसेनश्च देवसेननामा राजाङ्गजो जातः । ततो विशिष्टतपःसंयमसेवनेन ब्रह्म-लोके इन्द्रत्वेनोत्पन्नः । ततोऽपि च्युत्वा प्रियंकरनामा चक्री । ततो निरतीचारप्रव्रज्यापरिपालनेन सिद्धता भवति विज्ञेयेति ।।९७३।।

ભાવાર્થ :-

પોપટના ભવમાં મંદ બુદ્ધિથી ભગવાનની ભક્તિ કરીને પોપટનો જીવ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે, જે વિષયાભ્યાસનું ફળ છે અને તેના કારણે બીજા ભવમાં રાજપુત્ર થાય છે. ત્યાં સુંદર પરિવારાદિને કારણે અક્લેશવાળું જીવન જીવે છે અને ઉત્તરના ભવમાં દેવલોકની પ્રાપ્તિ થાય છે. આ રીતે અક્લેશવાળા જીવનની પરિણતિ ઉત્તર-ઉત્તરના ભવમાં અધિક-અધિક થાય છે જેથી ધર્મપરાયણ માનસ પ્રગટ થાય છે તેથી દેવસેન નામે રાજપુત્રના ભવમાં વિશિષ્ટ તપસંયમ સેવીને ઇન્દ્ર થાય છે. પછીના ભવમાં ચક્રવર્તી થાય છે. ત્યાં પણ ફરીથી સંયમ ગ્રહણ કરીને નિરતિચાર સંયમના પાલનના બળથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ રીતે વિષયાભ્યાસ પણ કેટલાક યોગ્ય જીવોને ઉત્તર ઉત્તરના પરિણામની શુદ્ધિ દ્વારા પરિમિત ભવોમાં મોક્ષની પ્રાપ્તિનું કારણ બને છે માટે વ્યવહારનય વિષયાભ્યાસને પણ ધર્મરૂપે સ્વીકારે છે. **॥૯૭૩॥**

અવતરણિકા :-

સામ્પ્રતં ભાર્યાયા ભવાનભિધિત્સુરાહ –

અવતરણિકાર્થ :-

હવે ભાર્યાના=પોપટની સ્ત્રીના, ભવોની પરંપરાને કહે છે –

ગાથા :-

सुविगा पुरंदरजसा उम्मायंती य चंदकंता य ।
मइसागरो य मंती पिओत्ति पुच्छा य संवेगो ।।९७४।।

અન્વયાર્થ :-

સુવિગા=શુકિકા=આદ્યભવમાં પોપટી, પુરંદરજસા=(પછી) પુરંદરયશા (નામની રાજપુત્રી થઈ. પછી સૌધર્મ દેવલોકમાં ગઈ.) ઉમ્માયંતી ય=પછી ઉન્માદંતી (નામની રાજપુત્રી થઈ. તપ કરીને પછી ઈશાન દેવલોકમાં ગઈ.) ચંદકંતા ય=પછી ચંદ્રકાંતા (નામની રાજપુત્રી થઈ. પછી દેવપણાને પામી.) મઇસાગરો ય મંતી=પછી મતિસાગર મંત્રી=શુકનો જીવ પ્રિયંકર ચક્રી થયો તેનો મતિસાગર નામનો મંત્રી આ શુકી થઈ. પિઓત્તિ પુચ્છા='પ્રિય' એ પ્રમાણે પૃચ્છા=પ્રિયંકર ચક્રીએ કેવલી ભગવંતને પૂછ્યું – 'આ મતિસાગર મંત્રી મને અત્યંત પ્રિય કેમ છે ?' સંવેગો ય=અને સંવેગ=કેવલીએ પૂર્વભવોનું કથન કર્યું તે સાંભળીને ચક્રી અને મંત્રી બંનેને સંવેગ થયો. ।।૯૭૪।।

ગાથાર્થ :-

શુકિકા=આદ્યભવમાં પોપટી, પછી પુરંદરયશા નામની રાજપુત્રી થઈ. પછી સૌધર્મ દેવલોકમાં ગઈ. પછી ઉન્માદંતી નામની રાજપુત્રી થઈ. તપ કરીને પછી ઈશાન દેવલોકમાં ગઈ. પછી ચંદ્રકાંતા નામની રાજપુત્રી થઈ. પછી દેવપણાને પામી. પછી મતિસાગર મંત્રી=શુકનો જીવ પ્રિયંકર ચક્રી થયો તેનો મતિસાગર નામનો મંત્રી આ શુકી થઈ. 'પ્રિય' એ પ્રમાણે પૃચ્છા=પ્રિયંકર ચક્રીએ કેવલી ભગવંતને પૂછ્યું – 'આ મતિસાગર મંત્રી મને અત્યંત પ્રિય કેમ છે ?' અને સંવેગ=કેવલીએ પૂર્વભવોનું કથન કર્યું તે સાંભળીને ચક્રી અને મંત્રી બંનેને સંવેગ થયો. ।।૯૭૪।।

ટીકા :-

सुकिका तावदासीद् आद्यभवे । ततः पुरन्दरयशोनाम्नी राजपुत्री बभूव । ततः सौधर्मं गता । ततश्च्युत्वोन्माद्यन्ती च नृपसुता जाता । ततस्तपः कृत्वेशानं देवलोकं गता । ततश्च्युत्वा (चन्द्रकान्ता नाम राजसुताऽजनि) मतिसागरमन्त्री प्रियंकर चक्रवर्त्तिनो बभूव । स च चक्रिणः प्रियो वल्लभोऽत्यर्थमिति कृत्वातिशयज्ञानिनः पृच्छायां कृतायां यथा भगवन्! केन कारणेनायमस्माकमतीवेष्ट इति । तेनापि पूर्वभवव्यतिकरे कथिते संवेगो जातो द्वयोरपीति ।।९७४।।

ભાવાર્થ :-

પ્રથમ ભવમાં શુક અને શુકી વિષયાભ્યાસના બળથી દરેક ભવોમાં ધર્મપરાયણ થાય છે અને પરસ્પર સંબંધવાળા થાય છે અને ઉત્તરોત્તરના સુંદર દેવભવને પામે છે. અંતે શુકનો જીવ પ્રિયંકર ચક્રવર્તી થાય છે અને શુકીનો જીવ મતિસાગર નામનો મંત્રી થાય છે અને દરેક ભવોની પ્રીતિને કારણે તેઓને પરસ્પર અત્યંત પ્રીતિ વર્તે છે. કેવલીને તે પ્રીતિનું કારણ પૂછવાથી તે બંનેને અત્યંત સંવેગ ઉત્પન્ન થાય છે તેથી સંયમ ગ્રહણ કરીને તે બન્ને જીવો મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે મિથ્યાત્વ મંદ થયેલું હોય તે વખતે વિષયાભ્યાસની ક્રિયાથી શ્રેષ્ઠ પુણ્ય બંધાય છે અને તેના બળથી દરેક ભવોમાં અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થાય છે અને વિશેષ વિશેષ પ્રકારના ધર્મને અનુકૂળ ઉત્તમ ચિત્તની પ્રાપ્તિ થાય છે જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષનું કારણ બને છે. તેથી જે જીવો વિષયાભ્યાસ માત્રમાં પ્રવૃત્ત છે અને વિશિષ્ટ કોઈ પાપકર્મ પૂર્વમાં બાંધ્યું નથી કે જેથી દૃઢ વિપર્યાસ થાય તેવા જીવો વિષયાભ્યાસના બળથી પરિમિત ભવોમાં મોક્ષમાં જાય છે અને જેઓ વિષયાભ્યાસ કરવા છતાં દૃઢ વિપર્યાસનાં આપાદક કોઈ ક્લિષ્ટ કર્મો પૂર્વમાં બાંધ્યાં હોય અથવા કોઈ એવા નિમિત્તને પામીને દૃઢ વિપર્યાસવાળા થાય તો દીર્ઘ સંસારને પણ પ્રાપ્ત કરે છે છતાં જેઓને તે વિઘ્નઆપાદક કર્મ નથી તેઓ પ્રસ્તુત શુક-શુકીની જેમ અલ્પ ભવમાં સંસારનો અંત કરે છે. માટે વ્યવહારનય વિષયાભ્યાસને ધર્મ કહે છે. **॥૯૭૪॥**

અવતરણિકા :-

અથૈતદ્વક્તવ્યતાં વિસ્તરેણ બિભણિષુઃ સુયમરણેત્યાદિગાથાચતુર્દશક(ત્રયોદશક)માહ –

અવતરણિકાર્થ :-

હવે આ વક્તવ્યતાને=શુક અને શુકીના ભવની પરંપરાની વક્તવ્યતાને, વિસ્તારથી કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી 'શુકમરણ' ઇત્યાદિ તેર ગાથાને કહે છે –

ગાથા :-

सुग मरण रायपत्तीकुंडलसुविण तह जम्मनाल णिही ।
णिहिकुंडल नाम कला जोव्वण इत्थीसु णो राओ ।।९७५।।
इय सुविगाएवि अण्णत्थ रायधूयाइ णवर पुरिसम्मि ।
गुरुजणचिंता मंतीणाणे उट्ठी य णामाई ।।९७६।।
इयरस्सवि सुविणम्मी तीए रागो मिहोत्ति चित्तम्मि ।
दंसण णाणे वरणं लाभो गमणस्स हरणंति ।।९७७।।
मंतट्ठिहरिय घायत्थमंडले तीए पासणं मोक्खो ।
गमण विवाहो भोगा पिइवह चिइ तित्थगर दिक्खा ।।९७८।।

सोहम्म भोग चवणं णिवसुय ललियंग कलगह वउत्ति ।
इयरी णरिंदधूया सयंवरागमण बहुगाण ।।९७९।।
चउकलपुच्छा जोइसविमाणधणुगारुडेसु य विसेसो ।
धणु ललियंगे रागो मयणुट्ठाणा ओहरणं च ।।९८०।।
जाणण विज्जेस विमाणघडण जेऊणमागमेऽहि जिया ।
पिइचिंता सासण जलणकरण जम्मंतरविभासा ।।९८१।।
ललियंगब्भुवगम जलण भंस ऊढत्ति तोस पण्णवणा ।
भोगा सरदब्भुवलंभ चिंत तित्थगरदिक्खा य ।।९८२।।
ईसाणजम्म भोगा चवणं रायसुय कल वयवं ।
एसा उम्मायंती राओ सवणाइणा तत्थ ।।९८३।।
विज्जाहरखिंसा माणुसोत्ति अणियत्तणे असमगो य ।
पडिछंदयचंडाली राय णिवणाए वीवाहो ।।९८४।।
भोगो विज्जाहरसाहणेहिं णो एक्कसे मिलाणाई ।
सहिहासा संवेगो अरहागमणं च णिक्खमणं ।।९८५।।
बब्बिंद भोग चवणं रायसुय पियंकरोत्ति चक्कित्तं ।
एयस्सा मंतित्तं अइसयपीईए चिंतत्ति ।।९८६।।
अरिहागमम्मि पुच्छा सिट्ठे संवेग चरणपव्वज्जा ।
चित्ताभिग्गहपालण सेढी णाणं च सिद्धी य ।।९८७।।

अन्वयार्थ :-

सुग=शुक=કોઈક ચ્યુતમંજરીથી જિનપ્રતિમાની પૂજા કરનારો પોપટ હતો. मरण=પોપટનું મરણ થયું. रायपत्तीकुंडलसुविण=(તે મરીને) રાજપત્નીથી કુંડલ સ્વપ્નથી સૂચિત પુત્ર થયો, तह जम्मनाल णिही=અને તેની જન્મનાલ દાટવા જતાં નિધિ ઉત્પન્ન થયો. णिहिकुंडल नाम=તેનું નામ નિધિકુંડલ રાખ્યું. कला=કળા ગ્રહણ કરાઈ. जोव्वण=યૌવનની પ્રાપ્તિ થઈ. इत्थीसु णो राओ=સ્ત્રીઓમાં રાગ થયો નહીં.

इय सुविगाएवि अण्णत्थ रायधूयाइ=એ રીતે શુકિકા પણ અન્યત્ર રાજપુત્રી થઈ. णवर पुरिसम्मि=કેવળ નિધિકુંડલને છોડીને કોઈ પુરુષમાં (રાગ ન થયો.) गुरुजणचिंता=ગુરુજનને ચિંતા, मंतीणाणे=મંત્રીને જ્ઞાન થયે છતે, उट्ठी=चरिकारूप ઊંટડીઓ મોકલાવાઈ. णामाई य=અને नामादि=રાજપુત્રીને રાજપુત્રોનાં નામ-સ્થાપના આદિરૂપ લક્ષણો બતાવાયાં.

इयरस्सवि=ઈતરને પણ=નિધિકુંડલને પણ, सुविणम्मी तीए रागो=સ્વપ્નમાં તે રાજપુત્રીના દર્શનથી તેણી પ્રત્યે રાગ થયો. मिहोत्ति=આ રીતે પરસ્પર રાગ થયો. चित्तम्मि दंसण णाणे=ચિત્રમાં દર્શનથી જ્ઞાન થયે છતે, वरणं=કન્યાનું વરણ, लाभो=કન્યાનો લાભ, गमणस्स हरणंति=ગમનમાં હરણ=વિવાહ માટે ગમન કરતા એવા નિધિકુંડલનું અટવી મધ્યે અશ્વ દ્વારા હરણ.

मंतट्ठिहरिय घायत्थमंडले=મંત્રાર્થી વડે હરણ કરાયેલીને ઘાત અર્થે મંડલમાં=મંત્રાર્થી એવા કાપાલિક વડે હરણ કરાયેલી પુરંદરયશા નામની રાજપુત્રીને ઘાત અર્થે મંડલમાં રખાઈ. तीए पासणं=તેણીને જોઈ=નિધિકુંડલ દ્વારા તેણીનું દર્શન, मोक्खो=મોક્ષ=નિધિકુંડલ દ્વારા કાપાલિકનો પરાભવ કરીને રાજપુત્રીને છોડાવી, गमण=નગરમાં ગમન, विवाहो=બંનેનો વિવાહ કરાયો. भोगा=ભોગો (ભોગવવા લાગ્યા.) पिइवह=(क्वचिद्) પિતાનો વધ થયો (નિધિકુંડલ રાજા બન્યો.) चिइ=ચૈત્યનું નિર્માણ, तित्थगर दिक्खा=તીર્થંકર પાસે દીક્ષા લીધી.

सोहम्म=સૌધર્મ=પછી સૌધર્મ દેવલોકમાં દેવ થયા. भोग=ભોગ, चवणं=च्यवन, ललियंग णिवसुय=લલિતાંગ નામે રાજપુત્ર થયો. कलगह=કલાગ્રહણ, वउत्ति=વય થઈ. इयरी णरिंदधूया=ઈતર પણ રાજાની પુત્રી થઈ=પુરંદરયશાનો જીવ ઉન્માદંતી નામે રાજપુત્રી થઈ. सयंवरागमण बहुगाण=સ્વયંવરમાં ઘણા રાજપુત્રોનું આગમન.

जोइसविमाणधणुगारुडेसु=જ્યોતિષવિદ્યા, વિમાનવિદ્યા, ધનુર્વિદ્યા અને ગારુડીવિદ્યામાં, चउकलपुच्छा=ચાર કળાની પૃચ્છા=રાજપુત્રી દ્વારા સ્વયંવરમાં આવેલા રાજપુત્રોને ચાર કળા વિશે પૃચ્છા કરી. विसेसो य=અને 'વિશેષ'=રાજપુત્રીએ કહ્યું – 'જેને વિશેષ બોધ છે તે મને પરણે', धणु ललियंगे रागो=ધનુર્વિદ્યામાં લલિતાંગને (વિશેષ બોધ હોતે છતે રાજપુત્રીને તેનામાં) રાગ થયો. मयणुट्ठाणा=મદનના ઉત્થાનને કારણે=કામનો અતિશય થવાને કારણે, ओहरणं च=(કોઈ વિદ્યાધર વડે તે રાજપુત્રીનું) અપહરણ કરાયું.

जाणण विज्जेस=વિદ્યાવાળાને જ્ઞાન=જ્યોતિષવિદ્યાવાળાને જ્ઞાન થયું કે રાજપુત્રી અમુક ઠેકાણે જીવે છે. विमाणघडण=વિમાનનું ઘડણ=વિમાનવિદ્યાવાળા રાજા વડે વિમાન બનાવાયું. जेऊणं=જીતીને=લલિતાંગકુમાર વડે ધનુર્વિદ્યાથી જીતીને, आगमेऽहि=આગમનમાં साप=આગમન સમયે સાપ વડે રાજપુત્રી ડસાઈ. जिया=जीवाडाई=ગારુડીવિદ્યાવાળા રાજા વડે જીવિત કરાઈ, पिइचिंता=પિતાને ચિંતા=પિતાને ચિંતા થઈ કે રાજપુત્રી કોને પરણાવવી ?, सासण=આશ્વાસન=રાજપુત્રીએ પિતાને આશ્વાસન આપ્યું. जलणकरण जम्मंतरविभासा='અગ્નિમાં પ્રવેશે તેની સાથે જન્માંતરમાં પરણીશ.'

ललियंगब्भुवगम=લલિતાંગનો અભ્યુપગમ, जलण भंस=જ્વલનનો ભ્રંશ કરીને, ऊढत्ति=પરણ્યો=પૂર્વે ખોદેલી સુરંગ વડે નીકળીને રાજપુત્રીને તે પરણ્યો. तोस=તોષ=રાજાને સંતોષ થયો. पण्णवणा=પ્રજ્ઞાપના= અન્ય રાજાઓને પ્રજ્ઞાપના કરાઈ. भोगा=ભોગ=લલિતાંગને ભોગ થયો सरदब्भुवलंभ=(ક્યારેક) શરદનાં વાદળોનો ઉપલંભ થયો. चिंत=ચિંતા=તેના વિષયમાં વિચારણા કરાઈ. तित्थगरदिक्खा य= અને તીર્થંકર પાસે બંનેએ દીક્ષા લીધી.

ईसाणजम्म=ઈશાન દેવલોકમાં જન્મ, भोगा=ભોગો, चवणं=ચ્યવન, रायसुय=દેવસેન નામે રાજપુત્ર થયો. कल=કલાગ્રહણ, वयवं=વયવાન થયો. एसा उम्मायंती=આ ઉન્માદંતી=ઉન્માદંતી રાજપુત્રીનો જીવ ચંદ્રકાંતા નામે વિદ્યાધરપુત્રી થઈ. तत्थ=ત્યાં=રાજપુત્ર દેવસેનમાં, सवणाइणा=શ્રવણાદિથી=તેના ગુણના શ્રવણાદિથી, राओ=રાગ થયો=વિદ્યાધરપુત્રીને રાગ થયો.

अणियत्तणे=અનિવર્તનમાં=વિદ્યાધરપુત્રીનો દેવસેનમાં રાગ અનિવર્તન થયે છતે, माणुसोत्ति असमगो य विज्जाहरखिंसा='આ માણસ છે અને અસમાન છે' એ પ્રમાણે વિદ્યાધરો વડે નિંદા કરાઈ. पडिछंदय-चंडाली=પ્રતિછંદમાં ચંડાલી=ચિત્રમાં 'ચંડાલી' એ પ્રમાણે નામ કરીને તેનું રૂપ બતાવ્યું છતાં, राय णिवणाए='રાગ છે' એ પ્રમાણે રાજાને જ્ઞાન થયે છતે, वीवाहो=વિવાહ=રાજાએ દેવસેનનો વિદ્યાધરપુત્રી સાથે વિવાહ કર્યો.

विज्जाहरसाहणेहिं भोगो=વિદ્યાધરનાં સાધનો વડે ભોગો પ્રાપ્ત થયા. एक्कसे णो=એક વખત ન મળ્યાં=એકવાર ઉત્તમ પુષ્પો ન મળ્યાં. मिलाणाई=મ્લાનાદિ પુષ્પો મળ્યાં. सहिहासा=સખી વડે હાસ્ય કરાયું. संवेगो=દેવસેનને સંવેગ થયો. अरहागमणं च णिक्खमणं=અરિહંતનું આગમન અને દીક્ષા લીધી.

बब्भिंद=બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયા. भोग=ભોગો, चवणं=ચ્યવન, रायसुय=રાજપુત્ર, पियंकरोत्ति चक्कित्तं=પ્રિયંકર નામે ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું. एयस्सा मंतित्तं=આને મંત્રીપણું=રાજપુત્રીનો જીવ મંત્રી થયો. अइसयपीईए=અતિશય પ્રીતિથી, चिंतत्ति=ચિંતા=કારણની વિચારણા.

अरिहागमम्मि पुच्छा=અરિહંતના આગમમાં પૃચ્છા=અરિહંત પરમાત્માનું આગમન થયે છતે અતિશય પ્રીતિનું કારણ પૂછ્યું. सिट्ठे=(ભગવાન વડે) કહેવાયે છતે, संवेग=બંનેને સંવેગ થયો. चरणपव्वज्जा=ચરણના સ્વીકારરૂપ પ્રવ્રજ્યા. चित्ताभिग्गहपालण=ચિત્ર અભિગ્રહનું પાલન, सेढी=શ્રેણી=ક્ષપક શ્રેણીની પ્રાપ્તિ, णाणं च=અને જ્ઞાન=અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. सिद्धी य=અને સિદ્ધિની પ્રાપ્તિ. ॥૯૭૫થી ૯૮૭॥

ગાથાર્થ :-

શુક=કોઈક ચ્યુતમંજરીથી જિનપ્રતિમાની પૂજા કરનારો પોપટ હતો. પોપટનું મરણ થયું. તે મરીને રાજપત્નીથી કુંડલ સ્વપ્નથી સૂચિત પુત્ર થયો અને તેની જન્મનાલ દાટવા જતાં નિધિ ઉત્પન્ન થયો. તેનું નામ નિધિકુંડલ રાખ્યું. કળા ગ્રહણ કરાઈ. યૌવનની પ્રાપ્તિ થઈ. સ્ત્રીઓમાં રાગ થયો નહીં.

એ રીતે શુકિકા પણ અન્યત્ર રાજપુત્રી થઈ. કેવળ નિધિકુંડલને છોડીને કોઈ પુરુષમાં રાગ ન થયો. ગુરુજનને ચિંતા. મંત્રીને જ્ઞાન થયે છતે ચરિકારૂપ ઊંટડીઓ મોકલાવાઈ અને નામાદિ= રાજપુત્રીને રાજપુત્રોનાં નામ-સ્થાપના આદિરૂપ લક્ષણો બતાવાયાં.

ઈતરને પણ=નિધિકુંડલને પણ, સ્વપ્નમાં તે રાજપુત્રીના દર્શનથી તેણી પ્રત્યે રાગ થયો. આ રીતે પરસ્પર રાગ થયો. ચિત્રમાં દર્શનથી જ્ઞાન થયે છતે કન્યાનું વરણ, કન્યાનો લાભ. ગમનમાં હરણ=વિવાહ માટે ગમન કરતા એવા નિધિકુંડલનું અટવી મધ્યે અશ્વ દ્વારા હરણ.

મંત્રાર્થી વડે હરણ કરાયેલીને ઘાત અર્થે મંડલમાં=મંત્રાર્થી એવા કાપાલિક વડે હરણ કરાયેલી પુરંદરયશા નામની રાજપુત્રીને ઘાત અર્થે મંડલમાં રખાઈ. તેણીને જોઈ=નિધિકુંડલ દ્વારા તેણીનું દર્શન. મોક્ષ=નિધિકુંડલ દ્વારા કાપાલિકનો પરાભવ કરીને રાજપુત્રીને છોડાવી. નગરમાં ગમન. બંનેનો વિવાહ કરાયો. ભોગો ભોગવવા લાગ્યા. ક્વચિદ્ પિતાનો વધ થયો. નિધિકુંડલ રાજા બન્યો. ચૈત્યનું નિર્માણ. તીર્થંકર પાસે દીક્ષા લીધી.

સૌધર્મ=પછી સૌધર્મ દેવલોકમાં દેવ થયા. ભોગ. ચ્યવન. લલિતાંગ નામે રાજપુત્ર થયો. કલાગ્રહણ. વય થઈ. ઈતર પણ રાજાની પુત્રી થઈ=પુરંદરયશાનો જીવ ઉન્માદંતી નામે રાજપુત્રી થઈ. સ્વયંવરમાં ઘણા રાજપુત્રોનું આગમન.

જ્યોતિષવિદ્યા, વિમાનવિદ્યા, ધનુર્વિદ્યા અને ગારુડીવિદ્યામાં ચાર કળાની પૃચ્છા=રાજપુત્રી દ્વારા સ્વયંવરમાં આવેલા રાજપુત્રોને ચાર કળા વિશે પૃચ્છા કરી અને 'વિશેષ'=રાજપુત્રીએ કહ્યું – 'જેને વિશેષ બોધ છે તે મને પરણે', ધનુર્વિદ્યામાં લલિતાંગને વિશેષ બોધ હોતે છતે રાજપુત્રીને તેનામાં રાગ થયો. મદનના ઉત્થાનને કારણે=કામનો અતિશય થવાને કારણે કોઈ વિદ્યાધર વડે તે રાજપુત્રીનું અપહરણ કરાયું.

વિદ્યાવાળાને જ્ઞાન=જ્યોતિષવિદ્યાવાળાને જ્ઞાન થયું કે રાજપુત્રી અમુક ઠેકાણે જીવે છે. વિમાનનું ઘડણ=વિમાનવિદ્યાવાળા રાજા વડે વિમાન બનાવાયું. જીતીને=લલિતાંગકુમાર વડે ધનુર્વિદ્યાથી જીતીને, આગમનમાં સાપ=આગમન સમયે સાપ વડે રાજપુત્રી ડસાઈ. જીવાડાઈ=ગારુડીવિદ્યાવાળા રાજા વડે જીવિત કરાઈ. પિતાને ચિંતા=પિતાને ચિંતા થઈ કે રાજપુત્રી કોને પરણાવવી ? આશ્વાસન=રાજપુત્રીએ પિતાને આશ્વાસન આપ્યું. 'અગ્નિમાં પ્રવેશે તેની સાથે જન્માંતરમાં પરણીશ.'

લલિતાંગનો અભ્યુપગમ. જ્વલનનો ભ્રંશ કરીને પરણ્યો=પૂર્વે ખોદેલી સુરંગ વડે નીકળીને રાજપુત્રીને તે પરણ્યો. તોષ=રાજાને સંતોષ થયો. પ્રજ્ઞાપના=અન્ય રાજાઓને પ્રજ્ઞાપના કરાઈ. ભોગ=લલિતાંગને ભોગ થયો ક્યારેક શરદનાં વાદળોનો ઉપલંભ થયો. ચિંતા=તેના વિષયમાં વિચારણા કરાઈ અને તીર્થંકર પાસે બંનેએ દીક્ષા લીધી.

ઈશાન દેવલોકમાં જન્મ. ભોગો. ચ્યવન. દેવસેન નામે રાજપુત્ર થયો. કલાગ્રહણ. વયવાન

થયો. આ ઉન્માધંતી=ઉન્માધંતી રાજપુત્રીનો જીવ ચંદ્રકાંતા નામે વિધાધરપુત્રી થઈ. ત્યાં=રાજપુત્ર દેવસેનમાં, શ્રવણાદિથી=તેના ગુણના શ્રવણાદિથી, રાગ થયો=વિધાધરપુત્રીને રાગ થયો.

અનિવર્તનમાં=વિધાધરપુત્રીનો દેવસેનમાં રાગ અનિવર્તન થયે છતે, 'આ માણસ છે અને અસમાન છે' એ પ્રમાણે વિધાધરો વડે નિંદા કરાઈ. પ્રતિછંદમાં ચંડાલી=ચિત્રમાં 'ચંડાલી' એ પ્રમાણે નામ કરીને તેનું રૂપ બતાવ્યું છતાં, 'રાગ છે' એ પ્રમાણે રાજાને જ્ઞાન થયે છતે, વિવાહ= રાજાએ દેવસેનનો વિધાધરપુત્રી સાથે વિવાહ કર્યો.

વિધાધરનાં સાધનો વડે ભોગો પ્રાપ્ત થયા. એક વખત ન મળ્યાં=એકવાર ઉત્તમ પુષ્પો ન મળ્યાં. મ્લાનાદિ પુષ્પો મળ્યાં. સખી વડે હાસ્ય કરાયું. દેવસેનને સંવેગ થયો. અરિહંતનું આગમન અને દીક્ષા લીધી.

બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયા. ભોગો. ચ્યવન. રાજપુત્ર. પ્રિયંકર નામે ચક્રવર્તીપણું પ્રાપ્ત થયું. આને મંત્રીપણું=રાજપુત્રીનો જીવ મંત્રી થયો. અતિશય પ્રીતિથી ચિંતા=કારણની વિચારણા.

અરિહંતના આગમમાં પૃચ્છા=અરિહંત પરમાત્માનું આગમન થયે છતે અતિશય પ્રીતિનું કારણ પૂછ્યું. ભગવાન વડે કહેવાયે છતે બંનેને સંવેગ થયો. ચરણના સ્વીકારરૂપ પ્રવ્રજ્યા. ચિત્ર અભિગ્રહનું પાલન શ્રેણી=ક્ષપક શ્રેણીની પ્રાપ્તિ, અને જ્ઞાન=અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને સિદ્ધિની પ્રાપ્તિ. ॥૯૭૫થી ૯૮૭॥

ટીકા :-

आसि महावणनामं महावणं नंदणंव अइरम्मं । सव्वोउयतरुगणकुसुमसोरभाऊरियदिसोहं ।।१।। कुसुमासवपाणसमत्तमहुयरारावजणियसंतोसं । लीलाललंतमयगलकुलगलगज्जियरवमणोज्जं ।।२।। तत्थत्थि थोरथंभं थंभट्ठिय सालभंजियभिरामं । रामायणंव लक्खणकलियं चलियामलपडागं ।।३।। तुहिणगिरिसिहरतुंगं फालियमणिमयविसालसालजुयं । किन्नरगणवच्चारद्धगेयरवबहिरियदियंतं ।।४।। अइकंताए सिरिरिसहनाहपडिमाए मज्झकयसोहं । साहासंभारविरायमाणवणसंडपरिक्खित्तं ।।५।। एगं जिणिंदभवणं जणणयणमणोहरं सुहच्छायं । जयलच्छिकुलहरं पिवहरहासपयासकंतिभरं ।।६।। तम्मेव उ वणमज्झे समत्थि एगो सुओ तह सुई य । माणुसभासाणि दुवेवि ताणि अइनिबिडनेहाणि ।।७।। सच्छंदचराणि कयाइ ताणि तीए जिणिंदपडिमाए । पासे पत्ताणि भणंति पेच्छिउं सहरिसमणाणि ।।८।। अव्वो! अपुव्वमेयं रूवं नयणामयं तओ निच्चं । जुज्जइ पेच्छिउमम्हाणमन्नवावारविमुहाणं ।।९।। एवं पायं परिगलियमोहमालिन्नयाण जा जंति । दिवसाणि ताव पत्तो वसंतमासो रइनिवासो ।।१०।। समकालं तत्थ तरू सव्वेवि हु कुसुमभारसंच्छन्ना । जाया अईवसुंदेरविजियसुरकाणणाभोया ।।११।। तो ताहिं चंचुपुडएहिं भत्तिभरिएहिं पूयणनिमित्तं । सहयारमंजरीओ घेत्तुं दिज्जंति जिणसीसे

।।१२।। परितुच्छकसायाणं मज्झिमगुणसंजुयाण केवइए । काले गयम्मि तेसिं संजाओ मरणपरिणामो ।।१३।। इओ य । अत्थि इह भरहवासे कोसलदेसम्मि सुहपएसम्मि । वियसियकमलायररेहमाणबहुसरवरसहस्से ।।१४।। साकेयं णामपुरं पुराणदेउलसहासहस्सेहिं । ठाणे ठाणे संपत्तसोहमुवहसियसुरलोयं ।।१५।। तम्मि नियवंसमोत्तियमणीसमो सोमसरिसजसपसरो । रोसारुणवेरिविणासकालभासंतकरवालो ।।१६।। नामेण समरसीहो सीहो इव कुनयनयकुरंगाणं । राया नमंतसामंतमउडतडताडियकुमग्गो ।।१७।। देवी य तस्स वियसियकमललच्छी संखमेव कुललच्छी । णियरज्जजीवियं पिव मन्निज्जइ जा सयं रन्ना ।।१८।। णामेणं दमयंती तीए समं चित्तहारिणो विसए । जंति दिणा सेवंतस्स तस्स अप्पत्तविरहस्स ।।१९।। सा अन्नया य देवी सुहं पसुत्ता निसाए मज्झम्मि । कुंडलमाखंडलधणुहरुइरमालोयए सुमिणे ।।२०।। एत्तो य कीरजीवो जिणपूयाकरणपरिणइवसेण । उवलद्धबोहिबीओ तग्गब्भत्तेण संजाओ ।।२१।। पडिबुद्धा पइणो तक्खणेण सव्वं निवेयए सोवि । भणइ पिए! तुह पुत्तो पवित्तगत्तो धुवं होही ।।२२।। जायम्मि तम्मि अम्हं कुलमुदही इंदुणो व्व उदयम्मि । वित्थारमणुत्तरमवणिगयणपरिपूरगं लहिही ।।२३।। ता मासाण णवण्हं गयाण थेवेण साइरेगाण । जाओ सुओ तणुप्पहसंभारविभूसियदिसोहो ।।२४।। तयणंतरं च छिन्ने नाले निक्खेवणत्थमेयस्स । भूमीए खणिज्जंतीए उग्गओ रयणभरियनिही ।।२५।। वित्ताए जम्ममहिमाए णाममेयस्स ठावियं पिउणा । निहिकुंडलुत्ति जम्हा कुंडलनिहिदंसणं जायं ।।२६।। एवमणेगमहामहसहस्स उवजीवणेण वड्ढंतो । पत्तो जोव्वणमइसुंदराण तरुणीण हिययहरं ।।२७।। सावि य कीरी मरिउं सावत्थीए कुणालविसयम्मि । सिरिसेणमहीवइणो कंताए कंतिमइयाए ।।२८।। मंदारमालियालाभसुमिणसंसूइया सुहमुहुत्ते । धूयत्तणेण जाया विहिओ य महो कयं नामं ।।२९।। एसम्ह पुरंदरकुसुमदामसुमिणेण सूइया जाया । तम्हा पुरंदरजसा णामेणं होउ तणयत्ति ।।३०।। सावि घणपीणथणभारभंगुरं जोव्वणं परं पत्ता । तरुणजणुम्मायकरं वामहदइयामरट्टहरं ।।३१।। एत्तो य स निहिकुंडलरायन्नसुओ गओवि तारुन्नं । ण कुणइ इत्थीसु मणो सोहग्गमणोरमासुंपि ।।३२।। जाओ जणे पवाओ जह एसो रूवजोव्वणजुओवि । अव्वो! अच्छेरमिणं विसएसु न रज्जई जेण ।।३३।। सो बालकालपरिचयगयासु अइनिक्कलासु सयलासु । लिविमाइकलासु दिणाणि नेइ कुव्वंतउम्मासं (?) ।।३४।। सावि य पुरंदरजसा जणाओ निहिकुंडलस्स निसुणंती । सरयससिकरसरिच्छं कित्तिं पुरिसंतरेसु तओ ।।३५।। नो रमइ मणागंपि हु नयावि कस्सइ मणोगयं कहइ । जाया गुरूण चिंता अकयविवाहा कहं कज्जा ।।३६।। रन्ना मंती भणिओ तं कंपि उवायमत्तणो कुणसु । एसा रायकुमाराण कंपि जह वरइ अचिरेण ।।३७।। तो मंतिणो पवत्ते णाणे वरलाभगोयरे पडिया । सव्वत्तो पेसविया कुमारपडिछंदगाण कए ।।३८।। नामेसु कुलेसु गुणेसु चेव रूवेसु रायपुत्ताण । नाएसु

कहवि जइ होज्ज कत्थई नाम अणुराओ ।।३९।। उत्तुंगाणेयकलाकलावकलियाण विमलसीलाण । रायसुयाण समंता पडिच्छंदा दंसिया तीए ।।४०।। निहिकुंडलपडिछंदे दिट्ठे सहसत्ति सव्वगत्तेसु । उल्लसिओ पुलओ थंभियव्व दिट्ठी ठिया तत्थ ।।४१।। संजाओ रणरणओ तं चेव मणे निहालयंतीए । तक्खणमेव समग्गं भवणं पडिहासियं सुन्नं ।।४२।। वम्महवियारतावो स कोवि तीए वियंभिओ देहे । जो ससिकरचंदणरसबिसाण सिसिराणवि असज्झो ।।४३।। इओ य । निहिकुंडलेण कइयाइ सुमिणकाले निहालियं तीए । रूवं जहट्ठियं तक्खणेण पडिबोहमावन्नो ।।४४।। जाओ पुणरवि तद्दंसणूसुओ तं च कहवि अनियंतो । विरहग्गिसंपलित्तो कत्थवि य धिइं अपावेंतो ।।४५।। जा चिट्ठइ तो पिउणा णाओ सुमिणस्स वइयरो कहवि । चरियाओ निउत्ताओ सयलासु दिसासु सयराहं ।।४६।। निवधूयाणं पडिच्छंदकारणाओ पुरंदरजसाओ । दिट्ठे पडिछंदे सोवि तीए सारिच्छओ जाओ ।।४७।। णायम्मि तीए विसए अणुरागे मंतिणा सयं गंतुं । बहुपणयवयणगब्भं मग्गित्ता जणयपासाओ ।।४८।। वरिया पुरंदरजसा चलिओ निहिकुंडलो नियपुराओ । सावत्थीए पुरीए तीए वीवाहणणिमित्तं ।।४९।। महया विभूइजोएण जा गओ केत्तियंपि तं मग्गं । आवासिओ अरन्ने एगम्मि हएण अवहरिओ ।।५०।। पेच्छइ पुरंदरजसं मंतनिमित्तं नियाओ ठाणाओ । अवहरिय मंडलंतो निवेसियं घायणस्स कए ।।५१।। एगेणं कावालियतवस्सिणा भीमडमरुयरवेण । पडिच्छंद-मणुसरंतो चिंतेउमिमं समाढत्तो ।।५२।। किं एसा मम दइया अहवा तीए इह कहंभावो । चित्ता दिव्वस्स गई तत्तो किं वा न संभवइ ?।।५३।। अहवा जा कावि इमा होउ अहं ताण कारगो होमि। एयाओ रक्खसचेट्ठियाओ अइदुट्ठचित्ताओ ।।५४।। तो हक्कारवबहिरियरण्णुद्देसो भणेइ तं कुमरो । रे रे! अणज्जकज्जं कह एयं ववसिओ सि त्ति ।।५५।। उक्खित्तमंडलग्गं तं पेच्छिय निच्छियं च घायकए । संजायमच्चुतासो सहसा अद्दंसणीभूओ ।।५६।। उवलद्धजीविया सा भणिया तो तेण कहसु तं एत्थं । कह पत्ता सा भासइ रयणीए सुहपसुत्ता हं ।।५७।। केणावणज्जचरिएण आणिया तक्खणं च पडिबुद्धा । जा पेच्छामि समंता दिट्ठो कावालिओ एस ।।५८।। सुहय! तुहं पडिच्छंदस्स दंसणाओ समप्पिओ अप्पा । पुव्विंपि संपयं पुण विक्कमकिणिया अहं जाया ।।५९।। कहिओ नियवुत्तंतो कुमरेणवि तुज्झ परिणयणहेउं । चलिओ सुंदरि! तुरएण आणिओ देवजोगेण ।।६०।। एयम्मि अवसरे कुमरसेन्नमह सव्वमेव संपत्तं । घेत्तुं पुरंदरजसं तो पत्तो तीए पिउगेहे ।।६१।। जाओ महामहेणं वीवाहो ताण बहुलनेहाण । कालेण पिउपुरीए समागओ पणमिओ जणओ ।।६२।। तो धणकोडी बहुयाओ जं च अन्नंपि निवईगिहजोगां । दाएणट्ठगुणेणं बहुयाए दावियं रण्णा ।।६३।। जह दोगुंदुगदेवस्स दिव्वभोगेहिं वोलए कालो । तह तस्सवि य मणोरहसमणंतरसिद्धकज्जस्स ।।६४।। कइयाइ सीमपालो नरपालो कुणइ आउलं देसं । लद्धपउत्ती निधिकुंडलस्स जणओ पुरा नीइ

પૂર્વગાથામાં કહ્યું કે આ ત્રણે અનુષ્ઠાનો મોક્ષને અનુકૂળ ભાવથી યુક્ત છે. તેથી એ ફલિત થાય કે જે લોકો ક્લિષ્ટ કર્મોવાળા છે, જેના કારણે સંસારના ભોગમાં જ સારબુદ્ધિ છે, તેઓને મોક્ષ અસાર જણાય છે તેથી લેશ પણ મોક્ષને અભિમુખ ભાવ નથી તેવા ભારેકર્મી જીવો ક્વચિદ્ માતા-પિતાદિની સેવા કરતા હોય, ભગવદ્ભક્તિ આદિ કરતા હોય, સાધ્વાચાર પાળતા હોય અને અત્યંત અપ્રમાદપૂર્વક સંયમની સર્વ ક્રિયાઓ કરીને યાવદ્ નવમા દેવલોકમાં જતા હોય તોપણ ભોગમાં જ સારબુદ્ધિ હોવાથી તેઆને આ ત્રણે પ્રકારનાં અનુષ્ઠાનો વ્યવહારનયની પરમાર્થદૃષ્ટિથી પ્રાપ્ત થયાં નથી; કેમ કે પારમાર્થિક વ્યવહારનયની દૃષ્ટિ નિશ્ચયનય સાથે અનુવિદ્ધ જ છે અને નિશ્ચયનય મોક્ષને અનુકૂળ ભાવને જ ધર્મ કહે છે, અન્યને ધર્મ સ્વીકારતો નથી. તેથી જે બાહ્ય આચરણામાં મોક્ષને અનુકૂળ લેશ પણ ભાવ નથી તેવી ધર્મની આચરણા સતતાભ્યાસ આદિ ત્રણે અનુષ્ઠાનમાંથી કોઈ અનુષ્ઠાનમાં અંતર્ભાવ પામે નહીં. ફક્ત ક્લિષ્ટ કર્મોવાળા તે જીવો ક્વચિદ્ માતા-પિતાદિની સેવા કરતા હોય, ભગવદ્ભક્તિ આદિ કરતા હોય કે સંયમાદિની ક્રિયા કરતા હોય તોપણ તેઓની સર્વ ક્રિયા સંસારફળ સાથે જોડાયેલી હોવાથી નિષ્ફળપ્રાયઃ છે. **॥૯૯૭॥**

ગાથા :-

एयं तु तहाभव्वत्तयाए संजोगओ णिओगेणं ।
तह सामग्गीसज्झं लेसेण णिदंसियं चेव ।।९९८।।

અન્વયાર્થ :-

एयं तु=આ અનુષ્ઠાન, तहाभव्वत्तयाए संजोगओ=तथाभव्यत्वादिना संयोगथी, णिओगेणं=नियमा थाय छे. चेव=अने आ ज, तह सामग्गीसज्झं=तेवा प्रकारनी सामग्रीथी साध्य=काळ वगेरे सर्व कारणोना संयोगथी साध्य, लेसेण=संक्षेपथी, णिदंसियं=बतावायुं छे. ।।९९८।।

❖ 'आदि' शब्दथी કાળ, નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષાર્થનું ગ્રહણ કરવું.

ગાથાર્થ :-

આ અનુષ્ઠાન तथाभव्यत्वादिना संयोगथी नियमा थाय छे अने आ ज तेवा प्रकारनी सामग्रीथी साध्य=काळ वगेरे सर्व कारणोना संयोगथी साध्य संक्षेपथी बतावायुं छे. ।।९९८।।

ટીકા :-

एतत्त्वनुष्ठानं तथाभव्यत्वादिसंयोगतो नियोगतो नियमेन भवति । तत्र तथाभव्यत्वं वक्ष्यमाणमेव, आदिशब्दात् कालनियतिपूर्वकृतकर्म पुरुषकारग्रहः । अत एवाह—तथा तत्प्रकारा या सामग्री समग्रकालादिकारणसंयोगलक्षणा तत्साध्यम्, एकस्य कस्यचित् कारणत्वायोगात् । एतच्च लेशेन संक्षेपेण निदर्शितमेव प्रकटितमेव ।।९९८।।

ભાવાર્થ :-

અનાદિ કાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે, અનંતીવાર તીર્થંકરો આદિના સંયોગો પ્રાપ્ત કરે છે, તીર્થંકરો પાસે દેવતાઓ વગેરે આવે છે તે જોઈને ધર્મ કરવાનો પરિણામ પણ કરે છે, શ્રાવકધર્મ સ્વીકારે છે, સાધુધર્મ પણ સ્વીકારે છે, ક્વચિદ્ તેવા પ્રકારના સંયોગ અનુસાર અને કુળપરંપરાથી માતા-પિતાદિનો વિનય પણ કરે છે. પરંતુ ક્લિષ્ટ પરિણામનાં આપાદક કર્મો ક્ષીણ થયાં નહીં હોવાથી મોક્ષને અનુકૂળ લેશ પણ ભાવ તે જીવોને થતો નથી. વળી, જ્યારે તે જીવનું તથાભવ્યત્વાદિ કાંઈક પરિપાકને અભિમુખ થાય છે ત્યારે ભદ્રક પ્રકૃતિવાળો તે જીવ પૂર્વમાં કહેલાં ત્રણ અનુષ્ઠાનોમાંથી પોતાની ભૂમિકાને ઉચિત કોઈક અનુષ્ઠાન સેવે છે તેથી કાળાદિ પાંચે કારણોના સંયોગથી સાધ્ય એવું આ સતતાભ્યાસાદિ અનુષ્ઠાન પ્રાપ્ત કરે છે અને યોગ્ય જીવોને સંસારનો કાંઈક ભય લાગેલો હોય તો તેઓના તથાભવ્યત્વાદિના પરિપાક અર્થે દુષ્કૃતનિંદા, સુકૃતની અનુમોદના અને ચતુઃશરણમાં ગમન પંચસૂત્રમાં વિહિત છે માટે ભવથી વિમુખ થયેલા યોગ્ય જીવો સ્વભૂમિકાનુસાર સતતાભ્યાસાદિ ઉચિત અનુષ્ઠાન સેવીને ભવનો ઉચ્છેદ કરે છે અને જેઓને ચાર

ગતિના પરિભ્રમણરૂપ ભવમાં જન્મ, જરા આદિ દેખાવા છતાં ભોગાદિમાં જ ઉત્કટ રાગ છે તેઓ ભોગાદિના અત્યંત અર્થી હોવાથી ધર્મ કરે તોપણ તે આચરણા મોક્ષને અનુકૂળ ધર્મઅનુષ્ઠાન થતું નથી. ॥૯૯૮॥

अवतरणिका :-

यथा तन्निदर्शनं तथैव स्फुटयति –

અવતરણિકાર્થ :-

જે પ્રકારે તેનું નિદર્શન છે=પૂર્વની ગાથામાં કહ્યું કે લેશથી સામગ્રીથી સાધ્ય કાર્ય છે એમ પૂર્વમાં કહેવાયું છે, જે પ્રકારે બતાવાયું છે, તે જ સ્પષ્ટ કરે છે –

ગાથા :-

दइवपुरिसाहिगारे अत्थावत्तीए गरुयणयणिउणं ।
परिभावेयव्वं खलु बुद्धिमया णवरि जत्तेण ।।९९९।।

અન્વયાર્થ :-

दइवपुरिसाहिगारे=દૈવ-પુરુષકારના અધિકારમાં, अत्थावत्तीए=અર્થાપત્તિથી સામગ્રીસાધ્ય સર્વ કાર્યો છે એમ જણાવાયું છે. णवरि=કેવળ, बुद्धिमया=બુદ્ધિમાન પુરુષે (આ વિષયને), जत्तेण=યત્નથી, गरुयणयणिउणं=પ્રધાન યુક્તિઓથી યુક્ત, परिभावेयव्वं=વિચારવું જોઈએ. 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે. ॥૯૯૯॥

ગાથાર્થ :-

દૈવ-પુરુષકારના અધિકારમાં અર્થાપત્તિથી સામગ્રીસાધ્ય સર્વ કાર્યો છે એમ જણાવાયું છે. કેવળ બુદ્ધિમાન પુરુષે આ વિષયને યત્નથી પ્રધાન યુક્તિઓથી યુક્ત વિચારવું જોઈએ. ॥૯૯૯॥

टीका :-

दैवपुरुषाधिकारे 'एत्तो य दोवि तुल्ला विन्नेया दइवपुरिसगारावि । इहरा उ निप्फलत्तं पावइ नियमेण एगस्स' इत्यादि प्रागुक्तलक्षणेऽर्थापत्त्या सर्वकार्याणां तदधीनत्वप्रतिपादनलक्षणया गुरुकनय-निपुणं प्रधानयुक्तिसन्दर्भितं परिभावयितव्यम्, खलुर्वाक्यालंकारे, बुद्धिमता पुरुषेण, नवरं केवलं यत्नेनादरेणेति ।।९९९।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે સર્વ કાર્યો સામગ્રીથી સાધ્ય છે તેથી કાળાદિ સર્વ કારણો મિલિત થાય ત્યારે જ વિવક્ષિત કાર્ય થાય છે તોપણ પ્રધાનરૂપે દૈવ અને પુરુષકાર બંને તુલ્યરૂપે કાર્ય પ્રત્યે કારણ જાણવાં તેમ

ગાથા-૩૪૧માં સ્વયં ગ્રંથકારશ્રીએ બતાવ્યું. તેથી જે જીવો યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે તે જીવો માત્ર તે તે પ્રવૃત્તિથી તે તે કાર્યો નિષ્પન્ન કરતા નથી પરંતુ તેઓનું કર્મ પણ તે પ્રકારના કાર્યને અનુકૂળ છે તેથી જ સતતાભ્યાસાદિ દ્વારા તેઓ યોગમાર્ગને પ્રાપ્ત કરે છે. જો માત્ર પુરુષકારને આધીન હોત તો ભારેકર્મી એવા તે જીવોએ પૂર્વના ભવોમાં ઘણી વખત સાધુધર્મનું સેવન કર્યું છે, ભગવદ્ભક્તિ આદિ કરેલ છે તોપણ તેઓને યોગમાર્ગને અનુકૂળ કોઈ પરિણતિ પ્રાપ્ત થઈ નહીં અને જ્યારે તે જીવોનાં ક્લિષ્ટ કર્મો દૂર થયાં તેથી મિથ્યાત્વ મંદ થયું તેના કારણે ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારને જોવાથી ભવને કાંઈક વિમુખ તેઓના ચિત્ત થયું તેમાં કારણ તેઓનું તે પ્રકારના ઉત્કટ મિથ્યાત્વનો ક્ષયોપશમ છે જેના કારણે તેઓ અપુનર્બંધક દશાને પામ્યા. તો વળી, કેટલાક જીવોમાં મિથ્યાત્વનો ક્ષયોપશમ વર્તે છે તેના કારણે સમ્યક્ત્વને પામ્યા છે તેવા જીવો સતતાભ્યાસ કે વિષયાભ્યાસ કે ભાવાભ્યાસ કરે છે ત્યારે તેઓનું તે પ્રકારનું ક્ષયોપશમભાવવાળું કર્મ અને તે પ્રકારની આચરણામાં પ્રવર્તતું તે પ્રકારનું વીર્ય એ રૂપ ઉભય ઉત્તરઉત્તરના ગુણની પ્રાપ્તિ પ્રત્યે કારણ છે તેથી બંને યોગમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે તુલ્ય કારણ છે અને જેઓનું તેવું ક્ષયોપશમભાવવાળું કર્મ નથી પરંતુ વિપર્યાસઆપાદક કર્મ પ્રચુર છે તે જીવો તે પ્રકારની ધર્મની પ્રવૃત્તિ કરે છે તોપણ તેઓને યોગમાર્ગની પ્રાપ્તિરૂપ ફલ પ્રાપ્ત થતું નથી. તેથી ફલિત થાય છે કે જ્યારે તે કાર્યને અનુકૂળ દૈવ અને પુરુષકાર પ્રવર્તતાં હોય ત્યારે જ સામગ્રીથી સાધ્ય તે તે કાર્ય થાય છે. આથી જ પૂર્વના ભવોમાં તત્ તુલ્ય બાહ્ય સંયમની આચરણા કરવા છતાં તેને અનુકૂળ દૈવ વિદ્યમાન નહીં હોવાથી યોગમાર્ગની પરિણતિ તે જીવમાં પ્રગટ થઈ નહીં અને જ્યારે તે જીવનું ઉત્કટ મિથ્યાત્વ ક્ષયોપશમભાવવાળું થયું ત્યારે તે જીવ સતતાભ્યાસાદિ અનુષ્ઠાનો કરીને ઉત્તરઉત્તરનાં સદ્અનુષ્ઠાનોને પ્રાપ્ત કરે છે. આ પ્રકારનું રહસ્ય બુદ્ધિમાન પુરુષે સૂક્ષ્મ યુક્તિથી નિપુણ પરિભાવન કરવું જોઈએ જેથી કઈ રીતે સર્વત્ર સામગ્રીથી સાધ્ય કાર્ય છે તેનો માર્ગાનુસારી બોધ થાય. **॥૯૯૯॥**

અવતરણિકા :-

અથ તથાભવ્યત્વમેવ વ્યાચષ્ટે –

અવતરણિકાર્થ :-

હવે તથાભવ્યત્વને જ કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૯૯૮માં કહ્યું કે તથાભવ્યત્વાદિના સંયોગથી સતતાભ્યાસાદિ અનુષ્ઠાન થાય છે અને તેમાં કાળાદિ પાંચ કારણો હોય ત્યારે જ કાર્ય થાય છે તોપણ દૈવ અને પુરુષકાર ઉભય મિલિત થઈને કાર્યને કરે છે તેનું સ્થાપન ગાથા-૯૯૯માં કર્યું તેથી ફલિત થયું કે જ્યારે જીવનું તે પ્રકારનું ક્ષયોપશમભાવવાળું કર્મ હોય અને જીવ ઉચિત ધર્મઅનુષ્ઠાનમાં યત્ન કરે ત્યારે તેવું તથાભવ્યત્વ મોક્ષને અનુકૂળ પરિણમન પામે છે જે ઉત્તરઉત્તર વૃદ્ધિ પામીને મોક્ષનું કારણ બને છે તેથી જિજ્ઞાસા થાય કે તથાભવ્યત્વ કેવા સ્વરૂપવાળું છે ? તેને બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

तहभव्वत्तं चित्तं अकम्मजं आयतत्तमिह णेयं ।
फलभेया तह कालाइयाणमक्खेवगसहावं ।।१०००।।

અન્વયાર્થ :-

इह=અહીં=તથાભવ્યત્વના વિચારમાં, अकम्मजं=અકર્મથી થનારું, आयतत्तं=આત્મતત્ત્વરૂપ, तह=અને, कालाइयाणमक्खेवगसहावं=કાળાદિનું સાંનિધ્ય કરવાના સ્વભાવવાળું, तहभव्वत्तं=તથાભવ્યત્વ, फलभेया=ફળના ભેદથી, चित्तं णेयं=વિવિધ જાણવું. ।।૧૦૦૦।।

ગાથાર્થ :-

અહીં=તથાભવ્યત્વના વિચારમાં, અકર્મથી થનારું આત્મતત્ત્વરૂપ અને કાળાદિનું સાંનિધ્ય કરવાના સ્વભાવવાળું તથાભવ્યત્વ ફળના ભેદથી વિવિધ જાણવું. ।।૧૦૦૦।।

ટીકા :-

तथाभव्यत्वं चित्रं नानारूपं, भव्यत्वमेवेति गम्यते, अकर्मजमकर्मनिर्मितमात्मतत्त्वं साकारानाकारोपयोगवज्जीवस्वभावभूतमिह विचारे ज्ञेयम् । अत्र हेतुः—फलभेदात्तीर्थकरगणधरादिरूपतया भव्यत्वफलस्य वैचित्र्योपलम्भात् । तथेति समुच्चये । कालादीनां कालनियतिपूर्वकृतकर्मणां समग्रान्तररूपाणामाक्षेपकस्वभावं संनिहिततताकारकस्वभावम् ।।१०००।।

ભાવાર્થ :-

સંસારી જીવો કેટલાક ભવ્ય છે, કેટલાક અભવ્ય છે. ભવ્ય જીવોમાં વર્તતું ભવ્યત્વ સિદ્ધિગમનયોગ્યત્વ છે આમ છતાં દરેક જીવોનું તથાભવ્યત્વ સર્વથા સમાન નથી. આથી જ બધા જીવો સમાન કાળે મોક્ષમાં જતા નથી તેથી દરેક ભવ્ય જીવોનું તેવા પ્રકારનું ભવ્યત્વ તથાભવ્યત્વ છે.

વળી, સંસારી જીવોમાં જે ભાવો છે તે કર્મજનિત છે પરંતુ જીવત્વ કર્મજનિત ભાવ નથી તેમ જીવમાં વર્તતું તથાભવ્યત્વ પણ કર્મજનિત નથી.

વળી, તે ભવ્યત્વ જ્ઞાનના ઉપયોગરૂપ જીવના સ્વભાવભૂત છે. તેથી જીવના સ્વભાવથી પૃથક્‌ભૂત જીવનું ભવ્યત્વ નથી પરંતુ જીવના પરિણામ સ્વરૂપ જ ભવ્યત્વ છે.

વળી, તે ભવ્યત્વ કાળ, નિયતિ આદિ અન્ય કારણોને કાર્યને અનુકૂળ કરવાના સ્વભાવવાળું છે તેથી જ્યારે તે જીવનું ભવ્યત્વ જ કાંઈક પરિપાકને સન્મુખ થયું છે ત્યારે જીવમાં મિથ્યાત્વ કાંઈક મંદ થાય છે તેથી તે જીવ તત્ત્વને સન્મુખ થાય છે ત્યારે જ અન્ય કારણો પણ કાર્યને સન્મુખ કરીને તે ભવ્યત્વ જીવને જુદાં જુદાં ફળોની પ્રાપ્તિ કરાવે છે. આથી જ કેટલાક જીવો ચરમ ભવમાં તીર્થંકર થાય છે, કોઈક જીવ

ગણધર થાય છે કે કોઈક જીવ સામાન્ય કેવળી થાય છે એ પ્રકારના ફળભેદમાં તેઓનું ચિત્ર પ્રકારનું તથાભવ્યત્વ જ કારણ છે.

વળી, તત્ત્વને સન્મુખ થયેલા તથાભવ્યત્વના પરિપાક અર્થે જ યોગ્ય જીવોને માર્ગનો ઉપદેશ અપાય છે જેથી પોતાના ભવ્યત્વનો પરિપાક કરીને તેઓ સંસારનો ક્ષય કરી શકે. **॥૧૦૦૦॥**

અવતરણિકા :-

વિપક્ષે બાધકમાહ –

અવતરણિકાર્થ :-

વિપક્ષમાં=ચિત્ર પ્રકારના તથાભવ્યત્વને કારણે ફળભેદ ન સ્વીકારવામાં, બાધકને કહે છે –

ગાથા :-

इहराऽसमंजसत्तं तस्स तहसभावयाए तहचित्तो ।
कालाइजोगओ णणु तस्स विवागो कहं होइ ।।१००१।।

અન્વયાર્થ :-

इहरा=જો આ પ્રમાણે ન હોય તો=જો ભવ્યત્વ વિવિધ પ્રકારનું ન હોય તો, असमंजसत्तं=(ફળભેદની) સંગતિ ન થાય, तस्स=તેના=તથાભવ્યત્વના, तहसभावयाए=એકસ્વરૂપપણાને સ્વીકારતે છતે, तस्स=જીવનો, कालाइजोगओ=કાળાદિના યોગથી, णणु=જ, तहचित्तो विवागो=તેવા પ્રકારનો વિચિત્ર ફળભેદ, कहं होइ ?=કેવી રીતે થાય ? ॥૧૦૦૧॥

ગાથાર્થ :-

જો આ પ્રમાણે ન હોય તો=જો ભવ્યત્વ વિવિધ પ્રકારનું ન હોય તો, ફળભેદની સંગતિ ન થાય. તેના=તથાભવ્યત્વના, એકસ્વરૂપપણાને સ્વીકારતે છતે જીવનો કાળાદિના યોગથી જ તેવા પ્રકારનો વિચિત્ર ફળભેદ કેવી રીતે થાય ? ॥૧૦૦૧॥

ટીકા :-

इतरथा वैचित्र्याभावेऽसमंजसत्वमसांगत्यं प्राप्नोति । कुतो, यतस्तस्य भव्यत्वस्य तथास्वभावतायामेकस्वभावत्वलक्षणायां परेणाभ्युपगम्यमानायां तथाचित्रस्तत्प्रकारवैचित्र्यवान् कालादियोगतः कालदेशावस्थाभेदतो ननु निश्चितं तस्य जीवस्य विपाकः फललाभरूपः कथं भवति ? न कथञ्चिदित्यर्थः ।।१००१।।

ભાવાર્થ :-

મોક્ષમાં જવાને યોગ્ય જીવોમાં ભવ્યત્વ છે તેથી તેઓ મોક્ષમાં જાય છે; કેમ કે ભવ્યત્વ એ

સિદ્ધિગમનયોગ્યત્વ સ્વરૂપ છે. આમ છતાં બધા ભવ્ય જીવો એક કાળમાં, એક દેશમાં, તે તે અવસ્થાથી સિદ્ધિને પામતા નથી તે પ્રત્યક્ષ દેખાય છે; કેમ કે અનંતકાળથી તીર્થંકરો, ગણધરો, ઋષિઓ તે તે કાળમાં, તે તે ક્ષેત્રમાં, તે તે અવસ્થાથી મોક્ષમાં જાય છે એમ શાસ્ત્રસિદ્ધ છે અને તેવા પ્રકારનો ફળભેદ તેના કારણના ભેદથી જ સંભવે. તેથી પૂર્વની ગાથામાં તેવા ફળભેદનું નિયામક વિવિધ પ્રકારનું તે તે જીવનું તથાભવ્યત્વ છે તેમ સ્થાપન કર્યું અને તેમ ન સ્વીકારવામાં આવે તો અને કહેવામાં આવે કે ભવ્યજીવોનો મોક્ષગમનને યોગ્ય એક પ્રકારનો સ્વભાવ છે તો કાળ-દેશ-અવસ્થાના ભેદથી ફળભેદ સંગત થઈ શકે નહીં. તેથી એ ફલિત થાય છે કે તે તે જીવમાં જેમ સિદ્ધિગમનને યોગ્ય સ્વભાવ છે તેમ તે તે કાળમાં, તે તે દેશમાં અને તે તે અવસ્થાને પામીને સિદ્ધિગમનને યોગ્ય સ્વભાવ છે અને તે સ્વભાવ જ તે જીવના તે કાળના તે પ્રકારના કર્મને લઘુ કરીને તે જીવના તે તે પ્રકારના પુરુષકારનો આક્ષેપ કરીને તે તે પ્રકારની તીર્થંકરાદિરૂપ પુણ્યપ્રકૃતિઓનો બંધ કરાવીને તે તે ભવને પ્રાપ્ત કરાવીને સિદ્ધિને પ્રાપ્ત કરાવે છે. આથી જ વીરપ્રભુ જેમ તીર્થંકર થયા તેમ ઋષભદેવ પ્રભુ પણ તીર્થંકર થયા છતાં ભિન્ન કાળમાં કે ભિન્ન પ્રકારના દીર્ઘ કે અલ્પ આયુષ્યમાં તે તે દેહપ્રમાણ શરીરથી તેઓ સિદ્ધિને પામ્યા તેનું કારણ ઋષભદેવ પ્રભુનું અન્ય પ્રકારનું તથાભવ્યત્વ હતું જે તે કાળમાં તે પ્રકારે પરિપાક પામીને સિદ્ધ અવસ્થાનું કારણ બન્યું અને વીરપ્રભુનું ભિન્ન પ્રકારનું તથાભવ્યત્વ હતું તેથી તે પ્રકારે પરિપાક પામીને તે કાળમાં સિદ્ધ અવસ્થાનું કારણ બન્યું. **॥૧૦૦૧॥**

ગાથા :-

एसो उ तंतसिद्धो एवं घडएत्ति णियमओ एवं ।
पडिवज्जेयव्वं खलु सुहुमेणं तक्कजोगेणं ।।१००२।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=પૂર્વની બે ગાથાઓમાં કહ્યું કે ભવ્યત્વની વિચિત્રતા હોતે છતે ફળભેદ ઘટે છે ઇતરથા ઘટતો નથી એ રીતે, तंतसिद्धो=શાસ્ત્રમાં કહેવાયેલો, एसो उ=વળી આ=કાળાદિના યોગથી થતો ચિત્ર પ્રકારનો વિપાક, णियमओ घडए त्ति=નિયમથી ઘટે છે. एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, सुहुमेणं तक्कजोगेणं=સૂક્ષ્મ તર્કયોગથી=નિપુણ એવા ઋજુસૂત્ર આદિ પર્યાયાર્થિક નયોથી, पडिवज्जेयव्वं खलु=સ્વીકારવું જ જોઈએ. ॥૧૦૦૨॥

ગાથાર્થ :-

આ રીતે=પૂર્વની બે ગાથાઓમાં કહ્યું કે ભવ્યત્વની વિચિત્રતા હોતે છતે ફળભેદ ઘટે છે ઇતરથા ઘટતો નથી એ રીતે, શાસ્ત્રમાં કહેવાયેલો આ=કાળાદિના યોગથી થતો ચિત્ર પ્રકારનો વિપાક, નિયમથી ઘટે છે. આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, સૂક્ષ્મ તર્કયોગથી=નિપુણ એવા ઋજુસૂત્ર આદિ પર્યાયાર્થિક નયોથી, સ્વીકારવું જ જોઈએ. ॥૧૦૦૨॥

ટીકા :-

एष तु कालादियोगतश्चित्रो विपाको जीवस्य तन्त्रसिद्धः सिद्धान्तनिरूपितः, यथा 'तित्थयरसिद्धा अतित्थयरसिद्धा' इत्यादि, एवं भव्यत्वविचित्रतायां घटते, इतिर्वाक्यालंकारे, नियमतो नियमेन । एवमुक्तलक्षणं वस्तु प्रतिपत्तव्यं, खलुरवधारणे, सूक्ष्मेण निपुणेन तर्क्कयोगेन ऋजुसूत्रादिपर्यायनय-पर्यालोचेन । ऋजुसूत्रादयो हि पर्यायनयाः कारणभेदपूर्वकमेव कार्यभेदं मन्यन्ते, अन्यथा एकस्मादेव कारणात् सकलत्रैलोक्यकार्योत्पत्तिप्रसंगेन व्यर्थमेव कारणान्तराणां सकलजनप्रसिद्धानां परिकल्पनं स्यादिति ।।१००२।।

ભાવાર્થ :-

શાસ્ત્રમાં તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ ઇત્યાદિ સિદ્ધોના પંદર ભેદો કહ્યા છે. વળી, ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન તીર્થંકરો થાય છે તેમ પણ શાસ્ત્રમાં કહ્યું છે. તે સર્વ શાસ્ત્રનું કથન, તથાભવ્યત્વ ચિત્ર પ્રકારનું સ્વીકારવામાં આવે તો નિયમથી ઘટે છે અન્યથા ઘટતું નથી, માટે ઋજુસૂત્ર આદિ નયની સૂક્ષ્મ યુક્તિ દ્વારા વિચારવું જોઈએ કે કારણભેદ વગર કાર્યભેદ થઈ શકે નહીં તેથી મોક્ષમાં જનારા જીવોમાં મોક્ષરૂપ કાર્ય સમાન હોવા છતાં ભિન્ન ભિન્ન પ્રકારે ભિન્ન ભિન્ન કાળમાં જે જીવો સિદ્ધ થાય છે તેના કારણીભૂત તે જીવનું ભવ્યત્વરૂપ કારણ પણ પરસ્પર કાંઈક ભિન્ન પ્રકારનું છે માટે તે જીવો તે તે કાળમાં તે તે પ્રકારનું મોક્ષને અનુકૂળ પુરુષકાર કરીને ચરમ ભવમાં કોઈક તીર્થંકર થઈને સિદ્ધ થાય છે, કોઈક પુરુષરૂપે થઈને સિદ્ધ થાય છે, કોઈક સ્ત્રીરૂપે થઈને સિદ્ધ થાય છે. તે સર્વ ભેદોનું કારણ તે જીવોમાં વર્તતું વિચિત્ર પ્રકારવાળું ભવ્યત્વ જ છે એમ સૂક્ષ્મ માર્ગાનુસારી ઊહથી વિચારીને સ્વીકારવું જોઈએ જેથી ભગવાનના પ્રવચનના પદાર્થને અનુભવ અનુસાર યોજન કરવાથી સૂક્ષ્મ બોધપૂર્વકની તીવ્ર શ્રદ્ધા થાય છે જેનાથી કલ્યાણની પરંપરાનું કારણ એવી નિર્મળ મતિ પ્રગટે છે. **॥૧૦૦૨॥**

ગાથા :-

एवं चिय विन्नेओ सफलो नाएण पुरिसगारोवि ।
तेण तहक्खेवाओ स अन्नहाऽकारणो ण भवे ।।१००३।।

અન્વયાર્થ :-

एवं चिय=આ રીતે જ=તથાભવ્યત્વ વિચિત્ર છે એ રીતે જ, नाएण=ન્યાયથી, पुरिसगारो वि=પુરુષકાર પણ, सफलो विन्नेओ=સફળ જાણવો; तेण तहक्खेवाओ=કેમ કે તેના વડે તેવા પ્રકારનો આક્ષેપ છે=કેમ કે ભવ્યત્વ વડે તેવા પ્રકારનો પુરુષકારનો આક્ષેપ છે. अन्नहा=અન્યથા=તથાભવ્યત્વના આક્ષેપ વગર, अकारणो स=અકારણ એવો તે (પુરુષકાર), ण भवे=ન થાય. ।।૧૦૦૩।।

ગાથાર્થ :-

આ રીતે જ=તથાભવ્યત્વ વિચિત્ર છે એ રીતે જ, ન્યાયથી પુરુષકાર પણ સફળ જાણવો; કેમ કે તેના વડે તેવા પ્રકારનો આક્ષેપ છે=કેમ કે ભવ્યત્વ વડે તેવા પ્રકારનો પુરુષકારનો આક્ષેપ છે. અન્યથા=તથાભવ્યત્વના આક્ષેપ વગર, અકારણ એવો તે પુરુષકાર ન થાય. ॥૧૦૦૩॥

ટીકા :-

एवमेव तथाभव्यत्वचित्रतायामेव विज्ञेयः सफलो न्यायेन पुरुषकारोऽपि पुरुषव्यापाररूपः । अत्र हेतुः—तेन तथाभव्यत्वेन तथाचित्ररूपतया आक्षेपात् समाकर्षणात् पुरुषकारस्य । स पुरुषकारः अन्यथा भव्यत्वाक्षेपमन्तरेणाकारणो निर्हेतुको न नैव भवेत्, नित्यं सत्त्वादिप्रसंगात् ।।१००३।।

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં કહ્યું કે શાસ્ત્રસિદ્ધ એવા તીર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ વગેરે ભેદો વિવિધ પ્રકારના તથાભવ્યત્વથી જ સંગત થાય છે. ત્યાં કોઈક અર્ધવિચારકને જણાય કે તો પછી મોક્ષ માટે પુરુષકારની આવશ્યકતા રહે નહીં પરંતુ તથાભવ્યત્વ જ સ્વયં એ પ્રકારે સિદ્ધપણાની પ્રાપ્તિ કરાવશે. તેના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે દરેક જીવોનું જુદા જુદા પ્રકારનું ભવ્યત્વ છે આથી જ પુરુષકાર પણ સફળ છે; કેમ કે કેટલાક જીવોનો તેવો જ સ્વભાવ છે કે ઉપદેશ આદિને પામીને તે પ્રકારનો પુરુષકાર કરે છે જેથી તીર્થંકરસિદ્ધ આદિ ભેદથી કોઈક પ્રકારે સિદ્ધ થાય છે. જો તે જીવોનો તેવા પ્રકારનો સ્વભાવ હોવા છતાં તે સ્વભાવથી આક્ષિપ્ત પુરુષકાર ન હોય તો તે પ્રકારનું ફળ થાય નહીં અને તે પુરુષકાર પ્રત્યે તે પ્રકારનું ભવ્યત્વ કારણ ન હોય તો તે જીવ ક્યારેય પણ પુરુષકાર કરે નહીં; કેમ કે જેનું કોઈ કારણ ન હોય તે વસ્તુ સદા હોય કે સદા ન હોય. જેમ આત્માનું કોઈ કારણ નથી તેથી આત્મા સદા છે અને શશશૃંગનું કોઈ કારણ નથી તેથી શશશૃંગ ક્યારેય જગતમાં પ્રાપ્ત થતું નથી. વળી, જે વસ્તુ ક્યારેક પ્રાપ્ત થાય છે તેના પ્રત્યે કોઈક કારણ છે કે જે કારણ તે કાળમાં તે કાર્ય કરે છે તેમ તે જીવનો તેવો સ્વભાવ છે જેના કારણે તે કાળમાં તે પ્રકારની સામગ્રીને પામીને તે જીવ તે પ્રકારનો પુરુષકાર કરે છે જેનાથી તે તે પ્રકારના યોગમાર્ગને સેવીને તીર્થંકરાદિમાંથી કોઈક પ્રકારે સિદ્ધ થાય છે. **॥૧૦૦૩॥**

અવતરણિકા :-

एवं च सति यदन्यदपि सिद्धं तदाह —

અવતરણિકાર્થ :-

અને આમ હોતે છતે=તથાભવ્યત્વ સ્વીકારવાને કારણે પુરુષકાર સફળ છે એમ પૂર્વની ગાથામાં સ્થાપન કર્યું એમ હોતે છતે, અન્ય પણ=તથાભવ્યત્વ સ્વીકારવાને કારણે અન્ય પણ, જે સિદ્ધ થાય છે તેને કહે છે —

ગાથા :-

उवएससफलयावि य एवं इहरा न जुज्जति ततोवि ।
तह तेण अणक्खित्तो सहाववादो बला एति ।।१००४।।

અન્વયાર્થ :-

एवं य=આ રીતે જ=ઉપદેશ આદિને તથાભવ્યત્વની જ અપેક્ષા હોતે છતે, उवएससफलया वि=ઉપદેશની સફળતા પણ છે. ततो वि=તે પણ=ઉપદેશ પણ, इहरा=ઇતરથા, न जुज्जति=ઘટતો નથી, तह=અને, तेण=તેનાથી=તથાભવ્યત્વથી, अणक्खित्तो सहाववादो=અનાક્ષિપ્ત એવો સ્વભાવવાદ, बला एति=બળથી પ્રાપ્ત થાય. ।।૧૦૦૪।।

ગાથાર્થ :-

આ રીતે જ=ઉપદેશ આદિને તથાભવ્યત્વની જ અપેક્ષા હોતે છતે, ઉપદેશની સફળતા પણ છે. તે પણ=ઉપદેશ પણ, ઇતરથા ઘટતો નથી અને તેનાથી=તથાભવ્યત્વથી, અનાક્ષિપ્ત એવો સ્વભાવવાદ બળથી પ્રાપ્ત થાય. ।।૧૦૦૪।।

ટીકા :-

उपदेशसफलतापि च उपदेशस्यापुनर्बन्धकादिधर्माधिकारिसमुचितस्य तत्तच्छास्त्रनिरूपितस्य सफलता तत्तदनाभोगनिवर्त्तनरूपा, किं पुनः प्रागुक्तपुरुषकाराद्याक्षेप इत्यपिशब्दार्थः, एवं तथाभव्यत्वस्यैवापेक्ष्यत्वे घटते, (नान्यथा) । तकोऽप्युपदेशोऽपि किं पुनः पुरुषकार इत्यपिशब्दार्थः, तथेति समुच्चये, चित्र-भव्यत्वानभ्युपगमे सति तेन च तथाभव्यत्वेनानाक्षिप्तोऽनालीढ एकाकार इत्यर्थः, स्वभाववादो वक्ष्यमाणरूपो बलाद्युक्तिसामर्थ्यादेति प्रसज्यते, तथाभव्यत्वरूपस्तु स्वभाववादो न बाधाकरः ।।१००४।।

ભાવાર્થ :-

ભવ્ય જીવોમાં મોક્ષગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ છે અને તે ભવ્યત્વ દરેક જીવોનું વિચિત્ર છે તેથી જે જે પ્રકારનાં કાર્ય થાય છે તેને અનુરૂપ દરેક જીવોનું વિલક્ષણ ભવ્યત્વ છે તે બતાવવા માટે તથાભવ્યત્વનો સ્વીકાર કર્યો અને તથાભવ્યત્વ જ તે તે જીવના તે તે કાળમાં પુરુષકારનો આક્ષેપ કરે છે તેથી તે જીવ સમ્યક્ પુરુષકાર કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે માટે તથાભવ્યત્વના સ્વીકાર દ્વારા પુરુષકારની સંગતિ થઈ તેમ તથાભવ્યત્વને કારણે જ મહાપુરુષો યોગ્ય જીવોને ઉપદેશ આપે છે તે પણ સફળ છે; કેમ કે તે તે જીવોનું તેવું જ ભવ્યત્વ છે કે ઉપદેશ આદિ પ્રાપ્ત કરે તો મોક્ષમાર્ગને અનુકૂળ તેઓનું સદ્વીર્ય ઉલ્લસિત થાય અને ઉપદેશ આદિ ન મળે તો મોક્ષના અર્થી થવા છતાં પણ કઈ રીતે મોક્ષ મેળવવા માટે યત્ન કરવો જોઈએ તેમાં મોહઆપાદક કર્મો હોવાથી યથાર્થ બોધ કર્યા વગર યથાતથા પુરુષકાર કરીને તે ભવ્ય જીવો પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે નહીં.

વળી, કેટલાક ભવ્ય જીવો એવા પણ છે કે જેઓ મોક્ષને સન્મુખ થયા નથી પરંતુ વિશેષ ઉપદેશ મળે તો મોક્ષને સન્મુખ થાય તેમ છે. જેમ પ્રદેશી રાજા પરલોક આદિનાં વચનોને સાંભળવાને અભિમુખ થતા ન હતા છતાં મંત્રીના અને કેશી ગણધરના તે પ્રકારના પ્રયત્નથી મૂઢતાઆપાદક કર્મો દૂર થયાં. તેના કારણે પ્રદેશી રાજા ધર્મપરાયણ થઈને દેવલોકમાં ગયા અને હવે પછીના ભવમાંથી મોક્ષમાં જશે. તે સર્વ તથાભવ્યત્વના સ્વીકારથી જ સંગત થાય છે; કેમ કે તેવા જીવોનું તથાભવ્યત્વ જ તેવું છે કે તેઓને તે પ્રકારનો ઉપદેશ મળે તો જ ફળને અભિમુખ થાય તેમ છે, ઇતરથા ફળને અભિમુખ તેઓનું તથાભવ્યત્વ થાય નહીં.

વળી, સર્વ કાર્યો સ્વભાવથી જ થાય છે. માટે તથાભવ્યત્વથી આક્ષિપ્ત પુરુષાર્થ સફળ નથી તેમ માનવામાં આવે. વળી તે જીવનો તેવો જ સ્વભાવ છે કે તે કાળે તે પ્રકારે પ્રયત્ન કરીને સિદ્ધ થશે. માટે ઉપદેશ પણ અકિંચિત્કર છે એમ માનવામાં આવે તો તથાભવ્યત્વથી અનાક્ષિપ્ત કેવળ સ્વભાવવાદ જ પ્રાપ્ત થાય અર્થાત્ જગતમાં જે કાંઈ કાર્ય થાય છે તે કાર્ય તે વસ્તુના સ્વભાવમાત્રથી જ થાય છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો જીવમાં વર્તતું સિદ્ધિગમનયોગ્યત્વ જ મોક્ષમાં ગમનનું કારણ છે, જીવનો પુરુષકાર કે મહાત્માઓ દ્વારા અપાતો ઉપદેશ મોક્ષનું કારણ નથી પરંતુ નિમિત્તમાત્ર છે અને તેમ કહીએ તો પુરુષકારને અને ઉપદેશને અકિંચિત્કર સ્વીકારવા પડે તેથી એકાંત સ્વભાવવાદ સ્વીકારવાનો દોષ પ્રાપ્ત થાય. **॥૧૦૦૪॥**

અવતરણિકા :-

केवलस्वभाववादमेव दर्शयति –

અવતરણિકાર્થ :-

કેવળ સ્વભાવવાદને જ બતાવે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે તથાભવ્યત્વ આક્ષિપ્ત પુરુષકારને અને ઉપદેશને સફળ ન સ્વીકારવામાં આવે તો બળાત્કારે કેવળ સ્વભાવવાદ પ્રાપ્ત થાય અર્થાત્ અન્ય સર્વ કારણોનો અપલાપ કરનાર કેવળ સ્વભાવ જ સર્વ કાર્યો કરે છે એમ પ્રાપ્ત થાય. તેથી તે કેવળ સ્વભાવવાદ કેવા સ્વરૂપવાળો છે તેને બતાવે છે –

ગાથા :-

को कुवलयाण गंधं करेइ महुरत्तणं च उच्छूणं ।
वरहत्थीण य लीलं विणयं च कुलप्पसूयाणं? ।।१००५।।

અન્વયાર્થ :-

कुवलयाण गंधं=કમળોની સુગંધને, को करेइ ?=કોણ કરે છે ? उच्छूणं च महुरत्तणं (को करेइ ?)= અને ઇક્ષુની મધુરતાને કોણ કરે છે ? वरहत्थीण य लीलं (को करेइ ?)=અને શ્રેષ્ઠ હાથીઓની (ગતિની

સુંદરતારૂપ) લીલાને કોણ કરે છે ? કુલપ્પસૂયાણં ચ વિણયં (કો કરેઇ ?)=(ઇક્ષ્વાકુ આદિ નિર્મળ) કુળમાં ઉત્પન્ન થયેલાઓના (સર્વ કાર્યોમાં ઉચિત પ્રવૃત્તિરૂપ) વિનયને કોણ કરે છે ? ॥૧૦૦૫॥

ગાથાર્થ :-

કમળોની સુગંધને કોણ કરે છે ? અને ઇક્ષુની મધુરતાને કોણ કરે છે ? અને શ્રેષ્ઠ હાથીઓની ગતિની સુંદરતારૂપ લીલાને કોણ કરે છે ? ઇક્ષ્વાકુ આદિ નિર્મળ કુળમાં ઉત્પન્ન થયેલાઓનાં સર્વ કાર્યોમાં ઉચિત પ્રવૃત્તિરૂપ વિનયને કોણ કરે છે ? ॥૧૦૦૫॥

ટીકા :-

कः कुवलयानां जलजविशेषाणां गन्धं सौरभं करोति, मधुरत्वं च माधुर्यलक्षणमिक्षूणां, वरहस्तिनां च जात्यस्तम्बेरमाणां लीलां गमनसौन्दर्यरूपां, विनयं च सर्वार्थेषूचितप्रवृत्तिरूपं कुलप्रसूतानामिक्ष्वाक्वादि-निर्मलकुलसमुद्भवानां पुरुषाणाम् ? किंतु स्वभाव एव नान्यः कालादिः । अन्यत्राप्युक्तम्—'कः कण्टकानां प्रकरोति तैक्ष्ण्यं, विचित्रभावं मृगपक्षिणां च । स्वभावतः सर्वमिदं प्रवृत्तं न कामचारोऽस्ति कुतः प्रयत्नः ?।।१।।' ॥१००५॥

ભાવાર્થ :-

જેમ કેટલાક અર્ધવિચારક જીવો ભવિતવ્યતાને ગ્રહણ કરીને કહે છે કે જે કાળે જે થવાનું હોય તે જ થાય છે તેથી સર્વત્ર તે જીવોની ભવિતવ્યતા જ કારણ છે, અન્ય સર્વ કારણો નામમાત્રથી જ કારણ છે. કાર્ય પ્રત્યે તો ભવિતવ્યતા જ કારણ છે તેમ એકાંતથી સ્વભાવવાદને સ્વીકારનાર દૂષિત મતિવાળા કહે છે કે કમળવિશેષોમાં સુગંધ થાય છે તે કોના પ્રયત્નથી થઈ ? અર્થાત્ કોઈના પ્રયત્નથી થઈ નથી પરંતુ કમળોનો તેવો જ સ્વભાવ છે તેથી તે કમળો સુગંધવાળાં થાય છે.

વળી, પોતાના કથનને પુષ્ટ કરવા અર્થે અન્ય ઉદાહરણ બતાવે છે.

શેરડી હંમેશાં મધુર થાય છે. ત્યાં પણ કોના પ્રયત્નથી શેરડી મધુર થાય છે ? શેરડીનો તેવા પ્રકારનો સ્વભાવ છે તેથી જ શેરડી મધુર થાય છે ?

વળી, પોતાના કથનને અત્યંત સ્થિર કરવા અર્થે અન્ય દૃષ્ટાંત આપીને કહે છે –

શ્રેષ્ઠ હાથીઓ જે ગમન કરે છે તે જોવા માત્રથી સુંદર જણાય છે. તેની ગમનની લીલાને કોણ કરવા જાય છે ? તે હાથીઓનો તેવો જ સ્વભાવ છે.

વળી, ઉત્તમ કૂળમાં જન્મેલા જીવો સર્વ કૃત્યોમાં ઉચિત પ્રવૃત્તિ કરે છે તે પણ તેઓનો સ્વભાવ જ છે.

તે રીતે જ જે જીવમાં જે પ્રકારનો સ્વભાવ છે તે જીવ તે સ્વભાવથી જ મોક્ષમાં જાય છે. પુરુષકાર અને ઉપદેશ મોક્ષપ્રાપ્તિ પ્રત્યે અકિંચિત્કર છે. જેમ કમળ આદિના સ્વભાવમાં કોઈનો પ્રયત્ન કે કોઈનો ઉપદેશ આવશ્યક નથી, તેમ સિદ્ધિગમનયોગ્ય જીવો પોતાના સ્વભાવના બળથી જ મોક્ષમાં જાય છે. એ પ્રકારના એકાંત સ્વભાવવાદને સ્વીકારવાની બળાત્કારથી આપત્તિ છે એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. **॥૧૦૦૫॥**

અવતરણિકા :-

अथ प्रस्तुतं तथाभव्यत्वमेवाश्रित्याह –

અવતરણિકાર્થ :-

હવે પ્રસ્તુત તથાભવ્યત્વને આશ્રયીને કહે છે –

ભાવાર્થ :-

કેટલાક સ્થૂળ દૃષ્ટિવાળા જીવો માને છે કે સિદ્ધિગમનયોગ્ય સ્વભાવ જ સિદ્ધિની પ્રાપ્તિનું કારણ છે પરંતુ તે તે જીવો તે તે રીતે તીર્થંકરાદિ થઈને મોક્ષમાં જાય છે તેને અનુરૂપ દરેક જીવોનું ભવ્યત્વ વિલક્ષણ નથી તે પ્રકારની સ્થૂળમતિનું નિરાકરણ કરવા અર્થે તથાભવ્યત્વ કેવું સ્વીકારવું જોઈએ ? તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

एत्थ य जो जह सिद्धो संसरिउं तस्स संतियं चित्तं ।
किं तस्सहावमह णो भव्वत्तं वायमुद्देसा ।।१००६।।

અન્વયાર્થ :-

एत्थ य=અને અહીં=તથાભવ્યત્વના વિષયમાં, जो=જે જીવ, संसरिउं=અપાર સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરીને, जह=જે રીતે=તીર્થંકરાદિ પર્યાયની પ્રાપ્તિથી, सिद्धो=સિદ્ધ થયો, तस्स=તેના=તે જીવના, संतियं चित्तं=સંબંધવાળું વિચિત્ર (સ્વભાવવાળું ભવ્યત્વ પ્રાપ્ત થયું.)

પૂર્વપક્ષીને ગ્રંથકારશ્રી કહે છે –

किं तस्सहावं अह=તે (ભવ્યત્વનો વિચિત્ર) સ્વભાવ શું છે ? અથવા, णो=નથી, भव्वत्तं=(તે પ્રકારના સ્વીકારથી) ભવ્યત્વ વર્તે છે, वायमुद्देसा=આ વાદમુદ્રા છે=આ વાદમર્યાદા પ્રયત્ન કરવા છતાં બીજાથી ઓળંગી ન શકાય તેવી છે. ।।૧૦૦૬।।

ગાથાર્થ :-

અને અહીં=તથાભવ્યત્વના વિષયમાં, જે જીવ અપાર સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરીને જે રીતે=તીર્થંકરાદિ પર્યાયની પ્રાપ્તિથી, સિદ્ધ થયો તેના=તે જીવના, સંબંધવાળું વિચિત્ર સ્વભાવવાળું ભવ્યત્વ પ્રાપ્ત થયું.

પૂર્વપક્ષીને ગ્રંથકારશ્રી કહે છે –

તે ભવ્યત્વનો વિચિત્ર સ્વભાવ શું છે ? અથવા નથી તે પ્રકારના સ્વીકારથી ભવ્યત્વ વર્તે છે આ વાદમુદ્રા છે=આ વાદમર્યાદા પ્રયત્ન કરવા છતાં બીજાથી ઓળંગી ન શકાય તેવી છે. ।।૧૦૦૬।।

ટીકા :-

अत्र च तथाभव्यत्वप्रतिष्ठायां यो जीवो यथा तीर्थकरादिपर्यायप्राप्त्या सिद्धो निर्द्धूतकर्मा जातः संसृत्यानर्वाक्पारे संसाराकूपारे पर्यट्य तस्य सत्कं चित्रं भव्यत्वमापन्नं तावत्, अन्यथा चित्रसंसरणाभावात् । एवं च पृच्छ्यसे त्वं, किं तत्स्वभावं चित्रस्वभावं, अथ नो चित्रस्वभावम् । तथाभ्युपगमेन भव्यत्वं सिद्धिगमनयोग्यत्वं वर्त्तते, वादमुद्रा वादमर्यादा एषानन्तरोक्ता कृतप्रयत्नेनापि परेणोल्लंघयितुमशक्या । इदमुक्तं भवति—येऽमी ऋषभादयो भव्यास्तत्तन्नरनारकादिपर्यायपरम्परानुभवनेन नियतक्षेत्रकालावस्थाभाजः सिद्धास्तेषां भव्यत्वं चित्ररूपमचित्ररूपं वा स्यात् ?।।१००६।।

ભાવાર્થ :-

સંસારવર્તી જીવો કોઈક તીર્થંકરસિદ્ધ અને કોઈક અન્ય રીતે સિદ્ધ થાય છે. વળી, કોઈક વર્તમાનકાળમાં સિદ્ધ થાય છે, કોઈક ભૂતકાળમાં થયેલા અને કોઈક ભવિષ્યકાળમાં થશે. તેથી એ ફલિત થાય કે જે જીવો અનાદિ નિગોદમાંથી નીકળીને અત્યાર સુધી જે પ્રકારે તે તે ભવોને પ્રાપ્ત કરીને ચરમ ભવને પ્રાપ્ત કરે છે તે સર્વ ભવોને અનુકૂળ પરિણમન પામતું પામતું ચરમ ભવના પરિણામને પ્રાપ્ત કરે તેવું તે જીવનું ભવ્યત્વ છે. આથી જ કેટલાક જીવો નિગોદમાંથી નીકળીને અનંત વખત સાધુપણું પાળે છે તોપણ માર્ગમાં આવતા નથી અને કોઈક ભવને પામીને માર્ગને પ્રાપ્ત કરે છે અને તીર્થંકરાદિ ભવને પામીને મોક્ષમાં જાય છે. તો વળી કોઈક જીવ મરુદેવામાતાની જેમ એકેન્દ્રિયમાંથી સીધા મનુષ્યભવને પામીને સિદ્ધ થાય છે. તેથી જે જીવોએ અત્યારસુધી જેટલો સંસાર પસાર કર્યો તે સર્વ અવસ્થાને પ્રાપ્ત કરીને ચરમ ભવને પ્રાપ્ત કરે તેવું જ તેનું ભવ્યત્વ છે. જો તેવું ભવ્યત્વ ન હોય તો મોક્ષગમનની પ્રાપ્તિ પૂર્વે તે પ્રકારે તે જીવનું તે પ્રકારનું ચિત્ર પરિભ્રમણ થાય નહીં.

વળી, પોતાના કથનને દૃઢ કરવા અર્થે ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીને પૂછે છે – ચિત્ર પ્રકારના સંસારના પરિભ્રમણનું કારણ એવો તે ચિત્ર સ્વભાવ શું છે ? અથવા ચિત્ર સ્વભાવ નથી તો તે પ્રકારના સંસરણપૂર્વક સિદ્ધિગમનયોગ્યત્વ શું વર્તે છે ? તે પ્રકારની વાદમુદ્રા છે=યુક્તિ છે. અને તે યુક્તિથી જ સિદ્ધ થાય છે કે તે તે જીવોનું જે જે પ્રકારનું મોક્ષગમનકાળ સુધી સંસરણ પ્રાપ્ત થયું તેને તેને અનુકૂળ તેમનું તેમનું ભવ્યત્વ હતું અને તે ભવ્યત્વથી જ આક્ષિપ્ત તે તે ભવમાં તે તે પ્રકારનો પુરુષકાર આદિ કરીને તે તે ભવોને તે તે જીવો પામે છે અને તે ભવ્યત્વથી જ આક્ષિપ્ત કોઈક ભવમાં તે તે જીવો યોગમાર્ગને પામે છે અને તે ભવ્યત્વથી જ આક્ષિપ્ત તે પ્રકારના ઉપદેશ આદિને પામે છે જેનાથી સમ્યક્ પુરુષકાર કરીને ચરમ ભવમાં તે ભવ્યત્વના બળથી જ મોક્ષને પામે છે. તેથી દરેક જીવોનું તે પ્રકારનું ચિત્ર ભવ્યત્વ છે તેમ સ્વીકારવું જોઈએ પરંતુ માત્ર મોક્ષગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ બધા ભવ્યજીવોમાં સમાન છે તેમ એકાંતે સ્વીકારવું જોઈએ નહીં. **॥૧૦૦૬॥**

અવતરણિકા :-

किं चातः –

અવતરણિકાર્થ :-

અને આનાથી શું ?=પૂર્વગાથામાં કહ્યું કે સિદ્ધિગમનયોગ્યત્વ દરેક જીવોનું પરસ્પર વિલક્ષણ છે એ પ્રકારની વાદમુદ્રા છે એ કથનથી શું પ્રાપ્ત થાય ? એ ગાથામાં બતાવે છે –

ગાથા :-

जइ तस्सहावमेयं सिद्धं सव्वं जहोइयं चेव ।
अह णो ण तहासिद्धी पावइ तस्सा जहण्णस्स ।।१००७।।

અન્વયાર્થ :-

जइ=જો, तस्सहावमेयं=તેવા સ્વભાવવાળું આ છે=ચિત્ર પ્રકારના કાર્ય કરે તેવા સ્વભાવવાળું ભવ્યત્વ છે, તો जहोइयं सव्वं=જે પ્રમાણે પૂર્વે કહ્યું તે સર્વ=પુરુષકાર આદિની વિચિત્રતા વગેરે સર્વ, सिद्धं चेव=સિદ્ધ જ છે. अह=હવે, णो=નથી=જો તથાભવ્યત્વ વિચિત્ર સ્વભાવવાળું નથી તો, तस्सा जहण्णस्स=તેમની અને જે પ્રકારે અન્યની=ઋષભાદિ જીવની અને અન્ય એવા મહાવીર આદિ જીવની જે પ્રકારે બતાવી, तहासिद्धी=તેવા પ્રકારની સિદ્ધિ, ण पावइ=પ્રાપ્ત ન થાય. ।।૧૦૦૭।।

ગાથાર્થ :-

જો તેવા સ્વભાવવાળું આ છે=ચિત્ર પ્રકારનાં કાર્ય કરે તેવા સ્વભાવવાળું ભવ્યત્વ છે, તો જે પ્રમાણે પૂર્વે કહ્યું તે સર્વ=પુરુષકાર આદિની વિચિત્રતા વગેરે સર્વ, સિદ્ધ જ છે. હવે નથી=જો તથાભવ્યત્વ વિચિત્ર સ્વભાવવાળું નથી તો, તેમની અને જે પ્રકારે અન્યની=ઋષભાદિ જીવની અને અન્ય એવા મહાવીર આદિ જીવની જે પ્રકારે બતાવી, તેવા પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત ન થાય. ।।૧૦૦૭।।

ટીકા :-

यदि स परस्परभिन्नपर्यायप्राप्तिहेतुः स्वभावो यस्य तत् तथा एतद्भव्यत्वं तदा सिद्धं सर्वं, चैव-शब्दस्य वक्ष्यमाणस्येहाभिसम्बन्धात्, समस्तमेव यथोदितं पुरुषकारवैचित्र्यादिलक्षणं वस्तु । अथ द्वितीयविकल्पशुद्ध्यर्थमाह-अथ नो तथास्वभावं अपरप्राणिप्राप्यपर्यायवैलक्षण्यहेतुस्वलक्षणं; एवं सति न नैव तथा ऋषभादिपर्यायप्रापणेन सिद्धिर्निर्वृतिः प्राप्नोति । तस्य ऋषभादेर्जीवस्य तदानीं यथाऽन्यस्य महावीरादेः । को हि नाम विशेषहेतुर्यत् तुल्येऽपि भव्यत्वे परमेतेनैकस्यैकत्र काले सिद्धिर्न पुनर्द्वितीयस्यापि ? तुल्यस्वभावाक्षिप्तत्वेन युगपदेव सिद्धिसंभवः स्यात् ।।१००७।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે જો દરેક જીવોનું તથાસ્વભાવવાળું ભવ્યત્વ સિદ્ધ થાય તો દરેક જીવોના પુરુષકારનું વૈચિત્ર્ય, કર્મબંધનું વૈચિત્ર્ય, સંસારમાં પરિભ્રમણનું વૈચિત્ર્ય તે સર્વ સિદ્ધ થાય=સંગત થાય; કેમ કે દરેક જીવો પોતપોતાના તે તે પ્રકારના સ્વભાવને કારણે તે તે નિમિત્તોને પામીને તે તે અધ્યવસાયો કરે છે એ પ્રમાણે કર્મબંધ કરે છે, તે પ્રમાણે સંસારમાં પરિભ્રમણ કરીને તે ભવ્ય જીવો ચરમ ભવને પ્રાપ્ત કરે છે અને તે ચરમ ભવ પણ ભિન્ન ભિન્ન પ્રકારના પ્રાપ્ત કરે છે, ભિન્ન ભિન્ન કાળમાં પ્રાપ્ત કરે છે આથી જ ઋષભદેવ ભગવાનના જીવે તે કાળમાં સિદ્ધિગમનને યોગ્ય ૫૦૦ ધનુષ્યની કાયા, દીર્ઘ આયુષ્ય વગેરે પ્રાપ્ત કરીને સિદ્ધિને પામ્યા તેનું કારણ તે જીવમાં વર્તતો તેવો સ્વભાવ હતો જેથી અનંત કાળથી સંસારમાં ભટકતાં ભટકતાં તે તે ભવોના ક્રમથી ચરમ ભવને પ્રાપ્ત કરે એવા તે તે પ્રકારનાં કર્મોને બાંધીને સિદ્ધિને પામ્યા. વળી, વીર ભગવાન ઋષભદેવ ભગવાનની જેમ તે કાળમાં સિદ્ધિને ન પામ્યા પરંતુ ભિન્ન કાળમાં નાની કાયાથી નાના આયુષ્યથી તીર્થંકર થઈને મોક્ષે ગયા તેમાં વીર ભગવાનનો તેવો જ સ્વભાવ હતો તેનાથી આક્ષિપ્ત વીર ભગવાને તે તે ભવમાં તેવો પુરુષકાર કરીને તીર્થંકરને અનુકૂળ ચરમ ભવના તે પ્રકારનાં કર્મોને બાંધીને ચરમ ભવને પ્રાપ્ત કર્યો. આ સર્વ તથાભવ્યત્વના વૈચિત્ર્યને સ્વીકારવાથી સંગત થાય છે.

હવે તથાસ્વભાવ વિચિત્ર ન સ્વીકારવામાં આવે અને કહેવામાં આવે કે બધા જીવોનું ભવ્યત્વ સરખું જ છે, ફક્ત તે જીવોએ ભિન્ન ભિન્ન પ્રકારનો, ભિન્ન ભિન્ન કાળમાં પ્રયત્ન કર્યો તેથી ભિન્ન ભિન્ન પ્રકારનો ચરમ ભવ પ્રાપ્ત થાય છે તો તે સંગત થાય નહીં; કેમ કે વીર ભગવાને ઋષભદેવ ભગવાન કરતાં ભિન્ન પ્રકારનો પુરુષકાર કેમ કર્યો ? અને ઋષભદેવ ભગવાને વીર ભગવાન કરતાં ભિન્ન પ્રકારનો પુરુષકાર કેમ કર્યો ? તેમાં કારણ તે જીવોનો તેવો વિચિત્ર સ્વભાવ જ છે, આથી તે તે જીવોનો તે તે સ્વભાવથી આક્ષિપ્ત તે તે અધ્યવસાય તે જીવો કરે છે તે સર્વ તથાભવ્યત્વના વૈચિત્ર્યના સ્વીકારથી જ થાય છે. અન્યથા તે જીવની અને અન્ય જીવની તે પ્રકારના ભિન્ન પર્યાયની પ્રાપ્તિથી મોક્ષની સિદ્ધિ થાય નહીં. **॥૧૦૦૭॥**

ગાથા :-

एसा ण लंघणीया मा होज्जा सम्मपच्चयविणासो ।
अविय णिहालेयव्वा तहण्णदोसप्पसंगाओ ।।१००८।।

અન્વયાર્થ :-

एसा=આ=ગાથા-૧૦૦૭માં બતાવી એ વાદમુદ્રા, ण लंघणीया=(મતિમાન પુરુષે) ઉલ્લંઘન કરવી જોઈએ નહીં. (જેના કારણે) सम्मपच्चयविणासो मा होज्जा=સમ્યગ્ પ્રત્યયનો વિનાશ ન થાઓ. अविय=વળી, णिहालेयव्वा=નિરીક્ષણ કરવું જોઈએ=આ વાદમુદ્રાનું સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક અવલોકન કરવું જોઈએ. तहण्णदोसप्पसंगाओ=તે રીતે અન્ય દોષનો પ્રસંગ છે=તે રીતે આ વાદમુદ્રાને નહીં જોવામાં અન્ય દોષનો પ્રસંગ છે. ॥૧૦૦૮॥

ગાથાર્થ :-

આ=ગાથા-૧૦૦૭માં બતાવી એ વાદમુદ્રા, મતિમાન પુરુષે ઉલ્લંઘન કરવી જોઈએ નહીં. જેના કારણે સમ્યગ્ પ્રત્યયનો વિનાશ ન થાઓ. વળી, નિરીક્ષણ કરવું જોઈએ=આ વાદમુદ્રાનું સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક અવલોકન કરવું જોઈએ. તે રીતે અન્ય દોષનો પ્રસંગ છે=તે રીતે આ વાદમુદ્રાને નહીં જોવામાં અન્ય દોષનો પ્રસંગ છે. ॥૧૦૦૮॥

ટીકા :-

एषा न्यायमुद्रा न लङ्घनीया मतिमद्भिः, कुतो ? यतो मा भवेत् मा भूयात् एतदुल्लंघने सम्यक्प्रत्ययविनाशः=यथावस्थितवस्तुनिर्णयविप्लवः । अपिच, निभालयितव्या=सम्यग् निरीक्षणीया, कुत ? इत्याह – तथा अनिभालने अन्यदोषप्रसङ्गात् सम्यक्प्रत्ययविनाशापेक्षयाऽन्यस्य दोषान्तरस्य प्राप्तेः ।।१००८।।

ભાવાર્થ :-

ગાથા-૧૦૦૬માં કહ્યું કે, આ વાદમુદ્રા છે. ત્યારપછી ગાથા-૧૦૦૭માં યુક્તિથી સ્થાપન કર્યું કે તે વાદમુદ્રા સ્વીકારવાથી જ ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન પ્રકારે જીવો મોક્ષમાં જાય છે તે સર્વ સંગત થાય છે. હવે તેને જ સ્થિર કરવાથી માર્ગાનુસારી બુદ્ધિ થાય છે અન્યથા હિતની પ્રાપ્તિ થતી નથી તે બતાવવા અર્થે કહે છે.

બુદ્ધિમાન પુરુષે આ ન્યાયમુદ્રાનું ઉલ્લંઘન કરવું જોઈએ નહીં પરંતુ યુક્તિ અને અનુભવ અનુસાર કઈ રીતે સંસારી જીવોનું તથાભવ્યત્વ વિચિત્ર છે જેથી તે તે જીવોમાં તે તે પ્રકારના સંસારના પરિભ્રમણની દૃષ્ટ વ્યવસ્થા સંગત થાય છે તેનું નિપુણ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ તેથી તત્ત્વને જોનારી માર્ગાનુસારી બુદ્ધિરૂપ સમ્યક્ વસ્તુના નિર્ણયનો વિનાશ થાય નહીં. અન્યથા મૂઢ મતિથી પદાર્થને જોવાની દૃષ્ટિ વિકસે તો માર્ગાનુસારી બુદ્ધિ નાશ પામે માટે બુદ્ધિમાન પુરુષે નિપુણ બુદ્ધિપૂર્વક આ વાદમુદ્રા નિરીક્ષણ કરવી જોઈએ. જો તે પ્રકારે નિપુણ બુદ્ધિથી વાદમુદ્રાનું અવલોકન ન કરવામાં આવે તો સમ્યક્ પ્રતીતિનો વિનાશ થાય છે અર્થાત્ મૂઢ મતિથી પદાર્થને સ્વીકારનાર થાય છે અને અન્ય દોષોની પણ પ્રાપ્તિ થાય છે.

કયા અન્ય દોષોની પ્રાપ્તિ થાય છે તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૧૦૦૮॥**

અવતરણિકા :-

एतमेव दर्शयति –

અવતરણિકાર્થ :-

આને જ બતાવે છે=પૂર્વની ગાથામાં કહ્યું કે આ ન્યાયમુદ્રા નિપુણ બુદ્ધિથી નિરીક્ષણ ન કરવામાં આવે તો અન્ય દોષનો પ્રસંગ છે તેથી હવે તે અન્ય દોષને જ બતાવે છે –

ગાથા :-

जइ सव्वहा अजोग्गेवि चित्तया हंदि वण्णियसरूवा ।
पावइ य तस्सहावत्तऽविसेसा णणु अभव्वस्स ।।१००९।।

અન્વયાર્થ :-

जइ सव्वहा अजोग्गे वि=જો સર્વથા અયોગ્યમાં પણ=ભિન્ન ભિન્ન જીવોમાં ભિન્ન ભિન્ન કાર્ય કરે તેવું ચિત્ર ભવ્યત્વ ન હોય અને જો સર્વથા સર્વ જીવોના એક સ્વભાવવાળા ભવ્યત્વમાં પણ, हंदि वण्णिय-सरूवा चित्तया=ખરેખર વર્ણિત સ્વરૂપવાળી ચિત્રતા છે (તો), तस्सहावत्तऽविसेसा=તત્સ્વભાવનો અવિશેષ હોવાને કારણે, अभव्वस्स=અભવ્ય જીવોને, णणु पावइ य=પ્રાપ્ત થાય=મોક્ષ પ્રાપ્ત થાય. ।।૧૦૦૯।।

ગાથાર્થ :-

જો સર્વથા અયોગ્યમાં પણ=ભિન્ન ભિન્ન જીવોમાં ભિન્ન ભિન્ન કાર્ય કરે તેવું ચિત્ર ભવ્યત્વ ન હોય અને જો સર્વથા સર્વ જીવોના એક સ્વભાવવાળા ભવ્યત્વમાં પણ, ખરેખર વર્ણિત સ્વરૂપવાળી ચિત્રતા છે તો તત્સ્વભાવનો અવિશેષ હોવાને કારણે અભવ્ય જીવોને પ્રાપ્ત થાય=મોક્ષ પ્રાપ્ત થાય. ।।૧૦૦૯।।

ટીકા :-

यदि सर्वथा सर्वैरेव प्रकारैरयोग्येऽप्यैकस्वभावतया तच्चित्रपर्यायाणां चित्रता देशकालादिभेदेन निर्वाणगमनस्य, हंदीति पूर्ववत्, वर्णितस्वरूपा । यदि हि भव्यता एकाकारा सती चित्रतया निर्वाणगमनस्य हेतुभावं प्रतिपद्यते तदा प्राप्नोति च प्राप्नोत्येव तत्स्वभावत्वाविशेषाद्-अचित्रैकजीव-स्वरूपस्वभावत्वाविशेषात्, ननु निश्चितमभव्यस्य निर्वाणगमनायोग्यस्य जन्तोः । अयमभिप्रायः— ऋषभादेर्निर्वाणकाले यः स्वभावः स चेन्महावीरस्यापि, तर्हि द्वयोरपि निर्वाणगमनकालैक्यं स्यात्, भव्यत्वभेदस्याभावात् । न चैवमभ्युपगम्यते । तस्मात् तत्कालायोग्यस्यैव ऋषभादेर्निर्वाणमित्यायातं, तथा च सत्यभव्यस्यापि निर्वाणं स्यात्, तत्कालायोग्यत्वस्याविशेषात् ।।१००९।।

ભાવાર્થ :-

જો સર્વ ભવ્ય જીવોનું સિદ્ધિગમનયોગ્યત્વ સમાન છે એમ સ્વીકારીને તે તે જીવો તે તે કાળમાં ભિન્ન ભિન્ન પ્રકારનો પુરુષકાર કરે છે અને તે તે પ્રકારના ભિન્ન ભિન્ન પુરુષકારથી ભિન્ન ભિન્ન અધ્યવસાય થાય છે અને તે તે પ્રકારના અધ્યવસાયથી તે તે જીવોનો વિલક્ષણ ચરમ ભવ પ્રાપ્ત થાય છે છતાં દરેક જીવોનું સિદ્ધિગમનયોગ્યત્વ સમાન છે એમ સ્વીકારવામાં આવે અને દૃષ્ટાંતથી કહેવામાં આવે કે જેમ એક જ પ્રકારના લોટમાંથી રોટલી બનાવવાને અનુકૂળ પુરુષકારથી રોટલી બને છે, અન્ય સામગ્રી બનાવવાને અનુકૂળ પુરુષકારથી અન્ય વસ્તુ બને છે પરંતુ લોટ બંને સામગ્રી પ્રત્યે સમાન સ્વભાવવાળો છે તેમ સ્થૂળ

વ્યવહારનયની દૃષ્ટિથી કહેવામાં આવે કે સર્વ જીવોનું સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ સમાન જ છે. ઋષભદેવ ભગવાને તે કાળમાં તેવો પ્રયત્ન કર્યો જેથી તેવા અધ્યવસાયથી ૫૦૦ ધનુષની કાયા આદિથી યુક્ત ચરમ ભવની પ્રાપ્તિ થઈ અને તત્સદૃશ જ ભવ્યત્વ વીરભગવાનનું હતું ફક્ત વીર ભગવાને તે કાળમાં તેવો પ્રયત્ન કર્યો જેનાથી તેઓનો તેવા પ્રકારનો અધ્યવસાય થયો જેથી ઋષભદેવ ભગવાન કરતાં ભિન્ન કાળમાં સાત હાથની કાયા આદિથી તીર્થંકર થયા. પરંતુ તેઓનું તથાભવ્યત્વ ચિત્ર ન હતું તેમ કહેવામાં ન આવે તો તેઓમાં ભિન્ન પ્રકારનો અધ્યવસાય કરવાની ભિન્ન પ્રકારની યોગ્યતા નથી તેમ માનવું પડે અને ભિન્ન પ્રકારનો અધ્યવસાય કરવાની સર્વથા યોગ્યતા તેઓમાં ન હોય છતાં ભિન્ન પ્રકારના અધ્યવસાયો કરીને ભિન્ન પ્રકારનાં કર્મો બાંધીને ભિન્ન સ્વરૂપે વીર ભગવાન અને ઋષભદેવ ભગવાન તીર્થંકર થયા એમ સ્વીકારવામાં આવે તો જેમ તે પ્રકારનો અધ્યવસાય કરવાની યોગ્યતા નહીં હોવા છતાં તે પ્રકારનો અધ્યવસાય વીર ભગવાને કે ઋષભદેવ ભગવાને કર્યો એમ સ્વીકારવું પડે અને તેમ સ્વીકારવામાં આવે તો અભવ્ય જીવમાં પણ સિદ્ધિગમનને અનુકૂળ અધ્યવસાય કરવાની અયોગ્યતા હોવા છતાં તે જીવ પણ વીર ભગવાન આદિની જેમ મોક્ષને અનુકૂળ પુરુષકાર કરીને મોક્ષ પામે છે તેમ સ્વીકારવાની આપત્તિ આવે.

વસ્તુતઃ જેવા પ્રકારનો ઋષભદેવ ભગવાનનો સ્વભાવ છે તેવો જ વીર ભગવાનનો સ્વભાવ નથી તેથી જ ઋષભદેવ ભગવાનના ભવ્યત્વ કરતાં વીર ભગવાનનું ભવ્યત્વ જુદા પ્રકારનું છે અને તેવા પ્રકારના ભવ્યત્વને કારણે જ તે જીવ તે પ્રકારનો પુરુષકાર કરીને ચરમ ભવને પ્રાપ્ત કરે છે અને જેમ વીર ભગવાનનું ભવ્યત્વ ઋષભદેવ ભગવાન જેવું નથી તેમ અભવ્યમાં પણ સિદ્ધિગમનયોગ્યત્વ નથી તેથી તેના અભવ્યત્વ સ્વભાવથી સિદ્ધિગમનને યોગ્ય પુરુષકારનો આક્ષેપ થતો નથી માટે જ અભવ્યનો જીવ મોક્ષમાં જતો નથી તેથી એ ફલિત થાય કે જે જે જીવનું જેવું જેવું ભવ્યત્વ છે તે ભવ્યત્વથી જ તેવો પુરુષકાર આક્ષેપ પામે છે અને તે પ્રકારે જ સર્વ કાર્યો થાય છે. **॥૧૦૦૯॥**

ગાથા :-

अह कहवि तव्विसेसो इच्छिज्जइ णियमओ तदक्खेवा ।
इच्छियसिद्धी सव्वे चित्तयाए अणेगंतो ।।१०१०।।

અન્વયાર્થ :-

अह=હવે, कहवि=કોઈક રીતે પણ, तव्विसेसो=તેનો વિશેષ=દરેક જીવોમાં વર્તતા ભવ્યત્વનો ભેદ, इच्छिज्जइ=ઇચ્છાય છે (તો), णियमओ तदक्खेवा=નિયમથી તેનો આક્ષેપ હોવાથી=દરેક જીવોના ભિન્ન ભિન્ન ભવ્યત્વનો સ્વીકાર હોવાથી, सव्वे इच्छियसिद्धी=સર્વ પ્રકારના ઇચ્છિતની સિદ્ધિ છે. चित्तयाए अणेगंतो=(આ રીતે) ચિત્રતામાં અનેકાંત છે=ભવ્યત્વની ચિત્રતા સ્વીકારવામાં અનેકાંતવાદની સિદ્ધિ છે. ॥૧૦૧૦॥

ગાથાર્થ :-

હવે કોઈક રીતે પણ તેનો વિશેષ=દરેક જીવોમાં વર્તતા ભવ્યત્વનો ભેદ, ઇચ્છાય છે તો નિયમથી

તેનો આક્ષેપ હોવાથી=દરેક જીવોના ભિન્ન ભિન્ન ભવ્યત્વને કારણે, સર્વ પ્રકારના ઈચ્છિતની સિદ્ધિ છે. આ રીતે ચિત્રતામાં અનેકાંત છે=ભવ્યત્વની ચિત્રતા સ્વીકારવામાં અનેકાંતવાદની સિદ્ધિ છે. ।।૧૦૧૦।।

ટીકા :-

अथ कथमपि चित्रपर्यायप्राप्त्यन्यथानुपपत्तिलक्षणेन प्रकारेण तद्विशेष ऋषभादीनां भव्यत्वविशेष इष्यते । तदा नियमतोऽवश्यंभावेन तदाक्षेपात् प्रतिविशिष्टभव्यत्वेनाक्षेपणादिष्टसिद्धिरभिलषित-तीर्थकरादिपर्यायनिष्पत्तिः । तथा, एवं च भव्यत्वस्य चित्रतायामनेकान्तः । यथा भव्यत्वं तावत् सामान्येनैकरूपमेव, आम्रनिंबकदम्बादीनामिव वृक्षत्वम् । विशेषचिन्तायां तु यथाम्रादीनां रसवीर्यविपाक-भेदान्नानारूपता, तथा परस्परभिन्नपर्यायभाक्षु जंतुषु भव्यत्वस्यापीति ।।१०१०।।

ભાવાર્થ :-

ગાથા-૧૦૦૦માં તથાભવ્યત્વનું સ્વરૂપ બતાવ્યું અને દરેક જીવોનું તથાભવ્યત્વ ભિન્ન ભિન્ન છે તેમ સ્વીકારવાથી જ ઋષભદેવ ભગવાન અને વીર ભગવાન ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્નરૂપે સિદ્ધ થયા તેમાં તેઓનું તેવા પ્રકારનું વિચિત્ર ભવ્યત્વ જ કારણ છે એમ યુક્તિથી સ્થાપન કર્યું અને તે રીતે સર્વ ભવ્ય જીવોના ચિત્ર પ્રકારના સંસરણપૂર્વક ચિત્ર પ્રકારના ચરમ ભવની પ્રાપ્તિ પ્રત્યે પણ તથાભવ્યત્વની વિચિત્રતા જ કારણ છે તેમ યુક્તિ અને અનુભવ અનુસાર સ્થાપન કર્યું તે સર્વ સ્વીકારવાથી જીવોમાં જે વિશેષ પ્રકારના કાર્યો થાય છે તે સર્વ સંગત થાય છે; કેમ કે નિયમથી તથાભવ્યત્વને કારણે જ તે પ્રકારના કાર્યોનો આક્ષેપ થાય છે અને તેમ સ્વીકારવાથી સર્વ પ્રકારની ઇષ્ટની સિદ્ધિ થાય છે અર્થાત્ જીવોમાં જે જે પ્રકારની વિચિત્રતાપૂર્વક સિદ્ધિની પ્રાપ્તિ થાય છે તે સર્વ સંગત થાય છે. આ પ્રકારે તથાભવ્યત્વનો ફલિતાર્થ બતાવ્યા પછી તે સર્વથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

આ રીતે ભવ્યત્વની વિચિત્રતામાં અનેકાંત છે અને તે કથનને જ ટીકામાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

જેમ જગતમાં સર્વ વૃક્ષો વૃક્ષરૂપે સામાન્ય છે તેમ સર્વ ભવ્ય જીવો સિદ્ધિગમનયોગ્યત્વરૂપે સામાન્ય છે અને સર્વ વૃક્ષોમાં કેટલાંક વૃક્ષો આમ્રનાં છે, કેટલાંક અન્ય પ્રકારનાં છે તે રીતે બધાં વૃક્ષોમાં પરસ્પર ભેદ છે તેમ ભવ્ય એવા સર્વ જીવોનું ભવ્યત્વ તે તે પ્રકારના સંસારના પરિભ્રમણપૂર્વક સિદ્ધિને પ્રાપ્ત કરાવે તે પ્રકારનું દરેક જીવોનું વિચિત્ર છે. આથી જ દરેક જીવો ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન રૂપે ચરમ ભવમાં મોક્ષને પ્રાપ્ત કરે છે. **।।૧૦૧૦।।**

અવતરણિકા :-

अथ स्याद्वक्तव्यं यद्यपि स्वतो भव्यत्वमेकरूपं, तथापि स्वकार्यनिष्पादनेऽनियतरूपम्, अतः कार्यभेदेऽपि न तद्वैचित्र्यं स्वरूपेणैकत्वादित्याशंक्याह –

અવતરણિકાર્થ :-

હવે વક્તવ્ય થાય. શું થાય તે સ્પષ્ટ કરે છે –

જો કે સ્વતઃ ભવ્યત્વ એકરૂપ છે તોપણ સ્વકાર્યના નિષ્પાદનમાં અનિયતરૂપવાળું છે આથી કાર્યના ભેદમાં પણ=ભવ્યત્વના તે તે ચરમ ભવની પ્રાપ્તિરૂપ કાર્યના ભેદમાં પણ, તેનું વૈચિત્ર્ય નથી=ભવ્યત્વનું વૈચિત્ર્ય નથી; કેમ કે સ્વરૂપથી એકપણું છે=સિદ્ધિગમનયોગ્યત્વરૂપ બધા જીવોમાં વર્તતા ભવ્યત્વના સ્વરૂપનું એકપણું છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે.

ભાવાર્થ :-

સ્થૂલ વ્યવહારનયની દૃષ્ટિથી વસ્તુને જોઈને શંકા થાય કે જેમ લોટ સર્વ એકસ્વભાવવાળો હોવા છતાં કર્તાના પ્રયત્નથી કોઈક કર્તા તેમાંથી રોટલી બનાવે છે, કોઈક કર્તા તેમાંથી પૂરી આદિ અન્ય કાર્યો કરે છે તેમ સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ લોટની જેમ એક સ્વરૂપવાળું છે. છતાં તેના કાર્યના ઉત્પાદનમાં=તે તે પ્રકારના ચરમ ભવની પ્રાપ્તિરૂપ કાર્યના નિષ્પાદનમાં, અનિયતપણું છે. જેમ તે લોટ જ રોટલીની નિષ્પત્તિમાં કે પૂરીની નિષ્પત્તિમાં અનિયત સ્વરૂપવાળું છે. માટે ભવ્ય જીવમાં જુદાં જુદાં કાર્યોનો ભેદ હોવા છતાં તે ભવ્યત્વ વિચિત્ર નથી; કેમ કે સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ એક સ્વરૂપવાળું છે. આ પ્રકારની સ્થૂલ વ્યવહારનયની દૃષ્ટિથી શંકાને સામે રાખીને નિશ્ચયનયની દૃષ્ટિની સૂક્ષ્મ યુક્તિથી તેનો પરિહાર કરે છે.

ગાથા :-

अणिययसहावयावि हु ण तस्सहावत्तमंतरेणत्ति ।
ता एवमणेगंतो सम्मंति कयं पसंगेणं ।।१०११।।

અન્વયાર્થ :-

अणिययसहावयावि हु=(સ્વકાર્યને ઉત્પન્ન કરવામાં) અનિયત સ્વભાવતા પણ, तस्सहावत्तमंतरेणत्ति ण=તેના સ્વભાવ વિના ન હોય=ભવ્યત્વના ચિત્ર સ્વભાવ વિના ન હોય, ता=તે કારણથી, एवं=આ રીતે, सम्मं अणेगंतो=સમ્યક્ અનેકાંત છે. कयं पसंगेणं=પ્રસંગથી સર્યું=આ રીતે વિસ્તારપૂર્વક કથનથી સર્યું. ।।૧૦૧૧।।

ગાથાર્થ :-

સ્વકાર્યને ઉત્પન્ન કરવામાં અનિયત સ્વભાવતા પણ, તેના સ્વભાવ વિના ન હોય=ભવ્યત્વના ચિત્ર સ્વભાવ વિના ન હોય, તે કારણથી આ રીતે સમ્યક્ અનેકાંત છે. પ્રસંગથી સર્યું=આ રીતે વિસ્તારપૂર્વક કથનથી સર્યું. ।।૧૦૧૧।।

ટીકા :-

अनियतस्वभावतापि कार्यजननं प्रत्यनियमलक्षणा, किं पुनरस्मदभ्युपगतं तद्वैचित्र्यमित्यपिहुशब्दार्थः,

न नैव तत्स्वभावत्वं भव्यत्वस्य चित्रस्वभावतामन्तरेण । इति प्राग्वत् । उपसंहरन्नाह—तत् तस्मादेवमुक्त-न्यायेनानेकान्तो नानारूपता भव्यत्वस्य सम्यग् यथावत् । इति कृतं प्रसंगेन विस्तरभणनेन ।।१०११।।

ભાવાર્થ :-

અવતરણિકામાં સ્થૂલ વ્યવહારનયની દૃષ્ટિને સામે રાખીને શંકા કરી કે દરેક જીવોનું ભવ્યત્વ સમાન જ છે પરંતુ તે તે જીવોનું તે તે ભવ્યત્વ વિચિત્ર પ્રકારનું છે તેમ માનવાની જરૂર નથી તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે.

કાર્યનિષ્પત્તિ પ્રત્યે ભવ્યત્વની અનિયત સ્વભાવતા છે એમ જે અવતરણિકામાં કહ્યું તે પણ ભવ્યત્વની ચિત્રતા વગર સંભવે નહીં અર્થાત્ જે લોટમાંથી રોટલી થઈ અને જે લોટમાંથી પૂરી થઈ તે બંને લોટમાંથી જે કાર્યનો ભેદ થયો તે ભેદ તે લોટમાં વર્તતી વિચિત્રતા વગર સંભવે નહીં; કેમ કે કાર્યનો ભેદ ઉપાદાનકારણના સ્વરૂપના ભેદ સાથે નિયત છે. જેમ તે રોટલીનો ઉપાદાનકારણ લોટ અને પૂરીનો ઉપાદાનકારણ લોટ તે બેનો તે સ્વરૂપે થનારા ભવ્યત્વના ભેદથી જ નિયત છે અર્થાત્ તે લોટમાં રોટલી થવાને યોગ્યત્વ હતું અને તે લોટમાં પૂરી થવાને યોગ્યત્વ હતું તે પ્રમાણે નિશ્ચયનય ઉપાદાનકારણમાં સ્વરૂપના ભેદકૃત કાર્યના ભેદને સ્વીકારે છે. તે દૃષ્ટિથી જે જીવનું જેવું ભવ્યત્વ હોય તે ભવ્યત્વથી આક્ષિપ્ત તે પ્રકારના પુરુષકારથી તે પ્રકારના ચરમ ભવને પ્રાપ્ત કરે છે તેથી કાર્યનો ભેદ કારણના ભેદથી નિયંત્રિત છે. માટે પૂર્વમાં વૃક્ષ અને આમ્રવૃક્ષનું દૃષ્ટાંત બતાવ્યું એ ન્યાયથી ભવ્યત્વની અનેકાંતતા છે.

'પ્રસંગથી સર્યું'='વિસ્તારથી સર્યું', એમ કહીને આ કથનમાં ઘણી સૂક્ષ્મ યુક્તિઓ છે તે પ્રકારે નિર્દેશ કરે છે. **॥૧૦૧૧॥**

અવતરણિકા :-

आह—यदि भव्यत्वं चित्ररूपं तदाक्षिप्तश्च कालभेदेन भव्यानां बीजाधानादिगुणलाभः, तदा न यत्नः सम्यक्त्वाद्याराधनायामुपपन्नः स्यात्, तद्वशेनैवाप्रार्थिताऽप्यभिलषितसिद्धिः सम्पत्स्यते, इत्याशंक्याह —

અવતરણિકાર્થ :-

'आह'થી શંકા કરે છે —

જો વિચિત્રસ્વભાવવાળું ભવ્યત્વ છે અને તેનાથી આક્ષિપ્ત કાળના ભેદથી ભવ્યજીવોને બીજાધાનાદિ ગુણનો લાભ છે તો સમ્યક્ત્વાદિની આરાધનામાં=સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિની આરાધનામાં, યત્ન સંગત થાય નહીં; કેમ કે તેના વશથી જ=તથાભવ્યત્વના વશથી જ, અપ્રાર્થિત પણ=પ્રયત્ન નહીં કરવા છતાં પણ, અભિલષિતની સિદ્ધિ થશે. એ પ્રકારની આશંકા કરીને કહે છે —

ગાથા :-

एवंपि ठिए तत्ते एयं अहिगिच्च एत्थ धीराणं ।
जुत्तं विसुद्धजोगाराहणमिह सव्वजत्तेण ।।१०१२।।

અન્વયાર્થ :-

एवंपि ठिए तत्ते=આ પ્રમાણે પણ તત્ત્વ સ્થિત હોતે છતે=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે પણ ભવ્યત્વની વિચિત્રતારૂપ તત્ત્વ હોવા છતાં, एयं अहिगिच्च=આને આશ્રયીને, इह=અહીં=જગતમાં, धीराणं=ધીર પુરુષોએ, एत्थ=અહીં=જિનપ્રવચનમાં, सव्वजत्तेण=સર્વ યત્નથી, विसुद्धजोगाराहणं जुत्तं=વિશુદ્ધ યોગની આરાધના કરવી યુક્ત છે. ।।૧૦૧૨।।

ગાથાર્થ :-

આ પ્રમાણે પણ તત્ત્વ સ્થિત હોતે છતે=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે પણ ભવ્યત્વની વિચિત્રતારૂપ તત્ત્વ હોવા છતાં, આને આશ્રયીને અહીં=જગતમાં, ધીર પુરુષોએ અહીં=જિનપ્રવચનમાં, સર્વ યત્નથી વિશુદ્ધ યોગની આરાધના કરવી યુક્ત છે. ।।૧૦૧૨।।

ટીકા :-

एवमपि स्थिते तत्त्वे भव्यत्वचित्रतालक्षणे एतत् तत्त्वमधिकृत्याश्रित्यात्र जिनप्रवचने धीराणां बुद्धिमतां युक्तं विशुद्धयोगाराधनं निरतिचारसम्यक्त्वाद्याचारपरिपालनमिह जगति सर्वयत्नेन समस्तादरेण । न हि पुरुषकारमन्तरेण तथाभव्यत्वोपनीतान्यपि कार्याणि निष्पद्यन्ते 'कालो सहाव नियई' इत्यादिवचनप्रामाण्येन शेषपुरुषकारादिकारणकलापसव्यपेक्षस्यैव तथाभव्यत्वलक्षणस्य स्वभावस्य स्वकार्यकारित्वोपपत्तेः ।।१०१२।।

ભાવાર્થ :-

સામાન્યથી તે તે જીવનું જે જે પ્રકારનું ભવ્યત્વ છે તે ભવ્યત્વ જ શેષ પુરુષકાર આદિ અન્ય કારણોનો આક્ષેપ કરીને ફળ નિષ્પન્ન કરે છે તોપણ તથાભવ્યત્વ તે તે પ્રકારની ઉપદેશાદિની સામગ્રીને પામીને પરિપાક પામે તેવું હોય છે અને તે તે પ્રયત્નથી પરિપાક પામે તેવું હોય છે આથી જ તથાભવ્યત્વના પરિપાક અર્થે 'પંચસૂત્ર'માં દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના કરવાનું વિધાન કરેલ છે તેથી જેઓ સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા છે અને સંસારની વિડંબનાથી ભય પામેલા છે અને સંસારના ઉચ્છેદના ઉપાયને સેવવામાં જ ધીર છે તેવા પુરુષોએ અપ્રમાદપૂર્વક સમ્યક્ત્વાદિ આચારોનું વિશુદ્ધ પાલન કરવું યુક્ત છે; કેમ કે તેમાં યત્ન કરવાથી જ તથાભવ્યત્વ પરિપાક પામે છે અને શીઘ્ર સંસારના નાશનું કારણ બને છે. તેથી વિચારક પુરુષે કુત્સિત આલંબન લેવું જોઈએ નહીં કે 'મારું તથાભવ્યત્વ જ મને ઉચિત કાળે મોક્ષ અપાવશે માટે મારે યત્ન કરવાની આવશ્યકતા નથી'; કેમ કે તે પ્રકારનું આલંબન ભારેકર્મી જીવો જ ગ્રહણ કરે છે.

વિવેકી જીવોએ 'સમ્યક્ પ્રયત્નથી જ સર્વ સિદ્ધિ થાય છે તેમ મને ભવના ઉચ્છેદની ઇચ્છા છે તો તેના ઉચ્છેદના ઉપાયોને મારે સેવવા જોઈએ, ફક્ત મારો પ્રયત્ન પણ મારા તથાભવ્યત્વને અનુરૂપ જ ફળસાધક થશે માટે ધૃતિપૂર્વક વિશુદ્ધ યોગમાં હું યત્ન કરું જેથી મારા તથાભવ્યત્વને અનુરૂપ ઉચિત ફળ મળે' એ પ્રમાણે ભાવન કરવું જોઈએ. **॥૧૦૧૨॥**

અવતરણિકા :-

तत्र च –

અવતરણિકાર્થ :-

અને ત્યાં=પૂર્વગાથામાં કહ્યું કે ધીરપુરુષોએ વિશુદ્ધ યોગની આરાધનામાં યત્ન કરવો જોઈએ ત્યાં, શું કરવું જોઈએ તે બતાવે છે –

ગાથા :-

थेवोवि हु अतियारो पायं जं होति बहुअणिट्ठफलो ।
एत्थं पुण आहरणं विन्नेयं सूरतेयनिवो ।।१०१३।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, थेवोवि हु=થોડો પણ, अतियारो=અતિચાર, पायं=प्रायः, बहुअणिट्ठफलो होति=ઘણા અનિષ્ટ ફળવાળો થાય છે. एत्थं पुण=વળી અહીં=વળી થોડા પણ અતિચારનું બહુ અનિષ્ટ ફળ મળે છે એમાં, सूरतेयनिवो=સૂરતેજ રાજા, आहरणं विन्नेयं=દૃષ્ટાંત જાણવું. ॥૧૦૧૩॥

ગાથાર્થ :-

જે કારણથી થોડો પણ અતિચાર પ્રાયઃ ઘણા અનિષ્ટ ફળવાળો થાય છે. વળી અહીં=વળી થોડા પણ અતિચારનું બહુ અનિષ્ટ ફળ મળે છે એમાં, સૂરતેજ રાજા દૃષ્ટાંત જાણવું. ॥૧૦૧૩॥

ટીકા :-

स्तोकोऽपि किं पुनर्भूयान्, हुर्वाक्यालंकारे, अतीचारो दर्शनादिविराधनारूपः, प्रायो बाहुल्येन यद्यस्माद् भवति, बह्वनिष्टफलो दारुणपर्यवसान इति शुद्ध एव योगे यत्नो विधेयः । प्रायोग्रहणं निन्दागर्हाभ्यां सम्यक्कृताभ्यां निरनुबन्धीकृतो विपरीतरूपोऽप्यतीचारः स्यादितिज्ञापनार्थम् । अत्र पुनराहरणं विज्ञेयं सूरतेजो नृप इति ।।१०१३।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે ધીરપુરુષોએ સર્વ યત્નથી વિશુદ્ધ યોગની આરાધનામાં યત્ન કરવો જોઈએ. ત્યાં

પ્રશ્ન થાય કે યોગમાર્ગ અતિ દુષ્કર છે તેથી અતિચારો થવાની સંભાવના છે માટે વ્રતો ગ્રહણ કર્યા પછી શક્તિ અનુસાર યત્ન કરવા છતાં અતિચાર થાય તો શું વાંધો ? તેથી કહે છે –

પ્રાયઃ થોડો પણ અતિચાર બહુ અનિષ્ટ ફળવાળો થાય છે તેથી ધીરપુરુષે પોતાની શક્તિ અનુસાર કઈ આચરણા સ્વીકારવી જોઈએ ? તેનો નિર્ણય કરીને અતિચાર રહિત તેનું શુદ્ધ પાલન થાય તેવો યત્ન કરવો જોઈએ અને શક્તિસંચય થાય તે પ્રમાણે ઉત્તરઉત્તરનાં અનુષ્ઠાનોનું સેવન કરવું જોઈએ અને જો અતિચારોની ઉપેક્ષા કરવામાં આવે તો નાનો પણ અતિચાર ઘણા અનિષ્ટ ફળવાળો થાય છે અને ઘણા અતિચાર સેવનારા જીવોને તો ઘણા અનર્થની પરંપરાની પ્રાપ્તિ થાય છે. માટે ધીરપુરુષે સ્વભૂમિકાનુસાર અતિચાર રહિત અનુષ્ઠાન સેવન કરવામાં યત્ન કરવો જોઈએ. ક્વચિત્ અતિચાર થઈ જાય તોપણ નિંદા, ગર્હા દ્વારા તે અતિચારને અનુબંધ વગરનો કરવો જોઈએ. અહીં થોડા અતિચારનું ઘણું અનિષ્ટ ફળપ્રાપ્ત થાય છે એમાં સૂરતેજ રાજા દૃષ્ટાંત છે. **॥૧૦૧૩॥**

અવતરણિકા :-

तदेव दर्शयन् गाथापंचकमाह –

અવતરણિકાર્થ :-

તેને જ=સૂરતેજ રાજાના દૃષ્ટાંતને જ, બતાવતા પાંચ ગાથાને કહે છે –

ગાથા :-

नरसुंदरवुत्तंतं सोउं पउमावतीए णयरीए ।
देवीसहितो राया निक्खंतो सूरतेओत्ति ।।१०१४।।
पव्वज्जकरण कालेण गयउरे साहुसाहुणीकप्पो ।
विण्हुसुय दत्त लंखिग रागो तत्थेव परिणयणं ।।१०१५।।
जह कह साहुसमीवेवि दुक्करं नत्थि हंत रागस्स ।
इय आह सूरतेओ देवी किं नीयबोल्लाए? ।।१०१६।।
इय सुहुमरागदोसा बंधो नालोइयम्मि कालो य ।
सुर भोग चवण वणिलंखगेहजम्मो कलग्गहणं ।।१०१७।।
अन्नत्थऽराग कालेण दंसण चक्खुराग परिणयणं ।
गरिहा हिंडण जतिदंसणाओ सरणेण बोही य ।।१०१८।।

અન્વયાર્થ :-

પઉમાવતીએ ણયરીએ=પદ્માવતી નગરીમાં, દેવીસહિતો=પટ્ટરાણી સહિત, સૂરતેઓત્તિ રાયા=સૂરતેજ નામના રાજાએ, નરસુંદરવુત્તંતં સોઉં=(હમણાં જ વિસ્તારથી કહેલા) નરસુંદરના વૃત્તાંતને સાંભળીને, નિક્ખંતો=દીક્ષા લીધી.

